श्रीकैलाससागरसूरि ज्ञानमंदिर
श्रीमहावीर जैन आराधना केन्द्र

# શ્રી સિદ્ધચક્ર.

વર્ષ-૧૭-અંક-૧ લો. આશ્વિન-માસ. તા. ૧૭-૧૦-૫૦

ॐ नमः सिद्धचक्राय, शाश्वतानन्ददायिने ।
सर्वमन्त्रेष्वयं मन्त्रोऽचिन्त्यचिन्तामणीयते ॥ १ ॥ आ० बो० मङ्गलम् ॥

ભાવાર્થ:—સર્વ-મન્ત્રોને વિષે આ મન્ત્ર અચિન્ત્ય-ચિન્તામણિની જેમ આચરણ કરે છે, માટે શાશ્વત-આનન્દને દેનારા શ્રીસિદ્ધચક્રને નમસ્કાર થાઓ. —સુધાવર્ષી.

## શ્રીસિદ્ધચક્રને નમસ્કાર

આલેખનકાર:—પૂ.-પંન્યાસ-પ્રવર-શ્રીચન્દ્રસાગરજી ગણીન્દ્ર-મહારાજજી.

આશ્વિન-માસના અને ચૈત્રમાસના નવ દિવસમાં કરાતી આરાધનાને શાશ્વત-આરાધના કહેવાય છે. નવપદની આરાધના કહો કે શ્રી સિદ્ધચક્રની આરાધના કહો, અગર તો શાશ્વ-આરાધના કહો તે એકજ છે. શાસન-માન્ય આ શાશ્વત-આરાધનાને લીધે તે નવ દિવસની ઓળીને અને તે દિવસોને અનુક્રમે શાશ્વતી ઓળીના નામથી-શાશ્વતી અર્હાષના નામથી સકલ-ચતુર્વિધ-સંઘ પિછાણે છે. આરાધનાના ઊંડા સંસ્કારની જમાવટ કરીને આરાધકો આરાધ્ય પદની સમીપ પહોંચી શકે, અગર પહોંચાડી શકે; તો આ **શ્રી સિદ્ધચક્રની આરાધના** છે. સંવર-નિર્જરાની અમોઘ કાર્યવાહિ કરવાનું, પુણ્યાનુબન્ધિ પુણ્યના ભંડાર ભરવાનું અને ત્રિકાલવર્તિ-શાસન-માન્ય-પરમેષ્ઠિઓનું અસ્ખલિત-આરાધના કરવાનું, અને પામવા લાયકના શાસન માન્ય ગુણોને પ્રાપ્ત કરવાનું, ટકાવવાનું અને વૃદ્ધિ કરવાનું જો કોઈ અમોઘ સાધન હોય તો આ **શ્રી સિદ્ધચક્ર** છે. ત્રિકાલવર્તિ શાસનના સંસ્થાપકો, સંચાલકો, અને ત્રિકાલવર્તિ શાસન માન્ય ગુણ-ગુણી તથા ગુણના પરમભાજન રૂપ, અને ત્રણ જગતમાં વિજયવન્ત કાર્યવાહિ કરવામાં કુશળ મન્ત્ર-તન્ત્ર-યન્ત્રાધિરાજ-સ્વરૂપ શ્રીસિદ્ધચક્રને હું નમસ્કાર કરું છું, એટલે શાસન-માન્ય-સિદ્ધચક્ર-સ્થિત પદોના ગુણગણ-ભાવથી ભાવિત થવું એ દરેક ભવ્યાત્માઓની અનિવાર્ય ફરજ છે.

(વધુ માટે જુઓ ટાઈટલ પેજ ૪ થું)

વી. સં. ૨૪૭૬.
વિ. સં. ૨૦૦૬.
ઈ. સ. ૧૯૫૦.

પ્રકાશિકા—
શ્રીસિદ્ધચક્ર-સાહિત્ય-પ્રચારક-સમિતિ,
તન્ત્રી—પાનાચંદ રૂપચંદ ઝવેરી.
૨૨૪, શેખમેમણ સ્ટ્રીટ—મુંબઇ, નં. ૨.

વાર્ષિક-લવાજમ.
રૂ. ૩-૦-૦.
છુટક નકલ એકના—
રૂ. ૦—૪—૬

# નવીન પ્રકાશનો

પૂ. પંન્યાસપ્રવર-શ્રીચન્દ્રસાગરજી ગણીન્દ્ર-મહારાજશ્રીની પુનિત-નજરથી પાવન થઇને નીચેના ગ્રંથો ટુંક સમયમાં બહાર પડયા છે, અને બહાર પડશે.

૧. શ્રીસિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસન—
બૃહદ્વૃત્તિ-અવચૂર્ણિ સાથે-
પ્રકાશક-અને પ્રાપ્તિસ્થાન-દે. લા. જૈ. પુ. ફંડ
ઠે. બડેખાં ચકલો, સુરત.

૨. શ્રી સૂત્રકૃતાંગ ભાગ-૧ લો
પ્રકાશક-અને પ્રાપ્તિસ્થાન-શ્રી ગોડીજીપાર્શ્વનાથજીની પેઢી તરફની પેટા સંસ્થા જ્ઞાન સમિતિ
કિં. રૂ. ૪-૮-૦ બહાર પડી ચુકયો છે.

૩. શ્રી સૂત્રકૃતાંગ ભાગ-૨ જો. પ્રેસમાં.

૪. શ્રી ભગવતીસૂત્ર પર સ્વ. પ્રાતઃસ્મરણીય-આગમોદ્ધારક-આચાર્યદેવેશની દેશનાઓ. (શાસ્ત્ર પ્રસ્તાવનાથી શરૂ થતા સૂત્રો ઉપર) લગભગ ક્રાઉન સાઇઝ આઠ પેજ, ૬૦) ફારમનો ગ્રંથ—પ્રેસમાં.

૫. શ્રીજ્ઞાતાસૂત્ર—
શ્રી અભયદેવસૂરિકૃતવૃત્તિ સાથે પ્રેસમાં.

૬. શ્રી સિદ્ધહેમચન્દ્ર શબ્દાનુશાસનમ્—
દોઢ અધ્યાય-૭ પાદની બૃહદ્વૃત્તિ, આનંદબોધિની વૃત્તિ, અને અનેક-પરિશિષ્ટો: તથા શાસ્ત્ર-પ્રસ્તાવના સાથેનો પ્રથમ-વિભાગ રૂ. ૩૦-૦-૦

૭. શ્રીસિદ્ધહેમચન્દ્ર-શબ્દાનુશાસનમ્—
ચતુષ્કવૃત્તિ ૨॥ અધ્યાય. પ્રથમ પાદથી દશપાદ સુધીના મૂળ સૂત્રો; બૃહદ્વૃત્તિ સાથે ૫૦ ફારમનો ગ્રંથ, ફુલસ્કેપ સાઇઝ, ઈંગ્લીશલેઝર પેપર, અને પાકું બાઇન્ડીંગ. પ્રેસમાં.

૮. શ્રીઉત્તરાધ્યયનસૂત્ર પાઇયટીકા—પ્રથમ ભાગ
લેઝરપેપર-પચીસ ફારમ-સુપરરોયલ સાઇઝ કિંમત રૂપીઆ ૬-૦-૦
પ્રકાશક-શ્રીઋષભદેવજી છગનીરામજીની પેઢી
પ્રાપ્તિસ્થાન-સરસ્વતી મુદ્રણાલય-ગોપીપુરા. સુરત.

૯. શ્રી ભગવતી સૂત્રની દેશનાઓ —
આઠમા શતક ઉપર કિંમત રૂ. ૪-૮-૦
પ્રાપ્તિસ્થાન-શા. બાબુભાઈ મહેતાજી.
ઠે. નેમુભાઇની વાડી, સુરત.

---

## આગમોદ્ધારક-અંકમાં લખવી રહી ગયેલ બીના અત્રે લીધી છે.

પૂ. શ્રીઆગમોદ્ધારકના સ્વર્ગવાસ નિમિત્તે માલવા-ઉજ્જૈન મુકામે શ્રી ઋષભદેવજી છગનીરામજીની પેઢી તરફથી શોક પ્રદર્શિત તાર સુરત કર્યો હતો, તથા સાધ્વીઓ અને શ્રાવક-શ્રાવિકાના સમુદાયે સાથે મળીને દેવવંદન કર્યું હતું, બજારો બંધ રાખ્યા હતા, અને સંઘના આગેવાનોએ આઠ દિવસ સુધી આંગી-પૂજા-ભાવન-પૂર્વક અષ્ટાન્હિકા મહોત્સવ કર્યો હતો.

માલવા-મહિદપુર—સંઘ તરફથી રૂંડવાલ દોલતરામ ચંપાલાલ સંઘવીએ શોક પ્રદર્શિત તાર સુરત મુકામે કર્યો હતો, અને પૂજા ભણાવી હતી. તથા સોની મોતીલાલ કેસરીમલજીએ પણ તાર કર્યો હતો.

સુધારો કરીને વાંચવું.

માલવા-રતલામમાં સ્વર્ગસ્થ આગમોદ્ધારકની તિથિ નિમિત્તે બજાર બંધ રહ્યો હતો, અને જૈન મંદિરમાં સંઘના આગેવાનોની એક મીટીંગ શોક પ્રદર્શિત સાથે ગુણાનુવાદની થઇ હતી.

ગતાંકમાં અષ્ટાન્હિકા મહોત્સવ થયો છે, એવું જે લખ્યું છે, તેના બદલે હવે પછી ટુંક સમયમાં થનાર છે; એવા સમાચાર છે.

---

મુદ્રકઃ—મુલચંદ કસનદાસ કાપડીયા "જૈન વિજય" પ્રી. પ્રેસ-ગાંધીચોક, સુરત.
પ્રકાશકઃ—તંત્રી-પાનાચંદ રૂપચંદ ઝવેરી, શ્રીસિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, લાલબાગ, ભુલેશ્વર, મુંબઇ.

# સત્તરમો વર્ષ-પ્રવેશ.

આલેખનહાર:—પૂજ્ય-પંન્યાસ-પ્રવર-શ્રીચન્દ્રસાગરજી ગણીન્દ્ર મહારાજ.

## સમિતિ અને માસિકનો ઉદ્દેશ

શ્રીસિદ્ધચક્ર-માસિક સોળમા વર્ષની શોભન, અને શાસન—લાભદાયિ—કાર્યવાહિઓ કરીને સત્તરમા વર્ષમાં પ્રવેશ કરે છે.

"શ્રીસિદ્ધચક્ર—સાહિત્ય—પ્રચારક—સમિતિ" નો મુખ્ય ઉદ્દેશ પોતાના નામને અનુસરે છે, એટલે શ્રીસિદ્ધચક્ર-સ્થિત-નવે પદોની અમોઘ આરાધનાના ઉપાયોને અને વિરાધનામાંથી બચવાના ઉપાયોને ચતુર્વિધ સંઘ પોતાના જીવનમાં ઓતપ્રોત બનાવી શકે તેજ હેતુથી આ સમિતિની દેખરેખ નીચે "શ્રી સિદ્ધચક્ર માસિક"નું નિયમિત પ્રકાશન ચાલુ છે, આથીજ આ બંનેનો ઉદ્દેશ એકજ છે; અને રહેશે.

## અમોઘ-દેશના ચાલુ રહેશે.

આ શ્રીસિદ્ધચક્ર-માસિકમાં મુખ્યતયા પ્રકાશનમાં આગમોદ્ધારકની દેશના આવે છે. શાસન-માન્ય-વિચારોમાં જેઓશ્રીની લવલેશ ઉણપ નથી, અને જેઓશ્રીની આગમોદ્ધારકતા, શાસન-સંરક્ષણના, ગીતાર્થ-ધીમતા આદિ અનેક ગુણોના પરિચયવાળો ચતુર્વિધ સંઘ મૂક્ત-કંઠે અદ્યાપિ પર્યંત પ્રશંસા કરે છે તે સ્વર્ગસ્થ આગમોદ્ધારક પૂ. શ્રીઆનંદસાગરસૂરીશ્વરજીના વ્યાખ્યાનોની નોંધ હમારી પાસે મોટા પ્રમાણમાં છે, અને હજુ સુધી અપ્રકાશિત છે; તેને ક્રમશઃ સોળ વર્ષ સુધી એક સરખી જેવી રીતે અપાઇ છે; તેવી રીતે ચાલુ રહેશે.

વાંચકો પૂછે છે કે—"પૂ. શ્રીઆગમોદ્ધારક આચાર્યદેવેશનો સ્વર્ગવાસ થયો છે, તો પછી હવેથી પ્રગટ થતા આ માસિકમાં તેઓશ્રીની દેશનાનું વાંચન મળી શકશે કે નહિ?" આ પ્રશ્નના ઉત્તરમાં જણાવવાનું કે હમારી પાસે પૂ. સ્વર્ગસ્થ શ્રીઆગમોદ્ધારક-આચાર્ય-દેવેશશ્રીના અપ્રકાશિત વ્યાખ્યાનોની નોંધ મોટા પ્રમાણમાં છે, માટે તે વાંચન નિયમિત રિવાજ મુજબ અમોઘ દેશના અપાય છે, તેમ ચાલુ રહેશે.

## વાંચકોનો સંતોષ.

આ સમિતિનો અને આ શ્રી સિદ્ધચક્ર માસિકનો જન્મ આશ્વિન માસની પૂર્ણિમાએ, એટલે શાશ્વત આરાધનના નવમા તપઃ પદની આરાધનાને દિવસે થયો છે. તેથીજ સમિતિ અને માસિક તેને અનુસરતું જીવન જીવવા માટે કટીબદ્ધ થયું છે, અને જીવી રહ્યું છે; તેથીજ ગૌરવશાલિ છે. આ સમિતિ અને માસિક હવેથી સત્તરમા વર્ષમાં પુનિત પદાર્પણ કરે છે. સોળમા વર્ષની સમાપ્તિ સાથે આ માસિકે "સમ્યક્-જ્ઞાન સાથે સમ્યક્-ક્રિયાની અનિવાર્ય જરૂર છે" આ સંબંધમાં ઉઠતી શંકાઓ અને સમાધાનો વિગતવાર આપવામાં સ્વ. પૂ. શ્રીઆગમોદ્ધારક શ્રીઆનંદસાગર-સૂરીશ્વરજીએ લવલેશ કચાશ રાખીજ નથી. અને "આગમોદ્ધારકની અમોઘદેશના" નામના આ હેડીંગથી શરૂ થતી અઢાર દેશનાઓમાં તેઓ-શ્રીએ એ સંબંધમાં ભરચક સમ્યક્જ્ઞાન-ક્રિયાની

યુગપદ્ સિદ્ધ કરીને પ્રશ્ન સમાધાનો અને અનુભવગમ્ય રહસ્યો આપેલાં છે, અને વાંચકોએ તેથી જે સંતોષ દર્શાવ્યો છે; તેની અત્ર નોંધ લે છે

**અકાટય કર્મ-ભેદન-શક્તિ.**

પ્રારંભ સૂર્યોદયના પ્રબળ પ્રકાશમય-તેજસ્વ-કિરણો જેમ અતિ ગાઢ અંધકારને ભેદે છે તેમ સકલ-સમીહિત-પૂરક-મંત્ર-તંત્ર-યન્ત્રાધિરાજ-રાજેશ્વર **શ્રીસિદ્ધચક્રના પુનિત—નામથી પવિત્રિત થયેલ આ શ્રીસિદ્ધચક્ર માસિકની વાંચન-સામગ્રીઓ વાંચન-મનન-પરિશીલન** કરનાર વિવેકિ વાંચકોના, અવિહડ શ્રદ્ધાળુ અભ્યાસકોના, અને વાંચનનો ઓહોળો ફેલાવો કરનારા અનેકાનેક મદદગારોના અજ્ઞાન-રૂપ અંધકારને જરૂર ભેદે છે; એવી આ માસિકની અકાટય-કર્મ-ભેદન-શક્તિ છે, અને તેની નોંધ શાસન રસિક-ચતુર્વિધ-સંઘે લીધી છે; તે પણ અતિ અનુમોદનીય છે

**સત્તરમા વર્ષમાં પ્રવેશ.**

વિ. સં. ૨૪૭૬-વિ. સં. ૨૦૦૬ના આશ્વિન-પૂર્ણિમાએ એટલે સકલ-સમીહિત-પૂરક-મંત્ર-તન્ત્ર-યંત્રાધિરાજ-શ્રીસિદ્ધચક્ર-યન્ત્ર સ્થિત નવ-પદોનું તન-મન-ધનથી આરાધન ચતુર્વિધ સંઘ નવે દિવસ કરે છે. અને જે આરાધના અને આરાધનના દિવસો શાશ્વત નામથી અલંકૃત છે, તેજ શાશ્વત આરાધનના નવમ તપોધર્મની (નવમા પદની આરાધનાના વિશિષ્ટવાસરના અમોઘ-સૂર્યોદયે આ **શ્રીસિદ્ધચક્ર સત્તરમા વર્ષમાં પ્રવેશ કરે છે.**

**સમિતિની ભલામણ.**

સોળ વર્ષ સુધીમાં આ માસિકના વાંચકાદિ વર્ગે અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરવામાં, અવિરતિની આંધિમાંથી સહિસલામત પસાર થવામાં, કષાયોના કલુષિત વાતાવરણમાં પણ પ્રશમાદિ-પિયૂષનું આસ્વાદન કરવામાં, આ માસિકના વાચનને વાંચીને વિચારીને, અનુભવીને અભ્યાસમાં વધુ ને વધુ પરિશીલન કરીને જરૂર અમોઘ લાભ પ્રાપ્ત કર્યો છે તેથીજ આ માસિકના વાંચકો, વિચારકો, અભ્યાસકો, તન-મન-ધનથી મદદ કરનારાઓ, દિન-પ્રતિદિન આ માસિકનું વાંચન વધે તેવો સર્વદા પ્રયાસ પ્રચાર કરનારાઓ જરૂર પોતાના કુટુંબ-મિત્રમંડળ-પરિવારમાં પ્રચાર કરીને પગભર બનાવે, તેવી સમિતિના કામવાહકોની સર્વદા સર્વત્ર ભલામણ કરે છે.

**યાદ રાખો કે—**

વાંચકોએ આ માસિકની સામગ્રીઓ વાંચીને વિચારીને, અને પરિશીલન કરીને વધુને વધુ નવીન ગ્રાહકો વધારવા ઉદ્યમશીલ થાય એજ એક શુભેચ્છા

લિ૦ તન્ત્રી.

# આગમોદ્ધારકની અમોઘ-દેશના-૧.

[વિષયઃ– વિ. સં. ૧૯૯૯ માગશર માસમાં સુરત મુકામે–શ્રી હરિપુરાના ઉપાશ્રયમાં શાસન-પ્રભાવક શ્રીહરિભદ્રસૂરીશ્વરજીએ રચેલા શ્રીઅષ્ટક-પ્રકરણ-ગ્રંથમાં "પુણ્યાદિચતુર્ભંગ્યષ્ટકમ" આ નામથી શરૂ થતા ચોવીસમા અષ્ટકના આઠમા શ્લોક પર અમોઘ દેશના આપી હતી, અને પૂ. શ્રીદેશનાકારને ઓળખાવવા એ સૂર્યની ઓળખાણ આપવા જેવું છે; છતાં નવિન વાંચકોની જિજ્ઞાસાને તૃપ્ત કરવા માટે દેશનાકાર પ્રાતઃસ્મરણીય-ગીતાર્થ-સાર્વભૌમ-આગમોદ્ધારક-પૂ. આ. આનન્દસાગરસૂરીશ્વરજી છે. આ દેશનાનો સારાંશ પૂ. પં. શ્રીહેમસાગરજીએ સંચય કરેલો છે, અને તેઓશ્રીની પાસેથી તે મેળવીને વાંચકોને વાંચવાની અતીવ સરળતા પડે તે હેતુથી પૂ. પંન્યાસપ્રવરશ્રી ચન્દ્રસાગરજી ગણીન્દ્ર મહારાજ સાહેબ પાસેથી પેરેગ્રાફ અવતરણાદિ સુધારાદિ તૈયાર કરાવીને અત્ર અપાય છે. લિ. તન્ત્રી.]

## દેશનાના દિવ્ય-અવતરણો.

૧. 'હું સુખી છું, હું દુઃખી છું;" આવું બોલનારને જીવપણું સમજવું મુશ્કેલ નથી.

૨. સુખી અવસ્થાને, અને દુઃખી-અવસ્થાને, દરેક મનુષ્યો અનુભવથી જાણી શકે છે.

૩. કૌટુંબિક-સગપણોનું, અને આર્થિક-વસ્તુઓનું શિક્ષણ લીધા વગર જીવ સમજી શકતો નથી.

૪. સુખ પ્રત્યે પ્રીતિ થવી, અને દુઃખ પ્રત્યે અપ્રીતિ થવી એ સ્વાભાવિક છે.

૫. સુખ-દુઃખની ઇચ્છાઓ ગર્ભથી જીવ સમજીનેજ આવ્યો છે.

૬. દાઝવાવાળું બાળક ગભરાઈને બુમરાણ કેમ મારે છે?, કહો કે દાઝવાથી ગભરાઈ જવાનું અને બુમરાણ કરવાનું કોણે શીખવ્યું?; કહેવું પડશે કે ભવાંતરથી શીખીને આવેલો છે.

૭. જગતમાં એકલા ઝાડ-પાન-ફળ દેખાય છે, અને મૂળીઆ દેખાતાં નથી; તથા વ્યવહારમાં આવતાં નથી; તેથી મૂળીઆની જરૂર નથી; એમ ડાહ્યો માણસ બોલી શકેજ નહિ.

૮ જેનાથી આપત્તિ ટાળી શકાય, અને જેના અભાવમાં મુંઝવણ ઉભી થાય તે જરૂરીઆતની ચીજ ગણાય છે, પરંતુ ધર્મથી ભુખ-તૃષા વિગેરે સામાન્ય આપત્તિ ટળતી નથી, તો પછી ધર્મ એ જરૂરીઆતની ચીજ છે એમ કેમ કહેવાય?

૯ વૃક્ષની સઘળી સંપત્તિ મૂળીઆ પર નિર્ભર છે, તેમ દરેક જીવોની સઘળીએ સ્થાવર-જંગમાદિ-સંપત્તિઓ એ ધર્મથી થતાં પુણ્ય ઉપર નિર્ભર છે.

૧૦. વર્તમાન-કાળને વિચારતાં ભૂતકાળના ભવ્ય કારણોને ભૂલી ન જાઓ.

૧૧. આપણે ફલાણાના પુત્રો છીએ એ યાદ આવે છે, પણ બનાવ્યા કોણે?; એ યાદ કરતાં શીખો.

૧૨. મૂળને ભૂલી જવું, અને ડાળી-પાંદડા-થડને વળગવું એ કેવળ મૂર્ખાઈ છે.

૧૩. ઉંચા-વર્ગમાં દાખલ થનાર છોકરો પોતાનું સર્ટીફીકેટ તપાસે છે, કારણ કે સારા અભ્યાસનું પરિણામ સારૂં સર્ટીફિકેટ છે

૧૪. ભૂતકાળના પ્રસંગોને ભૂલનારાઓ ભવિષ્યને ભૂલનારાઓ છે; એટલુંજ નહિં પણ ભવિષ્ય જીવનને બગાડનારા છે.

૧૫. થડને, ડાળાંને, ડાળીને અને પાંદડામાં પાણી સીંચવાથી કંઈ વળતુંજ નથી. પણ

મૂળીઆને સીંચવાથીજ થડ-ડાળાં ડાળી-પાંદડાં વિગેરે પ્રફુલ્લિત થાય છે; તેવી રીતે ધર્મને સમજતાં શીખો.

૧૬. મૂળીઆંને મૂકીને ડાળી-પાંદડાંને પાણી સીંચનારાઓ મૂર્ખના સરદારો છે.

૧૭. "વૃક્ષની આબાદી માટે મૂળીઆં આધારરૂપ છે, અને જીવનની આબાદી માટે ધર્મ એ આધાર છે;" એ અક્ષરો સ્મૃતિપટમાં સુસ્થિર કરો.

૧૮. 'ધર્મ નહિં કરનારાઓ સુખી દેખાય છે તેનું શું ?," આ પ્રશ્ન માટે કહેવું પડશે કે-પૂર્વે ધર્મ કર્યો છે તેનું ફળ ભોગવે છે, અને કરાતાં પાપનું-કરેલાં પાપનું ફળ ભાવિમાં જરૂર ભોગવશે; એ સમાધાન છે.

૧૯. શુભાશુભ-કર્મના શાસ્ત્ર-વિહિત-ચાર પ્રકારોને દૃષ્ટાંત પૂર્વક સમજતાં શીખો.

૨૦. અક્કલના ઈજારદારોને અને બુદ્ધિ વૈભવના વિલાસિયોને પણ શુભાશુભ કર્મ માન્યા વગર છુટકો નથી.

૨૧. ધંધાના નિષ્ણાત વેપારીને વેચવા વખતે વેચવાનું મન થાય, અને લેવા વખતે લેવાનું મન થાય; તેમાં તમે અક્કલ કે ઉદ્યમ નહિં ગોઠવી શકો.

૨૨. વેચવા વખતે લેવાનું મન કરાવનારને, અને લેવા વખતે વેચવાનું મન કરાવનારને, જ્ઞાનીઓજ જાણી શકે છે.

૨૩. તથા વેચવા વખતે વેચવાનું, અને લેવા વખતે લેવાનું મન કરાવનારને પણ જ્ઞાનીઓ સારી રીતે પિછાણી શકે છે.

૨૪. શુભાશુભ કર્મના ઉદયમાં કે અભાવમાં અંતરાયને, અને અંતરાયના ક્ષયોપશમને સમજવો એજ જૈન શાસનની મહત્તા છે.

૨૫. મનુષ્યપણાને સફળ કરવાની સકળ-સામગ્રી-સાધન-સંયોગોની પ્રાપ્તિમાં પણ શુભાશુભ કર્મનો હિસ્સો છે.

૨૬. વેચવાલીમાં અને લેવાલીમાં યોગ્ય અવસરે વેચવું અને લેવું તેમાં પણ શુભાશુભ-કર્મ જવાબદાર અને જોખમદાર છે.

૨૭. જીવવાની જબરદસ્ત ઇચ્છા છતાં અક્કલ કે ઉદ્યમ જીવન ટકાવમાં મદદગાર નથી, પણ કોઇ કર્મજ ટકાવનાર છે; પછી તેનું નામ આયુષ્ય કહો કે બીજું નામ દો તેનો અમને વાંધો નથી.

૨૮. આ જીવ કર્મ મેનેજરની તાલીમ પામેલો એકટર છે.

૨૯. ભવ નાટક ભજવવા માટે કર્મ મેનેજરની શીખવણીથી સંસાર-સ્ટેજ ઉપર જીવ એકટર નવનવીન વેશો ભજવે છે.

૩૦. દશ્ય-પદાર્થોના કારણરૂપ કર્મને સમજવામાં મુંઝવણ છે, તેવાઓને આત્મા અને આત્માના ગુણો સમજાવવા શી રીતે ?

૩૧. પાપાનુબન્ધિ-પુણ્યમાં પૂર્વે પુણ્યબંધ સાથે સજ્જડ મમત્વ કેળવ્યો છે, એટલે આ ભવમાં ઋદ્ધિ મળે પણ ત્યાગ-માર્ગે સંચરી શકેજ નહિં.

૩૨. મમત્વના કારણે વાસુદેવો મરીને નરકે જાય છે.

૩૩. પુણ્યાનુબન્ધિ પુણ્ય સિવાયના ત્રણ પ્રકારો સમજવા યોગ્ય છે, પણ કરણીય નથી.

૩૪. પુણ્યાનુબંધી પુણ્ય બાંધનારો આવતે ભવે, અને તે પછીના ભવમાં પણ પુન્યનો ઉદય ટકાવી શકે છે; આથીજ આ પુણ્યાનુબન્ધિ પુણ્ય-પ્રકારની પ્રબળતા છે.

૩૫. આવતા ભવમાં પુન્યનો ઉદય સાથે લેવાની બાજી હજુ પણ હાથમાં છે.

૩૬. પુણ્યાનુબન્ધિ-પુણ્ય બાંધવા માટેનો અમોઘ ઉપાય દયા છે.

૩૭ વૈરાગ્ય, ગુરૂપૂજન, અને શીલવૃત્તિ; આ ત્રણ પ્રવાહોનો મૂળ જલાશય દયા છે.

૩૮. શાસ્ત્ર-વિરૂદ્ધ-દયાનું સ્વરૂપ કહેનારાઓના કથનને સમજતાં શીખો.

૩૯. હિંસા ન કરવી તેનું નામ દયા કહેનારાઓ અનર્થની પરંપરાઓને વધારનારા છે.

૪૦. દેવલોકના કારણરૂપ દયાને, અને મનુષ્ય ગતિના કારણરૂપ દયાને સમજતાં શીખો.

૪૧. હિંસા ન કરવાની પ્રતિજ્ઞારૂપ દયા અને બચાવવા રૂપ દયા એ બંન્ને વિભાગો અલગ છે.

૪૨. "ન મારવા તેનું નામ દયા રાખીએ" તો મુઠીભરનો હિંસક અને જગતભરનો દયાળુ થઇ જાય.

दया भूतेषु वैराग्यं, विधिवद्गुरु पूजनं ।
विशुद्धाशीलवृत्तिश्च पुण्यं, पुण्यानुबन्धदः ॥ १ ॥

### સુખ પ્રત્યે પ્રીતિ, અને દુઃખ પ્રત્યે અપ્રીતિ.

શાસ્ત્રકાર મહારાજા ભગવાન શ્રીહરિભદ્ર સૂરીશ્વરજી મહારાજ ભવ્ય પ્રાણીઓના ઉપગારને માટે શ્રીઅષ્ટકજી નામના પ્રકરણને કરતાં થકાં ચોવીસમાં અષ્ટકમાં સૂચવી ગયા કે આ સંસારમાં દરેક પ્રાણીઓ ચાહે તે બાળક હો કે બાળા હો, જુવાન હો કે વૃદ્ધ હો, મનુષ્ય હો કે જાનવર હો, બધાને હું સુખી કરૂં, દુઃખ દૂર કરૂં; આ બુદ્ધિ હોવાથી જીવપણું નવું સાબીત કરવું પડે તેમ નથી. જીવ પદાર્થ દરેકના માનવામાં આવ્યો તો જીવની એ સુખી કે દુઃખી અવસ્થા દરેક મનુષ્ય અનુભવથી જાણી શકે છે. એક સુખી અવસ્થા, અને બીજી દુઃખી અવસ્થા છે; તેથી સુખ દુ ખ જીવને સમજાવવું પડતું નથી. ધુળાવહાલાંની સગાઇઓ, અને હીરા-મોતી-મણી-સોનું એ બધાને શીખવાને સમજાવાય છે; તેમાં મા કહેતાં શીખવીએ ત્યારે બાપ કહેતા પણ શીખવવું પડે છે. સોનું રૂપું વિગેરે શીખવીએ ત્યારે બાળક અવસરે સમજે છે. દુનીયાની કિંમતી ચીજો શીખવવાથી કિંમતી ગણી, અને સગાંના સંબંધ શીખવવાથી જીવ સગપણ સમજ્યો બન્ને ચીજો એટલે આર્થિક-વસ્તુઓ અને કૌટુંબિક-વસ્તુઓ શીખવવાથી જીવે શીખેલો છે, પણ સુખને, અને દુઃખને કોઇએ શીખવેલી નથી. દુઃખ સમજવું તે ગર્ભથી ચાલુ છે, અને સુખ સમજવું તે પણ ગર્ભથી ચાલુ છે. દુનીયાની ઇતર ચીજો શીખવાથી સમજાઇ છે, અને સુખ-દુઃખ સ્વાભાવિક સમજવામાં આવ્યું છે. સુખને તથા દુઃખને જીવ આપો આપ સમજેલો છે, જો તેમ છે તોજ સુખની ઇચ્છા પ્રત્યે પ્રીતિ, અને દુઃખનો દ્વેષ તથા અનાદર એ પણ કોઇને કરાવવો પડતો નથી.

### ધર્મની જરૂર શી ?

નાનું બચ્ચું દાઝેતો હાથ ખેંચી લે છે, કહો કે કોણે શીખવ્યું ? નાનું જન્મેલું બાળક અંગારામાં હાથ રાખી મેલતું નથી; કારણ દુઃખ સમજે છે. હવે આગળ જઇએ ગર્ભથી સુખ-દુઃખની સમજણ છે જગતમાં એકલા ઝાડ દેખાય છે. પણ મુળીયાં દેખાતા નથી. બાળક જુવાન કે વૃદ્ધ દરેક ઝાડને દેખે છે, પણ મૂળીયાને તો અક્કલવાળોજ સમજે છે. આથી જેઓ કહેતા હતા કે જગતમાં બધી ચીજો જરૂરી છે, પાણી તૃષા મટાવાને જરૂરી છે, ભોજન ભૂખ મટાડવાને જરૂરી છે, લુગડા શોભા અગર ટાઢ આદિકના ઉપદ્રવથી બચવા માટે જરૂરી છે; સગાવહાલાં એક બીજાના આશ્રય માટે પણ જરૂરીના છે. પાણી-ખોરાક-રસ-મકાન-પૈસો અને કુટુંબ જરૂરી છે, પણ ધર્મ એ કયું કામ કરે છે કે તને જરૂરી માનવો ?, ધરમથી તરસ-ભૂખ-ટાઢ-તડકો વરસાદનું દુઃખ મટતું નથી, અને માટે ધર્મ વગર જરૂરનો પદાર્થ ગણીએ તો વાંધો શો ? જે વસ્તુ ઉપયોગમાં આવે તેનું, અને જેના વગર મુંઝવણ થાય તે વસ્તુ જરૂરીની ગણાય, પણ જે ઉપયોગી

ન નિવડે તેને જરૂરી શી રીતે ગણવી ?, સામાયક કરતાં તરસ ભૂખ ટાઢ મટતી નથી. સંસારને અનુકૂળની એક પણ ચીજ ધર્મ કરતો નથી, તો પછી તે ધર્મને શા માટે જરૂરી ગણીએ ?, આમ કહેનારા સમજનારા કેટલાક લોકો જગતમાં હોય છે, પણ વિચારવાની જરૂર છે.

### સર્વ-સંપત્તિનું મૂળ ધર્મ છે.

ખાવાને માટે ફળ, તોરણ માટે પાંદડા, મકાન માટે લાકડા કામ લાગ્યા; પણ મુળીયા કયા કામમાં આવ્યા ?, નહીં ખાવાના કામમાં, અને નહિં સુંઘવાના કામમાં, નહિં થાંભલાના કામમાં, નહીં રસોઇ કરવાના કામમાં, નહીં કશા કામમાં, તો પછી તેની જરૂર શી ?, ઝાડના થડ, ધાળા, ડાળી, પાંદડા, ફલ, ફૂળ; બધું ઉપયોગી છે, પણ નિરૂપયોગી ચીજ મૂળીયા. જે દેખાતા પણ નથી, અને વ્યવહારના ઉપયોગમાં પણ આવતા નથી. થડ, પાંદડા, ફળ, ફૂલ ઉપયોગી છે, અને દેખવામાં પણ આવે છે, માટે વ્યવહારમાં નિરૂપયોગી મૂળીયા છે. પરંતુ અક્કલવાળાને તો મૂળીયા વગર થડ-પાંદડા-ફળ-ફુલ જરૂરી ચીજ છે, તેમ માનતા મગજ ભેર મારી જાય છે થડ, ડાળાં, ફળ, ફૂલ કોના પ્રતાપે છે ?, થડીયા-ડાળાં-ફળ-ફૂલ હોય, અને મૂળીયાં કાપી નાંખવામાં આવે તો ત્રણ દહાડામાં પાંદડા-ફળ-ફૂલ આવવાનાજ નથી. કેમ મૂળીયું બીન જરૂરી હતું ને ?, જેમ ઝાડમાં મૂળ દેખાતું નથી. ઉપયોગમાં આવતું નથી; પણ બધાને ઉત્પન્ન કરનાર વધારનાર ટકાવનાર હોય તો મૂળજ છે, તેમ અહીં જે કહી ગયા કે ધર્મ તરસ ભૂખ મટાડતો નથી, અને ધનવાન કરતો નથી, પણ બુદ્ધિથી વિચારીએ તો એ ધર્મ બધું કરે છે, અને તરસ વિગેરે મટાડે છે. અનાજ, સગા-સંબંધીના લગ્નવિગેરે, અને જગતની બધી ચીજો પસાથી લવાય છે, પણ પાણી અનાજ મકાન સંબંધ વિગેરે કોણે લાવી આપ્યા ?; ઋદ્ધિ, સમૃદ્ધિ કોણે લાવી આપી ?, તેનો વિચાર કર્યો ?; થડ આદિકનો વિચાર કરે અને મૂળનો વિચાર ન કરે તે કાચાર ગો એટલે લગભગ ગાંડો કહેવાય તેમ અહીં પાણી ભોજનાદિકનો વિચાર કરે અને કારણ તરીકે સર્વને ટકાવનાર ઉત્પન્ન કરનાર અને ઉપયોગી એવો ધર્મ સમજે નહિં તેવાને શું કહેવું ?, ખરેખર ગાંડો કહેવો.

### સર્ટીફીકેટથી પહેલાંના અભ્યાસનો નિશ્ચય.

આપણે જાણીએ છીએ કે કેટલાક સારા ગણાતા કુળમાં ગર્ભ તરીકે આવે છે. કુતરીને ઓળંગીને શેઠાણીને પેટે કોણે ઉતાર્યો ?, કહે જગતમાં ગર્ભ ધારણ કરનારી કુતરી, ગધેડી, બિલાડી, અને ઘોડી વિગેરે ઘણાં છે, તેના ગર્ભમાં ન ગયો; અને મનુષ્યના ગર્ભમાં આવ્યો તેમાં પણ શ્રીમંતના ઘેર સારી કુખે કયાંથી આવ્યો ?, એની પરીક્ષા કરવા કયારે ગયા હતા ?, ગર્ભથીજ તને એ લાખોના મીલકત કોણે મેળવી દીધી ?, મનુષ્યની યોનિમાં કોણે દાખલ કર્યો ?, તેં કોઇ દહાડો વિચાર્યું ?; આ જીવ વર્તમાનનું વિચારતાં ભૂતકાળનું બહુ ભૂલે છે આપણે ફલાણાના છોકરા કે કુંવર એ યાદ આવ્યું, પણ ફલાણાનો કુંવર અને ફલાણાનો છોકરો બનાવ્યો કોણે ?, તે યાદ કોઇ દહાડો કર્યું ?. કહો કે મૂળને ભૂલી જઇએ છીએ, અને ડાખલા પાંદડાને વળગીએ છીએ. જગતના આટલા જીવો તેમાં તમેજ કેમ ઊંચા કૂળમાં આવ્યા ? જો બીજા બધા જીવો છે તો તમે કયા હકથી અહીં આવ્યા ? છોકરો સર્ટીફિકેટમાં જુએ તો વિચારે કે મેં આટલી મહેનત કરી હતી, તેથી આવું સર્ટીફિકેટ મળ્યું એમ વિચારે છે. આપણે માત્ર સર્ટીફિકેટ દેખું છું, અને પહેલાંનો અભ્યાસ જોવોજ નથી. જો એમ ન હોય તો પ્રથમ મનુષ્યની યોનિમાં આર્યક્ષેત્ર ઉત્તમ-કૂળ-જાતિમાં સંપૂર્ણ-પંચેન્દ્રિયમાં અને લાંબે આયુષ્યમાં કયે હકે આવ્યા છીએ ? તે વિચારો

### મૂળીઆંને સીંચો.

તે ગર્ભથી શરૂ કરીને શરીર સંપત્તિ આદિ બધાનું મૂળ તો જોવું નથી, તેથીજ ભૂતકાળને ભૂલે છે; અને વર્તમાનકાળનો વિચાર કરે છે ભૂતકાળને ભૂલનારો, ભવિષ્યને ભૂલ્યા વગર રહેતો નથી ભવિષ્યને તેજ ન ભૂલે કે જે ભૂતકાળને ન ભૂલે. ભૂતકાળની બાબત,

અને ભૂતકાળના સ્થિતિને જેઓ ભૂલે છે તેઓ ભવિષ્યના સ્થિતિને પહેલે નંબરે ભૂલનારા હોય છે. અને આપણે ભૂતકાળનું અને ભવિષ્યકાળનું ભાન પણ ભૂલ્યા છીએ. માત્ર વર્તમાનના વિચારમાં વિચરી રહ્યા છીએ. ખાવું-પીવું-મકાન માલ માલીકત અને કુટુંબ આ બધા સંબંધિ વર્તમાનના વિચાર કરનારા વર્તમાનકાલીન જીવોને આમાં ભવિષ્યનો વિચાર કયો ?, ભૂતકાળને ભૂલનારો એ ભવિષ્યકાળને ભૂલેજ છે હવે આ જીવને અંગે વિચાર કરીએ. અત્યારે જે ડાળા પાંખડા ફળ-ફુલ થડ રૂપ શારીરિક આર્થિક વિગેરે સંપદાઓ કોના પ્રતાપે ?, આથી જે કહેનારા હતા કે ધરમ ખાવા પીવા સુંઘવા દેખવા કામ લાગે છે ? અને ધર્મ એકેન્દ્રિયના વિષયમાં આવતો નથી તેણે વિચારવું જોઈએ કે ઝાડના મૂળીયા દેખાય છે, પણ ચાવવાના ખપમાં આવતા નથી, એટલે બાહ્યથી મૂળીયા અદૃશ્ય છતાં તેજ મૂળીઆં આખા ઝાડનું કારણ છે કોઇ ઝાડ ઉપર પાણીના બંબને કે કુવાને ખાલી કરી નાખે તો કશું વળે નહિં મૂળમાં પાણી ગયા વગર થડમાં, ડાળીમાં, અને પાંદડામાં પહોંચતુંજ નથી. આખા કુવા ખાલી કરવામાં આવે તો કંઈ વળે નહિં. જેમ ડાળાને પાંદડા ઉપર પાણી સીંચવાનો ઉદ્યમ એ કેવળ મૂર્ખતાની નિશાની છે, માટે મૂળમાં પાણી સીંચાય તે સમજણની નિશાની છે. મૂળમાં પાણી સીંચ્યા વગર થડાદિકમાં કુવા ખાલી કરાય તેનો કંઇ અર્થ નથી.

## વૃક્ષનો આધાર મૂળીઆં અને જીવનનો આધાર ધર્મ.

તેમ અહીં સારા જન્મ માટે, સારી નાત માટે, સારા કુળ-જાતિ કુટુંબ-રિદ્ધિ-જશ માટે આપણા જે ઉદ્યમ ન ધર્મને પોષણ વગરના હોય તો ડાળી-ડાખલા સીંચવા જેવા સમજવા પરંતુ મૂળ સિંચાય તો બધે વૃદ્ધિ છે તેમ અહીં જન્મકર્મના કારણરૂપ ધર્મ સબંધિ પુન્ય એ સીંચાયુ હશે તો જન્મ કુળ-જાતિ-શરીર-ઇંદ્રિય-સપૂર્ણ-આયુષ્ય-કુટુંબ-ઋદ્ધિ, એ બધું સંપૂર્ણ મળશે જો પુન્યરૂપી મૂળ ન સીંચાયું તો પછી તમારો ચાહે જેટલો ઉદ્યમ થાય, તેટલો પાંદડા સીંચવા જેવો થાય છે એ સમજો.

વૃક્ષમાં મૂળીયાની જેવી જરૂરીયાત અને આધારપણું છે, તેમ આ જીવને અંગે અને સંસારને અંગે ધર્મ આધાર ભૂત છે. તેજ ધર્મ દરેક સાધન સામગ્રીઓ વધારનાર છે. આ જગતમાં ધર્મ નહીં કરનારા સુખી દેખાય છે તેનું કેમ ?, તેના જવાબમાં જાણવાનું કે તેઓએ પૂર્વ ભવમાં તો જરૂર ધર્મ કરેલો છે, તેના ફળ ભોગવે છે, અને આ વખતે આ ભવે જે અત્યારે પાપ આચરણ કરી રહ્યો છે; તેનું ફળ આગળ ઉપર ભોગવવાનું છે. તેથી તેવાઓ પરિણામે તો થોડી મુદત ગઈ એટલે પાપનાંજ ફળ ભોગવવાનાં છે, એ ચોક્કસ છે. પાંદડા-ફુલ-ફળ-ડાળા-ડાળી-પાંખડીયો, પણ વૃક્ષના સુકાઈ જવાના કપાએલા વડલાને કદી લીલો દેખીએ, તેથી મૂળ વગરનો લીલો થયો છે; તેમ અક્કલવાળો માને નહિં. મૂળીઆં વગરના વૃક્ષને પાણી સીંચાય તેથી પાંદડું-ફળફૂળ છાયા ન દેખાય. પ્રથમ બીજ નાખ્યું, એટલે આંબાનું કે ગમે તેનું મૂળ નાંખીને સીંચાયે તો મુદત પરિપૂર્ણ થાય, ત્યારે જરૂર અંકુરો ફણગો ફુટે છે. મૂળીઆ વગરના વૃક્ષને થડ-ફુલ-ફળ કશું નથી, અને કદાચ હોય તો તેને સીંચવું નકામું છે. થડાદિક વગર મૂળને સીંચવાવાળો સારો, અને મૂળ વગર થડાદિકને સીંચવાવાળો નિષ્ફળ જાણવો વસ્તુ સમજનારો સમજે છે કે અત્યારે ફળાદિક નથી, પણ તેને ભવિષ્યમાં મોટો વડલો કે મોટો આંબો મળવાનો છે. અત્યારે મૂળ વગરના હજારો ડાળા-ડાખલાવાળો વડ છે છતાં સરવાળે શૂન્ય છે.

## ચાર પ્રકારની ચોજો.

હવે ઉપર જણાવેલી આ બે વાત જેઓ સમજે છે, તેઓએ પહેલા ભવે પુન્ય કર્યું છે, પણ પાપાનુબંધી પુન્ય કર્યું છે કે કેમ ?, અગર બીજું ?, તે માટે જગતમાં ચાર પ્રકારના બીજ અનુભવીએ છીએ.

૧ ખાવામાં મીઠી અને પરિણામે પણ મીઠી, ૨ ખાવે મીઠીને પરિણામે કડવી ૩. ખાવે કડવી ને પરિણામે મીઠી; ૪. ખાવે કડવી ને પરિણામે કડવી. હવે દૃષ્ટાંતથી વિચારીએ. ૨ અજીરણ થાય ત્યારે લાડુ ખાવતો ખાવે મીઠો, પણ પરિણામે કડવો છે. ૧ ખાયેલ મિષ્ટાન્ન વિગેરે

દવા ખાવામાં મીઠી, અને પરિણામે પણ રોગ મટાડવાથી મીઠી, ૩ તાવ આવ્યો હોય, અને કરીયાતું પીએ, તો ખાવાપીવામાં કડવી; પણ પરિણામે મીઠી. ૪ ઝેર ખાય તો ખાવે કડવું, અને પરિણામે પણ કડવું છે. આ રીતિએ દૃષ્ટાંત પ્રમાણે આપેલ નંબર પ્રમાણે ચાર પ્રકારની ચીજો છે, તેમ કર્મ પણ ચાર પ્રકારનું હોય છે. ૨. વર્તમાનમાં શુભ પરિણામે અશુભ, ૩. વર્તમાનમાં અશુભ પરિણામે શુભ. ૪. વર્તમાનમાં અશુભ પરિણામે અશુભ; ૧. વર્તમાનમાં શુભ ને પરિણામે પણ શુભ. આ રીતિએ કર્મો ચાર પ્રકારના હોય છે. બધાના સાધન તરીકે મૂળ જડ તરીકે દરેકને શુભાશુભ કર્મજ માનવું પડે છે.

## શુભાશુભ-કર્મનો પ્રભાવ.

જગતમાં જુઓ તો તમે વૈદ્ય-ડાકટરને ત્યાં ગયા, બધી દવાના બાટલા શીશા ભરેલા છે. વૈદ્યને અમુક બાટલામાંથી દવા દેવાનો વિચાર થયો, અને રોગીને તે દવાથી ફાયદો ન થયો; ત્યારે રોગીને બે દહાડા પછી બીજા બાટલામાંથી દવાનો ફાકડો આપ્યો, તો ફાયદો થયો. અહીં ફાયદો થવામાં બે દહાડા વધારે કેમ થયા?, સાત દહાડે એ શીસો લેવાનું મન થયું, તો ૭ દહાડામાં કોણે છક્કડ ખાધા કે ખવડાવી? પહેલે દહાડે એ શીશાની યાદ કેમ ન આવી?, કોઇ એવી ચીજ છે કે તે વખતે ડાકટરને કે વૈદ્યને ભમાવી દે છે, અને સાતમે દહાડેજ તે સુઝે છે, ભાવ વધવાનો હોય ત્યારે એકને લેવાનું સુઝે છે, અને તે વખતે બીજા એકને વેચવાનું સુઝે છે. આ બેમાં અક્કલ કે ઉદ્યમ વધારે છે. તેમ કહી શકો તેમ નથી?, બંને માતબર વેપારી છે, છતાં અક્કલ ક્યાં મારી ગઈ? શેરીયાઓ પાશેર અને અધોલ થયા. શેર લેવાવાળાને શું અક્કલના આંધળા ગણો છો?, એમ ગણતા હો તો બીજાઓએ તેજ શેરો હલકા ભાવે લીધા હતા, અને ઉંચા ભાવ થયા હતા તે વખતે લેનારને કેવા ગણશો? કહો અક્કલ ઉદ્યમને આ જગો પર ગોઠવી શકો તેમ નથી. એકજ ચીજ ગોઠવી શકશો કે જે ચીજ તમે દેખી શકતા નથી, પણ જ્ઞાનીજ દેખે છે; તે ચીજ શુભાશુભ કર્મ છે. અંતરાય તુટવાનો હતો તેને વધવાના વખતમાં લેવાનું મન થયું, અને અંતરાયનો ઉદય થવાનો હતો. તેને વધવાનો વખતમાં વેચવાનું મન થયું. આ વાતમાં વધવા વખત વેચવું ને લેવું, ઘટવા વખતમાં વેચવું ને લેવું; આ ચાર વખતમાં અક્કલ કે ઉદ્યમને જોડી શકો તેમ નથી.

## સંસારના સ્ટેજ પર.

પ્રથમ આર્ય-ક્ષેત્રાદિની વાત કરી હતી તે તમારી દૃષ્ટિની બહાર હતી, પણ સામાન્ય રીતે 'વધવાના ભાવે વેચવાલી કે લેવાલી કે ઘટવાના ભાવે વેચવાલી" આ વાત તે તમારી નજર બહાર ન હતી. આગળ ચાલીએ જગતમા ગરીબમાં ગરીબ હોય તેને અને શહેનશાહત ભોગવનાર શહેનશાહને જીવવું ગમે છે, તેમાં બેમત છેજ નહિં, તો ગમે તેટલું કરવા છતાં દુનીયા જીવતી કેમ નથી?, કહો કે જ્યાં સુધી કોઈ એક સાંધો પહોંચે ત્યાં સુધી જીવાય છે, અને તે સાંધો તુટે તો કોઈથી જીવી શકાતું નથી જે સાંધો પહોંચે ત્યાં સુધી જીવી શકાય છે તે સાંધો કયો?, કહેવું પડશે કે તેવી કોઇ ચીજ છે, પછી આયુષ્ય કહો કે બીજું કાંઈ કહો પણ છે કોઇ ચીજ. ત્રણે જગોપર, મનુષ્યપણા વિગેરેની બાબતમાં વેચવાલીમાં કે લેવાલીમાં અને જીવન-જીવવાની બાબતમાં કર્મને આગળ કર્યા સિવાય છુટકોજ નથી. તેમજ રોગ-શોક-આધિ-વ્યાધિ-ઉપાધિ-જન્મ જરા કે મરણએ બધાની જડ ખોળીયે, અને તેના તત્ત્વોનો વિચાર કરતાં નિર્ણય કરવોજ પડશે કે આ જીવ કર્મ મેનેજરનો એકટર છે આ ભવ નાટકના સંસાર સ્ટેજપર આ જીવ એકટર પાસે વેષ ભજવાય છે. આ જીવ એકટર છે, અને મેનેજર કર્મ છે. મેનેજરે બતાવેલી કળા એકટર ભજવી બતાવે. આ જીવને સ્વતંત્ર કરવાનું કંઇ પણ ન હોય, તેમ આપણે કર્મ મેનેજરના આ ભવ-નાટકને ભજવા માટે સંસાર સ્ટેજ પર ચઢેલા એકટર છીએ. કર્મ મેનેજર નિર્દેશ કરે તેમ જીવ એકટરને અમલ કરવાનો છે.

( અપૂર્ણ )

# વિશ્વનું અવલોકન.

આલેખનકારઃ—સુ૦

**નોંધઃ**—ઉપરના હેડીંગથી શરૂ થતા આ લેખમાં વિશ્વભરમાં બની ગયેલા બનાવો, અને બનતા બનાવોના પ્રસંગોની નોંધ શરૂ થાય છે. આ નોંધ વાંચીને વાંચકો નવ-નવીન બોધપાઠ શીખી શકે, તેજ હેતુથી નીચે જણાવેલા પ્રસંગોની નોંધ અપાય છે. મહાભારતના અને રામાયણના પ્રસંગોને સાંભળતાં-વાંચતાં-વિચારતાં શ્રદ્ધાળુ-વાંચકો નવ-નવીન બોધ પાઠ લઈ શકે છે. પરંતુ **શ્રદ્ધા કરતાં તર્ક કે યુક્તિપર જીવનનું ઘડતર ઘડનારાઓને** બની ગયેલા બનાવો **અને બનતા બનાવો વાંચવાથી શાસન-માન્ય સિદ્ધાંતોને અનુસરતું** નવ-નવીન **શિક્ષણ આપી શકાય અને શ્રદ્ધાને વધુ દ્રઢીભૂત બનાવી શકાય, તેજ હેતુથી આ લેખ લખાય છે.** વિશ્વમાં વિવિધ-બનતા-બનાવોનું અવલોકન કરીને શાસન-માન્ય-નીતિરિતિથી વાંચકોના વિવેક વધુને વધુ વિકસ્વર બને એજ હેતુથી આલેખનકારનો આ આલેખનને આલેખવાનો આશય છે; માટે શાંતચિત્તે નીચેના પ્રસંગો વાંચીને તે ઉપર આલેખનકારે આલેખેલું **શાસન-માન્ય અવલોકનના** અંશેઅંશનું પણ વાંચન-મનન-પરિશીલન કરવા વાંચકોને હમારી આગ્રહભરી ભલામણ છે. **લિ. તન્ત્રી.**

### કોંગ્રેસ અને રાષ્ટ્ર સંબન્ધિત

(ઉ૦ છે૦-મું. સ. ૧૭-૯-૫૦)

૧. કોન્ગ્રેસનું છપ્પનમું અધિવેશન નાશીક મુકામે ભરાય છે, તેના પ્રમુખ તરીકે શ્રી પુરૂષોતમદાસ ટંડન છે. એટલે આ સંસ્થાના છત્રીસ અધિવેશન ભરાઈ ગયાં એટલે તેની ઉમ્મર તેથી પણ વધુ છે.

૨. કોન્ગ્રેસના માર્ગદર્શકો ચાલુ સરકાર સંભાળતા હોવાથી (સરકારી હોદ્દા સંભાળતા હોવાથી) કોન્ગ્રેસના નામે ચરી ખાનારાઓને યોગ્ય તક મળી ગઈ છે, અને આમજનતામાંથી કોન્ગ્રેસની પ્રતિષ્ઠા પણ ઓસરતી ચાલી છે.

૩. આજથી લગભગ સવા વર્ષ પહેલાં દિલ્હીમાં રાજકીય-પરિષદ મળી, ત્યારે પંડિત-જવાહીરલાલ-નેહરૂએ નિખાલસતાથી જણાવ્યું હતું કે-કોન્ગ્રેસના અનુયાયીઓ કોન્ગ્રેસને શક્તિશાળી બનાવી શકે તેમ ન હોય તો, આ સંસ્થાને (કોન્ગ્રેસને) ધીમે ધીમે ભાંગી પડવા દેવાને બદલે સંકેલી લેવી તે વધુ ઠીક છે.

૪. આજે કોન્ગ્રેસ સમક્ષ સહુથી અગત્યનો પ્રશ્ન અસ્તિત્વ ટકાવી રાખવા ઉપરાંત પુનઃ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવાનો છે એ ભૂલવા જેવું નથી.

૫. આમજનતાનો સંપર્ક જાળવી રાખવા માટેનું જે તંત્ર (કોન્ગ્રેસનું તંત્ર) છે, તેમાં આજે કચરો ભરાઈ ગયો છે. કોન્ગ્રેસમાં એક નિષ્ઠાવાળા અને એવા વ્રતધારી સેવકોની આજે ભારે ખોટ છે.

૬. આમજનતાની પાસે પહોંચનાર-પ્રતિભાશાળી-વ્યક્તિઓના અભાવને લીધે તક સાધુઓનો રાફડો ફાટયો છે.

૭ ગઈકાલના પ્રત્યાઘાતીઓ અને પરદેશી શાસનના ખાંધીઆઓ આજે ખાદીધારી બની કોન્ગ્રેસના નામને વટાળી રહ્યા છે.

૮. કોન્ગ્રેસ માટે સાચા સેવકો એનું પીઠબળ છે. સાચા સેવકોની વધુ વ્યવસ્થિત અને વધુ શિસ્તબદ્ધ-યોજના વગર કોન્ગ્રેસનું ભાવિ-જીવન કલ્પી શકાય તેમ નથી.

૯. ગયે વર્ષે કોન્ગ્રેસના પ્રમુખ ડો૦ પટ્ટાભી સીતારામૈયાએ પ્રમુખપદેથી બોલતાં કોન્ગ્રેસને સાસુ સાથે સરખાવી હતી, તથા સરકારને વહુ સાથે સરખાવી હતી; આ પ્રસંગ સમજવા જેવો છે.

૧૦. ગઈકાલના પ્રતિષ્ઠિત-કોન્ગ્રેસ નેતાઓ સત્તાની

ખેંચતાણમાં પોતાની શક્તિઓનો વ્યય કરીને પોતાને તથા કોન્ગ્રેસને આમજનતાની નજરમાં હાસ્યાસ્પદ બનાવી રહેલ છે.

૧૧. ભારતની (ભારત સરકારની) પરદેશ નીતિ અંગે સ્પષ્ટતા થાય એ જરૂરી છે. તટસ્થતાની જાહેરાત કરવા છતાં કોરીયાના પ્રશ્નમાં ભારત તટસ્થ રહી શક્યું નથી.

૧૨. આંતર-રાષ્ટ્રીય-કાયદા-અનુસાર ઉત્તર કોરીયાએ દક્ષિણ કોરીયા પર આક્રમણ કર્યું છે. છતાં ઉત્તર કોરીયા અને દક્ષિણ કોરીયા જેવા બે દેશોનું અસ્તિત્વ એ મહાન્ સત્તાઓના વ્યૂહનું પરિણામ હતું, એ કોઈથી નકારી શકાશે નહિં.

૧૩. સામાજિક, આર્થિક, ભૌગોલિક, ઐતિહાસિક કે નૈતિક એવી કોઈ દૃષ્ટિએ કોરીયાના આ ભાગલા વ્યાજબી ઠરાવી શકાય તેમ નથી, એટલે આ બાબતમાં ભારતનું મૌનજ વધારે યોગ્ય ગણાત.

૧૪. હવે પછી દેશમાં સામાન્ય ચુંટણી થનાર છે. ×××××× પરંતુ લોકમતની હવા ક્યારે વાવાઝોડામાં ફેરવાઇ જાય એ કહી શકાય નહિં. અને ચુંટણી માટે કોન્ગ્રેસ માત્ર પોકળ વચનો આપીને છટકી જઈ નહિં શકે, અથવા તો ભૂતકાળની સેવાઓ ગણાવીને નહિં રહી શકે એ સમજવા જેવું છે.

૧૫. કોન્ગ્રેસના પ્રમુખપદ માટે શ્રી પુરૂષોતમદાસ ટંડનની પસંદગી સામે પંડિત જવાહરલાલ નહેરૂએ પરોક્ષ રીતે નાપસંદગી દર્શાવી છે, એ રાજકારણમાં અર્થસૂચક છે.

૧૬. શ્રી પુરૂષોતમદાસ ટંડન હિન્દુ સંસ્કૃતિના પુરસ્કર્તા છે, છતાં તેમની દૃષ્ટિ સંકુચિત અને સાંપ્રદાયિક નથી.

૧૭. "રાષ્ટ્રની આર્થિક-કટોકટી વધુ અને વધુ ગંભીર બનતી જાય છે. બેકારી વધતી જાય છે. સરકારના આર્થિક બોજામાં બેસુમાર વધારો થઇ રહેલ છે. ફુગાવો ઘટવાને બદલે વધતો જાય છે. ઉત્પાદનમાં નોંધ પાત્ર વધારો થતો નથી. આમજનતામાં અસંતોષ વધતો જાય છે. દેશનું પશ્ચિમની ઢબે ઉદ્યોગીકરણ કરવા પાછળ ભારતની અઢળક સંપત્તિ ઘસડાઇ જાય છે. હુન્નર ઉદ્યોગો તથા ગ્રામોદ્યોગના વિકાસની જેટલી વાતો થાય છે તેટલો વિકાસ થતો નથી" આથીજ ઉપરના પ્રસંગોને લીધે ભારત સરકારની આર્થિક નીતિ ક્રાન્તિકારી પલટો માંગી રહી છે.

૧૮. પંડિત જવાહરલાલ-નેહરૂએ ગયા મંગળવારે નાસિકના અધિવેશનમાં પ્રતિનિધિઓને વિચારણા માટે માર્ગદર્શન આપતાં દેશની આર્થિક-સ્થિતિનું વાસ્તવિક સ્પષ્ટીકરણ થાય તે માટે વાયુપ્રવચન કર્યું હતું.

આ સિવાય ઘણાં ઘણાં ફકરાઓ વિવેક વૃદ્ધિ માટે જરૂરીનાં છે, છતાં સ્થળ સંકોચને લીધે વધુ ફકરાઓ લીધા નથી.

---

મું. સ. તા ૧૮-૯-૫૦

૧૯. પંડિત નહેરૂનું નાસિકમાં જાહેર ભાષણ આજે સવારે એટલે તા. ૧૭-૯-૫૦ ની સવારે પંડિતજીએ જણાવ્યું હતું કે કોન્ગ્રેસમાં સત્તાનો શોખ જે પ્રમાણમાં ઘુસી ગયો છે એ શોચનીય છે. અને તેથી કોન્ગ્રેસના સભ્યો માટે સભ્યપદના વિષયમાં સાફસુફી કરવાની જરૂર છે, કે જેથી બીન ઇચ્છવા જોગ તત્ત્વ તેમાંથી દૂર થવા પામે. માત્ર સૂત્રો ઉચ્ચારીને સમય વેડફી નાંખવાનો નથી, પણ આજે ખરી વસ્તુ તો જવાબદારી અદા કરવાની છે. આજે વાતો ઓછી કરીને કાર્ય ઘણું કરવાનું છે.

**શા. અવલોકન**

કોન્ગ્રેસ નામની જે સંસ્થાના છપ્પન અધિવેશન ભરાઈ ચુક્યાં, અને તે કરતાં જેને વધુ વર્ષોનું આયુષ્ય થઇ ગયું; તે કહેવાતી દેશમાન્ય-સંસ્થામાં અનિષ્ટ-તત્ત્વોના પગપેસારાથી તેના સંચાલકોને અને તેના સભ્યોને કેવું સોસવું પડે છે?, તે સમજવું આજે બેને બે ચાર જેવું સીધું અને સ્પષ્ટ છે. અત્ર અનિષ્ટ-તત્ત્વો પ્રતિ અંગુલિનિર્દેશ કરાય છે. નં-૨ માં કોંગ્રેસના નામે ચરી ખાનારાઓને મળેલી યોગ્ય તક કેવી હોય? નં. ૩ માં "કોંગ્રેસને ધામે ધામે ભાંગી પડવાને બદલે સંકેલી લેવા" આ સલાહ દેશમાન્ય નેતાને કેમ

આપવી પડી ?, નં. ૪ માં સંસ્થનું અસ્તિત્વ ટકાવવા કરતાં પુનઃ પ્રતિષ્ઠા સ્થાપવાની જરૂર કેમ ?, કહેવું પડશે કે ઈજ્જતનું લીલામ થયું છે, અને થયા કરે છે. એવી રીતે અનુંક્રમે એક પછી એક પેરેગ્રાફની ઉંડાણુમાં ઉતરીને સૂક્ષ્મ-બુદ્ધિથી અવલોકન કરીએ તો આ સંસ્થાના અનિષ્ટતત્ત્વો ઉભરાઈ આવે છે. આથીજ અત્ર વાંચકોએ દરેક પ્રસંગના પેરેગ્રાફ વાંચીને વિચારવું જોઇએ કે જે સંસ્થાના સંચાલકોને પોતાની સંસ્થાનું અસ્તિત્વ ટકાવવું હોય, અને સંસ્થાનો લાભ લેનારા સભ્યોનો આંતરિક આશીર્વાદ પ્રાપ્ત કરવો હોય તો ઘુસી ગયેલા અનિષ્ટ તત્ત્વોનો સદંતર નાશ કરવો જરૂરી છે. એટલુંજ નહીં પણ નાશ કર્યા પછી પુનઃ પુનઃ તે તે અનિષ્ટ-તત્ત્વોનો પ્રવેશ ન થાય તે માટે, પ્રવેશેલા પાપવર્ધક અનિષ્ટો સંસ્થાના દ્રઢીભૂત-પુનિત-પાયાને હચમચાવી ન મુકે તે માટે સંચાલકોએ ખૂબાખૂબ સાવધાની રાખવાની જરૂર છે. ૨૪૭૬ વર્ષ **ઉપરાંતની જૈન શાસન-માન્ય સંસ્થારૂપ ચતુર્વિધ-સંઘની અને તેના મુખ્ય વિભાગ રૂપ શ્રમણ સંઘની સંસ્થામાંથી અનિષ્ટ તત્ત્વોનો સદંતર નાશ કરવાનો અવસર હવે આવી ચુકયો છે.** સઘળા પ્રસંગો વાંચીને તેના ઉપનયને જીવનમાં ઉતારીને દ્રષ્ટાંત તરીકે જેમ ખાદી ધારીઓ કોંગ્રેસના નામને વટાવી રહ્યા છે, તેમ શાસનમાન્ય-સંસ્થાના નામને પૌદ્‌ગલિક લાભોની ખાતર વટાવવાનું હવેથી બંધ કરવું જોઇએ. ઉપરના શાસન-માન્ય-અંવલોકનને અક્ષરશઃ વિવેક પૂર્વક વાંચો-વિચારો અને પરિશીલ ન કરો.

———

૨૦. નાસિક—અધિવેશનની વિષય વિચારિણી સભામાં પરદેશ નિતિની ચોખવટ સંબંધીના ઠરાવ પ્રત્યે પંડિત નેહરૂએ જણાવ્યું હતું કે—"આપણે જો લાભ અને બદલાની આશા રાખી હોત તો આપણે આપણી જે વસ્તુને (આઝાદીને) અતિ કિંમતિ ગણીએ છીએ તેના ભોગે જબરદસ્ત લાભો આપણે મેળવી શકયા હોત."

૨૧. નાસિક ખાતેનાં અધિવેશનમાં સુરતનું પુનરાવર્તન થશે એવું જે કહેવાતું હતું તે થયું નથી.

આ પ્રસંગનામાં શા૦ અવ૦ ઉચિતતા અને કાર્યદક્ષતા એજ સફળતાના મુખ્ય કારણો છે

૨૨. નાસિક-ખાતેના અધિવેશનમાં પંડિત નહેરૂ કહે છે કે-માહરી પસંદગી કરી છે એટલે હું આજે વડો પ્રધાન છું જો તમે મને વડા પ્રધાન તરીકે ઇચ્છતા હો તો તમારે સંપૂર્ણ રીતે મારી નેતાગિરીને અનુસરવાનું છે. જો તમે મને વડા પ્રધાન તરીકે ન ઇચ્છતા હો તો તમે મને સારૂં સારૂં કહો એટલે હું ચાલ્યો જઈશ, હું જરા પણ અચકાઇ નહિ. હું દલીલ પણ નહીં કરૂં, અને બહાર રહીને કોન્ગ્રેસના આદર્શો માટે લડીશ.

૨૩. આચાર્ય કૃપલાણી કહે છે કે—યોગ્ય રાજ્યકારણ વિના રચનાત્મક કાર્ય નિષ્ફળ જાય, અને રચનાત્મક કાર્ય વિનાનું રાજકારણ દેશનો સર્વ નાશ કર્યા વિના ન રહે; માટે ખરી જરૂરી બંન્નેના એકીકરણની છે.

૨૪ જેટલા ભાષાવાર પ્રાંતો થશે તેટલા પાકિસ્તાન થશે, આ સમજનો અભાવ એજ નૈતિક-અધઃપતન છે. વધુમાં હલકા હોદ્દા પર પણ મીટ માંડીને રહેવું તેના જેવું બીજું નૈતિક અધઃપતન કયું ?

૨૫. આવડત વગરનાને સરકારી ખાતાં સોંપવામાં પ્રજાનો મરો થાય છે, કારણ કે ગાંધીની દુકાને કાપડીયા, અને કાપડીયાની દુકાને દાણાવાળાને બેસાડવા જેવું છે.

૨૬. અંકુશની રાજયનીતિને પડતી મુકવાનો સુધારો ઉડી ગયો છે, છતાં સુધારાનો લાભ લઇ એક સભ્યે ટકોર કરી તે સરકારની રાજયનિતિના મુદ્રાલેખ તરીકે વિચારણીય છે—"વધુ ઉગાડો, ઓછું ખાઓ, અને વહેલા મરો."

————

શા૦ અવ૦ આ ટકોરમાં ભૂતકાળમાં વધુ ભૂલો થઈ છે, અને હજુ સુધારવાને બદલે વધુ ભૂલો કરવાની જોગવાઈ છે.

————

અગ્રલેખ મુ. સ. ૨૩-૯-૫૦

૨૭. પ્રમુખે અધિવેશનના કાર્યની સમાપ્તિ અવસરે કરેલા ઠરાવોની અમલ કરીને હીન્દી મહારાષ્ટ્રીય સભાને તેની આગલી કીર્તિએ પહોંચાડવાનો આગ્રહ

કર્યો હતો. આ શબ્દોથી મહાસભાની કીર્તિ અત્યારે જોખમાઇ રહી છે એ ધ્વનિ છે અને આ ધ્વનિની વારંવાર ઉદ્‌ઘોષણા ચાલુ અધિવેશનમાં પણ હતી

૨૮. સરકારની રાજ્યનીતિને મહાસભાની રાજ્યનિતિ ગણી લઇએ, તો તે સામે સખ્ત પ્રહારો થયા છે, છતાં હોદ્દા પરનો પક્ષ તે સામે ટકી શક્યો છે; કારણ કે તેનું સ્થાન લે તેવો બીજો મજબુત પક્ષ નથી.

૨૯. પંડિત નેહરૂએ જે ઠરાવ પાસ કરાવ્યો તેની અથથી ઇતિ સુધીના ભાષણની વિચારણા કરીએ તો "ઘરની મંડળી અને ઘરના સભ્યો" અથવા તો "મોસાળ જમવાનું અને મા પીરસનારી" આ બંન્ને કહેવતો સાચી પડી છે.

૩૦. લઘુમતિ કોમ પ્રત્યે પાકિસ્તાનમાં જે જુલ્મની ઝડીઓ વરસી છે, અને વરસી રહી છે; તે બંધ કરાવવા માટે એક વક્તાએ તો શસ્ત્ર સજવાની હદે જવા સુધીની હિમાયત કરી હતી, આથી એ સવાલ પ્રત્યે (પંડિત નહેરૂએ જે ઠરાવ પાસ કરાવ્યો તે પ્રત્યે) પ્રજાનો એક વર્ગ કેવી દ્રષ્ટિએ જુએ છે તેનો ખ્યાલ આવે છે.

૩૧. બ્રિટન તો અમેરિકાને પગલે પગલે આંધળાની હારની માફક ચાલે છે, એટલે તેને તો કંઈ કહેવાનું હોયજ નહિં.

૩૨. હિંદની સરકાર ભલે "ન કરડે પણ ફુંફાડા પણ નહિં મારે" તો પાકીસ્તાન જરા પણ ગાંઠે તેવો સંભવ નથી.

૩૩. બંન્ને કોરિયાને એકત્ર કરી સ્વાતંત્ર્ય આપવાની સંયુક્ત દેશોના મંડળના અને સલામતિ સમિતિની નીતિ હોવી જોઇએ, અને તે પ્રશ્ન સમિતિમાં ચર્ચાયો; છતાં અમેરિકા મૌન સેવી રહ્યું છે. એટલે અમેરિકાએ એટલે સલામતિ સમિતિ, અને અમેરિકા એટલે યુક્ત દેશોનું મંડળ તથા સર્વસ્વ તે સમજી લેવાની જરૂર છે.

૩૪. પંડિત નેહરૂ કોન્ગ્રેસને દમદાટીથી પરાણે પોતાનું દ્રષ્ટિ બિન્દુ સ્વીકાર કરવાની ફરજ પાડે છે.

૩૫. કોન્ગ્રેસમાં જે રીતે ઠરાવો તૈયાર કરી પસાર કરી નાંખવામાં આવે છે તે હીટલરની પાર્લામેંટને પણ ભુલાવી દે છે. શ્રીરામશર્મા.

૩૬. શાંતિ જાળવવાની વાતમાં હવે એટલી હદ સુધી અતિરેક કરવામાં આવે છે કે યુદ્ધની ઉશ્કેરણી કરતાં પણ શાંતિની વાત વધુ ભયંકર બની છે. શાસ્ત્રી.

૩૭, એક દિવસ ઘરમાં અનાજ બાકી ન હોવાથી ટંડનજી ખાધા વગરજ ધારાસભાની બેઠકમાં ચાલ્યા ગયા, પણ કાળા બજારમાંથી અનાજ ખરીદતાં નથી.

ટંડનજીની સરકારી-કાગદાપાલન નીતિ.

૩૮. ગાંધીજી હંમેશા પોતાની ભૂલોનો જાહેરમાં સ્વીકાર કરતા હતા, અને તે પણ વગર શરતે, તથા વગર સંકોચે; પણ હવે તો કોન્ગ્રેસના સંચાલકોની વાત જુદી છે. મી. શાસ્ત્રી.

---

શા. અવલોકન.

વાંચકોએ યાદ રાખવું જોઇએ કે નં. ૨૦ના ફકરામાં ચીજના ભોગે કિંમત વગરની ચીજો પ્રાપ્ત કરવાની લાલચમાં લલચાઇ જવું નહિં જોઇએ. તેવી રીતે શાસન માન્ય સમકિતની કિંમત સમજનારે કિંમત વગરની સંસાર-વર્ધક-ચીજોના લોભમાં લેવાઈ જવું નહિં. ભૂતકાળમાં બનેલા બનાવોને નજર સન્મુખ રાખીને ડરપોક ન બનવું, પણ અવસર ઉચિત કાર્ય દક્ષતા કેળવીને કાર્ય સિદ્ધિ કરવી; એ નં. ૨૧ના ફકરા ઉપરથી શિક્ષણ લેવાનું છે. સતાના સિંહાસન પર આરૂઢ થયા પછી સત્તાધીશોએ સત્તાની જવાબદારી અને જોખમદારીને વિવેકપૂર્વક વિચારવામાં આવેશને અબજોકોષ દૂર મુકવાની જરૂર છે. સંસ્થાને સંગીન બનાવવાને બદલે વિભાગો કરવાની યોજનાઓનો અમલ કરવા કટીબદ્ધ થવું, તેના કરતાં વિભાગીય-નીતિને દેશવટો દઈને સંસ્થાને સુદ્રઢ બનાવવા માટે જૈન શાસનના સંચાલકોએ નં. ૨૪ ફકરા ઉપરથી બોધપાઠ શીખવાનો છે. આવડત વગરના અધકચરાઓને સ્થાન રદ કર્યા પછી પ્રજાને સોસવું પડે, તેમ ચતુર્વિધસંઘમાં પણ સમજવા જેવું છે. જુઓ નં. ૨૫

કોલસા લાકડાના અભાવમાં જંગલોના જંગલો કાપી નાંખ્યા પછી હવે વૃક્ષો ઉગાડવાની નીતિ શરૂ કરવી એ રાંડયા પછીનું ડહાપણ છે, તેવી રીતે અણુસમજથી અને ઉતાવળીયાં પગલાં ભરવાની નીતિથી પ્રજાને સોસવું પડે છે. જુઓ નં. ૨૬-૨૭.

આ રીતિએ ૨૮ થી ૩૮ સુધીના ફકરાઓ પરથી શાસન-માન્ય-સત્તાધીશોએ શાસનમાં બનતાં બનાવોને, બની ગયેલા બનાવોને, અને સમજુ વ્યક્તિઓની ટીકાઓને; અને ટકોરોને સાંભળવા માટે સર્વદા તૈયાર રહીને શાસન લાભદાયી જીવન જીવવું જરૂરીનું છે.

———

વિદ્યાર્થિઓને મું. સ ૧૩-૯-૫૦
વિ××અને રા××.

૧. વિદ્યાર્થિઓએ રાષ્ટ્રની સૌથી મહાન્ સંપત્તિ છે, અને રાષ્ટ્રના ભાવિ-ગૌરવનો આધાર તેમના પર રહેલો છે.

૨. વિદ્યાર્થીઓમાં સુષુપ્ત રહેલી અગાધ શક્તિઓને ધ્યાનમાં રાખીને વિવિધ-રાજકીય પક્ષોએ તેમને પોતાના હાથા બનાવવા માટે પ્રવૃત્તિઓ આદરી દીધી હતી, અને સઢ તથા સુકાન વગરના વહાણો જેવી મનોદશા અનુભવતા વિદ્યાર્થીઓ આ રાજકીય વાવાઝોડાઓથી અસ્તવ્યસ્ત બની જતા હતા.

૩. વિદ્યાર્થિઓના રાષ્ટ્રીય-સંઘે રાજકારણથી દૂર રહેવાનું જે ધ્યેય રાખ્યું છે, તે સુયોગ્ય છે.

૪. વિદ્યાર્થિઓના સંઘને પંડિત-નેહરૂએ અને જયપ્રકાશ નારાયણે ગયા શુક્રવારે મુંબાઇના બ્રેબોર્ન સ્ટેડીયમમાં જે રાહ દર્શાવ્યો છે, તે અર્થસૂચક છે.

૫. પંડિત નહેરૂ જણાવે છે કે-(૫ થી ૧૦ સુધી ફકરા) વિદ્યાર્થિઓને અમુકજ પક્ષમાં આકર્ષવાની નીતિ ભયજનક છે, કારણકે તેને લીધે વિદ્યાર્થિ પોતાના પક્ષ પ્રત્યેના પક્ષપાતને લીધે સંકુચિત દ્રષ્ટિ ધરાવતો થઈ જાય છે. રાષ્ટ્રના રાજકીય-પ્રવાહોનો વિશાળ દ્રષ્ટિએ અભ્યાસ કરવાનો, તથા જ્ઞાન અને અનુભવ પ્રાપ્ત કરીને પુખ્ત-નાગરિક બનતા રાષ્ટ્રની સેવા કરવા માટે પૂર્ણ તૈયારી કરવાનો સમય છે.

૬. વિદ્યાર્થિઓ શરૂઆતથીજ રાજકીય-પક્ષોના સંકુચિત-વાતાવરણમાં જકડાઈ જાય, તો પછી તેમાંથી જર્મનીમાં બન્યું તેમ નાઝીવાદ તરફ ઘસડાઈ જાય.

૭. વિદ્યાર્થિઓને ચારિત્ર પાલન સાથે શિસ્ત પાલનની પણ એટલીજ જરૂર છે.

૮. આજે નફાખોરી, કાળાંબજાર, અને લાંચ-રૂશ્વત વિગેરે દૂષણોને દફનાવવા ચારિત્ર્યશીલ વ્યક્તિઓની ખાસ આવશ્યકતા છે.

૯. વિદ્યાર્થિઓના રાષ્ટ્રીય સંઘે ગયા ગુરૂવારે મુંબાઇની લૉ કોલેજના સભા ખંડમાં શિસ્તનો જે સંપૂર્ણ અભાવ દર્શાવ્યો હતો, તેની અમે ખેદ પૂર્વક નોંધ લઈએ છીએ.

૧૦. ભારતને નૈતિક-અધઃપતનમાંથી બચાવવા માટે આજે ચારિત્ર્યશીલ વ્યકિતઓની ભારે ખોટ છે, અને આ ખોટ વિદ્યાર્થિઓએ પૂરી કરી આપવાની છે.

૧૧. શ્રી જયપ્રકાશ નારાયણ જણાવે છે કે—વિદ્યાર્થિઓની શક્તિઓ છાશવારે પડતી-હડતાલોમાં, તથા રાજકીય પક્ષોની ખેંચાખેંચીમાં વેડફાઈ ન જાય તે માટે પ્રયાસ કરવામાં આવશે તો આ સંઘે વિદ્યાર્થિઓની અને રાષ્ટ્રની સૌથી મહાન્ સેવા કરી ગણાશે. વિદ્યાર્થિઓ માટે સક્રિય-રાજકારણમાં ઝુકાવવા માટે ભવિષ્યમાં ઘણો સમય છે. પરંતુ આ સક્રિય રાજકારણમાં સફળતા મેળવવા માટે જે જાહેર બાબતોનું જ્ઞાન, વિશાળ દ્રષ્ટિ, તથા અનુભવની જરૂર રહે છે તે પ્રાપ્ત કરવા પર તેમણે (વિદ્યાર્થિઓએ) પોતાનું ધ્યાન કેન્દ્રિત કરવાનું છે.

———

ભારતની સમસ્યાઓ. મું. સ. ૧૭-૯-૫૦

૧. આજના રાજ્ય તંત્રથી દેશની (ભારતની) પ્રજાને સંતોષ છે કે નહિં ?, અને દેશ આઝાદ હોવા છતાં (આઝાદ કહેવાતાં છતાં) આબાદ છે કે નહિં તે વિચારવાનું છે.

૨. આજે ત્રણ વર્ષો થયાં દેશ રાજકીય દૃષ્ટિએ આઝાદ થયો છે, અને કોન્ગ્રેસ સરકાર આજે ત્રણ કરતાં વધુ વર્ષો થયાં સત્તાના સ્થાને છે; છતાં કોન્ગ્રેસ સરકાર જેવો પ્રજાએ ધાર્યો હતો તેવો સંતોષ દેશની પ્રજાને આપી શકી નથી એ હકીકત.

૩. કાશ્મીરનો પ્રશ્ન પણ આંતર રાષ્ટ્રીય બનાવ્યો ન હોત તો આ પ્રશ્ન પણ બીજા દેશી રાજ્યોના પ્રશ્નોની જેમ ક્યારનો પતી ગયો હોત. પાકીસ્તાન સાથેનો આપણો રાજકીય તથા આર્થિક સંબંધ આજે ઉપર ઉપરથી જો સારો જણાય છે, છતાં કાશ્મીરને કારણે આ સંબંધમાં ક્યારે પલટો આવી જાય તે કહી શકાય નહિં.

૪. ભારતને બેથી વધુ વર્ષ થયાં કાશ્મીરના કારણે આર્થિક તથા લશ્કરી દૃષ્ટિએ ઘણું સહન કરવું પડયું છે.

૫. કાશ્મીર રાજ્ય પોતેજ પોતાની ઇચ્છાથી ભારત સાથે જોડાયું છે, તેના સંરક્ષણની જવાબદારી ભારતે ઉપાડી છે અને અવસરે બજાવી છે; એટલે પાકીસ્તાનને આ પ્રશ્નમાં માથું મારવાનું કોઈ કારણ નથી. છતાં તેણે આ પ્રશ્નમાં માથું માર્યું; અને ભારતની સ્પષ્ટ ફરજ તેને કાશ્મીર સ્ટેટમાં દાખલ થતા અટકાવવાનીજ હતી, અને હજુ પણ તેજ છે.

૬. કાશ્મીરના પ્રશ્નને આંતરરાષ્ટ્રિય લવાદી બનાવવાની જરૂર ન હતી, કારણ કે કહેવાની આંતરરાષ્ટ્રિય લવાદી પણ સ્વાર્થ અને સત્તા લાલસામાં રમી રહી છે.

૭. સંયુક્ત રાષ્ટ્રોની પ્રમાણિકતા અને શુભનિષ્ઠા પર જગતભરનો વિશ્વાસ ધીમે ધીમે ઉઠતો જાય છે, અને તેમાં કાશ્મીર અને કોરીયા બંને જગતની આંખો ઉઘાડવા માટે પુરતા છે.

૮. આંતર રાષ્ટ્રીય મોહ છોડી દઈને કોઈની શેહમાં આવ્યા વગર પાકીસ્તાન સાથે સાફ શબ્દોમાં વાત કરવાનો સમય હવે પાકી ગયો છે.

૯ પાકીસ્તાન સાથે ભારતને શત્રુતા નથી, પણ પાકીસ્તાનના ઉઘાડા શત્રુ-ભાવને છુપા શત્રુ ભાવને વધુ વખત વશ થવામાં ભારતનું હિત નથી.

૧૦. પાકીસ્તાનને સાફ કહી દેવાનો અથવા કર્તવ્ય પાલન માટે કોઈ પણ જોખમ ખેડવાનો સમય પાકી ગયો છે.

૧૧. કાશ્મીરના પ્રશ્નનું નિરાકરણ તુરતમાંજ હવે થવું જોઈએ, વધુ વિલંબ અને વધુ સમય ભારતના હિતની વિરૂદ્ધ છે.

**૧૨. જાહેરમાં પશુ વધ પર પ્રતિબંધ**

મું. સ. તા. ૧૭-૯-૫૦ અમદાવાદ જીલ્લાના મેજીસ્ટ્રેટે એક હુકમ બહાર પાડીને બકરીઇદના પ્રસંગે તા. ૨૨-૯ ૫૦ થી તા. ૨૪-૯-૫૦ દરમ્યાન જાહેર સ્થળોએ અથવા શેરીઓમાં ગાય-બળદ-પાડાઓ વિગેરે વધ કરવા પર પ્રતિબંધ મૂકયો છે, અમદાવાદ તા. ૧૩-૯-૫૦

**શા. અવલોકન—**

વિદ્યાર્થિઓને-એ હેડીંગથી શરૂ થતા એક નંબરથી ૧૧ નંબરના ફકરાઓ વાંચીને વિદ્યાર્થિ-અવસ્થામાં વિદ્યા માટે અને આગળ વધીને બહોળા અનુભવની પ્રાપ્તિ માટે ઉદ્યમ કરવાનો છે, તેવી રીતે શાસનમાન્ય-સંસ્થામાં વિદ્યાર્થિ-જીવન જીવનારાઓએ શાસનમાન્ય-શાસ્ત્રાભ્યાસ અને શાસનમાન્ય પુણ્ય પુરૂષોની કાર્યવાહિનો ઉંડો અભ્યાસ કરીને બહોળા અનુભવની વૃદ્ધિકરવી જરૂરીજ છે. અને ભારતની સમસ્યાઓને વિવેક પૂર્વક વિચારીને અસદ્વ્યવહારમાં પણ કેટલીક કાળજી રાખવાની જરૂર છે. કારણકે શાસનમાન્ય-અસદ્વ્યવહારને અને અસદ્વ્યવહારને, વ્યવહારને અને નિશ્ચયને તથા સમરંભ-સમારંભ આરંભના-પ્રકારો સમજીને શ્રમણોપાસકે કેવું જીવન જીવવું તે સમજવાની જરૂર છે એટલુંજ નહિ પણ મંદઆરંભ-તીવ્રારંભ અને નિરારંભને પણ વિવેક પૂર્વક સમજવાની જરૂર છે.

# સાવધાન રહેવાની જરૂર.

સારાંશ સંચયકાર;—સુ૦

"ટ્યુબ લાઇટથી ચેતતા રહેજો!" આ હેડીંગથી એક લેખ મુંબઇ સમાચાર સાપ્તાહિક તા. ૧-૧-૫૦ પેઇજ નં. ૨૧ ઉપર છે. અમારા વાંચકો ગફલતમાં રહીને સ્વજનને જોખમમાં ન મૂકે, તે હેતુથી તે લેખનો સારાંશ અત્ર અપાય છે. આજકાલ મકાનોમાં અને તેથી આગળ વધીને મંદિરોમાં દુધિયો-પ્રકાશ અથવા ચાંદની રાત્રિના-ચંદ્રમા જેવો પ્રકાશ દેખવામાં આવે છે. ઇલેકટ્રીક વીજળી ગોળાનું સ્થાન ટ્યુબ લાઈટસ (પ્રકાશનલિકાઓ) કે જે લાંબી લાકડીઓએ લેવા માંડયું છે. લેખક જણાવે છે કે જ્યાંસુધી તે ટ્યુબ લાઇટ સળગતી ચાલુ રહે ત્યાંસુધી, મરેલા સર્પ જેવી છે, અને લાઇટ આપતી બંધ થાય ત્યારે જીવતા સર્પ જેવી છે એમ હૃદયમાં ધારી રાખવું જરૂરીનું છે. આ પ્રકાશનલિકાઓ સુંદર પ્રકાશ આપે છે, ઓછા ખર્ચના ભોગે વધુ પ્રકાશ આપે છે, અને દેખાવમાં સુંદર હોવાથી, તથા ૮૫૦૦ કલાક સુધી તે ટ્યુબ-લાઈટનું આયુષ્ય હોય છે; તેથી લોકો આકર્ષાય તે સ્વાભાવિક છે; પરંતુ આ ટ્યુબ લાઇટ પાછળ ખતરનાક ગેરલાભ છુપાયેલો છે, તે અત્ર જણાવાય છે. એ તૂટેલી ટ્યુબ-લાઇટનો કાચ કોઇને લાગી જાય તો ઝેરની ગરજ સારવાનું કામ વાગનારને થાય છે. આ એક જબ્બર ગેરલાભ છે, એટલે અજાણતાં તે નલીનો કાચ વાગી જાય તો ઝેર ચઢી જવાનો સંભવ છે. ઝગમગતી આ પ્રકાશનલિકાઓની કાયા પાછળ હળાહળ ઝેર ચોપડવામાં આવે છે, અને તે હવે વિજ્ઞાનથી સિદ્ધ થઇ ચુકયું છે; આથીજ આગ—ખાતાઓના વડાઓના આંતર 'રાષ્ટ્રિય-મંડળ—પરદેશોમાંથી એક ચેતવણી બહાર પણ પડી હતી કે—"આ પ્રકાશનલિકાઓમાં ભયાનક-પ્રકારના ઝેરનું જોખમ રહેલું છે.'

અમેરિકાના સાફસુફી ખાતાએ પોતાના કામદાર વર્ગને ચેતવણી આપી છે કે તૂટેલી પ્રકાશનલિકાઓને અત્યંત સંભાળ પૂર્વક ઉંચકવાની જરૂર છે, નહિંતર જીવનને જોખમમાં મુકશો, અને તેથી નળીઓના ભાંગ્યા તૂટ્યા કકડાઓને એકઠા કરતાં ચામડાના મોજાનો ઉપયોગ કરાય છે. ઝેરી દવા ઉપર ઝેરી અગર પોઇઝન લખીને આપવામાં આવે છે, કે જેથી લેઈ જનાર સાવધ રહે છે, છતાં આવું હળાહળ ઝેર ધરાવતી પ્રકાશ—નલિકાઓ ઉપર કશી ચેતવણી આલેખેલી જોવામાં આવતીજ નથી. આ નલિકાઓનો વધુ વપરાશ અમેરિકામાં છે, અને વધુ અકસ્માતના ભોગો તે થયેલા છે. પ્રકાશનલિકા તૂટવાની સાથે માણસોએ તે કમરામાંથી બહાર નીકળી જવું, કે જેથી રજકણો નીચે પડી જાય; અને ભાંગેલા કાચ ઝાડુની તથા સુપડાની મદદથી દૂર કરવા અને તે જમીન ધોઈ નાંખીને શણથી સાફ કરવી. આ ઉપાયોથીજ આ પ્રકાશનલિકાઓની ભયંકરતા સ્પષ્ટતા થાય છે. આ પ્રકાશનલિકાઓમાં પ્રકાશ આપનારી વસ્તુઓ વપરાય છે, તેમાં મુખ્યત્વે કરીને બૈરેલીયમ નામના પદાર્થના ઝેરી સોલ્ટ વપરાય છે. આ પ્રકાશનલિકાઓ બનાવનારી અમેરિકાની ત્રણ મુખ્ય કંપનીઓ છે, અને હવે તે કંપનીના કાર્યવાહકો આ ઝેરી પદાર્થને બદલે બીજો હાનિકારક પદાર્થ વાપરવા માટેની તૈયારી બતાવે છે, પણ હજુ સુધી સુધારો થયો નથી. બનેલો જથ્થો એટલા મોટા પ્રમાણમાં છે કે તે પ્રકાશનલિકાઓનું વેચાણ હજુ સુધી વર્ષોના વર્ષો સુધી નસે એમ છે, માટે આ ટ્યુબ લાઇટથી સાવધ રહેવાની જરૂર છે. આ પ્રકાશનલિકાઓને સ્પર્શન-કરનારા નાના મોટા જંતુઓ નાશ પામે છે. છતાં દેવાધિદેવના મંદિરમાં પણ આ પ્રકાશનલિકાઓનો વપરાશ કુદકે ભુસકે વૃદ્ધિ પામ્યો છે તે વહીવટદારો માટે ખૂબ વિચારણીય પ્રશ્ન છે.

**નિર્મળ ઘીના દીપકનો યત્નાપૂર્વકનો વપરાશ દેવાધિદેવના મંદિરમાં નિર્મળ વાતાવરણ સર્જી શકે છે, અને આ પ્રકાશનલિકાઓ ઝેરી અને જંતુવિનાશક વાતાવરણ સર્જી શકે છે; છતાં મંદિરના વહીવટદારોથી તે સુધારો થઇ શકતો નથી, તે આશ્ચર્યજનક છે !!!**

# ભેટ આપનારાઓની મુબારક-નામાવલી.

રૂ. ૫૧) શ્રી વિરમગામના સંઘ તરફથી
હ. શ્રી ચન્દ્રકાન્તસાગરજીના સદુપદેશથી

રૂ. ૩૯) શ્રી વેજલપુરના (ભરૂચના) શ્રીજૈન-સંઘ તરફથી—
હ. શ્રી સુજ્ઞાનશ્રીજીના સદુપદેશથી

રૂ. ૩૧) શ્રી વડોદરા-જાની શેરીના ઉપાશ્રય તરફથી
હ. વહીવટદાર શા. રમણલાલ ચંદુલાલ

રૂ. ૨૫) શ્રીકરજન-સંઘ તરફથી
હ. શ્રી ચન્દ્રસાગરજીના સદુપદેશથી

રૂ. ૨૫) શ્રી ઇન્દોર જૈન-સંઘ તરફથી
હ. શ્રી મનહરશ્રીજીના સદુપદેશથી

રૂ. ૨૫) શ્રી રામપુરા-ભંકોડા શ્રીજૈન સંઘ-તરફથી
હ રંજનશ્રીના સદુપદેશથી

રૂ. ૨૫) શ્રી વેજલપુર-ગોધરા શ્રી જૈન સંઘ તરફથી
હ. શ્રી સુરેન્દ્રસાગરજીના સદુપદેશથી

રૂ. ૨૫) શ્રી ઉજ્જન જૈન સંઘ તરફથી
હ. શ્રી ઋષભદેવજી છગનીરામજીની પેઢી

રૂ. ૫૧) શ્રી ડભોઇ સંઘ તરફથી
હ. વહીવટદાર ફકીરભાઇ

રૂ. ૧૫) શ્રી દેવાસ-સંઘ તરફથી
હ. શ્રી ફલ્ગુશ્રીના સદુપદેશથી

રૂ. ૧૦) શ્રી કપડવંજ સંઘ તરફથી
હ. વિજયકુમુદસૂરિજીના સદુપદેશથી

રૂ. ૨૦) શ્રી કપડવંજ પંચના ઉપાશ્રય તરફથી
હ. મુનિશ્રી ચિદાનંદસાગરના સદુપદેશથી

રૂ. ૧૦) શ્રી ગોધરા સંઘ તરફથી
હ. શ્રી અમરેન્દ્રસાગરજીના સદુપદેશથી

———

કુલ-રૂ. ૩૫૨)

**તા. ક:**—ચાલુ વર્ષમાં આ માસિકના વડોદરા અને ડભોઇ મુકામે નવીન ગ્રાહકો લગભગ ૪૦) ચાલીસ ઉપરાંતની સંખ્યામાં નામ નોંધાયા છે, એજ શાસન માટે આ માસિક અતિ આવશ્યકનું છે એમ સાક્ષિ પુરે છે; વાંચકોને નવીન-ગ્રાહકોના નામ વધારવની અને વધારીને તુરતમાં નામ-ઠેકાણું લખીને મોકલવા ખાસ આગ્રહભરી વિનંતિ છે. **લિ૦ તન્ત્રી.**

# અનુમોદનીય-આરાધન-પ્રસંગો.

**વડોદરા**—મુકામે પૂ. પન્યાસ પ્રવર-શ્રીચન્દ્રસાગરજી આદિઠાણા ૮ સાથે ગુરૂકુળ . સંઘની પર્યુષણ પર્વતની આરાધના સારી રીતે, અને કોઇપણ વિઘ્ન વગર પુરી થઇ છે. અને તેમાં લગભગ બારથી તેર અઠ્ઠાઇઓ, તથા બે અગીઆર ઉપવાસની અને મોટા પ્રમાણમાં અઠ્ઠમ-છઠ્ઠની તપસ્યા થઈ હતી સંવત્સરીના દીવસે પરૂષોમાં લગભગ બસો જેટલા પોસહ થયા હતા અને પોસહ-કરવાવાલાને પ્રભાવના શેઠ કેસરીમલ હીરાચંદ તરફથી રૂપીઓ તથા શ્રીફલની થઇ હતી. શ્રી અક્ષયનિધિનો વરઘોડો ભાદરવા સુદ ૧૦ ના દિવસે શ્રી સંઘ તરફથી મોટી ધામધુમથી કાઢવામાં આવ્યો હતો તેમજ અક્ષય-નિધિ તપની આરાધનામાં લગભગ પચ્ચીસ જેટલા પુરૂષો તથા સો જેટલી સ્ત્રીઓએ આરાધનનો લાભ લીધો હતો. અને ચોસઠ પહોરી પોસહ પુરૂષોમાં થયા હતા અને તેઓની એકાસન કરાવવાનો પ્રબંધ ઉદાર-ચરિત-ગૃહસ્થે તરફથી શ્રીજૈન—ભોજન—શાળામાં કરવામાં આવ્યો હતો.

સંવત્સરીના દિવસે, તેમજ તે પછીના બીજા દિવસોમાં વડોદરા શહેરનાં અભૂત પૂર્વ સોલ મોટા દહેરાસરોના, તથા સોલ ઘર-દહેરાસરોની શહેર જાત્રા પુરી કરવામાં આવી હતી, અને તેમાં ઘણા ભાઈઓ તથા બહેનોએ લાભ લીધો હતો; તથા પ્રભાવના પણ ઘણા ભાઇઓ તરફથી થયેલી હતી. પર્યુષણમાં સુપનના બોલી તથા પારણા આદીની બોલી સારા પ્રમાણમાં બોલાઈ હતી, અને ઉપજ લગભગ રૂા. ૧૦૦૦) ની ઉપજ સારી થઇ હતી જીવદયા, વર્ધમાન તપ આમબીલ ખાતા, તથા શ્રી જૈન ભોજન શાળાની ટીપો કરવામાં આવી હતી તેમાં પણ સારી રકમો ભરાઇ છે. આ પર્યુષણ પર્વમાં મુંગા જાનવરોને અભયદાન અપાવવામાં આવ્યું છે.

શ્રી જૈન ભોજનશાળામાં તીથી દીઠ રૂા ૧૧) અગીયાર રૂપીઆ લેવામાં આવે છે, અને જે દિવસે જે ગૃહસ્થના તરફથી હોય છે તેઓનું નામ બોર્ડ ઉપર લખવામાં આવે છે. સદર સંસ્થા ઘણી ઉપયોગી છે, અને જૈન ધર્મના સિદ્ધાંત મુજબ કંદમુળ આદીથી આપણા ભાઈઓ બચી શકે છે. અત્ર ત્રણ દહેરાસરોનો જીર્ણોદ્ધાર ચાલુ છે ;તેમાં પણ પૈસાની જરૂર છે. તો તેમાં પણ યથા શકતી ફાલો આપવો જોઈએ.

આયંબીલ ખાતામાં દરેક છુટક તિથિના રૂા ૫) અને અષ્ટમી-ચૌદશ વિગેરે પર્વ તિથિના રૂા. ૭) લઇને દેનાર ધણી તરફથી કરાવવામાં આવે છે.

પૂ. પન્યાસ-પ્રવરશ્રીજીને અને તેઓશ્રીના શિષ્ય-પ્રશિષ્યાદિપરિવારમાં વર્ષીતપ ચાલુ હોવાથી વર્ષીતપના પારણા નિમિત્તે ભેટ આપવા સારૂ છઠ્ઠું અંગ શ્રી જ્ઞાતા સૂત્ર છપાવવાનો ઉદારચિત દાનવીર ગૃહસ્થોએ નિર્ધાર કર્યો છે, અને તે સારૂ સારી રકમ એકઠી કરીને સમ્યક જ્ઞાનની આરાધના કરીને તેઓએ પુણ્યાનુબંધિ પુણ્ય હાંસલ કર્યું છે

**સુરત** મુકામે પૂ. પન્યાસ પ્રવરશ્રી ચન્દ્રસાગરજીના પરમ વિનેય પં. શ્રી દેવેન્દ્રસાગરજીની અધ્યાક્ષતામાં શ્રી સુરત મુકામે અને પરમ વિનેય મુનિશ્રી ધર્મસાગ-રજીની અધ્યાક્ષતામાં શ્રી પાલીતાણા મુકામે ઉપધાન કરાવવાનું નક્કી થયું છે. સુરત મુકામે ૩૦૦) ત્રણસો લગભગ અને પાલીતાણા મુકામે આઠસો લગભગ ભાઈ બ્હેનો ઉપધાનની આરાધનામાં પ્રવેશ કરનાર છે.

## વન્દનાર્થે આગમન અને ચાતુર્માસની વિનંતી.

પૂ. પન્યાસ પ્રવરશ્રી ચન્દ્રસાગરજીના વન્દનાર્થે ઉજ્જન-મહિદપુર-મુકામેથી આગેવાનો વિગેરે ૧૮ માણસો આવ્યા હતા. અને શ્રીફળની પ્રભાવના કરી હતી. તેવીજ રીતે ઇન્દોર અને શીરપુર પશ્ચિમ ખાનદેશથી આગેવાન શ્રવકો વન્દનાર્થે આવ્યા હતા. ઇન્દોરના આગેવાનોએ અને ઉજ્જનના આગેવાનોએ આવતા ચાતુર્માસ માટે આગ્રહ ભરી વિનંતિ કરી હતી, કારણ કે પશ્ચિમ ખાનદેશ મુકામે ઇન્દોરના આગેવાનોએ ચાતુર્માસનો નિર્ણય કરાવીને જય બોલાવી ગયા હતા પરંતુ પૂ. ગુરૂદેવની તબીયત વધુ નરમ થવાથી તે ચાતુર્માસ કરવાનું બંધ રાખીને પૂ. ગુરૂદેવની તબીયતના કારણે વિહાર કરીને લગભગ બે વર્ષ સુધી સુરત રહેવાનું થયું હતું.

## નવીન-પ્રકાશન.

'એન્સાઇકલોપિડિયા બ્રિટેનિકા' નામનો ગ્રંથ કે જેની સુધારા વધારા સાથે ચૌદ આવૃત્તિઓ થઇ ગઈ છે, દોઢસો વર્ષમાં ચાર વર્ષે એક વખત એમ સુધારા વધારા વગર તો ૩૫-પાંત્રીસ વખત ગ્રંથ છપાયો છે. દરેક આવૃત્તિમાં ઓછામાં ઓછી દશ લાખથી માંડીને પચાસ લાખ નકલો બહાર પડે છે તે ગ્રંથના ત્રીસ-વોલ્યુમો (ત્રીસ વિભાગો) છે અને દરેક વોલ્યુમમાં એક હજાર પૃષ્ઠો છે. એટલે ત્રીસ હજાર પાનાનો ત્રીસ વોલ્મોનો એક સેટ તે એક ગ્રંથ છે. આવીજ રીતે "જૈન જ્ઞાન મહોદધિ" નામનું પુસ્તક તેટલા કદમાં એટલે ત્રીસ હજાર પૃષ્ઠોનું ત્રીસ વિભાગમાં બહાર પાડવાની તૈયારી ચાલે છે જેની અંદર જૈન ધર્મ સંબંધી જે જે માહિતીઓ પછી ભલે ઇતિહાસ સંબંધી, ભૂગોળ સંબંધી, આગમ શાસ્ત્રો સંબંધી, પારિભાષિક શબ્દો સંબંધી, કથાઓ સંબંધી; વિગેરે વિગેરે ઘણું આવશે એમ તેના લેખક ડો. ત્રિભુવનદાસ લહેરચંદ જણાવે છે.

# સુધા-વર્ષા.

શ્રી કૈલાસસાગરસૂરિ જ્ઞાનમંદિર શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર કોબા (ગાંધીનગર) પિ ૩૮૨૦૦૯

આલેખનકારઃ—પૂ. પંન્યાસ-પ્રવર-શ્રીચન્દ્રસાગરજી-ગણીન્દ્ર મહારાજ.

૮૬૯. મતભેદની મમતામાં બદ્ધાગ્રહિ-આત્માઓ સામા મનુષ્યને (પોતાનાથી વિરૂદ્ધ-પક્ષના માણુસને) સત્યસ્વરૂપે પરખી શકતા નથી.

૮૭૦. વિરૂદ્ધ-પક્ષના માણુસને સત્યસ્વરૂપે પરખવામાં મમતાળ દ્રષ્ટિ એ અંતરાયભૂત છે.

૮૭૧. પોતાની મતિ-કલ્પનાવડે અને પોતાના અનુભવ-પ્રમાણુના અનુમાન વડે જે કાંઈ ગ્રહણુ કરીને નિશ્ચયરૂપે સ્વીકાર કરીએ છીએ, તે ભાવિજીવનમાં કેવું અહિતકર નીવડે છે, અને તે માટે ગોશાળાનું દ્રષ્ટાંત તે સંબંધને બંધ બેસતું છે.

૮૭૨. કોઇપણુ ધાર્મિક-ક્ષેત્રમાં આર્થિક-સંપત્તિ ખરચીને ખર્ચનારને વાસ્તવિક-અનુમોદન નથી, તો ખરચેલી રકમ એળે ગઇ એટલે શાસન માન્ય વાસ્તવિક લાભ પામી શકાતો નથી; કારણુકે ખરચેલી રકમનું અનુમોદન નથી, પણુ આપવા ધારી હતી તેમાંથી જેટલી રકમ બચી ગઇ છે; તેનો પારાવાર સંતોષ છે.

૮૭૩. શાહુકાર શાહુકારીની કિંમત સમજતો હોય તો પોતાને ત્યાં બીજાની રકમ જમે માંડતા ગભરાય, તેમ તમે કર્મનું દેવું કરતાં એટલે કર્મ રાજા પાસેથી રકમો લાવીને જમે માંડતા ગભરાતા નથી; એજ તમારા માટે ખેદનો વિષય છે.

૮૭૪. શ્રમણુ-ભગવંતોને સુખશાતા પુછનારાઓએ, અને "ભાત પાણીનો લાભ દેજોજી" એવી વિનંતિ કરનારાઓએ સમજવું જોઈએ કે-"મારી પાસે જે કાંઇ છે (એટલે ધન-માલ-મિલ્કત પુત્ર-પરિવાર સ્થાવર-જંગમ મીલ્કત જે કાંઇ છે) તે સર્વની શાસન માટે જ્યારે જ્યારે જરૂર જણાય, ત્યારે ત્યારે મને જરૂર લાભ આપશોજી" આ આંતરિક-ભાવનાથી શ્રમણોપાસક સર્વદા ભાવિત હોવો જોઇએ.

૮૭૫. શાહુકારનો માલ ચોરાઇ જાય, અને ચોરાયો માલ પાછો મળી જાય, ત્યારે શાહુકાર રાજી થાય છે; પરંતુ સરકાર તેથી રાજી થતી નથી, કારણુકે ચોર નથી પકડાયો ત્યાં સુધી પ્રસંગે બીજો કોઇ શાહુકાર લુંટાઇ જશે તેની ફિકર સરકારને છે; તેવી રીતે સુખના સાધનો અને સામગ્રીઓ જતી રહે રફે દફે થઇ જાય અગર લુંટાઇ જાય તેની ફિકર રાખવા કરતાં, વારંવાર લુંટનાર કોણુ છે ?, તે દેખાડવાનું કામ શાસ્રકાર કરે છે.

**આથીજ તિજય-વિજય-चक्क-सिद्धचक्कं नमामि ।** આ પદનું ઉચ્ચારણુ કરાય છે. માટે વાંચકે **શ્રી સિદ્ધચક્રને ભાવથી નમસ્કાર કરવો ઉચિત છે.** વિશેષમાં આ સિદ્ધચક્ર-માસિકનું નામ પણુ શાસન માન્ય સિદ્ધચક્રને અનુસરીને રાખ્યું છે, અને ભાવિકાળમાં આ માસિક દ્વારાએ નવ-પદોની આરાધના માટે, વિરાધનમાંથી બચવા માટે, અને નવપદોનું પરમાર્થ પામીને વાંચકો અવિચળ કલ્યાણુ સાધી શકે તેની સર્વ સામગ્રીઓ આલેખનદ્વારાએ વાંચકોને સામગ્રી પીરસવાનો ભાવ સમિતિના કાર્યવાહકો રાખે છે.

# શ્રી સિદ્ધચક્ર.

વર્ષ-૧૭-અંક-૨ જો. કાર્તિક-માસ. તા. ૧૭-૧૧-૫૦.


ॐ नमः सिद्धचक्राय, शाश्वतानन्ददायिने ।
सर्वमन्त्रेष्वयं मन्त्रोऽचिन्त्यचिन्तामणीयते ॥ १ ॥ आ० बो० मङ्गलम् ॥

**ભાવાર્થ:**—સર્વ-મન્ત્રોને વિષે આ મન્ત્ર અચિન્ત્ય-ચિન્તામણિની જેમ આચરણ કરે છે, માટે શાશ્વત-આનન્દને દેનારા શ્રીસિદ્ધચક્રને નમસ્કાર થાઓ. —સુધાવર્ષી.


આ. શ્રીકૈલાસસાગરસૂરિ
શ્રીમહાવીર જૈન આરાધના
(ગાંધીનગર)


## પવિત્ર-પર્વોનો પ્રારમ્ભ.

આલેખનકારઃ—પૂ.-પંન્યાસ-પ્રવર-શ્રીચન્દ્રસાગરજી ગણીન્દ્રમ-હારાજશ્રી.

આશ્વિનપૂર્ણિમા એટલે શાશ્વત-આરાધનાનો અંતિમ-દિવસ, શ્રીસિદ્ધચક્ર-માસિક અને તેની વ્યવસ્થાપક-સમિતિનો જન્મ દિવસ; અને અનાદિકાળના સંગ્રહિત કરેલાં કઠોર કર્મોને નાશ કરવાના અમોઘ-સાધનાભૂત શ્રીતપોધર્મની આરાધનાનો પણ અનુપમ દિવસ હતો, અને છે. આ શુભ દિવસે શાસન-માન્ય-શાશ્વત-આરાધના રૂપ આ મહાપર્વની સમાપ્તિ થવાની સાથે, આ માસિકે સત્તરમા વર્ષનો પ્રારંભ કરીને પુણ્ય તત્ત્વની માન્યતા વધુ પગભર બનાવવાને અમોઘ-દેશનાદિ યોગ્ય વાંચન આ ચાલુ વર્ષના પ્રથમ અંકમાં આપેલું છે.

આ વર્ષનો બીજો અંક પ્રાપ્ત થશે, તે પહેલાં શાસનમાન્ય-ત્રણ પવિત્ર-પર્વોની આરાધના-આરાધકોએ કરી હશે?, માટે તે સબંધી કંઈક દિગ્દર્શન આપીને પર્વોની આરાધના પ્રત્યે વધુ આદરપૂર્વક વીર્યોલ્લાસ અનુમોદનાદિ વધે તે હેતુથી આ લેખ લખાય છે. આશ્વિનમાસની પરિસમાપ્તિમાં એટલે અમાવાસ્યાએ વિશ્વવન્દ્ય—શ્રીવર્દ્ધમાન વિભુનું નિર્વાણ કલ્યાણક, કાર્તિક-શુક્લા પ્રતિપદાએ (પડવાએ) અક્ષીણ-મહાનસલબ્ધિનિધાન-પ્રથમ-ગણધર-શ્રીગૌતમ પ્રભુને કેવળજ્ઞાન કલ્યાણક, અને કાર્તિક-શુક્લ પંચમીએ જ્ઞાનપંચમી આવે છે. આ ત્રણ પર્વને અનુક્રમે દિવાળી, ગૌતમ-પડવો, અને સૌભાગ્ય પંચમીને પણ શ્રુતપંચમીથી પણ બહોળો સમુદાય પિછાણે છે, અને આદરે છે. વાંચકોએ યાદ રાખવું


[ વધુ માટે જુવો ટાઈટલ પેજ ૨ જો. ]



વી. સં. ૨૪૭૭.
વિ. સં. ૨૦૦૭.
ઈ. સ. ૧૯૫૦.

પ્રકાશિકા—
શ્રીસિદ્ધચક્ર-સાહિત્ય-પ્રચારક-સમિતિ,
તન્ત્રી—પાનાચંદ રૂપચંદ ઝવેરી.
૨૨૪. શેખમેમણ સ્ટ્રીટ—મુંબઈ, નં. ૨.

વાર્ષિક-લવાજમ.
રૂ. ૩-૦-૦.
છુટક નકલ એકના—
રૂ. ૦—૪—૬

[ ટાઈટલ ૧ લા પેજથી ચાલુ ]

જોઇએ કે શાસનમાન્ય પર્વ-તહેવારો એ ત્યાગમાર્ગને અનુસરતી આરાધનાને પુષ્ટિ કરનારા અમોઘ દિવસો છે, પરંતુ લૌકિકપર્વની જેમ ભોગ-ભોગી અને ભોગના સાધનમાં ઉંડા ઉતરીને જીવનને બરબાદ કરવાના એ અવસરો નથીજ.

નિર્વાણ-પદ પામનારા શ્રી વીરવિભુના પુનિતપથે ચાલીને, જૈન કૂળમાં જન્મીને, ચતુર્વિધ-સંઘની દરેક વ્યક્તિએ મરણ પામવાની અમોઘ કળા પ્રાપ્ત કરવાની છે, એટલે મરણના ભયની ગભરામણથી વિમુક્ત બનીને "पुनरपि जनम पुनरपि मरणं" એ ન્યાયને તિલાંજલિ આપવા કટિબદ્ધ થવાની અનિવાર્ય જરૂર છે. મરણનો ભય ટાળવા માટે હું વારંવાર જન્મુ છું કેમ ?, અને મ્હારો જન્મ વારંવાર ન થાય તેવું શિક્ષણ જૈનકૂળમાં જન્મીને પામી જવાય. તો સમજવું જોઇએ કે અલ્પકાળમાં સર્વદા મરણનો ભય ટાળી શકવા; આ આત્મા ભાગ્યશાળી થશે. મોક્ષકલ્યાણક એટલે મરણ પામ્યા પછી હવે જન્મવાનું નથી, એટલે સર્વથા-સર્વદા દુઃખદાયક જન્માદિ દુઃખો પામવાનું બંધ થઈ ગયું, તેનું નામ મોક્ષ છે. દરેક જીવો મરણની ગભરામણમાં અનંતી વખત મર્યા, હવે એ મરણની, ગભરામણ ટાળવી હોય તો દરેક જીવોએ જન્મની ગભરામણવાળા થવાની જરૂર છે, અને વારંવાર જન્મ ન થાય તેવાં કર્મ બાંધવાની તાલાવેલીમાંથી મુક્ત થવા માટે આત્મિક-દિવાલિ ઉજવવા ઉજમાળ થશો; તો જરૂર આ પર્વના પરમાર્થને પિછાણ્યો કહેવાશે.

વ્યક્તિ સ્નેહના વિશિષ્ટ-બંધનમાં બંધાયેલા પ્રથમ-ગણધર-ભગવન્ત શ્રીગૌતમસ્વામિને કેવળજ્ઞાન ન થયું, આ ઉપરથી કામ-ભોગની વાસનાથી વિરામ પામેલા, તદ્ભવ મોક્ષગામિ જીવને યત્કિંચિત્-શાસન-માન્ય વ્યક્તિ પ્રત્યેનો રાગ પણ પ્રાપ્ત કરવા લાયક કેવળજ્ઞાનને રોકી શકે છે, તો શ્રી ગૌતમ-પડવાની આરાધના કરનારાઓએ કામ-ભોગની વાસનાઓ સંબંધિતા, તત્સંબંધિ સાધન સામગ્રી-સંયોગમાં આત્મ-ઘાતક-રાગરંગમાં રંગાઇ ગયેલાઓએ, અને હિતનાશક-રાગ-બંધનમાં બંધાઈ ગયેલાઓએ આ આરાધના-દ્વારાએ વિનાશિપદાર્થ પ્રત્યેનો રાગ ભવભ્રમણ કરાવનાર છે, અને જયારે જયારે રાગ થયો કે પાપબંધનમાં હું બંધાઈ ગયો એમ અરેકારપૂર્વક માનતાં શીખો.

હવે ત્રીજા પર્વનું નામ જ્ઞાનપંચમી છે, પરંતુ જ્ઞાન શબ્દથી શ્રુતજ્ઞાનની લેવડ દેવડ થઈ શકે છે, પણ બાકીના ચાર જ્ઞાનની થતીજ નથી; અને તેથીજ જ્ઞાનપંચમીને શ્રુતપંચમી પણ કહેવામાં લેશભર વાંધો નથી. આ શ્રુતપંચમીની આરાધના એટલે શ્રુતજ્ઞાનિયોની, તેઓના શ્રુતજ્ઞાન ગુણની અને શ્રુતજ્ઞાન પામવા ટકાવવા વિગેરેની સકલ-સામગ્રીની આરાધના કરવી તેનું નામ **શ્રુતપંચમી** છે. આ આરાધનાથી દૌર્ભાગ્યને દેશવટો દઈ શકાય છે, અને સૌભાગ્યનામ-કર્મ વધુને વધુ ઉજવલ અને બલવત્તર બનાવાય છે. અને સર્વત્ર એટલે આ ભવમાં કે પર ભવમાં સર્વકાલે સર્વજન સમુદાયને તે આરાધકનું માનસિક-વાચિક-કાયિક-જીવન લાભદાયિ નીવડે છે, માટે તેનું ત્રીજું નામ **સૌભાગ્ય પંચમી છે.**

જિનેશ્વરોની વાણીનો સાક્ષાત્કાર કરાવનારી જિનવાણીની સ્થાપના રૂપ હસ્તલિખિત તાડપત્રીઓ, હસ્તલિખિત-પ્રતિઓજ આ કાળમાં ભવ્યાત્માઓને આધાર રૂપ છે. જ્ઞાનભંડાર-જ્ઞાનમંદિર આદિના કાર્ય-વાહકોએ પોતાના સ્થાનમાં રહેલા ગ્રંથોને સૂર્યના તડકાનું સ્પર્શન કરાવવા વિગેરે સાચવણીની રીત આ સમિતિ તરફથી પ્રકાશિત થયેલ ગ્રંથ શ્રી સિદ્ધહેમચન્દ્ર-શબ્દાનુશાસનના પ્રથમ વિભાગની શાસ્ત્ર-પ્રસ્તાવનામાં સાહિત્ય-સંરક્ષણ આદિ પેરેગ્રાફોનું પરિશીલન કરવું આવશ્યક છે.

---

સુધારો—ગતાંકમાં ભેટ આપનારાઓની મુબારક-નામાવલી વર્ષ-૧૭-અંક-૧ લો પૃ-૧૬ ઉપર છે. તેમાં રૂા. ૫૧) શ્રી ડભોઈ સંઘ તરફથી હ. વહીવટદાર ફકીરભાઈ છે.

તેને બદલે હવે —

રૂા. ૫૧) શા. ત્રીકમલાલ મોતીલાલ તરફથી ભેટ આવ્યા છે એમ સુધારીને વાંચવું.

વર્ષ-૧૬-અંક ૧૦, પૃ ૨૦૮, કોલમ-બીજી, પંક્તિ-૫માં "નાગ નાગણી જો કે" છપાયેલ છે, તેને બદલે 'નાગ જો કે" એમ સુધારીને વાંચવું.

# આગમોદ્ધારકની અમોઘ-દેશના.

### રૂપી-અદ્રશ્ય-પદાર્થોનું કારણ કર્મ.

આ વસ્તુ સંબંધમાં જે વાત કરું છું, તે આસ્તિકતાની લાઇનથી શરૂ કરીને; પણ સમકીતની વાત છેટી છે. તેમાં જતાં એટલે સમકીતની વાતમાં ઉતરીએ ત્યારે તો દુનિયાદારીના લાભ-નુકશાન-ઉત્તમકૂળ અધમકૂળ એ બધાનો વિચાર કરવાનો નથી, પરંતુ તે વખતે તો આત્માના સ્વરૂપનોજ વિચાર કરવાનો છે. યાદ રાખો કે જે દ્રશ્ય વસ્તુથી અને અનુમાનથી લેવાતાં અદ્રશ્ય ધર્મ-પુણ્યાદિનો વિચાર નહીં કરે તે અદ્રશ્ય-અરૂપી સમ્યક્ત્વાદિનો વિચાર શું કરશે ?, કર્મ અદ્રશ્ય છતાં રૂપી તેનો જે વિચાર નહીં કરી શકે, તે કેવળ અદ્રશ્ય આત્મા અને તેના ગુણો તેનો વિચાર કરશેજ કયાંથી ? અદ્રશ્ય-પદાર્થના વિચાર મુશ્કેલ છે, તેને ધ્યેય સાધ્યબિન્દુ તરીકેનો વિચાર રાખી શકેજ કયાંથી ?, માટે કર્મ દ્રશ્યને તથા રૂપી કર્મને સમજાવવાના કારણો સમજાવવાની અત્ર જરૂર છે. જીવન અગર મરણ બધી દ્રશ્ય વસ્તુ મૂર્તિમાન દેખીને, તેના અદ્રશ્ય કર્મને સમજતાં શીખો, પછી અદ્રશ્ય કારણો કોણ છે, અને શું કરે છે ? તેનું સ્વરૂપ સમજશો, ત્યારે સમ્યકત્વનો વિચાર કરવો પડશે. દ્રશ્ય બનાવોનું કોઇ ગેબી અદ્રશ્ય એવું કારણ છે તેનું નામ કર્મ છે.

### પુણ્યના ત્રણ પ્રકારો કરણીય નથી.

તેને અંગે જે એક વકીલે પુછયું હતું કે બનતા બનાવોમાં કારણ કોણ છે ? તે કર્મ લેવાનું છે. જેમ ચાર પ્રકારના પદાર્થ તેમ કર્મને અંગે પણ ચાર પ્રકાર છે. કોઇ કર્મ ઉદયમાં સારૂં અને પરિણામે ખરાબ, કોઈ કર્મ ઉદયે સારૂં ને પરિણામે સારૂં, કોઇ ઉદયે ખરાબ ને પરિણામે પણ ખરાબ, અને કોઇ ઉદયે ખરાબ અને પરિણામે સારૂં; એમ આ ચાર પ્રકારના કર્મ છે. હવે ચાર પ્રકારના કર્મ સાંભળ્યાં છતાં કયા પ્રકારે કયું કર્મ બંધાય છે, તે સમજવું સહેલું નથી. શું કરવાથી કયું કર્મ બંધાય છે ?, તે સમજવું મુશ્કેલ છે. સન્યાસી બાવાઓ રાજ્ય માટે સ્વર્ગ દેવાંગના ઋદ્ધિ કુટુંબાદિક માટે પંચાગ્નિ તપ કરે છે. નિયાણું કરી તપસ્યા અને ધર્મના નામને બગાડી તેઓ તે કરે છે આવા જીવો બીજે ભવે ઋદ્ધિ-સમૃદ્ધિ બધું પામે, પણ એક વાત ધ્યાનમાં રાખો. જેમ પુન્ય વધે તેમ જોડેની મમતા પણ વધે છે, અને તેના પરિણામે બીજે ભવે તેઓ મમત્વને લીધે ત્યાગ માર્ગે જઇ શકે નહિં. મમત્વને લીધે વાસુદેવોને મરીને નરકે જવું પડે છે. તેમ એ પાપાનુબંધી પુન્યના ઉદયવાળા ઋદ્ધિ સમૃદ્ધિ મેળવે, પણ ધરમના દરવાજા ન દેખે, તેવાઓ મરી નરકે જાય; તે પાપાનુબંધી પુન્ય છે. અત્યારે પુન્ય છે, પણ પાપ બંધાવશે. તેમ અત્યારે જેણે પહેલા ભવમાં અંતરાયના ઉદયથી ધન ધાન્ય ન હોય ધર્મ સંભાળીને પોતે દાનાદિ તરફ પ્રવર્તનારો હોય એવો જીવ સદ્ગતિ મેળવે છે. અત્યારે છે પાપનો ઉદય છે. છતાં તે પાપના ઉદયમાં ધર્મને યોગ્ય પરિણામ કરીને સદ્ગતિ મેળવી; તેનું નામ પુન્યાનુબંધી પાપ હવે પાપાનુબંધી પાપ કેમ ? એક પહેલે ભવે અંતરાય બાંધ્યો હોય, તો આ ભવમાં દરિદ્રી થાય; છતાં પણ ફરી પાપમાં પ્રવર્તે છે. તેઓ પરિણામમાં દુર્ગતિ મેળવે છે. તે પાપાનુબંધી પાપ. આ ત્રણ વાતો માત્ર સમજવાની છે પણ એકે આદરણીય નથી.

### પુન્યાનુબન્ધિ-પુણ્યની મહત્તા.

એ ત્રણેના કારણો કરણીય નહિં, પણ એકજ કરણીય છે; કે જેનું નામ પુન્યાનુબંધી પુન્ય છે. પુન્ય બાંધ્યું હોય, અને ફેર બંધાવે તેવું પુન્ય તેનું નામ પુણ્યાનુબંધિ પુણ્ય. વાત તો ઘણી સારી છે, પણ ઉંદરડાની જાત ભેળી થઇને પંચાત કે નિર્ણય કર્યો કે બીલાડીને ગળે ટોકરી બાંધી દો. નિર્ણય સારો પણ કર્યો કેઉંદર જઈ ટોકરી બાંધે ?, એ ઠરાવ કાગળીયા ઉપર શોભે, પણ રચનામાં નહિં આવે. તેમ આવતા ભવે પુન્ય ઉદય થાય, તેને પણ સાધનાદિ એવા મળે કે પુન્યનો ઉદય કરે આ વાત કાગળીયાને બોલવામાંજ શોભે, કારણ કે આવતો ભવ હાથમા નહિં, અને તમારે તો આવતાંનો આવતો ભવ સારો લેવો છે. શી રીતે બને ? વાત ખરી પણ ઉંદરડાના જાતિ સ્વભાવમાં અક્કલ નથી, પણ કદાચ અક્કલને જોડે તો બીલાડાને ગળે તો શું ?, પણ વાઘને ગળે ઘંટડી બાંધે. ઉંદર તો તાંતણાથી અને દોરાથી ચીત્તો કે વાઘ પકડી શકે છે. ચાર બાજુ ચાર ઉંદર ગાંઠ ગોઠવી રહે તો વાઘને

અદ્ધર બાંધે, પણ આ અક્કલ હોય તોજ. જેનામાં ભગવાને દીધેલી શાસ્ત્રોની અક્કલ હોય તેવાને આવતો અને ત્રીજો ભવ હાથમાં રહે. અર્થાત્ અરિહંતના અવ્યાહત-ઉપદેશથી અક્કલ આવેલી હોય તોજ તેને આવતો ને ત્રીજો ભવ પણ હાથમાં લેવાની તાકાત છે પણ અક્કલ આપણી કામ ન લાગે. તેમાં તો અરિહંતોની અક્કલ જોઇએ. અરિહંતોએ જે અક્કલ આપણને આપી છે તે પ્રમાણે કાર્ય કરીએ તો આવતા ભવે પુન્યનો ઉદયને તેને આવતે ભવે પુન્યનો ઉદય રાખી શકીએ. એ અક્કલ કઇ ?, તે કહે છે કે તેનું નામ પુન્યાનુબંધી-પુન્ય.

**ઉત્કૃષ્ટ પુણ્ય-બંધમાં દયાનું અગ્રેસરપણું.**

એવું કાર્ય કયું ? કે જે કાર્યથી આવતે ભવે, અને એના આવતા ભવે, પુન્યનોજ ઉદય રહે; તેવું કાર્ય પુન્યાનુંબંધી પુન્યજ ગણાય તો તે કાર્યના સ્વરૂપને કહે છે કે **દયા ભૂતેષુ** જીવોમાં દયા, વૈરાગ્ય વિધિ પૂર્વક ગુરૂ પૂજન, અને શીયળ વ્રતની નિર્મળતાદિ આ ચાર કાર્યો તેજ પુન્યાનુબંધી પુન્યને ઉત્પન્ન કરનાર છે. આ ચાર કરનારો આવતા ભવ માટે પુન્યજ ઉદયમાં લ્યે તેટલુંજ નહિં પણ તેના આવતા ભવમાં પણ પુન્યજ ઉદય થાય. આમાં પ્રથમ કાર્ય સર્વે જીવો ઉપર દયા રાખવી તે છે, કારણકે વૈરાગ્ય, ગુરૂની સેવા ભક્તિ અને નિર્મળ શીયળવૃત્તિ એ ત્રણ જીવ ઉપર દયા રાખ્યા પછીજ થાય છે. પ્રથમ જીવો ઉપર દયા એ કેમ કહ્યું ?, કારણ એ છે કે વૈરાગ્યની જડ દયા છે. ગુરૂ પૂજનનું મૂળ અને શીયળની પવિત્રતા એ ત્રણેની જડ દયા છે. દયામાંથી વૈરાગ્યનો ઝરો નીકળે છે, ગુરૂ પૂજનનો પ્રવાહ શરૂ થાય છે; અને શીયળની સુગંધ પ્રસરે છે; માટે તે ત્રણેની જડ દયા છે. દયા નામનો મુખ્ય ઝરો. જળાશય એ પહેલે નંબરે લીધો.

**શાસ્ત્ર-વિરૂદ્ધ-દયાનું સ્વરૂપ.**

હવે દયા ચીજ શી ? જગતમાં સામાન્યથી દયા એટલે કોઇપણ દુઃખીના દુઃખો દૂર કરવા; અગર કોઈ પણ મરતા પ્રાણીને બચાવવો. આ દયાની વ્યાખ્યા આબાળ-ગોપાળ પ્રસિદ્ધ છે, છતાં કેટલાકો કે જે ધર્મને અથવા ધર્મના સ્વરૂપને ન સમજતા હોવાથી જગતની પ્રસિદ્ધ વાતને પણ મહા-મિથ્યાત્વના ઉદયથી અવળું પ્રતિપાદન કરીને તેઓ દયાના દુશ્મનો બને છે; તેવાને ખુની મનુષ્ય કહેવો યોગ્ય છે. પરંતુ મોઢેથી ખુન કરવું સારૂં છે એમ બોલતો નથી. ચોર મોઢેથી ચોરી કરવી સારી છે તેમ બોલી શકતો નથી, પણ મેં તો મારૂં વેર લીધું, બદલો લીધો, તેમ કહી પોતે ખુનને વખાણે છે. તેમ ચોરી સારી નહિં કહેનારો બચ્યા યાદ રાખજે, લ્હારી વલે બુરી કરીશ એ નામે યાદ રાખજે ના નામે પોતાની ચોરી આગળ કરે છે. આડકતરી રીતે ખુનમાં બહાદુરી જણાવે છે કેટલાક દયાના વાસ્તિક દુશ્મનો દયા ખરાબ છે તેમ કહેતા નથી, પણ દયાના કારણોને તેઓ ખરાબ કહેવા તૈયાર થાય છે. દયા સારી છે તેમ શબ્દ માત્ર કહી કહે છે શું ? આપણે હિંસા ન કરવી, દયા શબ્દને કયાં ખસેડયો ? દયાનો અર્થ કયો કર્યો ?, આપણે હિંસા ન કરવી. બીજો હિંસા કરતો હોય, તેમાં આપણે નજર નાખવાની જરૂર નથી આપણે જીવોને દુઃખ ન દેવું. બીજો દુઃખ દે તેમાં આપણે નજર ન નાખવી દયાના દુશ્મનો કેમ બન્યા તે સમજો શું થયું ? કહો ખુન ખરાબ છે, પણ બંદાએ બદલો કેવો ખુનનો વાળ્યો ? તેમ અહીં દયા સારી અને હિંસા ખોટી, પણ બીજો હિંસા કરે તેમાં માથું ઘાલવું નહિં દયા સારી છે એમ કહેવું છે, પણ બીજો ખુન કરે; બીજો રીબાવે, તેમાં વચમાં ભળવાની મનાઈ. વચમાં પડવાની મનાઇ કરે તેનો અર્થ લગીર આગળ વધજો. મારનારને એક દોકડો પાપ છે, અને જે મરતાને બચાવે છે, તેને અઢાર દોકડા પાપ છે. ખરેખર કદાગ્રહના મેજરથી તેઓએ તપાસ્યું હશે ?

**હિંસા ન કરવી તેનું નામ દયા નથી.**

હવે વિચાર કરો આ દયાને સારી માનનારા ગણાય કે દયાના દુશ્મન ગણાય ?, કસાઈ ગાયને કે બકરીને મારે તો માર્યા જેટલું એક અહિંસાનું પાપ લાગે છે; પણ જે કસાઇ પાસેથી છોડાવે તેને ૧૮ પાપ સ્થાનક લાગે છે. આ લોકોની મનોદશા કેવી હોવી જોઇએ ?, ક્રૂર કર્મના કરનાર ખાટકીઓ, માછીમારો; અને પારધીઓ છે; પણ તેમાંથી એક પણ બચાવનારને બુરા કહેનારા નથી. પાપે પેટ ભરનાર ખાટકીઓ પણ બચાવી જાય, તેને બુરા-ખરાબ કહેનારા નથી, અને દુર્ગતિએ જનારા કહેતા નથી. એવા એકજ છે કે જેઓ હિન્દુમાં કે મુસલમાનમાં પણ ગણી શકાય નહિં. રહેમ નજર

કોને કહેવાય જગત ઉપર રહેમ રાખે તેથી રહેમાન કહેવાય, અને બચાવવા તે ખરાબ ગણનાર એવા કોણ? હિન્દુ-મુસલમાન-યહૂદીમાંથી એકે નહિં. એ બધાથી અધમાધમ તેજ ગણી શકાય. કે જે બચાવવાનું બુરૂં ગણે છે એવા મનુષ્યો કઇ સ્થિતિમાં ગણાવા જોઇએ?, તે સ્વયં વિચારો. કારણકે એમાં દયા તત્વ નથી. હવે દયા તત્વનો વિચાર કરી લઇએ. નહીં મારવું તેનું નામ દયા ને? એક કસાઇ રોજના સંખ્યાબધ જીવ કાપે છે આખું વરસ ગણતાં કુલ છત્રીસ લાખ જીવો કાપે છે. છત્રીસ લાખનું પાપ લાગ્યું, પણ બાકીના જીવોની હિંસા કરી નથી; તો તે કસાઇને દયા થઈ ને? મારવાના બાકી રહ્યા એટલે માર્યા નહિં, તેનું નામ દયા. અબજો જીવો નથી માર્યા તો અબજોની દયા થઇ અને લાખોની હિંસા થઈ; માટે એક-એક તે પારધી વિગેરે સદ્‌ગતિએ જવાવાળા હોય, અને દુર્ગતિગામી કોઈ ન હોય. ન મારવા તેનું નામ દયા હોય તો અબજોની દયા થઈ. ન મારવા તેનું નામ દયા કહો તો એકેન્દ્રિમાં પણ સૂક્ષ્મ એકેન્દ્રિયો પહેલાજ મોક્ષગામી થાય.

### દેવલોકમાં અને મનુષ્ય-ગતિમાં જવાના કારણ-રૂપ દયાના ભેદ.

કોઈને નહિં મારે, કોઇની હિંસા કરતા નથી. એવા સાધુઓ છે; છતાં સાધુથી અપવાદ પદે અનુપયોગથી પાણી આદિકથી હિંસા થાય છે. સૂક્ષ્મ એકેન્દ્રિયોથી તો કોઈની હિંસા થતી નથી, તો દયાના દરીયા તેને માનવા જોઈએ. ન મારવા તે દયા છે, આ સિદ્ધાંત ખોટો છે, પણ આ હિસાબ રાખો તો એટલે ન મારવાની પ્રતિજ્ઞા કરાય તોજ દયા થાય જે જીવોને જીવપણે જાણ્યા, અને માન્યા તે અંગે હિંસાનો નિયમ કર્યો તોજ દયા થઇ. આટલું દયાનું લક્ષણ રાખી આગળ ચાલીએ. હવે હિંસાનો ત્યાગ કે ત્યાગની પ્રતિજ્ઞા રૂપ દયા. તે દેવલોકનું કારણ કે મનુષ્યપણાનું કારણ? ત્યાગ કરવાથી થતી દયા જેને તમે હિંસાના પચ્ચખાણ કહો છો તે દેવલોકનું કારણ છે, તો પછી મનુષ્યપણાનું કારણ અનુકંપા શાસ્ત્રકારે ગણી છે. દયાથી જુદી ચીજ લ્યો, એટલે હિંસાના ત્યાગ રૂપ દયા તે દેવલોકનું કારણ છે. હવે મનુષ્યપણાની પ્રાપ્તિરૂપ દયા કઇ?, તો કહે છે કે બચાવવા રૂપ દયા. બીજી વાત એ કે સૂત્ર તેમને માનવા છે, પણ મેઘકુમારનું દૃષ્ટાંત માનવું નથી. સાંભળીએ છીએ કે હાથીના જીવે સમ્યક્ત્વ વગર સસલાની દયા કરી છે. એજ હકીકત જ્ઞાતા સૂત્રના મૂળમાં પણ છે. હવે વિચારો કે સસલાની દયા કરવાથી મનુષ્ય જન્મ મલ્યો, તો એ સસલાની દયા કઇ? હિંસા ન કરવાની પ્રતિજ્ઞારૂપ કે જીવ બચાવવા રૂપ? કહો કે બચાવવા રૂપ તે દયા અનુકંપા રૂપ છે. મને કષ્ટ પડે તો મારે ભોગવવું. પણ મારો પગ ન પડે કે જેથી તે મરી જાય નહિ; તેવો વિચારનો અમલ કરીને તે દયા કરી. પરિણામમાં સસલો બચ્યો અને છેવટે હાથી મર્યો છતાં એ દયા સારી.

સસલાને બચાવતા હાથી મરી જાય તો તે દયા સારી શાસ્ત્રકારે ગણી હવે બચાવનારને બૂરા કહેનારની દશા શી?, સસલાના અઢાર પાપ સ્થાનક હાથીને લાગ્યા કે નહિં? જો લાગ્યા તો મનુષ્ય કેમ થયો?, રાજકુમાર કેમ થયો? સાધુ-વિષયક હિંસાના પચક્ખાણ રૂપ દયા અને તે સિવાયની દયાનું સ્વરૂપ ભિન્ન છે. હવે ચાલુ વિષયમાં આવો તો ન મારવા તેનું નામ દયા હોય તો, મુઠીભરનો હિંસક: અને જગતનો દયાલુ. જો જીવોને બચાવવા તેનું નામ દયા હોય તો પછી બચાવનારને અઢાર પાપ સ્થાનક લાગે છે, એવું કહેનારની વલે શી? એવી માન્યતાવાળાને કેવા ગણાય?; એક સસલાને બચાવ્યો તેમાં રાજ ઋદ્ધિ પામ્યો, અને શ્રીમહાવીરના ચરણમાં આવ્યો. આ એક હાથી સમ્યક્ત્વ વગર એક જીવની દયામાં આટલી સ્થીતિ પામ્યો, તો પછી અહીં કેવળ જીવનો જે બચાવ છે, તે હાથી દરેક ચોમાસે એક જોજન જંગલમાં જે ઝાડ ઘાસ ઉગે છે; તે બધાને ઉખેડી સાફ કરે છે. દરેક વરસે ત્રણ વખત એક જોજન ભૂમિમાં લાલોતરીનો ઘાણ કાઢનારો છે, તેનું પાપ ક્યાં ગયું?, એ બધા પાપને ધકકેલી દઇ પુન્ય આગળ કર્યું હોય તો, એકજ વસ્તુ સસલાની દયા; તે સિવાય હાથીના જીવે બીજું કંઈ પણ કર્યું નથી. સસલાની દયા પોતાના પ્રાણના ભોગે કરી તો પછી એ દયાને નકામી કહેનાર અનર્થકારી કહેનારની વલે શી?, બચાવનાર બચાવવાની બુદ્ધિથી બચાવે છે. વેશ્યાના અને રંડીબાજીના પચ્ચખાણ આપે તેનું કુટુંબ રડે કકળે તો પચ્ચાણ આપનારને પાપ લાગેને?. જે બચાવવાની બુદ્ધિએ પ્રવર્તે તે બચાવનોજ લાભ મેળવે, તેને બીજા જોખમનો કશો સંબંધ નથી. આથી ન મારવો તે દયા નથી. વિરતિના અને દયાના સમાધાનમાં સમજવું કે મારવાના પચ્ચખાણ કરવા તે વિરતિ, અને મરતો બચાવવો તેજ દયા?; હવે અહીં પુન્યાનુબંધી-પુન્યનો દયા સાથે કેવો સંબંધ છે, તે વિગેરે અધિકાર અગ્રે વર્તમાન.

# સ્વ૦ આગમોદ્ધારકની અમોઘ-દેશના. ૨

દેશનાના દિવ્ય-અવતરણો.

૧. 'હું' શબ્દની પ્રતીતિ દરેક પ્રાણીઓને છે.

૨. 'હું' શબ્દથી શરીર-ઇન્દ્રિયો અને મન જુદા છે.

૩. "મારૂં શરીર, મારી ઇન્દ્રિયો અને મારૂં મન" એ બોલનારાઓ શરીરથી, ઇન્દ્રિયોથી અને મનથી 'હું' શબ્દથી બોલાતી ચીજને જુદી માને છે.

૪. અનુભવમાં આવેલી ચીજને જાણી જોઇને માનવી નથી, તેને મનાવવા જવું એ નિરર્થક-પ્રયાસ છે.

૫. ઉંઘતાને સાવધાન કરી શકાય છે, પણ જાગતાને સાવધાન કરી શકાતોજ નથી.

૬. તપેલા લોઢાને નાસ્તિક પણ અડકતો નથી, કારણ કે 'હું દાઝી જઈશ' એવી બીક તેને છે; આથી તો પોતાના શરીર-આદિ પ્રાણને જીવ રૂપે તે (નાસ્તિક) માને છે.

૭. નાસ્તકો પોતાના વિચારથી, પોતાના વચનથી, પોતાના વર્તનથી; અને પોતાની ઇચ્છાથી જીવ માને છે.

૮. 'છોડીને ચાલ્યા જવાનું છે' અગર 'મેળવેલું મુકવાનું છે' આ ભાવાર્થનો મુદ્રાલેખ ઉભયને સમ્મત છે.

૯. નાસ્તિકોને મેળવેલું મુકાય છે, કારણકે પુણ્ય-પાપ-સ્વર્ગાદિ માનતા નથી.

૧૦. આસ્તિકોને મેળવેલું મુકાય છે, તે મુકાતા માલ પેટે કમાણી કરીને મુકાય છે, કારણકે પુણ્ય-પાપ-સ્વર્ગાદિ માને છે.

૧૧. મૂકવામાં નાસ્તિક આસ્તિક સરખા છે, છતાં પરભવ માનનારા આસ્તિકને મેળવવાના મનોરથો રહે છે.

૧૨. પરદેશમાં નાણા મેળવનારાઓ પરદેશની જે બેંક અહીં છે, તેમાં નાણું ભરવાથી ત્યાં જઇને વ્યાજ સાથે નાણાં મેળવી શકે છે; તેવી રીતે પુણ્ય-પાપની બેંકના વહીવટને સમજતાં શીખો.

૧૩. શહેનશાહત અપાવનાર માતાની કુક્ષિએ જન્મ અપાવનાર કોણ?

૧૪. સારી જગોએ ઈશ્વર ગોઠવે છે, તો પછી ખરાબ જગોએ ઈશ્વરે ગોઠવે છે, એમ માનવું પડશે. કારણકે ન્યાય તુલા ઉભય પક્ષમાં સમાન રાખવી પડશે.

૧૫. જન્મ આપનારી માતાની અગર જન્મ પામનારા પુત્ર-પુત્રીની પસંદગી પૂર્વક કુળમાં લાવનાર ચીજ ને સમજતાં શીખો.

૧૬. ધનવાનને ત્યાં જન્મ અપાવનારને, અને દેવાદારને ત્યાં જન્મ અપાવનારને નહીં સમજો તો માનવજીવનની વાસ્તવિકતાને સ્પર્શી શકશોજ નહિં.

૧૭. સારી જગાઓ પાંચ ટકા છે, અને ખરાબ જગાઓ પંચાણુ ટકા છે, તો શું પાંચ ટકાનો ફાયદો કરનાર અને પંચાણું ટકાનો નુકશાન કરનાર ઈશ્વર માનવો.

૧૮. ઇશ્વરને જગતકર્તા માનનારાઓની માન્યતા ઈશ્વરને જાલીમ જુલમગાર મનાવવાની આંધળી હિમાયત કરે છે.

૧૯. જગત્કર્તા—ઇશ્વરને માનનારાઓએ પ્રથમ તો તે ઉપકારી છે કે અપકારી છે?, તેનો નિર્ણય બુદ્ધિ પૂર્વક કરો.

૨૦. ઈશ્વર કર્મ પ્રમાણે ફળ આપે છે, તો ઇશ્વર પણ કર્મને આધીન છે; કારણકે ન્યાયાધીશ પણ સ્વતંત્ર ફળ આપતોજ નથી.

૨૧. ન્યાયાધીશ કરતાં કાયદાની કિંમત વધારે છે, તો પછી ઇશ્વર કરતાં પણ કર્મની કિંમત વધારે આંકવીજ પડશે.

૨૨. ગુન્હા કરનારાઓ ઇશ્વરનું ભજન કરે,

અને ઇશ્વર તે ગુન્હેગારના ગુન્હા માફ કરે; તો પછી ઇશ્વરને લાંચીઓ કહેવો પડશે.

૨૩. ગુન્હાના રોકાણ માટે સરકાર તનતોડ મહેનત કરે છે, તો પછી અનાદિકાળથી ઈશ્વરી અમલ કરનાર ઈશ્વરથી ગુન્હાનું રોકાણ ન થયું તો ઇશ્વરને મોટો કેમ માની શકાય ?

૨૪. શું ઇશ્વરને જગત્ પાપ કરે અને દુઃખી થાય તો આનંદ છે ?

૨૫. શું આનંદ કરવા ખાતર શું જગત્‌ના પાપો પ્રત્યે તે ઇશ્વર દુર્લક્ષ્ય રાખે છે ?

૨૬. ઢગલબાજ રાજયો જેમ પ્રજાને લડાવવામાં આનંદ માને છે, તેવી નીતિ શું જગત્કર્તાની છે ?

૨૭. 'કર્મ' જડ છે, માટે કોને શું આપવું ? એ વ્યવસ્થા કરનાર જોઇશે' આવું કહેનારાઓએ યોગ્ય સમાધાનને સ્મૃતિ પથમાં સ્થિર કરવું.

૨૮. શંકા દેખાવમાં સુંદર અને પહાડ જેવી હોય, પણ સમાધાનના સુંદર વજ્ર પાસે તે કંગાલ છે.

૨૯. કવીનાઇનને કઇ અક્કલ છે કે તે તાવ ઉતારે છે, અને ઝેરને કઇ સમજ છે કે તે ખાનારને મારે છે ?; કહેવું પડશે કે પુદ્ગલોમાં અચિન્ત્ય શક્તિ છે.

૩૦. ઇશ્વરના નામે ખોટી પેઢી ચલાવનારા ધાગા પંથીઓથી સાવધ રહો.

૩૧. 'ઇશ્વરને જગત્કર્તા નથી માનતા' એ માન્યતાના નામે જૈનોને નાસ્તિક કહેનારાઓ લગભગ અણસમજુ છે.

૩૨. શય્યાનો માલ લેનારા ધાગાપંથીઓ બધું લે છે, પરંતુ અફીણ ખાતાં મરી ગયેલાઓની શય્યા પુરતી વખતે અફીણ લેતો નથી, અને ખાતો પણ નથી.

૩૩. જૈનોને નાસ્તિક કહેવા તૈયાર થયેલાઓને પેટમાં દુઃખે છે, અને માથું કુટે છે; કારણ કે ઇશ્વરના નામે ચરોખાવાનું બંધ કરનારા જૈનો છે.

૩૪. બનાવનારા ઇશ્વર નથી પણ બતાવનારા ઇશ્વરને જૈનો માને છે.

૩૫. વિશ્વની વ્યવસ્થા કરનાર શુભાશુભ કર્મ છે.

૩૬. શુભાશુભ કર્મની વ્યવસ્થા સમજવા માટે પુણ્યાનુબન્ધિપુણ્યાદિની ચતુર્ભંગી સમજો.

दया भूतेषु वैराग्यं, विधिवद्गुरुपूजनम् ।
विशुद्धाशीलवृत्तिश्च पुण्यं पुण्यानुबन्ध्यदः ॥

**'હું' શબ્દની પ્રતીતિ.**

શાસ્ત્રકાર મહારાજા ભગવાન શ્રીહરિભદ્ર સૂરીશ્વરજી મહારાજા ભવ્ય પ્રાણીઓના ઉપગારને માટે ધર્મોપદેશ કરતાં થકાં આગળ સૂચવી ગયા કે આ જગતમાં દરેક પ્રાણી પોતાના આત્માને અંગે ખાત્રીવાળોજ છે. કોઈપણ બાળક જુવાન કે વૃદ્ધ 'હું નથી' એવું જાણતો નથી, માનતો નથી, અને કહેતો પણ નથી. દરેક પ્રાણી જુવાન, બાળક, વૃદ્ધ, મનુષ્ય કે જાનવર પણ હું એ શબ્દ દરેકમાં રહેલો છે, કેમકે એ પ્રતીતિ ન હોય તો હું સુખી છું, હું દુઃખી છું, હું સુખને વધારું, હું દુઃખને નાશ કરું, આવા વિચારો કોઇ દિવસ દરેક પ્રાણીને આવે નહિં. આ વિચારો દરેક જીવને નિયમિત હોય છે, માટે 'હું' શબ્દથીજ પોતાની હૈયાતી માને છે. 'હું' શબ્દ શરીરને. ઇન્દ્રિયોને, કે મનને આ ત્રણમાંથી એકેને પણ લાગુ પડતો નથી. એ ત્રણેનો જુદા પણે પોતે નિર્દેશ કરે છે. મારું શરીર ગોરું છે, કાળું છે, નબળું છે કે સબળું છે; તેમ કહીને તે જુદો નિર્દેશ કરે છે. મારી આંખ-જીભ-સ્પર્શના વિગેરે ઇંદ્રિયોથી પણ પોતે જુદો છે એમ નક્કી માને છે. તેમ મારું મન જણાવીને પોતે મનથી પણ આત્માને જુદો માને છે. આથી શરીર ઇંદ્રિય કે મન ત્રણેથી જુદો જીવ છે. આત્મા-પ્રાણ-ચેતન વિગેરે કોઈપણ નામે બોલાવીએ, તેવો પદાર્થ કોઇએ પણ માન્યો છે.

**પોતાની પ્રવૃત્તિઓથી નાસ્તિકો જીવ માને છે.**

જેઓ માને પદાર્થને વચનથી કે માન્યતાથી ઓળવે તેની આગળ શાસ્ત્રો કે યુક્તિઓ બધા નકામા છે. જાણી જોઇને અનુભવમાં આવેલી વસ્તુ માનવી નહીં,

તેને મનાવવાનો કોઇ અધિકાર નથી. જાગતો પથારી બગાડે તેને બચાવવાનો કોઈ રસ્તો નથી. ઉંઘતાને કદાચ બચાવી શકાય છે, તેમ પોતાના અનુભવમાં જીવ વસ્તુ સાબીત થતી હોય તેવાને સમજાવી શકાય છે. તપેલું લોઢું અને તે લોઢાને સાણસાથી પકડીએ, અને પછી નાસ્તિકનો હાથ તેને અડકાવીએ તો તે હાથ ખેંચી લે છે. પોતાના શરીર આદિ પ્રાણને જીવ માનવો છે, માત્ર બીજા જીવોને માનવા નથી. નાસ્તિક ટાઢ અને તડકો તેથી નિરપેક્ષ રહેતો નથી, અને સુખ દુઃખથી પણ નિરપેક્ષ રહેતો નથી. પોતાને સુખ જોઇએ છે, અને દુઃખથી દૂર રહેવું છે. બીજાને સુખ પ્રાપ્ત થાય તેવા રસ્તા લેતી વખતે આંખો કેમ ચઢી જાય છે. નાસ્તિકો પોતાની પ્રવૃત્તિથી, ઇચ્છાથી, વિચારથી, અને વચનથી પોતાનામાં જીવ છે તેમ માને છે. માત્ર બીજાને જીવ માને તો હિંસા વર્જવી પડે તે આકરૂં લાગે છે, માટે જીવ માનવો નથી. પોતાને માટે મોજ માનવા માટે જીવોને દુઃખ દેવું, અને કોઇનું પણ દેવું કરીને પણ ઘી પીઓ એવી માન્યતા નાસ્તિકની છે. પોતાના માટે તો બીજાને પણ સુખે જીવાડવો છે, એ વાત નક્કીજ છે; પણ ફાયદો ન થાય તો બીજા જીવના જીવનની દરકાર નથી. નાસ્તિક પોતાના જીવને માનવા ચોવીસ કલાક તૈયાર છે, માત્ર બીજાને માટે કંઈ કરવું પડે તેમાં તેને તાવ ચઢે છે.

### ઉભયને સમ્મત-મુદ્રાલેખ.

આથી ભગવાન શ્રી હરિભદ્રસૂરીજીએ સૂચવ્યું કે જગત પોતાની પ્રવૃત્તિએ કરીને, અનુભવે કરીને પોતાના જીવને જીવ તરીકે માનવા તૈયાર છે. તો "આપકી લાપશી ઔર પરાઇકી કુશકી." એ કહેવતને અનુસરીને પોતાને સુખ મેળવવું છે, અને બીજાના માટે કંઈ દરકાર કરવી નથી; તો એ ન્યાયના રસ્તામાં ચાલી શકે તેમ નથી. દરેકને જીવ તત્ત્વ માન્યા સિવાય છુટકો નથી. જો જીવ તત્ત્વ માન્યું તો બીજું કંઈપણ નહિં, પણ એક વાતમાં નાસ્તિક જીવ નહિં માનનારા છે, અને આસ્તિક જીવ માનનારા છે, છતાં બન્ને એક બાબતમાં એક મત છે. કઇ બાબતમાં એક છે?, કહે છે કે છોડીને ચાલ્યા જવાનું છે, અને વળી કહે છે કે શરીર-કુટુંબ-ધન, માલ, ચાહે જે ચીજ હોય, તો તે બધી ચીજ છોડીને ચાલ્યા જવાનું છે; તેમાં તેઓ બંન્ને પણ બે મત નથી. જીવ માનવામાં નાસ્તિકને અંગે મત ભેદ, સ્વર્ગ નરકની માન્યતામાં મતભેદ છે; પણ આ એક મુદ્રાલેખ બંન્ને માટે સત્ય છે, કે મેળવેલું તે મેલવા માટે છે. આ આખી દુનીયાને માટે મુદ્રાલેખ સાચો છે. મેળવ્યું તે મેલવા માટે, પછી ભલે ચાહે આસ્તિક હો કે નાસ્તિક હો પણ આ મુદ્રાલેખને કોઇપણ બગાડી શકતો નથી. નાસ્તિકો ભલે સ્વર્ગ નરક ન માને, અને આસ્તિકો સ્વર્ગ નરક સદ્ગતિ દુર્ગતિ ભલે માને તો પણ તે બંને આ મુદ્રાલેખને માને છે; કે 'મેળવેલું તે મેલાય છે."

### દુનિયાનો વહીવટ ચલાવનારી બેંક.

મેળવેલું મેલાય છે, પણ આગળની તૈયારી કરવી જોઇએ. આસ્તિકને અને નાસ્તિકને બંનેને મેળવીને ફોગટ મેલવાનું છે. ચાહે જેટલું શરીર-કુટુંબ-ધન તમામ મેળવેલું છે, તો પણ મેલવાનું છે. પરંતુ આસ્તિક એવી મેળવણી કરે છે, કે મેલ્યું તે ફેર મેળવવામાં આવે; અને તેવી મેળવણી કરવી તે આસ્તિકનેજ શક્ય છે. નાસ્તિકને મેળવ્યું તે ફોગટ મેલવાનું છે, તેને વચમાં મેલવણી કરવાની નથી. શરીર કુટુંબ-ધન-બધું મલ્યા છતાં સદ્ગતિ દુર્ગતિ પુન્ય પાપ માનવું નથી, એટલે મેળવણી કઈ કરવી?, અર્થાત્ મેળવણી કરવાની રહેતી નથી. આસ્તિક મેળવીને મેલવાનો જરૂર છે, પણ વચમાં પુનઃ સારી રીતે મળે તેવી મેળવણી જરૂર કરે છે. શી મેળવણી કરે? વિલાયતને, જર્મનીને, ફ્રાન્સને, કે જાપાનને, કે અમેરિકાને અંગે તમે રોકડા રૂપીઆ ન લઈ શકો તો તેની બેંકમાં તમે જે અહીં નાણા ભરો, તો તે દેશમાં તે નામની બેંકમાંથી ચેક દ્વારા તે નાણાં આપો આપ મળી શકે છે; ત્યાં નવા રૂપીઆ ભરવા પડતા નથી. જેમ દેશ-દેશાવરનો વેપાર બેંકોદ્વારાએ ચાલે છે, જેમ પહેલા શરાફો દ્વારાએ વેપાર ચાલતો હતો, અને તેથી અમદાવાદ જોધપુર કે જેપુર જે લેવા વેચવા જતા હતા તે બધા શરાફો દ્વારાએ નાણાંની આપ લે થતી હતી; તેમ અહીં પણ આ ભવ, અને પરભવ,

ગયો ભવ, અને આવતો ભવ; એવી રીતે તે બધા ભવોમાં પુણ્ય-પાપની બેંક પોતાનો પંજો લંબાવી શકે તેવી એક પુણ્ય-પાપની બેંક છે તે ધ્યાનમાં લ્યો. ગયા ભવમાં તમે જે કર્યું હોય તેનો બદલો આ ભવમાં, અને આ ભવનો બદલો આવતા ભવમાં આપનારી તેજ બેંક છે. એક ભવથી બીજે ભવે, બીજેથી ત્રીજે ભવે જતાં શારીરિક-આર્થિક-સ્થિતિ સાક્ષાત લઈ જવાના નથી; તો પછી તમને તે સંપત્તિઓ મળવાની ક્યાંથી ?, કહો કે એ બેંક દ્વારાએ. જે આવતા ભવની જોખમદારી રાખે છે, તેવી બેંક શુભાશુભ કર્મ છે. પૂર્વ ભવ, કે આવતા ભવ, કે ચાલુ ભવ. આ ત્રણ ભવને અંગે ખરી શાહુકારી રાખનાર અને બદલો દેનારી બેંક તે કર્મ રૂપી બેંક છે.

### કર્મને આધીન ઈશ્વર છે.

શહેનશાહ જયોર્જ કઈ લડાઇમાં જીત મેળવી કે જેથી શહેનશાહત અપાવનારી માતાને પેટે આવ્યા. જન્મતા સાથે કેમ રાજ્ય મળ્યું ?, દરેક રાજા મહારાજાને અંગે જે કુંવરોજ જન્મે છે તે પોતે લડાઈ કરી રાજ્ય મેળવે છે ?, અને તેઓ કેમ માલીક બન્યા છે ? નથી છોકરાએ માબાપને પસંદ કર્યા, અને નથી લાવનાર માબાપ પસંદ કરનાર; તો પછી કોણ ? આ જગો પર લાવનાર છે. કેટલાક ઈશ્વર માનનારા કહે છે કે ઈશ્વર લાવનાર છે, તોપછી ખરાબ જગો પર લાવનાર કોણ ? દેવાદારને ત્યાં પણ જન્મે છે, તો તે ઈશ્વર દુઃખ દે તેવું તો કરતો નથી. સારી જગો પર ઇશ્વર લાવે તો ખરાબ જગો પર પણ ઇશ્વર માનવો પડશે. સારી જગા પાંચ ટકા, અને ખરાબ જગા પંચાણું ટકા; તો ઇશ્વર પાંચ ટકાને ફાયદો કરનાર છે, અને પંચાણુંને નુકશાન કરનાર છે. તો ઈશ્વર ઉપકારી કે અપકારી ?, પછી તમે કહેશો કે ઈશ્વર કર્મ પ્રમાણે ફળ આપે છે. તો પુછનારે વિચારવાનું કે ન્યાયાધીશ સ્વતંત્ર નથી, પણ કાયદાને આધીન છે ન્યાયાધીશ કરતાં કાયદો વધે છે, તેમ ઇશ્વર પણ કર્મના કાયદાને આધીન રહેનારી ચીજ છે, પણ સ્વતંત્ર નથી.

### ઇશ્વરને જગત્કર્તા માનવામાં દોષની પરંપરા.

ન્યાયાધીશ ન્યાયાસનને શોભાવનાર હોય તો જેવું કર્યું હોય તેવું ફળ આવવું જોઇએ. પરંતુ ગુન્હા કરે અને ઈશ્વરનું ભજન કરે તો તેને માફ કરે તોપછી ઈશ્વરને લાંચીયો ગણવો પડે. ઈશ્વરને કર્તા માનો તો તેમને ભજન કરનારાઓને ભજનથી જો ફાયદો માનો તો ઇશ્વરને રૂસ્વતખોર ગણો. જો ઇશ્વરને કર્તા માનીએ તો દરેક ન્યાય કરનારા દરેક સરકારો પોતાના રાજ્યમાં ગુન્હા ઓછા કરવા માટે જીગરથી પ્રયત્ન કરનાર હોય છે. તો ઈશ્વરી-રાજ્યમાં અનાદિ કાળથી ગુન્હાને પાપ ન રોકાયાં તો તે ઇશ્વરને કેવી રીતે મોટો ગણવો ? શું ઈશ્વરને મનમાં એમ છે કે જગત પાપ કરે, અને દુઃખી થાય તો હું મોજ દેખું ?, શું મોજ દેખવા માટે જગતના પાપ પ્રત્યે તે દુર્લક્ષ્ય કરે છે, તેમ માનો તો ઇશ્વર અસમર્થ છે, અને તે રીતિએ તો તમારે માનવો નથી; પરંતુ ઇશ્વર શકિતમાન છે, અને જગતના પાપ ક્ષય કરવામાં તે અસમર્થ છે; તેમ માનવો છે. દગલબાજ-રાજ્યો પ્રજાને પરસ્પર લડાવવામાં હિત માને છે. સત્તા ટકાવવા માટે આ ઈશ્વર પણ જગતમાં પાપ કરનારા હોય તો ઇશ્વર જેવા જમને શું મોજ આવે છે ? જગતમાં કેટલાક પાપીઓ પુન્યશાળી હોય તોજ મને મોજ આવે, તેમ માનતા હો તો પરમેશ્વરને જગતમાં ફેર કંઇ ગણાય નહિં.

### પુદ્ગલોની અચિન્ત્ય-શકિત.

આથી તો દુર્ગતિ અને સદ્ગતિ પરમેશ્વર આપનો નથી, પણ કરેલાં કરમના ફળ આપે છે. કરમ જડ છે, અને કોને શું આપવું ? તે વ્યવસ્થા કરવાની તાકાત જડમાં નથી, માટે સમજણવાળાનેજ વ્યવસ્થા કરવાની શકિત હોય છે. તો કર્મ જેવો જડ પદાર્થ વ્યવસ્થા કરવાની શકિત ધરાવેજ ક્યાંથી ?; આ શંકા દેખવામાં સુંદર લાગે છે. કર્મને ચેતના નથી તે કારણમાં અને કાર્યમાં શું સમજે ?, કારણ કાર્યની વ્યવસ્થા કરનાર કોઇ જબરજસ્ત ચેતનવાળો જોઇએ, આમ શંકા થશે. કર્મરૂપ પદાર્થના સ્વરૂપને ન વિચારો તોજ તે શંકા સુંદર લાગે છે. કવીનાઈનને તાવ કાઢવાની સમજ નથી. નેપાલાને સ્થંડિલ એટલે ઝાડા કરવાની કઇ સમજ છે ?, સાકરને કઈ સમજ છે કે પેટના કોઠાને ઠંડો કરવો ?, ઝેરને કઇ સમજ છે કે મને ખાનારને મારી નાખવો ?; કહો કે જડ પદાર્થો પોતાના સ્વભાવ પ્રમાણે પોતાનું

કાર્ય કરે છે, તેમાં કોઇને વચમાં ઘુસાડવાનો હક હોતો નથી. સાકર ખાઇએ અને ઠંડક બીજું કોઇ કરતું નથી. આથી જડ પદાર્થને પોતાના સ્વભાવ પ્રમાણે કાર્ય કરવાનું નિયમિત છે. શરદીના પુદ્ગલો તાવ અને ન્યુમોનીયા કરે છે, અને ફેરમ-ફોસના પુદ્ગલ તરત તે તાવને દુર કરે છે; એ પુદ્ગલોના સ્વભાવ માનવા માટે આજકાલ ડગલે પગલે સાધન છે; જુઓ રેલ્વે, પાણીને કોયલાની મદદથી તે ચાલે છે; પણ પાણીને કોયલાને અક્કલ હોતી નથી; વિમાનો યંત્રોના વેગથી ચાલે છે. આથીજ પુદ્ગલોની તાકાત કઈ જાતની છે ?, તે તમે સમજી શકશો.

### ઇશ્વરના નામે લુંટનારાઓ.

તો ઇશ્વરને કરવો શું ?, એ સવાલ થશે, અને તેથીજ જૈનોને અમે નાસ્તિક કહીએ છીએ. જૈનો ઇશ્વરની જડને હચમચાવી દે છે, અને તે જૈનો વચમાં ઇશ્વરને બેંકના મેનેજર તરીકે રાખતા નથી. જગત્ કર્તા માનનારાઓએ તો ઇશ્વરના નામે ખોટી પેઢી માંડી છે, તેમાં વધારે મેંબરો ધાગાપંથીઓના છે. અમને જમાડો તો તમારા વડવાને ઇશ્વર આપશે. સેજ શય્યા પુરો તો તમારા વડવાને તેટલું તે ઇશ્વર આપશે. આમ ઇશ્વરના ખોટા નામે, ખોટી કંપનીના નામે દુનીયાની ઠગાઈ કરનારાઓ છે. તે ધાગાપંથીઓને શય્યા પુરવાવાળો રજપુત મળે તો ખબર પડે. એક મરેઠો સ્થિતિમાં સારો ગણાય, પણ અંદરખાને ખરાબ સ્થિતિ હતી તેનો બાપ મરી ગયો. જો પોતાની સારી સ્થિતિ પ્રમાણે પંદરસો રૂપીઆ શય્યા પુરવામાં ખરચ થાય, પરંતુ બારમે દહાડે સેજ=શય્યા પુરવી તે તાકાત નથી; તેથી અફસોસમાં બેઠો છે અને નજીકનો મિત્ર હતો તેને વાત કરી કે સેજમાં શય્યા પુરવામાં રૂપીઆ ૧૫૦૦) પંદરસો જોઇએ છે, અને મારી કને પણ પંદરસો રૂપીઆ નથી. મિત્રે કહ્યું કે કંઈ ફીકર નહિં. તું તે બ્રાહ્મણને કહે કે મ્હારા પિતા રૂપીઆભાર અફીણ લેતા હતા, માટે તે ત્યાં મરી ગયા હશે ?, કે જીવતા હશે ?; અને કદી જીવતા હશે તો તે ટાંટીયા ઘસતા હશે, માટે દશ દિવસનું દશ રૂપીઆ ભાર અફીણ ખાઈ જાઓ. કહ્યા પ્રમાણે એણે કારાણે બોલાવીને તે શય્યા પુરાવનાર બ્રાહ્મણને કહ્યું, અને મારે ઘેર રૂપીઆ પંદરસો નથી, ત્યારે તે બ્રાહ્મણ કહે કે બોલીશ નહિં, ફલાણાની સેજ=શય્યા તૈયાર છે, તેને તું ઘેર લઈ જઈને તે પુરજે અને મને આપજે. અરે ઇશ્વરના દલાલને ત્યાં અફીણ મળતું હતું, તો શા માટે લીધું નહિ ?, અને કેમ ન ખાધું ?; કહો કે ઇશ્વરના નામે દુનીયાને લુંટવી છે.

### વ્યવસ્થા કરનાર શુભાશુભ કર્મના પ્રકારો.

હવે ધાગાપંથાઓ જૈનોને નાસ્તિક કહેવા તૈયાર થાય છે, કારણ કે તેમનું પેટ ભરાતું નથી. અમે ઇશ્વરને કેવો માનીએ છીએ ? તે સમજો. પાપનો પરિહાર કરવા માટે ઇશ્વર માનીએ છીએ. પુન્યના રસ્તા ઓળખાવ્યા તેથી ઇશ્વરને માનીએ છીએ જેમ સૂર્યનું અજવાળુ કાંટા-કાંકરો અને સોનું હીરા મોતી દેખાડે છે, તેમ જીવાદિક પદાર્થોનું સ્વરૂપ દેખાડયું છે, તેથી તે ઇશ્વરને અમેમાનવા તયાર છીએ સૂર્યના પ્રકાશની પેઠે સર્વ-વસ્તુને પ્રગટ કરીને સમજાવનારા અને ઉપદેશ દેનારા છે, તેવા ઇ રને અમે ચોવીસ કલાક માનીએ છીએ. આથી આ ભવથી બીજે ભવ, અને ત્યાંથી ત્રીજે ભવે દરેક વસ્તુની મેળવણી કરનાર કર્મજ છે. તેમાં શુભ કર્મ, અને અશુભ કર્મ. તેમજ તે શુભાશુભ કર્મ ચાર પ્રકારના સમજવા જોઇએ. શુભ કર્મ તેનું પરિણામ શુભ હોય તે પુન્યાનુબંધી પુન્ય. વર્તમાનમાં શુભ પરિણમે છે, અને ભાવિમાં પણ શુભ પુન્યાનુબંધી પુન્ય કર્મ છે. અમારે તો પરિણામે શુભ, અને વર્તમાન પણ શુભ હોય તેવું અમારે કર્મ જોઇએ, પણ યાદ રાખો કે કાર્ય સિદ્ધિ ઇચ્છાથી થતી નથી; પણ પરિણામ પૂર્વકના પ્રવર્તનથી કાર્ય સિદ્ધિ થાય છે. હવે તે લાયક ઉદ્યમ થવો જોઇએ. તે લાયક ઉદ્યમ બતાવવા માટે હરિભદ્રસૂરિજીએ બતાવ્યું કે આ ચાર વસ્તુ કરવી જોઇએ. હવે એ ચાર વસ્તુનું વિવેચન આગળ કરીશું પણ ચાર વસ્તુઓ નામથી શ્રવણ કરી લો. ૧. જીવોને વિશે દયા, ૨. મોહ જાળથી વિરામ પામીને વૈરાગ પામવો, ૩. વિધિપૂર્વક ગુરૂ સેવા, અને નિર્મળ આચારમાં વર્તન કરવું; તે ચાર ચીજોથી પુન્યાનુબંધી પુન્ય પ્રાપ્ત થાય છે. હવે એ ચાર વસ્તુ કેવી છે ? તે અધિકાર અગ્રે વર્તમાન.

# વિશ્વનું અવલોકન.

આલેખનકાર:—સુ૦

(ગતાંકથી ચાલુ)

## વિશ્વમાં બનતા બનાવો.

૧. કયસર-હિટલર-મુસોલિની વિગેરે આક્રમણકારો આક્રમણ કરીને, અને દેશો જીતીને શાંતિ સ્થાપવા માંગતા હતા, અને આજે અમેરિકા તથા રશિયા પણ તેજ રાહે વિશ્વમાં શાંતિ સ્થાપવા માંગે છે; પરંતુ કહેવાતી શાંતિની સ્થાપના અને વિશ્વની માંગણી મુજબની વાસ્તવિક-શાંતિની સ્થાપના વચ્ચે આસમાન-જમીન જેટલું અંતર છે.

૨. આક્રમણકારો જે શાંતિ સ્થાપવા માંગે છે. તે સ્મશાન સમી શાંતિ છે, અને સર્વજન હિતવર્ધક-વાસ્તવિક-શાંતિ વગર વિશ્વભરના લોકો શાંતિનું આસ્વાદન કરે એ ઈચ્છા અને કાર્યવાહી આકાશ કુસુમવત્ છે.

૩. દક્ષિણ-કોરીયા અમેરિકાના હાથમાં અને ઉત્તર-કોરિયા રશિયાના હાથમાં રમકડારૂપે રમી રહ્યાં છે, અને તે બંન્ને દેશને કુહાડાના હાથા બનાવીને અમેરિકાએ અને રશિયાએ તે બંન્ને દેશની જે રીતિએ જેટલી પાયમાલી કરવી ધારી હતી; તે રીતિએ તેટલી પાયમાલી કરી છે. આ બંન્ને દેશો પ્રત્યે અમેરિકાએ અને રશિયાએ પોતાનું પોત પ્રકાશ્યું છે, તે પ્યોંગયાંગના પતનથી સિદ્ધ થઈ ચુક્યું છે.

૪. કોંગ્રેસના પ્રમુખ બાબુ ટંડન કાર્યવાહક સમિતિ રચવામાં અને પંડિત નેહરુને લાવવામાં મોડું થયા છતાં ફાવ્યા છે. પરંતુ તે માટે તેમને કેટલું મૂલ્ય આપવું પડ્યું છે અથવા તો અણગમતી કેવી શરત સ્વીકારવી પડી તે જાહેર આવ્યું નથી; આ પ્રસંગથી બુદ્ધિમાનોને ઘણું શીખવાનું મળે તેમ છે

૫. કોંગ્રેસના પ્રમુખને કાર્યવાહક-સમિતિ રચવામાં પ્રસિદ્ધ-અધિકારિઓ કહે છે કે "અમુકને લો તોજ હું આવું, અને હું નહિં આવું તો તે બે નહિં આવે" આ પ્રસંગના સમાધાનમાં દિવસોના દિવસો વ્યતીત થયા; આથી દૂર અંદેશિતા-નિખાલસતા અને સરળતા વિગેરે પ્રજા-હિતવર્ધક-ગુણો પણ કહેવાતા મહાન્-નેતારૂપ અધિકારીઓમાંથી ઓસરતા જાય છે, એ એક આશ્ચર્યકારિ ઘટના છે.

૬ બાજીગરના દાવની જેમ રાજ્ય રમત રમનારા અમેરિકા અને રશિયા રમે છે, તો પછી બીજા દેશોએ તે રાજ્ય-રમતની શેત્રંજના ભોગ ન બનવા માટે ખૂબ સાવધાની રાખવી ઘટે છે. પશ્ચિમ—જર્મનીમાં અને પૂર્વ-જર્મનીમાં બનતા બનાવો તે પુનઃ રાજ્ય-રમતની શેત્રંજના શરૂઆતના સોગઠાં છે.

૭. ઉત્તર-કોરીયા અને દક્ષિણ—કોરીયા માટે નક્કી થયેલ સરહદ ૩૮ અક્ષાંશ નહિં ઓળંગવા માટે પંડિત નેહરૂએ વિશેષ કરીને અમેરિકાને અને બ્રિટનને ચેતવણી આપી, છતાં અમેરિકાના અને બ્રિટનના લશ્કરો તે સરહદ ઓળંગી ગયા; તેથી સ્વાર્થ-પરાયણ રાજ્યો પોતાના સ્વાર્થ સાધવામાં કેટલા કુશળ છે, તેનું આ તાજું દ્રષ્ટાંત છે. સ્વાર્થ-સાધક-સત્તા-લોલુપી-રાષ્ટ્રો વિશ્વની શાંતિ કરશે એ અણ-ઉકેલ કોયડાને સમજવાની જરૂર છે.

૮. શામળદાસ ગાંધી સામે સૌરાષ્ટ્ર મહાસભાની કારોબારી સમીતિએ શીરતભંગના પગલાં લેઈને રૂખસદ આપી છે, પરંતુ—

તેજ ગાંધી નિવેદન કરે છે કે—બહુમતીના પશુ-બળથી વ્યક્તિઓનું વ્યક્તિત્વ અને સ્વાતંત્ર્ય જે દિવસે કચડાઈ જશે, તે દિવસે આપણી આઝાદીના બધાંય અરમાન ઉડી જશે; પણ તે બનશે નહિં મારા સાથીદારોએ ભરેલાં-પગલાંને ગેરકાયદેસરનું પગલું ગણું છું.

રાષ્ટ્રની કોન્ગ્રેસ સૌરાષ્ટ્રના કોઈ મુઠીભર માનવી-ઓની મીલકત હતી નહિં, છે નહિં; અને હવે પછીના દિવસો વચ્ચે પણ જરાય રહેનાર નથી.

મું. સ. તા. ૫-૧૦-૫૦

—૦—

આથી આજની સરકાર વ્યાજબી કરે છે કે ગેર-વ્યાજબી વર્તન વર્તે છે તે સમજીને પડકાર અગર સામનો કરતાં શીખવાની જરૂર છે, તે ઉપરનો પ્રસંગ શિક્ષણ આપે છે.

——૦——

૯. સેંટ પીટર્સબર્ગમાં તા ૧૯-૧૦-૫૦ ની રાત્રે ભરચક સભામાં આઇસેન હોવરે (ગત-મહાયુદ્ધના અમેરિકન વડા સેનાપતિએ) જણાવ્યું છે કે—

"યુદ્ધ માટે મને એટલો બધો તિરસ્કાર છે કે યુદ્ધ અટકાવવા માટે યુદ્ધ ખેલવાની વાતને આગળ કરવી તે કેવળ મૂર્ખતા છે. યુદ્ધથી એવી પરિસ્થિતિ ઉભી થાય છે, કે જેથી વેરઝેરની પરંપરાઓ સાથે સાધન-સામગ્રી-સંયોગો પ્રાપ્ત થતાં વધુ ને વધુ યુદ્ધો જન્મે છે સોવીયેટ-રશિયા હુમલો કરશે માટે પાણી પહેલાં પાળ બાંધવાના હિસાબે અમેરિકાએ યુદ્ધ શરૂ કરવું, એ સલાહ પણ અવિચારિ અને ઉતાવળીયા પગલા સમાન છે.

૧૦. રાજ્ય-કારણોની રાજ્ય-રમત એક એવી ચીજ છે, કે આજના દોસ્તોને તે આવતી કાલે દુશ્મનો બનાવતાં વાર લાગતી નથી.

૧૧. યુદ્ધ-દેવીના ખપ્પરમાં કોરીયાનું યુદ્ધ પત્યું નથી, અને પતી જાય તો તેટલા યુદ્ધથી યુદ્ધ દેવી તૃપ્ત થઇ નથી; તેથી તો હિન્દી ચીનમાં યુદ્ધ શરૂ થયું છે, તિબેટ પર ચીનની ચઢાઈ ચાલુ છે, અને જર્મનીમાં યુદ્ધ માટેની ભૂમિકાઓ તૈયાર થાય છે.

૧૨. "રશિયાને એશિયામાં વધુ પગ પેસારો કરતાં અટકાવવું હોય તો 'ઉગતા સૂર્યને નમસ્કાર" ની જેમ સામ્યવાદી-ચીનનો સ્વીકાર કરવાનું હાલમાં જરૂરીનું છે," આ રીતિએ અમેરિકાને બ્રીટન સમજાવે છે, અને બ્રીટનની કુનેહથી સામ્યવાદી ચીન હજુ કોરીયાના યુદ્ધમાં ઝંપલાવ્યું નથી, એમ સમજાવાય છે. આ રાજ્ય-રમતના કિસ્સાઓ છે.

૧૩. રશિયાની સાન ઠેકાણે લાવવા પશ્ચિમ યુરોપના દેશોએ અને અમેરિકાએ રશિયા સામે વ્યૂહ ગોઠવ્યો છે, અને તેથી તો રશિયા બોલે છે કે અવસર આવે પશ્ચિમ યુરોપનું માથું ભાંગવા માટે પૂર્વ-યુરોપનું સંગઠ્ઠન મ્હારે તુરતમાં કરવું.

૧૪. પાકિસ્તાનના મધ્યસ્થ સરકારના કાયદા-પ્રધાન-જોગેન્દ્રનાથ મંડળ મું. સ. માં તા. ૧૦-૧૦-૫૦ ના રોજ પોતાના પ્રધાનપદનું રાજીનામું આપતાં જણાવે છે કે—

"પાકિસ્તાનના લિયાકતઅલીખાને તા. ૮ મી સપ્ટેમ્બરનું નિવેદન બહાર પાડવા મ્હને જણાવ્યું હતું, કે જે જુઠ્ઠાણાથી ભરપુર હતું અને તે મ્હેં બહાર પાડયું હતું; કારણ કે હું તેમના હાથ નીચેનો પ્રધાન હતો, પણ હવે આવાં જુઠ્ઠાણાનો વધુ બોજો ઉપાડીને પ્રજાને છેતરી શકવાનું કાર્ય હવે મ્હારે માટે અશક્ય છે. એટલુંજ નહિં પણ હિંદુઓ માન ભરી રીતે પાકીસ્તાનમાં રહી શકે તેમજ નથી, કારણ કે પાકીસ્તાનમાં હિંદુઓ માટે સલામતિની લાગણી અને કાર્યવાહિનો સદંતર અભાવ છે.

૧૫. ચૌદમા નંબરમાં આવેલ રાજીનામા પ્રત્યે અબ્દુલમજીદ નીચે મુજબનો અભિપ્રાય ઉચ્ચારે છે—

પાકીસ્તાનના મુસ્લીમોએ જાણી લેવું જોઇએ કે ધર્માંધતા એ ઈસ્લામ શિક્ષણની વિરૂદ્ધ છે. જે રાજ્ય માનવતાના મૂલ્યાંકન કરવા પાછું પડે છે, અને ધાર્મિક-કારણોના બ્હાના હેઠળ પોતાની સત્તાના (પોતાના-રાજ્યના) શહેરીઓ પ્રત્યે ભેદ ભાવની નીતિને અનુસરે છે તે સુસંસ્કૃત રાજ્ય કહી શકાયજ નહિં.

૧૬. બાબુ શ્રી ટંડન જણાવે છે કે રાષ્ટ્રિય-મહાસભાના આગેવાનો પાસે "હિંદના ભાગલા પાડવામાં ઠીક છે." એ સ્વીકાર કરાવવામાં માઉન્ટ-બેટન રાજ્ય કુનેહ કરીને ફાવી ગયા છે. ખરેખર ! હિંદના ભાગલા પાડવામાં અને સ્વીકારવામાં ભૂલ થઇ છે, એમ હું માનું છું.

આથીજ પ્રજાની મોટી વસ્તીનો મરો, ખૂના મરકી વિગેરે ઉલ્કાપાતો, લઘુમતિ કોમોને પોતાનું વતન છોડવું પડશે, પોતાની સ્થાવર-જંગમ-મિલ્કતો મુકવી પડશે, ધાર્મિક-સંસ્થાઓ અને સ્થાનોનો નાશ, નૈતિક-આર્થિક-વ્યવહારોનો નાશ, અને વૈર વમનસ્યના કડવાશની વૃદ્ધિ ચાલુ છે, અને રહેશે એ હવે અનુભવસિદ્ધ થતું આવે છે. કારણ કે ભાગલા પાડવાના અવસરે ચર્ચીલ પાર્લામેન્ટમાં બોલ્યો હતો કે આ ભાગલાથી હિંદમાં ખુનામરકી અને આર્થિક સ્થિતિનો નાશ અને ઘસારો થશે એ અનુભવિના ઉદ્દગારો આજે સાચા પડતા જાય છે.

ઉપર જણાવેલા સોળ નંબર સુધીના વર્તમાન-કાલીન બનાવો ઉપરથી અને બનતા બનાવોનાં તાજાં-દૃષ્ટાંતથી વિવેકીયોને ઘણું ઘણું શીખવાનું પ્રાપ્ત થાય છે, અને તેથીજ બનતા બનાવોની ટુંક નોંધ અત્ર લીધેલ છે. એક એક ફકરા ઉપર પ્રકરણો લખી શકાય તેમ છે, પરંતુ બુદ્ધિમાન વિવેકિ-વાંચકો માટે ઉપરનાં સંક્ષિપ્ત-આલેખનો વિચારની વિશુદ્ધિ માટે પુરતાં છે.

---

## આજના મધ્યમ-વર્ગના જૈનોને.

૧ ભૂતકાળના ગૌરવભર્યાં ભવ્ય-પ્રસંગોના સંભારણા કરીને, અને હાથ જોડીને બેશી રહેવાનો હવે સમય નથી; પરંતુ ભૂતકાળમાં શાસનહિતકારિ જે જે બન્યું છે તેને સન્મુખ રાખીને મધ્યમ વર્ગના જૈનોએ તો વર્તમાન-જીવનને પગભર બનાવતાં શીખવું જોઇએ

૨ ગઇ કાલે હતું તે આજે નથી, અને જે આજે છે તે આવતી કાલે રહેવાનું નથી; કારણ કે અવસર્પિણીકાલના કાલ નિયમથી જે નિયમિત ઘસારો થવો જોઇએ, તે કરતાં એ પણ રીતિરિવાજ આદિ અનેક કારણોને લીધે શારીરિક-આર્થિક-નૈતિક-સામાજિક-ધાર્મિક-સાધન-સામગ્રી સંજોગો પ્રત્યે વધુ પ્રમાણમાં અધિકતર-ઘસારો માલુમ પડે છે; આ અવસરે માર્ગદર્શન આપી શકે તેવા સુવિવેકિયોએ મધ્યમ-વર્ગના જૈન સમાજના હાર્દને તપાસીને સીધો સરળ અને વર્તમાન-ભાવિ-હિતકારક-માર્ગ બતાવવો એજ સર્વદા સર્વત્ર સર્વથા લાભદાયક છે. અને તેથીજ શાસનમાન્ય-સિદ્ધાંતોને એટલે શ્રમણોપાસક-ધર્મવર્ધક-સિદ્ધાંતોને અનુસરતાં વિદ્વાનોને વાંચીને વિચારીને, પરિશીલન કરીને, ગુરૂગમ હિતાહિતની ધારણા કરીને દરેક દરેક ગૃહસ્થાશ્રમમાં રહેલા શ્રમણોપાસક વડીલોએ જીવન વ્યવહારમાં વ્યવહારૂ બનાવવા કટીબદ્ધ થવું જોઇએ.

૩. ઉકળતા ચરૂમાં હોમાઇ ગયેલી દુનિયામાં સમગ્ર જૈનોને પણ બાદ કરી શકાય તેમ નથી, પરંતુ યાદ રાખવું જોઇએ કે વિવેકની આંધળી દોટ જૈન સમાજને ભારે પડશે; માટે અવસરોચિત કાર્યવાહિમાં ઉદ્યમવંત થવું એજ હિતાવહ છે.

૪ શ્રમણોપાસક-વર્ગે અવસરોચિત-કાર્યવાહિમાં ઉદ્યમવંત થવું એટલે શ્રમસાધ્યવૃત્તિ ગમે તેવી હોય, પરંતુ તે પ્રત્યેના અણગમાને અળગો કરીને મધ્યમ-વર્ગના કુટુંબોએ એટલે નાના-મોટા-યુવાન-વૃદ્ધ-બાઇ-ભાઇઓએ ઉદ્યમ કરીને આજીવિકા માટે ઉદ્યમ કરવો જરૂરીનો છે, પણ હાથ ધરીને ભીખ માંગવી તે ઉચીત નથી.

૫ આજીવિકાના સાધનો અગવડભર્યાં હોય તો સશક્ત માણસે પોટકું ઉપાડીને, મજુરી કરીને, કપડાંને ડાઘ લાગે તો લગાડીને, પણ પોતાનું અને પોતાના આશ્રિત-કુટુંબનું પેટ ભરવા પુરતો શ્રમ કરવો જરૂરીનો છે, તેથી કંઇ જનત્વને એબ લાગતી નથી, પરંતુ ભીખ માંગવા માટે હાથ ધરવામાંજ જૈનત્વને એબ લાગે છે.

૬. ધીરધાર, વ્યાજવટાવ, વેપારવણજ, દલાલી, આડત, સટ્ટો અને વાયદાના વેપારો વિગેરે જે ઉજળા ધંધાના નામે ઓળખાતા હતા તે તુટતા જાય છે, આજની સરકારો જે જે ધંધામાં પ્રજાનો મરો અને ઘણાઓના ભોગે એક ફાવી જાય અને ચુસણનીતિમાં

તે વધતો જાય તે તે ધંધાઓ ચલાવી લેવા તૈયાર નથી. હુન્નર ઉદ્યોગોના કારખાનાઓને રાષ્ટ્રીયકરણ કરવાના રણશીંગાઓ વાગી રહ્યા છે; અને એક બાજુ મજુરીના ધંધા પ્રત્યે સુગ કેળવવાનું ખેતી વિગેરેના ધંધામાં ઘણું પાપ છે, અને કારખાનામાં કે સટ્ટામાં ઓછું પાપ છે, આવી અનેકવિધ આંધળી વિચારણાઓ કરીને મધ્યમ વર્ગ આજીવિકાના સાધનો વગર મુંઝાઈ રહ્યો છે; તેવાં મધ્યમ વર્ગના જૈનોએ પોતાની પરાપૂર્વની ઇજ્જત અને આબરૂ માટે શ્રીમંતો કંઈક કરશે તેના ભરોસે ભૂલા પડવાની ભૂલભૂલામણીમાં ભટકવું તે હવે યોગ્ય નથી. સંસારમાં રહેલા અને રહેવા માંગનાર શ્રમણોપાસકોએ વિના સંકોચે માર્ગાનુસારિનો પ્રથમ ગુણ ન્યાય-સંપન્નતાને ધ્યાનમાં રાખીને જૈન ધર્મને એબ ન લાગે તે રીતિએ આજીવિકાના સાધનમાં આગળ વધવું કે જેથી કરીને ધર્મકરણીમાં વધુ ઉજમાળ થવામાં વિલંબ લાગે નહિં.

૭. જે શ્રમણોપાસક વર્ગે સમ્યક્ત્વ ઉચ્ચરેલું હોય, બાર વ્રત-નિયમો લીધાં હોય; છતાં આજીવિકા દુઃખાતી હોય, તેવાઓને પ્રથમ આજીવિકાને વ્યવસ્થિત બનાવવાની યોગ્ય છૂટ શાસ્ત્રકારો આપે છે.

૮. મધ્યમ વર્ગના અશક્ત જૈનો માટે શ્રીમંતોએ ગુપ્ત બેઠો હોય સો જમણો હાથ આપે, અને ડાબો હાથ ન જાણે; તેટલી કાળજી રાખવાપૂર્વક ગંભીરપણે કાર્યવાહી કરવાની અનિવાર્ય જરૂર છે.

૯. મધ્યમ વર્ગના જૈનો માટે ફંડો અને ફાળા કરતાંએ હંમેશની આવક કરી શકે તેવી સાધન-સામગ્રી અને સંયોગોનું માર્ગદર્શન અને તેવાં સાધન-સામગ્રી સંયોગોમાં જોડવા માટે સાધન સંપન્નોએ તન-મન-ધનથી સક્રિય-કાર્યવાહીની જરૂર છે.

---

## આજની સરકાર હરિજન-મંદિર-પ્રવેશ-બીલમાં સુધારીને જૈનોને હંમેશની રાહત આપો.

ઇ. સ. ૧૯૫૦ ના જાન્યુઆરીની ૨૬ મી તારીખથી હિંદમાં નવા બંધારણની રૂએ હિન્દી સંઘનો વહીવટ ચાલે છે, અને-જાહેરાતથી દરેક ધર્મવાળાને પોતાની મરજી મુજબ ધર્મ પાળવાની છુટ મળે છે. જૈન ધર્મ હિંદુ ધર્મથી તદ્દન નિરાળો ધર્મ છે, તેથી હિંદુ ધર્મને ઉદ્દેશીને બહાર પાડેલું હરિજન મંદિર પ્રવેશ-બીલ આ ધર્મને લાગુ પાડી શકાતું નથી. આ સંબંધમાં હિન્દની પાર્લામેન્ટમાં વડા પ્રધાન પંડિત નેહરૂએ ખુલાસો કર્યો છે કે, જૈનધર્મ હિન્દુ ધર્મથી નિરાળો છે. જૈન મંદિરોમાં હરિજનો દાખલ ન થાય તે માટે હિન્દી સરકારે પ્રાંતોની સરકારને સૂચના આપી છે, અને એ મુજબ મુંબઈ સરકારના ગૃહ પ્રધાને સઘળા કલેક્ટરોને અને અમલદારોને પણ સૂચના આપી છે; છતાં બીલમાં સુધારો લાવીને જૈનોને-અનુસરતી કલમ કાઢી નાંખવાનું થશે તો હમેશની રાહત જૈનોને આપી ગણાશે અને તે વધુ યોગ્ય ગણાશે. આજની સરકાર ધારે તો જલ્દી તે કાર્ય કરી શકે છે.

—૦—

## વિશ્વભરનો આશીર્વાદ મેળવી શકે તેવી જૈન-સંસ્કૃતિ છે.

જૈન સંસ્કૃતિ એ પુરાતન સંસ્કૃતિ છે. જૈનધર્મ એ હિન્દુ ધર્મની શાખા નથી, અને 'જૈન અને બૌદ્ધ ધર્મ એક છે એવું કહેનારાઓએ પણ કબુલ્યું છે કે જૈનધર્મ અને બૌદ્ધ ધર્મ તદ્દન અલગ છે, બૌદ્ધ ધર્મથી પણ ઘણો પ્રાચીન જૈન ધર્મ હતો, અને છે.

ભારતીય સંસ્કૃતિનાં કળા, સાહિત્ય, વિજ્ઞાન, અધ્યાત્મજ્ઞાન અને તર્કશાસ્ત્રના ક્ષેત્રોમાં જૈનોએ જે ફાળો આપ્યો છે, તેને આંતરરાષ્ટ્રીય-ખ્યાતિ-ધરાવતા વિદ્વાનોએ કદર કરી છે; અને તેનો અહિંસાનો અને સહિષ્ણુતાનો સિદ્ધાન્ત તો આજે વિશ્વ-વ્યાપી બન્યો છે.

જૈનો બીજાઓના દૃષ્ટિ બિન્દુઓ પ્રત્યે સહુથી વધારે આદર ધરાવે છે, તેઓની સંસ્કૃતિનો પ્રારંભ ધાર્મિક-સ્વતંત્રતાથી અને ધાર્મિક-સહિષ્ણુતાથી થાય છે; છતાં તેના સિદ્ધાન્તો લોકપ્રિય બન્યા નથી. કારણ કે જૈનોનું સંખ્યા બળ ઓછું છે, અને તેના ઉચ્ચતમ

સિદ્ધાંતોનુ પાલન કરવું તે સામાન્ય માનવી માટે અતીવ મુશ્કેલ છે.

હજારેક વર્ષ પહેલાં ભારતવર્ષમાં જૈનોની સંખ્યા કરોડોની હતી, અને હિમાલયથી કન્યાકુમારી સુધી જૈનો સર્વોપરિસ્થાન ધરાવતા હતા. તેઓએ સામ્રાજ્યનું સ્થાપન કર્યું હતું, અને પ્રજાસત્તાકનો પાયો નાંખનારા પણ તેઓ હતા. સહુથી પ્રથમ પ્રજાસત્તાક રાજ્ય ઉત્તર બિહારમાં હતું, અને તે પ્રજાસત્તાક રાજ્યના મુખ્ય ગણરાજા તરીકે (પ્રજાસત્તાકના પ્રમુખ) ગણાતા હતા. શ્રીમહાવીર અને બૌદ્ધો એકજ ધર્મનાં પાલન અને ઉપદેશ કર્યાં હતાં, એ માન્યતા ખોટી છે, અને બૌદ્ધ ધર્મથી જૈનધર્મ સાવ જુદો છે અને પ્રાચીન છે.

(જૈન પુસ્તક ૪૯ મું, અંક ૪૦ ના મુખ પૃષ્ઠ ઉપરથી સારાંશ)

---

## સ્થાનકવાસિયો સંબંધિ.

૧. લોંકાશાહે મૂર્તિનો અને મૂર્તિ પૂજાનો વિરોધ કર્યો, તે પહેલાં મૂર્તિપૂજાનો વિરોધ કરનારા કોઈ હતાજ નહિં, કારણ કે સઘળા ગચ્છની માન્યતાવાળાઓ શાસન માન્ય-મૂર્તિઓ વિગેરે બધું માનતા હતા, અને આરાધતા હતા. એટલે ઐતિહાસિક-રીતિએ સ્થાનકવાસિઓની માન્યતા, અને તે મતની શરૂઆત લોંકાશાહીથી શરૂ થાય છે.

૨. લોંકાશાહ મતના પ્રચારક લખમી, ભાણા અને રૂપર્ષિ થયાં છે, પણ તેઓ મૂર્તિ અને મૂર્તિ-પૂજા-વિરોધ-સાહિત્ય લખી શકયા નથી, કારણ કે અદ્યાપિ પર્યંત તેઓની કોઈપણ સામગ્રી મળતી નથીજ.

૩. શાસન-માન્ય શ્રી પ્રવચન પરીક્ષા નામના ગ્રંથમાં લોંકાશાહના અનુયાયિઓ ૨૭ સૂત્રો (વર્તમાન કાલીન ૪૫ સૂત્રોમાંથી) અને તે સંપ્રદાયનો બીજો વિભાગ ૨૯ સૂત્રો માનતો હતો, અને તેથી એ સાબિત થાય છે કે વર્તમાન-કાલીન-સ્થાનકવાસિઓના પૂર્વજો પણ પીસ્તાલીસ આગમ માનતા હતા.

૪. જ્યારે લોંકાશાહે જૈનાગમો પરની વૃત્તિ-ચૂર્ણિ-નિર્યુક્તિ, અને પ્રકરણ-ગ્રંથો માન્ય ન રાખ્યા, અને ૪૫ સૂત્રો માન્ય રાખ્યા; ત્યારે તે કાલના મૂર્તિપૂજક વિદ્વાનોએ લોંકાશાહના મત વિરોધિ-ઉતારાઓ રજુ કરીને સૂત્ર સાક્ષિઓ સહિત મૂર્તિપૂજા સિદ્ધ કરી, એટલે મૂર્તિ સંબંધના ઉલ્લેખવાળા-આગમોને સ્થાનકવાસિઓએ તજી દેવાની શરૂઆત કરી.

૫. જૈનાગમોમાંથી મૂર્તિ-પૂજાના સિદ્ધ-ઉતારાઓ રજુ થયા, ત્યારે તે લોંકાશાહના મતાનુયાયિઓએ જણાવ્યું કે તેના અર્થ જુદા થાય છે, દેવોની કરણી સાથે શ્રાવકોને સંબંધ નથી, દ્રૌપદી મિથ્યાત્વી હતી, જંઘાચારણ વિગેરે મુનિઓ તીર્થોનાં દર્શન કરવા જાય છે, તે આરાધક નથી; આવી આવી અનેક મનોધંડત-કલ્પનાઓ ફેલવતા ગયા છે, અને વે વખતે તેના રીતસરના સમાધાનો અપાતા ગયા છે. આથી એ સિદ્ધ થાય છે કે વર્તમાનકાલીન-સર્વ આગમો-તેઓ (સ્થાકવાસિઓ) તે અવસરે માનતા હતા.

૬ વિ૦ સં૦ ૧૬૭૨ માં સમય સુંદર ઉપાધ્યાય વિરચિત સામાચારી-શતકમાં લોંકાશાહના અનુયાયિઓ ૩૨ સૂત્રો માનતા હતા, અને વિ૦ સં૦ ૧૬૨૯ માં પ્રવચન પરીક્ષાની સાક્ષિ મુજબ ૨૭-૨૯-૪૫ માનતા હતા, તો પછી ૪૪ ચુમ્માલીસ વર્ષમાં ૩૨ સૂત્રો માનવાની સંખ્યા કોણે ?, કયારે ?, અને શા કારણે નક્કી કરી ?; તેનો ઇતિહાસ તેઓના નવીન-આગમ-પ્રકાશન વખતે લખવાની અનિવાર્ય જરૂર સ્થાનકવાસિયોને છે.

૭. જેઓ પંચમ-ગણધર-શ્રી સુધર્મસ્વામિજીના સૂત્રો માને છે, અને તે સ્થાનકવાસિયોના મતની શરૂઆત લોંકાશાહથી થાય છે; તો પછી તેના મધ્ય-કાળને મનઘડંત કરનારાથી સમાધાન આપવું તે આજે વિદ્વદ્વર્ગમાં નભી શકે તેમ નથી.

૮. વર્તમાન કાલમાં બત્રીસ સૂત્રોની માન્યતા સ્થાનકવાસિયોમાં અને તેરા-પંથિઓમાં ચાલુ છે, તેરા-પંથિઓની શરૂઆત ભીખમજી નામના સાધુથી થાય છે; તો પછી શ્રીસુધર્મસ્વામી સાથેનો સંબંધ વ્યવસ્થિત રીતિએ સિદ્ધ કરવાની તેઓને જરૂર છે.

૯. સ્થાનકવાસિ-કોન્ફરન્સના આગેવાનો તરફથી જૈનાગમોનું પ્રકાશન થવાનું છે, તો સત્ય સંશોધક તે આગેવાનોએ ઉપર જણાવેલ બીનાઓને ધ્યાનમાં લેઇને બત્રીસની માન્યતા માટે ઐતિહાસિક—બીનાઓ પર પ્રકાશન પાડીને બનતું કરશે તો સ્થાકવાસિયોના હિત માટે કંઇક કર્યું કહેવાશે.

૧૦. સ્થાનકવાસિઓ તરફથી હવે પછી પ્રકાશન થનારા આગમોમાં આગમોના મૂળ પાઠો, સંશોધિત-પાઠો, પાઠાંતરો, પદ્ય-ગદ્ય વિભાગની સંસ્કૃત છાયા, ટીપ્પન, હિન્દી અને ગુજરાતી અનુવાદ આપવાના છે, તો પછી પૂર્વધરોની જૈનાગમો પરની નિર્યુક્તિઓ, ચૂર્ણિઓ અને વિદ્વવર્ય—શિરોમણિઓની વૃત્તિઓને માનવામાં અને મનાવવામાં લેશભર વાંધો. ન હોવો જોઇએ; કારણ કે પૂર્વકાલીન પ્રાતઃસ્મરણીય અર્થકારો કરતાં વર્તમાન કાલીન અર્થકારોની બુદ્ધિ-અનુભવાદિ સેંકડોગુણા ન્યૂન અને ઓછાં હશે માટે તે સંબંધિપણ વિચારણા માંગે છે. કારણ કે પૂર્વકાલમાં સૂત્ર સિવાય કંઈપણ માનવું નહિં એ આગ્રહ હતો.

૧૧. સ્થાનકવાસિયો તરફથી થતું પ્રકાશન કયા ભંડારની તાડપત્રીઓ અને હસ્તલિખિત ગ્રંથો પરથી છપાય છે ?, તેની ચોક્કસ નોંધ આપવાની કાળજી રાખવી પણ જરૂરી છે.

૧૨. વર્તમાનકાલમાં આજના સ્થાનકવાસિ—સંપ્રદાયના સાધુઓ કહે છે કે છદ્મસ્થોએ રચેલાં આગમો ૧૩ હોવાથી અમે માનતા નથી. તો એ વાત ચાલી શકે તેમ નથી; કારણ કે શ્રી પ્રદ્યુમ્નસૂરિ વિરચિત શ્રી નીશીથસૂત્ર તો તેઓ પણ માને છે.

૧૩. સ્થાનકવાસિ સંપ્રદાયે અનુવાદ સાથે બત્રીસ આગમો પ્રકાશન કરાવ્યા છે અને અનુવાદક અમુલખ-ઋષિજી હતા, તેમનો અનુવાદ માનવો અને વૃત્તિ-નિર્યુક્તિ ચૂર્ણિ કેમ ન માનવા, અને પ્રથમ પ્રકાશન કરતાં આ પ્રકાશનમાં કેટલો ફેરફાર થવાનો છે ?, તે પણ નોંધ સાથે જણાવવું જરૂરીનું છે.

૧૪. સમાચારી શતકમાં ૧૩ આગમો સ્થાનક-વાસિઓ માનતા નથી, તે આ પ્રમાણે દશપયન્ના, નીશીથ, મહાનીશીથ, અનુયોગ એમ તેર માનતા નથી; પરંતુ અનુયોગદ્વાર અને નિશીથ તો માને છે, તો પછી કયા બે લીધાં ?, અને કયા બે કાઢી નાંખ્યા ?; તેની નોંધ સકારણ ઐતિહાસિક રીતિએ નોંધ લખવી જરૂરીની છે.

૧૫. શ્રદ્ધા ઉપર નહિં ચાલનારા સંશોધકોએ પોતાના શ્રમણ નામના માસિકમાં નીચે મુજબ જણાવ્યું છે કે—

વિક્રમની પાંચમી સદીના પ્રારંભમાં વિસ્મૃતિ આદિ કારણોને લીધે પૂ. શ્રી દેવર્દ્ધિગણિ—ક્ષમાશ્રમણ તે કાલ દરમિયાન મુખપાઠ રહેલા આગમોને લિપિબદ્ધ કરવાનું વિચાર્યું અને તે કાર્ય પરિપૂર્ણ કર્યું.

એટલે આ ઉપરથી જૈનાગમો જે પ્રાપ્ત થાય છે તેઓશ્રીની દેખરેખ નીચે લીપિબદ્ધ થયેલાં મળે છે, તો પછી તેઓની માન્યતાવાળા આગમો કોણે અને ક્યારે લીપિબદ્ધ કર્યો ?,

આથી પ્રકાશન કરવાના અવસરે મૂલ—પ્રતિઓ કયા ભંડારની છે ?, કોના હસ્તકની છે ?, કે જેથી મુદ્રિત-પ્રકાશન સાથે સરખાવી શકાય તે પણ નવીન-આગમ પ્રકાશન માટે ધ્યાનમાં લેવું.

## પ્રજાનું નૈતિક-ધોરણ.

લંડન શહેરમાં વર્તમાનપત્રો વેચનાર વર્તમાન-પત્રોની સો નકલોની થપ્પી એક મકાનના ઓટલા પર કરે છે, પાસે એક ટોપલી મુકે છે, અને તે બંને

મુકીને પોતાના કામધંધામાં લાગે છે. ૭ કલાક પછી આવીને તે બંને તપાસે છે, તો વધેલી વર્તમાનપત્રની નકલો અને વેચાણ થયેલ નકલોના પૈસા બરોબર મળી રહે છે. આ પ્રજાનું નૈતિક ધોરણ બળવત્તર છે. મુંબાઈના એક પરામાં વસનાર ગ્રાહક દુકાનદાર પાસેથી કાલડા ઘીનો દશ રતલી ડબો ખરીદે છે, અને પૈસા આપે છે; થોડીવારમાં ડબ્બો જરા વાંકો છે માટે બદલી આપો એમ ગ્રાહક દુકાનદારને કહે છે, અને દુકાનદાર તે વાંકો ડબ્બો અંદર મુકીને બીજો સારો ડબ્બો આપે છે થોડીવાર પછી દુકાનદારને સહજ વિચાર આવવાથી વાંકો ડબ્બો તોડે છે તો ઘીને બદલે ભેંસનું છાણ દેખે છે. આ રીતિએ હિન્દની પ્રજાનો મોટો ભાગ અનિતિને અનુસરે છે.

આ ઉપરના બે પ્રસંગો તો નમુના રૂપે છે, પરંતુ ઘણા કિસ્સાઓ તપાશીએ તો ભારતની પ્રજાનું મોટા ભાગમાં નૈતિક ધોરણનું અધઃપતન ઠામ ઠામ નજરે પડે છે.

---

## શાસનમાન ક્રિયાકાંડ પ્રત્યે અણગમો કરનારાઓને.

જૈન પત્રના પર્યુષણા અંકમાં—"પર્યુષણ પર્વ" એ હેડીંગથી લેખ લખનાર લખે છે કે—"ઉપલક ક્રિયાકાંડો ઉપર જે ભાર મુકયો છે, તેમજ તેવા સ્ત્રી–પુરૂષોનો આદર કરવાની જે વૃત્તિ જન્માવી છે, તેનાથી સમાજનાં સાત્વિક-જીવનનાં ઝરણાંઓ ખૂબજ ઓછાં પ્રગટતાં જણાય છે." વિગેરે લખાણ છે.

આ લેખનું આંતરિક-રહસ્ય-શાસનમાન્ય-ક્રિયાકાંડ પ્રત્યે અણગમો કેળવાય, અને શ્રદ્ધાહીન કહેવાતા અક્ષર પંડિતો માટે આદર કેળવાય તો સારૂં; છતાં શ્રદ્ધા વગરના ભણેલાઓની વાસ્તવિક કિંમત અજ્ઞાની તરીકે શાસને આંકી છે તે યથાર્થ છે, તે ભૂલવા જેવું નથી.

---

## આરોગ્ય-સંબંધિ.

માર્ગાનુસારિ ગુણોમાં શરીરના રક્ષણ માટે આહારાદિક કરવાની વ્યવસ્થા જણાવી છે, કારણકે ધર્મારાધન માટે શરીરની તંદુરસ્તી, આરોગ્યતા અને સ્વાસ્થ્યતા લાભદાયિ છે. તેથીજ અત્ર આરોગ્ય સંબંધિ ઉલ્લેખ કરાય છે.

શરીરની સુખાકારીનો આધાર આહારની રસક્રિયા ઉપર છે. શરીરને અનુકૂળ છે કે પ્રતિકૂળ છે એ ખોરાકોની તપાસણીપૂર્વક આહાર લેનારાઓ માટે સ્વાસ્થ્યનો માર્ગ ખુલ્લો થાય છે. માંદગીનું મૂળ કારણ ખોરાક છે. ૨૬૦૦ વર્ષની પૂર્વે મહર્ષિ ચરક અને વર્તમાનકાલીન ડોકટરો, વૈદ્યો અને હકીમો જણાવે છે કે ઔષધથી રોગ જાથુકનો મટતો નથી, પરંતુ પરહેજી એટલે પથ્ય પાલનથી રોગનાં મૂળીઆંની જડ નાબુદ થાય છે. ડો૦ એડોલ્ફ—જુટ જણાવે છે કે "ફળોમાં તમામ ઔષધિ છે." બાઇબલ જણાવે છે કે 'તમારો ખોરાક અને દવા ઝાડપાન અને ફળમાંથી શોધી લો.' એક વીઝીટમાં વીસ વીસ સોનાંમહોર લેનાર મી. હારલે સ્ટ્રીટ જણાવે છે કે—"રોગીઓ શા માટે રોગથી ઘેરાય છે, અને હમારી પાસે આવે છે; મ્હારી તેઓને હંમેશની સાચી સલાહ છે, કે વનસ્પતિ ફળ-ભાજી વિગેરેનું વાસ્તવિક જ્ઞાન મેળવે તો કોઇ દિવસ મ્હારી પાસે આવવુંજ નહિં પડે." વનસ્પતિ આદિના જ્ઞાનની તેઓ જેમ બીજોરાથી બરોળ. સીતાફળથી મોતીઓ, મરચાંનું સેવન ઓછું કરવાથી આંખનું તેજ વધે છે, મેથીથી હરણીયું, દાડમથી અતિસાર, મરચાં વિગેરે ગરમ તીખાં તમતમા પદાર્થનું સેવન નહિં કરવાથી મોતીઓ વિગેરે થતોજ નથી, ભીંડાથી ધાતુરોગ, ઘૃત ઘસવાથી મસ્તક–પીડા, આમલીથી સંગ્રહણી, સક્કરચંદથી પાયેરીયા, છુટી પડેલા દસ્ત માટે જાંબુ, લીંબુથી કોલેરા, વરીયાળીથી નેત્રરોગ; વિગેરે આ સિવાય અનેક ઉપાયો જણાવ્યા છે. મું. સ. તા. ૩૧-૧૦-૫૦ ના પૃ-૬. ઉપરથી સારાંશ.

# સિદ્ધચક્રને ભેટ આપનારાઓ.

રૂ. ૫૧) નાગપુર-શ્રી શીવની સંઘ તરફથી શ્રી સુબોધશ્રીજીના સદુપદેશથી
રૂ. ૫૧) સુરત-શ્રી છાપરીયા શેરીના ઉપાશ્રય તરફથી
રૂ ૨૦) ભરૂચ-શ્રીમાલી પોળના ઉપાશ્રય તરફથી-હ. શ્રી ચતુરશ્રીજીના સદુપદેશથી
રૂ. ૧૫) શ્રી ડભોઇ સંઘ તરફથી-હ. શ્રી હેમસાગરજીના સદુપદેશથી
રૂ. ૧૦) શ્રી મીયાંગામ સંઘ તરફથી-શ્રી દોલતવિજયજીના સદુપદેશથી

---

**ચાતુર્માસ પછી**—વિહાર કરનારા પૂ. સાધુ-સાધ્વીઓએ પોતાના ચોક્કસ સરનામા જણાવવા કે જેથી મોકલેલ માસિક ગેરવલ્લે ન જાય.

---

**વાંચકો માટે**

આ સિદ્ધચક્ર માસિકનું વાંચન બહોળા પ્રમાણમાં વધે તે હેતુથી, અને સાથે સાથે ભેટ આવેલ રકમનો સદુપયોગ થાય તે કારણથી, પ્રાયઃ પૂ. સાધુ-સાધ્વીઓને, વાંચનાલયોને, લાયબ્રેરીઓને ભેટ મોકલવાનું શરૂ કરેલ છે. તેમજ દરેક વર્ષે ભેટ રકમ મોકલનારા શ્રી સંઘોને પણ ભેટ તરીકે મોકલાય છે. આ સિદ્ધચક્ર માસિક દરેક મહિનાની તા. ૧૭ મીએ પ્રગટ થાય છે, અને તેજ દિવસે પોસ્ટથી રવાના થાય છે. માનવંતા ગ્રાહકોને અને ભેટ રકમ મોકલનારાઓને મેળવવામાં વિલંબ થાય તો તુરત પોસ્ટકાર્ડથી નીચેના સરનામે જણાવશો. પૈસા ભરવાનું અને પુછાવવાનું ઠેકાણું નીચે મુજબઃ—

**ઝવેરી પાનાચંદ રૂપચંદ તન્ત્રી.** ઠે. શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ,
૨૨૪ શેખ મેમણ સ્ટ્રીટ—મુંબાઇ નં. ૨.

**શા. ચીમનલાલ સવાઇચંદ ખજાનચી.** ઠે. ગળેમંડી, ગોળશેરી—સુરત.

**શા. ગુણવંતલાલ જેચંદ ઠાર.** ઠે. શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ
ચાંલ્લાગલી, ગોપીપુરા—સુરત.

---

**ગ્રાહક થનારાઓ માટે**

આ સિદ્ધચક્ર માસિકના ગ્રાહક થનારાઓએ નીચેના સ્થળે રૂ. ૩-૦-૦ ત્રણ રૂપીઆ વાર્ષિક લવાજમના ભરીને ગ્રાહક થવા ચૂકવું નહિં, કારણ કે ભાવિમાં વાંચકોને વધુ લાભ મળે તેવો પ્રબંધ સમિતિ જાહેર કરનાર છે. ગ્રાહક થનારાઓની સગવડ ખાતર નીચેના સ્થળો ધ્યાનમાં રાખો. ઉપર જણાવેલા ત્રણ સ્થળો સિવાયના સ્થળો નીચે મુજબ છેઃ—

**શા. ચીમનલાલ મંગળદાસ**
પાંચકુવા, કાપડ બજાર—અમદાવાદ.

**શા નાગરદાસ ગોરધનદાસ કોઠારી.**
ઠે. કરોળીયાપોળ વડોદરા.

**શા ઋષભદેવજી છગનલાલ રામજીના પેઢી.**
દહેરા ખિડકી, ખારાકુવા, ઉજ્જૈન માલવા (C. P.

**શા. મંગળદાસ શીવલાલ.**
ઠે. કરોળીયાપોળ વડોદરા.

**શા. મગનલાલ છોટાલાલ.**
ઠે. પંડ્યા શેરી, શ્રીમાલી વાગો, ડભોઇ-વડોદરા.

**શા. અંબાલાલ લલ્લુભાઇ.**
જૈન ભોજનશાળા, નરસિંહજીનીપોળ—વડોદરા.

[ ટાઈટલ ૪ થી ચાલુ ]

લાભ લીધો છે. માળ પહેરનારાઓ ૨૨૫ની સંખ્યામાં લગભગ છે, અને તે સિવાયના પાંત્રીસામાં અને અઠ્ઠાવીશામાં છે. વિશેષમાં વળી કારતક વદ ૬ ના દિવસથી છાપરીયા શેરી-સુરતના ઉપાશ્રયે પચીસ ભાઇ બ્હેનો ઉપધાનમાં પ્રવેશ કરનાર છે.

**પાલીતાણામાં**—ચાલુ વર્ષના પ્રથમ અંકમાં-"પાલીતાણા મુકામે આઠસો લગભગ ભાઇ બ્હેનો ઉપધાનની આરાધનામાં પ્રવેશ કરનાર છે" એવું જણાવ્યું હતું, તે તે વખતના પ્રવેશ કરનારાઓની ચાલુ નોંધણીનો આંક લખવામાં આવ્યો હતો. છેલ્લા સમાચાર પ્રમાણે જંત્ર મુહૂર્તમાં થઇને ૧૭૨૫) સત્તરસો પચ્ચીસની સંખ્યાથી વધુ ભાઈ-બ્હેનોએ શ્રી ઉપધાન-તપો ધર્મની આરાધનામાં પ્રવેશ કર્યો છે. વિશાળ સંખ્યાને લીધે હજારથી અગીઆરસો લગભગના આરાધકોને આગમ-મંદિરમાં અને તે સિવાયના આરાધકોને સાહિત્ય-મંદિરમાં આરાધનાને અનુસરતી ક્રિયા કરાવાય છે. અનુક્રમે તે સ્થાનમાં ક્રિયા કરાવનાર પૂજ્ય-પન્નયાસ-પ્રવર-શ્રીચન્દ્રસાગરજી—ગણીન્દ્ર—મહારાજજીના પરમ-વિનેય-મુનિ-શ્રીધર્મસાગરજી અને મુનિ શ્રીહંસ—સાગરજી છે; અને સાથે મદદમાં મુનિ શ્રી લબ્ધિ સાગરજી તથા મુનિશ્રી પ્રબોધસાગરજી છે. આ આરાધકોમાં લગભગ નવસો ઉપરાંત ભાઈબ્હેનો માળ પહેરનાર છે. વિશાળ સંખ્યાને લીધે વ્યવસ્થામાં અગવડ હોવાની કલ્પનાને અવકાશ મળવાનો સંભવ છે, પરંતુ ક્રિયા કરાવનારા, ઉછરંગી ધર્મનારા, વૈયાવચ્ચ કરનારા, અને આરાધકોના પ્રબળ પુણ્ય પ્રભાવે અનેક અગવડો પણ સગવડ રૂપે પરિણમીને આરાધનાના દિવસો નિર્વિઘ્ને પસાર થાય છે. આરાધકોની વધુ સંખ્યા અને અનુકૂળ વ્યવસ્થા એ શ્રીસિદ્ધક્ષેત્ર-સ્થળનો પણ અચિન્ત્ય પ્રભાવ છે.

**બારડોલીમાં**--મુનિ શ્રીશાંતિવિજયજી આદિ ઠાણાની નિશ્રામાં શ્રી ઉપધાન-તપો ધર્મની આરાધનામાં ૬૦) સાઠ ભાઇ બ્હેનો લાભ લેઈ રહ્યા છે, એવા સમાચાર છે.

---

**સુરત મુકામે સમાધિ-મંદિર માટે પૂજ્ય**

પન્નયાસ પ્રવર શ્રી ચન્દ્ર સાગરજી ગણીન્દ્ર મહારાજજીના સદુપદેશથી સ્વર્ગસ્થ પુજ્ય ગુરુદેવ શ્રી આગમોદ્ધારકના સમાધિ મંદિર માટે નીચે જણાવેલા ગૃહસ્થોએ રકમો શ્રી આગમોધારક સંસ્થા પર મોકલી આપી છે.

રૂા. ૨૫૧) શેઠ મંગળભાઈ ઉર્ફે છગનલાલ લક્ષ્મીચંદ વડુવાળા.

રૂા. ૨૫૧) સોની કેસરીમલજી ચાંદમલજી મહિદપુરવાલા

રૂા. ૨૫૧) શા મગનલાલ છોટાલાલ ડભોઈ

---

**ઉજ્જૈન શ્રીવર્દ્ધમાન—તપ આયંબીલ**

**ખાતામાં** જેઠ સુદ ૮ની કાયમ તિથિ માટે રૂા. ૨૫૧) શા. હરીલાલ મોહનલાલે પોતાના સ્વ. ધર્મ પત્ની કમળાની યાદગીરી માટે શ્રી ઋષભદેવજી છગની રામજીની પેઢીપર મોકલી આપ્યા છે.

---

**વડોદરા-શ્રી નેમિનાથ ભગવાનના દેરાસરના જીર્ણોદ્ધારમાં આર્થિક—મદદ આપનારાઓના નામ**

૫૦૦૧) શ્રી વડોદરા મુકામે શ્રી ઉપધાનની ઉપજમાંથી વિ. સં ૨૦૦૬.

૨૫૦૧) શેઠ આસકરણ હેમરાજ-પારેખ-અંબેલા ફેકટરીવાળા.

૨૧૦૧) શેઠ ગુલાબચંદ માનમલ.

૨૦૦૨) શેઠ કેશરીમલજી હીરાચંદ. એટલે ૧૦૦૧) ટીપમાં, અને ૧૦૦૧) શીલારોપણ વખતે.

આ રીતિએ આ જીર્ણોદ્ધાર માટે રૂા. ૨૫૦૦૦) પચીસ હજાર ઉપરાંતની ટીપ થઈ છે, બાકીના નામો આવતા અંકમાં આવશે.

---

મુદ્રકઃ—મુલચંદ કસનદાસ કાપડીયા "જૈન વિજય" પ્રીં. પ્રેસ-ગાંધીચોક, સુરત.

પ્રકાશકઃ—તંત્રી-પાનાચંદ રૂપચંદ ઝવેરી, શ્રીસિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, લાલબાગ, ભુલેશ્વર, મુંબઈ.

# અનુમોદનીય-પ્રસંગો.

**વડોદરામાં**—ચાતુર્માસ માટે પૂ. પન્યાસ પ્રવર શ્રી ચન્દ્રસાગરજી ગણીન્દ્ર મહારાજજી આદિઠાણા આઠ પધારેલાં છે. તેઓશ્રીની શાસન-માન્ય-હિતવર્ધક દરેક પ્રવૃત્તિઓ વગેરેના વિવિધ સમાચાર આ માસિકનાં ગત વર્ષના અંક ૧૦-૧૧-૧૨ અને ચાલુ વર્ષના પ્રથમ અંકમાં પણ જણાવી ગયા છીએ. ચાતુર્માસના પ્રારંભમાં જેટલા શ્રોતાઓની સંખ્યા હતી, તે દિન પ્રતિ દિન વૃદ્ધિ પામી છે. વ્યાખ્યાનમાં સાતમું અંગ ઉપાસક દશાંગ, અને ભાવનાધિકારમાં સમરાઈચ્ચકહા ચાલુ છે, અને સાથે સાથે આવતાં દરેક પર્વોને અનુકૂળનું પણ વ્યાખ્યાન ચાલુ હતું, અને છે. અઠ્ઠાવીશ-લબ્ધિનો તપ, શ્રી નવકાર-મહામંત્રનું આલેખન અને આરાધનાની પરિસમાપ્તિ સાથે રથયાત્રાદિ શાસન પ્રભાવનાના કાર્યો થયાં, અને તે પછી અક્ષયનિધિ તપોધર્મની આરાધના પણ નિર્વિઘ્ને થઈ દરેક વર્ષ કરતાં આરાધકોની સંખ્યામાં ને આરાધનામાં અનેરો ઉત્સાહ અને વૃદ્ધિ નયન ગોચર થતાં હતાં. આરાધકોના આદર બહુમાન માટે છૂટે હાથે દાનવીરોએ ચપળ લક્ષ્મીને વાપરી વાપરીને સ્થિર કરવાની હરીફાઈ કરી રહ્યા હતાં. ઉપાસક—દશાંગના પ્રથમ અધિકારમાં શ્રમણોપાસક આણંદ શ્રાવકનો અધિકાર સાંભળીને, તે અધિકારમાં સમ્યકત્વનું સ્વરૂપ અને વ્રતોની વિચારણા સાંભળીને વ્રત-નિયમાદિ લેવાની ભાવના સ્ફુરાયમાન થઈ, અને બીજા અધિકારમાં શ્રમણોપાસક—કામદેવનું સ્વરૂપ શ્રવણ કરવાની સાથે વ્રત નિયમ લેવાનો નિર્ણય વિજયા દશમીએ જાહેર થયો. તેમાં જાવજીવના ચોથા વ્રતના પચ્ચક્ખાણ કરીને વ્રત લેનારાઓ ૨૧) એકવીશ ભાઈ બ્હેનો, ૪૭) સુડતાલીસ ભાઈ બ્હેનો બાર વ્રતવાળા, કુલ ૬૮ની સંખ્યામાં થયા; પરંતુ ૬૦ કુલ નામ છે કારણ કે ૧૧) ભાઈ બ્હેનો બારવ્રત અને ચોથું વ્રત લેનારા છે. આ સિવાય ૨૪) ભાઈ બ્હેનોએ ઓછા વત્તાં વ્રતો અને જુદા જુદા તપોધર્મની આરાધનાને અનુસરતાં અનુષ્ઠાનો કરવાના નિયમો ઉચ્ચર્યાં હતા, અને તે દિવસે શ્રેષ્ઠિ જમનાદાસ કાળીદાસ, શ્રેષ્ઠિ પટવા ભાયચંદ ત્રીભોવનદાસ શ્રેષ્ઠિ કેશરીમલજી હીરાચંદ, અને શ્રેષ્ઠિ ભીખમચંદજી તરફથી ચતુર્થ વ્રતવાળાને અને બાર વ્રતવાળાને રૂપીઓ અને શ્રીફળ આપવામાં આવ્યું હતું, તે સિવાય સર્વ વ્રતધારીઓને જુદા જુદા ભાઈ બ્હેનો તરફથી બે શ્રીફળની, બે પેંડાની, અને બે લાડુની; એમ કુલ છ પ્રભાવના તથા બાર વ્રતની પૂજા આંગી શ્રેષ્ઠિ છગનલાલ રાયચંદના સુપુત્ર શ્રેષ્ઠિ રંગીલદાસ તરફથી હતી.

**કપડવંજમાં**—પૂ. શ્રી વિજયકુમુદસૂરિજીની છત્રછાયામાં ઉપધાન તપની આરાધના આસો વદ ૬-૮ ના બંને મુહૂર્તમાં લગભગ બસો ભાઈ બ્હેનોએ પ્રવેશ કર્યાના સમાચાર છે.

**સુરત**—પૂજ્ય-પન્યાસ-પ્રવર-શ્રીચન્દ્રસાગરજી ગણીન્દ્ર મહારાજના પરમ વિનેય પં. શ્રી દેવેન્દ્ર સાગરજી આદિઠાણા ૧૨ બાર અત્ર ચાતુર્માસ છે. સવારના વ્યાખ્યાન, અને બપોરના શ્રી આવશ્યક સૂત્રની વાંચનામાં ચતુર્વિધ સંઘ અહર્નિશ લાભ લે છે. શ્રમણોપાસક-ધર્મવાસિત-ક્ષત્રિય—નરવીર - જયંતીલાલ ગણપતરામે પોતાની સ્ટાન્ડર્ડ મીલના ઉદ્ઘાટન પ્રસંગે પ્રથમ દેવ અને ગુરૂનીજ પધરામણી કરવાના ઈરાદાથી પ્રભુ પૂજા, ગુરૂપૂજા અતિ ઉત્સાહ રીતિએ ઉજવવામાં આવ્યા હતા. બહુમાન આદર પૂર્વક પ્રભુ પધરાવીને પૂજા આંગી ભાવના, અને પૂ. પં. શ્રી દેવેન્દ્રસાગરજી આદિઠાણાને આદર સત્કારથી પધરાવીને "સાચા સુખના ઉપાય" ઉપરનું વ્યાખ્યાન સકળ સંઘે એક ચિત્તે શ્રવણ કર્યું હતું. આ પ્રસંગે ગોપીપુરામાંથી નીકળીને નવાપુરા થઈને તેઓની મીલમાં પ્રવેશ કરતાં ઠામ ઠામ ગહુંલીઓ થઈ હતી. સ્વર્ગસ્થ-પ્રાતઃસ્મરણીય-આગમોદ્ધારક-શ્રીઆનંદસાગરસૂરિશ્વરજીની દેશનાથી અને પરિચયથી જૈન ધર્મમાં રંગાયેલા આ જયંતીલાલે સુરતના શ્રી તામ્રપત્ર-આગમ-મંદિરના ભોંયરામાં પ્રભુ પ્રાર્શ્વનાથના બિંબો પધરાવેલા છે. વિશેષમાં વિજયાદશમીએ અને તે પછીના બીજા મુહૂર્તમાં મળીને ઉપધાન તપોધર્મની આરાધનામાં ત્રણસો ભાઈ બ્હેનોએ

[ વધુ માટે જુવો ટાઇટલ પેજ ૩ જો. ]

श्री कैलाससागरसूरि ज्ञानमंदिर

श्री कैलाससागरसूरि ज्ञानमंदिर
श्रीमहावीर जैन आराधना केन्द्र
कोबा (गांधीनगर) पि ३८२००९

# શ્રી સિદ્ધચક્ર.

વર્ષ-૧૭-અંક-૩ જો.   માગશર માસ.   તા. ૧૭-૧૨-૫૦.

ॐ नमः सिद्धचक्राय शाश्वतानन्ददायिने ।

सर्वमन्त्रेष्वयं मन्त्रोऽचिन्त्यश्चिन्तामणीयते ॥ १ ॥ आ० बो० मङ्गलम् ॥

**ભાવાર્થ:**—સર્વ-મન્ત્રોને વિષે આ મન્ત્ર અચિન્ત્ય-ચિન્તામણિની જેમ આચરણ કરે છે, માટે શાશ્વત આનન્દને દેનારા શ્રીસિદ્ધચક્રને નમસ્કાર થાઓ. —**સુધાવર્ષી.**

## "धार्मिक" શબ્દનું રહસ્ય.

આલેખનકાર:—**પૂ-પંન્યાસ-પ્રવર-શ્રીચન્દ્રસાગરજી ગણીન્દ્ર-મહારાજજી.**

જૈન મૂર્તિ-જૈન મંદિર-જૈન જ્ઞાન મંદિર અને બાકીના સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા રૂપ સાત ક્ષેત્રો અને તેને લગતાં જૈન ઉપાશ્રય, વર્દ્ધમાન તપ આયંબીલ ખાતાં વિગેરેને લગતા વહિવટને શ્રી સંઘ (ચતુર્વિધ-સંઘ) ધાર્મિક ખાતાઓનો વહીવટ માને છે

જે સંસ્થાઓ કે જે ખાતાઓ ધાર્મિક શબ્દથી જૈન શાસનમાં જાહેર થયા હોય, અને શ્રી સંઘના તન-મન-ધનાદિ સંપત્તિઓથી નભતાં હોય, તે સંસ્થાઓએ અને તે ખાતાંઓએ એટલે તેના સર્વ-કાર્યવાહકોએ શાસનમાન્ય સિદ્ધાંતોને અનુસરતો વહીવટ કરીને મુખ્યતયા ધર્મનું રક્ષણાદિ થાય તે રીતિએ વહીવટ કરવો એજ સ્વ-પરહિતદયિ છે

**धर्मं रक्षतीति धार्मिकः, समाजं रक्षतीति सामाजिकः, अर्थं रक्षतीति आर्थिकः;**

આ રીતિએ કલિકાલ-સર્વજ્ઞ શ્રીહેમચન્દ્રસૂરીશ્વર વિરચિત શ્રી સિદ્ધહેમચન્દ્ર શબ્દાનુશાસનના હિસાબે ધાર્મિક-સામાજિક-અને આર્થિક શબ્દોની નિષ્પત્તિ અને વ્યુત્પત્તિ એટલે તે શબ્દોની બનાવટ અને સમજ બુદ્ધિમાને વિચારવા યોગ્ય છે. જે સંસ્થા આ "ધાર્મિક" વિશેષણથી વિભૂષિત બની હોય તે સંસ્થાઓએ સર્વસ્વના ભોગે પણ ધર્મનું રક્ષણ કરવા કટીબદ્ધ થવુંજ જોઈએ એમ તે શબ્દની બનાવટ અને સમજણ હૃદયપ્રદેશમાં અવશ્યમેવ સ્થિર કરવા જેવી છે.

[ વધુ માટે જુઓ ટાઈટલ પેજ ૩ જું. ]

વી. સં. ૨૪૭૭
વિ. સં. ૨૦૦૭
ઈ. સ. ૧૯૫૦.

પ્રકાશિકા—
શ્રીસિદ્ધચક્ર-સાહિત્ય-પ્રચારક-સમિતિ,
તન્ત્રી—પાનાચંદ રૂપચંદ ઝવેરી.
૨૨૪, શેખમેમણ સ્ટ્રીટ—મુંબઇ, નં. ૨

વાર્ષિક-લવાજમ.
રૂ. ૩-૦-૦
છુટક નકલ એકના-
રૂ. ૦-૪-૬

# નવીન પ્રકાશનો

પૂ. પંન્યાસપ્રવર શ્રી ચન્દ્રસાગરજી ગણીન્દ્ર-મહારાજશ્રીની પુનિત નજરથી પાવન થઇને નીચેના ગ્રન્થો ટુંક સમયમાં બહાર પડયા છે અને બહાર પડશે.

૧. શ્રી સિદ્ધહેમચન્દ્ર શબ્દાનુશાસન બૃહદ્વૃત્તિ-અવચૂર્ણિ સાથે બહાર પડી ચૂકી છે.
પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન—હે. લા. જૈન પુ. ફંડ, ઠે. બડેખાં ચકલો, સુરત.

૨. શ્રી સૂત્રકૃતાંગ ભાગ ૧ લો. (પ્રથમ શ્રુત સ્કંધ, પ્રથમ અધ્યયનથી સોળ અધ્યયન સુધીનો)
પ્રકાશક અને પ્રાપ્તિ સ્થાન—મુંબાઇ, ઠે. પાયધુની શ્રી ગોડીજી પાર્શ્વનાથજીની પેઢી તરફથી પેટા સંસ્થા જ્ઞાન સમિતિ. કિં. રૂ. ૪-૮-૦ **બહાર પડી ચૂકયો છે.**

૩. શ્રી સૂત્રકૃતાંગ ભાગ ૨ જો (બીજો શ્રુત સ્કંધ-સાત અધ્યયન વૃત્તિ સાથેનો) **પ્રેસમાં.**

૪. શ્રી ભગવતી સૂત્ર પર સ્વ૦ પ્રાતઃસ્મરણીય પૂ૦ આગમોદ્ધારક શ્રી આચાર્યદેવેશની દેશનાઓ (શાસ્ત્ર પ્રસ્તાવનાથી શરૂ થતા સૂત્રો ઉપર) લગભગ ક્રાઉન સાઇઝ આઠ પેજી ૭૦-૭૨ ફારમનો દળદાર ગ્રંથ **પ્રેસમાં**

૫. શ્રી જ્ઞાતા સૂત્ર પૂ૦ શ્રી અભયદેવ સૂરિકૃત વૃત્તિ સાથે **પ્રેસમાં**

૬. શ્રી સિદ્ધહેમચન્દ્ર શબ્દાનુશાસનમ્-કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરીશ્વર વિરચિત. દોઢ અધ્યાય-છપાદની બૃહદ્વૃત્તિ, શ્રી આનંદબોધિની વૃત્તિ અને અનેક પરિશિષ્ટો તથા શાસ્ત્ર-પ્રસ્તાવના સાથે ૬૭ ફારમનો અને ક્રોક્ષલી બ્રાન્ડ લેઝર પેપર, પાકું બાઇન્ડીંગ છતાં પ્રથમ વિભાગ રૂ. ૩૦-૦-૦ **બહાર પડી ચૂકયો છે.**

૭. શ્રી સિદ્ધહેમચન્દ્ર શબ્દાનુશાસનમ્—ચતુષ્કવૃત્તિ રાા અધ્યાય-પ્રથમ ૫ દથી દશ પાદ સુધીના મૂળ સૂત્રો; બૃહદ્વૃત્તિ સાથે ૫૦ ફારમનો ગ્રન્થ વિભાગ ૨ જો, ફુલ્સકેપ સાઇઝ, ક્રોક્ષલી-બ્રાન્ડ ઇંગ્લીશ લેજર પેપર, અને પાકું બાઈન્ડીંગ. **પ્રેસમાં**

૮. શ્રી ભગવતી સૂત્રની દેશનાઓ—આઠમા શતક ઉપર કિંમત રૂ. ૪-૮-૦
પ્રાપ્તિસ્થાન—શા. બાબુભાઈ મહેતાજી, ઠે. ગોપીપુરા, નેમુભાઇની વાડી-મુ સુરત.

૯. 'સિદ્ધચક્ર' માસિકનું નિયમિત પ્રકાશન તા. ૧૭ મીએ થાય છે, ગ્રાહક થનારે નીચેના સ્થળે નામ નોંધાવવા—

૧. ઝવેરી પાનાચંદ રૂપચંદ તન્ત્રી, ઠે૦ ૨૨૪ શેખ મેમણ સ્ટ્રીટ મુંબાઈ નં. ૨
૨. શા. ચીમનલાલ સવાઇચંદ ખજાનચી, ઠે૦ ગલેમંડી, ગોળશેરી; મુ. સુરત.
૩ **શા** ગુણવંતલાલ જેચંદભાઈ ઠાર, વ્યવસ્થાપક, ઠે૦ ચાંલ્લાગલી ગોપીપુરા, સુરત.
૪. શા ચીમનલાલ મંગળદાસ (ગુલાબચંદ નગીનદાસવાળા) ઠે. પાંચકુવા, કાપડ બજાર **મુ. અમદાવાદ**
૫. શ્રી ઋષભદેવજી છગનીરામજીની પેઢી, ઠે૦ ખારાકુવા દહેરા ખિડકી, મુ. ઉજ્જૈન (માલવા)
૬. શા. મગનલાલ છોટાલાલ, ઠે૦ પંડયાશેરી, શ્રીમાલી વાગો, મુ. ડભોઇ (વડોદરા)
૭. શા. નાથાલાલ ગોરધનદાસ કોઠારી, ઠે૦ કરોળીઆ પોળ, મુ. વડોદરા.
૮. શા. મંગળદાસ શીવલાલ " " "
૯. શા. અંબાલાલ લલ્લુભાઇ ઠે૦ જૈન ભોજનશાળા, નરસિંહજીની પોળ; મુ. વડોદરા

# સ્વ. આગમોદ્ધારકની અમોઘ-દેશના. ૧

[નોંધઃ-વિ. સં. ૧૯૯૯ના માગશર વદ-૧૦ (શાસ્ત્રીય-પો. વ. ૧૦) ના દિવસે સુરત-મુકામે શ્રીનવાપુરા મુકામે પ્રકટ-પ્રભાવિ-શ્રીપાર્શ્વનાથ-જન્મકલ્યાણક નિમિત્તે દેશના આપી હતી, અને દેશનાકાર-પ્રાતઃસ્મરણીય-ગીતાર્થ-સાર્વભૌમ-આગમોદ્ધારક-પૂજ્ય-શ્રીઆનન્દસાગરસૂરિશ્વરજી છે. આ દેશનાનો સારાંશ પૂ. પં. શ્રી હેમસાગરજી મહારાજે સંચયરૂપે કરેલો છે, અને તેઓશ્રીની પાસેથી તે મેળવીને વાચકોને વાચવાની અતીવ સરળતા પડે તે હેતુથી પૂજ્ય પંન્યાસ-પ્રવર-શ્રીચન્દ્રસાગરજી ગણીન્દ્ર મહારાજ પાસેથી પેરેગ્રાફ અવતરણ સુધારાદિ તૈયાર કરાવીને અત્ર અપાય છે. લિ૦-તંત્રી.]

## દેશનાના દિવ્ય-અવતરણો.

૧. દેવનું નિષ્કલંકપણું, ગુરૂનું મહાવ્રતધારિપણું; અને ધર્મનું દયામૂલકપણું એ જૈન-દર્શનની વિશિષ્ટતા છે.

૨. જીનેશ્વરોના વૃત્તાંતોને ધ્યાનમાં લઇને જૈનદર્શને તહેવારોની યોજના કરેલી છે.

૩. આરાધન—કરનારાઓને ઉન્નત-દશાએ પહોંચાડે, એજ હેતુથી તહેવાર રૂપ પર્વોની આરાધના છે.

૪. અન્યમતના તહેવારો જુગાર-ખાનપાનાદિ માટે છે, અને જૈન દર્શનના તહેવારો ત્યાગને ઉદ્દેશીને જણાવેલાં છે.

૫. અન્યદર્શનમાં માની લીધેલા એક દેવને એટલે એક વ્યક્તિને અનુસરીને તહેવાર યોજાય છે, જ્યારે જૈન દર્શનમાં સમષ્ટિગત-રહેલ-દેવોનાં દેવત્વાદિને અનુસરીને તહેવારો યોજાયેલા છે.

૬. પાપ-કાર્યો કરવાના નિષેધથી, અને આરાધનાના વિધાનથી જૈન-પર્વોની મહત્તા છે.

૭. આરાધનાના અને આરાધ્યતાના પરમાર્થિક ભેદને સમજતાં શીખો!

૮. આરાધનાનો આધાર શક્તિ ઉપર છે, અને આરાધ્યતાનો આધાર શ્રદ્ધા ઉપર છે.

૯. આરાધના એ મર્યાદાશીલ છે, અને આરાધ્યતા એ વ્યાપક-ભાવશીલ છે.

૧૦. આરાધના શક્તિ અનુસારે કરો, પણ સર્વ આરાધ્યપદો પ્રત્યે આદર-બહુમાન વધુ કેળવવાની જરૂર છે.

૧૧. એકની આરાધના કરનારો બીજા આરાધ્ય પદો પ્રત્યે અનાદર કેળવેતો મિથ્યાત્વમાં જાય છે; એ સમજતાં શીખો.

૧૨. આલોચના નિમિત્તે ચૌદશો-ચુમ્માલીશ ગ્રંથો બનાવનાર શ્રી હરિભદ્રસૂરીશ્વરજીના જીવન પ્રસંગોને સમજવાની જરૂર છે.

૧૩. મિથ્યાત્વમાં રાચી માચી રહેલા જગત્-જગાડનારા તીર્થંકરો છે.

૧૪. વૈરની વસૂલાત લેવાનો નિષેધ જૈનશાસન કરે છે.

૧૫. ચ્યવનકલ્યાણક અને જન્મકલ્યાણક નિમિત્તે તપસ્યા કરાય છે, પણ ગર્ભમાં આવનારા તીર્થંકરો અને જન્મ પામનારા તીર્થંકરો તે અવસરે તપસ્યા કરતા નથી; તો તે કલ્યાણકો નિમિત્તે થતી તપસ્યા શા ઉદ્દેશથી કરાય છે?

૧૬. "સંસારદાવાનલ" આ વિગેરે શબ્દો બોલનારાઓને પણ સંસાર દાવાનલ જેવો લાગતો નથી.

૧૭. પૂજ્યની પૂજા કરનારા પૂજકો પણ પૂજ્ય બને છે.

૧૮. ગુણિ વિષયક ગુણો એજ પૂજાના સ્થાન રૂપ છે.

૧૯. તીર્થંકરોના જીવોએ આત્મિક શક્તિનો વિકાસ કેવી રીતે કર્યો તેનું ખુબ નિરીક્ષણ કરો.

૨૦. કર્મથી જે મર્યો છે, તે મરેલાને મારવો એ સજ્જનનું કર્તવ્ય નથી.

૨૧. શીલા પડે, છતાં સમતા ટકાવી રાખનાર મરૂભૂતિ ભાગ્યશાલી છે.

૨૨. એક પાક્ષિક વૈરમાં દશ ભવ સુધી શ્રીપાર્શ્વનાથના જીવને સહન કરવું પડે છે.

૨૩. નવકાર-મહામંત્રના પ્રભાવથી નાગ મરીને ઇન્દ્ર બને છે.

૨૪. ઉપકારિ ભગવાન પ્રત્યે ધરણેન્દ્રની ભક્તિ.

૨૫. અનુચેત કાર્યવાહિ કરનાર કમઠ ઉપર અને ધરણેન્દ્ર ઉપર સમચિત્તવાળા થવું એજ ભગવાનની (ભવ્યક્ષમાની) પરાકાષ્ઠા છે.

૨૬. સારાસાર વિચારો એજ પ્રવૃત્તિની જડ છે.

૨૭. ક્ષમાધારિયોના દ્રષ્ટાંત દેખીને, અને જોઇને ક્ષમા ગુણને જીવનમાં ઓતપ્રોત બનાવો!

૨૮. મનુષ્યપણાને સફલ બનાવવા માટે જરૂર ક્ષમાશીલ બનો!

૨૯. કુટુંબ-પરિવારને અંગે વિચારોનું ઘડતર ઘડવાનો જેને સ્વભાવ પડયો છે, તેવાઓ માટે આત્માર્થિ-પરિવાર હોવો જોઇએ.

૩૦. જનસમૂદાય એ ગાડરીયા પ્રવાહ જેવો છે, કારણકે તે હિતાહિત તપાસવા જેટલી ફુરસદ મેળવી શકતોજ નથી.

૩૧. દૃઢ શ્રદ્ધાળુ આત્માઓના સેવકો પણ નવકાર મંત્રમાં તલ્લીન હોય છે.

૩૨. બળતા ઝેરી જાનવર સર્પને નવકાર સંભળાવવામાં અતીવ લાગણી રહેવી એ પણ શ્રદ્ધાની પરાકાષ્ઠા છે.

૩૩. કોઇનો પણ ભવ સુધરતો હોય તો સર્વસ્વના ભોગેપણ સુધારવા કટિબદ્ધ થવું.

૩૪. આરાધના કરાવવામાં લવલેશ પાછી પાની કરવીજ નહિ.

૩૫. નવકાર-મંત્રના ભાવાર્થને નહિ સમજનારો-નાગ નવકાર મંત્રના અક્ષરોના શ્રવણથી ઇન્દ્ર બન્યો તે વાત યાદ રાખો.

૩૬. કોઈ પણ જીવને ભવ-ભ્રમણથી બચાવવો એ ધર્મનું મૂળ છે.

૩૭. ભૂલને સમજ્યા વગર આંખો મીંચીને ભૂલ કહેનારાઓ ભૂલેલા છે.

૩૮. સમ્યકત્વી અને અવધિજ્ઞાની તીર્થંકરે કરેલા ઉપકારને સમજવા જેટલી જેનામાં શક્તિ નથી અને ભૂલ કાઢવાનો પ્રયત્ન કરેછે; તો તે બિચારાઓની દયા ખાવા જેવું છે

૩૯. નિયમા સમ્યકત્વી હોય તેની ભૂલ કાઢનારા એ મહા-મિથ્યાત્વી હોય છે.

૪૦. અહિંસા-ધર્મ ઉપર સર્વ ધર્મના સિદ્ધાંતો રચાયાં છે.

૪૧. કરેલી જીવદયા મહાફલદાયી છે.

૪૨. જીવોને બચાવવા માટે સર્વસ્વ સમર્પણ કરવુંજ જોઇએ.

૪૩. બચાવનારને બચાવ કરવાની બુદ્ધિને અનુસરતું ફળ મળે છે, અને બચેલો જીવ પુન્ય-પાપ કરે તેનું ફળ તો બચેલા જીવને ભોગવવાનું રહે છે.

૪૪. અશ્વને બચાવવા માટે શ્રીમુનિસુવ્રત-સ્વામિજીએ સાઠ યોજનનો વિહાર રાતોરાત કર્યો છે.

૪૫. પાણીના ભયંકર ઉપદ્રવમાં પ્રભુ પાર્શ્વનાથ નિશ્ચલ રહે છે, અને આપણે તો મચ્છરથી કે કીડીથી પણ ચલચિત્ત થઈ જઇએ છીએ.

૪૬. દરેક કાળે લશ્કરને આગળ વધવું સહેલું છે, પણ ચોમાસામાં આગળ વધવું મુશ્કેલ છે.

૪૭. કર્મ ખપાવનારે સમતાનું ધ્યેય અવશ્યમેવ રાખવું જોઇએ.

૪૮. ઘરમાં સમતા રાખનારા, નિમિત્ત વિના કે કષ્ટમાં આવ્યા વિના સમતા રાખનારા ઘણાં નીકળશે, પણ ઉપસર્ગાદિ કષ્ટ આવે અને શક્તિ હોવા છતાં સમભાવે સહન કરવું એજ જીવનની સફલતા છે.

૪૯. સમતાના સુંદર ફળ ખંધકમુનિએ અને ગજસુકુમાળજીએ ચાખ્યાં.

૫૦. કસોટી પર ચઢેલું સોનું પરખી શકાય છે, તેમ કસોટી કાળે માણસની પરીક્ષા થાય છે.

૫૧. શ્રી પાર્શ્વનાથના પ્રથમ ભવની સમતાનો અને છેલ્લા ભવની સમતાનો અભ્યાસ કરીને સમતાના સાગર એ મહાપુરૂષને હૃદય સન્મુખ રાખવા પૂર્વક જીવનને સમતામય બનાવતાં શીખો !

૫૨. સમતા રાખનારને અણધારેલ ગેબી મદદ આવી મળે છે.

૫૩. તીર્થંકરો પ્રબળ પરિસહોમાં અને ઘોર ઉપસર્ગમાં કોઇની પણ મદદ ઇચ્છતાંજ નથી.

૫૪. પ્રતિકુળ સંયોગોમાં બચવા માટે જે બીજાની મદદ માંગે નહિ, બચવાના સાધનો માંગે નહિ, તે સંબંધિની એટલે બચવા માટેની આકાંક્ષા પણ કરે નહિ તે પોતાના આત્માના ઉચ્ચદશાનું સૂચન કરે છે.

पातु वः श्रीमदर्हन्नुः संक्रान्ततनुरेकदा।
उद्धर्तुमिव विश्वानि श्रीपार्श्वोबहु सुखदः ॥१॥

## જૈન-પર્વોની મહત્તા.

મહાનુભાવો ! શાસ્ત્રકારો જણાવે છે કે અન્ય-સર્વ દર્શનો કરતાં જૈન દર્શનની વિશિષ્ટતા દેવ નિષ્કલંક હોવાને લીધે, ગુરૂના મહાવ્રતધારીપણાને લીધે, અને ધર્મ દયા મૂલકને લીધે; તે સહેજે અનુભવી શકાય છે. તેમાં જૈનોમાં જે તહેવારો રાખ્યા છે, તેમાં પણ ખુદ જીનેશ્વરોનાં વૃતાંતોને ધ્યાનમાં લઇને આત્માને ઉન્નતિની દશાને પહોંચાડે તેજ હેતુથી તેવાજ તહેવારો રાખ્યા છે. અન્યમતના તહેવારો જુગાર-ખાન-પાન-શોભા અને ઘરેણાં-ગાંઠાને અગ્રપદ આપે છે, અથવા તો તેના ઉપયોગને માટે તેઓએ તહેવાર કલ્પેલા છે; જ્યારે જૈન-દર્શનમાં તહેવારો પણ ત્યાગ માટેજ કર્યાં છે. બીજાઓમાં માત્ર પોતાના માની લીધેલા દેવનાજ નામે તહેવારો છે, અને પોતાનાજ નામથી અનેક તહેવારો પ્રવર્તાવવામાં આવ્યા છે; જ્યારે જૈન-દર્શનમાં એકલા શ્રી મહાવીરને નામે તહેવાર નથી. ચૈત્રી પુનમના પર્વ સાથે શ્રીમહાવીરને કશો સંબંધ નથી. તેવીજ રીતે અક્ષય ત્રીજને અંગે વિચારીશું તો તેને અંગે પણ શ્રીમહાવીરને કશો સંબંધ નથી. શ્રી પુંડરીક સ્વામિ નામના શ્રી આદીશ્વર ભગવાનના પ્રથમ ગણધર પાંચ ક્રોડ મુનિની સાથે સિદ્ધિપદને પામ્યા છે તેથી ચૈત્રી-પુનમનો દિવસ તહેવાર તરીકે ગણાયો, તથા શ્રી આદીશ્વર ભગવાને બાર માસનું પારણું શ્રી શ્રેયાંસને ઘેર શેલડીના રસથી કર્યું તેથી અક્ષય ત્રીજ-વૈશાક સુદી ત્રીજ એટલે અક્ષય તૃતીયાનો દિવસ તહેવાર તરીકે ગણવામાં આવ્યો. જૈનોના પર્વ દિવસોના કાર્ય તદ્દન જુદાજ છે, જ્યારે જૈનેતરોના તહેવારોમાં તો જુગાર આદિ ખેલાય છે, ત્યારે જૈનપર્વોમાં પાપકાર્યો કરવાનો નિષેધ છે. એટલુંજ નહિં પણ તે દિવસે આત્માનું ધ્યાન, યાત્રા, પૂજા, સ્વામિભક્તિ તથા ઉપવાસાદિ તપશ્ચર્યા વિગેરે કરવાનાં હોય છે.

## આરાધના અને આરાધ્યતા.

તે આરાધના આ ઉપરથી વિચારીશું તો માલમ પડશે કે અનેક તીર્થંકરોને લીધેજ જૈનોનાં પર્વો થયા છે, નહીં કે એકલા શ્રીમહાવીર-મહારાજાને લીધેજ તે પર્વો થયાં છે. જૈનોએ તીર્થંકરોના કલ્યાણકો આરાધવાના રાખ્યા છે, પણ એકલા શ્રી મહાવીરના કલ્યાણકોની આરાધન કરી કૃતાર્થ પણું નથી માન્યું, કલ્યાણને કરનાર હોવાથી કલ્યાણક દિનને તહેવાર રૂપ જણાવ્યા છે. મહાપુરૂષોના જન્મના દિવસો, દીક્ષાના દિવસો, દેવલોકાદિથી દેવભવાદિ મુકીને માતાની કુક્ષિએ આવવું તે ચ્યવનના દિવસો, કેવળજ્ઞાન પામ્યા ના દિવસો, તથા મોક્ષ પામ્યાના દિવસો, એ જગતના પ્રાણીઓનું એકાંતે કલ્યાણ કરનાર હોવાથી તેને કલ્યાણક રૂપે તહેવાર ગણવામાં આવ્યા છે સમગ્ર તીર્થંકરોના કલ્યાણકોને આરાધના કરવાની શક્તિ ન હોય તો એકાદિ તીર્થંકરનું કલ્યાણક આરાધો તે વાત જુદી છે. આરાધના અને આરાધ્યતા એ બંને જુદી જુદી ચીજ છે. આરાધના એ શક્તિ ઉપર આધાર રાખે છે, અને આરાધ્યતા એ શ્રદ્ધા ઉપર આધાર રાખે છે. આરાધના ઓછીવત્તી થાય પણ આરાધ્યતા સર્વ-આરાધ્યોને અંગે હોવીજ જોઇએ. સર્વેના તિર્થંકરો કલ્યાણકો આરાધ્ય તો છેજ, છતાં આપણે એકલા શ્રી મહાવીર પરમાત્માના કલ્યાણકોની આરાધના કરી શકીએ આરાધના કરવી તેનો બધો આધાર શક્તિ ઉપર છે, કારણ કે આરાધન કરવાપણું તો બધા અધિકારોમાં રહેલું છે. શ્રીઋષભદેવના અને અજીતનાથજીના તેમજ ચોવીશે તીર્થંકરોના પાંચે કલ્યાણક આરાધનીય છે. આરાધના ભલે એકની કરીએ, કે પાંચની કરીએ; પણ આરાધ્યતા એ શક્તિ ઉપર આધાર રાખતી નથી. આરાધ્યતા એ શ્રદ્ધા ઉપર આધાર રાખે છે, તેથી ચોવીસ તીર્થંકરોના અને દરેક તીર્થંકરોના પાંચ પાંચ કલ્યાણક ગણતાં એકશોને વીશ કલ્યાણક આરાધવા લાયક ગણીએ છીએ. બધાની આરાધના ન કરીએ તેથી આરાધ્યપદસ્થિત ભગવંત પ્રત્યેની આરાધ્યતા ઉડી જતી નથી.

## કલ્યાણક કેમ કહેવાય છે?

દુનિયામાં એક ગતિથી બીજી ગતિમાં જવું તો ઘણા જીવોનું થાય છે. એટલે જન્મ પામવું વ્યવહારમાં આગળ વધવું અને દીક્ષા લેવી વિગેરે ઘણા જીવોનું થાય છે. છતાં પૂ. શ્રી તીર્થંકરના જીવોનું તે તે બધું કાર્ય કલ્યાણક કેમ કહેવાય છે? તો તેના ઉત્તરમાં જણાવવાનું કે તેઓ એ આગલા ત્રીજે ભવે તીર્થંકર નામ કર્મ બાંધેલું છે. તીર્થંકર નામ કર્મના પ્રભાવે આ ભવે તીર્થંકર થવાના છે, અને અનેક જીવોને બોધ કરી ધર્મ પમાડવાના છે; એવા મોટા પુરૂષ થવાના હોવાથી તેમનું ચ્યવન, તેમનો જન્મ, તેમની દીક્ષા, તેમનું કેવળજ્ઞાન; તથા તેમનું મોક્ષ એ બધું કલ્યાણકદિન તરીકે એટલે મહા ઓચ્છવના દિવસ તરીકે ગણવામાં આવે છે. અને તેના આરાધનથી આરાધન કરનાર પોતે પણ કોઈક દિવસ તે પદવી પ્રાપ્ત કરી શકે છે. આમ હોવાથી જગતના પ્રાણીઓને તે દિવસો કલ્યાણક રૂપે આરાધવાના કહ્યા છે. એક વ્યવહારિક દૃષ્ટાંત લઇએ, એક રાજાને ત્યાં પુત્ર જન્મે તો તે દિવસ ખુશાલી તરીકે આખા દેશમાં પળાય છે, કારણ કે દુનીયાના બીજા પ્રાણીઓ કરતાં તેની પુન્યાઇ ચઢીયાતી છે; તો પછી આતો ત્રિલોકના નાથ એટલે ત્રણ જગતના અધિપતિ છે તેથી તેઓના ચ્યવન-જન્માદિને કલ્યાણ કરનારરૂપે મનાય છે. અનાદિકાળથી આ જગત અજ્ઞાનમાં ને મિથ્યાત્વમાં રાચીમાચી રહેલું છે, તેમને શુદ્ધ માર્ગ બતાવનાર તે તીર્થંકરો છે. અને તેઓ મહાપુરૂપ થવાના છે; તેથી તેમના જન્માદિકના દિવસો અવશ્ય આરાધન કરવા જોઇએ, તે વાત હવે દૃઢ થઈ ગઈ. અને તેથીજ ચોવીશ તીર્થંકરોનાં એટલે દરેકનાં પાંચ ગણીએ તો ૧૨૦ કલ્યાણક આરાધના કરવા લાયક ગણીએ છીએ.

## નક્કી થયેલા ગ્રંથોનું ગુંથન.

આરાધના ન કરીએ તેથી આરાધકોના હૃદયગત આરાધ્યપદો પ્રત્યેની આરાધ્યતા ઉડી જતી નથી. દેશાણો રાજા અથવા અમુક મનુષ્ય દશાણું પદ કે અમુક પદ આરાધી મોક્ષે ગયો. આરાધ્યતામાં જો

એકનીજ આરાધ્યતા માનો, અને બીજા તીર્થંકરાદિ પદો પ્રત્યેની આરાધ્યતા ન સ્વીકારો તો મિથ્યાત્વમાં જાવ. આરાધના ભલે એકની કરો પણ બીજા આરાધ્ય નથી, એટલે આરાધવા લાયક નથી, તેમ માનો તો મિથ્યાત્વમાં જાવ. આરાધનાનો આધાર શકિત ઉપર છે, અને આરાધ્યતાનો આધાર શ્રદ્ધા ઉપર હોવાથી ૧૨૦ કલ્યાણકને આરાધ્ય તરીકે ગણીએ છીએ. આરાધના માત્ર મોક્ષ કલ્યાણકની કરે તે આરાધનામાં મોક્ષે જતી વખતે તીર્થંકર દેવોએ જે તપને કર્યું હોય તે તપ કરે અગર પોતાની શકિત મુજબ તપ કરીને પણ તે કલ્યાણકનું આરાધન કરે વળી જે દીક્ષા કલ્યાણકની આરાધના તેમાં ભગવાને દીક્ષા વખતે જે તપસ્યા કરી હોય તે તપ કરીને અથવા પોતાની શકિત અનુસાર તપ તે નિમિત્તે કરીને તેની આરાધના ભવિ પ્રાણી જરૂર કરે છે. જેમ દીક્ષાતપ, તેમ નિર્વાણ તપ; એ બંન્ને તપ કરીને ઉપરોક્ત બન્ને કલ્યાણકની આરાધના ભવિ પ્રાણીઓ અવશ્ય કરે છે. શ્રી હરિભદ્રસૂરિજી કે જેઓ ચૌદશો ચુમ્માલીસ ગ્રંથના કર્તા હતા, તેમણે શાસન માન્ય આવેલ આલોયણમાં નક્કી થયેલા ગ્રંથો બનાવવાનું કામ માથે લીધું હતું; તે વિચારવા જેવું છે.

### આલોચના લીધી.

તે વિષે જૈન શાસ્ત્રમાં એવી કથા છે કે-તેઓએ પોતાના બે શિષ્યોને બૌદ્ધધર્મનો અભ્યાસ કરવા બૌદ્ધના ગુરૂ પાસે મોકલ્યા હતા. પાછળથી તે બૌદ્ધના ગુરૂને માલમ પડયું કે આ તો જૈનો છે તેથી તેમની પરીક્ષા કરવા સારૂ, ભણવાના સ્થાને આવતાં વચમાં જૈનોને માન્ય મૂર્તિ પધરાવી. વળતે દિવસે તે બન્ને શિષ્યો જ્યારે ભણવા આવ્યા ત્યારે તેઓએ તે મૂર્તિને જનોઇનો આકાર કરીને તેઓ ઉપર ભણવા માટે ગયા, અને તે વાતની બૌદ્ધના ગુરૂને જ્યારે માલમ પડી ત્યારે તેણે ક્રોધે ભરાઇને મંત્રવિદ્યાથી તે બન્ને જણને મારી નાંખવાનો વિચાર કર્યો. તે બન્ને શિષ્યો સમજી ગયા, અને ત્યાંથી પોતાના ગુરૂ પાસે નાઠા. એક જણ તો વચમાં મરણ પામ્યો, ત્યારે બીજાએ ગુરૂ પાસે જઇને બનેલી સઘળી હકીકત ગુરૂને કહી સંભળાવી, તે વખતે તેમને એટલે શ્રી હરિભદ્રસૂરિજીને બૌદ્ધોના ઉપર ક્રોધ ચઢયો અને ગૃહસ્થો પાસે એકદમ તેલનું કડાયું અગ્નિ ઉપર મુકાવીને તેમાં ચૌદશો ચુમ્માલીસ બૌદ્ધોને મારી નાંખવાનો વિચાર કર્યો છે, અને તે સંબંધમાં સઘળી તૈયારીઓ થઈ રહી છે. આ વાતની ખબર તેની નજીકમાં રહેલા સાધ્વીના ઉપાશ્રયમાં રહેતાં યાકીની મહત્તરાને પડી છે. તેમણે તુરતમાં આલોયણ લેવાના બ્હાને ગુરૂ પાસે આવીને આલોયણ-પુછી કે મારા પગ તળે એક દેડકી કચરાઇને મરી ગઇ છે, તેની મને આલોયણ આપો. ત્યારે ક્રોધાવેશમાં તે ગુરૂએ અઠ્ઠમ કરજે એવું કહ્યું. તે વખતે વૃદ્ધ સાધ્વીજીએ કહ્યું કે સાહેબ હું તો એક અઠ્ઠમ કરીશ, પણ આપ ચૌદશો ચુમ્માલીસને મારવા તૈયાર થયા છો; તો કેટલા અઠ્ઠમ-કરશો ?, આ વચન સાંભળતાંની સાથેજ ગુરૂને પોતાના કાર્યનો બહુજ પશ્ચાતાપ થાય છે. અને મંત્રના પ્રભાવે કાગડા કરીને બોલાવેલા ચૌદશો ચુમ્માલીસ બૌદ્ધોને ખમાવીને પાછા તેઓને તેમના સ્થાનકે મોકલ્યા છે. તે પછી 'યાકિની મહત્તરા સુત' એવું પોતાનું નામ તે દિવસથી પોતે રાખ્યું, અને તેઓને મારવા સંબંધ કાર્ય કરવા તૈયાર થયા તેને માટે ચૌદશો ચુમ્માલીસ ગ્રંથ બનાવવાની આલોયણ લીધી છે.

### કલ્યાણક સંબંધિ-આરાધના.

તેઓએ અષ્ટકજી વિગેરે ઘણાં ગ્રંથો બનાવ્યા છે, કે જે ગ્રંથો આજે પણ ઉપલબ્ધ છે. "સંસારદાવા નલદાહનીર" વિગેરે પણ તેમની કૃતિઓ છે, એમ જાણવા મળે છે. તો તેવા શ્રી હરિભદ્રસૂરિજીએ શ્રી પંચાશક-શાસ્ત્રમાં ખૂલ્લા શબ્દોમાં જણાવ્યું છે કે ગર્ભમાં ચ્યવન કલ્યાણક વખતે, તથા જન્મ્યા પછી જન્મ કલ્યાણક વખતે તો ભગવાનને તપસ્યા હોતીજ નથી. એટલે જે તીર્થંકરો માત્ર દેવલોકમાંથી ચ્યવીને આવે તેઓના ચ્યવન કલ્યાણક વખતે તપસ્યા હોતી નથી. તેમજ માતાની કુક્ષીએથી જન્મે ત્યારે પણ તપસ્યા તો હોતીજ નથી; છતાં પણ શાસ્ત્રકારોએ ત્યાગનુંજ એમ

રાખેલું હોવાથી તે તે કલ્યાણકને આરાધવાવાળા જીવોએ તે તે દિવસે કાંઇને કાંઇ તપ અવશ્ય કરવુંજ જોઇએ, એટલે છેવટે એકાસણું પણ કરવું જોઇએ. કલ્યાણકનું આરાધન છુટા મોઢે ખાઇને કરવાનું કીધું નથી. ઓછામાં ઓછું એકાસણું તો અવશ્ય કરવું જોઇએ. ચ્યવન તથા જન્મ વખતે ભગવાનને એકાસણું નથી, તોપણ તીર્થંકરનું આરાધન ત્યાગ માટે છે. તેથી જઘન્યમાં જઘન્ય દરેક તીર્થંકરના કલ્યાણકે એકાસણું તો આરાધન કરવાનું રાખ્યુંજ છે. ઉકાળેલું પાણી વાપરે, અને એક આસને બેસીને એક વખતજ જમી લે, પછી જમવાનું નહિં તે એકાસણું છે. તેવી રીતે જૈનોમાં-ઉપવાસ આંબેલ-છઠ્ઠ-અઠ્ઠમ વિગેરે તપસ્યાઓ કહેલી છે. ઉપવાસમાં ચારે આહારના પચ્ચખાણ એટલે કાંઈ ખાવાનું નહિ. આયંબિલમાં લુખું છ વિગઇથી રહિત રસકસ વિનાનું ભોજન ઉષ્ણ પાણી વાપરવા સાથે એકજ વખત કરે તે આયંબીલ છે. છઠ્ઠ તે બે દિવસના આહાર ત્યાગ રૂપ છે. એવી રીતે અઠ્ઠાઈ એટલે આઠ દિવસના આહારના ત્યાગ રૂપ પચ્ચક્ખાણ પાસખમણ તે પંદર દિવસના આહારના ત્યાગ રૂપ પચ્ચક્ખાણ, અને માસખમણ તે મહિના સુધી આહારના ત્યાગ રૂપ પચ્ચક્ખાણ કરવાના છે. જેવી પોતાની શક્તિ હોય તે પ્રમાણે તપસ્યા કરી કલ્યાણકોનું આરાધન ભવીપ્રાણીએ કરવું જોઇએ તેનાથી ઉત્તમપદ મોક્ષની પ્રાપ્તિ થાય છે.

## પોષદશમ એટલે શું ?

ઢોરનો સ્વભાવ છે કે તેની આગળ તમે જે કાંઈ ધરો તેમાં ઘાસ વિગેરે જે મળે તે ખાવું માટે ઢોરમાં અને મનુષ્યમાં વિવેકનો ફરક કહેવાય છે તેનો ઉપયોગ આપણે ક્યાં કર્યો ? કહો કે નહિંજ કોલસામાં અને હીરામાં ફરક માત્ર તેજનો છે. તેવી રીતે મનુષ્ય સ્વાભાવે મનુષ્ય છે. છતાં પણ મનુષ્યપણામાં વિવેક આવવો જોઈએ જઘન્યમાં જઘન્ય ઉપવાસ કરે, અગર આયંબિલ કરે અને તે કઠણ પડે તો એકાસણું તો આરાધના નિમિત્તે જરૂર કરવું જોઇએ. દરેક કલ્યાણકને અંગે તપ વિગેરે નિયમિત કર્યું છે. હવે આપણે એ વિચાર કરીએ કે કલ્યાણકોને તહેવારના દિવસો શાથી કહ્યા છે ? આજનો દિવસ માગશર વદ દશમ એટલે પોષ દશમ તરીકે કહેવાય છે, શાથી ? આપણા દેશમાં વદમાં મહીનાની સમાપ્તિ થાય છે, જ્યારે બીજા દેશોમાં શુદમાં મહિનાની સમાપ્તિ કહેવાય છે અને તેથી જેમ માગશર શુદી પુનમે માગશર મહિનો પુરો; તેમ બીજા મહિનાં માટે સમજવું શુદ એટલે શુકલ પક્ષ યાને અજવાળીયું પક્ષ અને વદ એટલે કૃષ્ણ પક્ષ યાતે અંધારીયું પક્ષ આપણા દેશમાં અંધારીયા પખવાડીયાની સમાપ્તિ થાય ત્યારે મહિનાની સમાપ્તિ થઈ ગણાય છે, જ્યારે બીજા દેશોમાં અજવાળીયાનું પખવાડીયું સમાપ્ત થાય એટલે મહિનો પુરો થયો ગણાય છે. તો આજનો દિવસ તે આપણી અપેક્ષા એ માગશર વદી દશમ છે, પણ શાસ્ત્ર રીતિએ અને જ્યોતિષગ્રંથની રીતિ એ તથા બીજા દેશોની અપેક્ષાએ માગશર શુદી પુનમે મહિનો પુરો થયો એટલે આપણે માગશર વદી એકમ તે પોષ શુદી એકમ ગણુય છે. એ હિસાબે આજનો માગશર વદી દશમનો દહાડો પોષ દશમ કહેવાય છે. તે શાસ્ત્રોની અપેક્ષાયે તથા અન્ય દેશવાળાઓની અપેક્ષાએ જાણવું.

## પૂજક પૂજ્ય બને છે.

આજના દિવસે આપણા ત્રેવીસમા તીર્થંકર ભગવાન શ્રી પાર્શ્વનાથજીનું જન્મ કલ્યાણક હોવાને લીધે, આજનો દિવસ કલ્યાણક તરીકે ગણીએ છીએ. આપણે ચોવીસ તીર્થંકરોને માનનારા હોવાથી તેમના જન્મના દિવસો કલ્યાણક તરીકે ગણીએ છીએ મેરૂ-તેરસ એટલે પોષ વદી ૧૩ તે દિવસે આદિનાથજી ભગવાનનું મોક્ષ કલ્યાણક માન્યું છે તેમજ ચૈત્ર શુદી તેરસે ચરમ તીર્થંકર શાસનના અધિપતિ શ્રી મહાવીર પરમાત્માનો જન્મ દિવસ હોવાથી તે દિવસે આપણે

જન્મ કલ્યાણક માનીએ છીએ તેવીજ રીતે જે જે દિવસે તીર્થંકરોના જન્મ-ચ્યવન-દીક્ષા કેવળ ને મોક્ષ થયા હોય તે તે દિવસોને કલ્યાણક માનવામાં આવે છે. તેવી રીતે આજે પોષદશમ એટલે પાર્શ્વનાથ ભગવાનનો જન્મ દિવસ કલ્યાણક ગણવામાં આવે છે. તેની આરાધના કરવાને માટે જ્યારે આપણે તૈયાર થઈએ ત્યારે પાર્શ્વનાથજી ભગવાનની ઉત્તમતા જરૂર મગજમાં આવવી જોઇએ. આ કલ્યાણકનો દિવસ છે, તેને અંગે દરેકને ધ્યાન રહેવું જોઇએ કે જે મહાપુરૂષે દુનીયામાં જન્મ લઇને જીવી જાણ્યું, અને જગતને અહિંસામય ધર્મ બતાવ્યો, તથા સાથે સાથે પોતે પણ તે ધર્મને પાળી બતાવ્યો. દુનીયાનું અજ્ઞાન તથા મિથ્યાત્વ દૂર કર્યું, તેવા તે મહાપુરૂષ તેમનો આજે જન્મ દિવસ, ધન્ય ભાગ્ય, ધન્ય ઘડી કે એ સોનેરી દિવસને આરાધવાની મને તક સાંપડી. તે મહાપુરૂષના ચરિત્રનો પુન્યાઇનો વિચાર કરી તેમને પૂજીએ તેમનું આરાધન કરીએ કે જેથી તેમની તુલ્ય આપણે પણ થઈ શકીએ. કારણ કે કહ્યું છે કે-'પૂજા કરતાં કરતાં પ્રાણીઓ પૂજ્યની બરોબર થાય છે.'

## મરૂભૂતિનો શુભ-સંકલ્પ.

ભગવાન શ્રી પાર્શ્વનાથજી પણ એક વખત આપણા જેવાજ જીવ હતા. ત્યારે તેઓ પૂજનીક કેમ બન્યા? તેનો વિચાર કરવો જોઇએ. જ્યારે આત્મામાં ગુણો પ્રાપ્ત થાય છે ત્યારે તે પૂજનિક બને છે. "गुणाः पूजास्थानं, गुणिषु न च लिंगं न च वयः" ગુણ એજ ગુણિમાં પૂજાનું સ્થાન છે, પણ લિંગ કે વય પૂજાનું સ્થાન નથી. તેથીજ માનવ ધર્મરૂપે આપણે અને ભગવાન સરખા હોવા છતાં પણ તેઓએ પોતાના આત્મિક ગુણ પ્રગટ કર્યા તેને લીધે તેઓ પૂજનિક બન્યા. એ જીવે પોતાના આત્માની શુદ્ધિ કરી તે લાઇન તપાસીએ તો માલમ પડશે કે એ શુદ્ધિની લાઈને આપણા આત્માને લઈ જઇએ તો આપણા આત્માને જરૂર નિર્મળ કરી શકીએ. તેમનામાં રહેલા એક એક ગુણને વિચારો. તેમની ક્ષમા ગુણની હદ અદ્વિતીય હતી. દુનીયાદારીની સ્થીતિએ ક્ષમા સહન ન થાય તો બીજી દૃષ્ટિએ સહન થાય કેમ?, પહેલા ભવમાં ઉપદ્રવ કરનાર કમઠ અને પાર્શ્વનાથજીનો જીવ બન્ને ભાઈઓ હતા, શ્રી પાર્શ્વનાથજીના જીવનું નામ મરૂભૂતિ હતું અને કમઠના જીવનું નામ ત્યાં પણ કમઠ હતું. બન્ને સગા ભાઈઓ હતા. કમઠની કુટિલતાએ શ્રી પાર્શ્વનાથનો જીવ મરૂભૂતિ, તેની સ્ત્રી સાથે ખરાબ પ્રવૃત્તિ કરી, મરૂભૂતિ કે જે પાર્શ્વનાથજીનો જીવ હતો તેણે રાજાને જણાવ્યું તે ડરથી તે કમઠ તાપસ થયો, એટલે ગુનેગાર થયા પછી કમઠ તાપસ થયો અને પંચાગ્નિ તપ કરવા લાગ્યો. અજ્ઞાન કષ્ટ આચરે છે, વનમાં રહે છે, ટાઢ તાપ સહન કરે છે, ફળફૂલ ખાય છે; અને મિથ્યાત્વનું સેવન કરે છે. મરૂભૂતિને વિચાર આવ્યો કે ખરેખર તેના કર્મથી તેનો આત્મા ડુબ્યો. અરેરે કર્મથી મર્યો, તો તે મરેલાને મારવો તે મ્હારા જેવા સજ્જનને શોભતું નથી, માટે હું તેને ખમાવા જાઉં.

## એક પાક્ષિક વૈર.

વિચાર કરજો પ્રથમ ભવથીજ ભગવાન પાર્શ્વનાથ જીવની કેવી ક્ષમા? દુનીયાદારીની દૃષ્ટિએ જો વિચારીએ તો તેના હાડકા ઉપર પણ થૂંકે નહિં, તે જગો પર ખમાવા જાય છે. પેલો કમઠ શીલા પાસે પંચાગ્નિ તપસ્યા કરે છે. મરૂભૂતિ ખમાવા આવે છે, તેના ઉપર કમઠ સિદ્ધી શિલા ફેંકે છે. વિચાર કરજો કે આ વખતે મરૂભૂતિના પરિણામ કેવા હોવા જોઇએ? ગુનેગાર ઉલટો શીલા મારે છે, તે વખતે શીલા પડતાં પણ શ્રી પાર્શ્વનાથજીનો જીવ પવિત્રતા રાખી શકયો તે કઈ સ્થીતિનો આત્મા?, કહો કે ઉત્તમ કોટિનો આત્મા. કમઠ તો અધમ છે, ગુન્હો કરનાર છે; છતાં પાર્શ્વનાથજી મનથી પોતે પવિત્ર છે. તેથી ખમાવા જાય છે. તેમાં કમઠ મરૂ

જીતની ઉપર શીલાં નાખીને મારી નાંખે છે. કહો ભાવે ટાઇમે સમતાનો અંશ પણ ટકી શકે ?, કહેવું પડશે કે ના, છતાં પણ ત્યાં મરૂભૂતિએ સમતા ટકાવી, અને કમઠના મનમાં રહેલું વેર તો ભવોભવ ચાલ્યું. આ એક પાક્ષિક વેર છે. મરૂભૂતિ પોતે ખમાવા ગયો છે, વગર ગુને ખમાવા ગયો છે; કમઠને એક પાક્ષિક વેર છે, કારણ કે કમઠને તો તે વેર રૂપ ઝેર મટયું નથી.

## નમસ્કાર મહામંત્રનો પ્રભાવ.

બીજા બધા ભવોમાં તો ભગવાનના જીવ સાથે વેર રહ્યું, પણ યાવત્ તીર્થંકરના ભવમાં પણ કમઠ તાપસ પૂર્વભવના વૈરને છોડતો નથી. તેને માટે એવી કથા છે કે—કાશી વાણારસી નગરીમાં શ્રી પાર્શ્વનાથજી ભગવાન અશ્વસેન રાજાને ત્યાં વામા માતાની કુખે જન્મ્યા છે. કમઠ પણ પૂર્વના વેરથી તે નગરની બહાર કમઠ નામે તાપસ થયો છે. ત્યાં ગંગા નદીને કાંઠે તાપસપણું અંગીકાર કરીને પંચાગ્નિ તપ કરે છે. કાષ્ઠની ધુણી જમાવી છે, અને તેની સન્મુખ બેસીને કમઠ માળા ગણે છે. તેના આવા અજ્ઞાન તપથી તથા કષ્ટથી પણ કેટલાએક તે નગરીના લોકો તેને માનવા-પૂજવા લાગ્યા છે, અને એમ લોકો તેને પૂજવા રોજ જાય છે. એક વખતે ગોખમાં બેઠેલા શ્રી પાર્શ્વ-નાથજીએ ઘણા લોકોને જતા જોયા, ત્યારે ભગવાને પુછ્યું કે તમે કયાં જાઓ છો ?, તેઓએ ઉત્તર આપ્યો કે અહીં ગંગા નદીને કાંઠે કમઠ નામનો તાપસ મહા તપસ્વી આવ્યો છે, તેમને વાંદવા-પૂજવા અમે જઈએ છીએ. ભગવાને નિર્મલ અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકીને જોયું તો આ તેજ કમઠ છે, કે જે પોતાનો પૂર્વ ભવનો સંબંધી હતો; એમ જોયું. તરતજ ભગવાન અશ્વ ખેલવા નિકલ્યા છે, અને જયાં કમઠ તાપસ પંચાગ્નિ તપે છે; ત્યાં આવ્યા છે. ત્યાં પંચાગ્નિ તપ કરતો જોઈને ભગવાને કહ્યું કે અરે તું કોણ છે ?, તારા ગુરૂ કોણ છે; કે તને આવું અજ્ઞાન કષ્ટ બતાવ્યું છે. આ કાષ્ઠાગ્નિમાં નાગ બળી રહ્યો છે, તે તો તું જોતો નથી. પોતાની પાસેના માણસો પાસે કાષ્ઠ ચીરાવી સઘળા લોકોની દેખતાં બળતાં નાગને ભગવાને બહાર કાઢયો છે. તે સર્પનું આયુષ્ય અલ્પ જાણીને નોકર પાસે નવકાર મંત્ર સંભળાવ્યો છે તેના પસાયથી તે નાગ મરીને ઇંદ્ર થયો છે.

આ બાજુ ઉપરનો પ્રસંગ બતાવવાથી કમઠની માન પ્રતિષ્ઠા લોકોમાં ઓછી થઇ જવાથી, ભગવાન ઉપર વિશેષ વેરને ધારણ કરવા લાગ્યો; અને પંચાગ્નિ તપ કરીને આયુષ્ય પુરૂં થયે છતે તેજ કમઠ તપાસ મરીને મેઘમાલી નામે દેવ થયો છે ભગવાન શ્રી પાર્શ્વનાથજી. ત્યાંથી રાજમહેલમાં ગયા છે, અને પછી યોગ્ય વયે ભગવા-નને તેમના માતા પિતાએ પ્રભાવતી નામની રાજકન્યા સાથે પરણાવ્યા છે. ત્યરબાદ અનુક્રમે પાર્શ્વનાથજી ભગવાને દીક્ષા અંગીકાર કરી છે, અને પરિસહાદિકને સહન કરતા કાઉસગ્ગ ધ્યાનમાં રહીને કર્મને ખપાવે છે. આ બાજુ મેઘમાલી થએલ કમઠનો જીવ અવિભંગ-જ્ઞાનથી શ્રીપાર્શ્વનાથ ભગવાનને કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહેલા દેખે છે, અને દેખતાંની સાથે પૂર્વભવનું વૈર સંભારીને મેઘમાલી દેવ ભગવાનના ઉપર ઉપસર્ગ કરે છે; તથા મૂશળધાર વરસાદ વરસાવે છે તેથી નદી-નાળા-આદિમાં અનહદ પાણી ભરાઈ ગયાં છે, ભગવાન જયાં કાઉસ્સગ્ગ ધ્યાને રહેલા છે, ત્યાં પણ પાણી ચડતું જાય છે. ચડતું ચડતું ભગવાનની નાસિકા સુધી પાણી આવે છે. તે વખતે નાગ મરીને થયેલ ધરણેન્દ્રરૂપે થએલા ઇંદ્રનું આસન કંપાયમાન થાય છે, અને તરતજ અવધિ-જ્ઞાનથી જાણીને ત્યાં આવી ભગવાન ઉપરનો ઉપસર્ગ દૂર કરે છે; અને કમઠને હાંકી કાઢે છે. કારણકે કમઠ એક સામાન્ય દેવ હતો, અને ધરણેન્દ્ર એ ઇંદ્રની પદવીધારી હતો; તેથીજ તેમની શકિત તે કમઠથી વિશેષ હતી. આવી રીતે કમઠનો ઉપસર્ગ દૂર કરી ધરણેન્દ્ર ભગવાનની સ્તુતિ કરી પોતાને સ્થાને જાય છે.

(અપૂર્ણ)

શ્રી ૧।

શ્રી સિદ્ધચક્રાય નમઃ

સ્વ૦ પરમ-પૂજ્યપાદ-આગમોદ્ધારક-આચાર્યદેવ—શ્રીસાગરાનંદ સૂરીશ્વરજી મહારાજના પરમવિનેય શિષ્યરત્ન-પરમ-પૂજ્ય-પન્યાસજી-મહારાજશ્રી ચન્દ્રસાગરજી ગણીન્દ્ર મહારાજના સદુપદેશથી સ્થપાયેલ—

# શ્રીઅખિલ-ભારતવર્ષીય-શ્રીવર્દ્ધમાન તપ સહાયક સમિતિ, મુંબાઈ.

સંવત ૨૦૦૦ ના શ્રાવણ વદ ૧ થી સંવત ૨૦૦૬ના શ્રાવણ સુદ ૧૫ સુધીનો રીપોર્ટ, તથા આવક જાવકનો હીસાબ.

અ. ભા. વ. શ્રીવ. સમિતિના સભ્યો—

**શાહ રવજી સોજપાલ.**
**શાહ દેવજી ટોકરસી.**
**શાહ સીંગજી વિક્રમસી.**
**શાહ ભાઇચંદ નગીનભાઇ.**
**શાહ વાડીલાલ ચત્રભુજ.**
**શાહ જમનાદાસ મોનજી.**
**શાહ શાન્તિલાલ મગનલાલ.**

પૈસા ભરવાનું, અને પત્રવ્યવહાર-
કરવાનું સ્થળ :
**જમનાદાસ મોનજી ઝવેરી,**
ખજાનચી.
૨૮, ગુલીયન એસોસીએશન હોલ,
**મુંબાઇ નં. ૨.**

## નિવેદન.

**પરમ તીર્થંકરના અલૌકિક શાસનને પામેલા જૈન બંધુઓ !, અને જૈન બ્હેનો !;**

સવિનય જણાવીયે છીએ કે, સ્વ. પરમ-પૂજ્યપાદ-સકલાગમ-પારંગત શ્રી આગમોદ્ધારક આચાર્યદેવ-**શ્રી સાગરાનંદસૂરીશ્વરજી** મહારાજશ્રીના-પરમ વિનેય શિષ્યરત્ન પન્યાસજી મહારાજશ્રી **૧૦૮ શ્રીચંદ્રસાગરજી મહારાજશ્રીનું** સંવત ૨૦૦૦ની સાલમાં મુંબઇ પાસેના ઘાટકોપર મુકામે ચાતુર્માસ થયું હતું. તે સમયે શ્રી વર્દ્ધમાન-તપ-આયંબીલ-ખાતાઓ જે જે સ્થળે ચાલુ છે, ત્યાં અસહ્ય મોંઘવારીના લીધે બંધ થવાના ભયથી તે ખાતાને મદદ કરવા ખાતર તેઓશ્રીના અમુલ્ય ઉપદેશથી "શ્રી અખિલ ભારત વર્ષીય શ્રી વર્દ્ધમાન તપસહાયક સમિતિ"ની સ્થાપના થઇ હતી, અને મુંબઇના પરાંઓમાં અને અમદાવાદમાં ટીપ કરી હતી. જે બન્ધુઓએ અને બ્હેનોએ, મદદ કરી છે તે માટે તે બધાનો અમારી સમિતિ આભાર માને છે, અને મોંઘવારીને લીધે જે જે સ્થળેથી મદદ માટે અરજીઓ મળી હતી, તે તે સ્થળે મદદ કરવામાં આવી હતી; તેનો સં. ૨૦૦૦ શ્રાવણ વદ ૧ થી સં ૨૦૦૬ શ્રાવણ શુદ ૧૫ સુધીનો રીપોર્ટ અને આવક જાવકનો હીસાબ આપની સમક્ષ રજુ કરતાં અમારી સમિતિને આનંદ થાય છે. વિશેષ વિજ્ઞપ્તિ કે હજી મોંઘવારી ચાલુ છે. અને તેથી શ્રી વર્દ્ધમાન તપ આયંબીલ ખાતા ચાલુ રખાવવા માટે નાણાની ખાસ જરૂર રહેશે, તેથી ઉપર મુજબની વિગત ધ્યાનમાં લઇ નાણાનો સદુપયોગ કરી પુણ્યાનુબંધી-પુણ્ય ઉપાર્જન કરવા નમ્ર વિજ્ઞપ્તિ છે.

પરમ—પૂજ્યપાદ—આગમોદ્ધારક—આચાર્ય—દેવશ્રી ૧૦૦૮ શ્રીસાગરાનંદ સૂરીશ્વરજીના કાળધર્મ પામ્યાથી જૈન જૈનેતર સમાજને ભારે ખોટ પડી છે, અને અમારી સમિતિને ભારે ખેદ થયો છે; સદ્‌ગત પરમ શાન્તિ પામે.

આ સમિતિના સભ્ય શેઠ મુલચંદ બુલાખીદાસના અવસાનથી ઘણો ખેદ થયો છે, અને સદ્‌ગતના આત્માને શાન્તિ આપે.

સેવક,
**જમનાદાસ મોનજી ઝવેરી.**
ખજાનચી.
**શ્રી અ. ભા. વ. વર્દ્ધમાન તપ સહાયક સમિતિ.**

## શ્રીઅખિલ-ભારતવર્ષીય-શ્રીવર્દ્ધમાન તપ સહાયક સમિતિ, મુંબઈ.

**સંવત ૨૦૦૦ના શ્રાવણ વદ ૧ થી સં. ૨૦૦૬ ના શ્રાવણ સુદ ૧૫ સુધીનો રીપોર્ટ, તથા આવક જાવકનો હિસાબ.**

જમા

૪૪૦૧૪।।~ શ્રી ઉપજ ખાતે જમા જેની વીગત પ્રથમ રીપોર્ટમાં આવી ગયેલ છે.
- ૨૮૦૯૭) સં. ૨૦૦૦ ની સાલમાં
- ૧૪૩૪) સં. ૨૦૦૨ ની સાલમાં
- ૧૪૪૪૫।।। સંવત ૨૦૦૩ ની સાલમાં
- ૩૭।।~ વ્યાજના બેંકમાં

૪૪૦૧૪।।~

૧૭૯।।। શ્રી ઉપજ ખાતે જમા
- ૧૪૦) સં. ૨૦૦૫ ની સાલમાં
- ૨૦।।= વ્યાજ ૩૧-૧૨-૪૮ સુધી
- ૧૯।= „ ૩૦-૬-૪૯ સુધી

૧૭૯।।।

૧૧૩।= શ્રી ઉપજ ખાતે જમા
- ૮૩। સં. ૨૦૦૬ સાલમાં આવ્યા
- ૧૮।। વ્યાજ ૩૧-૧૨-૪૯ સુધી
- ૧૧।।~ વ્યાજ ૩૦-૬-૫૦ સુધી

૪૪૩૦૭।।।

ઉ

૨૮૩૪૧।=।।। શ્રી ઉપજ ખાતે ઉધાર જેની વીગત પ્રથમના રીપોર્ટમાં આવી ગયેલ છે.
- ૭૬૩૯।। સંવત ૨૦૦૦ની સાલના મદદના.
- ૬૬૩।।~।। સંવત ૨૦૦૧ ના શ્રાવણ શુદ ૧૫ સુધીના ખર્ચના
- ૧૭૦૦) સંવત ૨૦૦૦ની સાલના મદદના
- ૫૧૫૯) સંવત ૨૦૦૧ની સાલના મદદના
- ૫૦૪૬) સંવત ૨૦૦૨ ની સાલના મદદના
- ૪૯૦૦) સંવત ૨૦૦૩ ની સાલના મદદના
- ૮૯૨।।~।। સંવત ૨૦૦૩ સુધીના પગાર તથા જાહેર ખબર ખચરના
- ૩૪૦।। સંવત ૨૦૦૪ ની સાલના જાહેર ખબરના ખરચના

૨૮૩૪૧।=।।।

૫૪૯।।।=।।। શ્રી ઉપજ ખાતે ઉધાર
- ૪૦) સંવત ૨૦૦૪ ના રીપોર્ટ છપાઈ
- ૪૫૩।।=।।। સંવત ૨૦૦૩ ની સાલના ટોરાના મહીદપુર મોકલાવ્યા
- ૫૬। સંવત ૨૦૦૦ ની સાલના જાહેર ખબરના સંદેશ પેપરના

૬૪૭૫।।~।। શ્રી ઉપજ ખાતે ઉધાર તે સં. ૨૦૦૪ની સાલના મદદના મોકલાવ્યા તેની વીગત
- ૪૪૦) નોંધણવદર
- ૫૦૦) બીજોવા
- ૫૦૦) માંડલ
- ૧૫૦) દાઠા
- ૫૦૦) વાવ
- ૭૬૮) ખેડા
- ૫૧૧) વડાવલી
- ૭૬) ઝીંઝુવાડા
- ૭૦૦) લાલવાડી (મુંબઈ)
- ૫૯૦) મહુવા

જ ઉ

૫૦૦) મહીદપુર
૧૨૪૦ાા=ાા ઉજજેન
———
૬૪૭૫ાા=ાા
૨૪'ા= શ્રી ઉપજ ખાતે ઉધાર
૧૮૫)= સંવત ૨૦૦૪/૨૦૦૫ ૨૦૦૬ ની
સાલના જાહેર ખબરના મુંબઈ સમાચાર
૫૬ા સં ૨૦૦૬ સંદેશના જાહેર ખબરના
———
૨૪૧ા=
૩૪૭૮)ાાા શ્રી ઉપજ ખાતે ઉધાર
બાબત જે સં. ૨૦૦૫ ની સાલના તોટાની
મદદના મોકલાવ્યા તેની વીગત
૧૧૭૮)ાાા ઉજ્જન

| | |
|---|---|
| ૫૦૦) | ઝીંઝુવાડા |
| ૩૦૦) | વડાલવી |
| ૫૦૦) | માંડલ |
| ૩૦૦) | દાઠા |
| ૫૦૦) | નોધણવદર |
| ૨૦૦) | મહુડા |

———
૩૪૭૮)ાાા
———
કુલ. રૂ. ૨૯૦૮૬ાાાા
૪૨૨૧ા૦ા શ્રી પુરાત જણસ બાકી ધી સેન્ટ્રલ બેંક
ઓફ ઇન્ડીયા લી. માં સં. ૨૦૦૬ શ્રાવણ
સુદ ૧૫ સુધી
———
૪૪૩૦૭ાા

તા. કઃ—આ રીપોર્ટ બહાર પડે છે, તે પહેલાં આ સમિતિએ પૂર્વે બે વર્ષ લગભગ પૂજ્ય પંન્યાસ પ્રવરશ્રી ચન્દ્રસાગરજીના સદુપદેશથી, અને રાજનગર નિવાસિ શા. ગીરધરલાલ છોટાલાલના અથાગ પરિશ્રમથી, રૂ. ૧૭૦૦૦) સત્તર હજાર ઉપરાંત રૂપીયા એકઠા કરીને હિન્દુસ્તાન ભરના ઘણા ગામોના આયંબીલ ખાતાઓને આપીને (તોટા પેટે મદદના) તે ખાતાઓને ટકાવેલા છે, અને તેનો રીપોર્ટ પણ બહાર પડી ચુકેલો છે. વિ. સં. ૧૯૯૮ થી વિ. સં. ૨૦૦૬ સુધીના નવ વર્ષમાં કરેલ કાર્યવાહીનો વિગતવાર અહેવાલ શ્રીસિદ્ધચક્ર-માસિકમાં પ્રગટ કરેલ છે. આ સંસ્થાની હજુ પણ શાસન માન્ય આયંબીલ ખાતાઓને ટકાવવા માટે જરૂર છે, જેથી ઉદાર ચરિત ગૃહસ્થોએ ચંચળ-લક્ષ્મીને અચળ બનાવવાના હેતુ પુરસ્સર મોકલીને કૃતાર્થ થશો. લિ. તન્ત્રી.

શ્રી વડોદરાનું ચાતુર્માસ માટે પૂ. પંન્યાસ-પ્રવર-શ્રીચન્દ્રસાગરજી ગણીન્દ્ર મહારાજજીનું આઠ ઠાણા સાથે પધાર્યા ત્યારથી નવ-નવીન-ધાર્મિક પ્રવૃત્તિનો પ્રબળ વેગ ચાલુ રહ્યો છે. ચાલુ ચાતુર્માસમાં સાધારણ તથા ગુરૂ પૂજનની ઉપજ લગભગ રૂ ૧૫૦૦) થયા છે, અને ખર્ચ લગભગ રૂ. ૮૦૦) થયો છે. જ્ઞાન ખાતે રૂ. ૧૮૦૦) લગભગની ઉપજ થઇ છે, અને તે જ્ઞાન ખાતે શ્રી જ્ઞાતાસૂત્ર છપાવવા માટે રૂ. ૧૦૦૦) એક હજાર અને રૂ. ૮૦૦) પંડિતના પગારનો તથા પુસ્તકનો ખર્ચ થયો છે; તથા પ્રથમના જ્ઞાન ખાતેથી રૂ. ૧૦૦૦) પૂ. શ્રી ધર્મવિજયજી ઉપાધ્યાયની હસ્તક છપાતાં શ્રીભગવતી સૂત્રના વ્યાખ્યાનો છપાવવા માટે આપ્યા છે. દેવદ્રવ્ય ખાતે રૂ. ૧૩૦૦) ની ઉપજ થઈ છે, અને પ્રથમના દેવદ્રવ્યની રકમ મેળવીને રૂ ૧૯૫૪) જીર્ણોદ્ધારાદિમાં ખરચ્યા છે; તેની વિગત નીચે મુજબ રૂ. ૧૦૦૧) મહેતાની પોળના શ્રી નેમિનાથને દહેરે, રૂ. ૨૫૧) આદિશ્વરના દહેરે—ચૌટા ઓળ, રૂ. ૨૫૧) તરસાલીના દહેરે, રૂ. ૧૦૧) જેસીંગપુરા ઉજ્જૈન, રૂ ૧૦૦) વાડીના દહેરે; અને રૂ. ૨૫૦) નો કળશ. આશ્વિન સુદ ૧૦ ના વિજયાદશમીના દિને લગભગ સો ભાઇ-બ્હેનોએ વ્રત નિયમ ઉચ્ચર્યા, અને ચાતુર્માસ નિર્વિઘ્ને પરિસમાપ્ત થાય ત્યારે એક વાત અધુરી રહી જતી હતી. તે વાત એ છે કે ઘણા વખતથી ચાતુર્માસ ઉતરે શ્રીતરસાળીનો સંઘ જતો હતો, અને સકળ સંઘને ભાતુ આપવાની પ્રથા ચાલુ હતી, પરંતુ સંયોગવશાત્ તે પ્રથા બંધ થઈ હતી, તે પુનઃ કારતક સુદ પૂર્ણિમાના દિને તે પ્રથાને ફરીથી સજીવન કરીને પાંચ વર્ષ સુધી એક સરખી રીતે અપનાવવાનો પ્રબંધ થઈ ગયો છે. તે પ્રથાને પાંચ વર્ષ સુધી શરૂ રાખવામાં ઉભય પક્ષ સંમત થયા છે, તેનો વિગતવાર અહેવાલ નીચે મુજબ છે. કા. સુ. ૧૫ ના દિવસે નવા બજારમાં સુકનરાજ હીરાચંદભાઈએ પોતાના નવા મકાનમાં શાસનપ્રભાવના વધે તે રીતિએ ચાતુર્માસ બદલાવ્યું, અને તેજ સ્થળે શ્રી તરસાલી તીર્થ માટે નિર્ણય થયો.

---

શ્રી વીતરાગાય નમઃ

## શ્રીતરસાલી-તીર્થ માટેની પંચવર્ષીયયોજના

**પૂજ્ય પં. મહારાજ શ્રી ચંદ્રસાગરજીના અધ્યક્ષપણામાં** સં ૨૦૦૭ ના કાર્તક વદી-૧ તા. ૨૫-૧૧-૫૦ ના રોજ નવા બજારમાં શેઠ સુકનરાજને ત્યાં ચાતુર્માસ નિમિત્તે બંધાયેલ વ્યાખ્યાન મંડપમાં વ્યાખ્યાન સમયે શ્રી ચતુર્વિધ સંઘ સમસ્ત, તેમજ શેઠ જમનાદાસ કાળીદાસ ઝવેરી, શેઠ કેશરીમલજી હીરાચંદજી, શેઠ રમણલાલ ચંદુલાલ ઝવેરી, શેઠ ચુનીલાલ નાથાભાઈ પટવા, શેઠ કેશરીચંદ નેમચંદભાઈ, શેઠ વાડીલાલ કેશવલાલ કાટવાલા, શેઠ મગનલાલ ફકીરભાઈ ઝવેરી, શેઠ સુકનરાજજી હીરાચંદજી, વૈદ્યરાજ શાન્તિલાલ જમનાદાસભાઇ, શેઠ મણીલાલ દલપતભાઇ, શેઠ છોટાલાલ મોહનલાલ વિગેરેની હાજરીમાં ઠરાવવામાં આવે છે કેઃ—

શા નરોતમદાસ જેચંદભાઈ અને શ્રી વીજળીબાઈ તે તારાચંદ જેચંદની વિધવા બન્ને તરફથી જાહેર કરાયેલી શ્રી તરસાલી સ્વામી વાત્સલ્યની મુળમુડી પણ વાપરી નાંખીને ચાલુ સાલથી પાંચ વર્ષ સુધી ભાતુ આપવામાં વહીવટ કર્તા-હક્કદાર વારસો સંમત થવાથી શ્રી સંઘ તેમાં સહર્ષ સંમત્તી આપે છે; અને પછી વહીવટ-કર્તાઓની તે રકમ અને તેના વહીવટ બાબતની કોઇપણ જાતની હિસાબ વિગેરેની જવાબદારી તેઓને શિર રહેતી નથી. સદર પાંચ વર્ષ ભાથુ આપ્યા પછી વહીવટકર્તાઓને કાંઈપણ કરવાનું રહેશેજ નહિ, અને આ ઠરાવ થયા પહેલા આ સંબંધમાં જે જે ઠરાવો થયા હોય તે રદ કરવામાં આવે છે.

આ ઠરાવની નકલ શ્રીસિદ્ધચક્ર—માસિકમાં તથા પૂ. **પન્યાસજી-પ્રવર-શ્રીમહારાજને** યોગ્ય લાગે ત્યાં શેઠ જમનાદાસ કાળીદાસ ઝવેરી અને શેઠ કેસરીમલજી હીરાચંદજીની સહીથી મોકલી આપવાની સત્તા શ્રી સંઘ તરફથી આપવામાં આવે છે—

ઉપર પ્રમાણે હિસાબ વિ. કોઇ જાતની જવાબદારી

હવેથી અમારે શીર ન રહેતા પંચ વર્ષીય યોજના અમોને મંજુર છે.

શા. વાડીલાલ નરોતમદાસ દ. પોતે
શા. ચીમનલાલ ચુનીલાલ સ. દ. પોતે
શા. સુંદરલાલ ચુનીલાલ સ. દ. પોતે
શા. જમનાદાસ કાલીદાસ ઝવેરી સ. દ. પોતે
શા. કેશરીમલ હીરાચંદ સહી પોતે

વિશેષમાં ઉપર મુજબના ઠરાવને અપનાવતાં શ્રી તરસાલી-તીર્થપતિ-શ્રીઆદિશ્વર-ભગવાનની દર્શન ભકિત આદિનો લાભ સકળ સંઘે લગભગ ત્રણ હજારની સંખ્યામાં (ભાઈ-બહેનોએ) લાભ લીધો હતો.

વિ. સ. ૨૦૦૬ નું ચાતુર્માસ વડોદરામાટે સફળ નીવડયું છે, તે માટે જાનીશેરીના ઉપાશ્રયની કમીટીના મુખ્ય કાર્યવાહક **શા.વાડીલાલ કેશવલાલ** કાટવાળાએ પોતાના હૃદયોદ્ગાર નીચે મુજબના કારતક સુદ ૧૪ રોજ વ્યાખ્યાનમાં જણાવ્યા હતા, તે નીચે મુજબ—

## આભાર વકતવ્ય.

વકતા-શ્રેષ્ઠિ-**વાડીલાલ કેશવલાલ** કાટવાળા-વડોદરા.

વડોદરા ઘડીઆલી પોળ જૈન ઉપાશ્રયે સં ૨૦૦૭ ના કારતક વદી ૫ ના વ્યાખ્યાન પછી વડોદરા શહેરના જૈન સદ્ગૃહસ્થોએ **પરમપૂજ્ય-પંન્યાસ-પ્રવર-ચન્દ્રસાગરજી ગણીન્દ્ર** આદિ ઠા૦ ૮ ના ચાતુર્માસથી શ્રી સંઘને થયેલા અપૂર્વ લાભોથી હર્ષિત થઈ, તેઓશ્રીના યશોગાન મુક્ત કંઠે ગાયેલા; અને તેમાં શેઠ શ્રી વાડીલાલભાઇ કાટવાળાએ કરેલા વક્તવ્યની ટુંક નોંધ અત્ર લેવામાં આવી છે.

**પ. પૂ. પં. શ્રી ચન્દ્રસાગરજી ગણીન્દ્ર** આદિ ઠાણા ૮ મુનિ મંડળ, તથા પૂજ્ય સાધ્વીજી મહારાજા તથા મારા સહધર્મિ ભાઇઓ, અને બ્હેનો !!!; અતિ આનંદસહ જણાવું કે **પ. પૂ. પંન્યાસજી મહારાજે** ૩૪ વર્ષની ભર-યુવાની વયે ચારિત્ર અંગીકાર કરેલું છે, આજે ચારિત્રનો પુણ્ય પર્યાય વર્ષ તેત્રીશમો ચાલે છે. ૨૨ વર્ષના ગાળામાં તેઓશ્રીમાને ઘણા ગામો અને શહેરોમાં શાસનનાં પવિત્ર કાર્યો ઘણાં કર્યાં છે. જ્યાં જ્યાં તેઓશ્રીએ ચાતુર્માસ કર્યાં છે, ત્યાં ત્યાં પૂ૦ આગમોદ્ધારક ગુરૂદેવની વિશાળ કારકીર્દીને દીપાવી છે. પોતાના દેહ પાસેથી ઉત્કટ તપસ્યાઓ કરી કામ લીધું છે, અને હજુ પણ લેઈ રહ્યા છે, શિષ્ય-પ્રશિષ્યાદિ પરિવારને વાંચનાઓ સ્વહસ્તે અભ્યાસાદિ કરાવવામાં પાછી પાની કરતા નથી. હાલમાં શ્રી વર્દ્ધમાન તપની ૬૪ મી ઓળી સુધી પહોંચ્યા છે, અને વર્ષીતપ હાલમાં ચાલુ છે; સાથે શ્રી સિદ્ધચક્રની શાશ્વતી આરાધના પણ કરી રહ્યા છે. **પૂજ્ય પંન્યાસજી મહારાજે** ગૃહસ્થ-અવસ્થામાં મુંબઈ શહેરમાં શ્રી વર્દ્ધમાન તપ આયંબીલ ખાતું, તેમ બીજા ગામોમાં પણ શ્રી વર્દ્ધમાન તપ આયંબીલ ખાતાઓની, અને અનેક શાસનહિત-વર્ધક સંસ્થાઓની સ્થાપનાઓ કરી છે. ભરૂચ, વેજલપુર વગેરે ગામોની બહુમાન સહ વિનંતીઓ ચાતુર્માસ માટે હતી, પરન્તુ આપણા પુણ્ય બળે આપણી વિનંતીનો સ્વીકાર કરીને અત્રે પધારેલા હતા. શ્રીસંઘે તેમની પવિત્ર અપૂર્વ દેશનાઓનું શ્રવણ કર્યું છે, અને અતિ ઉલ્લાસ-પૂર્વક શ્રી ગૌતમસ્વામીનો અઠ્ઠાવીશ લબ્ધીનો તપ, શ્રી નવકાર મન્ત્રની આરાધના, અને શ્રી સમ્યકત્વ મૂલ બાર વ્રતનું ગ્રહણ વગેરે પુનીત લાભો શ્રી સંઘે તેમની નિશ્રામાં રહીને શકિત અનુસાર લેવાયો તેટલો લાભ લીધો છે. આપણા વડોદરા શહેરના સંઘને કે પૂજ્યશ્રીને પણ પારસ્પરિક વાસ્તવિક પરિચય હતોજ નહીં, તેમની કારકીર્દીના શ્રવણથી પ્રેરાઇને વિનંતી કરેલી જે ખૂબજ સફલ નીવડી છે. નિરંતર તેમની દેશનાનો લાભ શ્રી સંઘે અખૂટ લીધો છે, તેમની દેશનાઓ બાલ જીવથી માંડીને વિદ્વાન વર્ગને અંતરમાં ખૂબ અસરકારક થઇ છે. તેઓશ્રીની શાન્ત પ્રકૃતિ, અતુલ્ય બુદ્ધિ વૈભવ; અને વ્યાખ્યાન વાંચવાની સુંદર શૈલીના ગુણો અનિર્વચનીય છે. તેઓશ્રીનો થયેલો પરિચય ચિરકાલ સુધી ભૂલાય તેમ નથી, તે માટે સર્વેને આ અનુભવ થયો છે. કેટલાક ભાઇઓ તરફથી તેઓ શ્રીમાન્ પૂ પંન્યાસ પ્રવરશ્રીજીની યાદગીરી અને દર્શન નિરંતર થઇ શકે તે અર્થે ઓઇલ પેઇન્ટીંગ-ફોટો કરાવી જાનીશેરીના ઉપાશ્રયમાં મૂકવા માટે ભલામણ આવી છે, તે શ્રીસકલ-સંઘે આ વાત વધાવી લીધી છે.

શ્રી સંઘે સુલેહ સંપથી સ્વશકિત અનુસાર ભકિત કરી છે, છતાં જે કાંઇ ખામી આવી હોય, તેની શ્રી સંઘ વતી ક્ષમા યાચું છું. આજે પૂજ્ય પંન્યાસપ્રવરશ્રીની દેશનાનો છેલ્લો દિન છે. તેઓશ્રીજી દેશનાનો લાભ આપણને ફરી ફરી આપો તેવી પ્રાર્થના કરૂં છું. આવતી કાલે ૯ વાગતાં તેઓ શ્રેષ્ઠિ સુકનરાજ હીરાચંદને ત્યાં ચાતુર્માસ બદલશે, અને તેઓ વિહાર કરવાના છે અને કારતક વદ ૬ ને ગુરૂવારે છાણી પધારવાના છે. શ્રી સઘે જે લાભ લઈ અમારી કમીટીની મહેનતને સફલ કરી છે તે માટે સર્વેનો હું કમીટી તરફથી આભાર માની બેસી જવાની રજા લઉં છું.

આ પ્રસંગે ઉપરનું વિવેચન સંઘ સમક્ષ થયેલ ઉપસંહારમાં પૂ. પંન્યાસપ્રવરશ્રીજીએ જણાવ્યું હતુ કે—"વડોદરા શહેરમાં પ્રવેશ થયા બાદ ચાતુર્માસની પરિસમાપ્તિ સુધી મ્હને, અને મ્હારા સાધુઓને કોઇપણ જાતની અગવડ પડીજ નથી, તેમાં વિશેષે કરીને કમીટીના આગેવાનોએ શ્રી સંઘના સહકાર સાથે તન-મન-ધનથી સેવા બજાવીને અમારી રત્નત્રયીની આરાધનામાં વધુને વધુ મદદગાર બનીને ઉત્કૃષ્ટ કોટિનું પુણ્ય હાંસલ કર્યું છે. વિશેષમાં મ્હેં અને મ્હારા સાધુઓએ વ્યાખ્યાનાદિ પ્રસંગોમાં શાસન માન્ય-સિદ્ધાંતોને ચર્ચવામાં પૂજ્ય-પુણ્ય—પુરૂષ—પૂર્વાચાર્યોની પ્રણાલિકા વિરૂદ્ધ, અને શાસ્ત્ર-પરંપરા વિરૂદ્ધ જે કાંઈ પ્રરૂપણા કરી હોય કે પ્રચારવાનો પ્રયત્ન કર્યો હોય તે સારૂ સકળ સંઘ સમક્ષ મિથ્યા દુષ્કૃત દઇને સર્વદા હું અને મ્હારા સાધુઓ શાસન માન્ય આરાધનામાં દિન પ્રતિદિન વધુ ઉદ્યમવંત રહીએ, એજ એક શુભેચ્છા સાથે વિરમું છું." સર્વ મંગળના કથન પછી સકળ સંઘ વિસર્જન થયો હતો.

**છાણી તરફ વિહાર.**

કારતક વદ ૬ ના ૭॥ વાગે વિહાર કરીને ઠામ-ઠામ મંગલિકને શ્રવણ કરાવતાં સ્ટેશન માસ્તરના આગ્રહથી તેમના મકાને આવીને મંગલિક શ્રવણ કરાવીને છાણી મુકામે શાસન પ્રભાવના વધે તે રીતિએ શ્રીસંઘે પ્રવેશ કરાવ્યો. વ્યાખ્યાન શ્રવણથી સકળ સંઘે સ્થિરતા કરવાની વિનંતિ કરી અને આપશ્રી રહીને ઉપધાન કરાવો તો ઘણા ભાઈ-બ્હેનોને ઉપધાન તપની આરાધના કરવી છે. આ પ્રસંગે શ્રેષ્ઠિ ધુળાભાઈ કે જેઓશ્રી છાણી–આયંબીલ ખાતાના વર્ષ ભરનો સઘળો ખર્ચ આપનાર છે, તે ભાઇએ ઉપધાન કરાવવા સંબંધિનું સઘળું ખર્ચ આપવાનું જાહેર કરીને આગ્રહ ભરી વિનંતિ પૂર્વક પૂ. પંન્યાસ પ્રવરશ્રીજીને સ્થિરતા કરાવી છે, અને સાથે સાથે પૂ શ્રીહેમસાગરજી આદિ ઠાણાએ પણ સ્થિરતા કરી છે. ઉપધાનમાં પ્રથમ હુકુમેં ૨૦ ભાઇઓ, અને ૬૨ બ્હેનોએ પ્રવેશ કર્યો છે.

વિરમગામ પાસે રામપુરા ભંકોડા મુકામે દિક્ષાદિ શુભ કાર્યો માટે અને ત્યાંના સંઘે આરંભેલા કાર્યોના ઉદ્ઘાટન માટે તાકીદે વિહાર કરવાની જરૂર હતી, અને તે સંબંધમાં પત્રથી વચન અપાઇ ગયું હતું, તેથી તે વચનના પાલન માટે પૂ. પં. શ્રી હીરસાગરજી, મુનિશ્રી સુબોધસાગરજી, મુનિશ્રી અમૂલ્યસાગરજી અને મુનિશ્રી મનકસાગરજી ચાર ઠાણાને તે તરફ વિહાર કરાવ્યો છે, અને સુરતમાં ઉપધાનની આરાધના નિમિત્તે પડેલા મતભેદોનું સુખદ સમાધાન થયું છે તે સાર ૩૫ બીના "સુરતમાં ઉપધાન—તપોધર્મની આરાધના" એ હેડીંગથી શરૂ થતા લેખમાં વાંચકોને વાંચવા ભલામણ છે.

—————

## કરજણના સમાચાર.

કરજણ (મીયાગામ) મુનિશ્રી ચંદન સાગરજી મ. જીની નિશ્રામાં પર્યુષણ પર્વની આરાધના નિર્વિઘ્ને થઈ છે શ્રી સંઘે સાધુઓની માંદગીને લેઈ ચાતુર્માસ બેસતા પહેલાંજ રૂ. ૧૧૦૦) ની સાધારણ ખાતાની ટીપ કરેલી પર્યુષણમાં દેવ દ્રવ્યમાં ૧૦૦૦) જીવ દયામાં ૪૦૦) જ્ઞાન ખાતે ૩૦૦) પાઠશાળા ખાતે ૭૦૦) ની ઉપજે થઈ છે જુદા જુદા ગૃહસ્થો તરફથી અગીઆર હજાર પંચાગો છપાવ્યાં છે. તપસ્યાઓ તેમ શાસન પ્રભાવનાઓના કાર્યો લહાણીઓ વગેરે સમય પ્રમાણે ઠીક ઠીક થયાં છે. ચાતુર્માસ ઉતર્યે કા. વા. ૨નો વિહાર કરતાં શ્રી સંઘ વળાવવા ગયો હતો કુરઈવાળા

મણીભાઇની વિનંતીથી કુરઇ પધારેલા સાથે શ્રી સંઘમાંથી કેટલાક ભાઇઓ કુરઇ આવેલ તેમની મણીભાઇ શેઠે યોગ્ય ભકિત કરી હતી ત્યાંથી વિહાર કરી કા. વ. ૫ના દીને પ. પૂ. પંન્યાસ પ્રવર ચંદ્રસાગરજી ગણીવરની પુનીત નીશ્રામાં વડોદરા આવી ગયા છે. અને તેઓશ્રીની સાથેજ પત્ર વ્યવહાર કરનારે C/o. પૂ. પં શ્રી ચંદ્રસાગરજી ગણીન્દ્ર છાણી. સ્ટે. છાયાપુરીના શીરનામાંએ હવેથી કરવો.

**વેજલપુર—ભરૂચ.** જૈન દેરાસરનો મૂળથી જીર્ણોદ્ધાર કરવાનો નક્કી થયો છે, અને તે મંદિર માટેનું ખાત મુહૂર્ત રા. શા. ચંદુલાલ નાથાભાઇ હસ્તક તા. ૨૫-૮-૫૦ ના દિને શુભ મુહૂર્ત થયું છે; અને તે શુભ પ્રસંગે રૂા ૨૦૨૫) શ્રી દેરાસરના બાંધકામમાં તથા રૂા. ૩૫૧) જીર્ણોદ્ધાર કમીટીના સાધારણ ખાતે આપવાનું જાહેર કર્યું છે. આ પ્રસંગે શ્રી સંઘે જાહેર મેળાવડો કરીને ખાત મુહૂર્ત કરાવનાર ભાઇનું સન્માન કર્યું હતું, પ્રમુખ—સ્થાન સુરતના વકીલ ઠાકોરદાસ મેલાપચંદને આપવામાં આવ્યું હતું, આ જાહેર મેળાવડામાં રૂા. ૧૦૧) સાધારણ ખાતે આપવાનું તેઓશ્રીએ જાહેર કર્યું હતું, અને તે દિવસે પ્રભાવના પૂજા આંગી વિગેરે શાસન પ્રભાવના વધે તે રીતિએ થયા હતા. મંદિરના જીર્ણોદ્ધાર માટે પથ્થર વિગેરે ખરીદવા કમીટીના આગેવાનો ગયેલા છે.

નિર્વાણભૂમિ તરીકે પ્રસિદ્ધિ પામેલ શ્રીપાવાપુરીજી તીર્થ માટે વિચારણાની જરૂર.

પ્રાચીન ભારત વર્ષનો ઇતિહાસ ભા. ૧ લો, લેખક ડો. ત્રીભુવનદાસ લહેરચંદ શાહ છે, અને પ્રકાશક શશિકાન્ત એન્ડ કું. છે. પૃ. ૧૭૭ થી પૃ ૧૯૨ સુધી વાંચવાની ભલામણ છે.

પ્રથમ વિભાગ પૃ. ૧૮૬ ઉપર નકશો પૃ. ૧૮૫

વિદિશા નગરીનાં ચાર નામો ૧ વિદિશા, ૨ બેસનગર, ૩ સંચી (સાંચી); અને ૪ ભિલ્સા નામ છે.

હવે મોગલ સમ્રાટ-અકબરના સમયે કવિ સમયસુંદરે બનાવેલ સ્તવનમાં આ ગાથા આવે છે—

"પૂર્વદિશિ પાવાપુરી, ઋદ્ધે ભરીરે;
મુક્તિ ગયા મહાવીર તીરથને નમુંરે."

પૂર્વદિશિને બદલે પૂર્વ વિદિશિ શબ્દ વાપરવો ઉચીત લાગે છે. અવંતિ દેશની પૂર્વ દિશાનો જે ભાગ તેજ લેવો ઉચીત છે એમ લેખકનું માનવું છે, અને શ્રીમહાવીર પ્રભુની મુક્તિનું સ્થાન પણ તેજ ઉચીત છે. આ સ્થળે સાંચીનો સ્તૂપ જોવા ભલામણ છે, અને તેના શબ્દોનું વાંચન-મનન અને અભ્યાસ આ વિચારણામાં પરિપૂર્ણ પ્રેરણાત્મક-તત્ત્વો છે.

---

## પાલીતાણામાં નિર્વિઘ્ને થયેલી આરાધના.

**સ્વ. આગમાવતાર-આગમોદ્ધારક શ્રીઆનંદસૂરીશ્વરજીના પટ્ટપ્રભાવક વિદ્વાન્ શિષ્યરત્ન-પરમ તપસ્વી પૂજ્ય પંન્યાસ પ્રવરશ્રી ચન્દ્રસાગરજી મહારાજના પરમ શિષ્યરત્ન-માલારોહક-તપસ્વી મુનિશ્રી ધર્મસાગરજી મહારાજ,** તથા શિષ્યરત્ન-શાસનસુભટ **પૂ. મુનિશ્રી હંસસાગરજી મહારાજ;** અને તપસ્વી **પૂ મુનિશ્રી લબ્ધિસાગરજી મહારાજ,** આદિ ઠા. ૧૨ ની નિશ્રામાં સત્તરસો ઉપરાંતની અભૂતપૂર્વ સંખ્યામાં શ્રીશ્રુતોપચાર-રૂપ ઉપધાન તપોધર્મની આરાધના નિર્વિઘ્ને પરિપૂર્ણ થઇ છે. તે નિમિત્તે કારતક વદ ૧૦ થી માગશર સુદ ૨ સુધીમાં અષ્ટાન્હિકા મહોત્સવ, કુંભસ્થાપનાદિ અષ્ટોત્તરી સ્નાત્ર, અને માળા રોપણ આદિ શુભ કાર્યો પરિસમાપ્ત થયાં છે. માળ પહેરનારાઓ નવસો ઉપરાંતની સંખ્યામાં છે, અને મેરૂ પર્વત, ગિરનાર, પાવાપુરી, આગમવાચના વિગેરેની વિવિધ રચનાઓ કરવામાં આવી છે.

---

## પુછાવેલ પ્રશ્નનું સમાધાન.

અષ્ટાપદ પર્વત પર તીર્થના દર્શન કરીને નીચે ઉતરતાં ૧૫૦૩) તાપસને દીક્ષા દીધી છે, પરંતુ અષ્ટાપદ તીર્થ ઉપર શ્રી ગૌતમસ્વામીજીએ ૧૫૦૩) તાપસને દર્શનાર્થે મોકલ્યાજ નથી.

---

## શ્રી સિદ્ધચક્ર માસિકને ભેટ.

૫૧) શ્રી હરીપુરા ઉપાશ્રય સુરત તરફથી હ. ચંદુલાલ ન. ક. જરીવાલા

૫૧) શ્રીબુહારી ઉપાશ્રય તરફથી-હ. શ્રી સૂર્યકાંતા શ્રીજીના સદુપદેશથી હ. ઝવેરભાઇ પનાજી બુહારીવાળા

૩૧) શ્રી શાહપુર અમદાવાદ શ્રી સંઘ તરફથી, હ મુનિ શ્રી ચંદ્રોદય સાગરજીના સદુપદેશથી.

## અખિલ—ભારતવર્ષીય શ્વે. ત. સહાયક સમિતિને ભેટ.

રૂા. ૭૧) શ્રી વેજલપુર ભરૂચ જૈન સંઘ તરફથી

હ. શ્રી સુજ્ઞાનશ્રીજીના સદુપદેશથી.

— — —

## સુરતમાં ઉપધાન તપોધર્મની આરાધના.

સુરત મુકામે શ્રી આગમોદ્ધારક સંસ્થાના કાર્યવાહકો ઉપધાન કરાવે છે, ઉપધાન સંબંધિની સઘળી કાર્યવાહિઓ અને ઉપજ તે સંસ્થા લે છે હવે જે આગમોદ્ધારક સંસ્થાના સંચાલકો, અને શ્રી નેમુભાઇની વાડીના ઉપાશ્રયના સંચાલકો વચ્ચે જે મતભેદ હતો તેનું સુખદ સમાધાન થયું છે. તે સમાધાનની ટુંકી રૂપરેખા, અને મુસદ્દો નીચે મુજબ છે.—

"શ્રી આગમોદ્ધારક સંસ્થા ઉપધાન સંબંધિની ઉપજ પ્રાપ્ત કરે તે અંગે જુદાં જુદાં દેરાસરોને નાણાં આપવાનાં નાણાં નક્કી કરવાનું કાર્ય પૂ. પંન્યાસજી શ્રી ચન્દ્રસાગરજી મુનિરાજને સોંપવામાં આવ્યું છે." આવા ભાવાર્થનો મુસદ્દો લેઇને વિ. સં. ૨૦૦૭ માગશર વદ ૯ ને રાત્રિના ૭ વાગે છાણી મુકામે શ્રેષ્ઠિ ઠાકોરભાઇ વકીલ, શ્રેષ્ઠિ જયંતીલાલ વખારીયા, અને શ્રેષ્ઠિ જયંતીલાલભાઈના સસરા આવેલા હતા, અને સાથે શ્રી આગમોદ્ધારક સંસ્થાના ટ્રસ્ટીઓ તે શ્રેષ્ઠિ શાંતિચંદ્ર છગનલાલ હજારી, શ્રેષ્ઠિ ઠાકોરભાઈ દયાલ મલજી, શ્રેષ્ઠિ પાનાચંદ મદ્રાસી અને શ્રી નેમુભાઇની વાડીના ઉપાશ્રય તરફથી શ્રેષ્ઠિ મંગળદાસ હીરાચંદ, તેમના ધર્મ પત્ની બચુબ્હેન, અને શ્રેષ્ઠિ નાલભાઈ ખીમચંદ પણ હાજર હતા. તે મુસદ્દો વાંચી સંભળાવ્યો, અને તેના જવાબમાં પૂ. પન્ન્યાસજી મહારાજે જણાવ્યું કે ચુકાદો લેખિત લેવા માંગતા હોય તો આ મુસદ્દા ઉપર બંને પક્ષોના કાર્યવાહકોએ સહી કરીને લખવું જોઇએ કે "પૂ. પન્ન્યાસજી મહારાજ જે ચુકાદો આપે કે જે રકમ એક રૂપીઆની હોય કે હજારો રૂપીઆની હોય તે બંને પક્ષને મંજુર છે, અને સાથે સાથે ચુકાદો આપ્યા પછી બંને પક્ષ તરફથી અને તેમના લાગતા વળગતા તરફથી કંઇપણ વિરૂદ્ધનો શબ્દ ઉચ્ચારવાનો, કહેવાનો, કહેવરાવવાનો, લખવાનો અને પ્રચારવાનો રહેશેજ નહિ" અને મૌખિક-ચુકાદો લેવો હોય તો બંને પક્ષ તરફના જોખમદાર બબ્બે વ્યક્તિઓ આવે અને સાથે ઉપર જણાવેલ-વ્યક્તિઓ ઠાકોરભાઇ વકીલ અને વખારીઆ આવે તો તેઓની રૂબરૂમાં હું ચુકાદો આપીશ. સાથે સાથે ઉપધાનની માળ પહેરવા સંબંધીનું ઘી બોલાય, અને તે નાણાં આગમોદ્ધારક સંસ્થા ચુકાવી લે પછી વકીલ ઠાકોરભાઇ દ્વારા મ્હને જણાવવાનું રહેશે. અને તેમના તરફથી જણાવવાનો યોગ્ય વિધિ થયા પછી હું મૌખિક ચુકાદો આપીશ. આ સુખદ સમાધાન થયા પછી **પૂ. પન્નયાસ પ્રવરશ્રીજીના પરમ વિનેય પં. શ્રી દેવેન્દ્રસાગરજીની** નિશ્રામાં થતા ઉપધાનની માલ સંબંધિ ઘી બોલવાની શરૂઆત થઇ છે, અને ઉત્સાહની વૃદ્ધિ ચાલુ છે; એવા સમાચાર યોગ્ય વ્યક્તિ તરફથી સાંભળવામાં આવ્યા છે. આનંદ ભુવનથી નીકળીને **પૂ. પંન્યાસ-પ્રવરશ્રીજીના પરમ-વિનેય પં. શ્રી દેવેન્દ્રસાગરજી** આદિ ઠાણાઓ નેમુભાઇની વાડીના ઉપાશ્રયના સંચાલકોની આગ્રહ ભરી વિનંતિથી તે ઉપાશ્રયે પધાર્યા છે, અને વ્યાખ્યાન મંડપમાં ચાલુ છે. ઉપધાન તપોધર્મ નિમિત્તે અષ્ટાન્હિકા મહોત્સવ, શાંતિસ્નાત્ર, માળારોપણાદિ શુભ કાર્યો માગશર સુદ ૬ સુધીમાં નિર્વિઘ્ને પરિસમાપ્ત થયાં છે.

— — —

છાપરીયા શેરીના ઉપાશ્રય-સુરત મુકામે **પૂ. પંન્યાસ—પ્રવરશ્રીજીના પરમ વિનેય—પં. શ્રી દેવેન્દ્રસાગરજીની નિશ્રામાં** બન્ને મુહૂર્તમાં થઇને કુલ ૮ પુરૂષો, અને ૫૧ સ્ત્રીઓએ ચાલુ વર્ષના કારતક વદ ૫ ના રોજ ઉપધાન તપોધર્મની આરાધનામાં પ્રવેશ કર્યો છે.

— — —

**બારડોલીમાં ઉપધાન તપોધર્મની આરાધના-** મુનિશ્રી શાંતિવિજયજી, મુનિશ્રી ગુણસાગરજી, મુનિશ્રી કંચનવિજયજી આદિ ઠાણાની નિશ્રામાં થયેલ તપોધર્મની આરાધના નિમિત્તે કારતક વદ ૧૩ થી માગશર સુદ ૬ સુધીમાં અષ્ટાન્હિકા મહોત્સવ, શાંતિસ્નાત્ર, માળારોપણ વિગેરે શુભ કાર્યો થવાનું નક્કી થયું છે.

# છાણી મુકામે દીક્ષાનો અનુમોદનીય-પ્રસંગ.

સંવત ૨૦૦૫ નું ચાતુર્માસ પંચમહાલ વેજલપુરમાં આગમોદ્ધારક શ્રીસાગરાનંદસૂરીશ્વરજીના શિષ્ય **પં. શ્રીહેમસાગર** ગણી આદિનું થયેલ હતું તે દરમ્યાન ગાંધી સબુરદાસ મહાસુખલાલભાઈના **પુત્ર રત્ન મહેન્દ્ર**કુમારને ચારિત્રની શુભ ભાવના ઉદ્‌ભવેલ માતા પિતાદિકને પોતાની શુભ ભાવના જણાવતાં શિખરજી પાવાપુરી આદિ નગરીઓ સિદ્ધગિરિજી આબુ આદિ પવિત્ર સ્થળોની યાત્રા કરાવી. ડભોઇમાં ચાતુર્માસ દરમ્યાન થોડો સમય અભ્યાસ કર્યો અને ચતુર્માસ બાદ તાત્કાલિક ચારિત્ર લેવાની ભાવના માતા પિતાદિકને જણાવી. પં. શ્રીહેમસાગરજી તરતમાં ડભોઇથી પાલીતાણા તરફ વિહાર લંબાવેલ વડોદરા આવતાં તેમના પિતાજી તરફથી રોકાવાનો તાર આવ્યો. છાણીમાં દીક્ષા કરવાનું નક્કી કર્યું. કારતક વદી પાંચમના શુભ દીવસે વડોદરાથી દરબાર બેન્ડ બોલાવી દબદબાસહ વરઘોડો કાઢી અતિ ઉમંગપૂર્વક ચતુર્વિધ સંઘ સમક્ષ દીક્ષાની વિધિ કરવામાં આવી હતી. મુમુક્ષુ મોટરમાં બેસી છુટા હાથે દાન દેતા હતા મુમુક્ષુ મહેંદ્રના અ. સૌ. માતાજી ધીરજબેન વડીલ બન્ધુ ચીનુભાઇ, કાંતિલાલ તથા બેન-ભાભી મિત્રમંડળ વિ. વેજલપુરથી આવી પહોંચેલ. પૂજા-પ્રભાવના-આંગી, ગરબા, લ્હાણી વિ. શુભ કાર્યો સારી રીતે શ્રી છાણીના સકલ સંઘ સમુદાયના સહકારથી ઉજવાયા હતાં **પં. શ્રી હેમસાગરજી**ના શુભ હસ્તે દીક્ષાવિધિ બાદ **શ્રી મહાભદ્રસાગરજી** નામ પાડી પોતાના શિષ્ય તરીકે જાહેર કરેલ. છાણીના શ્રી સંઘનો સહકાર અને દીક્ષા પ્રસંગનો ઉત્સાહ અમાપ હતો.

---

**[ ટાઇટલ ૧ થી ચાલુ ]**

[ ટાઇટલ ૧ થી ચાલુ ]

સામાજિક-સુધારાઓ કે કાયદાઓ, આર્થિક-સુધારાઓ કે કાયદાઓ જેવી રીતે અનુક્રમે સમાજની અને અર્થ=સ્થાવર જંગમ મીલકતોની સુધારણા અને વ્યવસ્થાપૂર્વકની વ્યવસ્થા-રક્ષણ-વૃદ્ધિ આદિ કરે છે તેવી રીતે ધાર્મિક સંસ્થાઓના કાયદા સંબંધિ સમજી લેવું એ અત્ર પ્રાસગિક છે કે ધર્મ-ધર્મી-અને ધર્મના સાધનાનું રક્ષણ થવુંજ જોઇએ, એ અંગુલિનિર્દેશ છે.

જે સંસ્થાઓ કે જે સંસ્થાઓ કે જે સંસ્થાઓના કાર્યવાહકો ધર્મના સંરક્ષણ માટે, ધર્મના ટકાવ માટે ધર્મની અભિવૃદ્ધિ માટે ધનની માંગણી કરતા હોય, કાર્યકર-કરવૈયાઓની માંગણી કરતા હોય, અને સુંદર-વિચાર વિનિમયપૂર્વક વર્તમાન-ભાવિ હિતકર સલાહ આપી શકે તેવા સલાહકારોની માંગણી કરતા હોય તેવાઓની શરૂઆતની અને ભાવિની કાર્યવાહિઓનું નિરીક્ષણ કરીને તે પ્રશ્ને વળવાની જરૂર છે. એટલે ધર્મ-ધર્મી-અને ધર્મના સાધનોનું સંરક્ષણ ટકાવ-વૃદ્ધિ માટે વર્તમાનમાં અને ભાવિમાં શો પ્રબંધ છે તે દાનદાતાઓએ અવશ્યમેવ વિચારીને અને શાસનમાન્ય શ્રમણ ભગવંતોના સંપર્કમાં આવીને યોગ્ય-હિતકર સલાહ પામીને તે પંથે દાનાદિક પ્રવાહ અવિરત ચાલુ રાખવો એજ હિતકર છે.

કહેવાતી ધાર્મિક સંસ્થાઓ અને કહેવાતાં ધાર્મિક ખાતાંઓ રાષ્ટ્રના નામે, વ્યવહારના નામે, ઉન્નતિના નામે, અને મનગમતી માન્યતાઓના નામે શાસનમાન્ય સિદ્ધાંતો પ્રત્યે, શાસનમાન્ય શ્રમણ ભગવંતો માટે, શાસનમાન્ય સાતક્ષેત્રો પ્રત્યે માનસિક-વાચિક-કાયિક પ્રવર્તન કરીને મૂળમાં કુઠારાઘાત કરે છે, તેઓ વૃક્ષની ડાળી ઉપર બેઠેલાઓ તેજ ડાળીને કાપી રહ્યા છે.

---

મુદ્રકઃ—**મુલચંદ કસનદાસ કાપડીયા** "જૈન વિજય" પ્રીં. પ્રેસ-ગાંધીચોક, સુરત.

પ્રકાશકઃ—તંત્રી-**પાનાચંદ રૂપચંદ ઝવેરી,** શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, લાલબાગ, ભુલેશ્વર, મુંબઇ.

# સુધા-વર્ષા.

श्रीकैलाससागरसूरि ज्ञानमंदिर
श्री महावीर जैन आराधना केन्द्र
कोबा (गांधीनगर) पि ३८२००९

આલેખનકારઃ—પૂ. પંન્યાસ-પ્રવર-શ્રીચન્દ્રસાગરજી-ગણીન્દ્ર મહારાજ.

૮૭૬. ઉપધાન નહિં કરનારાઓ જેટલા ઠપકા પાત્ર નથી, તેના કરતાં ઉપધાનની અને ઉપધાન કરનારાઓની વગોવણી કરનારાઓ વધુ ઠપકાપાત્ર છે, અને શિક્ષાપાત્ર છે.

૮૭૭. શાસન માન્ય-અનુષ્ઠાનરૂપ ઉપધાનાદિની ક્રિયાઓ પાછળ ખર્ચનારાઓની નિન્દા કરનારાઓએ પણ ઓગષ્ટની પંદરમી તારીખની ઉજવણી પાછળ ક્રોડો રૂપીઆના થયેલા ખર્ચને નિરર્થક કે અનર્થક માન્યું નથી તે સમજનારને ધાર્મિક ક્રિયા પાછળનો ખર્ચ વધુ સાર્થક લાગશે.

૮૭૮. સાધન-સામગ્રી-સંયોગો ન મળ્યા હોય તેઓ દયાપાત્ર છે, પરંતુ સાધન-સામગ્રી-સંયોગો મળ્યા છતાં લેવાયોગ્ય લાભ ન લેઇ શકે તે વધુ ઠપકાપાત્ર છે

૮૭૯. જિનેશ્વરના મંદિરમાં ધુપના ડબામાં પડી રહેલો ધુપ સુગંધ આપતો નથી, પણ અગ્નિનો સયોગ થાય એટલે આખું મંદિર ધુપની સુગંધથી મહમહકી ઉઠે છે. સુગંધ ધુપની છે કે અગ્નિની ?, કહેવું પડશે કે-ધુપની સુગંધ હોવા છતાં અગ્નિના સંયોગની અવશ્યમેવ જરૂર છે, તેવી રીતે આત્મા સ્વ-પરહિતકારિ-સુવાસરૂપ અનેક ગુણોથી ભરપૂર છે, પરંતુ જિનવાણીના સંયોગ વગર સ્વપરહિતકારિ સુવાસનો આવિર્ભાવ થતો નથી.

૮૮૦. કાર્યની સાથે ફળ, પ્રયત્નની સાથે પરિણામ, આઘાત સાથે પ્રત્યાઘાત; અને ભાવના સાથે બદલો એમ ઉપર જણાવેલા પદાર્થો પરસ્પર સંસંકલિત છે.

૮૮૧. ગર્વિષ્ઠપણાના ભાવને વશીભૂત થયેલો જીવ પોતાનાથી હલકી કક્ષાની સ્થિતિના જીવને
રે છે, કારણ કે ગર્વ સાથે ધિક્કારને અનુસરવાની લાગણીનો સહચાર હોય છે.

૮૮૨. જે સ્થિતિમાં જેઓ મદાંધ બને છે, ત્યારે તેઓ હલકી કક્ષાને ધિક્કાર્યા વગર તેઓનું
ણુ ટકી શકતું નથી, માટે તેવા મદાંધ-આત્માઓનો દયા ખાતાં શીખો.

૮૮૨. કુળમદમાં રાચીને નાચનારા મરિચિને "પોતાના જીવે ઉચ્ચ કુળ મેળવ્યું છે". કારણ કે બાપ ચક્રવર્તી, દાદા તીર્થંકર અને "હું વાસુદેવ-ચક્રવર્તી-તીર્થંકર થવાનું છે. એ કુળમદની કારમી ભાવનાઓ અનેકવાર હલકા કૂળમાં જન્મ લેવાની યોગ્ય જોગવાઇ કરી દીધી.

૮૮૪. મદાંધ થનારાઓને એ યાદજ નથી આવતું કે—"હું પણ હલકી કક્ષાઓને ઉલ્લંઘીને ઉંચે આવ્યો છું" કારણ કે મદાંધપણાના મહા અંધકારમાં વિવેક ચક્ષુઓ નિસ્તેજ બને છે; એટલુંજ નહિં પણ વિવેકચક્ષુનું તેજ યત્કિંચિત ચાલુ હોય તો હલકી કક્ષાના જીવો પ્રત્યે ઘૃણા કરવાની રહેતીજ નથી.

श्रीकैलाससागरसूरि ज्ञानमंदिर
श्रीमहावीर जैन आराधना केन्द्र।
कोबा (गांधीनगर) पि. ३८२००९

# શ્રી સિદ્ધચક્ર.

વર્ષ-૧૭-અંક-૪ થો. માગશર-માસ. તા. ૧૭-૧-૫૧.

ॐ नमः सिद्धचक्राय शाश्वतानन्ददायिने ।
सर्वमन्त्रेष्वयं मन्त्रोऽचिन्त्यचिन्तामणीयते ॥ १ ॥ आ० बो० मङ्गलम् ॥

**ભાવાર્થ:**—સર્વ-મન્ત્રોને વિષે આ મન્ત્ર અચિન્ત્ય-ચિન્તામણિની જેમ આચરણ કરે છે, માટે શાશ્વત-આનન્દને દેનારા શ્રીસિદ્ધચક્રને નમસ્કાર થાઓ. —સુધાવર્ષી.

## શ્રદ્ધાનું સંસ્કારિત જ્ઞાન.

આલેખનકાર:—પૂ-પંન્યાસ-પ્રવર-શ્રીચન્દ્રસાગરજી ગણીન્દ્ર-મહારાજજી.

"પઢમં નાણં તઓ દયા०" 'જ્ઞાનક્રિયાભ્યાં મોક્ષઃ,' અને "નાણ પયાસગં०"

આ જૈનાગમદર્શિત ત્રણ સૂત્રો અથવા તો આ ભાવને અનુસરતાં સૂત્રો, શબ્દો અને વાક્યોને આગળ કરીને જ્ઞાનને વધુ જોર આપે છે. પરંતુ ખબર નથી કે દેખતો મુસાફર પાંગળો હોય તો મુસાફરીથી કાર્યસિદ્ધિ માટે લગભગ તે નકામો છે, અને સાથે સાથે ચાલનો મુસાફર આંધળો હોય તો લગભગ તે પણ નકામો છે. રસોઈના ધ્યેય વગર ચૂલા સળગાવવા, ફળના ધ્યેય વગર બીજાનું વાવેતર કરવું, અને નફાદિ કમાણીના ધ્યેય વગર વેપાર કરવો તે જેમ લગભગ નમાલું છે, તેવી રીતે દયાના ધ્યેય વગર, ક્રિયા-કરણી વિગેરેના ધ્યેય વગર, અને તપશ્ચર્યા—રોજમના ધ્યેય વગર જ્ઞાનને અજ્ઞાન છે. શાસનમાન્ય શ્રદ્ધાનાં સંસ્કાર વગરનું હરકોઇ જ્ઞાન એટલે વ્યાવહારિક જ્ઞાન, અને ધાર્મિક જ્ઞાન પણ અજ્ઞાન છે. શ્રદ્ધાના સંસ્કારથી રહિત થયેલો અગીઆર અંગનો અભ્યાસિ—જમાલી અજ્ઞાની બને છે, અને ચૌદ વિદ્યાના પારંગત બ્રાહ્મણો સમવસરણમાં પ્રથમ મુલાકાત અવસરે અજ્ઞાની હોવા છતાં જ્ઞાની બને છે; આથી શાસનમાન્ય શ્રદ્ધાના સંસ્કાર વગરનું જ્ઞાન સ્વ-પર હિતદાયિ નથી.

વી. સં. ૨૪૭૭
વિ. સં. ૨૦૦૭.
ઈ. સ. ૧૯૫૧.

પ્રકાશિકા—
શ્રીસિદ્ધચક્ર-સાહિત્ય-પ્રચારક-સમિતિ,
તન્ત્રી—પાનાચંદ રૂપચંદ ઝવેરી.
૨૨૪, શેખમેમણ સ્ટ્રીટ—મુંબઇ, નં. ૨.

વાર્ષિક-લવાજમ.
રૂ. ૩-૦-૦.
છુટક નકલ એકના—
રૂ. ૦—૪—૬

# છાણીથી સુરતનો વિહાર ક્રમ.

**પ. પૂ. અનુયોગ આચાર્ય પં. પ્રવર શ્રી ચન્દ્રસાગરજી** ગણીવર આદિ ઠાણાં પોષ વદી ૫ ને રવીવારે છાણીમાં માળારોપણનું પુન્ય કાર્ય કરી બપોરના બે વાગે વિહાર કરીને ગુરૂ મંદિરની પ્રતિષ્ઠા ઉપર નીચેની તારીખોએ જણાવેલ ગામો ઉપરથી સુરત શહેર તરફ પધારવાની વકી છે.

| | | | |
|---|---|---|---|
| પોષ વદ ૭ સોમ તા. ૨૯ વડોદરા જાનીશેરી | | પોષ વદ ૮ મંગળ તા. ૩૦ સરાર સ્ટે. કાશીપરા | મા. ૧૩ |
| પોષ વદ ૯ બુધ તા. ૩૧ કરજણ સ્ટે. મીયાંગામ | મા. ૮ | પોષ વદ ૧૦ ગુરૂ તા. ૧ પાલેજ | મા. ૧૦ |
| પોષ વદ ૧૧ શુક્ર તા. ૨ નબીપરા | મા. ૮ | પોષ વદ ૧૨ શનિ તા. ૩ અંકલેશ્વર | મા. ૧૩ |
| પોષ વદ ૧૩ રવિ તા. ૪ પાનોલી | મા. ૭ | પોષ વદ ૧૪ સોમ તા. ૫ કીમ | મા. ૯ |
| પોષ વદ ૦)) મંગળ તા. ૬ સાયન | મા. ૭ | | |

તા. ક:—વદ ૫ ને રવીવાર સુધી છાણી, ત્યારપછી વદ ૧૧ સુધીમાં C/o. શા. છગનલાલ ઝવેરચંદ ઠે. જૈન દેરાસર કોસંબા B. B. C. I. ઉપરના શીરનામે પત્રવ્યવહાર કરનારે કરવો.

---

# ભાગવતી દીક્ષાઓ.

**વેજલપુર (પંચમહાલ)** જૈનોના અત્રે પચાશ ઘર છે તેમ અત્રેના શ્રમણ સમાજમાં પૂજ્ય મુનિગણે તેમજ સાધ્વીજી મહારાજાઓ પણ વિદ્યમાન હોવા છતાં વેજલપુરમાં કોઈ દિવસે દીક્ષા થયેલી નહિં. અત્રે બે યુવાનોની ભારી દબદબાઓથી દીક્ષાઓ થઇ છે. જે જૈન જૈનેતર વર્ગને મહાન ઉત્સવ સમાન થઇ છે અત્રે ૨૦૦૫ ના સાલમાં પ. પૂ. આગમોદ્ધારક આચાર્ય શ્રી આનંદસાગરસુરીશ્વરજીની આજ્ઞા પામી **પૂ. પં. શ્રી હેમસાગરજી** ગણીનું ચાતુર્માસ થયેલ તે દરમ્યાન વ્યાખ્યાન વાણી શ્રવણથી રસિકભાઈની દીક્ષા લેવાની ઉત્કંઠા થયેલ. વીશ વર્ષની યુવાન અવસ્થામાં એક તરફ લગ્નની વાતો થાય જ્યારે બીજી તરફ શ્રી રસિકભાઇની દીક્ષા લેવાની તીવ્ર ભાવના વચ્ચે શ્રીયુત રસિકભાઇની મક્કમતાએ સફલતા થઇ છે. **શ્રીયુત રસિકભાઈનો** દીક્ષા મહોત્સવ ઘર આંગણે ઉજવવાની માતા પિતાની ભાવના થતાં છાણીથી **પં. હેમસાગરજી ગણી આદિ** ઠા. ૩ એ મુમુક્ષુ રસિકભાઇની આગ્રહ પૂર્વક વિનંતી થતાં તાત્કાલિક વિહાર કર્યો અને તે ત્રણ ઠાણાઓ અત્રે પધાર્યા હતા. દીક્ષાના આગલા દિવસે શ્રી સકલ સંઘ ભેગો થઈ શ્રીયુત રસિકભાઇને અભિનંદન આપ્યું હતુ શ્રીયુત રસિકભાઈનો તથા ડભોઈ નિવાસી નગીનદાસભાઈનો વરઘોડો કાઢવામાં આવેલ શ્રી રસિકભાઈના માતુશ્રી પરધાન બ્હેને તેમ નગીનદાસના માતુશ્રીએ દિક્ષાની છાબ લીધેલી શ્રી રસિકભાઈ રસ્તામાં સંવત્સરી દાન દેતાં શાસન પ્રભાવના કરતાં કરતાં અનેક આત્માઓના અભિનંદન લેતાં વરઘોડો જૈન ઉપાશ્રય આવતાં જયધ્વનિના બુલંદ અવાજોથી વધાવાયેલા બન્ને ભાઇઓને **પં. શ્રી હેમસાગરજી ગણી તેમ પુજય મહેન્દ્રસાગરજીના** સાન્નિધ્યતામાં દીક્ષાની ક્રિયા કરાવવામાં આવેલ તે અવસરે શ્રી રસિકલાલ ભાઇનું પુનિત નામધેય **શ્રી ધર્મરત્નસાગરજી** નામ પાડી **પૂ. પંન્યાસજી હેમસાગરજી મહારાજના શિષ્યરત્ન** તરીકે જાહેર કર્યા તથા શ્રી નગીનભાઈનું **શ્રી નિર્મળસાગરજી** નામ પાડી **મુનિશ્રી મનોજ્ઞસાગરજીના શિષ્ય** તરીકે જાહેર કર્યા શ્રીયુત રસિકભાઈના પિતાશ્રી માણેકલાલ ખેમચંદભાઈ તથા તેમના પુજય માતુશ્રી પરધાન બ્હેને શ્રી સંઘ સમક્ષ નંદિ સમક્ષ ફરીને બ્રહ્મચર્ય વ્રત યાવજ્જીવ માટે ગ્રહણ કરેલું છે તેના પોતાના દીક્ષા લેતાં ઉભરાતા સુંદર ભાવોથી એકત્ર થયેલ સમુદાય આશ્ચર્ય ચકિત થયેલ દીક્ષા પ્રસંગે ગોધરા, લુણાવાડા, ડભોઇ વગેરે ગામોથી ઘણા ભાઇ બ્હેનો આવેલ. શ્રી માણેકલાલભાઈ તરફથી બપોરે રાગ રાગણીથી ભકિતપૂર્વક પૂજા પ્રભાવના તેમજ આવેલ ભાઈ બ્હેનોની સ્વામિભકિત કરી હતી. નુતન દિક્ષીતોને શ્રી સંઘે અપૂર્વ હર્ષોલ્લાસે વંદના કરી શ્રી સંઘ વિખરાયેલો. વેજલપુરની છાણી તરફ વિહાર કરતાં શ્રી સંઘ તેમજ જૈનેતરો પણ વળાવવા આવેલ.

---

# કાલ ધર્મ પામ્યા

**અમદાવાદ મુકામે સાહિત્યરત્ન પં. પૂ. ન્યાયવિજયજી મહારાજશ્રી માગસર સુદી ૩ ની સાંજે કાલધર્મ પામ્યા છે. આથી શાસનને અને તેમના સમુદાયને ન પુરાય તેવી ખોટ પડી છે. તિથિ ચર્ચા વિષયમાં તેઓશ્રીએ ખુબ વીર્ય ફોરવ્યું હતું.** —તંત્રીસ્થાનેથી.

# આગમોદ્ધારકની અમોઘ-દેશના.

( ગતાંકથી ચાલુ )

**ક્ષમાશીલ થવાની જરૂર.**

આવા મહાન-ઉપસર્ગમાં પણ ક્ષમાના દરીયા શ્રી પાર્શ્વનાથજી ભગવાન કમઠ ઉપર ક્ષમા રાખે છે, અને સ્તુતિ કરનાર શ્રી કલિકાલ સર્વજ્ઞ ધરણેન્દ્ર ઉપર તથા ઉપસર્ગ કરનાર કમઠ ઉપર પણ ભગવાન સમચિત્તવાળા છે, એમ જણાવે છે, તેથીજ શ્રી હેમચંદ્રાચાર્યે મહારાજે પાર્શ્વનાથ ભગવાનની સ્તુતિ કરતાં જણાવ્યું છે કેઃ—

**कमठे धरणेन्द्रे च स्वोचितं कर्म कुर्वति ।**
**प्रभुस्तुल्यमनोवृत्तिः पार्श्वनाथः श्रियेऽस्तु वः ॥१॥**

પોતપોતાને ઉચિત એવા કાર્ય કરનાર કમઠ ઉપર અને ધરણેન્દ્ર ઉપર તુલ્ય મનોવૃત્તિવાળા પાર્શ્વનાથ ભગવાન તમારા કલ્યાણને માટે થાઓ. શ્રીપાર્શ્વનાથજીના ભવમાં આવી ક્ષમાને અનુસરે છે, તો સંસારીપણામાં એમનું કુટુંબ કઈ સ્થિતિનું હશે?, તે વિચારો. મનુષ્યોના સારા સારા વિચાર એજ પ્રવૃત્તિની જડ છે. પણ વિચારની જડ પરિવાર છે. ચારે બાજુનો પરિવાર અનુકૂળ હશે તો વાતાવરણ અનુકૂળ થશે; અને વાતાવરણ અનુકૂળ થયે તેમાં વિચારો પણ અનુકૂળજ આવશે. જો વાતાવણ પ્રતિકૂળ હોય તો વિચાર પણ પ્રતિકૂળજ આવે છે. ચારે બાજુનું વાતાવરણ સરૂં હોય તો વિચાર સારા આવે, અને વાતાવરણ નરસું હોય તો વિચાર નરસા આવે. કમઠના આવા ઉપસર્ગમાં શ્રીપાર્શ્વનાથ ભગવાન પણ અતીવ-ક્ષમાધારી થયા તેમણે અપરાધી ઉપર પણ ક્ષમા રાખવી, તે પ્રસંગ આપણને શું સૂચવે છે? કે દરેક જીવે ક્ષમા રાખવી એ દરેકને માટે મનુષ્યપણાનું પહેલું કર્તવ્ય છે, તેમાં પણ શક્તિ છતાં સહન કરે તે ઉત્કૃષ્ટ કોટીનો આત્મા જાણવો.

**ગાડરીયા પ્રવાહ જેવો જનસમુદાય.**

જેને વિચારનું ધોરણ કુટુંબના વાતાવરણ ઉપર નથી, છતાં પણ કુટુંબના પરિવાર ઉપર જેને આધાર હોય તેને પરિવાર અતિ સુંદર જોઈએ. સુંદર-પરિવારના સંસ્કાર વગરનો કમઠ તાપસ તપ કરી રહ્યો છે, અને તે અજ્ઞાન તપ કરે છે. ભોળા લોકો તેને વંદન કરવા જાય છે, અને લોક આવો અજ્ઞાન વર્ગ છે કે જેને ઊંડી તપાસ કરવાની ટેવ હોતી નથી. તેથી વંદન-પૂજનાદિ માટે કમઠ પાસે બધા લોકો બહાર ગયા છે. ગયેલા લોકો બોલે છે, કે અહો! આ કેવા તપસ્વી?, એમ કરતા લોકો પૂજન કરવા ગયા છે, અને જાય છે કહ્યું છે કે गतानुगतिको लोको न लोकः पारमार्थिकम् લોક ગાડરીયા પ્રવાહ જેવા હોય છે, તેથી તે પરમાર્થ એટલે વાતનું રહસ્ય જોઈ શકતો નથી. આવા જન સમુદાયના લોકો તત્ત્વની વિચારણા કરનાર હોતા નથી. આ પ્રમાણે લોકોને પૂજાપો લઈને જતાં જોઈને શ્રી પાર્શ્વનાથજી ભગવાન પોતાના નોકરને પુછે છે કે "આ બધા લોકો સવારમાં પૂજાપો લઈને કયાં જાય છે?" ત્યારે તેના નોકરે તુરત જવાબ આપ્યો કે જે આ સમગ્ર લોકો સવારમાં જાય છે, તે માટે આપને નમ્રતાથી જણાવું છું કે-"જે અત્રે ગામ બહાર કમઠ નામનો તાપસ પંચાગ્નિ તપ કરે છે, તેના દર્શન કરવા માટે તથા પૂજન કરવા માટે આ સમગ્ર લોકો સવારમાં ઊઠીને જાય છે." આ વાત સાંભળીને શ્રી પાર્શ્વનાથજીને આશ્ચર્ય થયું કે અહો! લોકો કેવા અજ્ઞાન તથા ભોળા છે. શ્રી પાર્શ્વનાથજી ભગવાન પણ ત્યાં આવે છે, અને પોતે જુએ છે કે લોકો આને શાથી વખાણે છે?, પંચાગ્નિ તપના કષ્ટથી, પણ આમાં સંજ્ઞી-પંચેદ્રિયરૂપ-નાગનો જીવ બળી જાય છે, તે કોઈ દેખતું નથી. લોકો ફાટેલ બોખ સમાન છે, જેમ ફાટેલ બોખમાં નાંખેલ પાણી નીતરી જાય છે, તેમ આવા લોકના હાથમાં તત્ત્વ આવે તો પણ સરકી જાય છે, એટલે આવેલ તત્ત્વ ટકતુંજ નથી.

લોક તત્ત્વ જાણે નહિં પંચાગ્નિને મહા તપ કહે છે, પણ આ બિચારા જીવની શી વલે થાય છે?; તે કોઈ જોતું નથી. શ્રીપાર્શ્વનાથકુમારે તેની અંદર નાગને બળતો અવધિજ્ઞાનથી દેખ્યો, અને તરતજ તાપસને કહ્યું કે-"સુણ તપસી સુખલેનકું જપે ફોગટ માલા, અજ્ઞાનસે અગ્નિ બિચે" વિગેરે શબ્દોથી સમજાવે છે હે તાપસ! તું વૈકુંઠનું સુખ લેવા આ માળા જપે છે, તે ફોગટ છે; આવા અજ્ઞાન કષ્ટથી કે તપથી વૈકુંઠ મલતુંજ નથી. આ અગ્નિમાં બળતા નાગને તું જોતો નથી, અને ફોગટ તપ કરે છે. શ્રી પાર્શ્વનાથજીએ કમઠને

કહ્યું કે—"તેરા ગુરૂ કૌન હે બડા જિને યોગ ધરાયા. નહિં ઓલખાયા ધર્મકું તનુકષ્ટ બતાયા" કે તારા ગુરૂ આવા ત્હને કોણ પ્યારા છે, કે જેણે તને આવો યોગ ધરાવ્યો, અને ધર્મને ઓળખાવ્યો નહિં; અને છેવટે ફોગટ તનુકષ્ટ બતાવ્યું તે સાંભળીને કમઠે જવાબ દીધો કે—"હમ ગુરૂ ધર્મ પિછાનતે નહીં કવડી પાસે, ભૂલ ગયે દુનીયા દિશા રહતે વનવાસે' એટલે હમારા ગુરૂ ધર્મ પિછાણે છે તે કવડી પણ પાસે રાખતા નથી, દુનિયાની બધી દિશાઓ પણ ભુલી ગયા છે અને વનવાસમાંજ રહી જીવન ગુજારે છે. આ પ્રમાણે તેના વચનો સાંભળીને પાર્શ્વનાથજીએ કમઠ તાપસને કહ્યું કે—"આ અજ્ઞાન કષ્ટ છે તેમાં ધર્મ નથી' જ્યાં જીવ દયા નથી, ત્યાં ધર્મ નથી"

**સર્વસ્વના ભોગે આરાધના કરાવો.**

આ સાંભળી કમઠ ક્રોધે ભરાય છે, અને છેવટે નિયાણું કરી મેઘમાલી દેવ થાય છે. ભગવાને દેખ્યું કે આ તાપસ પંચાગ્નિને મહા તપ કહે છે, પણ આ બિચારા બળતા નાગની શી વલે થાય છે?, તે માટે તાપસ સાથે ખુલાસો કરે છે. અને બળતો નાગ નોકર પાસે બહાર કઢાવે છે. સેવકને નવકાર સંભળાવવાનો હુકમ કરે છે—વિચારો કે સેવકો પણ નવકારમાં કેવાલીન હોવા જોઈએ?, આથી શ્રીપાર્શ્વનાથજીનો સમગ્ર પરિવાર નવકાર જાણે છે. જો નોકર નવકારમંત્ર ન જાણતો હોત, તો તેજ નવકારને નોકર સાપને ક્યાંથી સંભળાવતે?, કહો કે એ દશા ન હોત તો સંભળાવતે નહિં. બીજી બાજુ ઝેરી જાનવર ભલે પાપથી સ્હેજે થયું છે, પણ છેતો ઝેરી જાનવર; છતાં તેને નવકાર સંભળાવવાનાં તાકાત નોકરની કેટલી હશે?, મરી ગયા પછી નોકાર સંભળાવાતો નથી, પણ જીવતું ઝેરી જાનવર છે, અનેતેને નવકાર સંભળાવવો છે. જાનવરને આરાધના કરાવવા માટે કેટલી લાગણી હોવી જોઇએ?, આપણે મનુષ્યને આરાધના કરાવવા માટે મ્હોં મલકાવીએ છીએ, અને આ ઝેરી જાનવરને પણ આરાધના કરાવે છે. ઝેરી જાનવરને આરાધના કરાવવાનો વિચાર શી રીતે?, કોઈ પણ રીતે આ જીવની ગતિ સુધરે તે હિસાબે નવકાર સંભળાવે છે. કોઇનો પણ ભવ સુધરતો હોય તો તેમાં પાછી પાની નહિં કરવી, અને તે વખતે પ્રમાદ નહિં લાવવો જોઇએ. બિચારા તે જીવને અંત-અવસ્થાએ પણ પંચ પરમેષ્ઠિનું સ્મરણ બન્યું રહે, અને તેમાંજ ધ્યાન રહે; તથા તેની ગતિ તે શ્રવણથી સુધરી જાય, તેવે ટાઇમે હજારો કામ પડતાં મૂકીને પણ તે નવકાર સંભળાવવાનું કામ અવશ્ય કરવું જોઈએ; અને પ્રમાદ નહિં કરવો જોઇએ.

**ભવ-ભ્રમણથી બચાવવું એ ધર્મ છે.**

અહીં શ્રીપાર્શ્વનાથકુમારે સાપને નોકર પાસે નવકાર મંત્ર સંભળાવીને આરાધના કરાવી તેનો હેતુ શો? કોઇને કોઇ રીતે પણ તેની ગતિ સુધરવી જોઈએ. સાપ કાંઈ કહેવા આવ્યો ન હતો કે મને નવકાર સંભળાવવા આવો. આ ઝેરી જાત આરાધનાને લાયકની નથી, છતાં શ્રી પાર્શ્વનાથના સમાગમથી પામી ગયો. જે ઝેરીલી જાતમાં લાખમાં પણ એક ન પામે, તેની દશામાં તેમણે આરાધના કરાવી તે કઈ દશાએ થાય?, આપણે તો બે વખત ચાર વખત કોઈ કામમાં નિષ્ફળ થઇએ તો, આરાધના કરાવવા ઢીલા થઈએ છીએ; પણ કબુલ કરીને આરાધના કરાવવી એ નક્કી રાખવું જોઇએ. અહીં શ્રીપાર્શ્વનાથજી હવે ભગવાને એવી દશામાં નોકર પાસે લાકડા ચીરાવીને તેમાંથી નાગને કઢાવ્યો છે. જગતમાં જે તેરાપંથીઓ જીવને બચાવવામાં પાપ માનનારા છે, તેઓએ આ સ્થળે વિચારવાની જરૂર છે, કે જે શ્રીપાર્શ્વનાથજી-ભગવાને તે સર્પને મરતાં મરતાં પણ શ્રીનવકાર-મંત્ર સંભળાવ્યો છે, તો શું શ્રીપાર્શ્વનાથજીએ તો તેમના હિસાબે પાપ કર્યું કહેવાયને?, નહિંજ, બલ્કે તેની એટલે તે નાગની ગતિ તેનાથીજ સુધરી છે. સાપ તો નવકાર શું ચીજ છે?, તેને તે લવલેશ જાણતો નથી, છતાં પણ તેના પવિત્ર-અક્ષરો કાને પડવા માત્રથી તેની ગતિ સુધરી ગઈ. તો કોઇની ગતિ સુધારે તેમાં પાછી પાની નહિ કરવી જોઇએ. કોઇ પણ જીવને ભવ ભ્રમણથી બચાવવો એ ધર્મનું મૂળ છે.

**સમ્યકત્વાની ભૂલ કહેનારાઓ.**

ઝેરીલા સર્પને બચાવવો એટલે તે જીવીને શું કરવાનો છે?, તે બધા તમો સમજો છો એટલે તે

પચેન્દ્રિય જીવોની હત્યા સિવાય બીજો ધંધો તેને નથી. સમગ્ર પરિણામે સર્વ દિવસોએ પંચેન્દ્રિય હત્યા કરનારો, અને અઢારે પાપ સ્થાનક સેવનારો તેવા સાપને પણ શ્રી પાર્શ્વનાથજીએ બચાવ્યો છે; તો તેમાં બચાવવાની બુદ્ધિ છે, તેરાપંથીના હિસાબે તો શ્રીપાર્શ્વનાથજીએ સાપને બચાવ્યો તે ભૂલ કરી. એમના કૂળમાં બચાવવાનો રિવાજ પડયો કયાંથી કે ભૂલ થઈ?, બીજાના કૂળમાં સાપ દેખે તો ડંગોરો લેઈ તેને મારી નાંખવા નીકળે, અને આમને તો સાપ હોય તો પણ બચાવવો તેવો કૂળમાં સંસ્કાર પડયો કયાંથી?, ભૂલ સમજયા વગર આંખો મીંચીને ભૂલ કહેનારથી ભૂલ કહેવાય કેમ?, સેવક પાસે નવકાર મંત્ર સંભળાવનારા તે શ્રીપાર્શ્વનાથજી સમકીતી છે, અવધિજ્ઞાની છે; અને ઉપગાર થવાનો છે તેમ જાણ્યું છે. પ્રમાદથી ઉપગાર થઇ ગયો તેમ નથી, પણ ભગવાને તો અવધિ જ્ઞાનથી દેખીને; અને ધારીને આ કામ કર્યું છે તો પછી સમકીતીની ભૂલ કહેનાર મિથ્યાત્વી સમજવા. આનું મૂળ વિચારો કયાં આવે છે? કહો કે અહિંસા ધર્મમાં હિંસા એ કોઇપણ રીતિએ યોગ્ય છેજ નહિં. અહિંસા ધર્મએ સર્વ ધર્મોનો મૂળ પાયો છે. જો અહિંસા ધર્મ નથી, અને જીવો ઉપર દયા ભાવ નથી, તો દયા રહિત તમો કાંઇ પણ કરો તો બધું નકામું છે.

## ધર્મનો મૂલ પાયો અહિંસા છે.

અહિંસા ધર્મને માટે દરેક શાસ્ત્રોમાં કથન છે, તેનું કાંઇક વિવેચન પ્રસંગોપાત અત્ર કરવામાં આવે છે. કહ્યું છે કે अहिंसा परमो धर्मः । અહિંસા એ મોટમાં મોટો ધર્મ છે, અને કોઇ પણ જીવને દુઃખ ન દેવું એ એનુ મૂળ છે. જગતના તમામ જીવો જીવવાને ઇચ્છે છે, અને કોઇ પણ જીવ મરવાને ઇચ્છતું નથી; તેથી નિતિકારોએ કહ્યું છે કે-आत्मवत् सर्वभूतेषु यः पश्यति स पश्यति પોતાના આત્માની માફક સર્વ આત્માને વિષે જે જુએ છે, તેજ દેખતો છે; અને તેજ દેખે છે. જેમ પોતાના આત્માને સુખ વહાલું છે, અને દુઃખ અપ્રિય છે; તેમ દરેક આત્માને સુખ વહાલું છે. દુઃખ કોઇને ગમતું નથી. શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજે પણ કહ્યું છે કે-आत्मवत् सर्व भूतेषु सुखदुःखे प्रियाप्रिये । चिंतयन्नात्मनोऽनिष्टां हिंसामन्यस्य नाचरेत् ॥१ સર્વ પ્રાણીઓને વિષે પોતાના આત્માની જેમ સુખ પ્રિય છે, અને દુઃખ અપ્રિય જાણીને દુઃખદાયી એવી બીજા જીવોની હિંસા વિવેકીઓએ ન કરવી જોઇએ. સર્વ ધર્મના સિદ્ધાંતો અહિંસા ધર્મ ઉપર રચાયા છે, એટલે સર્વ-ધર્મના સિદ્ધાંતનો મૂળ પાયો અહિંસા છે. જો પાયો ખસી જાય તો ચણતર ટકતું નથી, તેમાં અહિંસા ચાલી જાય દયા ન રહે; અને હિંસા રૂપ અધર્મમાં આત્મા જોડાઈ જાય, તો પછી બીજા ધર્મો રૂપી ચણતરો ટકી શકતા નથી આથી કોઇ પણ જીવને મારવો નહિં, મરાવવો નહિં, અને કોઇ મારતું હોય તો સારો ગણવો નહિં. જીવને બચાવવાને માટે પોતાનું સર્વસ્વ અર્પણ કરવું જોઇએ, કારણ કે કરેલી જીવ દયા મહા ફળ દાયી છે.

## આરાધના કરાવનાર-શ્રીમુનિસુવ્રતસ્વામિ.

બચાવવાના અવસરે કોઇ એમ વિચાર કરવા બેસે કે આ જીવને બચાવીએ અને તે જીવે, તથા જીવ્યા પછી તે પાપ જે કરે તેનો ભાગ બચાવનારને મળે છે, માટે જીવને બચાવવો નહિં; તે વિચાર આ સ્થાને કરવો નકામો છે. કારણકે ત્યાં તો જીવને બચાવવાનીજ બુદ્ધિ છે, અને તે પાપ કરશે કે પુન્ય કરશે તેનું ફળ તો તે જીવને ભોગવવાનું છે; આથી બચાવનારે તો બચાવ્યો અને જીવ દયા કરી તેથી તેનું ફળ તેને સારૂંજ મળવાનું છે કારણકે પરિણામે બંધ કહયા છે, તો વિચાર કરો કે આવા ઝેરીલા પંચેદ્રિય હત્યા કરનારા એવાને પણ આરાધના કરાવવી તે ભગવાને કર્તવ્ય ગણ્યું. તેવી રીતે આરાધના કરાવનાર બીજાને આરાધના કરાવવા માટે કેટલા કટિ બદ્ધ થાય છે, તે વિચારીએ. શ્રીમુનિસુવ્રત સ્વામી ભગવાન ૬૦ જોજન ઘોડા માટે રાતોરાત ચાલી ગયા. એક જીવની આરાધના કરવા માટે મનુષ્યે કેટલું કરી છુટવું જોઇએ?, તે આ તીર્થંકરે કરેલ કાર્ય ઉપરથી વિચારજો ભગવાને પણ આવા ટાઇમે પાછી પાની કરી નથી તો આપણે તો તેના અનુયાયી છીએ. તેમણે તો કોઇનો પણ ભવ સુધરતો હોય તો વિના વિલંબે તે કામ કરવું જોઇએ, એ કરી બતાવ્યું છે, અને તેમાં લાભજ છે. તે જીવની ગતિ સુધરે, પોતાને

પણ સદ્ગતિ કરાવવામાં નિમિત્ત કારણ રૂપ પુન્ય ઉપાર્જન થાય તે પણ લાભ છે.

**ભયંકર ઉપદ્રવમાં પણ નિશ્ચલ.**

અહીં ભગવાન-શ્રીપાર્શ્વનાથજી સાપ જેવા ઝેરીલા જીવ માટે આરાધનાની સંભાવના કરે છે, તે વિચારવાનું છે અનુક્રમે તે આયુષ્ય પુરૂં થયે મૃત્યુ પામીને સાપમાંથી દેવલોકમાં જાય છે, અને ધરણેન્દ્ર પદવી પ્રાપ્ત કરે છે. તે વાર પછી કમઠ પણ મેઘમાલી થયો છે. ભગવાન શ્રીપાર્શ્વનાથજી કાઉસગ્ગ ધ્યાને રહ્યા છે, બિન-ગુનેગાર એવા તે જીવ દુનિયા છોડીને નિકળ્યા છે, કારણ કે એવા મહા પુરૂષ કેવળ બીજા જીવોનું કેમ ભલું થાય તેજ ઈચ્છવાવાળા હોય છે, અને પરમ કૃપાલુ હોય છે. તે વખતે તે મેઘમાલી દેવે ભગવાનને કાઉસગ્ગ ધ્યાને રહેલા જોઈને, પૂર્વનું વૈર સંભારીને તેને ચલાયમાન કરવા કહો, કે તેમના ધ્યાનમાં વિઘ્ન નાંખવા કહો, કે પૂર્વ ભવના વૈરનો બદલો લેવા કહો, કે ગમે તે કહો તે કારણે મેઘમાલી દેવ મૂશળધાર વરસાદ વરસાવીને પાણીનો ઉપદ્રવ કરે છે. અગ્નિ કરતાં પણ પાણીનો ઉપદ્રવ ભયંકર છે અગ્નિને ઓલવવાનું અને ખસેડવાનું સ્થાન છે, પણ પાણીનો ઉપદ્રવ એવો છે કે ખસેડવાનું બનેજ નહિ; એટલે તે પાણીના ઉપદ્રવને નાશ કરવાનું બને નહિ તેટલાજ માટે નીતિકારોએ અગ્નિના ઉપદ્રવ કરતાં પાણીના ઉપદ્રવને ભયંકર ગણ્યો છે. જો કે તમામ જાતના ઉપદ્રવ ખરાબજ છે, અને એકે ઉપદ્રવ સારા નથી, એવા ઉપદ્રવ વખતે સામાન્ય માણસોનાં ચિત્તને ચલાયમાન થવાની સાથે ધ્યાન ભગ્ન થતાં વાર લાગતી નથી. એ તો તીર્થંકર હતા, વજ્રઋષભ નારાચ સંઘયણના ધણી હતા, અને અચિન્ત્ય શક્તિવાળા હતા; તેથીજ એવા ઉપદ્રવમાં પણ તેઓ નિશ્ચલ રહ્યા.

**સમતા રાખનારા વિરલા.**

તે પાણીનો ઘોર ઉપદ્રવ અહીં મેઘમાલી દેવ કરે છે, વરસાવેલું જળ પ્રભુની નાસિકા સુધી આવી જાય છે; અને તે વખતે ધરણેન્દ્રનું આસન કંપાયમાન થાય છે. તે આવીને જ્યાં પ્રભુ કાઉસગ્ગ-ધ્યાને રહેલા છે, ત્યાં નાગ નાગણી રૂપે ઇંદ્ર ઇંદ્રાણી આવી છત્ર ધારણ કરે છે; અને જળનો ભય દૂર કરે છે. વિચારો પાણી વરસાવે છે. અને ભગવાન કાઉસ્સગધ્યાનમાં છે; છતાં ભગવાન નિશ્ચલ છે આપણે તો કાઉસ્સગમાં એક જરા મચ્છર કરડે કે શરીર ઉપર માખી બેસે તો કાઉસ્સગમાંથી ચલિત થઈ જઈએ છીએ. પાણીની સુંઢ ભરીને છાંટે તો ભલભલા સોલ્જરને પણ તેની સામે ઉભા રહેવું ભારે પડે છે. એ પાણીની સૂંઢનો મારો રોકવા માટે તે સિપાઈની શક્તિ નથી, અને હેરાન કરવા માટે સૂંઢથી પાણીનો મારો શરૂ કરાય છે. તેમ આ મેઘમાલી દેવે ભગવાનને હેરાન કરવા માટે વરસાદ શરૂ કર્યો આથીજ દરેક કાળે લડાઈમાં લશ્કરને આગળ વધવું તે સહેલું છે, પણ ચોમાસામાં વધવું અતિ મુશ્કેલ ગણ્યું છે. અહીં શ્રીપાર્શ્વનાથજીને નાસિકા સુધી પાણી આવે છે, તો પણ ભગવાન સમતામાં રહ્યા છે. સમતા દરેક વખતે રાખવી જોઈએ, અને તેજ કર્મ ખપાવવાનું ધ્યેય છે ઘરમાં બેઠા બેઠા સમતા રાખનાર ઘણા નીકળશે, નિમિત્ત વિના કે કષ્ટમાં આવ્યા સિવાય સમતા રાખનાર હજુ પણ ઘણા નિકળશે; પરંતુ કષ્ટના વખતમાં શક્તિ છતાં સમતા રાખનારા આ જગતમાં કોઈ વિરલાજ નીકળશે.

**સમતાના સુંદર ફળ.**

ખંધકમુનિએ સમતાથી જીવતા ચામડી ઉતારવાનું દુઃખ સહન કર્યું, તો કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. એમ જે જે જીવો કર્મ ખપાવીને ઇષ્ટસિદ્ધિ સાધી શકયા છે, તે બધા સમતામાં આવ્યા ત્યારે તેઓએ જે કર્મ ખપાવ્યાં છે, અને ઇષ્ટ સાધી શકયા છે, તેવું બીજા પ્રસંગમાં બન્યું નથી. ગજસુકુમાળજીને તેના સસરાએ માથા ઉપર માટીની પાળ બાંધી, અને તેમાં ખેરના અંગારા પૂર્યા; છતાં આવા કષ્ટના અવસરમાં પણ સમતા ધારણ કરી તો તેઓએ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. તેથી કસોટીએ ચઢે ત્યારે જેમ સોનાની પરીક્ષા કરી શકાય છે, તેમ આ જીવની પણ પરીક્ષા આવા કસોટીના ટાઈમે કરી શકાય છે. અમસ્તા પણ "સમતા રાખો, સમતા રાખો." તેમ કહેનારા, બોલનારા, ઉપદેશ કરનારા બહુજ લોકો છે, પણ જ્યારે તેવો પ્રસંગ ઉભો થાય અને તેવે

ટાઇમે સમતા રાખી બતાવે છે. ત્યારે તેના ધૈર્યની સહુ કોઇ પ્રશંસા કરે છે, અનુમોદન કરે છે, અને આખરે તે વિજય પામે છે. દુનિયાને સમતાનો પાઠ શીખવવા માટે તીર્થંકરોએ જ્યારે જ્યારે આવા પ્રસંગો બને છે, ત્યારે સમતા પોતે રાખી દુનિયાને તે રાખવા શીખવ્યું છે.

**આસન-કંપાવનાર પુણ્ય.**

કષ્ટના અવસરે સમતા આવવી બહુ મુશ્કેલ છે. અરે એક કટુક વચન પણ કોઈ બોલે, તો પણ આ જીવથી કોઇનું પણ સંખાતું નથી, અને તેવે ટાઇમે આપણે લાલપીળા થઈ જઈએ છીએ; અને ઉલટા દશ વીસ વચનો સામાને કહીને આપણે કર્મબંધ કરીએ છીએ. પ્રભુએ તો આવા ટાઇમમાં પણ સમતા ધારણ કરીને પોતાનું ધ્યાન ચૂકયા નથી, એટલે આવા મુશળધાર વરસાદનું વરસવું થયું તો તેની આગળ પણ પોતાની સમતાનો ભંગ થયો નથી; અને આરંભેલા કાઉસ્સગનો પણ ભંગ થયો નથી. શ્રીપાર્શ્વનાથજીની પહેલા ભવની સમતા, અને છેલ્લા ભવની સમતા ધ્યાન રાખીએ તો સમતાનો સાગર એ મહાપુરૂષ છે. હવે જે સમતા રાખે છે તેવાને દુનીયાની ગેબી મદદ પણ થાય છે, તે અવસરે તેવી ગેબી મદદ પણ હાજરજ હોય છે. ત્યાં મદદે કોણ આવે છે?, કયો જીવ મદદે આવે છે?; કહેવું પડશે કે બચાવવાનું જે પુણ્ય તેનો તે પ્રબંધ કરે છે. જે ઝેરીલો અઢાર પાપ સ્થાનકીયો સાપ હતો, જેને નોકર પાસે ભગવાને નવકાર મંત્ર સંભળાવ્યો હતો; તેજ સાપ મૃત્યુ પામીને ધરણેન્દ્ર થયો છે. તે સાપ દેવતામાંથી પ્રભુને જલઉપસર્ગમાંથી મુક્ત કરવા અહીં આવે છે. પ્રભુએ જે નાગને લાકડામાંથી બચાવ્યો હતો, જેને પંચેદ્રિયની હત્યા કરનાર ગણતા હતા, એજ જીવ આરાધના પામેલો ઇંદ્ર બનેલો તે મદદે આવે છે. શ્રીપાર્શ્વનાથજી ભગવાને એક રૂંવાડે પણ એ વિચાર્યું નથી, કે કોઈ મને અહીં મદદે આવો. માત્ર તેમના પુન્યથી તેનું આસન કંપ્યું છે, અને તે આવ્યો છે. તીર્થંકરો કોઈ દિવસ પરની નિશ્રા કરતા નથી. તીર્થંકરો જે કેવળજ્ઞાન ઉત્પન્ન કરે છે, તે કેવળજ્ઞાન પોતાના આત્મ-બળેજ ઉત્પન્ન કરે છે.

**આત્માની ઉત્કૃષ્ટ-દશા.**

બીજાઓ ભક્તિ ખાતર આવો તે વાત જુદી છે, પણ પોતે તે મહાપુરૂષ ભકતોને કહેતા નથી ઇંદ્ર મહારાજે મહાવીર ભગવાનની પાસે બાર વરસ રહેવાની માંગણી કરી, ત્યારે પણ ભગવાન મહાવીરસ્વામીએ ઇંદ્રને એજ જવાબ આપેલો, કે હે ઇંદ્ર! તીર્થંકરો કોઇ દિવસ બીજાની સહાયતાથી કેવળજ્ઞાન પ્રાપ્ત કરતા નથી. તેઓ તો પોતાનાજ વીર્ય પરાક્રમથી કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે, કારણ કે પોતે કોઇની પણ આકાંક્ષા કરતા નથી. અહીં આ વખતે કોઇની મદદની આકાંક્ષા ન કરે તે કઇ સ્થીતિના મહાપુરૂષ હશે?, તે વિચારજો. દેવતાઇ ઉપદ્રવ હોય તો પણ બચવા માંગતા નથી, કારણ કે સામાન્ય મનુષ્ય કરતાં દેવતાની શક્તિ વિશેષ હોય છે; તેથી તેઓ પોતાનું ધારેલું કામ કરે છે તો દેવતાના ઉપદ્રવમાં પણ ભગવાન બીજાની મદદ ઇચ્છતા નથી, અને બચવા માટે સાધન પણ લેવા માંગતા નથી. બચવાના સાધનો ન માંગે, બચાવ કરો તેવી આકાંક્ષા ન કરે, તે આત્મા ઉચ્ચ સ્થીતિનો હોવો જોઇએ.

**વિશ્વોદ્ધારક-શ્રીપાર્શ્વનાથજી.**

ભક્ત થનારે લગીર ધ્યેય લક્ષ્યમાં રાખવું કે આપણી સ્થિતિ કઇ હોવી જોઇએ?, ઉપર પાણી ન આવવા દેવું, અને માટે ઇંદ્રે આવીને ફણા મસ્તક ઉપર રાખીને નીચે કુંડળી ઉપર ભગવાનને લઇલે છે, અને ફણાથી ઉપર આચ્છાદન કરે છે. આ બધી દશા ખ્યાલમાં લેવડાવતાં શ્રીઉપાધ્યાયજી મહારાજ કહે છે કે-એવા પાર્શ્વનાથજી ભગવાન તમારૂં રક્ષણ કરો ફણીન્દ્ર નાગેન્દ્ર તેની ફણા ચક ચકતી જેના મસ્તક ઉપર રહેલી છે. ચાટલા હોય તો ચક ચકતામાં પ્રતિબિંબ પડે, અને ચાટલા જેવી ફણા ચકચક થાય તો પ્રતિબિંબ પડે; તો પછી અહિં તો ફણા સાત છે કે જ્યાં ચકચક પણું થઈ રહેલું છે, અને તેમાં પ્રતિબિંબ પડયું. શ્રીઉપાધ્યાયજી કહે છે કે શ્રીપાર્શ્વનાથજીને પોતાની ફણામાં સંક્રમી લેવાની નાગની શી તાકાત?, કે તે કબજામાં લ્યે, શ્રીપાર્શ્વનાથજીનું શરીર ફેણામાં સંક્રમી

ગયું અને દેખાવા લાગ્યું; એટલે દેખનાર ને સાત પાર્શ્વનાથ લાગે છે. મૂળ પાર્શ્વનાથજી તો ઢંકાઈ ગયા, એટલે મૂળ પાર્શ્વનાથજીએ સાત રૂપ કર્યા તેમને સાત રૂપ કરવાનું કામ શું હતું ?, એ બહુરૂપી શું કરવા થયા ?; બીજાઓ સાત ભુવન માને છે, તે હિસાબે સાત વિશ્વ મનાય છે; તેથી કહે છે કે 'ઉદ્ધર્તુમિવ વિશ્વાનિ' જાણે છે કે આખા વિશ્વને ઉદ્ધારવા માટે સાત રૂપ ન કર્યા હોય, એમ કવિ ઘટના કરે છે. એક રૂપે એકનો ઉદ્ધાર થશે, માટે સાતે વિશ્વનો ઉદ્ધાર કરવો છે તે માટે સાત રૂપ કર્યા. આથીજ આખા જગતનો ઉદ્ધાર કરવો ન હોય તે માટે શ્રી પાર્શ્વનાથજી ભગવાન ઘણા રૂપવાળા અર્થાત્ સાત રૂપવાળા થયા સાતે વિશ્વનો ભુવનનો એકી સાથે ઉદ્ધાર કરવા સમતાના સાગર શ્રી પાર્શ્વનાથજી ભગવાને સાત રૂપ કર્યાં, તેવા પાર્શ્વનાથ ભગવાન તમારૂં રક્ષણ કરો, એમ કવિ આશિર્વાદ આપે છે, તે આશિર્વાદ આપવાદ્વારાએ આશીર્વાદાત્મક-મંગલાચરણ કરે છે, પૂર્વે જણાવેલા એવા શ્રીપાર્શ્વનાથ ભગવાનનું આજે કલ્યાણક છે, અને તે કલ્યાણકદ્વારાએ જે જીવો પાર્શ્વનાથ ભગવાનનું આરાધન કરશે, તે આ ભવ પર ભવ કલ્યાણ મંગલિકમાળાને પામીને મોક્ષ સુખને વિષે બિરાજમાન થશે.

# ૨૪૦ આગમોદ્ધારકની અમોઘ-દેશના. ૧

[નોંધઃ-વિ. સં. ૧૯૯૦ના પોસ સુદ-૫ ના દિવસે સુરત-મુકામે પ્રાતઃસ્મરણીય-ગીતાર્થસાર્વભૌમ-આગમોદ્ધારક-પૂજ્ય-શ્રીઆનન્દસાગરસૂરિશ્વરજીએ દેશના આપી હતી, અને તે દેશનાનો સારાંશ પૂ. પં. શ્રી હેમસાગરજી મહારાજે આલેખનરૂપે સંચય કરેલો છે, અને તેઓશ્રીની પાસેથી તે મેળવીને વાંચકોને વાંચવાની અતીવ સરળતા પડે તે હેતુથી પૂજ્ય પંન્યાસ-પ્રવર-શ્રીચંદ્રસાગરજી ગણીન્દ્ર મહારાજ પાસે પેરેગ્રાફ અવતરણ સુધારાદિ તૈયાર કરાવીને અત્ર અપાય છે. લિ૦-તંત્રી.]

## દેશનાના દિવ્ય-અવતરણો.

૧. કર્મ અને આત્મા એ બંન્નેમાં પ્રથમ કોણ ?, અને તે બેમાંથી કર્મને પ્રથમ માનીએ તો તે પહેલાં જીવો કર્મ રહિત હતા, એ માનવુંજ પડે.

૨. જડ-ચેતન એ બંન્નેનું અનાદિપણું છે, એમ જૈન શાસન સમજાવે છે.

૩. કર્મ એ પ્રથમ છે, એમ માનનારાઓને પૂછો કે જ્યાંસુધી કર્મ ઉત્પન્ન નહોતાં થયાં ત્યાંસુધી શું જીવો કર્મ વગરનાં હતાં ?

૪. જીવનું અને કર્મનું એ બંન્નેના અનાદિપણાનું જ્ઞાન સર્વજ્ઞ સિવાય કોઇ કરાવી શકેજ નહિં.

૫. 'અનાદિકાળના જીવ-કર્મ સાથે હોય તો સાથેજ રહેવાં જોઇએ કે જુદાં પડવાં જોઇએ' એ શંકાના વાસ્તવિક-સમાધાનને સમજતાં શીખો.

૬. અનાદિના સંબંધવાળી ચીજોને જુદી પડતી દેખ્યા છતાં, અનાદિના કર્મ-બંધવાળો જીવ તે કર્મોથી જુદો કેમ પડે છે? એ પ્રશ્ન અજ્ઞાન-મૂલક છે.

૭. વિશ્વની વિવિધ-વિચિત્રતાઓ કર્મને આભારી છે, માટે કર્મને અવશ્યમેવ સ્વીકારવાની જરૂર છે.

૮. કર્મને કરનારો અને ભોગવનારો માનવો પડે છે, તેથી કર્મને માનવાની સાથે જીવને માનવામાં વિલંબ થતો નથી.

૯. જડવાદના જમાનામાં જીવને ઓળખવો એ મુશ્કેલ કાર્ય છે.

૧૦. "હું સુખી છું, મને દુઃખ થાય છે;" આ વિગેરે શબ્દોમાં અને વાકયોમાં જ્યાં જ્યાં 'હું' અને 'મને' આ બે શબ્દથી શરીરાન્તર્ગત જીવ પદાર્થની અવશ્યમેવ સિદ્ધિ થાય છે.

૧૧. અનાદિના કર્મ-સંબંધનો વિયોગ કરાવનારા ઉપાય-વિશેષોને સમજતાં શીખો.

૧૨. રૂપી કર્મો અરૂપી આત્માને નુકશાન કે લાભ કઇ રીતે કરી શકે છે?, તે વિચારો.

૧૩. મદિરા ચૈતન્ય શકિતને વિકળ કરી દે છે, અને બ્રાહ્મી વનસ્પતિ બુદ્ધિનો વિકાસ કરે છે; તો પછી આ બે દ્રષ્ટાંતથી રૂપી પદાર્થ અરૂપીને હાનિ કે લાભ અવશ્યમેવ કરે છે.

૧૪. અન્ય-દર્શનકારો કર્મને દૈવ-ઇશ્વરાદિના નામે પણ સ્વીકારે છે.

૧૫. કર્મના ક્ષયોપશમની જઘન્ય પરિણતિ વૃદ્ધિવાળી પરિણતિને ઉત્પન્ન કરે છે.

૧૬. મહાપુરૂષોના ગુણોનું કીર્તન કરવું એજ કર્મના ક્ષયોપશમની જડ છે.

૧૭. ઇહલોક પ્રતિબદ્ધ, પરલોક પ્રતિબદ્ધ; અને ઉભય પ્રતિબદ્ધાદિ ભેદો દીક્ષાર્થિઓ માટે વિચારણીય છે.

૧૮. "લેવો ખરો અને ન પણ લેવો" આવા ભાવાર્થના પ્રસંગમાં ભજનાને અવકાશ છે.

૧૯. ભવ ક્ષય માટે, આત્મ કલ્યાણ માટે; અને પાપના પરિહાર માટે દીક્ષા લેનારાઓ અપ્રતિબદ્ધ કહેવાય છે.

૨૦. સંસર્ગથી ગુણ દોષ ઉત્પન્ન થાય છે, એ એકાંતિક નથી.

૨ . સારા સંસર્ગથી ગુણ થવો જોઇએ, અને ખરાબ સંસર્ગથી દોષ થવો જોઇએ; એ નિયમ કરી શકાતો નથી, કારણકે તેની વિરૂદ્ધ, દૃષ્ટાંતો મળી આવે છે..

૨૨. શાસનમાન્ય અનેક મહાત્માઓનું ગુણ-કીર્તન-પ્રશંસન-અનુમોદન-અને પૂજન-સન્માન એ એકાંતિક ફળદાયિ છે.

૨૩. 'પૈસાદારોજ ધર્મ કરી શકે,' એ આ શાસનને માન્ય નથી.

૨૪. "જૈન શાસનમાં કરનાર-કરાવનાર-અને અનુમોદન કરનારાઓ સરખાં ફળને ઉત્પન્ન કરે છે," એ સિદ્ધાંતથી અત્ર ભાવનાનું પ્રધાનપણું છે.

૨૫. દાન નહિં દેનાર જીરણ શેઠે ભાવનામાં અને ભાવનામાં બારમા દેવલોકે જવાનું પુણ્ય બાંધ્યું, તેથી ભાવનાથી ભાવિત થવા જરૂર પ્રયત્નશાળી થાઓ.

૨૬. શાસનમાન્ય-સાધુઓના સંસર્ગ માત્રથી પાપ કરનારાઓ પણ પુણ્ય પંથે સંચર્યા છે, માટે સારા સંસર્ગની અનિવાર્ય જરૂર છે.

૨૭. શાસનમાન્ય-શબ્દોના શ્રવણથી ચિલાતિને ઇષ્ટ કાર્યની સિદ્ધિ થઇ.

૨૮. સમ્યક્ત્વ પામ્યા વગર સમ્યકત્વની કરણીઓ અને દેશવિરતિની કરણીઓ અનંતી વખત નકામી ગઇ પણ શાસનમાન્ય-મહાપુરૂષોનું કીર્તન નકામું જતુંજ નથી.

૨૯. ધર્મ કથાનુયોગમાં મહાત્માઓનું કીર્તન એ મુખ્ય ઉદ્દેશ છે.

૩૦. શાસનમાન્ય-ક્રિયાઓ ભાવપૂર્વક કરી સંપૂર્ણ ફળ આપે છે.

૩૧. શાસનમાન્ય-કરણીમાં કરેલો ઉદ્યમ નિષ્ફળ તો જતોજ નથી.

૩૨. 'હું દુઃખી કેમ?,' એ પ્રશ્નના સમાધાનમાં શ્રવણ-પૂજન-નિરીક્ષણ થયા છતાં, ભાવ-શૂન્ય થયેલ ક્રિયા કારણરૂપ છે; એ પ્રસંગને ખુબ સમજો.

૩૩. કલ્યાણ-મંદિર સ્તોત્રમાં કથન કરેલા "આકર્ણિતોઽપિ૦" આ પદ્યના પરમાર્થને સમ-

જનારો ભાવ-ધર્મથી ભાવિત થયેલી ક્રિયાની કિંમતને સમજી શકે તેમ છે.

૬૪. કાયિક-પ્રવૃત્તિ એકલી કાયિક હોય તો તેથી ફળ થાય, અને ન પણ થાય; પરંતુ મહાપુરૂષોનું કીર્તન પ્રશંસન અનુમોદન માનસિક-હોવાથી જરૂર ફલદાયિ છે.

૬૫. આવશ્યકાદિ કરણી કરનાર સાધુઓને ઉત્સર્ગ તરીકે કરણી કરી કહેવાય એવી કઈ?, કહેવું પડશે કે સંયમની સઘળી આવશ્યકાદિ કરણીમાંથી પરવાર્યા પછી તુરત ધર્મકથાઓમાં લાગી જવું એ મુખ્ય ઉત્સર્ગરૂપ કરણી છે.

आधिव्याधिजरामृत्युज्वालाशतसमाकुलान् ।
प्रदीप्तान् करोति संसारः सर्वदेहिनां ॥

## અનાદિ-સંબંધનો વિયોગ.

શાસ્ત્રકાર–મહારાજા—કલિકાલ-સર્વજ્ઞ—ભગવાન–શ્રીમાન્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્ય પ્રાણીઓના ઉપકારને માટે ત્રિષષ્ઠિશલાકા પુરૂષ ચરિત્રની રચનાં કરતાં થકાં સૂચવી ગયા કે મનુષ્યે વધવું શી રીતે?, આ આત્માને કર્મો અનાદિકાળથી વળગેલા છે. કર્મ અને આત્મા, તે બન્નેમાં પ્રથમ કોણ?, અને પછી કોણ?; તે કહી શકાયજ નહિં. જો કર્મને પ્રથમ માનીએ, તો તે પહેલાં જીવો કર્મ રહિત હતા શું?, અને પાછળથી તે કર્મ રહિત એવા જીવોને કર્મ લાગ્યા શું?; તે માનવું તો યોગ્યજ નથી. વળી જીવ પ્રથમ માનીએ અને કર્મ પછી થયા એમ માનીએ તો જીવની અને કર્મની આદિ માનવી પડે. અને તેથી તો તે કર્મ નહોતાં થયાં, ત્યાં સુધી સંસારમાં જીવ નામનોજ એક પદાર્થ હતો તેમ માનવું પડે. હવે કર્મ ખપાવીને મોક્ષે ગએલા સિદ્ધના જીવોને પણ કર્મ જયારે થયાં ત્યારે તે કર્મ લાગવાનો સંભવ આવી જાય, અને તે તો યોગ્ય નથી; કારણ કે તે શાસ્ત્ર બહારની વાત છે. સંસારમાં જડ અને ચેતન એ બે પદાર્થો અનાદિકાળથી રહેલ છે, અને તેઓનો એવો ઘનિષ્ઠ સંબંધ છે કે, એ બંન્નેને તત્ત્વથી ઊંડા ઉતરીને વિચાર કરવામાં આવે તોજ જાણી શકાય છે. આવું બારીક તત્ત્વ સર્વજ્ઞ જ્ઞાની સિવાય કોઈપણ બતાવી શકે નહિં, અને આથી સિદ્ધ થયું કે જીવને અનાદિકાળથી કર્મો વળગેલા છે. હવે જયારે અનાદિકાળથી કર્મનો અને જીવનો સંબંધ છે તો તે સાથેજ રહેવા જોઈએ, અને તે કર્મો જુદાં કેમ પડે છે?, તેવી વાદીની શંકાનું સમાધાન કરતાં ગ્રંથકાર જણાવે છે કે અનાદિના સંબંધવાળી સાથે રહેલી વસ્તુનો પણ વિયોગ દીઠામાં આવે છે. ખાણમાં કંચન અને માટી અનાદિથી ભેગાં મળી રહેલાં હોય છે, પરંતુ તેને અગ્નિમાં નાંખવાથી સોનું અને માટી જુદા પડી શકે છે. તેવી રીતે કર્મનો અને આત્માનો અનાદિકાળનો સંબંધ છતાં પણ ધ્યાનરૂપી અગ્નિ વડે જીવ અને કર્મ જુદા પડી શકે છે.

## વિવિધ-વિચિત્રતાનું કારણ કર્મ.

આ સ્થળે વાદી કહે છે કે—તમે કર્મ કર્મ કુટો છો, પણ હું તો તમને કહું છું કે–કર્મ નામનો કોઈ પદાર્થજ નથી. જીવ નથી, આ ભવ નથી, પરભવ નથી, મોક્ષ નથી; અને પુણ્ય–પાપ પણ નથી; આ પ્રમાણે વાદી શંકા કરીને સર્વ વસ્તુ ઉડાવી દેવા માંગે છે, તેને ગ્રંથકાર શાસ્ત્રના સચોટ રદીયા આપીને સમજાવે છે કે-કર્મ વસ્તુ છે એ ચોક્કસ છે. આ સંસારમાં જો કર્મ જેવી ચીજજ ન હોય તો એક સુખી, એક દુઃખી; એક ધનવાન, એક નિર્ધન; એક રાજા, એક દરિદ્ર; એક રોગી, એક નિરોગી; એક સુરૂપ, અને એક કુરૂપ, આવા પ્રકારની અનેકવિધ–વિચિત્રતા જે દેખાય છે, તેનું કારણ તો કાંઇપણ અવશ્ય માનવુંજ પડશે. કારણ કે એ નિયમ છે કે–કારણ વિના કાર્યની ઉત્પત્તિ થઈ શકતી નથી. તો તે વિચિત્રતાનું જે કારણ તેને અમે કર્મ તરીકે ઓળખાવીએ છીએ. બીજાઓ ભલે બીજા નામે તેને ઓળખતા હોય, તો તે નામની સાથે અમારે તકરાર નથી, પણ વિશ્વની વિવિધ વિચિત્રતાઓ કારણ વિના હોતી નથીજ, અને તે કારણને અમે કર્મ કહીએ છીએ

### જીવ પદાર્થની સિદ્ધિ.

એ વાત ચોક્કસ છે જો કર્મ છે તેનો કરનાર પણ કોઇ જુદોજ પદાર્થ માનવો પડશે, માટે તે કરનારો જીવ છે. જીવજ કર્મને કરે છે, કર્મને ભોગવે છે, કર્મનો નાશ કરે છે; અને સર્વ કર્મનો નાશ કરીને મોક્ષના સુખને ભોગવવા માટે સિદ્ધિસ્થાનમાં બીરાજમાન થનાર તે જીવજ છે. તે સિવાય બીજો કોઇ કર્માદિ કાર્યોને કરતુંજ નથી. કહ્યું છે કે:—

**यः कर्ता कर्मभेदानां भोक्ता कर्मफलस्य च ।**
**संसर्त्ता परिनिर्वाता स ह्यात्मा नान्यलक्षणः ॥ १ ॥**

જીવનું આ લક્ષણ બતાવતાં જણાવ્યું છે કે જીવને ઓળખવો, અને માનવો તે આ જડવાદના જમાનામાં બહુ મુશ્કેલ છે. જો શ્રદ્ધાવાન ન હોય તો શ્રદ્ધાથી પણ તે વસ્તુને માની લે છે, પણ શ્રદ્ધા વગરનાને જીવનું પ્રમાણ બતાવ્યા સિવાય તેની માન્યતા થતી નથી. તેથી તેવા જીવોને અંગે શાસ્ત્રકારોએ જીવનું લક્ષણ બતાવ્યું છે કે જે કર્મનો કર્તા છે, કર્મને અનુસારે સારા નરસાં ફળો તેને ભોગવનાર છે તે કર્મને અનુસારે દેવ મનુષ્ય નારકીને તિર્યંચ રૂપ ચારે ગતિમાં રઝળનાર છે અને તેનો ક્ષય કરીને મોક્ષમાં જનાર છે તે જીવજ છે આ પ્રમાણે લક્ષણથી જીવવસ્તુ પણ સિદ્ધિ પામે છે. શરીરની અંદર કોઈ એવો પ્રદાર્થ રહેલો છે કે–હું એવા વ્યપદેશથી પ્રાણીઓ તેને જણાવે છે 'મને સુખ થાય છે, મને દુઃખ થાય છે. હું દાઝયો;' આમ હું અને મને શબ્દથી શરીરાન્તર્ગત આત્મા જીવ ચેતન ભૂત સત્વ નામનો કોઇ પદાર્થ સિદ્ધ થાય છે.

### દરેક દર્શનકારો કર્મને માને છે.

જીવના આત્મા વિગેરે ઉપર જણાવેલા પર્યાયવાચી એટલે એકજ અર્થને કહેનારા શબ્દો છે. તો આ જીવ છે તે પ્રમાણે સિદ્ધ થયું. જીવ છે, કર્મ છે, તે બંન્ને અનાદિ કાળથી સાથે રહેલા છે, અને સાથે રહ્યા છતાં પણ તે બંન્નેનો વિયોગ ઉપાય વિશેષોથી જરૂર થાય તે ઉપરની બીનાઓ શાસ્ત્રસિદ્ધ હકીકતથી સિદ્ધ થઈ ચૂકી છે. હવે વાદી અહીં શંકા કરે છે. કે– જીવ અને જડ બે છે. તેમાં રૂપી અરૂપીની શી વ્યવસ્થા છે?, તેને શાસ્ત્રકાર કહે છે કે જીવ અરૂપી છે અને કર્મ તે પુદ્‌ગલ રૂપ હોવાથી રૂપી છે અને તે બંન્ને વસ્તુઓ રૂપી તથા અ રૂપી છતાં ભેગી રહેલી છે, એટલે ભિન્ન ભિન્ન સ્વભાવવાલી છે તો રૂપી એવું કર્મ અરૂપી એવા આત્માને ઉપઘાત અનુગ્રહ શી રીતે કરી શકે?, તેને માટે શાસ્ત્રકાર કહે છે કે એવું પણ આ દુનિયામાં બને છે કે– મદિરા પીધેલ માણસ ગાંડો થઇ જાય છે નો મદિરાથી તેની ચૈતન્ય શક્તિ વિકલ થાય છે, અને હણાય છે વળી બ્રાહ્મી આદિક વનસ્પતિના સેવનથી બુદ્ધિની તીવ્રતાદિ વિશેષ પ્રકારે થાય છે આથીજ રૂપી વસ્તુ અ રૂપી એવા જીવને ઉપકાર કે અનુપકાર જરૂર કરી શકે છે, માટે તે પણ માનવામાં કોઈ પણ જાતનો દોષ નથી વળી વાદી કહેનાર છે કે તમો જૈનો એકલાજ કર્મ કર્મ કુટયા કરો છો, પણ દુનિયાની સપાટી ઉપર બીજા રહેલ ધર્મો તથા તે ધર્મને માનનારાઓ કયા કર્મને માને છે? તેને માટે પણ ગ્રંથકાર જણાવે છે કે સર્વ ધર્મવાળાઓ કર્મ પદાર્થને અવશ્ય માને છે ભલે તે કર્મને સ્થળે નામ જુદું આપતા હોય પણ કર્મને તો અવશ્ય માને છે.

### કર્મનો સ્વીકાર સર્વ દર્શનકારો કરે છે.

કોઇ દૈવના નામે અને અને કોઈ ઇશ્વરના નામે પણ તેને (કર્મને) માને છે પુરાણવાદીઓ પણ કર્મને માને છે, તે માટે વસિષ્ઠ ઋષીએ યુધિષ્ઠરને ઉપદેશ આપ્યો છે, અને તેમાં તેની સાબીતી બતાવી છે. તે સાબિતી આ પ્રમાણેઃ—

**यद्यत्पुरा कृतं कर्म न स्मरंतीह मानवाः ।**
**तदिदं पांडवज्येष्ठ दैवमित्यभिधीयते ॥१॥**

હે પાંડવમાં મોટા એવા યુધિષ્ઠિર! આ સંસારમાં જે જે પૂર્વે કરેલું કર્મ મનુષ્યો સંભારતા નથી તેને અહીંઆ દૈવ એવે નામે કહેવાય છે એટલે હે દૈવ આ તેં કર્યું તેમ તે લોકે બોલે છે હવે પુરાણવાદીઓ જે અઢાર પુરાણને માનનારા તે પણ કર્મને આવી રીતે માનેજ છે વળી બૌધ્ધધર્મને માનનારાઓ પણ કર્મને માને છે તેને માટે આ પુરાવો આપે છે કે:—

इत एकनवतौ वर्षे शक्त्या मे पुरुषोहत ।
तेन कर्म विपाकेन पादे विद्धोऽस्मि भिक्षवः ॥१॥

એ બૌદ્ધના ગુરૂ પાંચસો શિષ્યની સાથે ચાલ્યા જાય છે ચાલતાં ચાલતાં શિષ્યો આગળ ગયા છે અને બૌદ્ધના ગુરૂને પગમાં કાંટો લાગેલો છે તેથી ચાલવાની ગતિ મંદ પડી ગઇ છે તે જોઈ તેની સાથે રહેલા શિષ્યોએ પ્રશ્ન કર્યો કે હે ગુરૂ મહારાજ ! આપ કેમ પાછળ રહી ગયા. આપતો ગુરૂ છો માટે અગાડીજ આપ શોભો આ કહ્યું તે વખતે બૌદ્ધના ગુરૂએ જ્ઞાનનો ઉપયોગ મૂકી પોતાના શિષ્યોને જવાબ દીધો કે આજથી એકાણુંમાં વર્ષ પહેલાં મેં મારી શક્તિથી એક પુરૂષને હણ્યો હતો, અને તે કર્મ મેં ભોગવતાં ભોગવતાં મારાથી જે શેષ બાકી રહ્યું તે અત્રે ઉદયમાં આવ્યું અને તેથી મારા પગે કાંટો લાગ્યો છે. તેથી કરીને હે ભિક્ષુઓ ! મારી ચાલવાની ગતિમાં મંદતા આવી છે. આ પ્રમાણે કહીને કર્મ જેવી વસ્તુ છે તે તેમણે (બૌદ્ધોએ) પણ માન્યું છે.

### સમ્યકત્વ પામ્યા પછી ભવની સંખ્યાનું નિયમન.

આવી રીતે કર્મ અને બંને અનાદિના છે એક રૂપીને એક અરૂપી છે જેનો કહે છે કે રૂપી એવું કર્મ અરૂપી એવા આત્માને સુખ દુઃખ ઉપજાવી શકે છે. અને જૈનેતરો પણ કર્મને માને છે. તથા અનાદિકાળથી સાથે રહેલી બંને વસ્તુ છે, છતાં પણ તેનો વિયોગ થાય છે આ બધી બાબતો ઉપરના વિવેચનથી સિદ્ધ થઈ ચૂકી છે. માટે ગ્રંથ કર્તા શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજ કહે છે કે આ આત્માને કર્મો અનાદિથી વળગેલા છે તે કર્મો હઠયા વગર વગર આત્મ શક્તિના વિકાસમાં વધાય નહિં. તે કર્મનો ક્ષયોપશમ કરવા માટે તે કરવા માટે પહેલ વહેલો કયો ઉદ્યમ કરી શકાય ! કારણ કે શ્રાવકપણું તે પણ મિથ્યાત્વ મોહનીય રૂપ કર્મો ખપે ત્યારે પ્રાપ્ત થાય અરે ! એતો દૂર રહ્યું પણ ખુદ સમ્યકત્વની પ્રાપ્તિ તે પણ કર્મની પ્રકૃતિઓને ક્ષય કરે ઉપશમ કરે કે ક્ષયોપશમ કરે ત્યારેજ થાય છે, તે સિવાય સમ્યકત્વ રત્નની પણ પ્રાપ્તિ થઈ શકતી નથી અને તેની પ્રાપ્તિ વિના આ જીવ ઉંચો આવી શકતો નથી; જ્યાંસુધી ત્યાં સુધી જીવની ગણુતીજ નથી જેમ એકડા વિનાના મીંડા નકામા તેમ સમકિત પામ્યા વિનાનો જીવ ગમે તેટલી ધર્મ કરણી કરે પણ તે લેખે આવી શકતી નથી સમકિત એકડા રૂપ છે, માટે પાયા વિનાની ભીંત નકામી તેમ સમકિત વિના તપ જપ ત્યાગ પૂજા એ પણ સંપૂર્ણ ફળ ને દેનારી થતી નથી તે સમકિત પામ્યા અગાઉ જેટલો ભવ સંસાર જીવ રઝળે તેનો લેખામાં ગણાતો નથી. સમકિત પામે પછી જે ભવો થાય છે તેનીજ ગણતરી કરવામા આવે છે.

### સમ્યકત્વની શ્રેષ્ઠતા.

ચોવીશે તીર્થંકરોનાં જે ભવો બત્તાવવામાં આવ્યાં છે તે સમકિત પામ્યા પછીના ભવોની ગણુતરી છે તે પામ્યા પહેલાં અસંખ્યાતો કાળ રઝળ્યા તે તો લેખા બહારજ છે. અહીં પ્રસંગોપાત ચોવીશે તીર્થંકરો ભવો બતાવવામાં આવે છે "પ્રથમ તીર્થંકર તણા ભવ તેરગણી જે, શાંતિ તણા ભવ બાર ત્યાર, નવ ભવને મલહી જે; દશ ભવ પાસ જીણંદના, સત્તાવીશ શ્રી વીર, તીર્થંકર ત્રીહું ભવે પામ્યા ભવ જલ તીર "જીહાંથી સમકિત ફરસીયુંએ તિહાંથી ગણીએ તેહા ધીર વિમલ પંડિત તણો જ્ઞાન વિમલ કહે. પહેલા શ્રી ઋષભદેવ ભગવાનના તેર ભવ થયા. શ્રીશાંતિનાથજીના બાર ભવ થયા શ્રી નેમનાથજીના નવ ભવ થયા શ્રી પાર્શ્વનાથજીના દશ ભવ થયા; અને શ્રી મહાવીર સ્વામી ભગવાનના સત્તાવીશ ભવ થયા; અને શ્રી મહાવીર સ્વામી ભગવાનના સત્તાવીશ ભવ થયા, શેષ તીર્થંકરો રહ્યા જે ઓગણીશ તીર્થંકર તેઓના ત્રણ ત્રણ ભવ થયા આ બધા. ભવોની ગણુતરી તે સમકિત પામ્યા પછીની જાણવી તે પહેલાંના અસંખ્યાતો કાળ ગયો તે તો લેખામાં ન આવ્યો. માટે સમકિત એ મોક્ષ મહેલનો પાયો છે. સમકિત પામ્યા પછી કદાચ ભોગાવલી આદિક કર્મો બાકી હોય તો સંસારમાં ભમે પણ ખરો પરંતુ વેલો મોડે મોક્ષે તે જીવ જવાનો એ ચોક્કસ થઈ ગયું. શ્રી મહાવીર સ્વામી ભગવાન પહેલા નયસારના ભવમાં સમકિત પામ્યા, તે પછી ઘણું ભમ્યા

પરંતુ અંતે તીર્થંકર થયા અને મોક્ષે ગયા તે માટે ગુર્જર પદ્યોમાં જણાવ્યું છે કે—"વીર જીનેશ્વર સાહિબો ભમીયો બહુ સંસાર ! જો વળી સંસારે ભમ્યા, પણ થયા અંતે અરિહંત "સમકિત પામે જીવને ભવ ગણતીએ ગણાય, જો વળી સંસારે ભમે તો પણ મોક્ષે જાય." આવા પ્રકારના નિયમ હોવાથી સમકિત કેવી જરૂરી ચીજ છે તે ખ્યાલમાં આવશે અને તેની સાથે સમકિત તે દુર્લભ પણ છે.

### સમ્યકત્વનું અને બાર વ્રતોનું સંક્ષેપકથન.

પુન્યનો ઉદય હોય તોજ સઘળી સામગ્રી આવી મલે છે, અને તે સિવાય સમકિત પ્રાપ્ત થતું નથી તે સમકિતના મુખ્ય ત્રણ ભેદો છે અનંતાનુબંધી ચાર ને સમકિત મોહનીય મીશ્ર મોહનીય ને મિથ્યાત્વ મોહનીય એ સાત પ્રકૃતિને ખપાવવાથી ક્ષાયિક સમકિત કહેવાય એને તેજ સાત પ્રકૃતિનો ઉપશમ કરવાથી ઔપશમિક સમ્યકત્વ કહેવાય છે તથા તેમાંથી કેટલીક એક પ્રકૃતિનો ક્ષય કરે અને કેટલીક એક ઉપશમાવે તેને ક્ષાયોપશમિક સમ્યકત્વ કહેવાય છે તે સિવાય કારક–રોચક–દીપક વિગેરે પણ સમકિતના ભેદો તે વિસ્તારના ભયથી અત્રે કહ્યા નથી તેનું જ્ઞાન કરવાની ઇચ્છાવાળાએ કર્મગ્રંથ લોક પ્રકાશ તથા કમ્મપયડી વિગેરે ગ્રંથો વિવેકપૂર્વક જોવા સમ્યકત્વમૂલ શ્રાવકપણું પણ મિથ્તાત્વ મોહનીયના કર્મો ખપે ત્યારે સમ્યકત્વ પ્રાપ્ત થાય છે, અને પછીથી અપ્રત્યાખ્યાની કષાય ખપે ત્યારે દેશવિરતિ=શ્રાવકપણું મળે છે. સમ્યકત્વથી નવ પલ્યોપમ જેટલી ઓછી સ્થિતિ થાય તે પછી દેશવિરતિ મળે છે. દેશવિરતિપણું એટલે શ્રાવકપણું પામેલાને વ્રતધારી શ્રાવક કહેવાય છે. સમકિત મૂળ બાર વ્રતને ધારણ કરવાવાળા એવા શ્રાવકો કે જે અગાઉ આણંદ કામદેવ વિગેરે પડિમા-ધારી શ્રાવકો થઇ ગયા, કે જેઓના પ્રભુ મુખથી વખાણ થયા તેવા વ્રતધારી શ્રાવકોને દેશવિરતિ કહેવાય છે. તેમાં શ્રાવકના બાર વ્રતો મુખ્ય છે, તે આ પ્રમાણે પ્રથમ સ્થૂળથી પ્રાણાતિપાત વિરમણ–એટલે નિરપરાધી એવા ત્રસજીવને મારવાની બુદ્ધિએ મારૂં નહિં તેવા પ્રકારની જીવદયા પાળે. સાધુઓ વિશેષથી દયા પાળે છે. ત્રસ સ્થાવર બંને પ્રકારના જીવોની દયા પાળે છે, જ્યારે શ્રાવકોથી તેટલી દયા પાળી શકાતી નથી. આરંભ સમારંભમાં મગ્ન એવા શ્રાવકો સ્થાવરની દયા પાળી શકતા નથી. એટલુંજ નહિ પણ અપરાધી ત્રસજીવોની દયા પણ પળાતી નથી તેમાં પણ જાણતાં કે અજાણતાનો ભાગો લાગે છે માટે તેને સવા વસાની દયા કહી બીજું સ્થૂળથી મૃષાવાદનો ત્યાગ પાંચ મોટાં જુઠા ન બોલવા. જેવાંકે કન્યાલીક. કન્યા સંબંધી જુઠું ગવાલિક. ગાય ભેંસ વિગેરે પશુ સંબંધી જુઠું ભૂમ્યાલીક તે ભૂમિ સંબંધી જુઠું. ન્યાસાપહારણ એટલે થાપણ ઓળવવી તે, અને કૂટ સાક્ષી રૂપ પાંચ મોટા જુઠાણા ન બોલે તે. ત્રીજું સ્થૂળથી અદત્તાદાન વિરમણ. તે કોઇને દીધા વિનાનું એક તરખલું પણ ન લે. ચોથું સ્વદાર સંતોષ યાને પર સ્ત્રી વિરમણ વ્રત. પર સ્ત્રીથી વિરમવું તે. છઠું દિગ્ વિરમણ વ્રત એટલે દિશાઓમાંથી જવા આવવાનું પરિમાણ ઉપર ન જવું તે. સાતમું ભોગોપભોગ. વિરમણ વ્રત એટલે એક વખત ભોગવાય તે ભોગ. પુષ્પ આદિક અને વારંવાર ભોગવાય તે ઉપભોગ. તે સ્ત્રી આદિક. તે બંનેના પરિણામ બાંધી વિશેષથી વિરમવું તે. અને પંદર કર્માદાન ન કરવાં તે. હવે આઠમું અનર્થ દંડ તે. જેનાથી અનર્થ થાય તેવું કામ ન કરે. પ્રમાદાદિ આચરણ, તે વિકથામાં રાજકથા–ભોજનકથા, દેશકથા ને સ્ત્રી કથા તેનો ત્યાગ કરેતે વિગેરે. નવમું સામાયિક વ્રત. તે દરરોજ અગર મહિને કે વર્ષે સામાયક કેટલા કરવા તે નિયમ બાંધે અગર રોજ એક સામાયક તો જરૂર કરે તે. દસમું દેશાવગાસિક વ્રત. તે ૧૪ નિયમ ધારેલા હોય તેને સંક્ષેપે તે. અગીયારમું પૌષધોપવાસ વ્રત. ઉપવાસ સહિત પૌષધ તિથીએ જરૂર અંગીકાર કરે તે, અને બારમું અતિથીસંવિભાગ વ્રત. તે પોષહના પારણે મુનિરાજને ઘેર તેડી જઈ દાન આપે તે.

### ભવની પરંપરાનું નિયમન કરનાર સમ્યકત્વ.

આ પ્રમાણે શ્રાવકનાં જે બાર વ્રતો તેને પાળવા તે દેશવિરતિપણું કહેવાય છે. તે પણ મિથ્યાત્વ જાય ત્યારેજ પ્રાપ્ત થાય છે. તેવાર પછી સંખ્યાતા સાગરોપમની સ્થીતિ ખપે ત્યારે સર્વ વિરતિ મળે છે. ત્રણના ક્ષય ક્ષયો-

પશમાદિ બને શી રીતે ? કેટલાક જીવોને સમ્યકત્વ-દેશ વિરતિ તથા સર્વ વિરતિ વચ્ચે ઘણું આંતરૂં હોય અને કેટલાક ભાગ્યશાળીને પ્રાપ્ત થયા પછી કેટલાક અર્ધ પુદ્ગલ પરાવર્તે મોક્ષે જાય છે, અને કેટલાકો અંતમુહૂર્તમાં સમ્યક્ત્વ પ્રાપ્તિ સાથે મોક્ષે જાય છે. અર્થાત્ સમ્યકત્વને અને મોક્ષને આંતરૂં અર્ધ પુદ્ગલ પરાવર્ત જેટલું પણ કોઇક જીવોને પડે અથવા અંતમુહૂર્તમાં પણ મોક્ષ થાય છે; આ બન્ને પ્રકારો શાસ્ત્રકારોએ જણાવ્યા છે. નવ પલ્યોપમ પછી, અને સંખ્યાતા સાગરોપમ પછી પણ મોક્ષ પામે છે, પણ આ બધી પ્રાપ્તિ કર્મના ક્ષયને ક્ષયોપશમના આધારે છે. સમ્યકત્વ-દેશવિરતિ સર્વવિરતિ યાવત્ કેવળજ્ઞાન પણ કર્મના ક્ષયને આધારે છે, પણ કર્મનો ક્ષય શરૂ કયાંથી થાય છે ?, પૈસા પૈ . લાવે છે તે સ્વાભાવિક કહેવત છે પણ પહેલો પૈસો આવે કયાંથી ?, જયાં કર્મનો ક્ષય-ક્ષયોપશમ થવા માંડે એટલે જઘન્ય પરિણતિ વધારે પરિણતિને ઉત્પન્ન કરે છે. કર્મના ક્ષયોપશમવાળી પહેલી પરિણતિ થાય તો કર્મના ક્ષય સુધી પહોંચાય. એક રૂપીઓ હાથમાં આવે તો કેળવનારો એકના લાખ કે કરોડ કરી લે છે, તેમ જઘન્ય પરિણતિ કર્મ ક્ષયોપશમની થાય, અને ચાલુ રહે તો અનુક્રમે તે પરણતિ વૃદ્ધિ થાય છે, તે માટે આ કલિકાલમાં દરેક જીવો માટે કલિકાલ સર્વજ્ઞે એકજ ઉપાય બતાવ્યો કે—

'महात्मनां कीर्तनं हि श्रेयोनिः श्रेयसास्पदं"

મહાપુરૂષોના વૃત્તાંતોનું કથન કરવું. મહાપુરૂષોના જીવન ચરિત્રો નિહાળવા, વારંવાર વિચારવા, મહાપુરૂષોનાં ચરિત્રો વાંચવા-વિચારવા મનન કરવા તેજ કર્મ ક્ષયોપશમની પ્રથમ જડ છે. કલ્યાણ અને પરમ કલ્યાણ રૂપ મોક્ષ બંન્નેનું સ્થાન એકજ છે. સર્વકાળના સંપૂર્ણ કાળનું કલ્યાણ છે જેમાં એવો મોક્ષ મેળવનારાઓએ મહાપુરૂષોનાં ચરિત્રો જીવનો વૃત્તાંતો તેનું કીર્તન કરવું.

**અપ્રસિદ્ધ દીક્ષાનું સ્વરૂપ.**

હવે આ વાતને દુનીયાદારીમાં તપાસીએ જે પુરૂષ જેવો સંગ કરે તેવો નિપજે. સંગ કરવામાં હજુ અનિયમીતપણું છે. કારણ સંગ અંતઃકરણથી અને બાહ્યથી પણ થાય છે. ગુણરત્ન-વિનયરત્ન બાર વરસ સુધી આખા ગચ્છના સંસર્ગમાં રહ્યો, અને તે તો કેવો વખત હ ો ?, કે તે અવસરે તો રાજ્યધર્મ તરીકે જૈનધર્મ હતો. જે વખતે જૈનધર્મ રાજ્ય ધર્મ તરીકે હોય તે વખતે ધર્મની જાહોજલાલી કેટલી હોય ?, તેવા વખતે પણ જે બાર વરસ સુધી સાધુના અને આચાર્યના ગચ્છના સંસર્ગમાં રહ્યા છતાં, તેને એકજ ધ્યેય હતું કે રાજાને મારૂં કયારે ? વિનયરત્નને ધ્યેય માત્ર રાજાને મારવાનું હતું. આ વાત મગજમાં ઉતારશો તો બાર વરસ જેવી લાંબી મુદતનું સ્વરૂપ હૃદયમાં જવા દેતું નથી એમ માલમ પડશે. ભવ્ય જીવોએ પૌદ્ગલિક ઇચ્છાએ, પૌદ્ગલિક આલંબ નથી, આ લોકના પ્રતિબંધથી, પરલોકના પ્રતિબંધથી, ચાહે ઉભયના પ્રતિબંધથી દેવલોકના સુખોની પ્રાપ્તિ માટે આ લોક અને પર લોકના સુખોની પ્રાપ્તિ માટે એમ ત્રણે પ્રકારે દીક્ષાને બાંધી લીધી છે. આ લોકના ઉપર ધ્યેય રાખી તેને અંગે દીક્ષા કહી એટલે દીક્ષા લઇશ તો મહોટો કહેવાઇશ, શિષ્યાદિક થશે આવિ વિચારણા તે આ લોક પ્રતિબદ્ધ મારા પિતાએ મારા ભાઇએ દીક્ષા લીધી છે તેમ સગાવહાલાની દીક્ષા થએલી હોય તેને અંગે જે દીક્ષા લે તે પશ્ચાત પ્રતિબદ્ધ તેમજ લોભને અંગે તથા સગાવહાને અંગે જે દીક્ષા લ્યે તે ઉભય પ્રતિબદ્ધ આમ શાસ્ત્રકારે સંસારના જીવો માટે અનંતી વખત દીક્ષા કહી છે, તે કેમ બની હશે ? તે આપણે સમજી શકીશું વિનય રત્નને બાર વરસ સુધી દીક્ષા રહી છે. છતાં પણ કર્મ ક્ષયના મુદ્દાએ આ દીક્ષા છે નહિં આ જયારે સમજી શું ત્યારે આ નીચેના શબ્દ આવે તો પણ દીક્ષા લઈ લેવી "અશુભ એવા ભયના ક્ષય માટે હું દીક્ષા લઈ લઉં છું" સંસારથી નિસ્તરવું હોય તે બધા દીક્ષા ગ્રાહ્ય છે," ભજના નહિ શા માટે ? જે પુરતા પાશ્ચાત ઉપભત ઇહલોક પરલોક ઉભયતઃ પ્રતિબદ્ધ નથી તેને દિક્ષા દેવામાં કોઇ અડચણ નથી તેથી નિર્વિકલ્પ દીક્ષા લેવા લાયક ગણ્યો ભવ ક્ષય ન હોય ત્યાં દીક્ષાની ભજના લેવી લેવો ખરે અને ન પણ લેવો તેનું નામ ભજના કહેવાય છે. ભવ ક્ષય

માટે આત્મ કલ્યાણ માટે અને પાપના પરિહાર માટે જે દીક્ષા લેવાય છે તે અ પ્રતિબદ્ધ દીક્ષા છે તેવા દરેક દીક્ષાર્થિઓ ગ્રાહય છે કારણ કે દીક્ષાઓ એક કારણથી નથી લેવાતી.

### મહાત્માઓના કીર્તનનું અપૂર્વ ફલ.

હવે જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય, દુઃખ ગર્ભિત વૈરાગ્ય, તથા મોહ ગર્ભિત વૈરાગ્ય એમ ત્રણ પ્રકારે વૈરાગ્ય જીવોને થાય છે અને તેથી દીક્ષા લે છે કોઇ જીવો એવા જ્ઞાની તથા વસ્તુ સ્વરૂપના જાણકાર હોય, સંસારની આસારતા હૃદયમાં બરોબર પરિણમિ હોય, અને વૈરાગ્ય વાસિત થઇ દીક્ષા અંગીકાર કરે તે જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય કહેવાય છે કેટલાએક સંસારના દુઃખોથી કલેશથી કજીયાથી કંકાસથી એમ અનેક પ્રકારના દુઃખોથી કંટાળીને દીક્ષા લેવાવાળા હોય છે, તે દુઃખ ગર્ભિત વૈરાગ્યવાળા જાણવો કેટલાકએક પૂર્વે દીક્ષીત થએલા સગાવહાલા મિત્ર સ્વજન ગુરૂ તેના ઉપરના મોહથી વૈરાગ્ય પામી દીક્ષા લેવાવાળા હોય છે. તે મોહ ગર્ભિત વૈરાગ્યવાળા જાણવા હવે મૂળમાં આવો અનંતા જન્મ ઇહલોક પ્રતિબદ્ધ પર લોક પ્રતિબદ્ધ તથા । ઉભય લોક પ્રતિબદ્ધ; પણાની દીક્ષામાં કેમ ગયા હશે ?, તે સમજવા માટે વિનય રત્નનો દાખલો બસ છે, સંસર્ગથી ગુણ દોષ થાય છે માટે સંસર્ગ એ ગુણ અને દોષને ઉત્પન્ન કરનાર છે તે માટે કહ્યું છે કે-" સંસર્ગજાઃ દોષ ગુણા મવંતિ " દોષો તથા ગુણો પણ સંસર્ગથી (સોબતથી) ઉત્પન્ન થાય છે, છતાં એ નિયમિત નથી, સારા સંસર્ગ ગુણોજ થાય અને ખરાબ સંસર્ગે દોષજ થાય તે નિયમિત નથી, છતાં આનિર્યામત છે કે મહાપુરૂષોના ગુણોની સ્તુતિ કરનાર, તેમના જીવનનું અનુમોદન કરનાર, તથા તેમનું જે વર્તન તેનું અનુકરણ કરનાર તેનું ચરિત્ર કથન કરે તે તો જરૂર કલ્યાણ અને મોક્ષનું સ્થાનજ છે. જો આટલું પણ સોબતે ન થાય તો ગુણ કીર્તને કેમ બને ? કારણ કે સંસર્ગ યાતો સોબત તે કાયિક ક્રિયા છે, અને કાયિક ક્રિયા અને કાન્તિક હોય છે. કીર્તન મનન તે એકલી કાયિક ક્રિયા નથી. પણ તેમના પ્રધાન ક્રિયા છે. સજ્જનના જીવન વર્તન આદર બુદ્ધિએ જોવા તે અનેકાન્તિક નથી. સંસર્ગ યાતો સોબત કોઇ વખત ફળ આપે, અને કોઇ વખત ફળ ન આપે એટલે નિષ્ફળ પણ જાય છે. સંસર્ગ જરૂરી છે પણ અત્યારે એકાંતિક માટે વાત કરીએ છીએ. સંસર્ગ સોબતની જરૂરીયાત છે, પણ અત્યારે નિયમિત કારણ નથી. સંસર્ગ જરૂરી છતાં નિયમિત કારણ નથી, પણ મહાત્માના ગુણોનું અનુમોદન પ્રશંસા તેમના વર્તન તરફ ઇચ્છા આ વસ્તુ આત્માને એકાંતે ફળ દેવા વાળી છે.

### સાધુ સંસર્ગથી થતો લાભ.

એટલુંજ નહિં પણ આત્યંતિક ફળ દે છે. એકાંતિક ફળદાયિ એનું નામ કે જેનાથી જરૂર ફળ થાયજ. આ વિષે શાસ્ત્રોમાં ઘણા પુરાવા છે. જૈન શાસન-જૈન ધર્મનો રાહ કોઇ અપૂર્વ છે. એક જણ કરે, બીજો કરાવે, અને ત્રીજો તેનું માત્ર અનુમોદન કરે તેમાં પણ સરખું ફળ મેળવી જાય છે. કોઈ એમ દાવો કરતું હોય કે પૈસો હોય તેજ દાન-આદિક ધર્મ કરી શકે તો તે આ શાસનમાં નથી. અહીં ભાવની પ્રાધાન્યતા મુખ્ય રાખી છે. શાલિભદ્રજીના પૂર્વ ભવના જીવે ભરવાડના ભવમાં મુનિને ખીરનું દાન દીધું. આ ખીર શી રીતે બની હતી તે તો જૈન શાસ્ત્રો અને કથાઓ તથા રાસાઓ વાંચ્યા હશે તેને ખ્યાલ જ હશે. ચાર પડોશીઓને ઘેરથી દુધ સાકર ચોખા ને ઘી લઈને આ ખીર બનાવવામાં આવી હતી. તેનું અખંડ ધારાએ દાન મુનિને આપ્યું. પછી પોતે ખરડાયેલી થાલીમાં વધેલી ખીર ખાધી અને રાત્રે વિશૂચિકા થઈ એટલે શૂળ આવીને આયુષ્ય પુરૂં થયું તે વખતે ભરવાડના જીવે વિચાર્યું કે-આખી જીંદગીમાં આ એકજ સુકૃત મેં કર્યું છે, એવી ભાવના સાથે અનુમોદના કરીને તેમને ભવો ભવ હોજો, આવી ભાવનામાં મરણ થયું, અને ગોભદ્ર શેઠને ત્યાં શાલિભદ્ર રૂપે પુત્ર થયા. તે ખીરની સામગ્રીમાં મદદ આપનાર ચાર પાડોશણો તે પણ કામ કાઢી ગઈ. જીરણ શેઠે ભાવનામાં ને ભાવનામાં બારમા દેવલોક જવાનું પુણ્ય ઉપાર્જન કર્યું માટે આ જૈન શાસન જુદા પ્રકારનું છે. ભાવની પ્રાધાન્યતાવાળો

અત્ર હાવી જાય છે. રાજા કે રંક, શેઠ કે નોકર, સર્વે તે ધર્મનું પાલન કરી શકે છે; અને ફળ મેળવી શકે છે. તેમાં પણ સંસર્ગ સહાયકારી જરૂર બને છે. તેથી માણસના જીવનનો પલટો થઇ જાય છે. નાગદત્ત શેઠ સાધુ મહાત્માના સંસર્ગથી હસવાનું કારણ પુછતા જતાં, ગુરૂએ સાત દિવસનુંજ આયુષ્ય બનાવ્યું તેથી તે સાંભળીને ચારિત્ર અંગીકાર કરી દેવલોકે ગયો.|

## દેશનાના દિવ્ય-અવતરણો.

૩૭. "સાધુઓને અને શ્રાવકોને વિકથાઓ વર્જન કરવાનું શાસ્ત્રકાર ફરમાવે છે' તે ઉપર ખુબ ધ્યાન આપો.

૩૮. ચંચળ મનને, વિફરેલા વચનને, અને કંગાલ કાયાને કાબુમાં રાખનારી ચીજ ધર્મ કથાઓ છે.

૩૯. ધર્મ કથાઓના આલંબન ચંચળ-યોગો કર્મ બાંધવામાં પાવરધા બને છે, એ ધ્યાનમાં રાખો.

૪૦. યાત્રાળુઓ બધા કામ નિપટીને જેમ ધર્મશાળામાં આવે છે, તેવી રીતે ધર્મના અર્થીઓએ સઘળાં કાર્યોને પતાવીને ધર્મ કથાના શ્રવણ મનનમાં ઉતરવું જોઇએ એ આવશ્યક છે.

૪૧. ગુણ-ગુણીના બહુમાન આદરવાળો આત્મા આપો આપ ગુણગણનો ભંડાર બને છે.

૪૨. મહા પુરૂષોના ચરિત્ર સાંભળીને શ્રોતાઓ આદરણીય માર્ગનો નિર્ણય કરે છે.

૪૩. કુદેવને દેવ માનીએ, અને દેવ બુદ્ધિથી સ્વીકારીએ, છતાં કુદેવ એ અશુદ્ધ આલંબન છે તેથી સ્વીકારનારને ધારેલાભ મળી શકતોજ નથી.

૪૪. અશુદ્ધ આલંબનથી આત્મા મિથ્યાત્વ વાસનામાં ઉંડા ને ઉંડા ઉતરતો જાય છે.

૪૫. કુદેવમાં અને સુદેવમાં તથા કુગુરૂમાં અને સુગુરૂમાં તફાવત છે વર્તનનો, વચનોનો અને આકારનો છે.

૪૬. એ કહેવાતા દેવો કે જેને આપણે કુદેવ કુગુરૂ કહીએ છીએ, તેના વર્તન-વચન અને આકાર નુકશાન કરનાર છે, કે ફાયદો કરનાર છે ?, એ વિચારો.

૪૭. કુદેવ-કુગુરૂઓના વર્તન-વચન અને આકાર નુકસાન કરનાર હોય તો સેવનારને જરૂર મિથ્યાત્વ કહેવાની જરૂર નથી, એ કથનના પરમાર્થને સમજતાં શીખો.

૪૮. સુદેવના અને સુગુરૂના વર્તનો-વચનો અને આકારો ફાયદો કરનારજ હોય છે, તેથીજ સુદેવ તથા સુગુરૂ કહી શકાય છે. અને આરાધના પણ કરી શકાય છે.

૪૯. જેમાં કશ-તાપ-છેદની પરીક્ષા ઘટી શકે નહી તેને સોનું કહેવાતું નથી, તેવી રીતે જે ધર્મમાં તથા ધર્મના અનુષ્ઠાનમાં ધર્મના લક્ષણો ઘટી શકે નહિ તેને ધર્મ કહેવાયજ નહી.

૫૦. દુર્ગતિમાં પડતા પ્રાણીઓને ધારણા કરવાથી ધર્મ કહેવાય છે, અને તે સંયમાદિક દશ પ્રકારનો ધર્મ મોક્ષને માટે સર્વજ્ઞે કથન કરેલો છે.

### હું દુઃખપાત્ર કેમ ?

આવા આવા ઘણા દૃષ્ટાંતો તો મોજુદ છે કે આખી જીંદગી સુધી પાપ કરનારાઓ પણ પાછળથી સાધુના સંસર્ગથી પોતાના આત્માનું કલ્યાણ કરી ગયા છે. દઢ પ્રહારી જેવો ચાર હત્યા કરનારો જીવ પણ ચારિત્ર પાત્ર ચારણ મુનિના ઉપશમ વિવેક ને સંવર એ શબ્દના શ્રવણથીજ તેની વિચારણામાં ઉતરતાં કર્મ ખપાવી ગયો. માટે ગુણકીર્તન-અનુમોદનાદિ સંસર્ગથી એકાંતિક ફળજ છે. સમ્યક્ત્વને સ્પર્શ્યા વગર

અનંતીવાર સમ્યકત્વની કરણીઓ નકામી ગઈ. દેશવિરતિ સર્વવિરતિના આચરણો પણ અનંતા નકામા ગયા. પણ મહાપુરૂષનું કીર્તન એક પણ નકામું જાય નહિં. સમ્યકત્વ પહેલાંની ક્રિયાઓ અનંતી વાર નકામી ગઇ, પણ મહાપુરૂષનું કીર્તન એકપણ નકામું ગયું નથી. એટલાજ માટે એટલે મહાત્માઓના કીર્તન માટે ધર્મ કથાનું યોગ રાખવામાં આવ્યા છે. બીજી વિકથાઓનો નિષેધ કર્યો અને માત્ર ધર્મકથા કરવાનુંજ કહ્યું. તીર્થંકરો પણ કેવળજ્ઞાન પામી સમવસરણમાં બીરાજમાન થાય ત્યારે પણ ધર્મકથાજ કહે. ચરિત્રો, રાસો, અને છંદો એ બધા એના પ્રતિક છે. શાસનમાન્ય ક્રિયાઓનો ભાવ પૂર્વક થઇ હોય તો યથાર્થ ફળ આપે છે, ભાવ સિવાય કરેલી ક્રિયા સંપૂર્ણ ફળને દેનારી થતી નથી, એટલે યતિકંચિત્ લાભને આપી વિરામ પામે છે. એટલાજ માટે શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિજીએ શ્રી કલ્યાણ મંદિરનું સ્તોત્ર બનાવતાં કહ્યું કે— હે ભગવાન આપનું દર્શન કરનાવાળો હું દુઃખી કેમ ? કહ્યું છે કે—

"आकर्णितोऽपि महितोऽपि निरीक्षितोऽपि,
नूनं न चेतसि मया विधृतोऽसि भक्त्या ।
जातोऽस्मि तेन जनबांधव दुःखपात्रं,
यस्मात् क्रियाः प्रतिफलंति न भावशून्याः ॥

હે પ્રભુ આ ભવમાંજ હું આપને દેખું છું કે પૂજુ છું તેમ નથી, પણ મેં પૂર્વભવે પણ આપને સાંભળ્યા છે, પૂજ્યા છે. અને બારીકીથી નિરીક્ષણ પણ કર્યા છે. છતા પણ હું હજુ સુધી દુઃખી કેમ છું ?, હા હવે મને વિચાર કરતાં જણાયું કે હે વિભો તે સઘળું મેં ભાવરહિત કર્યું તેથીજ હું અત્યારે દુઃખી ચું. જો પૂર્ણ ભાવથી તે સઘળું કર્યું હતે તો ચોક્કસ હું દુઃખી નહિં થાતે. કારણકે ભાવરહિત ક્રિયા ફળ થાય તેથી યથર્થ ફળદાયિ થતી નથી, એટલે પ્રાસંગિક શૂન્ય ફળવાળી કહેલી છે.

### વિકથાઓને વર્જન કરવાનું ફરમાન.

વળી ક્રિયાબ પ્રવૃત્તિ એકલી કાયિક હોઇને ફળ દે, પણ ખરૂં ને ન પણ દે, પણ મહાપુરૂષોની સ્તુતિ-પ્રશંસા-ગુણોની અનુમોદના તે તો માનસિક હોવાથી ફળ દીધા વગર રહેતી નથી. શાસ્ત્રકાર કહે છે કે સાધુઓએ કરવું શું ?, તો કહે છે કે સવારે આવશ્યક ક્રિયારૂપ પ્રતિક્રમણ તથા પડિલેહણ કરવું, પણ એક એવી વસ્તુ સાધુને કરવાની કઈ બતાવી છે ?, કે જે ઉત્સર્ગ વસ્તુ તરીકે કરી કહેવાય છે. દરેક કામમાંથી નિપટયા કે ધર્મ કથામાં જવું કથામાં જવાનું બતાવ્યું. હરિભદ્ર સૂરિશ્વરજી પણ જણાવે છે કે પ્રતિક્રમણ પડિલેહણ ગોચરી પાણી વિગેરે કરતાં તેમાંથી જયારે ફુરસદ મળે ત્યારે ધર્મની વાતો કરવી. સાધુનું કલ્યાણ ધર્મની વાતોમાં પણ વિકથામાં જો મન ગયું તો સાધુઓને જરૂર સાધુ ધર્મથી પતિત થવાનો પણ પ્રસંગ આવી જશે. ધર્મની વાતો એટલે અહીં ગ્રહસ્થની કે દુનીયાદારીની વાતો કરવાની નહિ તે તો વિકથા છે અને તે ચાર કથાઓને વિકથા બતાવી છે. તે આ પ્રમાણે છે અમુક રાજા સારો અમુક નરસો ઇત્યાદિન રાજ્ય સંબંધી જે કાંઇ પણ વાતો તે રાજ કથા બીજી દેશ કથા અમુક દેશ તો બહુ સારો. ધણું ધાન્ય વિગેરે મળે, અને ચીજો મળે, તથા અમુક દેશ તો તદ્દન નકામો છે, કારણ કે તે દેશમાં તો કાંઈપણ ન મળે આવી જે કથા તે દેશ સંબંધી કથાઓને પણ વિકથામાં કહેલી છે. ત્રીજી ભકત કથા ભોજન સંબંધીની કથા આ ખાણું સારૂં આ નરસું એવી રીતે ભોજનની કથામાં આત્મા પોતાનું ગુમાવી બેસે છે, અને ઉલટું

કર્મ બંધ કરે છે. ચોથી સ્ત્રી કથા આ સ્ત્રી તો બહુ રૂપાળી છે, આનું સૌભાગ્ય સારૂં છે, આનું તો રૂપ સારૂં નથી એવી એવી કથાઓ કરવાથી કર્મ બંધનજ થાય છે. આત્મ કલ્યાણ થવાનું તેમાં કાંઈ મળે નહિં, તેથી કરીને આવી વિકથાઓ દુનીયા સંબંધીની વાતો કરવાનું સાધુને તો વર્જ્યજ છે.

## ગુણ-ગુણી પ્રત્યે આદરવાળા બનો.

બીજા જીવોને પણ એટલે શ્રાવકોને પણ તે વિકથા કરવાનો નિષેધ કર્યો છે, તો સાધુઓને તો તે વિકથા કરવાનું હોયજ શેનું ?, આથી તો સાધુઓ નવરાસના ટાઈમમાં કેવી કથા કરે ? તો કહે છે કે શ્રી સ્થૂળભદ્રજી, શ્રી જંબુસ્વામીજી, શ્રી સુદર્શન શેઠ વિગેરે જે મહાપુરૂષો થઇ ગયા છે; તેમના ચરિત્રો વિચારવા, અને પ્રસંગોનું પ્રશંસ ન કરવું. ભોલવા લોકોને તે ચરિત્રો સંભળાવવા કે જેમાંથી સાર ગ્રહણ કરી લોકો પણ પોતાનું જીવન સુધારી લે. આવી ધર્મ કથાઓ કરવાનું શ્રી હરિભદ્રસૂરિજીએ સાધુઓને કહ્યું કે માંહોમાંહે આવી ધર્મ કથાઓ કહો. શાસ્ત્રકાર તેનું કારણ એજ જણાવે છે કે તમારા મનરૂપી ઘોડાને, તથા વચનરૂપી વમળોને, અને કાયારૂપી કાબરોને જ્યાં ત્યાં રખડતી જો કોઈપણ નિવારી શકે તો ખરેખર ધર્મ કથાઓ છે. તે માટે જયારે જયારે ક્રિયાદિ કરતાં થાકો ત્યારે ત્યારે તમે ધર્મ કથમાં જાઓ. આ આત્માને વિસામા તરીકે એટલે વિશ્રામ સ્થાન તરીકે ધર્મ કથાઓ મેલી છે કે આ જીવને તેમાંને તેમાં મન રહેશે તો ધર્મમાં દ્રઢ રહેશે, અને જો બીજા વાતાવરણમાં મન ગયું તો ધર્મથી ચલિત થઈ જશે. તીર્થ યાત્રામાં જાઓ, મુસાફરીમાં જાઓ, જોવાના સ્થાનો જોવા જાઓ; અને બધે કામ કરી આવો પણ તેમાંથી નિપરો એટલે ધર્મશાળાએ આવો છો. યાત્રાળુઓને વિશ્રાંતિ લેવી હોય તો ધર્મશાળા છે, તો પણ નવરાશના ટાઈમે ધર્મશાળામાં ધર્મના અર્થિઓ ધર્મ કથા કરે છે સાધુઓને પડિલેહણ પ્રતિક્રમણ-જ્ઞાન ધ્યાનમાંથી નિપટીને આ ધર્મ કથા કરવામાં વિશ્રાંતિ લેવાનું કહ્યું છે પણ કુથલીમાં પડવાનું નહિં. તેનું કારણ શું ?, શ્રી હરિભદ્રસૂરિજીએ એ વાતો પર જોર શાથી દીધું છે ? એટલાજ માટે કે મહા પુરૂષોનું ચરિત્ર તેનું વર્તન વારંવાર નજર નીચે લાવ્યા જાઓ તોજ તમારો આત્મા આપોઆપ ગુણોના બહુ માનવાળો તથા આદરવાળો થઈ જશે.

## અશુદ્ધ આલંબનમાં મિથ્યાત્વની પ્રાપ્તિ.

તેટલા માટે કલિકાલ સર્વજ્ઞ શ્રીમાન્ હેમચંદ્રાચાર્ય સૂરીશ્વરજીએ પણ જણાવ્યું કે મહાપુરૂષોનાં જીવનો ચરિત્રો; અને વૃત્તાંતોનું કીર્તન તે કલ્યાણ કરનાર છે, તથા પરંપરાએ મોક્ષ દેનારી અપૂર્વ ચીજ છે. અહીં વિચારો તમારા આત્માને દોરવવાને ગોઠવો તે કયા આધારે ? વિચારવાનું છે જો આત્માનો રસ્તો નક્કી કરનાર હોય તો તેમના ચરિત્રો છે, તે સાંભળીને આત્મા પોતાનો રસ્તો નક્કી કરી શકે છે કારણ કે દરેક દરેક આત્માને આ દુનિયામાં જન્મીને મારે પોતાને શું કરવું જોઇએ તે તો ઊંડા ઉતરીને વિચાવાનું કહ્યું છે જો મહાપુરૂષોનો ચરિત્રો આપણી પાસે પ્લાન તરીકે ન હોય તો આત્માનો રસ્તો શી રીતે લઈ શકાય યા તો આત્માને કયે રસ્તે લઇ જવો દોરવો તે શી રીતે માલુમ પડે ?, આદર્શ પુરૂષોને આપણ માનવા શા માટે પડે છે ?; તેના હેતુઓ કયાં છે ? કુદેવને સુદેવના વિભાગની જરૂર શી ?, કુદેવને દેવ માને તો ગયું શું ? એની બુદ્ધિતો દેવ પણાની છેને ?, અડચણ શી ?, કુદેવને દેવ માને તો અડચણ કયાં આવે છે ? કહો કે માન્યતા શુભ હોવા છતાં આલંબન અશુભ છે. માટેજ મિથ્યાત્વ કહીએ છીએ.

કરીશ" એમ જણાવેલ છે. ઉપર પ્રમાણે જવાબ આપ્યા પછી માલની ઉછામણીનું ઘી બોલવાનું, વરઘોડો તથા માલારોપણના મુહૂર્તો ઉપર પ્રમાણે રાખેલા છે, અને માલારોપણના દિવસે એટલે પોષ વદ ૫ને તા. ૨૮-૧-૫૧ ના રવીવારે બપોરે અઢી વાગે પૂ. પંન્યાસપ્રવરશ્રી ચંદ્રસાગરજી ગણીન્દ્ર આદિ ઠાણાને વિહાર કરીને વડોદરા જવાનું થશે.

અહિંથી વિહાર કરીને વિશ્વામિત્રિ થઇ છરોલા તરફ ઉપર જણાવેલ દિવસે વિહારક્રમ નક્કી હતો, પરંતુ પોષ સુદ ૧ ને તા. ૮-૧-૫૧ સોમવારે વડોદરા સંઘના આગેવાનોએ કહ્યું કે "મહેતા પોળના નવીન મંદિરમાં પ્રભુશ્રી નેમનાથજીને પોષ વદ ૬ ને તા. ૨૯-૧-૫૧ ને સોમવારે પ્રવેશ કરાવવાનું શુભ મુહૂર્ત રાખેલું હોવાથી આપશ્રીના હાજરીની ખાસ જરૂર છે. માટે વિશ્વામિત્રિને બદલે વડોદરા પધારો." આ વિનતિના જવાબમાં વડોદરા જવાનું નક્કી થયેલ છે. અને ત્યાં તે શુભ પ્રસંગ પતાવીને સાંજે વિહાર કરીને મકરપુરા જવાનું થશે. વિહાર પછી ક્રિયાનું સઘળું કાર્ય પતાવવાનું પરમવિનીત પૂ. મુનિશ્રી સુરેન્દ્રસાગરજી મહારાજે સ્વીકારેલ હોવાથી પૂ. બંને પંન્યાસોને વિહાર કરવાની અનુકૂળતા કરી આપવાની અવસરોચિતતા સાચવી છે. આ બધો નિર્ણય થયા પછી વેજલપુર-ભરૂચ મુકામે નવીન જીર્ણોદ્ધાર રૂપે નવીન મંદિરનું ખાત મુહૂર્ત કરવાનું કામ શરૂ છે, અને તેથી જુના મંદિરમાંથી ભગવાનોને ઉત્થાપન કરીને ધર્મશાળામાં પોષ વદ ૩ ને શુક્રવાર તા ૨૬-૧-૫૧ના દિને બિરાજમાન કરવાનું નક્કી થયેલ છે. હવે તે અવસરે વિહાર કરતાં આવેલા પૂ. શ્રીમાણિક્યસાગરજીસૂરિજી મહારાજ આદિ ઠાણાને તે અવસરે સ્થિરતા કરવાની સકળ સંઘે વિનંતિ કરી, અને તે અવસરે ઠીક છે જોઈશું એમ જણાવ્યું; પરંતુ રાત્રિના આગમોદ્ધારક સંસ્થાના ટ્રસ્ટીઓની આગ્રહપૂર્વક જેમ બને તેમ જલ્દી સુરત પધારવાની વિનંતિ થતાં તેનો સ્વીકાર થતો હતો, તે અવસરે શ્રાવકો પોતાના ઉપરના શુભ કાર્ય માટે આગ્રહપૂર્વક વિનતિ કરી. અને છેવટે પૂ. આચાર્યશ્રીજીએ છાણી મુકામેથી વિહાર કરનારા પંન્યાસોમાંથી એક પંન્યાસજી તમારૂં કાર્ય ગાચવશે માટે અમને રોકો નહિં. આ વાતના નિર્ણય માટે સકળ સંઘના આગ્રહથી અને પૂજ્યશ્રી આચાર્યશ્રીજીના કથનથી ત્યાંના (વેજલપુર ભરૂચ સંઘના) આગેવાન નાથાલાલ લલ્લુભાઈ વિનંતિ કરવા આવ્યા, કે જે અવસરે તે શ્રાવકે વેજલપુર સંઘના કાર્યની જાહેરાત કરીને વિનતિ કરી તે અવસરે પોષ વદ ૨ ને ગુરૂવાર તા. ૨-૧-૫૧ની માળ પહેરાવીને જવાનું થાય તો જનારા પંન્યાસોને વિહારમાં યોગ્ય અનુકૂળતા મળે, પણ સંઘમાં માળ પહેરનારાઓની વધુ સંખ્યા હોવાથી છેવટ ૧૧ પોષ વદ ૫ નો માળ પહેરાવવાનો નિર્ણય જાહેર થયો અને પોષ વદ ૩ નો વેજલપુર ભરૂચમાં ધર્મશાળામાં ભગવન્તોને બિરાજમાન થયા પછી વાસક્ષેપાદિ શુભ કાર્ય પતાવવાનું કામ પં. શ્રીહેમસાગરજીએ કબુલ્યું છે. તેથી તેઓશ્રી પોતાના શિષ્ય પ્રશિષ્યાદિ પરિવાર સાથે પોષ સુદ ૩ ને બુધવાર તા. ૧૦-૧-૫૧ ના રોજે વિહાર કરીને વડોદરા ગયા છે, અને તે પછી વેજલપુર, ભરૂચના શ્રી સંઘનું કાર્ય પતાવવા તેઓશ્રીએ પોતાના પરિવાર સાથે ત્યાં તે અવસર માટે સ્થિરતા કરશે, અને તે પછી સુરત તરફ વિહાર કરશે.

---


## જાહેર ખબર—પ્રભાવના યોગ્ય.

### પ્રાચીન પર્યુષણ પર્વ ચૈત્યવંદન સ્તવન સ્તુતિ સંગ્રહ.

જેમાં પર્યુષણનાં ચાર ચૈત્યવંદનો, સત્તાવીશ ભવનાં બે સ્તવનો, પંચકલ્યાણકનું સ્તવન, પર્યુષણ સ્તવન, સ્તુતિ જોડા નવ પ્રભુના બે પારણાં અને ચંદનબાળાની સઝાય છે. છૂટક કીંમત ૦-૬-૦. પો. ૦-૦-૯, ૧૦૦ નકલ સામટી કે તેથી વધુ લેનારને સો નકલના ત્રીશ રૂપીઆના હિસાબે મલશે.

લખો—વેજલપુર (પંચમહાલ) ચંદનસાગર જ્ઞાન ભંડાર

**માસ્તર શાંતિલાલ ગુલાબચંદ**

**સુરતના વર્તમાન**—શ્રી આગમોદ્ધારક સંસ્થાની દેખરેખ નીચે સ્વ૦ **પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ આગમોદ્ધારક શ્રી આનંદ સાગરસૂરીશ્વરજી મહારાજજીની મૂર્તિનો** નગર પ્રવેશ પોષ વદ ૫ ને રવીવાર તા. ૨૮-૧-૫૧ ના દિને છે. અને તેજ મૂર્તિનો પ્રવેશ માહ સુદ ૨ તા. ૮-૨-૫૧ ને ગુરૂવારે ગુરૂમંદીરમાં પ્રવેશ કરાવાશે, અને તેજ મૂર્તિનું માહ સુદ ૩ તા. ૯-૨-૫૧ ને શુક્રવારે સવારના નવ વાગે શુભ મુહૂર્તે પ્રતિષ્ઠાપન થશે. તેજ દિવસે પ્રતિષ્ઠાપન કાર્ય પછી શ્રેષ્ઠિવર્ય પાનાચંદ મદ્રાસીના ચી. પુત્ર દીક્ષાર્થી રતિભાઇ કે જેઓ **પૂ. પન્યાસ પ્રવર શ્રી ચંદ્રસાગરજી ગણીન્દ્રના પરમ વિનેય પં. શ્રી દેવેન્દ્ર સાગરજીની** દેશનાથી વૈરાગ્ય વાસિત થયેલા છે તેઓની દીક્ષા થશે. પ્રતિષ્ઠાદિ શુભ કાર્યો નિમિત્તે શાસન પ્રભાવના વધે તેવો આગમોદ્ધારક સંસ્થા તરફથી ભરચક કાર્યક્રમ છે, તે તેની વિગતવાર બીના તેઓ તરફથી કંકોત્રી દ્વારા જણાવાશે.

**સુરત**—છાપરીયાશેરીના ઉપાશ્રય **પૂજ્ય પન્યાસપ્રવર શ્રી ચન્દ્રસાગરજી ગણીન્દ્રના પરમ વિનેય પં. શ્રી દેવેન્દ્ર સાગરજીની** નિશ્રામા ચાલી રહેલાં ઉપધાનમાં ઉપધાન કરનારા ભાઇ બહેનોને માળારોપણ કરવાનું શુભ મુહૂર્ત પો. સુ ૧૫ ને મંગળવારનું છે, અને તે નિમિત્તે અગાઉથી માલ પહેરામણી નિમિત્તે ઘીની બોલી તથા વરઘોડા મહોત્સવાદિ શુભ કાર્યો કરવાનું નક્કી થયેલ છે.

શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર

**રામપુરા-ભંકોડા.**

રામપુરા ભંકોડા મુકામે થતા શુભ કાર્યો તે પ્રસંગે આવીને સાચવવાનું ... વડોદરાથી વિહાર કરીને પોતાના **પૂ. ગુરૂવર્ય પન્યાસપ્રવર શ્રી ચન્દ્રસાગરજી ગણીન્દ્ર આદિ-ઠાણાની સાથે પં. શ્રી હીરસાગરજી** પણ હતા, પરંતુ છાણી મુકામે ઉપધાન કરાવવાનું નક્કી થતાં અને **પૂ. પન્યાસ પ્રવર શ્રી** રોકાય તોજ ઉપધાન થાય તેમ હોવાથી રામપુરાનું કાર્ય સાચવવા માટે તેઓશ્રીના **પરમ વિનેય પં. શ્રી હીરસાગરજી, મુનિ શ્રી સુબોધ સાગરજી, મુનિ શ્રી અમૂલ્ય સાગરજી અને મુનિશ્રી મનકસાગરજીને** તે તરફ વિહાર કરાવ્યો છે. થોડાક વખતમાં તેઓ ત્યાં પધારશે

**છાણીના વર્તમાન**—અત્ર ચાલુ રહેલા ઉપધાનમાં બંન્ને મુહૂર્તમાં મળીને ૧૦૦) સો લગભગ ભાઇ-બ્હેનો છે. આ આરાધના **પૂ. પં. શ્રી ચન્દ્રસાગરજી ગણીન્દ્ર તથા પૂ. શ્રી હેમસાગરજી મહારાજ** આદિની નિશ્રામાં ચાલુ અને છે. આ આરાધનમાં જોડાયેલા ભાઇબ્હેનોમાંથી લગભગ ૭૦) સીત્તેરની સંખ્યામાં માળા પહેરનારાઓ છે. માળાની ઉછામણીની બોલીનું ઘી પોષ વદ ૨ તા. ૨-૧-૫૧ ને વાર ગુરૂવારે વ્યાખ્યાનમાં શરૂ થશે, અને તે નિમિત્તે વરઘોડો પોષ વદ ૪ તા. ૨૭-૧-૫૧ ને વાર શનીવારે તથા માળા રોપણનું કાર્ય પોષ વદ ૫ તા. ૨૮-૧-૫૧ ને વાર રવીવારે સવારમાં શરૂ થશે. પ્રથમતઃ છાણી મુકામે ઉપધાન શરૂ થયેલા હોવાથી માળારોપણ કરાવવી એ ફરજ રૂપ હતું, અને ગુરૂ મંદિરમાં સ્વ૦ પૂજ્યપાદ ગુરૂદેવની મૂર્તિની પ્રતિષ્ઠા મહા સુદ ૩ ને શુક્રવારે તા. ૯-૨-૫૧ ના દિવસનું એકદમ નજદિકમાં મુહૂર્ત નિકળેલ હોવાથી તે પ્રસંગે પૂ. **બંન્ને પંન્યાસોને** જવું, એ પણ ફરજ રૂપ હતું; તેથી ઉપધાનની આરાધનમાંજ માળારોપણ કરાવીને જલ્દી જવાનું પણ નક્કી વિચારેલ હતું. તે અરસામાં છાણી મુકામે શ્રી આગમોદ્ધારક સંસ્થાના ટ્રસ્ટીઓ પ્રતિષ્ઠા નિમિત્તે પૂ **બંન્ને પંન્યાસોને** તથા આદિ ઠાણાંને આમંત્રણ કરવા આવેલા હતા અને તે બધાની વિનંતિ થતાં જવાબમાં **"કટોકટીના ઉભય પ્રસંગો હોવાથી પાછળનું કાર્ય પતાવવા માટે બીજાને સુપરત કરીને સુરતના પ્રતિષ્ઠા પ્રસંગ પર આવવાને પૂર્ણ પ્રયત્ન**

**વધુ માટે જુવો ટાઇટલ પેજ ૩ જો.**

મુદ્રકઃ—મુલચંદ કસનદાસ કાપડીયા "જૈન વિજય" પ્રીં. પ્રેસ-ગાંધીચોક, સુરત.
પ્રકાશકઃ—તંત્રી-પાનાચંદ રૂપચંદ ઝવેરી, શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, લાલબાગ, ભુલેશ્વર, મુંબઇ.

# શ્રી સિદ્ધચક્ર.

વર્ષ-૧૭-અંક-૫-૬ થો. માહ-ફાગણ-માસ. તા. ૧૭-૩-૫૧.

ॐ नमः सिद्धचक्राय शाश्वतानन्ददायिने ।
सर्वमन्त्रेष्वयं मन्त्रोऽचिन्त्यचिन्तामणीयते ॥१॥ आ० बो० मङ्गलम् ॥

ભાવાર્થ:—સર્વ-મન્ત્રોને વિષે આ મન્ત્ર અચિન્ત્ય-ચિન્તામણિની જેમ આચારણ કરે છે. માટે શાશ્વત-આનન્દને દેનારા શ્રીસિદ્ધચક્રને નમસ્કાર થાઓ. —સુધાવર્ષી.

આ પ્રગટ થતા પાંચમા-છઠ્ઠા સંયુક્ત અંકમાં

શું વાંચશો ?

## પૂ. આગમોદ્ધારક—

## ગુરૂમંદિરની પ્રાતિષ્ઠા મહોત્સવ,

## અમોઘ-દેશના,

અને

## શાસંનમાન્ય શ્રીઆચાર્યપદપ્રદાનાદિ મહોત્સવ.

વી. સં. ૨૪૭૭.
વિ. સં. ૨૦૦૭.
ઈ. સ. ૧૯૫૧.

પ્રકાશિકા—
શ્રીસિદ્ધચક્ર-સાહિત્ય-પ્રચારક-સમિતિ,
તન્ત્રી—પાનાચંદ રૂપચંદ ઝવેરી.
૨૨૪, શેખમેમણ સ્ટ્રીટ—મુંબઇ, નં. ૨.

વાર્ષિક-લવાજમ.
રૂ. ૩-૦-૦
ચાલુ અંકના
રૂ. ૦-૯-૦

# गुरुस्तुतिकुलकम्।

यस्याऽऽराधनतत्पराः जनवराऽऽगच्छन्ति शाश्वतपदम्,
यस्याऽऽराधनतो विशिष्टविबुधाः सेवां सदा कुर्वते।
तस्य श्रीयुत सिद्धचक्र महसो विख्याति पारङ्गमी
पन्यासोविधुवार्धि विज्ञमहितो ज्ञानेन संराजताम् ॥१॥

**ભાવાર્થ**—જેની આરાધનામાં લીન થયેલા ઉત્તમ મનુષ્યો શાશ્વતપદ (મોક્ષ)ને પામે છે. અને જેની આરાધનાથી ઈન્દ્રાદિકો નિત્ય સેવા કરે છે. તે શોભાયુક્ત શ્રી સિદ્ધચક્રના તેજથી જેની પારંગમી એવી પ્રસિદ્ધિ થઇ છે એવા અને પંડિત પુરૂષો વડે પૂજાયેલા **શ્રી પંન્યાસ ચંદ્રસાગરજી મહારાજ** જ્ઞાન વડે દીપો!

पुण्याढ्यं वर्द्धमानं तप इह वितरन् देशनाद्वारकेण,
संतारे मालवकस्यापरिमितकरणोऽनेकमानार्चितो हि ॥
शाब्दे शास्त्रे प्रवीणो विशदमतिमतः शास्त्रतत्त्वावगाही,
विख्यातश्चन्द्रवार्धि र्जयतु जयकरो वादिवृन्दे समन्तात् ॥२॥

**ભાવાર્થ**—પોતાની દેશનાવાણીદ્વારાએ આ ભારત વર્ષમાં પુણ્યમય શ્રી વર્દ્ધમાન તપને આપનારા, માલવદેશને તારવામાં પ્રમાણાધિક બલ કરનારી, અનેક પ્રકારમાને કરી પૂજાયેલા, તથા વ્યાકરણશાસ્ત્ર વિષે પ્રવીણ, નિર્મલ બુદ્ધિવાળાઓને માન્ય, શાસ્ત્રના તત્ત્વોને અવગાહનારા અને વાદિઓના સમુહમાં જયને કરનારા એવા **શ્રી. ચંદ્રસાગરજી મહારાજ સવત્ર** જયવંતા થાઓ!

पन्न्यासकीर्तिधवलीकृतभूमिभागे,
द्वैते निरासमखिले गमिते समन्तात् ॥
हंसो हिनास्ति निजमतिस्त्वमेतत्,
क्षीरस्य चन्द्र! सलिलस्य विभक्तिरुपम् ॥३॥

**ભાવાર્થ**—હે. **પૂજ્યવર ચંદ્રસાગરજી મહારાજ!** આપશ્રીની પંન્યાસ પદીની કીર્તિથી ઉજ્જવલ થયેલા જગતમાં સંપૂર્ણ ફેલાયે છતે નિરાશ થયેલા હંસને દુધ અને પાણીની વહેંચણીરૂપ કીર્તિ જે ગુમાવવી પડી તે ખરેખર આપની પાંડિત્ય બુદ્ધિપણું કારણ છે.

व्याख्यानवाचनकला स्पृहणीयरूपा,
शास्त्रार्थसम्पदवधेय समस्तरूपा ॥
काव्यस्य कोविदकदम्ब नुता समज्ञा,
यस्यास्ति चन्द्रसुभगः सजयेद्धि सङ्घः ॥४॥

**ભાવાર્થ**—આપ પૂજ્યશ્રીની વ્યાખ્યાન વાંચવાની કળા જરૂર સ્પૃહા કરવા રૂપ છે, તેમ શાસ્ત્ર અને તેના અર્થની સંપત્તિ સંપૂર્ણ સ્વરૂપે આકર્ષક છે, જેની કાવ્યની કીર્તિ પંડિતોના સમુહથી નમસ્કાર કરાયેલી છે, એવા હે **સૌભાગ્યશાલી ચંદ્ર!** આપ જયવંતા વર્તો તેમ શ્રી સંઘ જયવંતા વર્તો.

एकस्मिन् चन्द्रकान्तो विलसति महसा तेजसा संविशिष्टः,
अन्यस्मिन् हेमकान्तो धुततिमिरघनो मध्यमाणिक्यमौलिः।
देवेन्द्रो देवतुल्यः प्रवचनकुशलस्तां स्रजं संविधाय,
सङ्घेऽस्मिन् सूरते ही चयनपटुतया शासिकां भूषयेद्धि ॥५॥

**ભાવાર્થ**—એક બાજુ ઉજ્જવલ એવા તેજ વડે અતિવિશિષ્ટ **ચન્દ્રકાન્તમણિ (શ્રી ચંદ્રસાગરજી મહારાજ)** શોભી રહ્યા છે તેમ બીજી બાજુ દૂર કર્યો છે અંધારાનો સમુહ જેને એવા **હેમકાન્તમણિ (શ્રી હેમસાગરજી મહારાજ)** શોભી રહ્યા છે. મધ્યે **માણિક્યરત્ન** સમાન મુગટ (શિરધાર્ય) સ્વરૂપે **પૂ. શ્રી માણિક્યસાગરસૂરિજી** શોભી રહ્યા છે. દેવતુલ્ય અને પ્રવચન કરવામાં નિપુણ એવા શ્રી દેવેન્દ્રસાગરજી મહારાજ આ સૂરત સંઘ વિષે ગુંથણ કરવામાં નિપુણતાથી માળાને બનાવી શાસનદેવીને જરૂર શોભાવે!

पंडित कालिकाप्रसाद
व्याकरण न्यायाचार्य–वडोदरा.

卐

## તંત્રી સ્થાનેથી—

**ચાલુ અંક ૫-૬.**

પૂ. પંન્યાસપ્રવરશ્રી ચન્દ્રસાગરજીગણીન્દ્ર અને હવેથી **પૂ. આચાર્યદેવશ્રીચન્દ્રસાગરસૂરિજી** તરીકે ચાલુ વર્ષના માહ-સુદ ૧૩ ના રોજ સુરત મુકામે શાસનમાન્ય-તૃતીય-પરમેષ્ઠિપદે વિભૂષિત થયેલા છે, તેમની પવિત્ર નજર તળે આ માસિકની લગભગ સકળ-સામગ્રીઓ પ્રકટ થતી હોવાથી, ચાલુ વર્ષનો પાંચમો અંક નિયમિત ટાઇમે આપી શકયા નથી; કારણકે તેઓશ્રીને છાણી મુકામે થયેલા પોષ વદ ૫ ના રોજ ઉપધાનની માળારોપણ ક્રિયા વિગેરેનું કાર્ય હોવાથી, ક્રિયા કરાવીને સાંજના વિહાર હોવાથી, અને સુરત મુકામે માહ સુદ ૩ ની સ્વ૦ ગુરૂદેવના ગુરૂ મંદિરની પ્રતિષ્ઠાના મુહૂર્ત ઉપર સવાર-સાંજના વિહાર કરીને નિયમિત પહોંચવાનું હોવાથી નિયમિત દિવસે પ્રકાશન ન થઇ શકે તે સંભવિત છે. આથીજ આ ચાલુ અંક-૫-૬ એકી સાથે અપાય છે.

સુધારો—

ચાલુ વર્ષના ચોથા અંક ઉપર "માગશર માસ" છપાયેલું છે, પરંતુ તેજ અંક પોષ માસનો છે; એટલે વાંચકોએ ચાલુ વર્ષના ચોથા અંકને પોષ માસનો અંક છે એમ સમજવું, અને તે સ્થળે માગશર ને બદલે પોષ માસ વાંચવું.

**સુચના**—વિહારમાં પૂ. શ્રમણ ભગવંતોએ પોતાના ચોક્કસ પોષ્ટ સરનામા લખી જણાવવા કે જેથી કરીને ગ્રાહકોને, અને ભેટ તરીકે નકલ મેળવનારાઓને મુશ્કેલી પડે નહિં; તથા સમિતિને માસિક મોકલવામાં સવળતા પડે તે ધ્યાનમાં રાખવા ખાસ આગ્રહભરી સૂચના છે.

ભરચક-સામગ્રીથી ભરપૂર આ ચાલુ અંક ૫-૬ (એકી સાથે બે અંકોનું) પ્રકાશન થાય છે. આ બે અંકમાં છાણીમાં થયેલા ઉપધાન મહોત્સવથી શરૂ કરીને **શ્રીઆચાર્યપદારોપણ** આદિ મહોત્સવોનું સવિસ્તર વર્ણન અને દેશનાદિ વિગેરે ભરચક સામગ્રીઓથી ભરપૂર વર્ણન છે.

## છાણીમાં ઉપધાન-મહોત્સવ.

**પૂ. પંન્યાસપ્રવર શ્રીચન્દ્રસાગરજી**આદિ ઠા. ૮ નું વડોદરાનું ચાતુર્માસ અતીવ-શાસન-પ્રભાવના વૃદ્ધિ પામે તેવી રીતે પૂર્ણ થતાં રામપુર-ભંકોડામાં દીક્ષા, વિગેરે શુભ કાર્યને લેઇ નિયમિત ટાઇમે પહોંચવા માટે વડોદરાથી કારતક વદી ૫ ને દિવસે વિહાર કરીને તેજ દિવસે છાણી મુકામે આવી પહોંચ્યા. છાણીના સંઘે સામૈયું કરી વ્યાખ્યાન-શ્રવણ કર્યું, અને વધુ શ્રવણ કરાવવા માટે વધુ દિવસની વિનંતી કરી. વ્યાખ્યાન શ્રવણથી ઉત્સાહિત થઇ ધુળાભાઇ શિવલાલ વતી છાણીના સંઘે **પૂ. પંન્યાસપ્રવરશ્રી** મહારાજ પોતેજ રોકાઇને ઉપધાન કરાવે એવી વિનંતી કરી. એમના આગ્રહને માન આપી રામપુર ભંકોડાનું કામ પતાવવાને પોતાના **સુવિહિત શિષ્ય પંન્યાસજી હીરસાગરજી ગણિવર**, તપસ્વી મુનિશ્રી સુબોધસાગરજી, મુનિશ્રી અમુલ્યસાગરજી તથા મુનિશ્રી મનકસાગરજીને તે તરફ વિહાર કરાવી **પૂ. પંન્યાસ પ્રવરશ્રીજી** કેટલાક મુનિવરો સહ પોતે તથા પૂ. પં. હેમસાગરજી આદિ ઠાણા પણ ત્યાં રોકાયા.

ઉપધાનનું પહેલું મૂહુર્ત માગશર સુદ ૬ અને બીજુ મુહૂર્ત માગશર સુદ ૮ નું નક્કી થવાથી, અને તે માટે ફકત ૧૦૦ માણસનીજ સરકારની પરમીટ મળવાથી; ૧૦૦ માણસોને ઉપધાનમાં પ્રવેશ કરાવ્યો. તેમાં માળવાળા ૭૧ અને બાકીના પાંત્રીસાવાળા અને અઠ્ઠાવીસાવાળા હતા. તેમાં અગીઆરથી પંદર વર્ષ સુધીના બાળક-બાળિકાઓ ત્રીસ ઉપરાંતની સંખ્યામાં હતા.

ઉપધાનની ટોળીઓમાં (૧) શ્રેષ્ઠિ રંગીલદાસ છગનલાલ વડોદરાવાળા, (૨) શ્રેષ્ઠિ ચતુરદાસ નગીનદાસ બેલગામવાળા, (૩) શ્રેષ્ઠિ હરગોવિંદદાસ ગરબડદાસ છાણીવાળા, (૪) સાકરચંદ ત્રિભોવનદાસ તથા જંબુસરવાળા એક ભાઇ (૫) નગીનદાસ ગરબડદાસ, (૬) શાહ ડાહ્યાભાઇ કેશવલાલ વડોદરાવાળાની ટોળીઓ હતી, તથા આંબેલની ટોળીઓમાં શાહ જેઠાભાઈ જીવચંદ, તથા શાહ બાલુભાઇ કેશવલાલ છાણીવાળાઓની હતી. તેમજ બાકીની ટોળીઓ ઉપધાન કરાવનાર શેઠ ધુળાભાઈ શીવલાલ તરફની હતી.

ઉપધાનની માળનો વરઘોડો, શાંતિસ્નાત્ર, અઠ્ઠાઇ મહોત્સવ, તથા બહારગામના આવેલા મ્હેમાનોની સગવડ શેઠશ્રી ચતુરદાસ નગીનદાસ બેલગામવાળા તરફથી સકળ સંઘના સહકારપૂર્વક થઇ હતી. માળના ઘીની બોલીની રૂ. ૭૫૦૦) લગભગ દેવદ્રવ્ય આદિ ખાતે ઉપજ થઇ હતી, તેમાં માળનું ઘી બોલાવતાં અનુક્રમે માળ પહેરનારાઓના નામ નીચે મુજબ છે.

૧ શેઠ કેશવજી કેવળદાસ બેલગામવાળા
૨ શેઠ રંગીલદાસ છગનલાલ વડોદરા
૩ શેઠ રંગીલદાસ છગનલાલ વડોદરા
૪ મહુબેન મારવાડી
૫ કાન્તિલાલ પાનાચંદ છાણી
૬ પ્રેમચંદ પાનાચંદ છાણી
૭ શેઠ હરગોવનદાસ ગરબડદાસ છાણી
૮ શાહ ચુનીલાલ દીપચંદ બેલગામ
૯ શાહ ત્રીભોવન રણછોડ છાણી
૧૦ શાહ ત્રીભોવન રણછોડ છાણી
૧૧ શાહ ચુનીલાલ માણેકલાલ છાણી
૧૨ ,, જીવચંદ મગનલાલ છાણી
૧૩ ,, સૌભાગ્યચંદ છોટાલાલ છાણી
૧૪ ,, ગોરધનદાસ બાપુલાલ વડોદરા
૧૫ કોઠારી લાલચંદ મોહનલાલ ,,
૧૬ શાહ ત્રિભોવન રણછોડ છાણી
૧૭ શા. નગીનદાસ છોટાલાલ જંબુસર
૧૮ થી ૨૨ શાહ ત્રિભોવનદાસ રણછોડ છાણી
૨૩ ,, દામોદર ખુશાલ ,,
૨૪ ,, ચુનીલાલ દીપચંદ ,,
૨૫ ,, ચીમનલાલ પ્રેમચંદ ,,
૨૬ ,, જીવચંદ મગનલાલ ,,
૨૭ ,, શીવલાલ મગનલાલ ,,
૨૮ ,, બાલુભાઇ કેશવલાલ ,,
૨૯ ,, સૌભાગ્યચંદ નગીનદાસ ,,
૩૦ ,, સૌભાગ્યચંદ નગીનદાસ ,,
૩૧ પટવા જગુભાઇ ફુલચંદ ,,
૩૨ શાહ ચંદુલાલ જમનાદાસ જંબુસર
૩૩ ,, નગીનદાસ મોતીલાલ વડોદરા
૩૪ ,, ચુનીલાલ જમનાદાસ છાણી
૩૫ ,, ચુનીલાલ જમનાદાસ ,,
૩૬ દા. રામસંગ ચતુરદાસ ,,
૩૭ શાહ મોહનલાલ કસનદાસ ,,
૩૮ ,, મોહનલાલ કસનદાસ ,,
૩૯ ,, ચંદુલાલ મગનલાલ ,,
૪૦ ,, નંદલાલ બેચરદાસ ઉમેટા
૪૧ ,, મગનલાલ અમૃતલાલ છાણી
૪૨ ,, જેઠાભાઇ જીવચંદ
૪૩ ,, દલસુખ ચુનીલાલ છાણી
૪૪ ,, નંદલાલ વીરચંદ ઉમેટા
૪૫ ,, જયંતિલાલ ડાહ્યાભાઇ ઉમેટા
૪૬ ,, મનસુખભાઇ મોતીલાલ છાણી
૪૭ ,, સોમચંદ ગીરધર ,,
૪૮ ,, નગીનદાસ મોતીલાલ સિનોર
૪૯ ,, રમણલાલ દલસુખ છાણી
૫૦ ,, ભાણાભાઇ શીવલાલ ,,
૫૧ ,, ફુલચંદ વનમાળીદાસ વડોદરા
૫૨ ,, જમનાદાસ દીપચંદ છાણી

| | | | |
|---|---|---|---|
| ૫૩ | શાહ જેકીશન ફીલાભાઈ | | જંબુસર |
| ૫૪ | ,, | શીવલાલ મગનલાલ | છાણી |
| ૫૫ | ,, | શીવલાલ મગનલાલ | ,, |
| ૫૬ | ,, | તારાચંદ છોટાલાલ | ,, |
| ૫૭ | ,, | દલસુખ રતનચંદ | વડોદરા |
| ૫૮ | ,, | તારાચંદ છોટાલાલ | છાણી |
| ૫૯ | ,, | નગીનદાસ બાપુલાલ | ,, |
| ૬૦ | ,, | નગીનદાસ બાપુલાલ | ,, |
| ૬૧ | ,, | નગીનદાસ બાપુલાલ | ,, |
| ૬૨ | ,, | નગીનદાસ બાપુલાલ | ,, |
| ૬૩ | ,, | ડાહ્યાભાઇ કેશવલાલ | ,, |
| ૬૪ | ,, | દલસુખભાઈ મગનલાલ | ,, |
| ૬૫ | ગજીબેન સાકળચંદ | | ,, |
| ૬૬ | શાહ કેશરીચંદ ફતેચંદ | | ,, |
| ૬૭ | ,, | છોટાલાલ મોહનલાલ | ,, |
| ૬૮ | ,, | ભીખાભાઇ | વડોદરા |
| ૬૯ | ,, | માણેકલાલ લલ્લુભાઇ | છાણી |
| ૭૦ | ,, | માણેકલાલ લલ્લુભાઇ | ,, |
| ૭૧ | ધીરજબેન છોટાલાલ | | ,, |

પોષ વદ ૪ ને દિવસે દબદબા ભર્યો માળ નિમિત્તે રથયાત્રાનો વરઘોડો નીકળ્યો હતો. વડોદરાથી દરબાર બેન્ડ બોલાવ્યું હતું, અને વડોદરાના સંઘે સારી સંખ્યામાં લાભ લીધો હતો. શ્રી જ્ઞાન મંદિરના વિશાળ ચોકમાં યોગ્ય સજાવટ-પૂર્વકનો વિશાળ મંડપ બાંધવામાં આવ્યો હતો. અને પોષ વદ ૫ની પ્રભાતે **પ. પૂજ્ય પંન્યાસપ્રવર શ્રીચન્દ્રસાગરજી ગણીન્દ્ર**ના વરદ હસ્તે માળારોપણ વિધિ શરૂ થઈ હતી.

પૂ પં. હેમસાગરજી મહારાજ, પૂ. મુનિશ્રી ચિદાનંદ સાગરજી મહારાજ તથા પૂ. મુનિશ્રી ચંદનસાગરજી મહારાજનો તેમ મુનિરાજશ્રી સુરેન્દ્રસાગરજીનો ક્રિયા વિધાનદિ કરાવવામાં સહકાર સારો હતો.

પ-પૂ. **પં. પ્ર.ચન્દ્રસાગરજીગણીવર**ની શાસનમાન્ય આચાર્ય પદવી વગેરે ઉપર શ્રીસિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસન વિભાગ ૨ જો શ્રમણ ભગવંતોને વહેંચવા માટે જોઇતી નકલો લેવાય તે સારૂ શ્રી છાણી સંઘના જ્ઞાન ખાતામાંથી રૂ. ૬૦૧), તથા છાણી સંઘના આગેવાન શેઠ શ્રી ચુનીલાલ ગરબડદાસ તરફથી રૂ. ૧૦૧) તથા શેઠ શ્રી ધુળાભાઈ તરફથી રૂ. ૨૦૧) તેમજ શેઠ શ્રી ચતુરદાસ નગીનદાસ બેલગામવાળા તરફથી રૂ. ૨૫૧) તથા રૂ. ૫૧) પ્રેમચંદભાઈ પાનાચંદ કંસારાના મળી કુલ્લે રૂ. ૧૨૦૫) નોંધાવવામાં આવ્યા હતા.

ઉપધાનવાળાઓની બાકીની ક્રિયાઓના કાર્ય માટે શ્રીગુરૂ મંદિરની પ્રતિષ્ઠા ઉપર આવવાનો અત્યંતભાવ હોવા છતાં અવસરની ઉચીતતા વિચારી મુનિશ્રી સુરેન્દ્રસાગરજી આદી ઠાણા ૨ છાણીમાં રોકાયા હતા.

ઉપધાનના કાર્ય અંગે રસોડા વિગેરે કાર્યની વ્યવસ્થામાં શેઠ શ્રી મંગળદાસ હરગોવનદાસ પારેખ અને સંઘના બીજા ઘણા આગેવાનોનો અવર્ણનીય સહકાર હતો.

આ પ્રસંગને અનુસરીને વન્દનાર્થે આવતા શ્રાવક-શ્રાવિકાઓની સેવા-ભક્તિ-સરભરા શ્રેષ્ઠિ દીપચંદભાઇ, હીરાલાલ હરગોવનદાસ તથા નાથાલાલ જીવચંદભાઇએ સારી રીતે કરીને સુંદર લાભ લીધો હતો.

ઉપધાનની માળારોપણની ક્રિયા કરાવવાના અવસરે ઉપધાન કરાવનાર ઉદાર દિલ શેઠ ધૂળાભાઈ શીવલાલને અને બેલગામવાલા ચતુરભાઇ નગીનદાસને શ્રી સંઘે શ્રેષ્ઠિ સાંકળચંદ હસ્તે યોગ્ય સત્કાર કરવા પૂર્વક સાદર શાલની ભેટો કરી હતી.

શેઠ શ્રી ધુલાભાઈ તરફથી માળવાલા દરેક ભાઇ બેહનને શ્રીફળ ને રૂપીઆની ભેટ કરી હતી.

લ્હાણીઓમાં ત્રણ ત્રણ ચાંદીની વાડકી, એક એક કળશ, જરમન સિલ્વરના બબ્બે પ્યાલા, પિત્તળના છ છ પ્યાલા, પાંચ પાંચ રકાબીઓ, ત્રણ ત્રણ પિત્તળના વાડકાઓ, એક એક દાબડાઓ તેમજ—દેવસિ પ્રતિ-

ક્રમણ, ચૈત્યવંદન, નવપદની ચોપડી, સમ્યક્કૃત્ય, સ્તવનમાળા વિગેરે એક એક પુસ્તકોની નકલ જુદા જુદા ગૃહસ્થો તરફથી ઉપધાનમાં બેસનાર દરેકને વહેંચવામાં આવ્યાં હતાં. પ્રભાવના વિગેરે સારા પ્રમાણમાં થઈ હતી.

## વેજલપુર ( ભરૂચ ).

છાણીમાં ઉપધાન અંગે પૂ. **પંન્યાસજી હેમસાગરજી મહારાજ** આદિઠાણા રોકાયલા હતા, પરંતુ તેઓશ્રી તથા તેમની સાથેના બધા ઠાણા વેજલપુર ( ભરૂચ ) મુકામે ઉત્થાપન કરેલી પ્રતિમાઓનું પરોણા તરીકે બિરાજમાન કરાવવા વિગેરેના શુભ કાર્ય માટે વેજલપુર ( ભરૂચના ) સંઘના આગેવાનોની અતિ આગ્રહભરી વિનંતિને લીધે પ-પૂ. પંન્યાસજી ચન્દ્રસાગર ગણિવર મહારાજજીની અનુમતિથી છાણીથી વેજલપુર થઇને ગુરૂમંદિરની પ્રતિષ્ઠા અંગે સુરત જવા માટેનો પોષ સુદ ૫ ને દિવસે વિહાર કર્યો. તેમને સાધુ મહારાજાઓ તથા ઉપધાનમાં રહેલા શ્રાવક શ્રાવિકાઓ અને સંઘના આગેવાનો વળાવવા ગયા હતા. સર્વ ઠાણા સાથે તેઓશ્રી (ભરૂચ) વેજલપુર પહોંચીને ધર્મશાળામાં પો. વ. ૩ ના દિવસે શ્રી સંઘના આગેવાનોએ ઘી બોલીને ભગવાનને બિરાજમાન કર્યા, અને તે પછી તેઓશ્રીએ વાસક્ષેપ કર્યો; અને તે પછી વેજલપુર મુકામેથી સુરત તરફ વિહાર કર્યો.

## દીક્ષાઓ અને વડી દીક્ષાઓ

ધાંગધ્રાના એક યુવાન શ્રાવક નગીનદાસભાઇને વૈરાગ્ય ભાવના થતાં છાણીમાં **પ-પૂ. પંન્યાસજી ચન્દ્રસાગરજી ગણીન્દ્ર**ની દેશના શ્રવણ કરીને અને તેમનો પરિચય થતાં તેમની વૈરાગ્ય ભાવના વૃદ્ધિગત થઇ, એટલે તેમણે પૂજ્ય પંન્યાસ પ્રવરશ્રીજીની પાસે દીક્ષા ગ્રહણ કરી, અને પૂ. પંન્યાસપ્રવરશ્રીજીના શિષ્ય તરીકે તેમનું **નામ મુનિશ્રી નયણાનંદસાગરજી** નામ આપીને એમને પોતાના શિષ્ય તરીકે જાહેર કર્યા છે.

તેમજ ગોધરાના યુવાન શ્રાવક જશવંતલાલભાઇએ પણ દેશના શ્રવણ કરીને અને પૂ. પંન્યાસ પ્રવરશ્રીજીનો પરિચય પામીને દીક્ષા ગ્રહણ કરીને; તેઓને પણ પંન્યાસ પ્રવરશ્રીજીના શિષ્ય **મુનિશ્રી જયઘોષસાગરજી** નામ આપીને તેમને પોતાના શિષ્ય તરીકે જાહેર કર્યા છે.

વળી સુરતમાં મહા સુદ ૩ ને દિવસે શ્રીમંત એક યુવાન શ્રાવક ભાઈ રતનચંદ પાનાચંદ મદ્રાસીએ ગચ્છાધિપતિ પ. પૂ. આચાર્ય શ્રી માણિક્ય સાગરસૂરિજીના વરદ હસ્તે આગમ મંદિરના વિશાળ ચોકમાં દીક્ષા ગ્રહણ કરી હતી. તેમનું મુનિ-શ્રી**નંદિવર્ધન** સાગરજી નામ આપી ને પૂ. પંન્યાસજી શ્રીદેવેન્દ્રસાગરજીના શિષ્ય તરીકે રાખવામાં આવ્યા છે. આ પ્રસંગે ખૂબ ધામ ધૂમથી દીક્ષાનો વરઘોડો નીકળ્યો હતો. આ અવસરે પૂ. પન્યાસજી હેમસાગર મહારાજના બે શિષ્યો મુનિ શ્રી ધર્મરત્નસાગરજી તથા બાલ મુનિ શ્રી મહાભદ્ર સાગરજી તેમજ મુનિશ્રી મનોજ્ઞસાગરજીના શિષ્ય નિર્મળ સાગરજીને વડીદીક્ષા આપવામાં આવી હતી; અને તે પછી સૌ પ્રભાવના લઇ વિખરાયા હતા. માહ સુદ ૧૦ ની સવારમાં શ્રી અનંતનાથજી મંદીર પાસેના આચાર્યપદારોપણ મંડપમાં મુનિ શ્રી મહાનંદ સાગરજીને અને મુનિ શ્રી શોભનસાગરજીને વડી દીક્ષા આપવામાં આવી હતી, ઉપરના બંને મુનિઓને અનુક્રમે મુનિ શ્રી ધર્મસાગરજી તથા મુનિ શ્રી ત્રૈલોકયસાગરજીના શિષ્ય તરીકે જાહેર કર્યા હતા.

卐

लिप्ते पादयुते शिलागममहाचैत्यसंस्थापकाः ।
ताम्रालेखयुतागमस्य भवनं सूर्ये पुरे संव्यधुः ।
गीतार्थेषु जिनेन्द्रशासनमहादंडेषु चूलारुपाः ।
तेजोभिर्विजयन्तु भूमिवलये आनन्दसूरीश्वराः ॥



સ્વ૦ પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ આગમોદ્ધારક

આચાર્યદેવેશ

**શ્રી આનન્દસાગરસૂરીશ્વરજી મહારાજ**

# સુરતના આંગણે—

## અભૂતપૂર્વ-શ્રીગુરૂમંદિર-પ્રતિષ્ઠા-મહોત્સવ.

પ્રાતઃસ્મરણીય-પૂજ્યપાદ-**આગમોદ્ધારક સ્વ. આ. આનન્દસાગર** સૂરીશ્વરજી વિ. સં. ૨૦૦૬ના વૈશાખ વદ. ૫ની સાંજના ચારવાગે કાળધર્મ પામ્યા, તેજ અવસરે ટીપ શરૂ થઈ ચુકી હતી. બીજી બાજુ **પૂ. આગમોદ્ધારક સ્વ૦ ગુરૂદેવના** સ્વર્ગવાસ નિમિત્તે મહોત્સવની ટીપ ચાલુ હતી, તેવી રીતે શુભ સ્થાયિ-કાર્ય શ્રીગુરૂ મંદિર માટે પણ સુપ્રયત્ન ચાલુ હતો; તે પ્રયત્નને શ્રમણ ભગવંતોનો અને શ્રાવકોનો અતીવ અત્યંત સહકાર ભર્યો વેગ મળવાથી સારી રકમ એકઠી થઈ આ શુભ કાર્ય માટે આજદિન પર્યંત ઉદાર-ચરિત-દાનવીર-ગુરૂભક્ત-શ્રાવકોએ અને સકલ સંઘોએ જે રકમ આપી છે તે ધન્યવાદને યોગ્ય છે, અને તેમનાં મુબારક નામો નીચે મુજબ છે. આ કાર્યની શરૂઆત કરીને પરિસમાપ્તિ સુધીની નોંધ પાત્ર લાગણી માટે ગુરૂભક્ત-સુશ્રાવક ઠાકોરભાઇ દયાલચંદ મલજી, શ્રેષ્ઠિ શાંતિચંદભાઇ હઝારી, શ્રેષ્ઠિ પાનાભાઇ મદ્રાસી; અને શ્રેષ્ઠિ મોતીચંદ ચોકશી વિગેરે અતિ પ્રશંસનીય છે.

### સ્વ૦ આગમોદ્ધારક—ગુરૂમંદિર ફંડ.

રૂપિયા

૫૦૦૧) બેન લાડુ માજી, લલ્લુભાઇ વખારીયા સુરત
૫૦૦૧) જગદીશકુમાર ઠાકોરભાઇ મલજી સુરત
૫૦૦૧) શેઠ છોટાલાલ પીતાંબરદાસ અમદાવાદ
૫૦૦૧) ,, મુલચંદભાઈ વાડીલાલ દોલતરામ મુંબાઇ
૫૦૦૧) દિવાળીબ્હેન ગણપતરામ વખારીઆ સુરત
૫૦૦૧) શેઠ ચીમનલાલ ડાહ્યાભાઇ પરીખ કપડવંજ
૩૦૦૧) ,, બાલુભાઇ કપુરચંદ તથા તેમના સુપત્ની સમરથબેનના સુપુત્રો સુરત
૨૦૦૧) શેઠ રાયચંદ ગુલાબચંદ અચ્છારી
૨૦૦૧) સંઘવી શેઠ પોપટલાલ ધારશીભાઈ જામનગર
૧૧૫૧) શ્રી જૈન સંઘ બારડોલી
૧૧૦૧) પ્રભાવતી કુંવરબેન તે શેઠ જીતમલજી લોઢાની સુપત્ની અજમેર
૧૦૦૧) શેઠ કસ્તુરચંદ ઝવેરચંદ ચોકસી સુરત
૧૦૦૧) પુષ્પાવતી શાંતિચંદ ઝવેરી ,,
૧૦૦૧) શેઠ માણેકચંદ ઝવેરચંદ જરીવાલા ,,
૧૦૦૧) ,, મોતીચંદ હીરાચંદ ઝવેરી ,,
૧૦૦૧) ,, કાન્તિલાલ એસ. શાહ (શાહ કન્સ્ટ્રકશન કું) મુંબઇ
૧૦૦૧) ,, નેમચંદ જીવણજી બાજીપરા

રૂપિયા

૧૦૦૧) શેઠ ધીરજલાલ નેમચંદ શ્રોફ પારડીવાળા મુંબાઇ
૧૦૦૧) ,, બાબુભાઇ ફકીરચંદ ઝવેરી સુરત
૧૦૦૧) ,, પોપટલાલ કેવળચંદ મુંબાઇ
૧૦૦૧) ,, વાડીલાલ મનસુખલાલ કપડવંજ
૧૦૦૧) ,, રાજેન્દ્રકુમાર માણેકલાલ મનસુખભાઇ સંઘવી અમદાવાદ
૫૦૫) ,, શાન્તિકુમાર સિંઘજી દુધેડિયા હ. નવકુમાર સિંઘજી તથા જયકુમાર સિંઘજી દુધેડિયા અજીમગંજ
૫૦૧) ,, વાડીલાલ ચત્રભુજ ગાંધી મુંબાઈ
૫૦૧) લલિતાબેન તે શેઠ સોભાગચંદ ફકીરચંદ ઝવેરીના સુપત્ની સુરત
૫૦૧) શેઠ નવલચંદ ખીમચંદ ઝવેરી ,,
૫૦૧) ,, ઠાકોરભાઇ મેલાપચંદ શાહ ,,
૫૦૧) ,, મંછુભાઇ તલકચંદ ઝવેરી ,,
૫૦૧) શેઠ દીપચંદ સુરચંદ હ. સરસ્વતીબેન સોભાગચંદ દીપચંદ સુરત
૫૦૧) શેઠ કલ્યાણજી વીરપાળ મહેતા મુંબાઇ
૫૦૧) ,, કલ્યાણચંદ વજેચંદ નાણાવટી હ. શેઠ ખીમચંદ કલ્યાણચંદ સુરત

રૂપિયા
૫૦૧) શેઠ ખુશાલચંદ ગોકળદાસ અમદાવાદ
૫૦૧) શ્રી વિજયદેવસૂરિ જૈન સંઘ ડભોઈ
૫૦૧) શ્રી લીશાનીમા જૈન સંઘ ગોધરા
૫૦૧) શેઠ અમીચંદ ખુશાલચંદ ઝવેરી સુરત
૫૦૧) ,, અભેચંદ મૂળચંદ ઝવેરી ,,
૫૦૧) ,, કરસનદાસ રણછોડદાસ પટેલ પીનાંગ–(મલાયા)
૫૦૧) ,, ઋષભદેવજી કેસરીમલજીની પેઢી રતલામ
૫૦૧) ,, મોનજી મૂલજી
હ. જમનાદાસ મોનજી ઝવેરી જામનગર
૫૦૧) કોલ્હાટકર આર્ટ સ્ટુડીઓ
હ. મહાદેવ કાશીનાથ કોલ્હાટકર વડોદરા
૩૫૧) ,, કાન્તીલાલ જેકીશનદાસ વખારિયા સુરત
૩૦૧) ,, કાલીદાસ વીરચંદ ઝવેરી નવસારી
૩૫૧) શા. ઉત્તમચંદ દયાચંદ દમણ
૩૦૧) ,, મોહનલાલ દલીચંદ ચોકસી સુરત
૩૦૧) શાહ ખાતે
હા. શેઠ ઉત્તમચંદ હેમચંદ કાપડિયા ,,
૨૫૧) રાવબહાદુર નગીનચંદ ઝવેરચંદ ઝવેરી ,,
૨૫૧) ડૉ. બી. બી. ગાંધી ,,
૨૫૧) તેજકોરબેન હરખચંદ અમરચંદ ,,
૨૫૧) શેઠ ગુલાબચંદ બાલુભાઈ સરકાર ,,
૨૫૧) ,, મદ્રાસી એન્ડ કું૦ ,,
૨૫૧) શિવકોરબેન છોટાલાલ ભગતજી ,,
૨૫૧) સોમપુરા અમરચંદ નાનચંદ ભગત તથા
વેણીશંકર અમરચંદ તથા લાભશંકર
અમરચંદ મિસ્ત્રી પાલીતાણા
૨૫૧) ચિત્રકાર ઠાકોરભાઇ જેરામભાઈ મિસ્ત્રી રાંદેર
૨૫૧) શેઠ રંગીલદાસ લાલચંદ જરીવાળા સુરત
૨૫૧) ,, ચંદુલાલ નાગરદાસ કંટ્રાકટર ,,
૨૫૧) ,, બાલુભાઇ મોહનલાલ વાસણવાલા ,,
૨૫૧) ,, અશ્વિનભાઇ શાંતિલાલ મ્હેતા ,,
૨૫૧) ,, છગનલાલ ચુનીલાલ ચોકસી ,,

રૂપિયા
૨૫૧) શેઠ એ. એમ. શાહની કું૦ ,,
૨૫૧) ,, છોટાલાલ ભીખાભાઈ ,,
૨૫૧) ,, પરમાણંદદાસ કુંવરજી તથા
રમણિકલાલ કુવરજી જીવણ પાલીતાણા
૨૫૧) શેઠ મંગળભાઇ લક્ષ્મીચંદ વડુ
૨૫૧) ,, ત્રિભોવનદાસ ઉત્તમચંદ દલાલ માંગરોળ
૨૫૧) ,, મણિલાલ વીરચંદ તથા
છગનલાલ વીરચંદ વેજલપુર–ભરૂચ
૨૫૧) ,, ચંદુલાલ નાથાભાઈ ગાંધી
તથા શિવલક્ષ્મીબેન તે
શાહ હાલેચંદ ખૂબચંદના
પુત્રી વેજલપુર–ભરૂચ
૨૫૧) ,, કેશરીમલજી ચાંદમલજી મહીદપુર
૨૫૧) ,, છોટાલાલ દલપતભાઇ
કરાલાવાળા ડભોઇ
૨૫૧) ધીરજબેન મહાસુખલાલ વેજલપુર–પંચમહાલ
૨૫૧) શેઠ રમણલાલ વાડીલાલ ગાંધી ,,
૨૫૧) ,, પાનાચંદ ખેમચંદભાઇ ગાંધી ,,
૨૫૧) ,, મણિલાલ ખેમચંદભાઈ ગાંધી ,,
૨૫૧) ,, દેવચંદ હરચંદ કાપડિયા તથા
શેઠ કસ્તુરચંદ ગુલાબચંદ વેજલપુર–ભરૂચ
૨૫૧) ,, મગનભાઇ પ્રતાપચંદ ચોકસી સુરત
૨૫૧) ,, રમણલાલ ભોગીલાલ ચીનાઇ અમદાવાદ
૨૫૧) ,, બાબુભાઇ જીવચંદરાજા
હ. ચંદ્રકાન્તભાઇ સુરત
૨૫૧) ,, પાનાચંદ ભુરિયાભાઇ ઝવેરી ,,
૨૫૧) શ્રી જૈન શ્વેતાંબર સંઘ જંબુસર
૨૫૧) શ્રી જૈન સંઘ ભરૂચ તથા
શેઠ શાન્તિલાલ દીપચંદ કોઠારી થાનગઢ
૨૫૧) શ્રી જૈન સંઘ હ. ખુપચંદ
હીરાચંદ તથા શેઠ વેલચંદ
લક્ષ્મીચંદ સીરપુર
૨૫૧) શ્રી જૈન શ્વેતાંબર મહીલા મંડળ ઇન્દોર

રૂપિયા
૨૫૧) શ્રી જૈન સંઘ — લુણાવાડા
૨૫૦) „ „ — ચાણસ્મા
૨૫૧) શેઠ ગોમાજી મોતીજી હ. શેઠ વીરચંદ હરજીવનદાસ બ્રધર્સ — સુરત
૨૫૧) „ મગનલાલ ધનજીભાઇ ચોકસી — „
૨૫૧) „ દલીચંદ વીરચંદ શ્રોફ — „
૨૫૧) „ ઘેલાભાઈ રાયચંદ — „
૨૫૧) „ મૂળચંદ તલકચંદ સીનોરી જશવંતીબેન — „
૨૫૧) „ બાબુભાઇ મોતીચંદ પુનાવાલા — „
૨૫૧) „ ચુનીલાલ અમરચંદ ઝવેરી — નવસારી
૨૫૧) શા. ઝવેરચંદ ભગવાનજી અને તેમના ધર્મપત્ની સ્વ. મણીબેન રૂપાજી હ. તેમના પુત્રો પેન્ટર ચીમનલાલ એન્ડ બ્રધર્સ બહુધાનવાળા — સુરત
૨૫૧) કાન્તાબેન અમરચંદ ફકીરચંદ ઝવેરી — સુરત
૨૫૧) ધ્યાનસ્થ ગુરૂદેવની શીતલ છાયામાં શેઠ મંછુભાઇ દીપચંદની ધર્મશાળામાં ધર્મ ક્રિયા કરનારા બાલ શ્રાવકો તરફથી — સુરત
૨૫૧) સંઘવી શેઠ નગીનચંદ કપુરચંદ જરીવાલા — સુરત
૨૫૧) શેઠ જીવણચંદ નવલચંદ સંઘવી — સુરત
૨૫૧) „ કેશરીચંદ મનસુખલાલની કંપની — સુરત
૨૫૧) „ લાલજીભાઇ હરજીભાઈ હ. મગનભાઈ — જામનગર
૨૫૧) „ ફીકાભાઈ નાનચંદ — સુરત
૨૫૧) „ ચંદુલાલ છગનલાલ હ. લલિતાબેન — સુરત
૨૫૧) „ ફકીરચંદ સોભાગચંદ સરકાર — સુરત
૨૫૧) „ નગીનદાસ મણિલાલની કંપની — સુરત
૨૫૧) „ રૂપચંદ ઘેલાભાઇ ઝવેરી — સુરત
૨૫૧) „ ફકીરચંદ નેમચંદ ઝવેરી હ. અમરીબેન — સુરત

રૂપિયા
૨૫૧) શેઠ જમનાદાસ કેશરીચંદ હ. મણિલાલ તથા ચંપકલાલ — રાધનપુર
૨૫૧) „ શામળભાઇ નથુભાઈ હ. બાબુભાઇ તથા અજીતભાઈ — કપડવંજ
૨૫૧) „ અમીચંદ લલ્લુભાઇ શાહ (આર. ટેક્ષ મિલ્સ) — સુરત
૨૫૧) „ નગીનચંદ કપૂરચંદ ઝવેરી — સુરત
૨૫૧) મહાવીર વિદ્યોત્તેજક મહિલા મંડળ — સુરત
૨૫૧) શેઠ ગીરધરલાલ દુર્લભજી મણીયાર — પાલીતાણા
૨૫૧) વૈદ્યરાજ ઉમેદરામ આત્મારામ — સુરત
૨૫૧) ડૉ. માધવ નાગેશ આપ્ટે — „
૨૫૧) જવારમલજી સુખલાલજી — પુના
૨૫૧) શેઠ ખીમચંદ હરજી હ૦ વીઠલજીભાઈ જામનગરવાળા — જામનગર
૨૫૧) સર ચુનીલાલ ભાઇચંદ મહેતા — મુંબઈ
૧૦૧) શેઠ સોભાગચંદ લલ્લુભાઇ
૧૦૧) „ ખુશાલદાસ તારાચંદ
૧૦૧) „ લખમીચંદ નગીનચંદ કપુરચંદ
૧૧૧) સુમતીબેન મોહનલાલ
૧૦૧) હીરાકોર નગીનદાસ બાપુલાલ — છાણી
૧૦૧) શેઠ મગનલાલ પરસોતમદાસ બ્રહ્મી — સુરત
૧૦૧) „ નાનચંદ સંઘજીભાઇ — „
૧૦૧) „ અમરચંદ રતનચંદ — „
૧૦૧) „ અમરચંદ વખતચંદ — „
૧૦૧) „ ત્રીભોવનદાસ કાલીદાસ — „
૧૦૧) „ ભીખાભાઈ ધરમચંદ — „
૧૦૧) „ હરજીવનદાસ વલ્લભરામ — „
૧૦૧) „ બાબુભાઈ ચુનીલાલ વ્યાસ — „
૧૦૧) „ નાનાભાઈ તલકચંદ મલબારી — મુંબઇ
૧૦૧) સમુબેન રતીલાલ દલીચંદ — રાધનપુર
૧૦૧) શ્રી છાણી જૈનસંઘ
૧૫૧) શેઠ ચીમનલાલ માણેકચંદની કું.
૧૦૧) „ મનહરલાલ ટોકરશી દેવશી
૧૨૫) „ ઉજમશી શીવલાલ — રાજકોટ
૧૦૧) „ રતીલાલ ચુનીલાલ — સુરત

રૂપિયા

૧૦૧) શેઠ ઝવેરચંદ ફુલચંદ — સુરત
૧૦૦) શ્રી કરજણુ (મીયાંગામ) જૈન સંઘ
૧૦૧) ,, રામપુરા જૈન સંઘ — (ભંકોડા)
૧૦૧) ,, અમરેલી જૈન સંઘ
૧૦૧) ,, મુળી જૈન સંઘ
૧૦૧) ,, કોઠ જૈન સંઘ
૧૦૧) ,, વસંતકુમાર મણીલાલ
૧૦૧) શેઠ સાકરચંદ તલકચંદ — મઢી
૧૦૧) ,, તલકચંદ મોતીચંદ કચરા — સુરત
૧૦૧) ,, પાનાચંદ અમીચંદ — ,,
૧૦૧) ,, વાલાજી દલાજી — સીસોદરા
૧૦૧) ,, વેણીલાલ બુરખાવાલા — સુરત
૧૦૧) ,, અમીચંદ ઘેલાભાઇ — મુંબઈ
૧૨૫) શેઠ શામજી દેવજી — બાસુંદા
૧૦૧) ,, કુંવરજી દામજી — પાલીતાણા
૧૦૧) ઝવેરી ચીમનલાલ એન્ડ કું. — સુરત
૧૦૧) શેઠ ડાહ્યાભાઇ ગોવીંદજી — સીસોદરા
૫૧) ,, બાબુભાઇ માનચંદ સરકાર — સુરત
૫૧) ,, સુરચંદ પરસોતમદાસ બદામી — ,,
૫૧) ,, નગીનભાઈ ખુબચંદ — ,,
૫૧) ,, બાલુભાઇ હીરાલાલ લાલન — જામનગર
૫૧) ,, પાનાચંદ કસ્તુરચંદ — સુરત
૫૧) ,, કેસુરજી પ્રેમાજી — ,,
૫૧) ,, બાલુભાઇ અમરચંદ — ,,
૫૧) ,, નરભેરામ તુલજારામ વખારીયા — ,,
૫૧) તારાબેન પ્રેમચંદ વીરચંદ — ,,
૫૧) શેઠ જશવંતલાલ તુલજારામ વખારીયા — ,,
૫૧) ,, મોતીચંદ મંછુભાઇ — ,,
૫૧) ,, છગનભાઇ અમરચંદ — મુંબઇ
૫૧) ,, ઠાકોરભાઈ ઝવેરચંદ — સુરત
૫૧) ,, ખીમચંદ સ્વરૂપચંદ — ,,
૫૧) ,, પ્રેમચંદ મુળચંદ — ,,
૬૧) ,, હીંમતલાલ ચતુરદાસ — ,,
૫૦) શાહ ખાતે એક ગૃહસ્થ — ,,

રૂપિયા

૫૧) ગોધાવી જૈન સંઘ
૫૧) શેઠ નાગરદાસ પુરસોતમ — રાણપુર
૫૧) હંસા બેન — સુરત
૫૧) શેઠ રાયચંદ ગોવીંદજી — સીસોદરા
૫૧) શેઠ મોહનલાલ વલ્લભરામ જુનકી — સુરત

* તે સિવાય રૂ. ૩૧) થી ઓછીવતી રકમ આપનારાઓના નામો પણ ઘણા છે તે અત્ર લીધા નથી.

**તાક.** આ ફંડમાં આજદિન સુધીમાં ભરાયેલી રકમ રૂ. ૮૩૩૬૩-૮-૦ છે, અને તેમાંથી રૂ. ૭૪૩૫૧-૮-૦ વસુલ થઇ ગયા છે, અને રૂ. ૯૦૧૨) આવવાના બાકી છે. ઉપર જે મુબારક નામાવલી છે તે શીલાલેખમાં રૂ. ૨૫૧) સુધીની રકમ લખવાની હોવાથી શીલાલેખ સ્થિત નામો છે,

## શ્રીગુરૂ-મન્દિરની ચારે બાજુની દિવાલો પર આવેલા પટોની વિગત.

૧. શ્રી ગુરૂદેવની પ્રતિમા પાછળ સોનેરી અને અબરખના કામ સાથેનું કમળદળ.

૨. ગર્ભદ્વારની ઉપર રાજ પ્રતિબોધ' શૈલાનાનરેશ દીલીપસિંહજી અને આગમોદ્ધારક પૂજ્ય સ્વ૦ શ્રી આનન્દસાગરસૂરીશ્વરજી.

શૈલાના નરેશનો અમારી પટ્ટક.

પટ કરાવનાર-શેઠ છગનલાલ મગનલાલ કાપડિયા છે.

૩. **શ્રી આગમોદ્ધારકે આપેલી વાચના.**

પટ કરાવનાર—સ્વ૦ ડો. શાન્તિલાલ હરિલાલ મ્હેતાના સ્મરણાર્થે શ્રી અશ્વિનભાઇ શાન્તિલાલ મ્હેતા સુરત.

વીર સં. ૨૪૪૧-૨૪૪૭: વિક્રમ સં. ૧૯૭૧-૧૯૭૭

**योऽदत्तागमवाचनां प्रशमिनां येनोद्धृता आगमा।**
**यो राजप्रतिबोधकृन्मुनिवरः सिद्धान्तसंशोधक॥**

# શ્રી આગમોદ્ધારક સ્વ. આચાર્ય શ્રી આનન્દસાગરસૂરીશ્વરજીના
# જીવનના વિશિષ્ટ પ્રસંગો અને ચાતુર્માસ.

| વિક્રમ સંવત | | | |
|---|---|---|---|
| ૧૯૪૭ | મહા સુદ ૫ લીંબડીમાં દીક્ષા ને ચાતુર્માસ | | (૧) |
| ૧૯૪૮ | અમદાવાદમાં | ,, | (૨) |
| ૧૯૪૯ | ઉદયપુરમાં | ,, | (૩) |
| ૧૯૫૦ | પાલીમાં | ,, | (૪) |
| ૧૯૫૧ | સોજતમાં | ,, | (૫) |
| ૧૯૫૨ | પેટલાદમાં સાંવત્સરિક પર્વની શાસ્ત્ર અને પરંપરાને આધારે સંઘ સહિત કરેલી આરાધના | | (૬) |
| ૧૯૫૩ | છાણીમાં ન્યાયશાસ્ત્રનો અભ્યાસ | ,, | (૭) |
| ૧૯૫૪ | ખંભાતમાં | ,, | (૮) |

( ૮૮ મા પેજથી ચાલુ )

**ज्ञानं यस्य समग्रशास्त्रविषयं चारित्र्यमत्युज्ज्वलम् ।**
**श्री आनन्दपयोनिधिर्विजयते सोऽयं हि सूरीश्वरः ॥**

૪. ઘુમટમાં—પૂ૦ શ્રી આગમોદ્ધારકની સ્મશાન યાત્રાનું વિસ્તૃત દશ્ય.

૫. અનુયોગધર—શ્રીસ્કન્દિલાચાર્યે આપેલી માથુરી વાચના.

પટ કરાવનારઃ અ. સૌ કમળાબેન તે ચીમનલાલ ખીમચંદ સંઘવીના સુપત્ની સુરત.

વીર સંવત ૮૨૭ થી ૮૪૦ ના ગાળામાં.
(આ વાચના આપી છે.)

**जेसि इमो अणुओगो पयरइ अज्जावि अड्ढभरहम्मि ।**
**बहुनयरनिग्गयजसे ते वंदे खंदिलायरिए ॥**

**(૬) શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણના હસ્તે વલ્લભિપુરમાં આગમોનું પુસ્તકારોહણ.**

પટ કરાવનારઃ શેઠ હિંમતલાલ ચતુરદાસ શાહ તથા તેમના સુપત્નિ સિતાબ્હેન—અમદાવાદ.

વીર સંવત ૯૮૦ ક્રિયા ૯૯૩.

**सुत्तत्थरयणभरिए खमदममद्दवगुणेहिं संपन्ने ।**
**देवड्ढिखमासमणे कासवगुत्ते पणिवयामि ॥**

**૭. શ્રી જૈનાનંદ પુસ્તકાલય સુરત.**

સ્થાપના—વિક્રમ સંવત ૧૯૭૫.

**૮. શ્રી વર્ધમાન જિન આગમમંદિર સિદ્ધક્ષેત્ર.**

પ્રતિષ્ઠા—૧૯૯૯ મહા વદ ૫ ને ગુરૂવાર

**૯. વર્ધમાન તામ્રપત્ર આગમ મંદિર સુરત.**

પ્રતિષ્ઠા—૨૦૦૪ મહા સુદ ૩ ને શુક્રવાર

**૧૦. શ્રી આગમોદ્ધારક શિષ્ય સમુદાય**

વિક્રમ સંવત ૨૦૦૭ મહા સુદ ૩ ને શુક્રવાર સુધીના

**૧૧. ધ્યાનસ્થ ગુરૂદેવ—આગમોદ્ધારક**

ચિત્ર કરાવનાર—તારાબ્હેન પ્રેમચંદ વીરચંદ ઝવેરીની સુપુત્રીઓ ધનુબ્હેન, મંગળાબ્હેન તથા મંજુલાબ્હેન સુરત.

**૧૨. આગમોદ્ધારકના—જીવનના વિશિષ્ટ પ્રસંગો અને ચાતુર્માસો.**

વિક્રમ સંવત ૧૯૪૭ થી ૧૯૮૩

**૧૩. આગમોદ્ધારકના—જીવનના વિશિષ્ટ પ્રસંગો અને ચાતુર્માસો.**

વિક્રમ સંવત ૧૯૮૩ થી ૨૦૦૬

**૧૪. (૧) પ્રવેશદ્વારપર વિદ્યાધારિણી સરસ્વતીદેવી.**

દ્વાર—(૨) હાથમાં કમળ લઇ ધ્યાનસ્થ દેવી.
,, (૩) કમળ પત્ર ને પુસ્તક ઘોડી તથા પાટ.
વીર સંવત—૨૪૭૭ શ્રી આગમોદ્ધારક ગુરૂમંદિર.
વિક્રમ સંવત ૨૦૦૭

વિક્રમ સંવત

૧૯૫૫ સાણંદમાં આરાધના (૯)
૧૯૫૬ અમદાવાદમાં „ (૧૦)
૧૯૫૭ „ „ (૧૧)
૧૯૫૮ પાટણમાં દુષ્કાળ રાહત ફંડના ઉપદેશની સફળતા,—અમદાવાદમાં „ (૧૨)
૧૯૫૯ ભાવનગરમાં „ (૧૩)
૧૯૬૦ અમદાવાદમાં ગણીપદ તથા પંન્યાસપદ—અમદાવાદમાં „ (૧૪)
૧૯૬૧ પેથાપુરમાં પ્રાંતિક પરિષદમાં પ્રવચન—કપડવંજમાં „ (૧૫)
૧૯૬૨ ભાવનગરમાં „ (૧૬)
૧૯૬૩ સુરતમાં „ (૧૭)
૧૯૬૪ સુરતમાં ભવ્ય શહેર યાત્રા. એક લાખ રૂપિયાથી શેઠ દેવચંદ લાલભાઇ જૈન પુસ્તકોદ્ધાર ફંડની સ્થાપના, સમેત શિખર તીર્થની આશાતના ટાળવામાં મળેલી સફળતા—મુંબઇમાં „ (૧૮)
૧૯૬૫ મુંબાઇથી અંતરીક્ષજી પાર્શ્વનાથ તીર્થનો છરી પાળતો સંઘ, અંતરીક્ષજીના કેસમાં મેળવેલો વિજય, યેવલામાં ચાતુર્માસ (૧૯) ઉપધાન.
૧૯૬૬ સુરતમાં ચાતુર્માસ (૨૦) શાસન પ્રત્યનીકોને યોગ્ય શિક્ષાનો ઉપદેશ-ઉપધાન.
૧૯૬૭ સુરતમાં ચાતુર્માસ (૨૧)
૧૯૬૮ શ્રી જૈન તત્વબોધ પાઠશાળાની સ્થાપના ખંભાતમાં ચાતુર્માસ (૨૨)
૧૯૬૯ છાણીમાં ચાતુર્માસ (૨૪)
૧૯૭૦ પાટણમાં ચાતુર્માસ (૨૪) ઉપદેશથી દુષ્કાળ રાહત ફંડ.
૧૯૭૧ ભીલડિયાજી તીર્થનો છરી પાળતો સંઘ. ભોયણીજી તીર્થમાં શ્રી આગમોદય સમિતિની સ્થાપના. સમિતિ દ્વારા આગમોના પ્રકાશનનો પ્રારંભ. પાટણમાં ચાતુર્માસ (૨૫) આગમ વાચના (૧)

વિક્રમ સંવત

૧૯૭૨ કપડવંજમાં આગમ વાચના (૨) અમદાવાદમાં ચાતુર્માસ (૨૬) આગમ વાચના (૩)
૧૯૭૩ અમદાવાદમાં શ્રી રાજનગર ધાર્મિક ઇનામી પરીક્ષાની સ્થાપના. સુરતમાં આગમ વાચના (૪) સુરતમાં ચાતુર્માસ (૨૭) આગમ વાચના (૫)
૧૯૭૪ સુરતમાં સંઘની એકતા. આચાર્યપદ મુંબાઇમાં ચાતુર્માસ (૨૮) દુષ્કાળ રાહત ફંડના ઉપદેની સફળતા.
૧૯૭૫ સુરતમાં ચાતુર્માસ (૨૯) શ્રી જૈન આનંદ પુસ્તકાલયની સ્થાપના. ઉપધાન ચાર મુનિવરોને ગણીપદ પ્રદાન.
૧૯૭૬ સુરતથી છરી પાળતો શ્રીસિદ્ધગિરિરાજાનો સંઘ. પાલિતાણામાં ચાતુર્માસ. (૩૦) આગમ વાચના (૬) ઉપધાન.
૧૯૭૭ રતલામમાં આગમ વાચના (૭) સૈલાનામાં ચાતુર્માસ (૩૧) રાજ પ્રતિબોધ. અમારી પટક.
૧૯૭૮ રતલામમાં ચાતુર્માસ (૩૨) શેઠ ઋષભદેવજી કેશરીમલજી પેઢીની સ્થાપના. ઉપધાન.
૧૯૭૯ ભોપાવરજી તીર્થનો ઉદ્ધાર. રતલામમાં ચાતુર્માસ (૩૩) ઉપધાન.
૧૯૮૦ સંમેત શિખરજી તરફ વિહાર. કલકત્તામાં ચાતુર્માસ (૩૪) ઉપાશ્રય અને જ્ઞાન મંદિર માટે મોટું ફંડ.
૧૯૮૧ સંમેત શિખરજી આદિ કલ્યાણક ભૂમીઓની યાત્રા. અજીમગંજમાં ચાતુર્માસ (૩૫)
૧૯૮૨ સાદડીમાં ચાતુર્માસ (૩૬) ઉપધાન.
૧૯૮૩ કેશરિયાજી તીર્થમાં ધ્વજદંડ આરોપણની પ્રતિષ્ઠા. ઉદયપુરમાં ચાતુર્માસ (૩૭) શ્રી જૈનામૃત સમિતિની સ્થાપના.
૧૯૮૪ અમદાવાદમાં ચાતુર્માસ (૩૮) સેંકડો પૂણ્યાત્માઓને કરાવેલી નવપદજીની આરાધના સેંકડો પૂણ્ય આત્માઓને કરાવેલું પિસ્તાળીશ આગમતપ.
૧૯૮૫ ગણીપદ અને પંન્યાસપદ પ્રદાન. શત્રુંજય તીર્થના સંરક્ષણાર્થે કરાયેલું લાખોનું ફંડ, શત્રુંજય તીર્થની છત્રછાયામાં સેંકડો પુણ્ય આત્માઓને કરાવેલી નવપદની આરાધના. જામનગરમાં ચાતુર્માસ (૩૯)

વિક્રમ સંવત

૧૯૮૬ સુરતમાં સેંકડો પુણ્ય આત્માઓને કરાવેલી નવપદની આરાધના. શ્રી રત્નસાગરજી જૈન વિદ્યાશાળાનું કાયમી ફંડ શેઠ નગીનભાઇ મંછુભાઇ જૈન સાહિત્યોદ્ધાર ફંડની સ્થાપના ખંભાતમાં ચાતુર્માસ. (૪૦)

૧૯૮૭ અમદાવાદમાં પ્રેરણાથી જૈન સાહિત્ય પ્રદર્શન. અમદાવાદમાં ચાતુર્માસ (૪૧)

૧૯૮૮ મુંબાઇમાં ચાતુર્માસ. (૪૨) શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિની સ્થાપના-ઉપધાન.

૧૯૮૯ સુરતમાં ચાતુર્માસ (૪૩) સાંવત્સરિક પર્વની શાસ્ત્ર અને પરંપરાને આધારે સંઘ સહિત કરેલી આરાધના-ઉપધાન.

૧૯૯૦ અમદાવાદમાં ભગીરથ પ્રયત્નથી મુનિ સંમેલનને કરાવેલી સફળતા. મહેસાણામાં ચાતુર્માસ.

૧૯૯૧ જામનગરમાં ભવ્ય ઉદ્યાપન. પાલિતાણામાં ચાતુર્માસ (૪૫) ઉપધાન.

૧૯૯૨ પાલીતાણામાં ૪ પદસ્થ મુનિવરોને આચાર્ય-પદ પ્રદાન. પોતાના હસ્તે આચાર્યશ્રી માણિક્યસાગરજી સૂરિજીનું સ્વપટ્ટે સ્થાપન. જામનગરમાં શ્રી લક્ષ્મી આશ્રમ અને શ્રી જૈનાનંદ જ્ઞાન મન્દિરની સ્થાપના. જામનગરમાં ચાતુર્માસ (૪૬) સાંવત્સરિક પર્વની શાસ્ત્ર અને પરંપરાના આધારે સંઘ સહિત કરેલી આરાધના.

૧૯૯૩ જામનગરમાં શ્રી દેવબાગનું નિર્માણ. ભવ્ય ઉદ્યાપન. જામનગરમાં ચાતુર્માસ (૪૭) આયંબિલશાલાદિની સ્થાપના. સાંવત્સરિક પર્વની શાસ્ત્ર અને પરંપરાને આધારે સંઘ સહિત કરેલી આરાધના.

૧૯૯૪ શ્રી શત્રુંજય શ્રીગિરનારવગેરેતીર્થોનો છરી પાળતો સંઘ. ઉપદેશથી સિદ્ધગિરિરાજની છત્રછાયામાં શ્રી વર્ધમાન જૈન આગમ મન્દિરની સ્થાપના શ્રી વર્ધમાન જૈન આગમ મંદિરનો પ્રારંભ. પાલીતાણામાં ચાતુર્માસ (૪૮) ઉપધાન.

વિક્રમ સંવત

૧૯૯૫ અમદાવાદમાં ભવ્ય ઉદ્યાપન. અમદાવાદમાં ચાતુર્માસ (૪૯) શ્રી શ્રમણ સંઘ પુસ્તક સંગ્રહની પાલિતાણામાં સ્થાપના.

૧૯૯૬ અમદાવાદમાં પંન્યાસપદ પ્રદાન, પાલિતાણામાં ચાતુર્માસ (૫૦) ઉપધાન.

૧૯૯૭ પાલિતાણામાં ઉપાધ્યાયપદ, ગણિપદ, પંન્યાસ-પદ પ્રદાન. શ્રી સિદ્ધચક્ર ગણધર મંદિરનો પ્રારંભ પાલિતાણામાં ચાતુર્માસ (૫૧) ઉપધાન.

૧૯૯૮ પાલીતાણામાં ચાતુર્માસ (૫૨)

૧૯૯૯ પાલિતાણામાં ઉપધાન, સિદ્ધગિરિરાજની તળેટીમાં સંખ્યાબંધ જિનબિંબોની કરેલી અંજન શલાકા. શ્રી વર્ધમાન જૈન આગમ મંદિર અને શ્રી સિદ્ધચક્ર ગણધર મંદિરની પ્રતિષ્ઠા. કપડવંજમાં ચાતુર્માસ (૫૩) ગણિપદ પંન્યાસ પદ પ્રદાન.

૨૦૦૦ સુરતમાં ભવ્ય શહેર યાત્રા. મુંબાઇમાં ચાતુર્માસ (૫૪)

૨૦૦૧ સુરતમાં ચાતુર્માસ (૫૫)

૨૦૦૨ સુરતમાં શ્રી વર્ધમાન જૈનતામ્રપત્રાગમ-મન્દિર માટે શ્રીઆગમોદ્ધારકસંસ્થાની સ્થાપના. બાજીપુરામાં જિનમંદિરની પ્રતિષ્ઠા. સુરતમાં ચાતુર્માસ (૫૬)

૨૦૦૩ સુરતમાં ચાતુર્માસ. (૫૭)

૨૦૦૪ સુરતમાં શ્રી વર્ધમાન જૈન તામ્રપત્રાગમ મંદિરની પ્રતિષ્ઠા. સુરતમાં ચાતુર્માસ (૫૮) સાંવત્સરિક પર્વની શાસ્ત્ર અને પરંપરાને આધારે સંઘ સહિત કરેલી આરાધના.

૨૦૦૫ સુરતમાં ચાતુર્માસ (૫૯)

૨૦૦૬ આરાધનાર્થે આરાધનાં માર્ગ. (અંતિમ ગ્રન્થ) ની રચના. ૨૦૦૬ ના વૈશાખ વદ ૫ ને શનિવારે નમતે પહોરે ૭૫ વર્ષની વયે પોતાના પટ્ટધર શ્રી માણિક્યસાગરસૂરિજી વગેરેશ્રી શ્રી ચતુર્વિધ સંઘના મુખથી નવકાર મહામંત્રને સાંભળતા અર્ધ પદ્માસને સમાધી પૂર્વક સુરત શેઠ મંછુભાઇ દીપચંદની ધર્મશાળામાં નિર્વાણ પામ્યા.

# श्री आगमोद्धारकेण प्रणिता गद्यात्मकाः ग्रन्थाः

विंशतिविंशिका-दीपिका
तात्त्विकप्रश्नोत्तराणि
सिद्धप्रभाव्याकरणम्*
न्यायावतार-दीपिका
पञ्चसूत्र-टिप्पनकम्
मध्यम-सिद्धप्रभाव्याकरणम्*
तिथिदर्पणः
समणे भगवं महावीरे
लघुसिद्ध-प्रभाव्याकरणम्*
प्रतिदिवस-प्रतिनियतार्थ-विचारणा
सामयिकेर्या-स्थान-निर्णयः
पुरुषार्थ-जिज्ञासा
महानिशीथ-लघ्ववचूरिः
ज्ञात-पर्युषणा
आप्तस्तुतिवृत्तिः
आचेलक्यम्
यथाभद्रक-धर्मसिद्धिः
क्षायिकभाव-संख्याविचारः
प्रकीर्णक-पद्यावलिः
महापुरुषपद्यविंशतिका *
आर्यत्रिभेद-विचारः
ज्ञानपञ्चविंशतिका
परमाणु-पञ्चविंशतिका
मोक्षपञ्चविंशतिका
सूतकनिर्णय-पञ्चविंशिका
आगम-मन्दिर-चतुर्विंशतिका *
दृष्टान्ततत्त्व-चतुर्विंशतिका
क्रियास्थान-वर्णनम्
क्षमाविंशतिका
धर्मदेशना

चैत्य-द्रव्योत्सर्पणम्
पर्वदि० कल्प-वाचनम्
निर्याणम्
नक्षत्रभोगादिः
पर्वतिथि-सूत्राणि
श्रुतशील-चतुर्भङ्गी
कर्मग्रन्थ-सूत्राणि
पर्युषणा-प्रभा
हिंसकत्वाहिंसकत्वे
उत्सूत्र-भाषणफलम्
नरतत्व-व्याख्यानम्
पर्युषणा-परावृत्तिः
तत्त्वार्थ-परिशिष्टम्*
व्यवहाराव्यवहारराशी
आभिग्रहिकानाभोगमिथ्यात्वे
शास्त्रवार्ता-परिशिष्टम्
गर्भापहारसिद्धिः
चान्दनिकी षोडशिका *
जैनेन्द्र-स्तुतिः
ज्ञानभेद-षोडशिका
दुःखवर्जन-षोडशिका
धनार्जन-षोडशिका
नय-षोडशिका
धर्मे हिंसाविचारः
सम्यक्त्व षोडशिका
सौख्य-षोडशिका *
स्थापनसिद्धि-षोडशिका
अनुक्रम-पञ्चदशिका
सुरतनगरशांतिनाथस्तवः

सिद्धप्राभृत-टिप्पनकम्
संहननानि
पर्वतिथिसूत्राणि
रात्रौ चैत्यगमनम्
शिष्य-शतकादिः
सूर्योदय-सिद्धान्तः
स्त्रीपूजानिर्णयः
वीरदेशना
निर्जरादिसूत्राणि
केवलि-भुक्तिः
लुम्पक-कौटिल्यम्
पर्वतिथि-प्रकरणम्
तिथिपट्टकम्
समवसरणयन्त्रकम्
आगम-समिति-स्थापनास्तवः *
आगम-सुगमतास्तवः*
आगमार्थ-प्राधान्यस्तवः *
उत्सर्पणार्थ-विचारः
उद्यापन-विचारः
धर्मतत्त्व-विचारः *
निषद्यैकादशिका
विधिविचारः *
निसर्गदृशी *
हरिभद्रसूरिसमयदीपिका *
अभक्ष्यनवकम्
मङ्गलविचारः *
वर्तमान-तीर्थस्तवः

श्रावकषट्कृत्यवर्णनम्
(धुलेग्रामंडन) केशरियाजी वर्णनम्
दिगम्बरनिराशः
लोपकपाटिशिक्षा *
व्यवहार-पञ्चकम्
वीतरागतत्त्वविरोधसमाधानम्
जैनत्वर्णत्वाष्टादशिका*
जमालिमतखण्डनम्*
अध्यक्षोपयोगिका षोडशिका

उद्यम-पञ्चदशिका
केशरियाजीस्तुति पञ्चदशिका
अनुकरणसञ्चयः
दृष्टिसंमोह विचार *
द्रव्यबोध त्रयोदशी *
धर्मास्तिकायादि विचारः *
लोकवार्ता
सल्लक्षणानि
उपकार-द्वादशिका
त्रयीतत्त्व-द्वादशिका
द्वेषजय-द्वादशिका*
पञ्चासर-पार्श्वनाथस्तवः
अधिगमसम्यक्त्वैकादशीः
आगम-महिमास्तवः

अनन्तार्थाष्टकम्
नयानुयोगाष्टकम्
पद्मनाभस्तुतिः
वर्धापनम्
सचूलं धर्माष्टकम्
समीनापार्श्वनाथस्तवः
सिद्धगिरिराजाष्टकम्
स्थापना-विचारः

## पद्यात्मकाः ग्रन्थाः

जैनगीता
आराधना मार्गः
श्रमणधर्मसहस्री
उपदेश-नवशती
श्रमण-श्राद्धदिनचर्या
आगम-महिमा
पञ्चसूत्री-लघुतम-नामकोषः*
तीर्थमाला
षोडशकालोकः
आर्यरक्षितः
अर्हच्छतकम्
गुणग्रहणशतकम्
पञ्चसूत्री-लघुतम-नामकोष
नम्राटशिक्षाशतकम्
निक्षेप-शतकम्
सांवत्सरिक-निर्णयः

महाव्रत-विचारः
जयसोमसिक्खा
त्रिपदिपञ्चषष्टिका
नयविचारः
स्थापनासिद्धिषष्टिका
मङ्गलादि-विचारः
विवाहचर्या
ईर्याद्विपञ्चाशिका
लोकाचारः
गणधरसार्धशतकदर्पणः
शमस्वरुप-पञ्चाशिका
सियवाओ
अनेकान्तवादविचारः
सारसङ्ग-वर्णनम्

दुष्प्रतिकार-विचारः
आगमाधिकार-षट्त्रिंशिका
मौनषट्त्रिंशिका
व्यवहारसिद्ध-षट्त्रिंशिका
सिद्धषट्त्रिंशिका*
अपूर्व-चतुस्त्रिंशिका
शिष्यनिष्फेटिकास्वरुपम्
क्षयोपशमिक-भावविचार
देवद्रव्य-विचारः
अचित्ताहार-द्वात्रिंशिका
क्रिया-द्वात्रिंशिका
देवस्तुतिनिर्णयः
नयविचार-द्वात्रिंशिका
प्रज्ञापद-द्वात्रिंशिका

सङ्घाचारः
न्यायपद्धतिः
जीवसिद्धिः
जिनमहिमा
शिक्षाक्रम

सुखदुःखवेदनम्
शिष्टक्रिया
पर्युषणा-चत्वारिंशिका
पर्वविधानम्
सम्यक्त्व भेदतत्त्वाष्ट त्रिंशिका
मङ्गलप्रकरणम्

प्रतिमापूजा द्वात्रिंशिका
लोकोत्तर तत्व द्वात्रिंशिका
स्थापनार्चा द्वात्रिंशिका
स्याद्वाद-द्वात्रिंशिका
सम्यक्त्व-भेदनिर्णयः
प्रमाण-प्रमेय-विचारः
मासकल्पसिद्धिः
फल प्राप्तिः

## आगमोद्धारकेण सङ्कलिताः ग्रन्थाः

आगमनिष्कर्षः
विषयानुक्रमः
अधिकारानुक्रमः
विषयोपयोगिनो विषयः
विशिष्टताः
साक्षिपाठानामकारादिक्रमः
वादाः
लक्षणदूषणाधिकारः
विशेषनामानि
इतिहासः
भूगोलः
ज्योतिष्कम्
प्रचलितमतानि
व्याकरण-विचारः
छन्दोविचारः

अलङ्काराः
न्यायाः
साक्षीभूतग्रन्थाः
उपोद्घातः प्रशस्तिश्च
आचार्य-नामानि
प्राचिनमतानि
मतानां समाधानानि
सूक्तावलि*
राजकिय-विभागः
प्रज्ञाप्यम्
लोकोक्ति-संग्रहः*
व्याख्यान्तराणि
खण्डन-पक्षाः
पाठान्तराणि

प्रस्तावना
सूत्राद्यकारादिक्रमः
शङ्कासमाधानानि
काठिन्यार्थः
सुभाषितानि *
निक्षेपानां संग्रहाः
वायुक्तिः
समानशब्दानां पर्यायः
गच्छाः पट्टावल्यश्च
दृष्टान्ताः
सम्प्रदायाः
वैद्यकम्
नयाः
स्थापनानी

विधिः
एकार्थिकशब्दः
अल्पबहुत्वम्
अनुमानानि
सङ्कलनाः
प्रत्येकबुद्धनामानि
विसंवादाः
संग्रहश्लोकाः *
स्थलनिर्देशः
सामुद्रिकम्
निशीथाधिकारानुक्रमः
निशीथ भाष्यगाथादि पद्यानिच।

अल्पपरिचित-सैद्धान्तिक-शब्द-कोषः
उणादिकोषः
त्रिषष्टिशलाका-पुरुष-चरित्रान्तर्गत-
-नीति वाक्यानि

त्रिषष्टियदेशना संग्रह*
देश्यशब्दसंग्रहः
पञ्चाशकाद्यकारादिक्रमः*
पद्मचरित्राधिकारानुक्रमः

परिणाममाला*
समरादित्यकथोद्धारः
सम्यक्त्वकौमुद्यन्तर्गतनीतिवाक्यानि
हरिभद्रसूरिसमय स्पष्टिकरणोल्लेखाः

* अनेन चिह्नेनाङ्किता ग्रन्था मुद्रिताः

## અમારી પટ્ટક

॥ श्री ॥

रूबकार महेकमे आलीये ईजलास खास संरकार सैलाना सीध श्री महाराजाधीराज महाराजा श्री श्री १०८ श्री दिलीपसिंहजी साहब बहादुर. तारीख १५ नवम्बर सन् १९२१ सम्वत १९७८

नम्बर २
नकल मुताबिक असल
गवरीशंकर शरीस्तेदार
दरबार ऑफिस सैलाना.

सिक्को

खरी नकल
सही
दीवान दरबार

जैन श्वेताम्बर मंदिरमार्गी महाजनान सैलानाके आगमोद्धारक-तपागच्छाचार्य-श्री आनंदसागरसूरीजी महाराजने हमारी इच्छानुसार ईस साल सैलानेमें चातुर्मास कीया। उनके अनेक विषयोंपर व्याख्यान हुअे, ईस खुशीमें नीचे लीखे माफीक हुकम देनेमें आता है।

१ हरएक साल मीती भादवा वदी १२ से मीती भादवा सुदी ५ तक याने पयुषणोंके सवाबद माफीक पलती रहेगी. ईसमें विसेष ये हुक्म दिया जाता है के सैलानेकी हदमें इन दिनोंमें बकरा नही मारा जावेगा।

२ हमारी सालगीरहकी तीथी अष्टमी है इसलीये हर महीनेकी दोनो अष्टमीके दिन याने साल भरमें २४ दीन एकादसी व अमावास्याकी पलतीके माफीक तमाम ईलाकेमें पलती होती रहे. ली.

नकल रूबकार हाजाकी बतोर दाखला आचार्यजी आनन्दसागरसूरीजी महाराज व पंच महाजन सैलानेको देने वास्ते दरबार ओफीसमें भेजा जावे. तारीख १५ नवेम्बर सन १९२१ संवत् १९७८

सही ईंग्रेजीमें, श्रीजी हजुर साहेब बहादुरकी.

अज़मेहकमे आलीये दरबार सैलाना.

नंबर रोजना - मा. चा. ५२२ हु. नंबर रसीद ८१५

नकल रूबकार हाजाकी जरीये नकल हुकम हाजा आचार्य महाराज आनंदसागरसूरीजी व पंच माहाजन सैलानाको दी जावे तारीख १८-११-१९२१ संवत १९७८

सही इंग्रेजीमें दीवान साहब दरबार सैलाना.

## ગુરૂમન્દિર-પ્રતિષ્ઠાની પૂર્વ ભૂમિકા—

શ્રીગુરૂમન્દિરમાં પધરાવવા લાયકની **સ્વ૦ શ્રી આગમોદ્ધારક—ગુરૂમહારાજશ્રી આનન્દસાગર સૂરીશ્વરજીની** (મકરાણાના આરસની) પ્રતિમા વડોદરા મુકામે કરાવી હતી, અને તે પ્રતિમા વખતસર ન મળે તો પ્રતિષ્ઠાનું મુહૂર્ત પણ લંબાય તેવી વકી હતી. **પૂ. પંન્યાસપ્રવરશ્રી ચન્દ્રસાગરજીનું ચાતુર્માસ વડોદરામાં હતું.** અને જ્યાં **સ્વ૦ ગુરૂદેવની** પ્રતિમા ઘડાતી હતી તે સ્થળે તપાસ કરાવતાં માલુમ પડ્યું કે છ સાત મહીના પછી મળશે તેથી મહા મહિનામાં પ્રતિષ્ઠા થવી અસંભવિત છે એમ અનુમાન થતું હતું.

ઉપર જણાવેલી બીનાઓની ધારણા ધારીને રામપુરા સંઘના આગેવાનોની આગ્રહભરી વિનંતીનો સ્વીકાર કર્યો. રામપુરા-મુકામે નવીન-મૂર્તિઓ પધરાવવાનું, જ્ઞાનમન્દિર-ઉપાશ્રયોનું ઉદ્દઘાટન અને દીક્ષા-વડી દીક્ષાદિ શુભ કાર્યો કરવાના હોવાથી પૂ. પંન્યાસ પ્રવરશ્રીજી આદિઠાણા વડોદરા મુકામેથી કારતક વદ ૫ ના વિહાર કરીને છાણી જવાનું શ્રી સંઘમાં જાહેર થયું.

ત્યારબાદ સુરત મુકામેથી શ્રી આગમોદ્ધારક સંસ્થાઓના ટ્રસ્ટીઓ તરફથી પત્ર મળ્યો. "મહા માસમાં, બંધાયલા ગુરૂમન્દિરમાં સ્વ૦ પૂ. ગુરૂદેવની મૂર્તિની પ્રતિષ્ઠા થશે માટે આ તરફના વિહારની ધારણા રાખશો. અને ક્રિયા કરાવનાર બાજુભાઈ સાથે પ્રતિષ્ઠાનો દિવસ નક્કી કરવાનો છે, અને નક્કી થયે જણાવીશું." આ ભાવાર્થનો પત્ર મળ્યા પછી છાણી મુકામે વિહાર કર્યો. વિહાર કરતી વખતે મૂર્તિ ઘડનાર કોન્ટ્રાકટરને પુછાવવામાં આવ્યું તો કહે કે ધારણા મુજબની મૂર્તિ ઘડવામાં લગભગ છ મહિનાથી ઓછો ટાઇમ હોય તો અમે આપી શકીએ નહીં.

છાણી મુકામે **પૂ. પંન્યાસ પ્રવરશ્રીજીના** વ્યાખ્યાન-શ્રવણથી શ્રોતાઓને ઉપધાન કરવાની ભાવના થઇ. પચીસ વર્ષ પૂર્વે થયેલા ઉપધાન ગામમાં થાય તો નાના-મોટા-ભાઈ-બ્હેનો જોડાય અને વ્યાખ્યાન વાણીનો લાભ દોઢ મહિના સુધી સતત

મળે તે હેતુથી ઉપધાન કરાવવાનું નક્કી થયું. અને ઉપધાન અંગેના ખર્ચ માટે શ્રેષ્ઠિ ધૂળાભાઈ શીવલાલે કબુલ કર્યું આ પ્રસંગ શરૂઆતમાં વિસ્તારથી આવેલ છે તેથી અત્ર જણાવ્યો નથી. ઉપધાનનું નક્કી થયું અને પરમીટ મળે તે પહેલાં તો પૂ. પંન્યાસ પ્રવરશ્રીના પરમવિનેય પં. શ્રી દેવેન્દ્રસાગરજીની નિશ્રામાં થયેલ ઉપધાનની ઉપજની વહેંચણીમાં થયેલ વિરોધના સમાધાન માટે શ્રી આગમોદ્ધારક સંસ્થાના ટ્રસ્ટીઓ શ્રેષ્ઠિ ઠાકોરભાઇ દયાચંદ મલજી ઝવેરી, શ્રેષ્ઠિ શાન્તિચન્દ્ર હજારી ઝવેરી, શ્રેષ્ઠિ શ્રી પાનાચંદભાઇ મદ્રાસી અને શ્રી નેમુભાઈની વાડીના ટ્રસ્ટીઓ શ્રી મંગળભાઇ હીરાચંદ ઝવેરી, તેમના ધર્મપત્ની, અને શ્રેષ્ઠિ નવલભાઇ ખીમચંદ વિગેરે તેમજ સમાધાનમાં સલાહ આપનાર યોગ્ય-માર્ગદર્શક, વકીલ ઠાકોરભાઈ મેળાપચંદ શાહ વકીલ તથા જયંતીલાલ વખારીયા આવ્યા અને થયેલ સમાધાનની વાત રૂપે મુસદ્દો મૌખિક જણાવીને મુકાશે આપવા માટે પૂ. પંન્યાસપ્રવરશ્રીજીને વિનંતી કરી. તે સંબંધમાં પૂ. પંન્યાસપ્રવરશ્રીજીએ વિગતવાર જે જવાબ આપ્યો તે ચાલુ વર્ષના સિદ્ધચક્રના ૪ થા અંકના પૃ-૫૬ ઉપર આ હેવાલ આવી ગયો છે, આ અવસરે શ્રી ગુરૂમન્દિરની પ્રતિષ્ઠા સંબંધમાં આગમોદ્ધારક સંસ્થાના ટ્રસ્ટીઓને પુછાયેલ પ્રશ્નના જવાબમાં પણ તેઓ તરફથી જણાવવામાં આવ્યું કે "હજુ સુધી મૂર્તિ તૈયાર થઇ નથી. એટલે તે સંબંધી ચોક્કસ કહી શકાય નહિ." આ જવાબથી **પૂજ્ય પંન્યાસપ્રવરશ્રીનો** નિર્ણય થયો કે મહા મહિનામાં પ્રતિષ્ઠા થવી અસંભવિત છે, અને એટલામાં છાણીના ઉપધાનની પરમિટ પણ મળી ગઇ અને શ્રુતારાધન નિમિત્તે ઉપધાનના શુભ કાર્યનો આરંભ પણ થયો.

"થવા યોગ્ય પ્રસંગો યોગ્ય કાળે થાયજ છે" એ ન્યાય મુજબ બીજી બાજુએ શ્રી ગુરૂમંદિરની પ્રતિષ્ઠાનું મુહૂર્ત મહા સુદ ૩ નું નક્કી થયું, અને આગમોદ્ધારક સંસ્થાના ટ્રસ્ટીઓ તરફથી પત્ર દ્વારા જાણવા મળ્યું. અને તે ટ્રસ્ટીઓ ભરૂચ-વેજલપુર મુકામે **પૂજ્યપાદ ગચ્છનાયક આચાર્યદેવ માણિક્યસાગરસૂરિજીને** અને છાણી મુકામે બન્ને પંન્યાસોને વિનંતિ કરવા ગયા.

છાણીમાં મહા સુદ ૩ નું મુહૂર્ત નક્કી થયું છે આવી ખબર પડતાંની સાથે ઉપધાનની માળારોપણ વિધિ જેટલી નજીકમાં આવી શકે તેમ કરી પાછળનું કામ મુનિશ્રી સુરેન્દ્રસાગરજીને પતાવવાનું સુપરત કરીને સુરત તરફ વિહાર કરવાનું બન્ને પૂજ્ય પંન્યાસોએ સર્વ ઠાણા સાથે પ્રથમથીજ નક્કી કર્યું હતું. ત્યારબાદ આગમોદ્ધારક સંસ્થાના ટ્રસ્ટીઓ આ પુણ્ય અવસરે પધારવાની વિનંતિ કરવા આવ્યા. અહિં તો તે પહેલાં વિહારની વાત નક્કી થયેલી હોવાથી, તુરતજ તે વિનંતિનો સ્વીકાર કર્યો.

ગુરૂમંદિરની પ્રતિષ્ઠા નિમિત્તે જંબુસરથી **આ. શ્રી માણિક્યસાગરસુરિજી આદિઠાણાં**, છાણીથી **પંન્યાસ શ્રી ચન્દ્રસાગરજી ગણીન્દ્ર આદિઠાણાં**, છાણીથી **પં. શ્રી હેમસાગરજી ગણી આદિઠાણાં**, તેમ મુનિશ્રી સિદ્ધાંતસાગરજી આદિઠાણાં, પાલીતાણાથી મુનિશ્રી ધર્મસાગરજી આદિઠાણાં, તેમ મુનિશ્રી લબ્ધિસાગરજી આદિ ઠાણાં, બારડોલીથી મુનિશ્રી શાન્તિવિજયજી, મુનિશ્રી ગુણસાગરજી આદિ ઠાણાં, જામનગરથી મુનિશ્રી બુદ્ધિસાગરજી આદિ ઠાણાં, લુણાવાડાથી મુનિશ્રી રૈવતસાગરજી આદિ ઠાણાં, ભરૂચ (વેજલપુર)થી મુનિશ્રી સૌભાગ્યસાગરજી આદિ ઠાણાં; તેમજ શ્રી ગૌતમસાગરજી વગેરે સાધુ ગણ વિહાર કરી પધાર્યા હતા. સર્વે મળી ત્રેસઠ ઠાણાં આ પ્રસંગે બીરાજમાન થયેલાં હતાં.

## ગુરૂમન્દિર-પ્રતિષ્ઠાનો મહોત્સવ.

પ. પૂ. સ્વર્ગસ્થ ગુરૂદેવશ્રીની દિવ્ય પ્રતિમાને વડોદરા મુકામેથી પોષ વદી ૫ ના દિને લાવીને સુરત શહેરમાં મહોત્સવ પૂર્વક પ્રવેશ કરાવ્યો, મહા સુદ ૩ ના પ્રતિષ્ઠા મહોત્સવનિમિત્તે અઠ્ઠાઇ મહોત્સવનો નિર્ણય થતાં તામ્રપત્ર જૈનાગમ મંદિરમાં પોષ વદી ૧૦ થી મહોત્સવ ચાલુ થતાં આઠે દિવસ જુદી જુદી ભવ્ય અંગ રચનાઓ, પૂજાઓ અને નવગ્રહાદિ પૂજન થતું હતું. મહા સુદી ૨ ના

[ વધુ માટે જુવો પાનું ૧૦૭ મું ]



સ્વ૦ આગમોદ્ધારક શ્રીઆનન્દસાગરસૂરીશ્વરજી પદ પ્રતિષ્ઠિત—

વર્તમાન ગચ્છાધિપતિ—

**શ્રીમાણિક્યસાગરજીસૂરીશ્વરજી મહારાજ**

# સ્વ૦ આગમોદ્ધારકની અમોઘ-દેશના. ૨

[ **નોંધઃ**—વિ. સં. ૧૯૯૦ ના પોષ સુ. ૫ ના દિવસે સુરત મુકામે પ્રાતઃસ્મરણીય ગીતાર્થ સાર્વભૌમ આગમોદ્ધારક-પૂજ્યપાદ સ્વ૦ શ્રીઆનન્દસાગરસૂરીશ્વરજીએ "आधिव्याधिजरा०" આ પદથી સંસારના વાસ્તવિક સ્વરૂપને સ્પર્શન કરતી અમોઘ-દેશના આપી હતી. ]

દેશનાકાર—**સ્વ૦ આગમોદ્ધારક-આચાર્યદેવેશ-શ્રીઆનન્દસાગરસૂરીશ્વરજી.**

દેશના સંપાદક અને સંશોધક—**આચાર્ય-શ્રીચન્દ્રસાગરસૂરિજી.**

દેશના સંચયકાર—**આચાર્ય-શ્રીહેમસાગરસૂરિજી.**

## દેશનાના દિવ્ય-અવતરણો.

**૧. કર્મના સંયોગથી મુંઝાઈ ગયેલા આત્માઓએ ગભરાઈ જવાની જરૂર નથી.**

**૨. કર્મના સંયોગનો સદંતર વિયોગ કરનાર આત્માએ ધર્મસેવનમાં તન્મય બનવાની જરૂર છે.**

**૩. ધર્મ એ કર્મનો સદંતર નાશ કરનારી ચીજ છે.**

**૪. ધર્મને નામે બનાવટી ધર્મનું સેવન ન થઈ જાય તે માટે પરીક્ષા કરવાની જરૂર છે.**

**૫. ધર્મને સુક્ષ્મ બુદ્ધિથી તપાસવો જોઈએ નહિંતર ધર્મની બુદ્ધિથીજ ધર્મનો નાશ થવાનો પ્રસંગ આવે.**

**૬. દેવ ગુરૂ અને ધર્મ ત્રણે પરીક્ષા કરીને ગ્રહણ કરવા જોઈએ.**

**૭. તપાસ્યા વિનાનું યોદ્ધાના હાથમાં આવેલું જેવું તેવું હથિયાર તેને લડાઈમાં જીત અપાવતું નથી.**

**૮. સાચા ગુરૂઓને જગતની પાસેથી તે (ઉપદેશ) બદલ કાંઈ પણ લેવાનું હોતું નથી, તેથી ભાડતી ઉપદેશકો કે માર્ગદર્શકો આમાં (કલ્યાણના માર્ગમાં) આવી શકતા નથી.**

**૯. દુનિયાનો એવો નિયમ છે કે કોઈએ આપણા ઉપર જરા પણ ઉપકાર કર્યો હોય, તો તેણે અંગે આપણાથી જેટલું બની શકે તેટલું કરી છુટવું.**

**૧૦. ધર્મ સન્મુખ કરવામાં આવે તોજ માબાપના ઉપકારનો બદલો પુત્ર વાળી શકે છે.**

**૧૧. ગુણીઓમાં ગુણ છે તેથીજ તેઓ પૂજાને યોગ્ય છે, પરંતુ લિઙ્ગ કે ઉંમર (વય) પૂજાનું સ્થાન નથી.**

**૧૨. ક્રોધ, લોભ, ભય કે હાસ્ય, આ ચાર કારણથી દુનિયામાં મૃષાનું (જુઠાણાનું) સેવન થાય છે.**

**૧૩. ક્રોધાવેશમાં ન બોલવાનું બોલાઈ જાય છે, માટે તે અવસરનો ખ્યાલ રાખો.**

**૧૪. જેઓ દુનિયામાં જન્મી કાંઈપણ પરોપકારનું કાર્ય કરી શકતા નથી, અને તે દ્વારા પોતાના જશને કે કિર્તિને ઉજ્વલ બનાવી શકતા નથી; તેવાઓ દુનિયામાં જન્મ્યા છતાં ન જન્મ્યા બરોબર છે.**

**૧૫. દુનિયામાં જશ લઈને મુઆ તેજ જીવતા છે, પણ જશ વિનાના જીવતા માણસો મુઆ બરોબર છે.**

**૧૬. બીજાઓ કુથલી કરી જીવન જીવે છે, તેના કરતાં તમો તમારો સમય મહાત્માઓનાં જીવન ચરિત્રોને વાંચવાના રસમાં, અને તેને પાળવામાં વિતાવો તો તમારા જન્મનું સાર્થકપણું છે.**

૧૭. જગતમાં સન્માર્ગનું પ્રથમ પગથીયું હોય, તો તે એકજ છે કે મહાત્માનું કિર્તન.

૧૮. માનસિક શ્રદ્ધાની કીંમત કરનાર અને તેનું વાસ્તવિક ફળ અપાવનાર જૈન શાસનજ છે.

૧૯. અકબર બાદશાહના વખતમાં જજીયાવેરો અને મુડકાવેરો બંધ કરાવનાર શાસન પ્રભાવક શ્રી શાન્તિચંદ્રસૂરીશ્વરજી હતા, અને તે કાર્યથી તેમને શાસનની અને જગતની અનેક મુશ્કેલીઓ દુર કરી છે.

૨૦. જજીયાવેરો તે મુસલમાનોની વૃદ્ધિ કરવાનું એક અમોઘ સાધનરૂપ જો હુકમી ભર્યો કર હતો, એ વાતની ઇતિહાસ સાક્ષી પૂરે છે.

૨૧. શ્રમણ ભગવંતો પાસે 'સામાયિક પારૂં' કહેનાર શ્રાવક-શ્રાવિકાને સાધુઓ જે આદેશ આપે છે તે શાસન-માન્ય-અર્થસૂચક આદેશ છે. કારણ કે સામાયિક પારવાની આજ્ઞા માગનારને રજા નહિ આપતાં "ફરી કરવા લાયક છે" તે શ્રમણોપાસકોએ સમજવા જેવું છે.

૨૨. શ્રમણ ભગવંતો આશ્રવમાં જોડવાની સંમત્તિ આપી શકતા નથી કારણ કે પોતે સંવર સ્થિત છે, અને બીજાને સંવરમાંજ રહેવાનું ફરમાવી શકે છે.

૨૩. મનુષ્ય જન્મ આદિ સાનુકુલ સામગ્રીવાળો આ ભવ પામીને સંવરભાવમાં જીવન ગુજારવું એ મનુષ્ય જન્મની સફળતા છે.

૨૪. હીરા જેવો મનુષ્યભવ પામીને જેની ફૂટી કોડીની કીંમત નથી, પરંતુ વિનશ્વર સાધન સામગ્રી માટે ઉદ્યમ કરવો તે નરી મૂર્ખતા છે.

૨૫. ખાવા પીવાની અને સુવાની અથવા તો મૈથુનાદિ સેવવાની કરણીમાં ઉદ્યમવંત થનારાઓ મનુષ્ય જીવનને બદલે પશુ જીવન જીવી રહ્યા છે એ સમજવું એ બેને બે ચાર જેવી વાત છે.

૨૬. સામાયિક પોષધ પારતી વખતે શ્રાવક અને શ્રાવિકાને હું આશ્રવમાં ધસું છું એટલો પણ વિવેક ન રહે તો તે શ્રમણોપાસકપણાની વાસ્તવિક કીંમતને સમજતા નથી એમ કહેવું પડે.

૨૭. મહાત્માનું કિર્તન એ જેમ સદ્ગતીની નીસરણી છે, એવીજ રીતે મહાત્માઓનું અપકીર્તન કરવું તે દુર્ગતિની નીસરણી છે.

૨૮. મહાત્માના ગુણોનું કિર્તન કરનારો અનુક્રમે કલ્યાણની પરંપરા પામીને સકલ કર્મના ક્ષય રૂપ મોક્ષને પામી શકે છે.

**પરીક્ષાપૂર્વક ધર્મનું ગ્રહણ.**

શાસ્ત્રકાર-મહારાજા-કલિકાલસર્વજ્ઞ-શ્રીમાન્ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ ભવ્યાત્માઓને ઉદ્દેશીને ત્રિષષ્ઠિશલાકાપુરૂષચરિત્રની રચના કરતાં સૂચવી ગયા કે મનુષ્યે મનુષ્યપણાની ઉન્નતિમાં વધવું શી રીતે?, તે સંબંધમાં અનાદિથી કર્મસંયોગ, અને તે થયેલ કર્મસંયોગનો વિયોગ કઇ રીતિએ થાય તે વાત સ્પષ્ટપણે સમજાવી ગયા. કર્મના સંયોગથી મુંઝાઇ ગયેલા આત્માઓએ ગભરાઇ જવાની જરૂર નથી, પરંતુ કર્મના સંયોગનો સદંતર વિયોગ કરનાર આત્માઓએ ધર્મ સેવનમાં તન્મય બનવાની જરૂર છે. ધર્મ એ કર્મનો સદંતર નાશ કરનારી ચીજ છે, એ મગજમાં સ્થિર કર્યા પછી ધર્મના નામે બનાવટી ધર્મનું સેવન ન થઇ જાય; તે માટે પરીક્ષા કરવાની જરૂર છે. આથીજ ધર્મ પણ પરીક્ષા કરીને ગ્રહણ કરવા લાયક ચીજ છે. બજારમાં વેચાતા અક્કલગરા જેવી ચીજ ધર્મ નથી, પરંતુ ધર્મને બારીકાઇથી જાણવો જોઇએ; તેટલાજ માટે શ્રી હરિભદ્રસૂરીશ્વરજીએ કહ્યું છે કે—

**"सूक्ष्म बुद्धया सदा ज्ञेयो धर्मो धर्मार्थिभिः नरैः ॥"**

ધર્મના અર્થી પુરૂષોએ ધર્મને બહુ સૂક્ષ્મ બુદ્ધિથી જાણવો જોઇએ. સાધુની વૈયાવચ્ચનો ધર્મ તે ઉપર એક મુનિએ વ્યાખ્યાન આપ્યું ને કહ્યું કે તેમાં બહુ ફળ છે. તે સાંભળીને શ્રોતામાંથી એક ભાવુકે સાધુની દવાદારૂ માવજત વૈયાવચ્ચ કરવાનો નિયમ લીધો તે પ્રમાણે દરરોજ નિયમીત સાધુની તપાસ કરે, તેમને

જે કાંઈ દવા વિગેરે જોઇએ તે લાવી આપે, આમ કરતાં પુન્યથી સર્વ સાધુઓ નિરોગી બન્યા પછી અભિગ્રહ લેનાર વિચારે છે કે **गृहितोऽभिग्रहो श्रेष्ठो ग्लानो जातो न च क्वचित्।** મેં સાધુની દવા ઔષધ કરવાનો અભિગ્રહ તો બહુ સારો લીધો પણ આજે કોઈ સાધુ બિમાર પડ્યો નહિં, કે જેથી મારો અભિગ્રહ ન સચવાયો. વિચારી જુઓ! આ અજ્ઞાન દશાનુંજ પરિણામ છે. સૂક્ષ્મબુદ્ધિથી ધર્મનું સ્વરૂપ નહીં જાણ્યાનુંજ પરિણામ છે. કારણ કે જ્યારે કોઈ સાધુ માંદો નથી, ત્યારે તો તેનો અભિગ્રહ પળાયજ છે. માંદો હોય તેની દવા કરવાનો અભિગ્રહ છે, પણ તેથી સાજાને માંદો ચિંતવવો એવો અર્થ થતો નથી. પરંતુ ધર્મ બુદ્ધિ છતાં અજ્ઞાન દશાને લીધે આવું ચિંતવન મનમાં આવ્યું. માટે શાસ્ત્રકાર કહે છે કે ધર્મને સૂક્ષ્મ બુદ્ધિથી તપાસવો જોઇએ, નહિંતર ધર્મની બુદ્ધિથીજ ધર્મનો નાશ થવાનો પ્રસંગ આવે. આ ઉપરથી દેવ-ગુરૂ-ને ધર્મ એ ત્રણે પરીક્ષા કરીને ગ્રહણ કરવા જોઇએ, અને માનવા જોઇએ તે વાત દૃઢ કરવામાં આવી.

## આલંબનથી લાભ.

કારણકે માન્યતા એકલી સુદેવ સુગુરૂ કે સુધર્મ તરીકેની હોય તેટલા માત્રથી કામ કરતી નથી. પણ સુદેવમાં રહેલું સુદેવત્વ તે માન્યતા સાથે કામ કરે છે. સુગુરૂત્વ સુધર્મત્વ તેજ માન્યતા સાથે કામ કરે છે. તેથી સુદેવ સુગુરૂ સુધર્મની માન્યતા માત્રનું નામ સમકીત કહેતા નથી પણ સુદેવાદિકમાં સુદેવાદિકની માન્યતા હોય તોજ સમ્યક્ત્વ કહીએ છીએ. આથી મહાપુરૂષોના જીવનો વચનો માનનાર સ્તુતિ કરનારને દર્શન કરનારને જરૂર અસર કરે છે. તેમાં કોઇ જાતનો વિવાદ નથી એ ચોક્કસ છે. આથી એ પણ જણાવ્યું કે પરીક્ષકનો દરજ્જો મોટો હોય ને પરીક્ષ્ય નાના દરજ્જાનો હોય, પરીક્ષક કરતાં પરીક્ષ્યનો દરજ્જો મોટો હોય તેમ બને નહિં. અહીં પરમેશ્વર ગુરૂ કે ધર્મ તે શું જેવી તેવી ચીજ છે? જગતમાં આ ત્રણ ઉત્તમમાં ઉત્તમ ચીજો છે. દેવ ગુરૂને ધર્મ તેના તમે પરીક્ષક શું તમે દેવાદિક કરતાં ચડીયાતા? કે તમે તેની પરીક્ષા કરનારા થયા? ના, તો આપણાથી દેવાદિકની પરીક્ષા થાય. તમે મોટા કે જીનેશ્વર મોટા? જો જીનેશ્વર મોટા તો તેની પરીક્ષા કરવા તમે નિકળ્યા? આમ કહેનારા જગતમાં છે, પણ અહીં તેમણે ધ્યાન દેવું જોઇએ કે દેવ ગુરૂને ધર્મ મોટા શાના અંગે? યોદ્ધો મોટો કે હથીયાર મોટા? કહો કે હથીયાર વડેજ યોદ્ધાનું મોટાપણું છે, પણ હથીયાર તપાસવું જોઇએ. તપાસ્યા વિનાનું યોદ્ધાના હાથમાં આવેલું જેવું તેવું હથીયાર તે તેને લડાઇમાં જીત મેળવી અપાવતું નથી. તેમ આપણે દેવનું આલંબન શા માટે લેવું જોઇએ? આત્માના કલ્યાણ માટે દેવનું આલંબન લેવામાં આવે છે તો તે ચીજ આત્મ કલ્યાણ કરનારી છે કે નહિં તે તો પ્રથમ તપાસવું જોઇએને?

## ઉપદેશકોની ફરજ.

હવે મોટો બાપ કે મોટો બેટો? બેટો મોં જોથી વગર બાપ કહેતો નથી. તો બેટાએ બાપની પરીક્ષા કેમ કરી? તો આ ઉપરથી કહેવાનું તાત્પર્ય એ છે કે મહાનુભાવ પરીક્ષક મોટો હોય ને પરીક્ષ્ય નાનો હોય આ ફસાવવાના ધંધા કયાંથી કર્યા છે? ગુણથી મોટા નાનાપણું કહેલું છે. પણ પરીક્ષકપણાને અંગે નાના મોટાપણું નથી. નાના મોટાપણું ગુણને અંગે છે. મોટા રાજા કે પ્રજા? રાજા અપુત્ર મરી જાય ત્યારે પ્રજા પ્રધાનો બધા પરીક્ષા કરવા નિકળે છે તો કોણ મોટું? આ ઉપરથી પરીક્ષ્ય થયો તે નાનો કે પરીક્ષક થયો તે મોટો થયો આવો નિયમ નથી. વળી જગતમાં આમ પણ કહેનારા છે કે "દેવગુરૂ કેમ કરે છે તે જોવું નહિં. આપણે તો તે કહે છે શું તે જોવું." વચલા કાળમાં આજ મોટો મુદ્દો હતો. એઓ શું કરે છે તે આપણે જોવાનું નથી. પણ તેઓ આપણને આપણા ઉપકાર માટે શું કહે છે તે જોવાનું છે. તે કરવાનું છે. કારણ કે દેવ ને ગુરૂ દુનીઆમાં નિઃસીમ ઉપકારી છે. દુનીયામાં બીજાઓ ઉપકાર કરનારા છે પણ તેઓ સામો બદલો લેવાની ઇચ્છાએ કે સ્વાર્થને અંગે ઉપકાર કરનારા છે. માતા પિતા ભાઇ આપણા ઉપર ઉપકાર કરે છે, નાનાથી મોટા કરે છે, પાળી પોષીને આગળ વધારે છે, માસ્તર આપણને ભણાવે

છે, શેઠ આપણને રોજી આપે છે, તેમ નોકર ચાકરો એ પણ આપણું કામ બજાવી આપે છે. આ બધાનો ઊંડા ઉતરીને વિચાર કરીશું તો માલમ પડશે કે માબાપોને એ સ્વાર્થ હોય છે કે દીકરો મોટો થશે ને કમાઉ થશે તો આપણું ઘડપણ પાળશે. માસ્તરને એ સ્વાર્થ હોય છે કે પોતાની આજીવિકા ચાલશે. શેઠને પોતાના કામ કરવાનો સ્વાર્થ હોય છે. તેમ નોકર ચાકરોને શેઠ પાસેથી રોજી લેવાનો સ્વાર્થ હોય છે. આવીજ રીતે વૈદ ડોકટર વિગેરેને તપાસો તો તે બધામાં સ્વાર્થ એ વસ્તુથી ઉપકાર કરવામાં આવશે. પણ દેવ કે ગુરૂ તેઓ તો નિઃસીમ ઉપકારી છે, સ્વાર્થ રહિતપણે જેઓએ જગતના કલ્યાણને માટે રસ્તો બતાવ્યો છે, તેમાં જગતની પાસેથી તે બદલ તેમને ફુટી બદામ પણ જોઇતી નથી માત્ર આ જગતના જીવોનું કલ્યાણ કેમ થાય? અનાદિકાળથી માર્ગ ભૂલેલા આ જીવો છે તેને હું સાચો રાહ બતાવું, ને તે બિચારા માર્ગ ભૂલેલા જીવો રાહ પર આવે તો તેનું કલ્યાણ થાય આજ કારણથી તેઓ દુનીયાને સાચો રસ્તો બતાવે છે. તેવીજ રીતે ગુરૂઓ પણ દેવ જે પ્રમાણે માર્ગ બતાવી ગયા છે તે માર્ગ તેમના સાક્ષાત્ વિરહે દુનીયાને જણાવે છે. અરે લોકો! તમો મોક્ષ માર્ગે જવા નીકલ્યા છો તો તેનો માર્ગ આ છે! તમો ઉન્માર્ગે જઈ રહ્યા છો! સંસારમાં ભૂલા પડયા છો! માટે આ રસ્તે આવો! જેથી તમોને મોક્ષ પ્રાપ્ત થઇ શકશે. તેવા સાચા ગુરૂઓને જગતની પાસેથી તે બદલ કાંઇપણ લેવાનું હોતું નથી. આથી ભાડુતી ઉપદેશકો કે માર્ગદર્શકો આમાં આવી શકતા નથી.

**પ્રજાનું સ્થાન ગુણ.**

જીનેશ્વર દેવે સાચો રાહ દેખેલો છે તેથી તેજ સાચો રસ્તો બતાવી શકે છે. જે પોતે અંધ હોય અજાણ હોય કે માર્ગને જેણે પોતે દેખ્યો ન હોય તે બીજાને શી રીતે ઇષ્ટ સ્થાને પહોંચાડી શકે? કહો કે તેવા જ્ઞાનાંધ પુરૂષો તે માર્ગદર્શક રૂપે થઇ શકતા નથી તેથી તો અંધો અંધ પલાય એક આંધળો બીજાને દોરે તે જેમ ઇચ્છિત સ્થાને પહોંચી શકતા નથી તેવો ન્યાય થાય છે. પરંતુ અહીં તો જીનેશ્વર દેવે કેવળજ્ઞાનથી સાચો રસ્તો જાણ્યો છે, દેખ્યો છે, તેથી જગતમાં રહેલ જીવોને તેઓ માર્ગનું સાચું દિગ્દર્શન કરાવે છે, ને તે દ્વારાએ તેઓ જગતના જીવોનું કલ્યાણ કરવામાં નિઃસીમ ઉપકારી બને છે. તેમના ઉપકારનો બદલો કોઇ રીતે વાળી શકતો નથી. દુનીયાનો એવો નિયમ છે કે કોઇએ આપણા ઉપર જરા પણ ઉપકાર કર્યો હોય તો તેને અંગે આપણાથી બની શકે એટલું કરી છુટવું. આ તો દુનીયાના ઉપકારનો બદલો વળી શકે છે. માબાપના ઉપકારને માટે શાસ્ત્રમાં બહુ બહુ કહેવાયું છે કે–કાવડ ફેરવી અડસઠ તીર્થ કરાવવામાં આવે તો પણ આપણાથી આપણા જન્મદાતા માબાપનો ઉપકાર વળી શકે નહિં. પોતાના શરીરની ચામડી ઉતારી તેની મોજડી બનાવી માબાપને પહેરાવવામાં આવે તો પણ તેના ઉપકારનો બદલો વળી શકતો નથી. ફક્ત તેઓ ધર્મ ન સમજતા હોય તો તેમને ધર્મ સમજાવવામાં આવે, ધર્મ સન્મુખ કરવામાં આવે, તોજ માબાપના ઉપકારનો બદલો પુત્ર વાળી શકે છે. આમ માબાપના ઉપકારનો બદલો પણ તેમને ધર્મ પમાડી વાળી શકાય છે. પણ જેઓએ આપણને નિઃસ્વાર્થપણે ધર્મ ઉપદેશ્યો, ધર્મ સમજાવ્યો, અનાદિકાળની નિદ્રામાંથી જાગૃત કર્યા, ચેતતા બનાવ્યા, દુઃખ દૂર કર્યા, અને સાચો માર્ગ બતાવ્યો તેવા દેવ–કે ગુરૂ તેના ઉપકારનો બદલો તો કોઇ રીતે વળી શકે નહિં. માત્ર તેમની આજ્ઞાનું પાલન કરીએ તેઓના કહ્યા મુજબ વર્તીએ તોજ આપણે તેમના બતાવેલ માર્ગનું સાર્થકપણું કર્યું કહેવાય. વચલાકાળમાં આજ મોટો મુદ્દો હતો કે એઓ શું કરે છે તે આપણે જોવાનું નથી. પણ તેઓ આપણા ઉપકાર માટે શું કહે છે, બતાવે છે, તે જોવાનું છે. તે ઝીલી લેવાનું છે. જેઓ આપણને તેના વચનો કહે છે તે ગુરૂઓ છે, ગુરૂઓ તેમના વચનનેજ કહે છે ઘરનું કાંઇપણ કહેતા નથી, કહેવાનો હક પણ નથી.

કુગુરૂને માનનારા પહેલી આ ઢાળ રાખતા કે તેઓ શું કરે છે તે જોવાનું છે પણ તેમ નથી. કેટલાક વેષ ઉપર જોનારા હતા કે મહાવીર મહારાજાનો ભેખ છે ને? જો વેષ ઉપરજ જોવાનું હતે તો કુદેવને સુદેવ કુગુરૂને સુગુરૂ એવા ભેદ શા માટે પાડયા? તેના જે ભેદો પડયા

છે તેમાં ઊંડું તત્વ રહેલું છે. તેમાં ગુણોની મુખ્યતા છે. **गुणाः पूजास्थानं गुणिषु नचलिंगं नचःवयः** ગુણીઓમાં ગુણ છે તેથીજ તેઓ પૂજાને યોગ્ય છે. પણ લિંગ કે વય એટલે ઉંમર પૂજાનું સ્થાન નથી. તે કહેવાનો હક જૈન શાસનમાં ત્યાગ કરનારને મળે છે પણ પ્રથમ **स्वयं परिहारः कार्यः** પોતે ત્યાગ કરવું જોઇએ! પોતે જો ત્યાગ ન કર્યું હોય તો તે કહેવાને માટે લાયક નથી.

**એકલા નામને વધાવી લેવાનું નથી.**

જૈન શાસનમાં તો આવો સખત કાયદો છે કે ઉપદેશ કરનારે પોતે પ્રથમ ત્યાગ કરેલો હોવો જોઇએ જો પોતે ત્યાગ ન કર્યો હોય તો તેવાના કથનને જૈન શાસનમાં સ્થાન નથી. એટલે સુદેવપણાનું દેવમાં લક્ષણ હોય તોજ તેના વચનો વધાવી લેવા તૈયાર છીએ. તેમ સુગુરૂમાં ગુરૂનું લક્ષણ હોય તોજ તેના ઉપદેશને વધાવી લેવા તૈયાર છીએ. તે સિવાય બીજાઓના વચન કે ઉપદેશને માનવા તૈયાર નથી. કારણ કે **पुरुष विश्वासे वचन विश्वासः** પ્રથમ પુરૂષ ઉપર જો વિશ્વાસ આવે તો પછી તેમના કહેલા વચન ઉપર વિશ્વાસ આવે આવા પુરૂષ કદી જુઠું બોલે નહિં, અને જે કહે તે મારા હિતને માટેજ કહે, તેટલા માટે પ્રથમ કથન કરનાર પુરૂષમાં વિશ્વાસ આવવો જોઇએ. તેઓને જુઠું બોલવાનું કોઈ કારણ નથી માટે જે કહે છે તે સત્યજ છે, તેમ માની શકાય. કારણકે દુનિયામાં ચાર કારણથી જુઠું બોલાય છે ક્રોધથી, લોભથી, ભયથી અને હાસ્યથી આ ચાર કારણથી દુનિયામાં મૃષાનું સેવન થાય છે. ક્રોધાવેશમાં માણુસ નહીં બોલવાનું બોલી જાય છે, શું બોલું છું તેનું તેને ભાન રહેતું નથી. લોભને વશ થઈ જીવો જુઠું બોલવામાં ખેંચાય છે. લોભ એવો ખરાબ છે કે ગમે તેવા સત્યવાદીને પણ તે ખેંચી કાઢે છે ને જુઠું બોલાવી દે છે. વસુરાજાએ પણ તેવીજ રીતે જુઠું બોલેલું હતું. ત્રીજું ભયથી, ત્રાસથી, બીકથી-રાજા આદિકના ભયથી. અગર કોઇ જુલમાટના ભયથી, મારના ભયથી પણ જુઠું બોલાય છે. ચોથું હાસ્યથી એટલે હાંસીમાં પણ જુઠું બોલવાનું ઘણી વાર બન્યા કરે છે. તો આ ચાર વાનાં જેને નથી તેવા વીતરાગદેવને જુઠું બોલવાનું કોઇ કારણ નથી, તેઓ જે કહે તે સત્યજ કહે આમ તેના ઉપર પહેલા પ્રતિતી થાય તો પછી તેમના વચન ઉપર વિશ્વાસ આવે. એકલા નામ માત્રથી સુદેવને કે સુગુરૂને વધાવી લેવા તૈયાર નથી. નામની સાથે તેનામાં તેવા ગુણો જોઇએ.

**નામ તેવા ગુણ જોઇએ.**

જગતમાં બે પ્રકારના નામ છે. સાર્થકને નિરર્થક. **यथा नाम तथा गुणाः** જેવાં નામ તેવા ગુણો હોય તો સાર્થક નામ છે. ચોવીસ તીર્થંકરો. બાર ચક્રવર્તીઓ. નવ વાસુદેવ નવ પ્રતિવાસુદેવ અને નવ બલદેવ એ ત્રેષઠ સલાકા પુરૂષ કહેવાય છે. તો તેઓના જે નામો તે ગુણનિષ્પન્ન હોય છે, જેવા નામ હોય, તેવાજ તેનામાં ગુણો પણ હોય છે, જેમકે **महावीरः विशेषेण ईरयति प्रेरयति कर्माणि येन सःवीरः महांश्चासौ वीरश्च महावीरः** વિશેષ પ્રકારે કર્મોને પ્રેરે, કર્મનો ક્ષય કરે તે વીર. મોટા એવા જે વીર તે મહાવીર, કર્મરૂપી સુભટોને જીતવામાં મહા યોદ્ધા જેવા તે મહાવીર. આવી રીતે તે ઉત્તમ પુરૂષોનાં નામો સાર્થક કહેવાય છે. જ્યારે ગુણરહિત જે નામો તે નિરર્થક કહેવાય છે. નામ ઘણું સારૂં હોય પણ ગુણ જોવા જાવ તો કાંઇ ન મળે તે નિરર્થક નામ કહેવાય છે. જે આજના જમાનામાં આપણે જોઇએ છીએ. નામ સારૂ રતનબાઇ હોય પણ ઘરમાં કોડી ન મલે તે નિરર્થક નામ કહેવાય છે. એકલા નામ માત્રથી કાંઇ નહિં. તે વિષે એક દ્રષ્ટાંત છે કેઃ—

એક ઠંડણપાલ નામનો માણસ હતો, તે યોગ્ય વયે પરણ્યો, ઘરમાં સ્ત્રી આવી, જ્યારે તે સ્ત્રી પાણી ભરવા જાય ત્યારે લોકો ઠઠ્ઠા મશ્કરી કરે કે "જો આ ઠંડણપાળની બઇરી જાય." તેવી રીતે રોજ બન્યા કરે છે તેથી તે બઇરી એક દિવસ રીસાઇને પોતાના ભરતારને કહેવા લાગી કે તમારૂં નામ બદલો! આવું શું નામ રાખ્યું છે! લોકો મને ખીજવે છે. જો તમે તમારૂં નામ નહિ બદલો તો હું તો તમારા ઘરનું કામ કરવાની નથી, હું તો આ ચાલી મારે પીયર! એમ કહી રીસાઇને પોતાને પીયર જવા નિકળી છે; જ્યાં ગામ બહાર કેટલેક દૂર સીમમાં જાય છે ત્યાં

તો એક સુરૂપવંતી બાઇ છાણા વીણુતી તેના જોવામાં આવી, તેને પુછ્યું કે બાઇ તારૂં નામ શું છે? બાઇ કહે કે મારૂં નામ લક્ષ્મી છે. તે સાંભળી પેલી ચકિત થઈ ગઇ ને કહેવા લાગી કે અહો તારૂં નામ લક્ષ્મી છે ને તું તો છાણા વીણે છે. પછી આગલ ચાલતાં એક પુરૂષ તેને રસ્તામાં મલ્યો તે ભીખ માંગવાને માટે એક ગામથી બીજે ગામ જતો હતો તેને આ બાઇએ પુછ્યું કે ભાઇ તમારૂં નામ શું છે? તેણે કહ્યું કે મારૂં નામ ધનપાલ છે. ત્યારે પણ આ બાઇ વિમાસણમાં પડી કે અરે આનું નામ તો ઘણું સુંદર છે ને એ ભીખ માંગવાનો ધંધો કરે છે. વળી આગલ કોઇ ગામની નજદીક આવી. ત્યાં ગામ બહાર શ્મશાન હતું ત્યાં એક મૃતક બળી રહ્યું હતું. ત્યારે તેણે પુછ્યું કે ભાઈ આજે આ ગામમાં કોણ મરી ગયું છે? તેઓએ જવાબ આપ્યો કે આ ગામના અમરચંદ શેઠ આજે ગુજરી ગયા છે! તે સાંભળી બાઇ ચોંકી ઉઠી કે અરે નામ તો અમર ને મરી ગયા! માટે નામ માત્રથી કાંઇ નથી તેમાં ગુણો હોવા જોઇએ; એ પ્રમાણે રીસાએલી સ્ત્રી પીયર જતાં આ અનુભવ દેખી આપો આપ સમજી ગઇને પોતાને સાસરે પાછી આવી અને રહેવા લાગી, અને ઘરના કામ કરવા લાગી. લોકો એને જ્યારે ચીડવતા ત્યારે એ બાઈ નીચેનો દોહો તેઓને સંભલાવતી.

'લખમી છાણા વીણંતી ભીખંતો ધનપાલ,
અમર મરંતો પેખીઓ ભલો મારો ઠંઠણપાળ.' ૧

આ નાના સરખા દ્રષ્ટાંતથી અત્રે સમજવાનું માત્ર એટલુંજ કે, એકલા નામ માત્રથી કાંઈ નથી, પણ તેવા તેનમાં ગુણો હોવા જોઇએ.

**આશ્રવોના પ્રકાર.**

વર્તન પણ ઉત્તમોત્તમ હોવું જોઇએ. જે વર્તન ઉપર દુનીયાના જીવોને વિશ્વાસ બેસે તેવું ઉત્તમ વર્તન હોવું જોઇએ, તોજ તે દેવ તરીકે કે ગુરૂ તરીકે માની શકાય. તે સિવાય દેવ કે ગુરૂ તરીકે માનવા જૈનશાસ્ત્ર ના પાડે છે. દેવ ગુરૂને ધર્મ એ ત્રણેમાં ધર્મ એ ગુણ ચીજ છે. એ કોઈ વ્યકિત નથી. જેમ દેવ કે ગુરૂ એ વ્યક્તિઓ છે, તેમ ધર્મના નામની કોઇ વ્યક્તિ નથી. દેવ ને ગુરૂ વ્યક્તિત્વવાળી ચીજ છે. તેમના ગુણવાનપણાને અંગે આપણે તેમને માનીએ છીએ. આપણો આત્મા જો તેમના ગુણો લક્ષ્યમાં લે તો તેમની બરાબર તે પણ થઇ શકે છે. જેમ ચિંતામણી રત્નમાં સર્વ ગુણ છે. ચિંતવેલું આપે તેનું નામ ચિંતામણી રત્ન છે. પણ એ વસ્તુની કિંમત સમજે નહિં, તેને તો તે પત્થર છે. તેની કિંમત, જે સમજે તેને ઇચ્છિત દેવાવાળી ચીજ છે. જો તે ચીજ અજ્ઞાનીના હાથમાં આવે, ને તેને પત્થરનો ટુકડો જાણી કાગડો ઉડાડી દેવામાં વાપરે, તો તેના જેવો મૂર્ખો આપણે કોઇને કહીશું નહિં. તેના ગુણો જાણીને પણ તેને જે સાચવી ન રાખે, તે અજ્ઞાની કરતાં પણ વધારે મૂર્ખો છે, કારણ અજ્ઞાની તો તેના ગુણો સમજતો નથી, પણ તેના ગુણોને જાણવાવાળો જો તેની સાચવણીમાં બેદરકાર રહે તો, તેના જેવો મૂર્ખો બીજો કોઈ નથી. તેમ આપણે પણ દેવ કે ગુરૂના ગુણો ઓળખીયે નહિં, અને આપણને મળેલા દેવ ગુરૂને એમને એમ દર્શન પૂજન ધ્યાન વિના તેને માનવામાં બેદરકાર રહીએ તો આપણા જેવો મૂર્ખો કોઈ કહેવાય નહિં; વાસ્તેજ જ્ઞાનીઓ પોકારીને કહે છે કે હે ભવ્ય પ્રાણીઓ દશ દ્રષ્ટાંતે દૂર્લભ એવો આ મનુષ્યભવ આપણને મલ્યો છે, ને જીનેશ્વર પરમાત્મા સરખા દેવ, તથા પંચ મહાવ્રતધારી ગુરૂ મલ્યા છે. છતાં પણ જો આપણે તેની કિંમત ન સમજીએ, અને ધર્મના આરાધન વિના ફોગટજ મનુષ્ય જન્મ વિગેરે મળેલી સામગ્રીને એળે ગુમાવીયે, તો ખરેખર આપણા જેવો કમનસીબ બીજો કોઇ નહીં; હાથમાં આવેલું ચિંતામણી રત્ન આપણે ગુમાવી દઇએ છીએ, માટે ચિંતામણી રત્નને પત્થર ગણે તથા તેને કાગડો ઉડાવવા કામ લાગશે તેમ ગણે તેની કિંમત ન સમજે તેને તેનાથી ફાયદો કેટલો? કહો કે જરા પણ નહિં.

સત્પુરૂષો ગુણવાળા છે, ગુણને અંગે પૂજ્ય બન્યા છે, આપણા જેવાજ પ્રથમ હતા છતાં પણ તેઓ આજે પૂજનિક શા કારણથી બન્યા તે વિચારો! કહો કે તેઓએ આત્માના ગુણો પ્રકટ કર્યા છે. જ્યારે આપણામાં તો તે ગુણો ઢંકાએલા છે. વાસ્તે તે પુરૂષને પગલે

આલી આપણા આવરાયેલા ગુણોને જ્યારે આપણે પ્રગટ કરીશું, ત્યારેજ તે મહાપુરૂષની આરાધના સફળ થશે. તેવીજ રીતે ગુરૂ, તેઓ આશ્રવ રહિત છે, આશ્રવ એટલે જેનાથી આત્મામાં કર્મ આવે તેને આશ્રવ કહેવાય છે. તે બેંતાલીશ પ્રકારે બતાવ્યા છે. પાંચઈંદ્રિય, ચાર કષાય, પાંચ અવ્રત, ત્રણ યોગ અને પચીસ પાપ ક્રિયાઓ તે ૩૫ આશ્રવ છે તેનાથી આત્મામાં કર્મનું આવવું થાય છે; તેને જે ગુરૂઓએ રોકયું છે, રોકવાનો અહર્નિશ પ્રયત્ન કરે છે, જગતના જીવોને પણ તે બતાવી તેને રોકવા ઉપદેશ આપી રહ્યા છે, એવા ગુરૂ મળ્યા છતાં તેનો ખ્યાલ આપણા આત્મામાં ન આવે તો આપણા આત્મામાં ગુણ કયે રસ્તે પ્રાપ્ત થઈ શકે? સાધુ પુરૂષોની સેવાથી, તેના ગુણોનું કીર્તન કરવાથી, તથા તેમના જેવું જીવન જીવવાથી, આપણા આત્માનું કલ્યાણ થાય. એટલુંજ નહિં પણ ઉત્તરોત્તર કર્મથી હલકા થઇ મોક્ષ પણ પામીએ. પણ તે કયારે? તેમના ગુણો તરફ બહુમાન થાય ત્યારે, અને બહુમાન કયારે થાય! જ્યારે તેમનાં જીવન જે શાસ્ત્રમાં આલેખન કર્યાં હોય તે તપાસીએ ત્યારે, તે સિવાય વાતો કરવાથી કાંઇ કામ વળે નહિં. એટલાજ માટે શ્રી. હેમચંદ્રાચાર્ય મહારાજે પોતાનો અમૂલ્ય સમય મહાપુરૂષોના કીર્ત્તનમાં આપ્યો. તે કેવી રીતે! તેને અંગે જે અત્રે હેમચંદ્રાચાર્યજીનો પરિચય કરાવવામાં આવે છે તે અસ્થાને નહિં ગણાય.

## કલિકાલ સર્વજ્ઞશ્રી હેમચંદ્રાચાર્યજીનો ટુંક જીવન પરિચય—

તેઓ ધંધુકા ગામના વતની હતા. જાતે મોઢ વણિક જ્ઞાતિના હતા, તેમના પિતાનું નામ ચાચા શેઠ હતું. તેમની માતાનું નામ પાહિની હતું. એક વખતે દેવેન્દ્રસૂરિ વિગેરે આચાર્યો વિહાર કરીને તે ગામ આવ્યા ત્યારે નગરના સર્વ લોકો પોતાના પરિવાર સાથે સૂરિને વંદન કરવા ગયા. તેમાં પાહિની પણ પોતાના ચંગદેવ નામના પાંચ વરસના પુત્રને લઇ ગુરૂને વંદન કરવા આવેલી. બાઈ વંદન કરતી હતી ત્યાં આગળ પુત્ર રમત કરતો કરતો ગુરૂના આસને ચઢી બેસ્યો. તે વખતે આચાર્યશ્રીએ તેની મુખાકૃતિ ને હાથ પગની રેખાઓ વિગેરે જોઇ નિશ્ચય કર્યો કે ખરેખર આ બાળક આગળ ઉપર જૈન શાસનને દીપાવવાવાળો થશે. તેમ વિચારી બાઈ પાસે તે છોકરાની માગણી કરી. બાઇએ પણ વિચાર્યું કે ગુરૂનું અપમાન કેમ થાય? તેમ સમજી પોતાના ભરતારને પુછયા વિનાજ તે ચંગદેવને ગુરૂ મહારાજના ખોળામાં વહોરાવી દીધો. ગુરૂએ પણ તેને ઉદાયન મંત્રી જેવાને ત્યાં રાખી ભણાવી ગણાવી હુશીયાર કર્યો. પૂર્વની આરાધનાથી તથા તીક્ષ્ણ બુદ્ધિથી નવ વરસની ઉંમર સુધીમાં તો તે ઘણું ભણી ગયો, પછી તેને ગુરૂએ દીક્ષા આપી સોમદેવ મુનિ નામ સ્થાપ્યું. ત્યાર બાદ પણ તે મુનિ ઘણું ભણ્યા, તેની લાયકાત જોઇ ગુરૂએ આચાર્ય પદવી આપી. તેમનું નામ હેમચંદ્રાચાર્ય રાખવામાં આવ્યું તેમણે સરસ્વતી સાધી હતી. તેમને જૈન ધર્મનું અભિમાન રૂંવાડે રૂંવાડે હતું તેથી તેમને શરીરમાં સાડા ત્રણ કરોડ રૂંવાડા હોય છે. તેટલા પ્રમાણમાં શ્લોકો જુદા જુદા શાસ્ત્રના બનાવ્યા, વ્યાકરણ, કાવ્ય, કોષ, અલંકાર, ન્યાયશાસ્ત્ર અને તર્કશાસ્ત્ર વિગેરે બાબતો ઉપર આમ સર્વ મલી આટલા શ્લોકો બનાવ્યા હતા અને શાસ્ત્રો લખાવ્યા છે, જેમાંથી આજ પણ પીસ્તાલીશ લાખ શ્લોક જેટલા તો ઉપલબ્ધ છે. તેમણે ત્રીષષ્ઠિ-શલાકા પુરૂષ ચરિત્ર સંસ્કૃતમાં બનાવી ચોવીસે તીર્થંકરો વિગેરેનાં જીવન ચરિત્રો લખવામાં પોતાના સમયનો ઘણોજ ભોગ આપ્યો છે. બીજાને પણ તેથી જણાવ્યું છે કે તમો બીજી કુથલીઓ કરવામાં ન પડો! તેથી તમે તમારૂં આત્માનું ખોઇ બેસસો! તમો આવા મહાપુરૂષોની કથા કરો! જેથી તમારા આત્મામાં તેમના ચરિત્રની છાપ પડે! જ્ઞાનનું આરાધન થવા સાથે મહાપુરૂષોના ગુણોની આરાધના પણ થશે! ને તેનાથી તેમના ગુણો પણ તમારા આત્મામાં આવશે! અને અનાદિકાળથી અવરાએલું આત્માનું સ્વરૂપ તમે પ્રગટ કરી શકશો! હેમાચાર્ય મહારાજે પોતાનો સમય અગાડી ન કાઢતાં સારા કાર્યમાં કાઢયો હતો. તેનું અનુકરણ આત્માર્થી દરેક પુરૂષોએ અવશ્ય કરવું જોઇએ! એજ રહેસ્ય છે. શ્રોતાની સંખ્યા મોટી

લક્ષ્યએ, તેમની સર્વ જીંદગી લક્ષ્યએ, તે કરતાં કલિકાલ સર્વજ્ઞ ભગવાન શ્રી હેમચંદ્રાચાર્યની ઘડીભરની જીંદગી ઘણી કીંમતી હતી. તેવી જીંદગીનો વ્યય શું જોઇને આમાં કર્યો? એ ચરિત્રોનું કથન કેટલું કીંમતી હોવું જોઇએ! તે આ ઉપરથી માલમ પડશે, મહાપુરૂષોનાં ચરિત્ર પોતાના જીવન કરતાં પણ કિંમતી; જેમનાં જીવનની તેમને કિંમત અનહદ ધારી હતી આથી તેમાં હેમાચાર્ય મહારાજે પોતાનું જીવન આપ્યું હતું. કારણ કે દુનીયામાં જીવી જાણતા પણ જાણવું જોઇએ. જેઓ દુનીયામાં જન્મી કાંઇપણ પરોપકારનું કાર્ય કરી શકતા નથી અને તે દ્વારા પોતાના જશને કે કીર્તિને ઉજ્વળ બનાવી શકતા નથી, તેવાઓ દુનીયામાં જન્મ્યા છતાં ન જન્મ્યા બરોબર છે તે માટે કહ્યું છે કે—

જીવંતા જગ જશ નહિં, જશ વિણ કાંઈ જીવંતા,
જે જશ લેઈ આથમ્યા, રવિ પહેલા ઊગંતા. ૧

દુનીયામાં જશ લઇને મુઆ તેજ જીવતાજ છે, અને જશ વિના જીવતા માણસો મુઆ બરોબર છે, જશ કીર્તિ લઇને જેઓ મરણ પામ્યા તે આ દુનીયામાં સૂર્યની પહેલાં ઉદય પામે છે, કારણ કે તેવા મહા પુરૂષોનાં નામો જગત સૂર્યોદય પહેલાં ઉઠતાંની સાથેજ લે છે અને તે દ્વારાએ પોતાના જન્મનું સાર્થક થાય છે. આથી એ નક્કી થયું કે જીવન જીવવું તો કેવું જીવવું તે માણસને આવડવું જોઇએ. જન્મ લઇને સહુ કોઈ પોતાનું જીવન જીવે છે. પણ તે જીવન જીવવામાં ઘણો ફરક છે. કુતરા-બીલાડા પણ જીવન જીવે છે. અજ્ઞાની, અઘોરી, પ્રમાદી, વ્યસની એવા માણસો પણ જીવન જીવે છે, કામી પુરૂષો પણ જીવન જીવે છે, હિંસક પુરૂષો પણ જીવન જીવે છે; પરન્તુ તે જીવન કેવળ ભવ વધારવાનુંજ થાય છે. એટલુંજ નહિં પણ તેનાથી પોતાના આત્માને કે બીજાને કાંઈ પણ ફાયદો થતો નથી. હેમાચાર્યજી જેવા આચાર્ય મહારાજાઓએ તો એવું નિર્મળ જીવન જીવી બતાવ્યું છે તેમનું જીવન જગતના સર્વ લોકોએ દાખલો લેવા જેવું છે. જેઓનું જીવન-બ્રહ્મચર્ય, સંયમ, અપ્રમાદદશા, જ્ઞાનની આરાધના, મહાત્માઓનું કીર્તન તથા જીવોના ઉપકારથી ઉજ્વલ બનેલું છે. આજે પણ તેની મુક્તકંઠે પંડિતો પ્રશંસા કરી રહ્યા છે. ઉત્તમ પુરૂષોએ પોતાના જીવન કરતાં પણ મહાત્માઓનું જીવન કેટલું બધું કિંમતી ગણ્યું હશે તેનો વિચાર કરો! જેમણે પોતાનું જીવન મહાત્માઓનાં ગુણ કીર્તનમાંજ વીતાવ્યું, આથી તેઓએ જગતના બીજા જીવોને પણ એ શીખવ્યું કે તમો બીજા કુથલા કરી જીવન જીવો છો! તેના કરતાં તમો તમારો સમય મહાત્માઓનાં જીવન ચરિત્રોને વાંચવાના રસમાં, તેને પાળવાના રસમાં વીતાવો! તો તમારા જન્મનું સાર્થકપણું છે. તે સિવાય આ જન્મ પામી એ બધું એળે ગુમાવવા જેવું છે. કારણ મનુષ્યભવ સિવાય બીજા ભવોમાં તમોને તે મળવું મુસ્કેલ છે. એટલે તે માટે ભાર દઇને જણાવ્યું છે કે આત્માર્થી પુરૂષોએ બીજા ત્રીજામાં ન પડતાં પૂર્વ મહાપુરૂષોનાં કીર્તનમાંજ પોતાનું જીવન ગુમાવવું જોઇએ! જગતમાં સન્માર્ગનું પ્રથમ પગથીયું હોય તો તે એકજ કે મહાત્માનું કીર્તન, વળી આ તો સર્વગુણ સંપન્ન વીતરાગ પરમાત્મા છે.

ત્રેસઠ સલાકા પુરૂષોમાં ચોવીસ તીર્થંકરો થઈ ગયા તેમનું જીવન તેની જડ મહાત્માના કીર્તનમાં છે. કારણ કે જો મહાત્માનું કીર્તન વિગેરે ન હતે તો અકબર બાદશાહને પ્રતિબોધ થવાનો કરવાનો વખત નહતો. તથા તીર્થોને પણ આપના આધીન કરવાનો વખત નહતો. એ બધો વખત શાથી આવ્યો? મહાત્માના કીર્તનથી! કેવી રીતે? તો બતાવે છે કે ચંપા નામની બાઇએ છ મહિનાના ઉપવાસ કર્યા છે, તેનો વરઘોડો જાય છે, ત્યારે અકબર બાદશાહ પોતાના માણસોને પૂછે છે કે આ શેનો વરઘોડો જાય છે? ત્યારે નજીકના માણસોએ જણાવ્યું કે ચંપાબાઇએ છ માસના રોજા કિયા હે, ઇસિકી પૂર્ણાહુતી આજ હે, ઇનિકા વરઘોડા જાતા હે! તે વખતે ચંપાબાઈ દીલ્હીમાં છે; અકબર બાદશાહને આ સાંભળી આશ્ચર્ય થયું કે છ માસકા રોજા કૈસા હોતા હે! જ્યારે ચંપાબાઇને પુછે છે ત્યારે તેણે જણાવ્યું કે મારા ગુરુ હીરસૂરિજી મહારાજના પસાયથી આ છ માસના ઉપવાસ થયા છે. તે સાંભળી રાજા તેમના દર્શનનો ઉત્સુક બને છે, તે વખતે હીરસૂરિજી મહારાજ ગંધાર તરફ વિચરતા હતા. (અપૂર્ણ)

શાસનમાન્ય-તૃતીય-ચતુર્થ-પરમેષ્ઠિપદ-સ્વરૂપ—

# આચાર્ય પદ્દીઓ અને ઉપાધ્યાય પદ્દીનો

## વિસ્તૃત-

## હેવાલ.

# પરમપૂજ્ય-આચાર્યદેવ-શ્રીમચ્ચન્દ્રસાગરસૂરીશ્વરજીનો

# સંક્ષિપ્ત-જીવન-પરિચય.

**ગૃહસ્થ-અવસ્થાની જીવનચર્યા.**

રાજનગર (અમદાવાદ) દોશીવાડાની પોળમાં રહેતા, ધર્મ સંસ્કારથી પવિત્ર જીવન ગાળતા (**વર્તમાન આચાર્ય—ભગવન્—શ્રીચન્દ્રસાગરસૂરીશ્વરજી**) ચરિત્ર નેતાના સાંસારિક-પૂજ્ય પિતાશ્રી શેઠ જેસીંગભાઈ સવચંદભાઇ પટવા હતા, અને માતુશ્રીનું પુનીત નામ શ્રીમતિ પ્રધાનબ્હેન હતું. તેઓનો જન્મ વિક્રમ સંવત ૧૯૫૨ ના કારતક સુદ ૧૧ ના દિને અમદાવાદમાં થયો હતો, તેમનું સંસારીપણે પુણ્ય નામ **શ્રી ચીમનલાલ** હતું. તેઓ શ્રીમાનનું લગ્ન વિ. સં. ૧૯૬૮ માં અ. સૌ. ફુલીબેન સાથે થયેલું હતું, અને સંસારમાં બે પુત્રીઓ અનુક્રમે લીલાવંતીબ્હેન અને કલાવંતીબ્હેન હતા.

**સાહિત્ય વ્યવસાયમાં**—એમણે સંસારીપણામાંજ પંચપ્રતિક્રમણ (સાર્થ), નવસ્મરણ, સવાસો, દોઢસો, સાઢીત્રણસો ગાથાના સ્તવનો, આઠ દ્રષ્ટિની સજ્ઝાયો, સમકિતની સડસઠ બોલની સઝ્ઝાય, ચાર પ્રકરણો સાર્થ, ચાર કર્મ ગ્રન્થ, ધાર્મિક અભ્યાસ, તેમજ વ્યવહારિક જ્ઞાનમાં ગુજરાતી સાત ધોરણ, અંગ્રેજી છ ધોરણ, સંસ્કૃત માર્ગોપદેશીકા, તથા મદિરાન્ત પ્રવેશિકા, કાવ્યો આદિનો અભ્યાસ કર્યો હતો.

વિક્રમ-સંવત-૧૯૭૭ માં તેઓશ્રી મુંબઇ શહેરમાં ધંધા અર્થે રહેતા હતા. ત્યાં સંસાર સંબંધી મર્યાદાશીલ પ્રવૃત્તિ આદરીને સવાર સાંજ અને રાત્રે પણ તેઓ સ્વયં ભણતા અને ભણાવતા, નવપદજીની, વર્ધમાન તપોધર્મની, અને બ્રહ્મચર્ય પાલનની શિક્ષા આપતા હતા. એટલુંજ નહિં પણ બીજાઓ દીક્ષાર્થી બની દીક્ષિત થાય તે રીતે ઘણાઓને ચતુર્થ વ્રત અને દીક્ષા લેવાના કઠીન નિયમો ગ્રહણ કરાવતા હતા. આજે તેમના સહવાસથી સંયમ—જીવનને અંગીકાર કરનારનો આંક અદ્યાપિ પર્યંત ૭૨ ઉપરાંતનો ગયેલો છે. મુંબઇ શહેરમાં આયંબિલ વર્દ્ધમાન-તપની, અને સાથે શ્રીનવપદજી આરાધનાની પ્રવૃત્તિ તેમણે પ્રથમજ આદરી હતી, અને અનેક-ભવ્ય-આત્માઓને તેમાં જોડ્યા હતા; તેના ફળભૂત શ્રી સિદ્ધચક્ર આરાધક સમાજની સ્થાપના સં. ૧૯૭૭ માં દુનીઆભરમાં પહેલ વહેલી થઇ, અને ત્રણ વર્ષ બાદ ચૈત્રી ઓળી બહાર તીર્થમાં થાય તે મુદ્દાથી શ્રી નવપદ આરાધક સમાજની સ્થાપના પાલીતાણા મુકામે તેમના વિશિષ્ટ પ્રયાસથી થઇ છે, આજે અખિલ હિંદભરમાં દરેક તીર્થપર અને મોટા શહેરોમાં સામુદાયિક શ્રીનવપદજીની આરાધના થઇ રહી છે તેના **આદ્યપ્રેરક તેઓશ્રી છે,** તેમ તેનો સઘળો અંશતઃ તેઓને ફાળે જાય છે.

દિનદિન વધતી વૈરાગ્ય ભાવનાથી વૃદ્ધિ પામેલ આપણા આ ચરિત્રનેતા અનેક મહાત્માઓના પરિચયમાં આવતા. હાલના આ૦ શ્રીહેમસાગરજીસૂરિની દીક્ષા પ્રસંગને પામી તેઓશ્રી ગીતાર્થ સાર્વભૌમ, બહુશ્રુતધર, આગમોદ્ધારક, આચાર્યદેવેશ શ્રી આનન્દસાગરસૂરિ-પુરંદરના ખૂબ પરિચયમાં આવ્યા, અને તે પછી પોતાની વૈરાગ્ય ભાવના સફળ કરી.

**ભાગવતી દીક્ષાનો સ્વીકાર અને જીવન વિકાસ**—મુંબાઇ મુકામેથી અઠ્ઠમની તપશ્ચા કરીને અમદાવાદ સ્ટેશને ઉતર્યા, અને તેજ શ્રી રાજનગરમાં ઝાંપડાની પોળના ઉપાશ્રયે સ્વ૦ આગમોદ્ધારકશ્રીજીના સ્વહસ્તે સં. ૧૯૮૪ ના વૈશાખ વદી ૬ ના શુભ મુહૂર્તે દીક્ષા ગ્રહણ કરી, અને તેઓશ્રીનું પુનીત નામધેય મુનિ-શ્રી**ચન્દ્રસાગરજી** મહારાજ પાડવામાં આવ્યું.

આ સમર્થ પ. પૂ. આચાર્યદેવેશ શ્રી આનન્દસાગરસૂરીશ્વરજીની શિષ્ય-પ્રશિષ્ય પરિવારની સંપદા જે વિદ્યમાન હતી, તે એઓશ્રીની દીક્ષા બાદ દિનપ્રતિદિન વૃદ્ધિ પામી અને તે પરિવાર આજે એક ઘણી મોટી વિશાલ સંખ્યાનો બન્યો છે.

સ્વ૦ પૂજ્યપાદ આગમોદ્ધારક આચાર્યદેવેશ-આનંદસાગરસૂરીશ્વરજીના-

પટ્ટદીપક—

## પૂજ્યપાદ—આચાર્યદેવ—શ્રીમચ્ચન્દ્રસાગરસૂરિપુંગવ

દિક્ષા સં. ૧૯૮૪ ના વૈશાખ વદી ૬ (રાજનગર)



જન્મ સં. ૧૯૫૨ ના કારતક સુદિ ૧૧ (રાજનગર)

ગણિપદ—સં. ૧૯૯૬ ના માગસર સુદિ ૫ સિદ્ધક્ષેત્ર
પંન્યાસપદ—સં. ૧૯૯૬ ના માગસર સુદિ ૯ સિદ્ધક્ષેત્ર
આચાર્યપદ—સં. ૨૦૦૭ ના મહા સુદિ ૧૩ સૂર્યપુર

સંયમ જીવનની પ્રાપ્તિથી અદ્યાપિ પર્યંત સંયમ માર્ગમાં એમનું અવિરત ઉદ્યમી જીવન ચાલુ છે.

**(૯૬ મા પાનેથી ચાલુ)**

જલયાત્રાનો ભવ્ય વરઘોડો નીકળ્યો હતો તેમાં વિવિધ પ્રકારના વાજીંત્રોનો શરાજસહ મોખરે દિપતો ગજરાજ, રથ, **સ્વ૦ પૂજ્ય-ગુરૂદેવ-શ્રી આગમોદ્ધારકશ્રીનો અતિ સુન્દર ફોટો** શણગારેલી ચાર ઘોડાની બગીમાં પધરાવેલ, તેમ વિવિધ રચનાઓથી શોભતાં સત્તર સાંબેલાં હતાં અનેક ગામના આગેવાનોના મોખરે પૂ. આ. શ્રીમાણિક્યસાગરસૂરિજી સાથે પૂ. પંન્યાસપ્રવરશ્રી ચન્દ્રસાગરજી પૂ. પંન્યાસ હેમસાગરજી તથા પૂ. પં. શ્રી દેવેન્દ્રસાગરજી આદિ ઠાણા ૬૩, અને અનેક નરનારીની મેદનીથી તેમ ચતુર્વિધ સંઘથી દીપી રહેલો વરઘોડો શહેરના લત્તાઓમાં ફરીને ગોપીપુરા શ્રી તામ્રપત્રાગમ મન્દિર આગળ આવી પહોંચ્યો હતો; અને માનવમેદની પ્રભાવના લઇ વિખરાઇ હતી, જલયાત્રાના વરઘોડામાં પ્રભુના રથને હાંકવાનું ઘી ૨૧૫) મણની બોલીથી બાબુભાઈ ફકીરચંદ ઝવેરી તરફથી હતું, અને રથ હાંકવામાં બેસેલા તેમના પુત્રો હતા. તેમ રથમાં પ્રભુજીને લઇ રથમાં બેસવાનું ઘી ૧૬૧, મણ ઘી બોલી પ્રભાવતી-કુંવરબેન રથમાં બેઠાં હતાં, રામણદીવાનું ઘી મણ ૩૧, બોલી શેઠ ઠાકોરભાઇ દયાલચંદ મલજી તરફથી બોલાઇ રામણદીવો લેવાયેલો હતો.

ગુરૂમૂર્તિના અભિષેકનો શ્રીમતિ પ્રભાવતી કુંવરબેને ૯૧) મણ ઘી બોલી લાભ લીધો હતો. તથા બાબુભાઈ ફકીરચંદ ઝવેરીએ ૩૫૧) મણ ઘી બોલી કલશ અને ધ્વજાદંડનો લાભ લીધો હતો, **સ્વર્ગસ્થ ગુરૂદેવની ગુરૂમૂર્તિને** પધરાવવા ૭૦૦૧ રૂપીઆ અનન્ય ગુરૂભક્ત શેઠ ઠાકોરભાઈ દયાલચંદ મલજી બોલાને ગુરૂમૂર્તિને પધરાવેલ હતી. આ સિવાય નવગ્રહના પાટલાનું કુલ્લે મણ ૮) ઘી સ્નાત્ર વિગેરેનું ઘી ૮૯ાા મણ થયેલ આમ કુલ્લે ૧૦૪) મણના આશરેની ઘીની ઉપજ થયેલ તેમાં દેવદ્રવ્ય ખાતે રૂા. ૨૧૩૨) ના આસરાની અને ગુરૂમંદિર ખાતે રૂા. ૧૬૫૭) રૂપીઆની ઘીની આવક થયેલ. આમ ગુરૂમંદિર ખાતે કુલ્લે ૮૫૫૮) રૂપીઆની સુંદર આવક થયેલ છે. સમેતશિખરજી વિગેરેની રચના સહિત અનેક પ્રકારની રોશનાઇથી ભવ્ય રીતે ગુરૂમંદિરની પ્રતિષ્ઠા નિર્વિઘ્ને સમાપ્ત થઇ હતી. બહારગામથી આ પ્રસંગે શ્રાવકોની સારી હાજરી હતી.

દીક્ષા લીધા પછી ન્યાય, વ્યાકરણ, સાહિત્યનો અભ્યાસ; અને જૈનાગમનો ઝીણવટથી અભ્યાસ બુદ્ધિના અતીવ પ્રાગલ્ભ્યથી થોડાજ વર્ષોમાં કરીને તેમજ પૂજ્ય-ગુરૂદેવ પાસેથી જૈનાગમ-શાસ્ત્રોની વાચનાઓ પૈકી અનુયોગદ્વાર-ઠાણાંગ વિગેરેની વાંચના લઇને તેઓશ્રી પ્રૌઢ વિદ્વાન્ બન્યા. પૂજ્ય **ચરિત્ર નેતાને** વિક્રમ સંવત **૧૯૯૬**ના માગસર સુદિ ૫ અને સુદિ ૯ના દિને પાલીતાણામાં પ. પૂ. **ગુરૂદેવના પુણ્ય હસ્તે અનુક્રમે ગણિપદ અને પંન્યાસપદ** અર્પણ થયેલું હતું. આ પદપ્રદાન-અવસરે માળવાના જુદા જુદા ગામોના આગેવાનો એકઠા મળીને એક સ્પેશ્યલમાં આવ્યા હતા. આ અવસર અભૂતપૂર્વ જેવો હતો. **વિક્રમ સં. ૧૯૯૯**માં ખંભાત મુકામે પૂજ્ય ગુરૂદેવની આજ્ઞા થવાથી યોગ્યતાને પામેલ સ્વશિષ્યો-**મુનિરાજ-શ્રીદેવેન્દ્રસાગરજી મહારાજ,** અને **મુનિરાજ-શ્રીહીરસાગરજી મહારાજને** યોગોદ્વહન કરાવીને **ગણિપદથી** અને **પંન્યાસપદથી** સ્વહસ્તે વિભૂષિત કર્યા. આ પ્રસંગે બૃહદ્યોગવિધીનું પુસ્તક શ્રમણ સંઘને ભેટ આવેલ છે, દિનપ્રતિદિન વધતા શિષ્ય-પ્રશિષ્ય પરિવારની સંપદા બત્રીસની થાય છે. તેમાં ત્રણ દિવંગત છે, અને ૨૯ વિદ્યમાન છે; તેમજ સ્થવિર મુનિશ્રી જ્ઞાનસાગરજી મહારાજ, મુનિશ્રી ચન્દનસાગરજી મહારાજ અને મુનિશ્રી અરૂણોદયસાગરજી મહારાજ તેઓશ્રીની સેવામાં છે. આમ સર્વે મળી શિષ્યાદિ સંપદા બત્રીસની છે. આ સિવાય સાધુ-સાધ્વીજીઓની દીક્ષાઓ, વડી દીક્ષાઓ, પ્રતિષ્ઠાઓ અને મહોત્સવો આદિ અનેક વિધ-શુભ-પ્રવૃત્તિ તેમના પવિત્ર હસ્તે થયેલી છે.

છાણીથી ઉપધાનનું માળ સંબંધી કાર્ય પતાવીને શ્રીસુરત મધ્યે ગુરૂમન્દિરની પ્રતિષ્ઠા અંગે શીઘ્ર વિહાર કરી પધારવાના હતા, તે દરમ્યાન છાપરીઆ શેરીમાં **પ. પૂ. ગચ્છાધિપતિ—આચાર્યદેવ—શ્રીમાન્ માણિક્યસાગરસૂરિજીની** પાસે શ્રી સુરતના સકલ શ્રી સંઘે પૂજ્ય પંન્યાસપ્રવરશ્રીના પવિત્રતમ ગુણોથી આકર્ષાઈ આચાર્યપદ અને યોગ્યોને યોગ્ય પદ્વી આપવાની-અર્પણ કરવાની વિનંતી કરી, અને તેઓશ્રીએ અવસર—ઉચીત અતિઆલ્હાદપૂર્વક પૂ. પંન્યાસ પ્રવર—ચંદ્રસાગર—ગણીન્દ્રશ્રીજીને આચાર્યપદ

આપવાનો સ્વીકાર કર્યો; એટલે જૈન સંઘમાં આનંદ આનંદ વર્તી ગયો. સુરતના શ્રી સંઘના આગેવાનોએ આચાર્યપદ સ્વીકારવાને વિનંતી કરવા છાણી મુકામે આચાર્યપદ સ્વીકારવા માટે **પૂ. આ. શ્રી માણિક્યસાગરસૂરીશ્વરજીનો** આદેશ પત્ર લાવ્યા. **પંન્યાસ શ્રીચંદ્રસાગરજી મહારાજે** એ વાત તેમના આગ્રહને વશ થઇ મંજુર રાખી એટલે તેમણે શ્રી સંઘે આચાર્યપદી આદિનું મુહુર્ત મહા સુદ ૧૩ નું નક્કી કરી પૂ૦ પંન્યાસજીને ખબર આપી, અને એઓશ્રી મહા સુદ ૧ ને દિવસે સુરતમાં માળીફળીઆના ઉપાશ્રયે શ્રી ગચ્છ નાયકની સાન્નિધ્યમાં પધાર્યા. આ અવસરે ગુરુમંદિરની પ્રતિષ્ઠા નિમિત્તે સ્વસમુદાયના ૬૩ ઠાણા એકઠા મળ્યા હતા.

તે વખતે સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાનો વિશાળ સમુદાય તેઓશ્રીની સન્મુખ ગયેલો. ત્યારબાદ શ્રી નેમુભાઈની વાડીના ટ્રસ્ટીઓ શેઠશ્રી મંગલદાસ હીરાચંદભાઇ વગેરેની ઘણી આગ્રહ ભરી વિનંતિને માન આપી ગચ્છાધિપતિ **આચાર્યદેવ શ્રી માણિક્યસાગર સૂરીશ્વરજી** મહારાજ શ્રી આદિ સમસ્તઠાણાં ગુરૂમંદિર પ્રતિષ્ઠાનું કાર્ય પતાવીને મહા સુદિ ૫ને રવીવારે નેમુભાઇની વાડીના ઉપાશ્રયે વાજતે ગાજતે પધાર્યા. નેમુભાઈની વાડીમાં સુરતના સકલ સંઘ તરફથી આચાર્ય પદ્દી મહા સુદિ ૬થી અઠ્ઠાઇ મહોત્સવની શરૂઆત થઈ. આ ઉત્સવ અંગે નેમુભાઇની વાડીના ઉપાશ્રયમાં શ્રી હસ્તગિરિ, મેરૂપર્વત, કદંબગિરિ તેમજ કમઠ તાપસના પંચાગ્નિમાં બળતા સર્પને બચાવવાનું અને સેવક પાસે કાષ્ટને ફાડવાની, કાર્યોત્સર્ગ સ્થિત પ્રભુ પાર્શ્વનાથ ઉપર મેઘમાળી દેવે કરેલો અતિ દુઃસહ્ય ઉપસર્ગને નિવારવા માટે ધરણેન્દ્ર પદ્માવતીના આગમનની; તેમજ **સ્વ૦ આચાર્યદેવેશ શ્રી આનંદસાગરસૂરીશ્વરજી**ની આગમ વાચનાની એમ ૭ રચનાઓ તેમજ વાડીમાં અતિ સુંદર રોશની વગેરેથી દિવ્ય દેવભુવન જેવો શણગાર કરવામાં આવ્યો હતો. પૂજા તેમ રાત્રે ભાવનામાં પ્રસિદ્ધ ગવૈયા માસ્તર દિનાનાથને રોકવામાં આવ્યા હતા, અને તેઓએ રાગ-રાગણી પૂર્વક પૂજાઓમાં અને ભાવનામાં જનતાના ઉત્સાહની વૃદ્ધિ કરી હતી. દર રોજે સવારે નેમુભાઇની વાડીના વિશાળ ચોકમાં ખાસ બાંધવામાં આવેલ મંડપમાં ગચ્છાધિપતિ-શ્રીમાણિક્યસાગર સૂરીશ્વરજી, અને ચરિત્ર નેતા પ. પૂ. પં. શ્રીચન્દ્રસાગરજી ગણીન્દ્ર મહારાજ વ્યાખ્યાન શ્રવણ કરાવતા હતા તેનો જનતા સારી રીતિએ ઉલ્લાસ પૂર્વક લાભ લેતી.

મહા સુદિ ૧૦ ને દિવસે વ્યાખ્યાનમાં શ્રેષ્ઠિ મોતીલાલ ગુલાબચંદ, શ્રેષ્ઠિ નવલભાઇ, શ્રેષ્ઠિ શાંતિલાલ હજારી વિગેરે વિગેરે ગૃહસ્થોએ **પ. પૂ. ગચ્છનાયક શ્રી માણિક્યસાગરસુરીજી પાસે પં. શ્રીહેમસાગર ગણિને આચાર્ય પદવી** તથા વ્યા. વા. **પં. શ્રી દેવેન્દ્રસાગરજી ગણિને ઉપાધ્યાય પદવી** આપવા જણાવ્યું અને તેઓશ્રી તે માટે પણ સંમત થયા હતા. આ અગાઉ પૂ. પં. શ્રી ચન્દ્રસાગર ગણીન્દ્રને આચાર્ય પદવી પ્રદાન અંગે કંકોતરીઓ લખાઈ ચૂકી હતી, તારો પણ મુકાઇ ચૂકયા હતા, એટલે જેમને ખબર આપવાની બાકી હતી તેમને તાર મારફતે **પં. શ્રી હેમસાગરજીની આચાર્ય પદવીની અને પં. શ્રી દેવેન્દ્રસાગરજીની ઉપાધ્યાય પદવી**ની હકીકત જણાવવામાં આવી.

મહા સુદિ ૧૨ને રવીવારે અમદાવાદના પ્રસિદ્ધ જૈન-ધર્મારાધક-સંગીત-મંડલે સવારે એમના હૃદયમાંથી ઉછળતા ગીત, દાંડીયા, તાલ, ધૂન વિગેરેથી પૂજા તેમજ રાત્રે ભાવના વખતે અનેરી રમઝટ જમાવી હતી. બપોરે નેમુભાઇની વાડીએથી જળયાત્રાનો ભવ્ય વરઘોડો ૧૪ સાંબેલાઓ, ગજરાજ, રથ, રહીમ—બેન્ડ વિગેરે બેન્ડો, ઢોલીઓ અને રસાલા સાથે પૂર દબદબાથી નીકળ્યો હતો. તેમાં સાધુ સાધ્વી શ્રાવક અને શ્રાવિકાઓ અને હજારોની જનતાએ ભાગ લીધો હતો સદર વરઘોડો નવાપુરા છાપરીયા શેરી હરિપુરા, વડાચૌટા વગેરે સ્થળેથી થઇ ગોપીપુરાને રસ્તે પાછો ફર્યો હતો, વરઘોડો જોવાને માટે સ્થળે સ્થળે માનવમેદની એકત્રિત થઇ હતી, અને આખો માર્ગ શાસનદેવની જયનાદ વગેરેથી જય-જયકારથી ગાજી રહ્યો હતો. વરઘોડો ઉતર્યા પછી ભેગો થયેલો સમુદાય પ્રભાવના લઇ વીખરાયો હતો.

# શ્રી આચાર્યપદ્વીઓના પુણ્ય-દીનનો હેવાલ.

મુંબઇ સમાચાર પત્ર તા. ૨૨-૨-૫૧ પૃ. ૩ થી સાભાર ઉદ્ધૃત—

## બે આચાર્યો એક ઉપાધ્યાય.

## સુરતમાં ઉજવાયેલો જૈન ધાર્મિક મહોત્સવ

### નૂતન આચાર્ય શ્રીચન્દ્રસાગરજી મહારાજના જીવનની-રૂપરેખા.

સુરત, તા. ૨૦ મી ફેબ્રુઆરી,

અહીં મહા સુદ તેરસની પ્રભાતે પંન્યાસજી શ્રી ચન્દ્રસાગરજી મહારાજને તેમજ પંન્યાસજી શ્રીહેમસાગર મહારાજને આચાર્યપદ તથા પંન્યાસજી દેવેન્દ્રસાગરને ઉપાધ્યાયપદ પ્રદાન કરવાનો ભવ્ય સમારંભ થયો હતો.

આ પ્રસંગે ભારતવર્ષના અનેક સ્થળેથી માનવ-સમુદાય આવી રહ્યો હતો તેમાં મુંબાઈ, અમદાવાદ, જામનગર, વલસાડ, નવસારી, બુહારી-છાણી, ભરૂચ, વડોદરા-છાણી, વેજલપુર, કપડવંજ ઉજ્જૈન, મહિદપુર, રતલામ, ઇન્દોર, ખાનદેશમાંથી શીરપુર-પાલીતાણા, હિંમતઘાટ વિગેરે અનેક ગામોના આમંત્રિત ગૃહસ્થો આ પ્રસંગને દીપાવવા પધાર્યા હતા.

સવારથીજ સુરતની જૈન વોલંટીયર કોરે સુંદર વ્યવસ્થા ઉપાડી લીધી હતી. મંડપમાં એક બાજુ શ્રાવક સમુદાય હતો બીજી બાજુ શ્રાવિકા સમુદાય હતો. મધ્યમાં સિંહાસન મંડપ પર શ્રીજીનદેવનું સ્થાપન કરવામાં આવ્યું હતું. સિંહાસન સામે પ. પૂ. આચાર્યશ્રી માણિક્યસાગરસૂરીશ્વરજી પાટ પર બિરાજ્યા હતા. તેમની પાછળ શ્રીઅનંતનાથના મંદિરના ઓટલા પર સાધુ સમુદાય બીરાજમાન થયા હતા.

સવારે ૮-૨૫ મિનિટે બરાબર નિર્ણિત સમયે પદવી પ્રદાન વિધિ શરૂ થઇ હતી. પંન્યાસજી ચન્દ્રસાગરજી પં. હેમસાગરજી તેમજ પંન્યાસજી દેવેન્દ્રસાગરજીએ દેવવન્દન અને ગુરૂવંદન કર્યું હતું, અને તે પછી ખામણાં દીધાં હતાં. પછી પ. પૂ. ગચ્છાધિપતિ-આચાર્યશ્રી-માણિક્યસાગરસૂરીશ્વરજીએ બંન્ને અનુક્રમે પંન્યાસજીઓને સૂરિમંત્ર શ્રવણ કરાવી આચાર્ય પદવી એનાયત કરી હતી, અને ત્રીજા પંન્યાસને ઉપાધ્યાય પદવી આપી હતી અને સકળ સમુદાયે તે વધાવી લીધી હતી. ત્યારબાદ સકળ સાધુ સમુદાયે નવા આચાર્યોને વંદન કર્યાં હતાં અને સુરતના શ્રી સંઘે પણ ખામણા દીધા હતાં.

એ વિધિ ચાલુ હતી તે વખતે આવેલા ૭૦ તારો વિગેરેનું વાંચન થયું હતું અને મુંબાઈના શ્રી. ભાઇચંદભાઇએ સુરતના શ્રી સંઘને આ અપૂર્વ પરિસ્થિતિ ઉત્પન્ન કરવા માટે અભિનંદન આપ્યા હતા.

ત્યારબાદ નૂતન-આચાર્ય-શ્રીચન્દ્રસાગરસૂરીશ્વરજીના વ્યાખ્યાનને ઉત્સાહથી વધાવી લઇને સુરતના શ્રી સંઘે ચારિત્રોત્કર્ષ ફંડની સ્થાપના કરી હતી અને તેમાં તાત્કાલિક રૂ. ૯૦૦૦) જેવી મોટી રકમ ભરાઇ ગઇ હતી. તેમજ પાંચ વર્ષ સુધી ચાતુર્માસમાં જ્ઞાનદાન અંગે રૂ. ૧૦૦૦) દર વર્ષે આપવાની જાહેરાત પણ જુદા જુદા બે ગૃહસ્થો તરફથી થઇ હતી. આ ઉપરાંત જ્ઞાનદાન અંગે બીજી પણ કેટલીક રકમ જાહેર થઇ હતી. આ ચારિત્રોત્કર્ષ ફંડની અને સમ્યક્જ્ઞાનવર્ધક ફંડની વ્યવસ્થા માટે સમિતિ નીમવામાં આવી છે.

નૂતન આચાર્ય ચન્દ્રસાગરસૂરિજીએ શ્રાવક સંઘની ફરજો ગૃહસ્થ-જીવનની ફરજો અને માનવજીવન સાર્થક કેવી રીતે થઈ શકે એ માટે યાદવેન્દ્ર શ્રીકૃષ્ણનો દાખલો આપી એક સુંદર ઉદ્બોધન આપ્યું હતું. નૂતન આચાર્ય હેમસાગરજીસૂરિ તેમજ ઉપાધ્યાય દેવેન્દ્રસાગરજીએ પણ માનવ ધર્મ પર સુંદર સુચનાઓ કરી માનવજીવન સાર્થક કરવા પ્રસંગોચિત પ્રવચન કર્યાં હતા. અંતે પ. પૂ. આચાર્યશ્રી માણિક્યસાગરસૂરીશ્વરજીએ નૂતન આચાર્યો ઉપાધ્યાય તેમજ શ્રમણ સંઘ અને શ્રાવક-શ્રાવિકાઓને પોતાની ફરજો સમજી યોગ્ય રીતે બજાવી શ્રી સંઘનો ઉત્કર્ષ વધારવાનું સૂચન ટૂંકમાં જણાવ્યું હતું.

ત્યારબાદ નૂતન આચાર્યોને સકળ શ્રીસંઘે વંદના કરી હતી. અને સુરતના જૈનસંઘ તરફથી નગરશેઠ બાબુભાઇ તેમજ નેમુભાઇની વાડી તરફથી શેઠશ્રી

નવલભાઇએ, અને શેઠ શ્રી મંગલભાઇએ શાલો વિગેરે વસ્ત્ર પ્રદાનની શરૂઆત કરી હતી. એટલે માનવ મહાસાગરે માઝા મૂકી, અને નૂતન આચાર્યોને શાલો આદિ વસ્ત્ર પ્રદાનની વિધિ ખૂબ જોર શોરથી શરૂ થઈ, અને મહા મહેનતે પૂર્ણ થઈ.

ત્યારબાદ શ્રીફળની પ્રભાવના લઇ સર્વ સમુદાય વિખરાયો હતો.

બપોરે વાડીમાં અષ્ટોત્તરી શાન્તિ સ્નાત્ર પૂજા ભણાવી હતી. તેમાં સાધુ-સાધ્વી શ્રાવકની શ્રાવિકાઓનો મોટો સમુદાય ઉભરાયો હતો.

## નૂતન આચાર્યશ્રીની જીવન ઝરમર

નૂતન આચાર્ય શ્રીચંદ્રસાગરસૂરિજી મહારાજ સાહેબે સંવત ૧૯૮૪ માં દીક્ષા ગ્રહણ કરી હતી.

સંવત ૧૯૮૮માં પરમપૂજ્ય-ગુરુદેવ આનંદસાગર-સૂરીન્દ્રની પુનીત નિશ્રામાં સિદ્ધચક્રના નવે પદોથી ભવ્યાત્માઓને ભાવિત કરવા માટે શ્રીસિદ્ધચક્ર પત્રનું સંચાલન તેમના શુભ હસ્તે ચાલુ થયેલું કે જે હજીસુધી તેમના હસ્તેજ અખંડપણે ચાલી રહ્યું છે.

પૂજ્ય ચરિત્ર નેતાના ચાતુર્માસો સં. ૧૯૮૪નું અમદાવાદમાં, સં. ૧૯૮૫નું જામનગરનું, સં. ૧૯૮૬નું ખંભાતમાં, સં. ૧૯૮૭ નું ચાણસ્મામાં, સં. ૧૯૮૮ નું મુંબઈ લાલબાગમાં, સં. ૧૯૮૯ માં સુરતમાં, સં. ૧૯૯૦નું રતલામમાં, ૧૯૯૧ નું મહિદપુરમાં, સં. ૧૯૯૨ નું ઇન્દોરમાં, સં. ૧૯૯૩ નું ઉજ્જૈનમાં, સં. ૧૯૯૪ નું રાજગઢમાં, સં. ૧૯૯૫ નું અમદાવાદમાં, સં. ૧૯૯૬ નું પાલીતાણામાં, સં. ૧૯૯૭ નું મુંબાઇમાં ગોડીજીના ઉપાશ્રયમાં, સં. ૧૯૯૮ નું અમદાવાદમાં નાગજી ભૂદરની પોળમાં, સં. ૧૯૯૯ નું ખંભાતમાં, સં. ૨૦૦૦ નું મુંબાઇ ઘાટકોપરમાં, સં. ૨૦૦૧ માં મુંબાઈ અંધેરીમાં, સં. ૨૦૦૨નું સુરતમાં, સં. ૨૦૦૩નું શીરપુર (ખાનદેશ)માં, સં. ૨૦૦૪ અને ૨૦૦૫ નું સુરતમાં, સં. ૨૦૦૬ નું વડોદરા જાની શેરીમાં, આમ અનુક્રમે બાવીસ ચાતુર્માસો થયાં છે. તેઓશ્રીએ જ્યાં જ્યાં ચાતુર્માસો કર્યાં છે અને જ્યાં જ્યાં એઓશ્રી વિચર્યા છે; ત્યાં ત્યાં તેમની પ્રભાવશાળી પ્રેરણા પામીને ધર્મ માર્ગે આરૂઢ થયેલી વિશાળ જનતા હજી પણ તેમને ભૂલતી નથી.

## ચરિત્ર-નેતાની સાહિત્યસેવા

૧. અક્ષયનિધિ તપો મહાત્મ્ય, ૨ શ્રીહેમચંદ્રકૃતિ-કુસુમાવલી, ૩ શ્રીજિનચન્દ્ર—સુધાસ્યન્દિની, ૪ શ્રી બૃહદ્યોગવિધિ, ૫ શ્રીજીનચન્દ્રકાન્ત સુધા-સ્યંદિની, ૬ શ્રી વર્ધમાન તપોમહાત્મ્ય, ૭ શ્રી પંચપ્રતિક્રમણ સુત્રાણિવિધિયુક્ત, ૮ શ્રી સિદ્ધહેમચન્દ્ર શબ્દાનુશાસનમ્ (વ્યાકરણ), ૯ શ્રી સિરિવાલ ચરિત્તં, ૧૦ શ્રી તામ્રપત્રારૂઢ સિરિસિરિવાલ ચરિત્તં, ૧૧ શ્રી પંચાશક શાસ્ત્ર સારાંશ વિભાગ ૧ લો, ૧૨ શ્રી આનન્દ-ચન્દ્ર સુધાસિંધુ ભાગ ૧ લો, ૧૩ શ્રી પંચાશક શાસ્ત્ર સારાંશ ભાગ ૨, ૧૪ શ્રી વિંશતિ વિંશિકા સારાંશ, ૧૫ શ્રીવિંશતિ-વિંશિકા-રહસ્ય, ૧૬ શ્રી સિદ્ધહેમચન્દ્ર-શબ્દાનુશાસન બૃહદ્વૃત્તિ-અવચૂર્ણિ (વ્યાકરણ), ૧૭ શ્રી વીતરાગ સ્તોત્ર મૂળ અને અવચૂર્ણિનું ભાષાન્તર, ૧૮ શ્રી આગમોદ્ધારકશ્રીના ભગવતિ સૂત્રના પ્રથમ શતક ઉપરની દેશનાઓનું સંપાદન, ૧૯ તથા આઠમા શતક ઉપ-રના વ્યાખ્યાનોનું, સંપાદન અને પ્રસ્તાવના, ૨૦ શ્રી સક્ષામણક પાક્ષિક વૃત્તિ, ૨૧ શ્રી સૂત્રકૃતાંગ ભા. ૧ સટીક, ૨૨ આનંદચન્દ્રસુધાસિન્ધુ ભાગ ૨ આટલા ગ્રન્થો તો છપાઇ ગયા છે. તેમજ શ્રી સૂત્રકૃતાંગ ભાગ ૨ જો અને જ્ઞાનસૂત્ર સટીક પ્રેસમાં છપાઈ રહ્યા છે, શ્રીસિદ્ધચક્રમાં અગ્રલેખો અને સમાજ-હિતના ધાર્મિક વિશિષ્ટ લેખો લખી સાહિત્ય સેવા કરી છે, કરે છે.

આવેલ સંદેશાઓ વાંચ્યા બાદ મુનિશ્રી હંસ-સાગરજીએ આપેલ શાસન સેવા માટે શાસન-કંટકોદ્ધારકનું બીરૂદ આપવાનું સંઘમાં જાહેર થયેલું છે.

સદરહુ પદ્વીઓ નિમિત્તે અત્ર બીરાજમાન સ્વસમુ-દાયના અને પરસમુદાયના પૂજ્ય મુનિગણને તેમ પૂજ્ય-

સાધ્વીજી મહારાજાઓને પ. પૂ. આચાર્યદેવ-શ્રીચંદ્રસાગરસૂરીશ્વરજી મહારાજની પુણ્ય પ્રેરણાથી ઉત્તરાધ્યયન સૂત્ર ભાગ પહેલો ( ટીકાકાર શ્રીશાન્તિચંદ્ર ઉપાધ્યાય ) કીંમત રૂ. ૬), તથા આરાધના માર્ગ ભાગ ૧) કીંમત રૂ.૨ ), તથા શ્રીઆનંદચંદ્ર સુધાસિન્ધુ ભાગ ૨) કીંમત રૂ. ૩) આમ કિંમત રૂ. ૧૧) નાં પુસ્તકો, અનેકંબલ વિગેરે સાદર અર્પણ કરવામાં આવ્યાં છે, બહાર, પણ લાગતા વળગતા સાધુ સાધ્વીગણને પણ તેવીજ રીતે છુટથી અર્પણ કરવામાં આવ્યાં છે.

સ્વ પદવી નિમિત્તે પ. પૂ. આચાર્યદેવ શ્રી હેમસાગરસૂરીશ્વરજી મહારાજશ્રીની પુણ્ય પ્રેરણાથી શ્રીઆનંદ-સુધા-સિન્ધુ ભાગ બીજો કિંમત રૂા. ૩) નો ગ્રન્થ સર્વ સાધુ સાધ્વીગણને સાદર અર્પણ કરેલ છે. પૂજ્ય સાધુગણમાં કેટલાકને કંબલો સાદર અર્પણ કરેલ છે.

સદર પદ્વીઓ નિમિત્તે જીનમંદિરોના પૂજારીઓને, નોકરોને, મુનીમો તથા કેટલીક જૈન સંસ્થાઓના માણસોને, વાડીના ઉપાશ્રયના મુનીમશ્રીને, નોકરોને, સિદ્ધચક્ર પત્રના મુનીમશ્રીને, જૈન વિજય પ્રેસ, મહોદય પ્રીં. પ્રેસ, નિર્ણયસાગર પ્રેસના કંપોઝીટર આદિ માણસોને પણ યોગ્ય શીરપાવ આપવામાં આવેલ છે, બધા મલીને રૂા. ૧૫૦૦) ની આસપાસ શીરપાવ પૂ. ચરિત્ર નેતાની પ્રેરણાથી શ્રીસંઘે આપેલ છે.

બહારગામથી પધારેલ મહેમાનોની વ્યવસ્થા તેમ સભા મંડપોની વ્યવસ્થા સુરત જૈનસ્વયંસેવક મંડળે ઘણી સુંદર રીતે કરેલી. પદવીઓની ક્રિયા સમયે વિશાળ સમુહ ભેગો થયેલો હોવા છતાં, કોઈ પણ જાતનો ઘોંઘાટ થયો ન હતો. વિખરાતા સમુહને શ્રીફલ વગેરેની પ્રભાવના આપવામાં આવી હતી, તેમ જીવદયા અંગે ટીપ સારા પ્રમાણમાં થઇ હતી.

—૦—૦—

**સકલ-શ્રીસંઘ-નિયતસમયે પદ્વીઓ ઉપર બહારગામથી પણ આવી શકે તે હેતુથી મહા સુદિ ૩ નાદિને નીચે મુજબ આમંત્રણની કુંકુમ પત્રિકાઓ બહાર પાડવામાં આવી હતી.**

ૐ

श्रीताम्रपत्रजैनागममंदिरमंडन श्री महावीरस्वामीभ्यो नमोनमः

श्रीअनन्तनाथस्वामिने नमः

स्वयंभूरमणस्पर्द्धिकरुणारसवारिणा ।
अनन्तजिदनन्तां वः प्रयच्छतु सुखश्रियम् ॥

## श्रीआचार्य-पदारोपण महोत्सव-निमित्ते-

## श्रीसंघ-आमंत्रण-पत्रिका.

आदिमं पृथिवीनाथमादिमं निष्परिग्रहम् ।
आदिमं तीर्थनाथं च ऋषभस्वामिनं स्तुमः ॥१॥
श्रीमते वीरनाथाय सनाथायाद्भूतश्रिया ।
महानन्दसरोराजमरालायाऽर्हते नमः ॥२॥

लिप्ते पादयुते शिलागममहामंदिरसंस्थापकाः ।
ताम्रालेखयुतागमस्य भवनं सूर्ये पुरे संव्यधुः ॥३॥
गीतार्थेषु जिनेन्द्रशासनमहादंडेषु चूलारुपाः ।
तेजोभिर्विजयन्तु भूमिवलये आनन्दसूरीश्वराः ॥४॥

गीतार्थः शान्तमूर्तिः सकलबुधनुतो गच्छनेता प्रवीणः ।
तत्त्वानां पारगामी प्रवचनपटुभिः शिष्यवर्यैः समेतः ॥
मूलीसंस्थानराज्ञो जिनवरकथिते शास्त्रतत्त्वे रुचाकः ।
माणिक्यस्सागरान्तो बुध इह जयतां सूरिराजः समन्तात् ।५

विख्यातः शब्दशास्त्रे बुधजनमहितो धर्मभासेऽविषण्णः ।
स्याद्वादे शास्त्रतत्त्वे विवरणकुशलः शास्त्रव्याख्यासु विज्ञः ॥
व्याख्याने ख्यातकीर्तिः सरलविशदतया श्रोतृवर्गप्रबोधात् ।
पन्न्यासश्चन्द्रवार्धि विशदतरकलापूर्णचंद्रो जयेद्धि ॥६॥

સકલાગમસિદ્ધાન્તદોહનસ્વરુપં સર્વમન્ત્રતન્ત્રયન્ત્રા

ધિરાજરાજેશ્વરં-સકલસમીહિતપૂરકં સકલભવિજનમનો-વાંછિતપૂરકં અચિન્ત્યચિન્તામણિસદૃશં **શ્રીસિદ્ધચક્રં-**પ્રણમ્ય, જરાજર્જરીભૂતયાદવરોગનિવારકં શ્રી **શંખેશ્વર પાર્શ્વજિનં** વંદિત્વા, શ્રી **સુરત**નગરસ્થિત શ્રી **તામ્રપત્રાગમમંદિરે** શ્રી વર્દ્ધમાનજિનં પ્રણમ્ય, સ્વસ્તિશ્રી જિનમંદિરોપાશ્રયાદિધર્મદાનસ્થાનસુશોભિતે મહાપુણ્ય-સ્થાને શ્રી ____________ નગરે શ્રીદેવગુરૂભક્તિકારક નિર્મલસમ્યક્ક્રિયાકારક શ્રમણોપાસક શ્રાદ્ધગુણસંપન્ન.

શ્રીયુત ____________ આદિશ્રી સંઘ સમસ્ત યોગ્ય.

શ્રી સૂર્યપુર **(સુરત બંદરે)** થી લી. શ્રી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સકળ **શ્રીજૈનસંઘના** અતિ-બહુમાનસહ **જયજિનેન્દ્ર** વાંચશોજી. અત્ર દેવગુરૂધર્મની પ્રરમકૃપાથી શ્રી સકલસંઘમાં આનંદ મંગળ વર્તે છે. આપ સ્વધર્મીઓના પણ તેવી રીતે કુશળ સમાચારો ઇચ્છીએ છીએ.

વિ. વિ. સાથે અતિ આનન્દસહ આપ સર્વેને નિવેદન કરવાનું કે હમારા મહાન્ પુણ્યોદયે સ્વ. પૂજ્યપાદ પ્રાતઃસ્મરણીય શ્રી જિનશાસનસ્થંભ ગીતાર્થ-સાર્વભૌમ દેવસૂરતપોગચ્છસામાચારીસંરક્ષણૈકબદ્ધલક્ષ, વર્તમાનકાળે બહુશ્રુતધર, શૈલાનાનરેશપ્રતિબોધક, શ્રી પાદલિપ્તપુરે (પાલીતાણા નગરે) શ્રી વર્દ્ધમાનજૈનાગમ-મંદિરસંસ્થાપક શ્રી સૂર્યપુરે ( સુરત બંદરે ) અપૂર્વ શ્રી તામ્રપત્રાગમમંદિરસંસ્થાપક, અનેક ભવ્યાત્માઓના તારણહાર, આગમદિવાકર, આગમોદ્ધારક શ્રી આચાર્ય-દેવેશ શ્રી શ્રી શ્રી ૧૦૦૮ **શ્રી આનન્દસાગરસૂરીશ્વરજી** મહારાજના પુનીત સામ્રાજ્યે વર્તમાન ગચ્છાધિ-પતિ શાંતમૂર્તિ, મૂળીનરેશપ્રતિબોધક, આગમપ્રજ્ઞ, શ્રુતસ્થવિર, પરમપૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રી ૧૦૦૮ **શ્રી માણિક્યસાગરસૂરીશ્વરજી** મહારાજના આજ્ઞાવર્તી કલિકાલસર્વજ્ઞ **શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી** વિરચિત **શ્રી સિદ્ધહેમચન્દ્રાનુશાસન** ઉપર **આનન્દબોધિની** વૃત્તિના રચયિતા, શ્રી સિદ્ધચક્ર આરાધકસમાજ તથા શ્રી નવપદ આરાધક સમાજ નામની બંને સંસ્થાઓના સંસ્થાપક, શાસનપ્રભાવક શ્રીશ્રીપાલરાજાની પ્રાથમિક શ્રી સિદ્ધચક્રારાધનભૂમિરૂપ તીર્થ શ્રી **ઉજ્જયિનીમાં** આવેલ શ્રી સિદ્ધચક્રારાધનતીર્થના ઉદ્ધારક, પૂજ્યપાદ-પંન્યાસપ્રવર **શ્રીચન્દ્રસાગરજીગણીન્દ્ર મહારાજને** તેમના ગુણસમૂહથી પ્રેરાયલા શ્રી સુરત બંદરના શ્રી જૈન સંઘના આગેવાનોએ એકઠા મળીને શ્રી સુરત છાપરીયા શેરીમાં પં. **શ્રી દેવેન્દ્રસાગરજી મહારાજની** નિશ્રામાં વહન કરાયેલ શ્રી પંચમંગલમહા-શ્રુતસ્કંધસ્વરૂપ શ્રી ઉપધાનતપની આરાધનાને અંગે માલારોપણ પ્રસંગે, શ્રી ગુરૂમન્દિરની પ્રતિષ્ઠા અંગે ઉગ્ર વિહારથી પધારી રહેલા વચ્ચે અત્રેના શ્રી સંઘની આગ્રહભરી વિનંતિથી પધારેલા પૂજ્યપાદ શાસનપ્રભાવક શાંતમૂર્તિ શ્રી ૧૦૦૮ શ્રી આચાર્યદેવ **શ્રી માણિક્યસાગરસૂરીશ્વરજી** મહારાજ પાસે પૂ. પંન્યાસપ્રવર **શ્રીચન્દ્રસાગરજી મહારાજ** સાહેબને પંચપરમેષ્ઠિપદના ત્રીજા પદે સ્થાપન કરવાની યોગ્યતા વિચાર કરીને **આચાર્યપદાર્પણ** કરવા માટે તથા સમુદાયમાં જે જે યોગ્ય હોય તેને યોગ્ય પદવી આપવાની આગ્રહ ભરી વિનંતિ કરતા પૂજ્યપાદ આચાર્યદેવે પૂ. પંન્યાસપ્રવર **શ્રીચન્દ્રસાગરજી**ગણીને **આચાર્યપદારોપણ કરવાનો** અતિઆહ્લાદક નિર્ણય શ્રી ચતુર્વિધ સંઘ સમક્ષ જાહેર થતાં શ્રી સંઘમાં આનંદ મંગલ વ્યાપી ગયો હતો.

**શ્રીઆચાર્યપદ**પ્રદાનનું શુભ મુહૂર્ત **વિ. સં. ૨૦૦૭ ના મહા સુદ ૧૩ ને સોમવાર તા. ૧૯-૨-૫૧ નું** રાખેલું છે. તે અંગે સુરત ગોપીપુરામાં શેઠ નેમુભાઈની વાડીમાં આવેલા **શ્રીઅનંતનાથજી ભગવાનના દેહરાસરે** ભવ્ય અઠ્ઠાઇમહોત્સવ પણ થશે.

**મહોત્સવનો કાર્યક્રમ**

મહા સુદ ૬ સોમવાર તા. ૧૨-૨-૫૧ અઠ્ઠાઇમહોત્સ-પ્રારંભ તથા કુંભસ્થાપના બપોરના નવપદજીની પૂજા

મહા સુદ ૭ મંગળવાર તા. ૧૩-૨-૫૧ પંચ કલ્યાણકની પૂજા આંગી ભાવના

મહા સુદ ૮ બુધવાર તા. ૧૪-૨-૫૧ નવગ્રહ દશદિક્‌પાલ તથા અષ્ટ મંગલનું પૂજન

મહા સુદ ૯ ગુરૂવાર તા. ૧૫-૨-૫૧ પિસ્તાલીસ આગમની પૂજા

મહા સુદ ૧૦ શુક્રવાર તા. ૧૬-૨-૫૧ નવાણું પ્રકારની પૂજા

મહા સુદ ૧૧ શનિવાર તા. ૧૭-૨-૫૧ બાર વ્રતની પૂજા

મહા સુદ ૧૨ રવિવાર તા. ૧૮-૨-૫૧ સવારે-અંતરાયકર્મની પૂજા બપોરે જળયાત્રાનો ભવ્ય વરઘોડો.

મહા સુદ ૧૩ સોમવાર તા. ૧૯-૨-૫૧ સવારે કલાક ૮-૩૫ મિ. પૂ. આચાર્ય મહારાજશ્રીના વરદ હસ્તે પૂ. પંન્યાસ-પ્રવરશ્રીજીને **શ્રી આચાર્ય** પદાર્પણની મંગલમય ક્રિયા શરૂ થશે.

બપોરેઃ—ક. ૧૨-૩૦ મિ. બૃહત્ (અષ્ટોત્તરી) સ્નાત્ર પૂજા ભણાવાશે.

આ શુભ પ્રસંગ ઉપર પધારવા માટે અમારી આગ્રહભરી વિનંતિ છે.

અહીં પધારવાથી શ્રીસમ્યગ્દર્શનાદિ રત્નત્રયીના કારણભૂત સ્થાવરતીર્થ શ્રીવર્દ્ધમાન-જૈન-તામ્રપત્રાગમ મંદિર, પ્રગટ પ્રભાવી શ્રીસુરજમંડન પાર્શ્વનાથજી તથા અપૂર્વ ચમત્કારી શ્રી ચિંતામણી પાર્શ્વનાથજી વિગેરે અનેક તીર્થપતિ જિનેશ્વરોના ભવ્યજિનચૈત્યોના તથા શ્રી આગમોદ્ધારક ગુરૂમંદિરના તથા જંગમતીર્થરૂપ સ્વ. આગમોદ્ધારક આચાર્યદેવેશ શ્રી આનન્દસાગરસૂરીશ્વરજી મહારાજના પટ્ટપ્રભાવક ગચ્છાધિપતિ આચાર્ય મહારાજ શ્રી માણિક્યસાગરસૂરીશ્વરજી મહારાજ, તથા આ. શ્રી પ્રીતિચંદ્રસૂરિજી મ૦, વર્દ્ધમાન-તપોનિષ્ણાત-પંન્યાસપ્રવર-શ્રીચન્દ્રસાગરજી ગણિવર, તથા શાંતસ્વભાવી પૂ. પંન્યાસ—શ્રી હેમસાગરજી મહારાજ, તથા વ્યાખ્યાન-વાચસ્પતિ-પંન્યાસજી-શ્રીદેવેન્દ્રસાગરજી મહારાજ વિદ્વદ્વર્ય મુનિશ્રી જયસાગરજી મહારાજ તપસ્વી મુનિશ્રી શાંતિવિજયજી મહારાજ, મુનિશ્રી મુક્તિસાગરજી મ૦, મુનિશ્રી લક્ષ્મીસાગરજી મ૦, મુનિશ્રી જ્ઞાનસાગરજી મ૦, મુનિશ્રી ગુણસાગરજી મ૦, મુનિશ્રી ધર્મસાગરજી મ૦, મુનિશ્રી દર્શનસાગરજી મ૦, મુનિશ્રી ન્યાયસાગરજી મ૦, મુનિશ્રી ચિદાનંદસાગરજી મ૦, મુનિશ્રી કંચનવિજયજી મ૦, મુનિશ્રી ચંદનસાગરજી મ૦ મુનિશ્રી લબ્ધિસાગરજી મ૦ આદિ અનેક મુનિવરોના તથા સાધ્વીજી—શ્રીસૌભાગ્યશ્રીજી, તથા સાધ્વીજી શ્રી તિલકશ્રીજીના સમુદાયના સાધ્વીશ્રી સરસ્વતીશ્રીજી તથા સુમલયાશ્રી આદિ અનેક સાધ્વી મહારાજના દર્શન-વન્દન-ભક્તિનો લાભ મળવા ઉપરાંત અપૂર્વ વ્યાખ્યાન-વાણીનો પણ લાભ મળશે.

તે ઉપરાંત મહોત્સવ દરમ્યાન હંમેશા પૂજા ભાવના તેમજ નવનવી ભવ્ય અંગરચનાઓ કરાવવામાં આવશે. પૂજાભાવના માટે સંગીતરત્ન દીનાનાથભાઇ તથા વિધિવિધાન માટે ધર્માનુરાગી શ્રાદ્ધગુણસંપન્ન-શ્રીયુત બાલુભાઇ ઉત્તમચંદ હાજર રહેશે.

લી૦ **શ્રી સંઘ ચરણ કમલોપાસક**

નગરશેઠ બાબુભાઇ ગુલાબભાઈ
પાનાચંદ રૂપચંદ
સાકેરચંદ ખુશાલચંદ
ખીમચંદ કલ્યાણચંદ
મોતીચંદ ગુલાબચંદ
બાલુભાઇ ઉત્તમચંદ
કલ્યાણચંદ દેવચંદ
દલીચંદ વીરચંદ
મોહનલાલ મગનલાલ ઝવેરી
ફકીરચંદ મગનલાલ બદામી
મોહનલાલ મગનલાલ બદામી
ચીમનલાલ છગનલાલ કરાણી
જીવણલાલ કપુરજી
ભીખાભાઇ ધરમચંદ
ડાહ્યાભાઇ રતનચંદ
પાનાચંદ અમીચંદ

શા. મંગળભાઇ હીરાચંદ જવેરી
શા. તલકચંદ મંગળભાઈ જવેરી
સુગનચંદ સવદચંદ
નગીનચંદ જવેરચંદ
રાયચંદ ગુલાબચંદ અચ્છારીવાળા
નેમચંદ જીવણજી બાજીપરાવાળા
ગુલાબચંદ નગીનચંદ ઉસ્તાદ
ઉત્તમચંદ માનચંદ
ચુનીલાલ ગુલાબચંદ દાલીયા
મંછુભાઇ તલકચંદ
દીપચંદ સુરચંદ
મણીલાલ આણંદચંદ
હીરાભાઇ દીપચંદ
છગનલાલ ધનજીભાઈ
બાબુભાઇ માનચંદ સરકાર
ખુશાલદાસ તારાચંદ
લલ્લુભાઈ લાલચંદ સુખડીયા
શા. નવલચંદ ખીમચંદ જવેરી
જેકીશનદાસ લલ્લુભાઇ વખારીયા
શા. નગીનચંદ કપુરચંદ જરીવાલા
શા. ઠાકોરભાઇ દયાચંદ મલજી
શાન્તિભાઈ છગનભાઈ
પાનાચંદ સાકેરચંદ
મોતીચંદ કસ્તુરચંદ ચોકસી
કાન્તિલાલ જેકીશનદાસ વખારીયા
શા. ઝવેરચંદ પાનાજી બુહારીવાલા
રંગીલદાસ લાલચંદ
છગનલાલ મગનલાલ
છગનલાલ ચુનીલાલ
ડા૦ અમીચંદ છગનલાલ શાહ
નાનાભાઈ ચુનીલાલ
નગીનદાસ ચુનીલાલ
ગીરધરલાલ કસ્તુરચંદ
મગનલાલ ધનજીભાઇ
શા. માણેકચંદ જવેરચંદ
શા. ઘેલાભાઈ રાયચંદ
જયન્તિલાલ મણુપત્રરામ વખારીયા
ઠાકોરભાઇ મેલાપચંદ વકીલ
વીરચંદ હરજીવનદાસ
ચીમનલાલ જવેરચંદ
બાબુભાઇ ફકીરચંદ
નાનાભાઇ ભાઇચંદ
કાન્તીલાલ ખીમચંદ
બાલુભાઈ કપુરચંદ
રતનચંદ રાયચંદ
ખીમચંદ સ્વરૂપચંદ સંઘવી
ડાહ્યાભાઇ દુલાચંદ
અમીચંદ નવલચંદ
ડાહ્યાભાઇ ધનજીભાઇ
નાનચંદ સંઘજી
લાલાજી રામાજી

સ્થળઃ—**શ્રી નેમુભાઈની વાડીનો ઉપાશ્રય**
ગોપીપુરા—**સુરત.**
વીર સં. ૨૪૭૭ વિ. સં. ૨૦૦૭ મહા સુદ ૩ને શુક્રવાર
તા. ૯–૨–૫૧

**સુરતમાં આચાર્ય-ઉપાધ્યાય-પદ પ્રદાન—**
**સુવર્ણ મહોત્સવે**

# (અષ્ટાક્ષરી-કાવ્ય.)

**લેઃ-જીવણચંદ સાકરચંદ ઝવેરી.**

**આગમોદ્ધારકસૂરિ**—શિષ્ય **શ્રીચંદ્રસાગર,**
ભૂષિતા પદ લાલિત્યે, આચાર્યપદ પુંગવ. ૧
આયંબિલ તપે શૂરા, સિદ્ધચક્ર આરાધક,
આયંબિલ વર્ધમાન–ઓળી તપને સેવતા. ૨
ગણિ–પંન્યાસના પદે, વર્તમાને વિરાજતા,
સૂરિમંત્ર આરાધીને, સૂરિપદ શોભાવશે. ૩

સરસ્વતીસિરિમાયા, ને સ્વામિની-ત્રિભૂવન,
સૂરીન્દ્રો ગ્રહ દિક્પાલા, જક્ષકો ગણિપીટક. ૪
સૂરિપદ અધિષ્ઠાત, દેવતા જિનશાસન,
પદ લાલિત્ય દીપાવા, ધર્મબુદ્ધિ આશિષશે. ૫
'આગમોદ્ધારક'-પેરે, વિલસો જ્ઞાનદાનમાં !
"નિર્મોહી નિર્મમતા ! ને, નિરાકાંક્ષી સવિ રહો !" ૬
આચાર્યે પદ પાઠકે, પંન્યાસ દ્વિ મુનિવર,
દ્વિમૂર્તિ, સમ દ્વિબાહુ, તેજશે વામ-દક્ષિણે. ૭
ગણિ **શ્રીહેમઅભિધ**; ને, ગણિ **દેવેન્દ્રઅભિધશ્રી**,
ગચ્છાધિપ સૂરિશ્રીના, વરદહસ્તે પામતા. ૮
**આગમોદ્ધારક**-પદે, સૂરિ **માણિક્યસાગર**,
અવગાહી શ્રુતશાસ્ત્રો, પ્રતિભાજ્ઞાને દીપતા. ૯
શાંતમૂર્તિ તપોમૂર્તિ, રંગ સંવેગ રંગીત,
ગણાધીપસૂરિવર્ય, નિર્ગ્રંથ ગણશાસક. ૧૦
અર્જ સંઘ સુરતની, સ્વીકારી બહુમાનથી,
રોપશે પદ લાલિત્યે, રોપશે સંઘ સાક્ષિયે. ૧૧
વિશિષ્ટા એ સુરતની, અર્પી **આગમોદ્ધારકે**,
**ચંદ્ર-હેમસાગરને** પદવી સૂરિપાદની. ૧૨
**અનંતનાથની** છાયે, રાજે **'વાડી'**-ઉપાશ્રય,
ગોપીપરે સુરતમાં પાર્શ્વે **આગમમંદિર**. ૧૩
**સાગરાનંદને** અર્પી, ત્યાંહી **સાગર-ચંદ્રને**,
મુખ્ય શ્રાવક બંનેમાં, નગરશેઠ સંઘપતિ. ૧૪
એ હજાર (૨૦૦૦) વિક્રમના, શોભતો માઘ સાતનો (૭)
શીતઃગુણી શીતઃપક્ષ, શીતઃવાર ત્રયોદશી. ૧૫
**યાવચ્ચન્દ્ર-સાગરમાં**, પ્રતિબિંબે ઝળાં ઝળાં,
ત્યાંવચ્છી **સાગરાનંદ**,-વલ્લિ વિસ્તાર ભૂમિયે. ૧૬
પટ્ટભિષેકમોત્સવે. અંજલિ ભાવ ભીંજતી,
અર્પતો ગુરૂભક્તિથી, ફાલજે **'ચંદ્ર-જીવન'** ૧૭

મુંબઈ, તા: ૧૧-૨-૫૧ }
વસંત-પંચમી, ૨૦૦૭ } **જીવણચંદ સાકરચંદ ઝવેરી**

——(૦)——

# ટપાલથી અભિનંદનો આવેલા.

[ **નોંધ**—તે ટપાલની મુબારક નામાવલી આગળ આપવામાં આવેલી છે. તે મધ્યે (ટપાલમાંથી) થોડા ટપાલના ભાવાર્થ નીચે મુજબ છે. લી. **તંત્રી.** ]

તમો આચાર્ય ઉપાધ્યાય પદ ઉપર સ્થિત થઇ શાસનના શુભ કાર્યોમાં આગળ વધીને ધપો એજ ઇચ્છા.

**પ. પૂ. આ. વિજયકુમુદસુરીશ્વરજી મહારાજ કીઓલ.**

યોગ્યતાની કદર કરી તમો સર્વેએ સાગર સમુદાયની શોભા વધારી છે, પંન્યાસજી ચંદ્રસાગરજી ગણી આચાર્ય પદ્વીને યોગ્ય હતા અને છે, તેઓશ્રી આચાર્ય પદને ધારણ કરી સ્વપરનું કલ્યાણ કરો એજ એક આશા.

**પ. પૂ. આ. શ્રીકીર્તિસાગર સુરીશ્વરજી મહારાજ તથા પ. પૂ. મહોદયસાગરગણિવર મહારાજ પાલીતાણા.**

નૂતન થનાર આચાર્ય તથા ઉપાધ્યાય બંને પદવી ધારકોની હું ઘણા સાદર ભાવથી અનુમોદના કરૂં છું, ગુરૂદેવની પાછળ પદ્વીનો ભાર લઈ ગુરૂદેવની માફક સ્વ અને પર બંને ઉપર નજર રાખી શાસનના ધાર્મિક કાર્યો કરતા રહો.

**પ. પૂ. પંન્યાસ શ્રીમાન્ માનસાગરજી ગણિ ઉમેદા.**

આચાર્ય પદ્વી મહા મહા સુદિ ૧૩ ની થવાની છે તે જાણી બધા અત્રે ખુશી થયા છે. લાયકને લાયક પદ્વી મલવીજ જોઇએ. આ પદ્વી પામી આપ શાસનની અને સમુદાયની સેવા કરીને સ્વપર શ્રેય સાધો એમ અત્રે બધાની હાર્દિક ઇચ્છા છે." આવા પ્રસંગે અમો અત્રે છીએ તેથી ઘણું લાગી આવે છે. ત્યાં હાજરી કરતાં પણ આપ પૂ. ગુરૂવર્યની આજ્ઞાના

આરાધનમાં વિશેષ લાભ છે એમ જાણીને સંતોષ પામીએ છીએ.

પ. પૂ. પંન્યાસ શ્રીમાન્ હીરસાગરજી ગણિ
પ. પૂ. મુનિરાજ શ્રીસુબોધસાગરજી મહારાજ
પ. પૂ. મુનિરાજ શ્રીઅમુલ્યસાગરજી મહારાજ
પ. પૂ. મુનિરાજ શ્રીમનકસાગરજી મહારાજ
રામપુર (ભંકોડા)

---

"ભવોભવને માટે ઉપકારી એવા પરમપ્રભાવક ગુરૂદેવશ્રીના ત્રીજા પરમેષ્ઠિપદપ્રદાન જેવા છેલ્લામાં છેલ્લા ઉત્કટ મહોત્સવ પ્રસંગે અમોતો લાભ લેવામાંથી વંચિતજ રહેવાના સંજોગોમાં મૂકાયા છીએ, આપશ્રી (ગુરૂદેવ) મંગલ મુહૂર્તે સુરત પધારી અમારા ઘણા દિવસોના મનોરથોને ફલીભૂત બનાવવાના ત્રીજા પરમેષ્ઠી પદથી નિર્વિઘ્નપણે સત્વર વિભૂષિત થયાના મંગલ સમાચારની વરસાદની જેમ રાહ જોતા હાલ તો આ તરફ......વિચરશું." "પૂ. પં. શ્રી હેમસાગરજી મ. તથા પૂ. પં. શ્રી દેવેન્દ્રસાગરજી મ. ને પણ આ વખતે આચાર્ય પદથીજ વિભૂષિત કરી સમુદાયની ભરચક શોભા વધારવા મન પર ખાસ લેશો."

પૂ. મુનિરાજ શ્રીહંસસાગરજી મહારાજ
પૂ. મુનિરાજ શ્રીમુનીન્દ્રસાગરજી મહારાજ
પૂ. મુનિરાજ શ્રીનરેન્દ્રસાગરજી મહારાજ
પાલીતાણા.

---

આપશ્રીની આચાર્યપદ્વી સકલ સાધુ સમુદાય તેમ સકલ સંઘને કલ્યાણકારી થાઓ! તેમ આપની આચાર્યપદ્વી ઘણીજ યશસ્વી થાઓ! અને શ્રીસંઘના અનેકાનેક કાર્યો આપશ્રીના હસ્તે થાઓ! એજ શુભેચ્છા."

પૂ. મુનિરાજ શ્રી ચારિત્રસાગરજી મહારાજ
પૂ. મુનિરાજ શ્રી વિનયસાગરજી મહારાજ
પૂ. મુનિરાજ શ્રી ચંદ્રોદયસાગરજી મહારાજ
પૂ. મુનિરાજ શ્રી જીનેન્દ્રસાગરજી મહારાજ
અમદાવાદ-શાહપુર.

---

આપનું દીર્ઘાયુષ્ય થાઓ! શ્રુતજ્ઞાનમાં ખુબ ખુબ વધો, આપ સ્વપર શિષ્યોને પઠન-પાઠન-કરાવવામાં ખુબ ઉદ્યમશીલ થાઓ! શાસનોન્નતિના કાર્યો આપના હાથે ખુબ ખુબ થાઓ! હૃદયમાં ઉભરાતી હર્ષની આશિર્વાદોની મારી લાગણીઓનું વર્ણન જ્ઞાની સિવાય કોઇ કરી શકે તેમ નથી.

પૂ મુનિરાજ શ્રી સુરેન્દ્રસાગરજી મહારાજ
પૂ. મુનિરાજ શ્રી ધરણેંદ્રસાગરજી મહારાજ
વેજલપુર (પંચમહાલ)

---

આપ ખરેખર ચંદ્રમા છો! આપ સાગરકુલમાં ચમકો છો એટલુંજ નહી પણ આપે આપના તપ તેજરૂપ રશ્મિઓના છંટકાવથી આખા જૈન સમાજને ઉજ્વલ અને શાન્ત બનાવ્યો છે. હે! સાગરકુલેન્દુ! આપે અત્યાર સુધી તો આપે શ્રીમાનના શીતલ કીરણોનો આપેલો લાભ હવે સમસ્ત વિશ્વને મળશે એવી અમને સંપૂર્ણ આશા છે.

પૂ મુનિરાજ શ્રી વિજ્ઞાનસાગરજી મહારાજ
પૂ મુનિરાજ શ્રી શશિપ્રભસાગરજી મહારાજ
વડોદરા.

---

પ. પૂ. મુનિશ્રી ચન્દ્રપ્રભસાગરજી વિરચિત

**પાંચ શ્લોક (કુલક) દ્વારાએ આપેલું અભિનંદન.**

अविद्याध्वान्तानां नशनचतुरं शीतकिरणं, दधानो ज्ञानं यो भुवनविदितश्चन्द्रसदृशः। सदा सेव्यो श्लोकै र्विमलहृदयैस्तंप्रतिपलं, गुरुं वन्दे नित्यं भवजलधिपारं जिगमिषुः ॥ १ ॥ सम्प्राप्याहं करसरसिजेनाङ्कितं श्रीमदीयं, पयं मोदं सुकृतिवशतः संवहाम्यत्र स्वामिन्! । लौहं कर्तुं प्रभवति ये यः काञ्चनं पारदस्तं लब्ध्वारङ्को भवतलगतो मोदमानो यथास्ते ॥ २ ॥ अहूयाहं भुवनविदिता याऽस्तिविद्यापयोधिः, काशीनाम्नी नगरी विमला धीधनं न्यायविज्ञम् । तस्यास्तस्माद् गुरुवर! सदा शास्त्रचिन्तापरोऽहं । ध्यायं ध्यायं गुरुपदयुगं कालयापं करोमि ॥ ३ ॥ लोकाः समुपाश्रयन्ति हृदये संसारबन्धच्छिदं, कालस्यालघु चक्रचूर्णिततमाः पारं भवाब्धेररम् । यातु तस्य कृपाकटाक्षमनिशं सम्प्राप्य सर्वं मम, भव्यं भाति विभायन्तु सुधियो स्वल्पेन तन्मामं-

कम् ॥ ४ ॥ विज्ञे जने विलपनं न विभाति तस्मात्, संक्षेपतो बहु निदर्श्य भवत्तलमङ्गे । श्रीमत्कृपादलममीप्सुरहं मुदात्र, चन्द्रप्रभश्च विरमामि गुरो! प्रणम्य ॥ ५ ॥ अस्मिन् पुनितदिने मे वन्दनं सर्वे मुनिमण्डलेषु । अस्तु ।

પ-પૂ. મુનિરાજ શ્રી ચન્દ્રકાન્તસાગરજી તથા
પ-પૂ મુનિરાજ ચન્દ્રપ્રભસાગરજી મહારાજ
એલીસબ્રીજ, અમદાવાદ

લાયકને જરૂર પદ્દીપ્રદાન થવું જોઇએ, આગમોદ્ધારકશ્રીના પગલે ચાલી શાસનની ખોટી આપ નવીન સૂરીશ્વરો અને ઉપાધ્યાયજી મહારાજ પુરી પાડે તેવી અંતઃકરણની પ્રાર્થના.

પૂ મુનિરાજ-શ્રીશુભવિજયજી મહારાજ
મુંબઇ.

**શ્રી સંઘ ઉપર**—આ ઉત્સવ પ્રસંગ વર્ધમાન ઉત્સાહથી ઉજવાય અને સફળતાપૂર્વક પાર પડે એવી મારી અંતરની અભિલાષા વ્યક્ત કરૂં છું. શાસનદેવ આ શુભ કાર્યમાં સંપૂર્ણ સહાય કરો અને નૂતન આચાર્ય મહારાજને હાથે અને તેમના તપના પ્રાબલ્યથી શાસનના અનેક શુભ કાર્યો થાઓ અને શાસન જયવંતુ વર્તો.

શ્રીમાન્ સુરચંદભાઈ પુરૂષોત્તમદાસ બદામી
(માજી સ્મોલકોઝ સબ જજ)
મુંબઇ, શાંતિ સદન.

આ શુભ પ્રસંગથી ઘણા હૈયાંઓની ભાવના તૃપ્ત થઈ, આપ જેવા સુકાનીઓ શાસનની ધુરાને સંભાળી જૈન ધર્મનો વિજય ધ્વજ ફરકાવો એ પ્રભુ પ્રત્યે પ્રાર્થના. આપશ્રીની શાંતિપ્રિયતા, મધ્યસ્થદૃષ્ટિ, તપતેજસ્વિતા, શાસનસેવાની ઝંખના; અને ઉદારતા જરૂર સુંદર પરિણામ લાવશે.

નરોતમદાસ એ. કપાસી, એડવોકેટ,
મુંબાઈ.

તાર મોડો મલ્યો અને હું વિમાનમાં આવું તોજ સમયસર પહોંચી શકું. ઉત્સવ સફળ થાય તે માટે હું પ્રભુની પ્રાર્થના કરૂં છું. જૈન સંઘને અત્યારે આવા નેતાઓની જરૂર છે.

એચ એસ મોરડીઆ
સાહિત્યભૂષણ એડવોકેટ.
ઉદયપુર (રાજસ્થાન)

ઘાટકોપર મુકામે ચાતુર્માસ કરીને, ઘાટકોપરવાસી જૈનોને અને અજૈનોને આપની ઓજસ્વિની વાગ્ધારા દ્વારા દેશનાઓ આપીને વિસ્મય ચકિત બનાવ્યા હતા. "આપશ્રી આચાર્યપદથી વિભૂષિત થયા એ અમારો તો સીમાતીત આનંદનો વિષય છે." આપશ્રી શાસનને વધુ ને વધુ ગૌરવાન્વિત બનાવો એ શાસનદેવ પ્રતિ પ્રાર્થના.

માવજી દામજી શાહ
ઘાટકોપર.

તે માટે (આચાર્યપદ માટે) જાણી હમારે બધાંને ઘણોજ આનંદ થયો છે. હમારી તેમાં સંપૂર્ણ સહાનુભૂતિ છે. કારણ કે મહારાજ સાહેબના પરિચયમાં હું ઘણાં વર્ષોથી આવેલો છું, ને હમારા મુંબઈ આયંબિલ ખાતાને પગભર કરવા ઘણીજ મહેનત લીધી હતી તેમજ તેમના હાથ નીચેના ઘણાં સેક્રેટરીઓએ ભાગવતી પ્રવ્રજ્યા લીધી છે, છેવટમાં ઇચ્છું છું કે જે તેઓ જ્ઞાનમાં દિન પ્રતિદિન આગળ વધે અને પોતાના ઉપર સંઘે જે જવાબદારી નાંખી છે તે સંપૂર્ણ રીતે પાર પાડે તેમ ઇચ્છું છું.

શેઠ પ્રેમજીભાઇ નાગરદાસ (પાલીતાણા)
કોટ, મુંબઈ.

આચાર્ય પદ્દીઓ અને ઉપાધ્યાય પદ્દી નિર્વિઘ્ને પરિપૂર્ણ થયાના સમાચાર જાણી બહુજ આનંદીત થયો છું શાસનદેવો એ પ્રાપ્ત પદો દીપાવવા ખૂબ બળ અર્પો એવી અભ્યર્થના છે.

જીવણચંદ સાકરચંદ ઝવેરી
મુંબઈ સેંડહર્સ્ટ રોડ.

આપ જેવા સુયોગ્ય એ પદ્દીને સારી રીતે શોભાવી

શ્રીસંઘની અધિકાધિક સેવા બજાવશો એવી સંપૂર્ણ આશા છે.

પંડિતવર્ય લાલચન્દ્ર ભગવાનદાસ ગાંધી
અર્ધમાગધીના મુંબઈ યુનિવર્સિટીના પોસ્ટગ્રેજ્યુએટ
અધ્યાપક જૈન પંડિત પ્રાચ્યવિદ્યા મંદિર, વડોદરા.

---

પરમોપકારી આગમોદ્ધારક શ્રી ગુરૂમહારાજકે પાટકી દિનોદિન અધિક શોભા-વ અધિકાધિક તેજ પરમશ્રુત પ્રભાવક બનકર શાસનકી તરક્કી આપ સાહબસેં હોતી રહે વહ પાર્થના હૈ.

ઉદયપુર-કોઠારી મદનસિંહજી
(રાજસ્થાન)

---

આપને શિરે શાસનની જવાબદારીનો આચાર્યપદ રૂપ મુકુટ ધારણ કરાવવાનું નિયત જાણી આનંદ, એક સમર્થ પ્રભાવકને શિર એ જવાબદારીથી શાસનને લાભ થાય એ અભિલાષા.

ભીખાભાઇ છગનલાલ શાહ
અમદાવાદ-રીચીરોડ.

---

આપ જેવા સરલ સુહૃદયી વિદ્વદ્રત્ન સંત પુરૂષને આચાર્ય પદ્વી-નવકાર મંત્રનું ત્રીજું પદ મહારત્ન પ્રાપ્ત થનાર છે. ધન્ય છે આજનો દિવસ આપના પવિત્ર હસ્તથી જૈન શાસનના મહાન શુભ કાર્યો થાઓ એ માંગલિક ભાવના.

ગુલાબચંદ લલ્લુભાઇ શાહ
દાણાપીઠ મહોદય પ્રીં. પ્રેસ-ભાવનગર.

---

આપની આચાર્ય પદ્વીના શુભ સમાચાર સાંભળી ઘણોજ આનંદ થયો છે, સોનું ને સુવાસ એ ભેગાં મલ્યાં છે. આપના પુનિત હસ્તે શાસનનો ઉદ્ધાર થાઓ એજ હૃદય ઇચ્છા.

શંકરલાલ ડાહ્યાભાઈ શાહ
મુંબઈ-કોટ.

---

સુરતના શ્રી સંઘે પૂજ્ય જ્ઞાની શાસ્ત્રવિશારદ શાંતમૂર્તિ પં. શ્રી ચંદ્રસાગરજી ગણીવરને આચાર્ય પદ આપવાનો જે નિરધાર કર્યો છે તે સ્તુત્ય છે, શાસનમાં લાયક મહાપુરૂષને લાયક પદ્વી આપવાનો સુવિચાર અનુમોદનીય છે.

ડૉ૦ ચંદુલાલ મગનલાલ રાજવૈદ્ય
અમદાવાદ-કાલુપુર.

---

યોગ્ય મહાત્મા જેવા આપશ્રીને યોગ્ય પદ્વી મલી જાણી અમારા હર્ષનો પાર રહ્યો નથી. આપ આચાર્યદેવ થઇ અમારા જેવા મુમુક્ષોને તારશો એવી પરમાત્મા પ્રત્યે પ્રાર્થના.

સોભાગચંદ કુંવરજી વારૈયા.
પુના કેમ્પ-સાચાપીર સ્ટ્રીટ

---

પૂજ્ય પંન્યાસજી મહારાજશ્રી ચંદ્રસાગર ગણીવર સાહેબે શાસનની જે સેવા બજાવી તથા અન્ય શુભ કાર્યો કરી બતાવ્યા તેના ગુણોને આકર્ષાઇ સકળ સંઘે જે આપને આચાર્યપદ્વી અર્પણ કરી તે જાણી ઘણોજ આનંદ થયો છે.

શા. અમૃતલાલ ઉત્તમચંદ
વીશનગર-ઉ ગુજરાત.

---

યહાંકે સમસ્ત સંઘકી ઓરસે આચાર્યદેવ નૂતનકો તથા ઉપાધ્યાય પ્રવરકો હૃદયસે. ઇસ મંગલમય કાર્યકા અભિનંદન હૈ. શાસનકી પ્રભાવનાકે લિયે યોગ્યકો યોગ્ય શાસનકા ભાર દીયા હૈ.

શ્રી જૈન શ્વેતામ્બર મંદિર વ્યવસ્થાપક કમેટી
આગર (મધ્ય ભારત)

---

હવે આપશ્રી ઉપર વધુ જોખમદારી આવી છે. અમે તો પુનઃ પુનઃ પ્રાર્થીએ છીએ કે આપશ્રી શાસનની રક્ષા કરવામાં વિજયવંત થઇ સંઘને આભારી કરશો, એજ પ્રાર્થના શાસનદેવ પ્રત્યે છે.

શ્રી ચંદનમલ નાગોરી
છોટીસાદડી (મેવાડ)

---

આપની આચાર્યપદ્વીનો ઉત્સવ સુરતનો સંઘ ઉજવિ શકયો તે તેઓનું મહદ્ભાગ્ય ગણાય. ખરેખર આપશ્રી તે પદ્વી માટે યોગ્યજ હતા. પરમેષ્ઠીપદના ત્રીજા પદેસ્થીત થયેલા આપશ્રી શાસનના મહદ્ કાર્યો

કરો અને આપની ઉજ્વલ કીર્તિ ચોમેર વિસ્તરો એવી શાસનદેવો પ્રત્યે અભ્યર્થના.

કાન્તિલાલ હરજીવનદાસ શાહ
ખેડા-ગુજરાત.

---

આપ જે રીતે સમસ્ત સંઘને દોરવણી આપી રહ્યા છો તેજ રીતે દોરવણી આપી ઉત્તરોત્તર ઉચ્ચ કોટીએ લઇ જવા પ્રયત્ન કરશોજી.

શા ચંદુલાલ ખીમચંદ
પોસ્ટ-સ્ટે. ઇટોલા.

---

પંન્યાસ પ્રવરશ્રી ચંદ્રસાગરજી ગણીન્દ્ર મહારાજ સાહેબને આચાર્ય પદ્દી અપાય છે તે ઘણુંજ ઇષ્ટ છે. કારણ કે પંન્યાસ પ્રવરશ્રી મહાગુણવાન છે, એમનું જીવન ઘણુંજ પવિત્ર છે. એમનામાં સાદાઇ, સરલતા, ગાંભિર્ય, શાસ્ત્રોનો ઉંડો અભ્યાસ, ક્રિયામાં અભિરૂચિ, વ્યાખ્યાન કરવાની કળા, પરમશાંતિ અને અખંડ બ્રહ્મચર્ય, વગેરે મહાપવિત્ર ગુણો નિવાસ કરીને રહેલા છે. આ મહાપુરૂષની લાયક કદર કરે છે એ માટે સુરતના સંઘને સવિનય ધન્યવાદ આપું છું.

ગોકુલદાસ નાનજીભાઇ રાજકોટ.

---

આપ શાસન પ્રભાવનાના કાર્યો કરી ધર્મધ્વજને ફરકાવો ! એજ મહેચ્છા.

નગીનદાસ કેવલદાસ
જેસલમેર.

---

પૂજ્ય આગમોદ્ધારક આચાર્ય દેવેશ સાગરાનંદ સૂરીશ્વરજી મહારાજના શિષ્ય-પ્રશિષ્યને પૂજ્ય સદ્દગત આચાર્ય દેવેશના પટ્ટધર પૂજ્ય આચાર્ય શ્રીમદ્દ માણિક્યસાગર સુરિશ્વરજીના વરદ હસ્તે પદ્દી પ્રદાન કરાવવાના સુરતના સકળ સંઘના મહોત્સવ પ્રસંગે નવીન પદ્દીધરોને શ્રી જૈન સંસ્કૃતિ રક્ષક સભા તરફથી અભિનંદન અર્પતા મને અતિ ઉલ્લાસ થાય એ સ્વભાવિકજ છે. પરંતુ સાથોસાથ હિંદ ભરના આપણા પૂજ્ય આચાર્યદેવાદિશ્રીશ્રમણસંઘને અત્યંત આગ્રહ પૂર્વક વિજ્ઞપ્તિ કરતા, આપ પૂજ્યોને અને તેમાં ખાસ કરીને નૂતન આચાર્ય શ્રીમદ્ચંદ્રસાગર સુરીશ્વરજીને પણ મારી નમ્ર વિનંતી છે કે: આપણા શાસન અને આપણી ધાર્મિક પ્રણાલિકાઓને સરકાર કાયદાઓનાં બંધનોથી જકડી રહેલ છે. તેનું નિવારણ કરવામાં આપશ્રી સક્રિય ફાળો આપી શાસનની છીન્ન-ભિન્નતા થતી અટકાવવામાં અગ્રણીય ભાગ લેવા કટીબદ્ધ બનો.

તા: ૨૦૦૭ ના મહા સુદિ ૧૩ સોમવાર
(પદ્દી-પ્રદાન મહોત્સવ દિન)

લક્ષ્મીચંદ પ્રેમચંદ શાહ
મંત્રી-શ્રી જૈન સંસ્કૃતિ રક્ષક સભા.

---

**ભરૂચ વેજલપોરમાં** ૨૦૦૭ ના પોષ વદ ૩ ના દિને નવા દેરાસરમાં (ધર્મશાળામાં) ભગવાનને બિરાજમાન કરવામાં ઘણાજ ઉત્સાહ અને આડંબર રીતે ભવ્ય વરઘોડા સાથે શેઠ છગનલાલ વીરચંદ કાપડીયાના શુભ હસ્તે બિરાજમાન કરવામાં આવ્યા હતા અને શ્રીફલની પ્રભાવના તથા સત્તર ભેદી પુજા વીગેરે આખા દિવસનો તમામ ખર્ચ છગનલાલ વીરચંદભાઈ તરફથી થયેલ હતો તેમ આંગી વિગેરે સારી રીતે રચના થઇ હતી. તેમ ગવૈયા વડોદરા વિગેરેથી સંગીતકાર સાથે પુજા ઠાઠથી ભણાવવામાં આવેલ હતી અને સઘળે આનંદથી આખો દિવસ પસાર કર્યો હતો તેમ ઘીની ઉપજમાં મુખ્ય ભગવાનને બિરાજમાન ઘી મણ ૮૧) તથા બાકીનું મણ ત્રીસ આશરે થઈ હતી.

---

આ સિવાય શ્રી આણંદજી કલ્યાણજીની પેઢી, શેઠશ્રી રોશનલાલ ચતુરભાઇ ઉદયપુર, બેન્ક ઓફ બીકાનેર મેનેજર રમણભાઇ અમદાવાદ, નવલચંદ પુંજીરામ ખેરવા, સંઘવી ચીમનલાલ કસ્તુરચંદ કાંદીવલી, મુનિરાજશ્રી લક્ષ્મીવિજયજી, મુનિરાજશ્રી મનકવિજયજી ખંભાત, શેઠ ચીમનલાલ ભાઇલાલ અંધેરી, શીવલાલ કુલચંદ શાહ ચાણસ્મા, શેઠ ગોવિંદજી ખીમજી ધુલીઆ ખાનદેશ,

શેઠ અમૃતલાલ કાલીદાસ શેર દલાલ અમદાવાદ, જૈન સંઘ ડભોઇ, ભાઇચંદ ગુલાબચંદ ઝવેરી મુંબઇ, વૈદરાજ શ્રી શાન્તિલાલ જમનાદાસ વડોદરા, સાધ્વીજી મહારાજશ્રી તિલકશ્રીજી આદિ ઠાણા અમદાવાદ, મહેન્દ્રકુમાર વીરચંદ ઇન્દોર વગેરે અનેક સ્થળોથી પૂજ્ય સંયમીઓના તેમ શ્રાદ્ધવર્યોના અનેક અભિનંદનપત્રો આવ્યા હતા.

——(૦)——

## વિનંતિ.

કાર્ય વ્યવસાય વધુ હોવાને લઇને અને ઘણા ટુંકા સમયને લીધે આચાર્યપદીઓ અને ઉપાધ્યાય પદીના આવેલ અભિનંદનના તારો અને પત્રોનો જુવાબ લખતાં રહી ગયા હોય તો તે માટે ક્ષમા યાચું છું.

લિ૦ **ચંદનસાગર.**

---

## સાદર ભેટ.

આગમોદ્ધારક સંસ્થા સુરત તરફથી થયેલા ઉપધાનમાંથી રૂા. ૧૬૫-૩-૦ ભેટ મલ્યા છે તેનો સાદર સ્વીકાર કરીએ છીએ.

તંત્રી **સ્થાનેથી.**

—(૦)—(૦)—

# વિહાર

**સુરત** ગોપીપરા **શ્રી** નેમુભાઇની વાડીયેથી **પ. પૂ. આચાર્ય દેવ શ્રીમચ્ચન્દ્રસાગર સૂરીશ્વરજી મહારાજ, તેઓશ્રીના પરમ વિનેય પ. પૂ. ઉપાધ્યાયજી** મહારાજ શ્રીદેવેન્દ્રસાગરજી **તથા સ્થવિર મુનિ શ્રી** જ્ઞાનસાગરજી મહારાજ **તેમ** તપસ્વી **મુનિશ્રી** ધર્મસાગરજી મહારાજ આદિ ઠાણા ૨૦ નો મહા વદી ૭ ના મંગલ પ્રભાતે પાલીતાણા જવા માટે વિહાર થતાં પૂજ્ય મુનિરાજો, સાધ્વીજી મહારાજાઓ અને શ્રાવકવર્ગો શ્રાવિકાઓનો વિશાળ સમુહ વળાવવા ગયેલો હતો. પ્રથમ ગોપીપુરામાં અને બીજી વખત તાપીના પૂલ નજીક સર્વેને માંગલિક સંભળાવ્યું હતું તેમ પચ્ચખાણો કરાવ્યા હતા.

શ્રીરાંદેર સંઘની અતિ આગ્રહભરી વિનંતિને માન આપી સર્વે ઠાણાં રાંદેર પધારતાં શ્રીસંઘે વાજતે ગાજતે પ્રવેશ કરાવ્યો હતો. ઘણા સ્થાને ગહુંલીઓ વગેરે થયેલ હતી. વ્યાખ્યાન, પૂજા, પ્રભાવના વગેરે કાર્યો સારાં થયા હતાં શ્રીસંઘના ખુબ આગ્રહથી ત્રણ દિવસનું ત્યાં રોકાણ થયેલ હતું, અને સુરતથી ઘણા શ્રદ્ધાળુઓ વંદના માટે આવ્યા હતા.

વદી ૧૦ ની સાંજે વરીઆવ દર્શનાર્થે જઇ ત્યાં રાત્રી ગાળી વદી ૧૧ના દિને સાયણ પધાર્યા હતા, વદી ૧૨ ના દીને કીમ પધારતા શ્રીસંઘે યોગ્ય સ્વાગત કર્યું હતું, તેમ પ્રભાવના આદિ કર્યાં હતાં કોસંબા મુકામે પણ સુરતથી ઘણા ભાવિકો વંદનાર્થે આવ્યા હતા સુદિ ૧ ના ભરૂચ વેજલપોરના ઉપાશ્રયે પધારતાં વેજલપોરના શ્રીસંઘે ઠેઠ શ્રીમાલીપોળથી વાજતે ગાજતે પ્રવેશ કરાવેલ છે. રસ્તામાં સ્થાને સ્થાને ગહુંલીઓ થઇ હતી. પ્રાથમિક મંગલાચરણ સાંભળી સર્વે પ્રભાવના લઇ ઘેર ગયા પૂ. આચાર્યદેવ ચૈત્ર સુદિમાં સર્વે ઠાણાં સાથે પાલીતાણા પધારવા વકી છે. વિહારમાં તપસ્વી મુનિરાજ શ્રીધર્મસાગરજી મહારાજને શ્રીભગવતીના જોગ ચાલુ છે.

卐

# બિરૂદ સમર્પણ

પરમપૂજ્ય આગમોદ્ધારક આચાર્યશ્રી સાગરાનંદસૂરીશ્વરજી મહારાજની ઇચ્છાને માન આપીને પૂજ્ય આચાર્યશ્રી ચન્દ્રસાગરસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન **મુનિશ્રી હંસસાગરજી મહારાજને** (સુરત મુકામે તેઓશ્રીના સમુદાયના એકઠા થએલા ૬૩ મુનિવરોની સંમતિ પૂર્વકની શ્રી સુરત સંઘની જાહેરાત મુજબ) પૂજ્ય આચાર્યશ્રી માણિકયસાગરસૂરીશ્વરજી મ૦ ની આજ્ઞાથી પાલીતાણા મોતી કડીયાનો મેડીના વિશાળ હોલમાં શ્રી પાલીતાણા જૈન મોટી ટોળી સંઘ તરફથી અનેક ગામોના સંભાવિત સદ્‌ગૃહસ્થો વિગેરે હજાર ઉપરાંત માનવમેદનીના ઉલ્લાસ વચ્ચે મહા વદી ૫ ની સવારે સાડા દસ વાગે **'શાસનકંટકોદ્ધારક'** બિરૂદ ઠાઠથી અપાયું હતું. આ પ્રસંગે સાધુ-સાધ્વીજીની સંખ્યા સારા પ્રમાણમાં હતી. અનેક વકતાઓએ પ્રસંગને અનુકુળ રોમાંચક વકતવ્યો કર્યા હતા.

શ્રી ચતુર્વિધ સંઘે શાસનદેવના જયનાદ પૂર્વક વાસક્ષેપ કર્યા બાદ બિરૂદદાતા પૂજ્ય ચારિત્રવૃદ્ધ મુનિરાજ શ્રી અમરવિજયજી મહારાજ તથા બિરૂદધારી પૂજ્ય મુનિરાજ શ્રી હંસસાગરજી મહારાજને મોટી ટોળી તરફથી કિંમતી કામળો ઓઢાડવામાં આવેલ. અંતે પેંડાની પ્રભાવના થએલ અને પાઠશાળાનાં ૩૦૦ બાળકોને રૂપીઆ રૂપીઆની પ્રભાવના થએલ. ગામમાં બંને દેરાસરે દરેક પ્રભુજીને ભવ્ય અંગ રચના થએલ તેમજ રાત્રે ભાવના, પ્રભાવના, રોશની વિગેરે ધર્માનુષ્ઠાનો ઉજવાએલ.

---

( ટાઇટલ પેજ ૪ થી ચાલુ )

૮૯૧. કલ્ચર મોતી અને જીવન મોતી, ઇમીટેશન હીરો અને સાચો હીરો; આ ઉભય પ્રસંગમાં બોલાતું મોતી અને હીરો નામથી અને આકારથી સરખો હોવા છતાં બંન્નેની કિંમતમાં અને તેજમાં ફરક હોય છે; તેવીજ રીતે જ્ઞાન નામથી અને આકારથી એક સરખું હોવા છતાં કહેવાતું વ્યાવહારિક જ્ઞાન નરકાદિ દુર્ગતિએ પહોંચાડનાર છે, અને શાસનમાન્ય શ્રદ્ધાથી વાસિત થયેલું જ્ઞાન સદ્‌ગતિએ તથા પરંપરાએ કેવળજ્ઞાનને મોક્ષ અપાવે છે, માટે કયું જ્ઞાન લાભદાયિ છે ?, એ વિવેકિયોને સમજાવવું પડે તેમ નથી.

૮૯૨. એકજ પ્રકારની આપત્તિઓમાં સપડાયેલા અજ્ઞાનીને અને જ્ઞાનીને તે આપત્તિઓ એક સરખી અસર કરતી નથી; કારણ કે અસર કરવામાં અજ્ઞાન અને જ્ઞાન અવશ્યમેવ ભાગ ભજવે છે.

૮૯૩. પોલાદની તલવારથી શરીર છેદાય છે, અને વાણીથી મર્મસ્થાન છેદાય છે; છતાં શરીરનો છેદાયેલ ભાગ અલ્પ સમયમાં રૂઝાય છે, પરંતુ વાણીનો ઘા મરણ પર્યંત અગર ભવાન્તરમાં પણ રૂઝાતો નથી

# સુધા-વર્ષા.

આલેખનકારઃ—પૂ. પંન્યાસ-પ્રવર-શ્રીચન્દ્રસાગરજી-ગણીન્દ્ર મહારાજ.

૮૮૫. જૈન-ધર્મના સિદ્ધાંતોની સરિતાના અસ્ખલિત-વ્હેણો એટલાં બધાં વિશાળ અને નિર્મળ છે કે હરકોઇ નાત-જાત કુળનો વ્યકિત એ વ્હેણોમાં પોતાનાં પાપો ધોઇને વિના સંકોચે નિર્મળ થઇ શકે છે.

૮૮૬. જે જીવો જે સ્થિતિમાં મદોન્મત્ત બન્યા, તે જીવો મદોન્મત્ત અવસ્થામાં હલકી સ્થિતિ સંપન્ન જીવોને-ધિક્કારે છે, અને તે ધિક્કારનું પરિણામ એ આવે છે કે ધિક્કારનારને ધિક્કારેલી સ્થિતિમાં ભાવિ જીવન જીવવું પડે છે; તે માટે વિચારકે અવિહડ શ્રદ્ધાળુ શ્રેણિકના અને આસન્નોપકારિ-અંતિમ-વીર વિભુના પૂર્વભવનું અવલોકન કરવું આવશ્યક છે.

૮૮૭ પૂર્વકાળમાં હિમાલયથી શરૂ કરીને કન્યાકુમારી સુધી જૈન-ધર્મના સર્વજ્ઞભાષિત-સર્વમાન્ય સિદ્ધાંતોની સરિતાઓનાં જે અસ્ખલિત-વ્હેણો વ્હેતાં હતાં, તે આજે એક બંધિઆર સરોવર નહિં પણ એક નાના છીછરા-તળાવનું સ્વરૂપ ધારણ કર્યું છે; તેનું કારણ શું ?, આ પ્રશ્નના સમાધાનમાં સમજુ-વિચારકોએ સમજવાની જરૂર છે કે-દેશભરના નગર-શહેર અને ગામડે ગામડે શ્રમણ ભગવંતોના વિહારની અતીવ ઓછાશ, વિહારને અનુકૂળ સાધન-સામગ્રી-સંયોગોની પ્રતિકૂળતાને લીધે વિહારનો સંકોચ; અને સર્વજ્ઞકથિત-સર્વમાન્ય સિદ્ધાંતોનો અતીવ મન્દ-પ્રચાર.

૮૮૮ બ્રીટીશ સત્તાધીશોએ ધર્મસ્થાનોમાં, ધર્મની મિલ્કતોમાં અને ધર્મની રહેણીમાં કે કહેણીમાં સીધી કે આડકતરી રીતિએ માથું માર્યુંજ નહોતું; પણ જ્યારે જ્યારે અખતરારૂપે તેમાં માથું મારવાનો પ્રયત્ન કર્યો છે ત્યારે ત્યારે તેઓને અતીવ કડવો અનુભવ કરવો પડયો છે, એ ઐતિહાસિક-પ્રસંગોને આજની સરકારે સ્મૃતિપથમાં લાવવાની જરૂર છે.

૮૮૯. સંઘની વતી વહીવટ કરનાર-વ્યક્તિઓએ વહીવટ કરવાના અવસરે શાસનમાન્ય આચાર્યો-શાસ્ત્રો અને પરંપરાને અનુસરીનેજ વહીવટ કરવાને બંધાયેલા છે, અને તેમાંજ તેઓનું હિત સમાયેલું છે.

૮૯૦. ચતુર્વિધ સંઘને હિતકર-શાસનમાન્ય મૂર્તિઓને અને મંદિરોને નહિં માનનારા એક બે સ્થાનકવાસિ-સુધારકોની સલાહને અનુસરીને ધર્મની મૂળ પ્રણાલિકાઓના વિઘાતક-રૂપ કાયદાઓ ઘડીને અને તેનો અમલ કરાવીને સમસ્ત જૈન પ્રજાના ધાર્મિક હૃદયોને ઘાયલ કરવાનું સાહસ આજની સરકાર ખેડી રહી છે.

(વધુ માટે જુઓ ટાઇટલ પેજ ૩ જું.)

મુદ્રકઃ—મૂલચંદ કસનદાસ કાપડીયા, "જૈન વિજય" પ્રિન્ટીંગ પ્રેસ-ગાંધીચોક, સુરત.
પ્રકાશકઃ—તંત્રી-પાનાચંદ રૂપચંદ ઝવેરી, શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, લાલબાગ, ભુલેશ્વર-મુંબઈ.

श्रीमहावीर जैन आराधना केन्द्र
कोबा (गांधीनगर) पि ३८२००९

# શ્રી સિદ્ધચક્ર.

વર્ષ-૧૭-અંક-૭-મો. ચૈત્ર-માસ. તા. ૧૭-૪-૫૧.

ॐ नमः सिद्धचक्राय शाश्वतानन्ददायिने ।
सर्वमन्त्रेष्वयं मन्त्रोऽचिन्त्यचिन्तामणीयते ॥१॥ आ० बो० मङ्गलम् ॥

ભાવાર્થ:—સર્વ-મન્ત્રોને વિષે આ મન્ત્ર અચિન્ત્ય-ચિન્તામણિની જેમ આચરણ કરે છે. માટે શાશ્વત-આનન્દને દેનારા શ્રીસિદ્ધચક્રને નમસ્કાર થાઓ. —સુધાવર્ષી.

## શાશ્વત આરાધના અને વર્ષીતપ.

આલેખનકાર:—પૂજ્ય-આચાર્યદેવ શ્રીચન્દ્રસાગરસૂરિવર્ય મહારાજજી.

ચૈત્ર સુદ ૫ થી ચૈત્ર સુદ ૧૫ સુધીના નવ દિવસોની આરાધનાને શાશ્વત આરાધના અગર શાશ્વત ઓળીની આરાધના કહેવાય છે, કારણ કે આ આરાધનાની ગોઠવણી એવી અપૂર્વ છે કે વ્યક્તિરંગના રાગથી રંગાઇ ગયેલાઓના રંગરાગને જડમૂળમાંથી નાબુદ કરવાનું પરમ રસાયણરૂપ આ અમૃતમય **આરાધન** ઔષધ છે. આ આરાધના કરનારાઓ આ આરાધનાની ઉંડાણમાં જઇને નામ પરત્વેના, ક્ષેત્ર પરત્વેના, અવસ્થા પરત્વેના, અને કાળ પરત્વેના ભેદો ભૂલીને તેને પરમેષ્ઠિપદો વિગેરેમાં તદાકાર બને નહિં અને તલ્લીન બને નહિં ત્યાં સુધી **આ આરાધના અધુરી છે એ સમજવું આરાધકો માટે આવશ્યક છે.**

એક અરિહંતપદની, સિદ્ધપદની, આચાર્યપદની, ઉપાધ્યાયપદની અને સાધુપદની આરાધનામાં સકળ કાળના, સકળ ક્ષેત્રોના અને સકળ અવસ્થાઓમાં રહેલા સકળ પરમેષ્ઠિરૂપ વ્યકિતઓની આરાધના આવી જાય છે, અને આથીજ “એકની આરાધનામાં સર્વની આરાધના છે, અને એકની વિરાધનામાં સર્વ પરમેષ્ઠિઓની

(વધુ માટે જુઓ ટાઇટલ પેજ ૨ જું.)

વી. સં. ૨૪૭૭.
વિ. સં. ૨૦૦૭.
ઈ. સ. ૧૯૫૧.

પ્રકાશિકા—
શ્રીસિદ્ધચક્ર-સાહિત્ય-પ્રચારક-સમિતિ,
તન્ત્રી—પાનાચંદ રૂપચંદ ઝવેરી.
૨૨૪, શેખમેમણ સ્ટ્રીટ—મુંબઇ, નં. ૨.

વાર્ષિક-લવાજમ.
રૂ. ૩-૦-૦.
છુટક નકલ એકના
રૂ. ૦—૪—૬

(ટાઈટલ પેજ ૧ લા થી ચાલુ)

વિરાધના છે." એ આરાધકોએ ઉપરનો ભાવ હૃદય પટમાં સર્વદા અંકિત કરવો જોઇએ. ચાલુ વર્ષે શ્રી સિદ્ધચક્ર આરાધક સમાજના કાર્યવાહકો શ્રી ભોયણી તીર્થે સામુદાયિક આરાધના કરાવે, અગર શ્રી નવપદ આરાધક સમાજના કાર્યવાહકો સાવરકુંડલા મુકામે સામુદાયિક આરાધના કરાવે; અથવા તો ગામે ગામમાં અને શહેર-નગર કે ઠામઠામ થતી આ આરાધના કરાવનારે અને આરાધનાના રસમાં તલ્લીન બની શકે તેવા શાસનમાન્ય ઉપદેશ દેનાર માર્ગદર્શકે આ આરાધના અંતિમ ધ્યેયને ઉપર મુજબના ભાવને અનુલક્ષીને સમજી રાખવાનું જરૂરી છે. આયુષ્યની સમાપ્તિ પછી આરાધના કરનારાઓને મહાવિદેહાદિ ક્ષેત્રમાં જન્મ પામવાનો અવસર મળ્યો તો વર્તમાનકાળના વિદ્યમાન ક્ષેત્રોના તીર્થંકરો, વર્તમાન તીર્થો, વર્તમાન તીર્થના તીર્થાધિપતિઓ, વર્તમાન આચાર્યો-ઉપાધ્યાયો કે સાધુઓ મળવાના નથી, પરંતુ નવ દિવસની આરાધનામાં ગમે તે તીર્થંકરાદિની આરાધના કરી હશે અને તે વખતે તત્સંબંધિ અરિહંતપણાદિની આરાધનાનું લક્ષ્ય રહ્યું હશે કે રહેશે તો અહિંયા દેવાધિદેવ શ્રી આદિશ્વર પ્રભુજીકે શાસનપતિ શ્રી મહાવીર સ્વામીજીને આરાધ્યા હશે અને ત્યાં શ્રી સિમંધર સ્વામીજીકે શ્રી યુગમંધર પ્રભુજી મળ્યા હશે તો અરિહંતપદના આરાધકોને કોઇપણ સ્થળે-કોઈપણ ક્ષેત્રે કે કોઇપણ કાળે વાંધો આવશેજ નહિં. આ રીતિએ બધા પરમેષ્ઠિ-ઓની આરાધના કરતી વખતે આરાધકોએ વિવેક રાખવો, અને આરાધના કરવી આવશ્યક છે.

આ આરાધના પરિપૂર્ણ થતી હશે, અગર થઈ ગઇ હશે તે અરસામાં આ અવસર્પિણીના આદ્ય તીર્થંકર ભગવાન્ શ્રી ઋષભદેવે કરેલ વર્ષીતપના અનુકરણરૂપે વર્ષીતપ કરનાર ભાવુક વ્યકિતઓ શ્રી સિદ્ધાચળ તીર્થના આંગણે પારણા નિમિત્તે આવે તેમાં સુસંગત રીતિએ ઘણા લાભો સમાયેલા છે. શાસનમાન્ય તીર્થાધિરાજની સ્પર્શના, તીર્થાધિપતિ આદિ ત્રૈલોકયનાથ-ભગવંતોના દર્શન-વન્દન-પૂજન-સત્કાર-સન્માનાદિ કરણીય અનુષ્ઠાનો, ગામ ગામના ચતુર્વિધ સંઘના દર્શનાદિ, તેઓ સાથેનો સમાગમ, વિચાર વિનિમય વિગેરે અનેક લાભો, સુપાત્રદાનાદિ અને વ્રતધારિ તપસ્વીઓના દર્શન, અનેકવિધ અનુષ્ઠાનોમાં તત્પર ચતુર્વિધ સંઘની શાસન-માન્ય ક્રિયા-અનુષ્ઠાનોની અતીવ-ઉત્તમોત્તમ-અનુમોદનાદિ અનેકવિધ લાભો શૃંખલાબદ્ધ જોડાયેલા છે. અને આથીજ આ તીર્થની ભૂમિને જૈન શાસનનું પાટનગર કહેવામાં આવે છે. હિંદુસ્તાનના શહેર-ગામ-નગર કે ખૂણે ખૂણેથી બની શકે તેટલી વધુ સંખ્યામાં વૈશાખ સુદ ૩ અક્ષય તૃતીયાના દિવસે પારણા નિમિત્તે વર્ષી તપ કરનાર તપસ્વીઓ ઉભરાય છે, અને દર્શનાદિ કરીને કૃતાર્થ થવાનો અને અક્ષય-તૃતીયાના દિવસે અક્ષય પુણ્ય ભંડાર ભરવાનો આ અનુપમ પ્રસંગ છે તીર્થંકરોના સ્થાપિત શાસન પછી ચતુર્વિધ સંઘની સ્થાપના અને દ્વાદશાંગી સાથે દાનાદિ ધર્મની ઉપદેશ વ્યવસ્થા સાંભળી શકે છે, પરંતુ આ અવ-સર્પિણીના આદ્ય-તીર્થંકરને દીક્ષા લીધી પછી હજાર વર્ષે કેવળજ્ઞાન થાય છે, અને તે પછી સમવસરણ ચતુર્વિધ સંઘની સ્થાપના અને દ્વાદશાંગીની રચના થાય છે, જ્યારે દાનધર્મનો આરંભ તે પહેલાં સુપાત્ર દાન દેનાર શ્રેયાંસના હાથે શરૂ થાય છે. દાનધર્મની વિશિષ્ટતા કેવી છે?, અને તીર્થંકરથી તીર્થનું સ્થાપન થયા પહેલાં દાનધર્મનો આરંભ થવામાં ઉતાવળ કેમ? આ બંન્ને પ્રશ્ન શાસન-માન્ય રીતિએ સમજવો જરૂરી છે.

---

મુદ્રકઃ—મૂલચંદ કસનદાસ કાપડીયા, "જૈન વિજય" પ્રિન્ટીંગ પ્રેસ-ગાંધીચોક, સુરત.
પ્રકાશકઃ—તંત્રી-પાનાચંદ રૂપચંદ ઝવેરી, શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, લાલબાગ, ભુલેશ્વર-મુંબઈ.

# સ્વ૦ આગમોદ્ધારકની અમોઘ-દેશના. ૨

( ગયા અંકથી ચાલુ )

ચંપાબાઇએ કહ્યું કે એ હમારા ગુરુ હીરસૂરિકા પ્રભાવસેં ઇતની બડી તપસ્યા હો શકી! તો વિચારજો કે આ જગો પર જો ચંપાબાઈ મહાત્માનું કીર્તન ન કરે તો તેઓનો જે જૈન શાસન ઉપર ઉપકાર થયો તે થવાનો વખત આવત કયાંથી? ત્યારે કહો કે—તેમનો જે ઉપકાર આપણા ઉપર થયો. તેની જડ પણ મહાત્માનું કીર્તનજ છે, આ તો મનની શ્રદ્ધા છે. તેમના ઉપર ચંપાબાઇને મનથી પૂર્ણ શ્રદ્ધા હતી, તેથી તેવી તપસ્યા કરવા પોતે તૈયાર થયા. અહીં હીરસૂરિજી મહારાજ પચ્ચખાણ કરવામાં કે બીજા કશામાં નથી, પણ ચંપાબાઈનું અંતઃકરણ હીરસૂરિજીમય છે. અકબર બાદશાહ પાસે હીરસૂરિના વખાણ કર્યાં ત્યારે બાદશાહને પણ આશ્ચર્ય થયું કે ઐસે બડે મહાત્મા કે દર્શન અવશ્ય કરના ચાહિયે. તેઓ ગંધાર તરફ વિચરતા હતા તેથી બાદશાહે તેમને બોલાવવાનું ફરમાન મોકલ્યું. બાદશાહ દીલ્હીનો શહેનશાહ માનસહિત મુલાકાત લેવા દર્શન કરવા બોલાવે છે. આમાં જૈન ધર્મની જાહોજલાલી રહેલી છે! એમ જાણી ગુરૂ મહારાજ હીરસૂરિજી પણ અકબર બાદશાહને મળવાને માટે તે તરફ વિહાર કરે છે. અનુક્રમે વિહાર કરી બાદશાહ પાસે આવ્યા છે. બાદશાહને અહિંસા વિગેરે ધર્મનો ઉપદેશ આપી એવો ધર્મનો રાગી બનાવ્યો કે તેઓશ્રીના વચનથી બાદશાહે શિકાર બંધ કર્યો. એટલુંજ નહિં પણ શત્રુંજય આદિ આપણા જે તીર્થો, જેમાં જજીયાવેરો, મુંડકાવેરો લેવાતો હતો તે પણ બંધ કરાવ્યો. વળી પર્યુષણના આઠ દિવસ તથા બાદશાહના ચાર દિવસ મળી બાર દિવસ બાદશાહના તાબાના તમામ મુલકમાં જીવ હિંસા બંધ કરાવી. તેના ફરમાનો બાદશાહે પોતાની સહીથી અપે મોકલી આપ્યા. એક ફરમાન હીરસૂરીજીને પણ આપ્યું.

ત્યારપછી પોતાના શિષ્ય શાંતિચંદ્રજી ઉપાધ્યાયને બાદશાહને પ્રતિબોધ કરવા ત્યાં મૂકી ગુરૂ મહારાજ અન્યત્ર વિહાર કરી ગયા તો મુસલમાન જેવા દીલ્હીના શહેનશાહ અકબર બાદશાહને પણ જે હીરસૂરિજીથી ઉપકાર થયો તેની જડ તપાસશો તો માલમ પડશે કે મહાત્માનું કીર્તન એજ તેની જડ છે. ચંપાબાઈના વર્તનમાં પણ એજ વાત માલુમ પડી આવે છે. આ કારણથીજ પૌષધને પારતી વખતે સાગરચંદો કામોની ગાથા બોલાય છે. તેનું કારણ તપાસો કે પૂર્વે જે એવા દૃઢ ધર્મી મહાત્માઓ થઈ ગયા તેનું તો સ્મરણ ચૂકીશ નહિં. ગૃહસ્થી છો આરંભ સમારંભમાં રાત દિવસ રાચી માચી રહેલા છો. તો બળતી આગમાંથી જેટલા ઉગર્યા તેટલા કામના એ હેતુથી ગૃહસ્થીને સામાયક પારતાં કે પૌષધ પારતાં આદેશ પણ પાછી તે ક્રિયા નહીં મૂકવા તરીકેનો અપાય છે, જ્યારે ગૃહસ્થી આદેશ માગે કે સામાયક પારૂં? પૌષધ પારૂં? ત્યારે સાધુ મુનિરાજ શું કહે? તો કે **पुणोवि कायव्वो पुनरपि कर्त्तव्य** આ ક્રિયા ફરી ફરી કરવા યોગ્ય છે, મૂકવા યોગ્ય નથી. આમ જ્યારે ગુરૂ કહે ત્યારે ગૃહસ્થી તેનો વળતો જવાબ શું આપે? તો કે **यथा शक्ति** મારી શક્તિને અનુસારે કરીશ પછી બીજો આદેશ સામાયક પાર્યું? પૌષધ પાર્યો? નો માગે ત્યારે ગુરૂ મહારાજ જવાબ આપે કે **आयारो न मोत्तव्यो-आचारः न मोक्तव्यः** આ આચાર તમારે મુકવો નહિં. આ પ્રમાણે ગુરૂ મહારાજ કહે ત્યારે શ્રાવક પણ કહે કે **तहत्ति** આપ કહો છો તેમજ મારે માટે છે. તેમજ હું વર્તીશ આ ઉપરથી મહાત્માના કીર્તનને ચાલુજ રાખવું જોઇએ તે બતાવ્યું. વળી પૌષધ પારતાં પૂર્વ પુરૂષોના દૃષ્ટાંતો વિચારવા કે તે પુરૂષોએ સંકટમાં પણ પૌષધ સામાયક ચાલુ રાખ્યા, છોડયા નહિં. જેની પ્રશંસા ભગવંતે પોતે કરી તે ક્રિયા આ જીવને ચાલુ રાખવાની છે હવે તે પૌષધ પારતી વખતે ને ગાથા બોલવાની આપણને ફરમાવી છે તેનું શું કારણ છે તે વિગેરે તપાસીએ. જુઓ આ રહી તે ગાથાઓ—

**सागर चंदो कामो चंदवडिंसो सुदंसणो धन्नो।**
**जेसिं पोसह पडिमा अखंडिआ जीवियंतेऽवि ॥१॥**

**धन्ना सलाहणिज्जा सुलसा आणंद कामदेवाय।**
**जास पसंसइ भयवं दढव्वयत्तं महावीरो ॥२॥**

આનો અર્થ નીચે મુજબ છે. સાગરચંદ્ર કામદેવ ચંદ્રવાડસકરાજાને સુદર્શન શેઠ તેમને ધન્ય છે કે જેમની પૌષધ પ્રતિમા જીવનના અંતમાં પણ અખંડિત રહી ॥૨॥ વળી તેઓ ધન્ય છે. શ્લાઘા-પ્રશંસા કરવા યોગ્ય છે જે સુલસા શ્રાવિકા આણંદ શ્રાવક અને કામદેવ શ્રાવક કે જેમનું દૃઢ વ્રતપણું મહાવીર ભગવાન પ્રશંસે છે. ॥૩॥ આ ઉપરથી એ માલુમ પડશે કે શ્રાવકે સામાયક પૌષધ કરવાનું જે કાર્ય તેમાં પણ મહાત્માનું કીર્તન રહેલું છે. આવા પૂર્વ પુરૂષોના ચરિત્રોને વાંચી વિચારી જાણી પોતાના વર્તનનો સુધારો કરી શકાય છે. સુદર્શન શેઠ, જેના પર રાજાની રાણી મોહિત થઇ છે છતાં પોતે પૌષધવ્રતને સાચવી રાખ્યું છે. સુલસા શ્રાવિકાને ભગવાને ધર્મલાભ કહેવડાવ્યો. આણંદ શ્રાવક પ્રતિમાધારી હતા. તેઓ કોઈ સામાન્ય પુરૂષ ન હતા, કરોડોની મીલકતને ધારણ કરનારા હતા. તેઓએ પણ પોતાના શ્રાવક ધર્મને ઉચિત સામાયક પૌષધ એવા કર્યાં કે જેની પ્રશંસા ખુદ ભગવાને કરી. શ્રાવકોએ તેનું અનુકરણ કરી પોતાની ક્રિયામાં તો જરૂર દૃઢ બનવું જોઈએ. જેઓ એ પૂર્વ પુરૂષોનાં ચરિત્રોનો સાર લઈ પોતાનામાં ઉતારે છે તે તો અવશ્ય પોતાનું કામ કાઢી જાય છે. પ્રથમ તે પુરૂષો ઉપર દૃઢ શ્રદ્ધા થવી જોઈએ. જો તે થાય તો તેમના ચરિત્ર ઉપર ભાવ આવે ને આ આત્મા પણ તે કરવા તરફ દોરાય તો પોતાના જીવનને પણ જરૂર ધર્મ વાસિત બનાવી શકે, ઉત્તરોત્તર મોક્ષગામી પણ થાય તે નિઃસંદેહ છે સામાયિક પૌષધમાં હતા ત્યાં સુધી સંવરમાં હતા, એટલે આવતા કર્મને રોકવા રૂપ સંવર ભાવમાં હતા. તે સામાયિક પૌષધ પારતી વખતે આશ્રવમાં ધસો છો, એટલે નવા કર્મ બાંધવા રૂપ આવવા રૂપ આશ્રવ ભાવમાં ધસો છો તેવે સમયે સદા સંવરભાવમાં રહેલા સાધુ મહાત્માઓ તમને એજ કહે છે કે સામાયિક પોષહનો આદર-છોડીશ નહિં. કારણ કે ગૃહસ્થ જીવન એવા પ્રકારનું છે કે, આરંભ સમારંભ રૂપ કર્મ આવવાના આશ્રવથી ભરેલું છે, ગૃહસ્થને તે વિના ચાલી શકતું નથી. પણ મુનિરાજો તે આશ્રવમાં જોડાવા સંમતિ આપી શકેજ નહિં.

તે તો સંવર ભાવને માટેજ પોષણ કરનારા છે આથી તેવે સમયે મૌન રહે, અગર એમ કહે કે ફરીથી પણ કરવું સારૂ છે. આવી સંવરભાવની ક્રિયામાં જેટલો જેટલો કાળ ગહસ્થનો જાય તેટલો લેખે લાગે છે. ચોવીસે કલાક આરંભ સમારંભમાં મગ્ન એવા જીવે બે ઘડી જેટલો સમય તો જરૂર સામાયિકમાં સંવર ભાવમાં કાઢવો જોઈએ તોજ મનુષ્ય જન્મ આર્યક્ષેત્ર ઉત્તમ કૂળ-જાતિ-ધર્મ પામ્યાનું સાર્થકપણું છે, તે વિના એમને એમ જન્મારો ફોગટ ચાલ્યો જાય છે.

કહ્યું છે કે, 'રાતિ ગુમાયા સોયકે દીવસ ગુમાયા ખાયા હીરા જૈસા મનુષ્ય ભવ કોડી બદલે ગંવાયા.' રાત્રિ સુવામાં ગુમાવી દિવસ ખાઈ ખાઇને ગુમાવ્યો. હીરા જેવો આ મનુષ્ય ભવ તેને કોડીની કિંમતમાં ગુમાવી દીધો માટે દરેકે દીવસમાં એક સામાયક તો અવશ્ય કરવું જોઇએ. પર્વ તીથીએ પૌષધ સવારમાં નવકારશી, ત્રણ કાલ જીનેશ્વરનું પૂજન, સાંજ સવાર પ્રતિક્રમણ, ગુરૂની ભક્તિ શાસ્ત્રનું શ્રવણ, મનન, નિદિધ્યાસન આટલું કામ તો શ્રાવકે પણ દરરોજ કરવું જોઇએ ! તેનાથી સમકીતની શુદ્ધિ થાય છે. શ્રમણ ધર્મની ઉપાસના થાય છે. ને સ્વઉચિત ક્રિયા સચવાય છે. તદુપરાંત રાત્રિ ભોજનનો ત્યાગ. વેંગણ-બટાટા-કાંદા-સૂરણ આદિ અભક્ષ્ય ચીજોનું સર્વથા વર્જન, આવું આવું તો ગૃહસ્થને અવશ્ય ત્યાગ કરવુંજ જોઇએ !!! જો તે રૂપ ગૃહસ્થ ધર્મ પણ ન સાચવી શકાય. પાળી શકાય. તો પછી મનુષ્ય જન્મ ફોગટજ ગુમાવી બેસે છે.

તિર્યંચની માફક તે જીવ પશુ સમાન છે કારણ કે **आहारनिद्रा भय मैथुनं च सामान्यमेतद् पशुभिर्नराणाम्।** આહાર નિદ્રા ભય અને મૈથુન તે ચાર વાનાં તો પશુ અને મનુષ્યમાં સામાન્ય રીતે હોય છે. ત્યારે મનુષ્ય જન્મની અધિક્તા શાથી બતલાવી ? એકજ કારણથી કે ધર્મ કરવાની સામગ્રી મનુષ્ય જન્મમાં વિશેષ છે તે મલ્યા છતાં ધર્મ ન કરી લ્યે તો તે ગમાર છે. ! પશુ સમાન છે. ! વિવેક ન હોય. કરવા લાયક શું નહીં કરવા લાયક શું ? આ બાબતનો જરા પણ વિચાર ન હોય તો મનુષ્ય જન્મ એળેજ ગયો સમજવો. ફરી ફરી મનુષ્યભવ આ જીવને મળતો

નથી. મહા પુન્યનો ઉદય હોય તોજ તે મળે છે. ને તે મલ્યા પછી રત્નની કિંમત ન કરે ને પત્થર જાણી કાગ ઉડાડવામાં જે ફેંકી દે તેની જેમ તેને એળે ગુમાવી દેનાર મનુષ્ય ભવ હારી જાય છે.

સંવર ભાવની આત્માની પરિણુતિ થઈ તે વખતે સાગરચંદો કામો એ બતલાવે છે કે જો એવા પુરૂષોનાં ચારિત્રો દિલમાં ધારણ કરવામાં આવે, ઉતારવામાં આવે, તો વિશેષ સંવર ભાવમાં આત્મા જોડાય. સંવરભાવનું પોષણ કરતાં શીખે. તેટલા માટે તે બતાવવામાં આવેલ છે. સત્પુરૂષોનાં ચરિત્ર તે ખરેખર આત્માને કલ્યાણ અને મોક્ષ દેનારા છે. આજ વાત મગજમાં લઈશું તો સુદેવ ને સુગુરૂ કે સુધર્મ માન્યા વગર સમ્યક્ત્વ નથી, આ કહેવાનો વખત સમજાઇ જશે. સુદેવને સુગુરૂ બંને સારાં છે તો તેમનો ધર્મ માનું તો તેમાં આવી જાય છે. ધર્મના સ્વરૂપને માનું છું ને ધર્મીને માનતો નથી, તેનો તમારી પાસે ઉત્તર નથી. ધર્મ એ ગુણ ચીજ હોવાથી ગુણીને માન્યા પછી ગુણને માનવાનો હક છે. એટલાજ માટે પ્રથમ દેવને પછી ગુરૂને પછી ધર્મને. ધર્મ કરતાં ધર્મીણિની અધિકતા છે. તે ધર્મ દ્વારાએ અધિકતા છે ત્રણે વસ્તુ સાચી હોય તેને અંગે કહેવું પડશે કે ધર્મને ઓળખનાર ધર્મી, દયા વિગેરે ધર્મ તથા પાંચ મહાવ્રત રૂપ જે ધર્મ તેને ઓળખાવનાર ધર્મી, તે પ્રથમ અરિહંત દેવ છે. અરિહંત ભગવાન કેવળજ્ઞાન પામી કરામલકવત્ હાથમાં રહેલ આમળાની માફક ત્રણ જગતને દેખે છે. તેઓ એ દુનિયાને સાચો રસ્તો બતાવ્યો છે. તે સિવાય આપણે સાચો રાહ જાણી શકતે નહિં આટલા માટેજ મહાત્માનું કીર્તન સ્વીકારવું પડશે. હવે એનાથી ઉથલાવો ઉલટું લ્યો. મહાત્માનું અપકીર્ત્તન તે દુર્ગતિમાં લઈ જનાર છે ! દુર્ગતિની નિસરણી છે ! કોઈ એમ કહે કે હું શુદ્ધ સુંદરનો રાગી છું પણ જીનેશ્વરને દેવ માનતો નથી તથા શુદ્ધ સાધુને ગુરૂ માનતો નથી. તો આવી ધર્મની માન્યતા લબાડી છે, ધર્મની માન્યતા ન થાય તો તે લબાડી છે. આ વાત સમજી શકે તેને કહેવું પડે કે મહાત્માનું અપકીર્ત્તન તે દુર્ગતિની નિસરણી છે એટલે દુર્ગતિમાં લઈ જનાર છે ને મહાત્માના ગુણોનું કીર્તન કલ્યાણને મોક્ષનું કારણ છે આટલા કારણથી હેમાચાર્ય મહારાજ ઋષભદેવજીનું ચરિત્ર બતાવતાં આગળ શું જણાવશે તે અધિકાર અગ્રે વર્તમાન.

# સ્વ૦ આગમોદ્ધારકની અમોઘ-દેશના. ૩

## દેશનાના દિવ્ય-અવતરણો.

**૧. નિર્મળ દશાને પામેલ આત્મા સહેજે સિદ્ધિ પામી શકે છે.**

**૨. નિર્મળ દશા પામનાર પુન્યાત્માએ આ વિચાર દૃઢ કરવો કે-" અનાદિ કાળથી કર્મો આ આત્માને વળગેલાં છે."**

**૩. આત્માને નિર્મળ દશા પ્રાપ્ત કરાવનાર સત્સંગ અને તેજ સત્સંગનો સતત્ સહવાસ.**

**૪. સત્સંગના સહવાસથી ઉત્પન્ન થવા લાયકના ગુણો ઉત્પન્ન થવાની અવશ્યમેવ જરૂર છે.**

**૫. "શુદ્ધ શ્રદ્ધારૂપ સમ્યક્ત્વ ગુણની પ્રાપ્તિ થવી" એજ સર્વ ગુણોને પ્રાપ્ત કરાવનાર-અમોઘ સાધનરૂપ ગુણ છે.**

**૬. અનાદિકાળથી આત્મામાં ઘર કરીને બેઠેલ અઢારમા પાપસ્થાનક મિથ્યાત્વશલ્યને સર્વદા દેશવટો દેવરાવનાર શુદ્ધ શ્રદ્ધારૂપ સમ્યક્ત્વગુણ છે તે ધ્યાનમાં રાખો.**

**૭. " અઢારમું પાપ સ્થાનક ગયું એટલે**

સત્તર પાપસ્થાનક ફરજીયાત વિદાયગીરી થશે" એ શાસન માન્ય સિદ્ધાંત છે.

૮. ગુણને ગુણ તરીકે જાણે અને માને તેજ આત્મા ગુણ મેળવવા પ્રયત્ન કરે છે.

૯. ગુણને ગુણ તરીકે જાણ્યોજ નથી, તેથીજ આ આત્મા અનાદિકાળથી રખડે છે.

૧૦. ગુણ-ગુણીના દ્વેષ કરનારને પણ શાસન-માન્ય-મહાત્માઓનો સમાગમ માર્ગદર્શક બને છે.

૧૧. સત્સંગમાં અલૌકિક જાદુ ભર્યું છે કે દશભવથી શત્રુતા રાખનારો અને વર્તનારો કમઠ સમ્યક્ત્વ પામે છે. આવાં અનેક દ્રષ્ટાંતો જૈન સાહિત્યમાં પ્રસંગે પ્રસંગે નજરે ચઢે છે.

૧૨. મહાપુરૂષોના ગુણાનુવાદ કરનારો સ્વયં ગુણી બને છે.

૧૩. "અમુલ્ય કિંમતિ જીવન નાશવંત પદાર્થોની પ્રાપ્તિ-ટકાવ-વૃદ્ધિની પાછળ ચાલ્યું જાય છે તે તપાસવાની ફુરસદ નથી" આના જેવી બીજી બરબાદી કઈ?

૧૪. સમજ્યા ત્યારથી સવાર ગણીને મહા-પુરૂષોના જીવન ચરિત્રોનો અભ્યાસ કરો!

૧૫. તે મહાપુરૂષોના જીવન ચરિત્રો સાથે તમારા જીવનને ઘટાવીને માનવજીવન સફળ કરતાં શીખો.

૧૬. દૃષ્ટાંતોમાં કથન કરેલા પ્રસંગોને પોતાના જીવન સાથે ઘટાવતાં નથી શીખ્યા તેથીજ જીવન ઉચ્ચ કક્ષાએ પહોંચતુંજ નથી.

૧૭. સામાયિક પૌષધમાં જે કાલ થાય છે તેજ આત્માને લાભદાયિ છે, અને તે સિવાયનો કાળ સંસારને વૃદ્ધિ કરનાર છે.

૧૮. ગાડરીયા પ્રવાહની જેમ ધર્મક્રિયાઓ આ જીવે ઘણી કરી છે.

૧૯. અમૃત ક્રિયાનું આસ્વાદન કેમ થાય? તે માટે પ્રયત્નશીલ બનો!

૨૦. સંસારની કરણી નિષ્ફળ જતી હોય તો સંતોષ માનીએ; પરંતુ સંસારની કરેલી કરણીઓ આત્માને અનર્થકારી નિવડે છે.

૨૧. મનુષ્ય જીવનની ક્ષણો લાખેણી છે, અને ફરી મળવી મુશ્કેલ છે.

૨૨. "લગ્ન વેળા ગઈ ઉંઘમાં, પછી ઘણું પસ્તાય" એ કહેવતને ચારિતાર્થ કરનારો મનુષ્યોનો મોટો સમૂહ માનવ જીવનને બરબાદ કરી રહ્યો છે.

૨૩. મુસાફરીમાં મુસાફરાદિરૂપે થયેલો સત્સંગનો સમાગમ ઘણા સાર્થવાહને સમ્યક્ત્વ અપાવે છે.

૨૪. દુનિયાદારીના જીવોએ પૈસાની કિંમત સ્વીકારી છે તેથી "Time is money" ટાઈમ એ પૈસો છે એમ બોલે છે, પરંતુ જૈન શાસન તો માનવ જીવનના સમયની કિંમત ગણે છે અને જણાવે છે કે-"समयं मा पमायए" એક સમય પણ પ્રમાદ કરીશ નહિં.

૨૫. પ્રથમ ગુણ કે પ્રથમ ગુણી આ બેના ઝઘડો સત્પુરૂષનો સંગ મીટાવી શકે છે.

૨૬. શાસનમાન્ય-મહાત્માઓનાં ગુણ કીર્તન એકાંત કલ્યાણ કરનાર છે.

૨૭. કોઠારમાં જાનવર પેસે તો અનાજ ચરી જાય, પણ સડેલું અનાજ પેસે તો આખો કોઠાર નકામો જાય; તેવી રીતે જ્ઞાતિ સમુદાયાદિમાં દુર્જનો નભી શકેજ નહિં.

૨૮. "દુનિયામાં જેટલા સુખી દેખાય છે તે બધાએ પૂર્વ ભવમાંજ ધર્મ જરૂર કરેલો છે" એ અનુમાન સાવ સાચુંજ છે.

૨૯. અજાણતાં થયેલ દુર્જનનો સંસર્ગ મનુષ્યોને માનવને બદલે દાનવ બનાવે છે.

૩૦ "સોબત તેવી અસર" આ એક લૌકિક કહેવતનું રહસ્ય આ ચાલુ સજ્જન સંગ અને દુર્જન સંગના પ્રસંગથી સમજાય છે.

૩૧. આત્માને અતીવ સદ્ગુણી બનાવનાર મહાપુરૂષોનો સંસર્ગ છે.

૩૨. ગુણવાન્ થયા પછી ગુણોની શ્રેણી અથવા પરંપરા પ્રાપ્ત કરવી મુશ્કેલ નથી.

૩૩. દાન શું ચીજ છે ?, અને દાનનું શું ફલ છે ?, એ બંન્ને જાણ્યા સિવાય દાન દેનારને અમોઘ લાભ અપાવે છે તેનું અમોઘ કારણ સત્સંગ છે.

૩૪. અજાણતાં પણ સજ્જનોનો સમાગમ ભવથી પાર ઉતારવામાં અમોઘ કારણભૂત બને છે એ સમજતાં શીખો.

૩૫. પ્રત્યક્ષ પ્રમાણરૂપ વાતો દેખીને અનુમાનના અંધકૂપમાં પડવાનું વિવેકીયો કરતા નથી.

૩૬. પત્થર ખોળવા જતાં હીરો હાથમાં આવી જાય તો દરિદ્રતા ચાલી જાય છે, તેવું અત્ર સજ્જનના અણધાર્યા સમાગમમાં સમજી લેવું જરૂરીનું છે,

૩૮. આત્મ કલ્યાણના અર્થિઓને આત્મકલ્યાણ કરવું તે પણ મહાપુરૂષોના સંસર્ગ વગર બની શકતુંજ નથી.

૩૮. સંસારની અનુકુળ સાધન સામગ્રી સંયોગોમાં સુબાહુકુમાર સાચી વસ્તુ પકડવા તૈયાર થાય છે એજ મહાન્ આશ્ચર્ય છે.

૩૯, ખોટી વસ્તુને લાત મારવા તૈયાર થવું અને સાચી વસ્તુને દ્રઢતા પૂર્વક પકડી રાખવી એજ વૈરાગ્યની પરાકાષ્ઠા છે.

૪૦. શાલીભદ્રના દ્રષ્ટાંતને વિચારનારાએ પૂર્વભવમાં દાન દેવાની પરિણામ ધારા વિચારવા જેવી છે.

आधि व्याधि जरा मृत्यु ज्वाला शत समाकुला ।

ગુણને ગુણ તરીકે નહિ જાણનારાઓ.

શાસ્ત્રકાર મહારાજા કલિકાલ સર્વજ્ઞ શ્રીમાન્ હેમચંદ્ર સૂરીશ્વરજી મહારાજ ભવ્ય પ્રાણીઓના ઉપકારને માટે શ્રીત્રિષ્ટીશલાકા પુરૂષ ચરિત્ર નામના ગ્રંથની શરૂઆતમાં આદીશ્વર ભગવાનનું ચરિત્ર બનાવતાં આગળ જણાવી ગયા કે જ્યારે આ આત્મા નિર્મળ દશાને પામે છે, ત્યારે તે આત્માને સિદ્ધિ પામવી મુશ્કેલ નથી. પરંતુ પ્રથમ આ આત્માને નિર્મળ બનાવવો જોઇએ એ મુશ્કેલ છે. અનાદિકાળથી કર્મોનો થરો એટલે કર્મરૂપી મેલો આ આત્માને વળગ્યા છે, તે સઘળા કર્મોને દૂર કરીને પ્રથમતઃ આ આત્માને નિર્મળ બનાવવો જોઇએ, અર્થાત્ કર્મને જડમૂળથી કાઢવા પ્રથમ પ્રયત્ન દરેક મુમુક્ષુ એ અવશ્ય કરવો જોઇએ. રૂપીઓ રૂપીઆને પેદા કરાવી દે છે. પણ તેને કેળવતાં આવડવો જોઇએ. અર્થ શાસ્ત્રની કેળવણીથી કેળવાયલો જો કેળવી જાણે તો એક રૂપીયાના પાંચ-દશ સો-હજાર લાખ બલ્કે કરોડ રૂપીઆ પણ ઉત્પન્ન કરી શકે છે, તેમ આ આત્માને સત્સંગ મળી જાય અને તેના સહવાસથી આત્મામાં સારા સારા ગુણો ઉત્પન્ન થાય અગર એકજ ગુણ આત્મામાં આવ્યો હોય તો પણ તે સર્વ ગુણોને લાવે છે. શુદ્ધ શ્રદ્ધારૂપ સમ્યક્ત્વ થયું એટલે અઢારમું પાપ સ્થાનક મિથ્યાત્વ શલ્ય, મિથ્યાત્વરૂપી શલ્ય જે અનાદિકાળથી આત્મામાં ઘર કરીને રહેલું હતું તે દૂર થઇ જાય, અને સાચી શ્રદ્ધા પ્રાપ્ત થાય છે. સર્વદા માટે અઢારમું ગયું એટલે બીજા સત્તર પાપ સ્થાનક જરૂર નીકળીજ જવાના છે. એક પાપ સ્થાનક નાશ પામે તો બીજા સત્તર પાપ સ્થાનકને પણ જરૂર નાશ પમાડી દે છે. એક સમ્યક્ત્વ ગુણ પ્રાપ્ત થાય તો આત્મા સર્વ ગુણ સંપન્ન કરી શકે છે, પણ એક ગુણ મળે કયાંથી ? તે એક ગુણ મળવો મુશ્કેલ છે. કારણ કે ગુણને ગુણ તરીકે જાણે અને તે માટે પ્રયત્ન કરે તોજ ગુણ મેળવે છે. અત્યારે તો તે માટે પ્રયત્ન કરવોતો દૂર રહ્યો પણ તે ગુણ જાણવોજ મુશ્કેલ પડે છે. પોતે ગુણને ગુણ તરીકે જાણી શકયો નથી, તેથીજ આ જીવ અત્યાર સુધી રખડયો છે,

સત્સંગનું વાસ્તવીક ફલ.

ગુણ જાણવો કયાંથી ? ગુણ જાણવાનીજ મુશ્કેલી છે. ગુણી થયા વગર ગુણ જાણે નહી. ગુણી થવું તે

ગુણુને જાણ્યા વગર બને નહિં. ગુણી થાય કોણ? ગુણ જાણે તે. જે પોતે ગુણ વગરનો હોય તે ગુણીને જાણતો નથી. ગુણ જણાયા વગર તેની માન્યતા થાય નહિ, અગર તે માટે ઉદ્યમ થાય નહિં આ એનો વાંધો પડયો તે કાઢે કોણ? જ્યાં સુધી એ વાંધો ન નીકળે, ત્યાં સુધી અનાદિનું ભવ ચક્ર તેમને તેમ ચાલવાનું છે; પરંતુ મહાપુરૂષોનો સંગ એટલે સોબત તેજ તે વાંધો કાઢી આપશે. ભલે તેને ગુણી ન જાણ્યા, અને અવગુણી જાણ્યા તો પણ મહાપુરૂષોનો સત્સંગ તે આ તકરારને નિવેડો લાવી શકે છે. તેમના સીવાય બીજો કોઈ આત્મા આ તકરારનો અંત લાવી શકે નહિં. ચાહે મહાપુરૂષને મહાપુરૂષ ગણો કે ન ગણો ચાહે તેમને કાપુરૂષ ગણો પણ તેઓનો સંગ થવો જોઇએ! કારણ મહાપુરૂષોનો એવો સ્વભાવજ હોય છે કે મારા સહવાસમાં આવેલો કેમ તરી જાય!!? ભલે ગમે તેવો પાપી હેય, ઉપસર્ગ કરનાર હોય, દુઃખ દેનાર હોય, અજ્ઞાની હોય, જડ હોય, અભિમાની હોય ક્રોધી હોય; અને ગમે તેવો હોય પણ મારા સહવાસમાં આવેલાનું કેમ કલ્યાણ થાય! અથવા તો તેનો કેમ ઉદ્ધાર થાય? તેજ લક્ષ્ય તેના પ્રત્યે મહાપુરૂષોનું રહે છે મહાપુરૂષો એકાંત ઉપકારી હોવાથી તેમને પોતાને તેણે પૂર્વે શું કર્યું છે, તે તરફ બીલકુલ જોતા નથી, બલ્કે તેનો ઉદ્ધારજ કરે છે; અને તેના અવગુણોની ઉપેક્ષાજ રાખે છે, તે માટે આપણા તીર્થંકરોનાં ચરિત્રો બહુજ આપણુને દાખલો બેસાડે છે, ભગવાન શ્રી પાર્શ્વનાથજીના તથા પ્રભુ શ્રી મહાવીર સ્વામીજીના ચરિત્રો ઉંડા ઉતરીને આ સ્થલે વિચારશો તો માલમ પડી આવશે કે અપરાધી ઉપર પણ તેઓની દયા કોઈ જુદાજ પ્રકારની હતી. શ્રી પાર્શ્વનાથ ભગવાનને કમઠ તાપસ મલ્યો, શ્રી પાર્શ્વનાથજીને કમઠનો સંજોગ થયો તે કયા રૂપે? કહો કે શત્રુ રૂપે. શત્રુતા ધારીને પણ શત્રુપણાથી શ્રી પાર્શ્વનાથજીનો થએલો સંયોગ તે કમઠને સમકિતમાં પરિણમ્યો. તેણે ઉપસર્ગ કર્યો છે અને ઉપસર્ગ નિવારવા ધરણેન્દ્ર પણ તે વખતે આવ્યો છે, છેવટે ધ્યાના રૂઢ પ્રભુને દેખીને સમ્યક્ત્વ પામ્યો છે. કહો કે એક મહાપુરૂષના સંગથીજ ધના સાર્થવાહે સાર્થ કાઢયો છે અને જણાવ્યું કે "જેને ક્ષિતિ પ્રતિષ્ઠિત નગરથી વસંતપુર આવવું હોય તે ચાલો" તેવી રીતે જાહેર ઢેલ ફેરવી છે અને સાથે સાથે "અનાજ-વસ્ત્ર-વાહન જેને નહીં હોય તેને હું આપીશ" તેમ પણ જણાવ્યું છે, તે વખતે શ્રી ધર્મઘોષસૂરિ પણ જોડે છે, આ તેઓશ્રીનો સયોગ કેવળ મુસાફર તરીકેનોજ છે. તે આચાર્ય તો મોક્ષદાતા છે, મોક્ષ માર્ગના ધોરી છે, અને કંઈક આત્માના ઉદ્ધારક છે સાધુઓનો સત્સંગ અલૌકિક છે. ત્રણુ જગતમાં જે ચીજ કોઈ કહેનાર નથી, તે ચીજ તે કહેનારા છે.

### ગુણાનુવાદ કલ્યાણ પ્રદ છે.

તમે તમારી જીંદગીમાં ઘરમાં હો કે બહાર હો, ગમે ત્યાં હો પણ જે વાત પૂ. સાધુ મહાત્માઓ તમારા ઉદ્ધારની કહે તે વાત કોઈ જગોએ સાંભળવાની મળે છે?, કહેવું પડશે કે ના. ધર્મની વાત કઈ જગોપર સાંભળવાની મળે? આખા વ્યવહારમાં તપાસી લ્યો તો ધર્મની વાત ઉત્પન્ન કયાં થાય છે? જેવી તમારી સ્થીતિને અંગે તમે જોઇ શકો છો કે બીજી જગોએ તો કેવળ કર્મ બંધનનીજ વાતો છે. આત્માને સુધારવાની વાત કઈ જગોપર છે? કહો કે આવા મહાપુરૂષો પાસેજ તે વાત મળી શકે છે. તે સિવાય આત્માને વાસ્તિક રસ્તો કોઇ બતાવતું નથી તે મહાપુરૂષો પોતાના સહવાસમાં આવેલાને તારવાનીજ બુદ્ધિવાળા હોય છે શ્રી મહાવીરમહારાજે પોતાના સહવાસમાં આવેલા અને ઉપસર્ગ કરનારા એવા પણ જીવોને જેવાં કે-ચંડકૌશિક સર્પ તેને આઠમો દેવલોક આપ્યો ગોશાળો તે પણ દુષ્ટ હતો છતાં તેઓશ્રીના સહવાસથી અંતે સમજ્યોને સદ્ગતિનો ભાગી થયો. સંગમ જેવો મહા ઘોર ઉપસર્ગ કરી જાય છે, ત્યારે તે જીવ પ્રત્યેની કરૂણાને લીધે ભગવાનની આંખમાં આંસુ આવે છે. અરેરે આ બિચારો જીવ મહા સમાગમમાં આવ્યો, છતાં આમ કરીને તે કર્મનો ભાગીદાર બન્યો. તે પામ્યો નહિં, છતાં તેના ઉપર ભગવાનની ક્ષમા કોઈ અલૌકિક હતી. કલિકાળ સર્વજ્ઞ શ્રીહેમચંદ્રાચાર્ય

સૂરીશ્વરજી મહારાજે પણ તેને અંગે જણાવ્યું છે કે—

**कृतापराधेऽपिजने कृपामंथरतारयोः ।**
**ईषद्बाष्पार्द्रयो भेद्रं श्रीवीर जिन नेत्रयोः ॥१॥**

કર્યો છે અપરાધ જેણે એવા જીવો ઉપર (સંગમ આદિના ઉપર) કૃપા–દયા વડે કરીને નમેલી છે. આંખની કીકીઓ જેની ને જરા આંખથી ભીંજાએલી પ્રભુની ચક્ષુઓનું કલ્યાણ થાઓ. આ પ્રમાણે અપરાધી જીવનું પણ કેમ ભલું થાય. તેજ ધારણા રાખી છે. પોતાના સહવાસમાં આવેલો કેમ તરી જાય એવી મહાપુરૂષોન તીવ્ર ઉત્કંઠા હોય છે. તેટલા માટેજ મહાપુરૂષોનો સંગ તે પણ પોતાના આત્માને કલ્યાણ કરનાર થાય છે. તેઓના સંગમથી આત્માને સુધારવાની વાત પ્રાપ્ત થાય છે. તેઓના જેવું વર્તન કે તેમના ગુણોની પ્રાપ્તિ થવી તે વાતને દૂર મૂકો પણ તેવા મહાપુરૂષના ગુણોની વાતો કરવાથી પણ આત્માનું કલ્યાણજ થાય છે તે નિર્વિવાદ છે.

### એકાંત હિતકર રીતિ

આપણે ત્યાં તો તેવા મહાપુરૂષોની વાતો કરવાની ટેવ પણ નથી. તમે તમારૂં જીવન તપાસ્યું છે?, કે આપણું જીવન કઇ દીશાએ ચાલ્યું જાય છે. આ જીવ તે તપાસવા પણ તૈયાર નથી. આ જીંદગીમાં જેટલું આયુષ્ય બાંધીને લાવ્યો હોય તેનો કેટલો ભાગ શેમાં જાય છે તે કદીપણ તપાસ્યું છે?, મોંઘા મૂલ્ય રૂપ આ જીવનની કિંમત કોઈ દિવસ આંકી છે?; કહો કે નહિંજ. આખી જીંદગી એમને એમ બરબાદ કરી નાખીએ છીએ. લાડી–વાડી ને ગાડીના મોજ શોખમાં ગુલતાન રહીએ છીએ, પણ મહાપુરૂષોનાં ચરિત્રો કોઈ દિવસ વાંચ્યા છે,? સાંભળ્યા છે,? કે તપાસ્યાં છે?; તે મહાપુરૂષોના ચરિત્રો મનમાં ઉતર્યા છે,? તેનો એકાંતે બેસી કોઈ દિલસ વિચાર કર્યો છે? તે આત્માઓની સાથે તારો આત્મા કોઈ દિવસ તેં સરખાવ્યો છે? તેના જવાબમાં તારી પાસે કાંઇપણ નથી. તો વિચાર કરીને સમજ્યા ત્યાંથી સવાર એમ માનીને હજુ પણ તેઓનાં જીવન ચરિત્રો વાંચો, વિચાર કરો. મનન કરો; અને આત્મામાં ઉતારો. "આત્માની સાથે તે જીવન ચરિત્રોને તું સરખાવ કે જેથી તારા આત્માનું જરૂર કલ્યાણ થશે." આ એકાંત હિતકર–રીતિ કોઈ જેવા તેવાએ બનાવી નથી. ત્રણ જગતના જીવોનું એકાંતે હિતજ ઇચ્છનાર તેના ઉપર ઉપકાર કરવાનીજ કેવળ બુદ્ધિવાળા એવા મહાપુરૂષોએ આપણા આત્માના ઉદ્ધાર માટે આ રસ્તો બતાવ્યો છે. અને શ્રી હેમચંદ્રાચાર્યસૂરીશ્વરજીએ. પણ તેનું અનુકરણ કરીને આપણને તે કરવાની ભલામણ કરી છે; તેથી અંગીકાર કરવામાં જેટલું આળસ આપણે કરીએ તે કેવળ આપણા કમ ભાગ્યનીજ નિશાની છે.

### શ્રુત સામાયક શું ચીજ?

આ જીવ આપણી જીંદગીનો કેટલો ભાગ કયાં જાય છે. તે તપાસવા કે વિચારવા પણ હજુ તૈયાર થયો નથી. તત્વ સંબંધી, આશ્રવના ત્યાગ સંબંધી, સંવરના આદર સબંધી; અને મોક્ષના સુખ સંબંધી કોઈ જગોએના શબ્દો પણ કાને પડે છે? જ્યાં જુઓ ત્યાં સંસારની વાત. એક બીજા મલ્યા કે ભાઈ આજે શું ભાવ રહ્યા?, બજારના શું તાલ રહ્યા?, આજ શું નવીન? ફલાણાનું કુટુંબ આવું. અને ફલાણાનું આવું આતો આવો, આતો તેવો; તે રૂપ સંસાર કથલોજ! જ્યાં જુઓ ત્યાં માલમ પડે છે. કોઇ સ્થળે તત્ત્વની વાત, ધર્મની વાત સાંભલવામાં આવે છે ખરી?, કહો કે નહિ તો આપણી દશા શી છે તેનો જરા ખ્યાલ કરો. શાસ્ત્રકારે તો કહ્યું છે કે—

**"सामाइय–पोसहंमिं'य जो कालो गच्छइ जीवस्स ।**
**सो मुक्ख फल देइ सेसो संसार फल हेउ ॥ १ ॥"**

સામાયક પૌષધ ઈત્યાદિકમાં જીવનો જે કાલ જાય છે તે મોક્ષ ફળને દેવાવાળો છે, અને શેષ બાકીનો કાળ તે સંસારના ફળને દેનાર છે એટલે સંસાર વધારનાર જાણવો. ગુરૂ મહારાજ પાસે આવીને આ કરણીઓ એટલે સામાયક–પૌષધ આદિ કરવાનાં કહ્યાં છે, અને તેનાથી વિશેષ લાભ થાય છે. કદાચ બે ગાઉ દૂર ગુરૂ

રહેલા હોય તો ત્યાં જઇને પણ સામાયિકઆદિ ધર્મ-કરણી તેની નિશ્રાએ કરે છે. તેજ આત્માને હિતાવહ છે. જે સ્થળે ગુરૂની જોગવાઇ ન હોય ત્યાં ઉપાશ્રય કે પૌષધશાળાએ યા તો ઘેર-એકાંત સ્થળે રહી આત્માની એકાગ્રતાએ મનને દ્રઢ કરીને તે તે ક્રિયાએ કરે કે જેથી તેવું ફળ આત્મા મેળવી શકે. તે ધર્મ-ક્રિયાએ રસપૂર્વક કરવી જોઇએ. તેના હેતુઓ જાણીને અમૃત ક્રિયા આત્મામાં કેમ આવે ? તે લક્ષ્ય રાખી કરવું જોઇએ. ગાડરીયા પ્રવાહની જેમ આ જીવે ઘણી ઘણી ધર્મ ક્રિયાએ કરી પણ તે શુષ્ક હોઇને તેનું વાસ્તવિક-ફળ મેળવી શકયોજ નહિં. જે ક્રિયા-એમાં વિકથા વર્જવાની કહી છે, આત્માનુંજ ધ્યાન કરવાનું કહ્યું છે; અને પરમાત્માઓનું સ્મરણ મહા-પુરૂષોનાં જીવન ચરિત્રોનો વિચાર કરવાનો કહ્યો છે. તે ક્રિયાઓમાં હાલ આપણે શું કરી રહ્યા છીએ ? તે જરા વિચાર કરશો તો માલમ પડશે કે તદ્દન અવળીજ રીતિ પકડી છે. ધર્મના સ્થાનોમાં અને ધર્મ ક્રિયાઓમાં પાપ કરવા આપણું મન ડામાડોળ થાય છે, અને વચનને કાયા પણ તે તરફ પ્રવર્તે છે. આટલાજ માટે જ્ઞાનીઓ કહે છે કે જે ધર્મ ક્રિયાએ કરો તે સમજીને કરો, અને રહસ્ય પૂર્વક કરો, અને નિરંતર અડગપણે કરો. ગુરૂ મહારાજ પાસે સામાયિક કરવાથી સમકિતની વિશેષ નિર્મળતા થાય છે. તેટલો ટાઇમ પુસ્તકાદિ ધર્મનું વાંચન વાંચવાથી કે સાંભ-ળવાથી પણ શ્રુત સામાયક માનેલી છે.

## સમયની કિંમત સમજો.

સામાયિક પૌષધમાં જે કાળ જાય તેજ સફળ જાણવો. એક માણસે બીજાને પ્રશ્ન કર્યો કે તારૂં આયુષ્ય કેટલું થયું ?, એટલે તું કેટલા વરસનો છે ?, ત્યારે તેણે જવાબ આપ્યો કે મારી ઉંમર હાલ પચાસ વરસની છે. ત્યારે સામા માણસે તેની ભૂલ કાઢી કે તારૂં આયુષ્ય બાર વરસનુંજ જાણવું અર્થાત્ તેટલી જીંદગીમાં તેં બાર વર્ષ સુધીજ ધર્મ કરેલો છે માટે ખરૂં તારૂં આયુષ્ય બાર વરસનું ગણાય બાકીના વર્ષો તો એળે ગુમાવ્યા. ધર્મનું નામ નિશાન પણ જાણ્યું નહિં, માટે તે દિવસો એળે ગયા, અને ધર્મ કરણીના દિવસોજ સાર્થક ગણાય. બાકીનો કાળ નિષ્ફળ જાણવો. તે કાળ નિષ્ફળ એટલે ફળ વગરનો કાળ તે પણ સારો જાણવો. જે વેપારમાં નુકશાન જાય તે સારો નહિં, પણ કમાણી થવી હોય તો થાય એટલે કમાણી થાય તે કાળ બહુજ સારો, પરંતુ કમાણી ન થાય ને મૂળગાજ નાણાં રહે તે પણ કાળ ઠીક કહેવાય છે. જે વેપારમાં નુકશાની પહોંચે તે વેપાર સારો નહિં. એમ આ જીવનમાં જે જીંદગી અધર્મ-પાપ સેવનમાં ગુમાવીને આત્મ ધર્મને નુકશાન પહોંચાડ્યું તે સારૂં નહિં. ધર્મ કરવાની શીથીલતા હો પણ પાપાચરણ ન આચરે તે હજુ ઠીક કહેવાય, પણ પાપાચરણ એ તો નુકશાનીજ છે તે કોઇ રીતિએ યોગ્ય નથી: જેમાં નુકશાન ન જાય લીલા લહેર ! બાકીનો વેપાર ફાયદો ન કરે કદાચ પણ નુકશાન ન કરે તો જીવને રખડવાનું ઓછું થાય. સંસારમાં ભટકવા રૂપી ફળ ચારે ગતિમાં છે. તે બધી ગતિમાં ભટકવા રૂપી ફળને દેનારો એટલે ધર્મકરણી કરવા સિવાય બાકીનો બધો વખત સમજવો. વખતની કિંમત આપણને જરાપણ નથી. આપણો કેટલોએ ટાઇમ એમને એમ બરબાદ થાય છે. તે ટાઇમ પણ આપણે સારી કરણીમાં કાઢી શકતા નથી. આપણા ઉપર અત્યારે યુરોપીયનો જે રાજકર્તા તરીકે થયા હોય તો તેનું મૂળ કારણ ટાઇમની કિંમતવાળા તેઓ હોવાથી થયા છે તેઓ એ પોતાનો ટાઇમ એવો ગોઠ-વેલો હોય છે કે એકમીનીટ પણ નકામો ટાઇમ ગાળતા નથી. આખો દિવસ ઉદ્યમ વિગેરે કરી કાઢે છે. તેઓ પ્રથમ હિન્દુસ્તાનમાં આવીને તે પ્રમાણે નિયમીત કામ કરવાથી અત્યારે આગળ વધીને શહેનશાહ પણ થયા છે. તેઓ માત્ર વેપાર અર્થે અહીંઆં આવેલા હતા, પરંતુ તેમાં તેઓ આટલી બધી સત્તા જમાવી બેઠા છે તો 'Time is MCney' એ ઇંગ્લીશમાં પણ કહેવત છે. ટાઇમ એજ પૈસો છે. તે તેમણે કરી બતાવ્યું .

# આચાર્ય પદ્વી અંગે આવેલા અભિનંદનના સંદેશા.

(ગયા અંકથી ચાલુ)

આ પ્રસંગને અંગે જે ગૃહસ્થો અને પૂજ્યવર્યો અનિવાર્ય રોકાણને લીધે આવી શકયા ન હતા, તેમણે પ્રસંગની સફળતા ઇચ્છી અભિનંદનના સંદેશાઓ તાર દ્વારા મોકલ્યા હતા તેમની શુભ નામાવલી નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ૧. | શેઠ માણેકલાલ મનસુખલાલ | અમદાવાદ |
| ૨. | ,, જીવાભાઈ પ્રતાપસી | પાલીતાણા |
| ૩. | ,, નગીનદાસ કરમચંદ સંઘવી | ,, |
| ૪. | ,, માણેકલાલ ચુનીલાલ | મુંબાઈ |
| ૫. | ,, અમૃતલાલ કાળીદાસ દોશી | ,, |
| ૬. | ,, ગોડી પાર્શ્વનાથના ટ્રસ્ટીઓ | ,, |
| ૭. | ,, કેશરીચંદ ભાણાભાઇ | ,, |
| ૮. | શ્રી જૈનસંઘ | ભાવનગર |
| ૯. | શેઠ ચતુરદાસ ન. એલગામવાલા | પાલીતાણા |
| ૧૦. | ,, કેશવલાલ ઝવેરી | મદ્રાસ |
| ૧૧. | શ્રી દેવબાગ જૈનસંઘ | જામનગર |
| ૧૨. | હરજીશાળાના ટ્રસ્ટીઓ | ,, |
| ૧૩. | શેઠ ચંદનલાલ નાગોરી ને જૈનસંઘ | મોટી સાદડી |
| ૧૪. | શેઠ પોપટલાલ કેવળદાસ | મુંબઇ |
| ૧૫. | ,, કેશરીમલજી | વડોદરા |
| ૧૬. | ,, ગુલાબચંદ લલ્લુભાઇ | ભાવનગર |
| ૧૭. | ,, માનાજી કસ્તુરચંદ ને જૈનસંઘ | બડનગર |
| ૧૮. | ,, દેવજી ટોકરશી | મુંબાઈ |
| ૧૯. | ,, ગોકુળદાસ લલ્લુભાઇ | ,, |
| ૨૦. | ,, શાંતિલાલ જીવણલાલ | ,, |
| ૨૧. | ,, શ્રી જૈનસંઘ | બોટાદ |
| ૨૨. | ,, ચંદનમલ નાગોરી | મોટી સાદડી |
| ૨૩. | ,, હીરજીભાઈ ઘેલાભાઈ | મુંબઇ |
| ૨૪. | ,, નેમીદાસ અભેચંદ | થાણા |
| ૨૫. | શ્રી જૈનસંઘ | ઊંઝા |
| ૨૬. | મુનિ શ્રી સુરેન્દ્રસાગરજી અને જૈનસંઘ (આચાર્ય મહારાજ પર) | વેજલપુર |
| ૨૭. | મુનિ શ્રી સુરેન્દ્રસાગરજી અને જૈનસંઘ (હેમસાગરજી પર) | ,, |
| ૨૮. | મુ. સુરેન્દ્રસાગરજી અને જૈનસંઘ (જૈનસંઘ પર) | ,, |
| ૨૯. | સાધ્વીજી મહારાજ સુબોધશ્રીજી સુવ્રતશ્રીજી | શીવની |
| ૩૦. | શેઠ રૂપચંદજી　રાજગઢ સરદારપુર | ગ્વાલીઅર |
| ૩૧. | જૈનબંધુ પ્રેસ | ઇંદોર શહેર |
| ૩૨. | શ્રી ઓંકારલાલ અને ગટુલાલ (જૈનસંઘ પર) | ધાર |
| ૩૩. | ,, ,, ,, ,, (પં. ચંદ્રસાગરજી) | ,, |
| ૩૪. | ,, ,, ,, ,, (પં. હેમસાગરજી પર) | ,, |
| ૩૫. | ,, ,, ,, ,, (પં. દેવેન્દ્રસાગરજી પર) | ,, |
| ૩૬. | શેઠ ભોગીલાલ અને ડાહ્યાભાઈ | ઊંઝા |
| ૩૭. | સાધ્વીજી હેતશ્રીજી | જામનગર |
| ૩૮. | શેઠ કુંવરજી માસ્તર | પાલીતાણા |
| ૩૯. | ,, વીરચંદજી | ઇંદોર શહેર |
| ૪૦. | ,, જવાહીરલાલજી | ,, |
| ૪૧. | ,, ભોગીલાલ ડાહ્યાભાઈ સુતરીયા | ,, |
| ૪૨. | ,, મૂલચંદભાઈ બુલાખીદાસ હ. કેશવલાલભાઇ | ખંભાત |
| ૪૩. | ,, કીર્તિકુમાર ચંદુલાલની કું. હ. લખુભાઈ | મુંબાઈ |
| ૪૪. | ,, બોરીદાસ મીઠાલાલ | ઇંદોર |
| ૪૫. | ,, બાબુલાલ કુંદનલાલ | ઉજ્જૈન |
| ૪૬. | પં. મફતલાલ ઝવેરચંદ | અમદાવાદ |
| ૪૭. | શેઠ હરગોવિંદભાઈ મણીયાર | પાલીતાણા |
| ૪૮. | ,, ભાઇચંદભાઈ ત્રીભોવનદાસ | વડોદરા |
| ૪૯. | ,, જમનાદાસ જેઠાભાઇ | ,, |
| ૫૦. | ,, નગીનદાસ | જેસલમેર |
| ૫૧. | હીરાબેન કીશોરભાઇ | વિસનગર |

| | |
|---|---|
| ૫૨. શેઠ હરકીશનદાસ કેશવલાલ અને પાનાચંદ કેશવલાલ | મુંબાઈ |
| ૫૩. મુનિ શ્રી હંસસાગર | પાલીતાણા |
| ૫૪ શેઠ મણીલાલ ડાહ્યાભાઇ અને જૈનસંઘ | |
| ૫૫. ,, મણીલાલ રતનચંદ | અમદાવાદ |
| ૫૬. ,, ચીમનલાલ ભાઈલાલ | અંધેરી |
| ૫૭. ,, બાબુભાઈ છબીલદાસ | ખંભાત |
| ૫૮. ,, સેતાનમલજી ખુરડ | મહેદપુર |
| ૫૯ શ્રી જૈનસંઘ | વીસનગર |
| ૬૦. શ્રી મોટીગેળી | પાલીતાણા |
| ૬૧. સાધ્વીજી અંજનશ્રીજી | ,, |
| ૬૨ શ્રી જૈનસંઘ | ઈંદોર |
| ૬૩. સાધ્વીજી મહારાજ નેમશ્રીજી | મુંબાઈ |
| ૬૪. શ્રી મનસુખલાલ દુધવાલા | ,, |
| ૬૫. શ્રી જયંત સંભાળી બ્રધર્સ | ,, |
| ૬૬. શ્રી શિહોર જૈનસંઘ | શિહોર |
| ૬૭ શેઠ નંદરામ ચોપડા બદનવાળ | રતલામ |
| ૬૮. શેઠ મોતીલાલ મૂળજી | મુંબાઇ |
| ૬૯. ,, ચીમનલાલ માણેકચંદ | ,, |
| ૭૦. ,, ભોગીલાલજી | ચેરલા |
| ૭૧ ,, નેમચદ સજ્જનચંદ | રાજગઢ સરદારપુર (ગ્વાલીઅર) |
| ૭૨. પં. હીરસાગરજી અને જૈનસંઘ તથા સાધ્વીશ્રીજી હેમશ્રીજી | રામપુર-ભંકોડા |
| ૭૩. શ્રી નવચંદ આરાધક મંડળ તથા કહાનચદ જીવચંદ | પાલીતાણા |
| ૭૪. શેઠ રતનચંદ પ્રેમચંદ | મુંબાઈ |
| ૭૫. ,, સીતારામ ભવરમલ | ઉજ્જૈન |
| ૭૬. ,, ધનસુખલાલ છોટાલાલ | મુંબાઇ |

## રામપુરા (ભંકોડા)

અહીં ગઈ સાલ અમારી આગ્રહભરી વિનંતીથી પ. પૂ. સા. મ. શ્રી તિલકશ્રીજી મ. શ્રી એ પ. પૂ. બાલ બ્રહ્મચારી સા. મ. શ્રી રંજનશ્રીજી મ. તથા પ. પૂ. સા. મ શ્રી સુરપ્રભાશ્રીજી મઆદિ ઠા. ૯ ને ગઇ સાલ ચાતુર્માસ મોકલ્યાં હતાં. તેમના સદુપદેશથી અહીંનું દહેરાશર નાનું અને જીર્ણ હોવાથી તેનો જીર્ણોદ્ધાર, બાજુમાં નવીન વિશાળ રંગમંડપ બનાવી તેની અંદર પરમતારક શ્રી આદીશ્વરજી ભગવાનને પ્રતિષ્ઠા કરી બિરાજમાન કર્યા છે, શત્રુંજય, ગિરનાર, પાવાપુરી, ચંપાપુરી, આબુજી, અષ્ટાપદ, સમેતશિખરજી તારંગાજી અને સા. મ. શ્રી મહાસેના કૃષ્ણાજીના વૃત્તાંતવાળું ભગવાન શ્રી મહાવીરદેવનું સમવસરણના પટો કોતરાવ્યા છે

તથા નવીન ઉપાશ્રય બનાવ્યો છે. અને અહીંના પ. પૂ. સ્વ. સા. મ. શ્રી શિવશ્રીજી મ. શ્રીના સ્મરણાર્થે તેમના જન્મથી પવિત્ર થયેલ સ્થાનમાં જ્ઞાનમંદિર બનાવ્યું છે તેમાં સંપૂર્ણ વર્ધમાન તપની આરાધના કરનાર પૂર્વે થયેલા શ્રી ચંદકેવળ શ્રી વર્ધમાન સૂરિજી તથા શ્રી મહાસેના કૃષ્ણા સા મ. આદિ તથા દીર્ઘકાળ આયંબિલ તપ કરનાર શ્રી જગચ્ચંદ્ર સૂરિજી, શ્રી સુંદરી, શ્રી દ્રૌપદી આદિના અભૂત પૂર્વ દશ્યો તૈયાર કરાવ્યાં છે.

તેમજ પ. પૂ. સા મ. શ્રી તિલકશ્રીજી મ. ના સમુદાયમાં પાંચ વડી દીક્ષાએ થઈ હતી. આ પ્રસંગના અંગે તથા પ્રતિષ્ઠા શાંતિ સ્નાત્ર તથા શ્રી સિદ્ધચક્ર પૂજન આદિ મહોત્સવ ઉપર આગમોદ્ધારક, શાસ્ત્રવિશારદ સ્વ. પ. પૂ. આ. મ. શ્રી આનંદસાગર સૂરીશ્વરજી મ. શ્રીના શિષ્ય પ. પૂ. આ. મ. શ્રી માણિકયસાગર સૂરીશ્વરજી મ ના આજ્ઞાવર્તિ વિદ્વદ્વર્ય પ. પૂ. આ. મ. શ્રી ચંદ્રસાગર સૂરીશ્વરજી મ શ્રીને વિનંતિ કરતાં તેમના આજ્ઞાવર્તિ શાંતમૂર્તિ પ. પૂ. મ. શ્રી હીરસાગરજી ગણીવર મ તથા પ. પૂ. મુ. મ. શ્રી સુબોધ સાગરજી મ. આદિ ઠા. ૪ પધાર્યા હતા. તથા પ. પૂ સા. મ. શ્રી તિલકશ્રીજી મ. ને વિનંતિ કરતાં તેઓએ પણ પ પૂ. સા. મ. શ્રી હેમશ્રીજી મ શ્રી આદિ ઠા. ૨૦ ને મોકલ્યા હતા.

આ પ્રસંગે અહીં મહા સુ. ૬ થી અષ્ટાહ્નિકા મહોત્સવ તથા શાંતિસ્નાત્ર તથા શ્રી સિદ્ધચક્ર મહાપૂજન થયું હતું મહા સુ. ૬ ના રોજ વડી દીક્ષાઓ થયેલ તેમજ રંગમંડપ અને ઉપાશ્રયનુ ઉદ્ઘાટન અમદાવાદ નિવાસી શેઠ ભગુભાઈ ચુનીલાલ તથા શેઠ ભોગીલાલ મગનલાલ સુતરીયાના શુભ હસ્તે કરાવવામાં

( વધુ માટે જુવો પાનું ૧૩૬ મું. )

ૐ હ્રીં શ્રી ।

# ભરૂચ-વેજલપુરના મંદીરના જીર્ણોદ્ધાર સંબંધી.

સકળ સિદ્ધિદાયક શ્રી સિદ્ધચક્રાય નમોનમઃ
સકળ સમીહિત પુરક શ્રી સંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ
અક્ષીણ મહાનસ લબ્ધિવંત શ્રી ગૌતમ સ્વામિ ગણધરાય નમઃ

શ્રી વેજલપુર ભરૂચ મધ્યે શ્રી આદિનાથ ભગવાનનું મંદિર ઘણા વર્ષોનું જુનું અને પ્રાચીન હતું. અને છેલ્લા પંદર વર્ષથી દેરાસર ઉપરના ધાબામાંથી પાણી વિગેરેનાં મારથી અને તે પાણીના મારથી લક્કડનું કામ જીર્ણ થવાથી દરેક વર્ષે બે હજાર રૂપીઆ ખર્ચીને સમારકામ કરાવતા હતા. પરંતુ જાણીતા સલાવટોની સલાહથી નિર્ણય થયો કે દરેક વર્ષે સમારકામમાં બે ત્રણ હજાર રૂપીઆ ખર્ચીને નકામો ખર્ચ કરો છો, કારણ કે તેમ કરવા છતાં તમારૂં મંદિર અચાનક ભોંય ભેગું થઇ જશે. આથીજ આ સલાવટોની સલાહથી અને શ્રી અમદાવાદ જીર્ણોદ્ધાર કમીટીના સલાવટની સલાહથી અને આગળ અભિપ્રાય જેમને આપેલ છે તે **પૂજ્ય આચાર્યદેવ શ્રી ચન્દ્રસાગરસૂરીજીની પ્રેરણાથી** નવેસરથી જીર્ણોદ્ધાર કરાવવા નિશ્ચય કર્યો છે અને મુળ દેરાસર પાડી નાંખતા માટી ઉપરનું કામ અને લક્કડનાં થાંભલા-પાટયા સડી ગયેલા નજરે જોતાં જે થયું તે સારૂ થયું છે એ હિસાબે આ કામ શરૂ કરવા દેરાસરની મિલ્કત હાલમાં જે સંઘ પાસે હતી તે ખર્ચી નાંખવા માટે રૂ. ૪૦૦૦૦) **ચાલીશ હજાર આપવાનો ઠરાવ કરીને** તે રૂપીયાનો વ્યવસ્થિત કારભાર શ્રી સંઘે એક કમીટી નીમી છે. અને તે કમીટિના બધા કાર્યવાહકો હળી-મળીને સંતોષ પૂર્વક કામ કરે છે તે દેખનારને કહેવું પડે તેમ નથી. હાલના દેરાસરને જમીનમાંથી ઉભું કરીને પ્રાતઃસ્મરણીય ભગવંતોને બિરાજમાન કરી શકાય તે હાલતમાં આ કાર્યને પહોંચી વળવા માટેનો પ્લાન લગભગ રૂપીયા એક લાખને અગીયાર હજારનો અંદાજ છે, જયારે હાલની જીર્ણોદ્ધાર કમીટી પાસે રૂ. ચાલીશ હજાર છે; માટે સકલ ગામના સંઘો આ કાર્યમાં જલ્દી આર્થિક મદદ કરે તે પહેલાં આપણા ગામના શ્રી જૈન શ્વે૦ મૂ૦ પૂજક સંઘના અગ્રગણ્ય ભાઇઓએ અને બહેનોએ છુટથી વિના સંકોચે પૈસા ભરીને આ કાર્યને નિર્વિઘ્ને પુરૂં કરવામાં શકિત અનુસાર મદદ કરશે એવી આશા છે.

શ્રદ્ધાળુ શ્રીમંતોએ પૈસાથી, શરીર શકિતવાળાએ શરીર બળથી, અને બુદ્ધિમાનોએ સારી સલાહ આપીને આ અમારા તીર્થ સમાન-આ મંદિરને તીર્થપતિ શ્રી મુનિસુવ્રત સ્વામીજીથી વિભૂષિત થયેલ આ તીર્થધામ રૂપ ગામમાં આ મંદિર જેમ તેમ જલ્દી તૈયાર થઇ જાય તે રીતીએ ઉદ્યમવંત થશો એવી અમારી સાદર દરેકને આ આગ્રહભરી વિનંતી છે. પૂર્વે જણાવેલો અભિપ્રાય નીચે મુજબ છે.

## પૂ. આ. શ્રી ચંદ્રસાગરસૂરિજીનો અભિપ્રાય.

(જેઠ વદ ૧૦)

સં. ૨૦૦૬ ના જેઠ માસમાં સુરત મુકામેથી વિહાર કરીને વડોદરા ચતુરમાસ કરવા જતાં આ કરવા જતાં આ ક્ષેત્રની સ્પર્શના થઈ. જુના મંદિરની હાલત તપાસતાં નવેસરથી જીર્ણોદ્ધાર કરવામાં નહિં આવે તો જોખમ ભરેલી પરિસ્થિતિનો તાત્કાલિક સંભવ હોવાથી આ સંઘને નવેસરથી જીર્ણોદ્ધાર કરવાનો ઉપદેશ આપવામાં આવ્યો, અને સંઘ પાસે એકત્ર થએલ દેવદ્રવ્યની રકમ આ કામમાં ખર્ચવાનો સંઘે ઠરાવ કરી એક વ્યવસ્થાપક કમીટી નીમી કામ શરૂ કરવામાં આવેલ છે. આ જીર્ણોદ્ધાર અંગેનું કામ તથા પ્લાન મીસ્ત્રી ભાઇશંકર પાસે કરાવીને, અને આચાર્ય શ્રી વિજયઉદયસુરિ મહારાજ પાસે શાસ્ત્ર વિધાન મુજબ તે પ્લાન પાસ કરાવીને ખાત મૂહૂર્ત વિગેરે થઈ ગયેલ છે. અને કામ શરૂ છે. લગભગ બે મહીનાના અરસામાં શીલારોપણ પણ થશે માટે દરેક સંઘના વહિવટદારોમાંથી

દેવ દ્રવ્યના જીર્ણોદ્ધારના ખાતેથી સારી રકમ ભરી આપવા મારી ખાસ તે તે કાર્યવાહકોને આગ્રહ ભરી ભલામણ છે. અને આ સંઘે પણ શકિત અનુસાર ટીપની શરૂઆત કરવીજ જોઈએ.

લિ૦

પૂજ્ય આચાર્યદેવ શ્રી ચંદ્રસાગરસૂરિ મહારાજની આજ્ઞાથી દા ધર્મસાગરના ધર્મ લાભ.

સં. ૨૦૦૭ ફાગણ સુદ ૬ વાર ભોમ તા. ૧૩-૩-૧૯૫૧

( ૧૩૪ મા પેજથી ચાલુ )

આવ્યું હતું મહા સુ. ૧૦ ના રોજ જ્ઞાનમંદિરનું ઉદ્ઘાટન અમદાવાદ નિવાસી શેઠ વાડીલાલ સાકળચંદ તથા શેઠ પોપટલાલ ગીરધરલાલના શુભ હસ્તે થયું હતું. અને સ્વ. શેઠ કચરાભાઈ ચતુરદાસ તરફથી જૈન સેવા સમાજે બંધાવેલ દવાખાનાનું ઉદ્ઘાટન ચૂડાવાળા શેઠ મનસુખલાલ તારવાળાના ચિ. પરશોતમદાસભાઇના શુભ હસ્તે થએલ તથા શ્રી આદીશ્વરજી ભગવાનને પ્રતિષ્ઠા કરી ગાદીએ બેસાડયા હતા. કળશ તથા ધ્વજા રોપણ વિધિ કરવામાં આવી હતી. બપોરે શાંતિસ્નાત્ર ભણાવ્યું હતું તથા આયંબિલ તપ ખાતા માટે નવું મકાન ખરીદવામાં આવ્યું હતું. તથા સુદ ૧૨ ના રોજ શ્રી સિદ્ધચક્ર મહાપૂજન કર્યું હતું.

આ પ્રસંગે ઉત્સવાદિના કાર્યો માટે કુવાલાથી માસ્તર કાંતિલાલ ભૂધરભાઇને બોલાવ્યા હતા. તથા શાન્તિસ્નાત્રાદિ ક્રિયા કરાવવા માટે વિરમગામથી માસ્તર પોપટલાલભાઈને તેડાવ્યા હતા. અને શ્રી સિદ્ધચક્ર મહાપૂજન માટે અમદાવાદ ફતાસાની પોળના શેઠ રતીભાઈ, ચીનુભાઈ, બાબુભાઈ, લાલભાઇ તથા હીરાભાઈ આદિ પધાર્યા હતા, પૂજા તથા શ્રી સિદ્ધચક્ર મહાપૂજનમાં શેઠ ચીનુભાઈએ લોકોને જીન ભક્તિમાં એક ચિત્ત કર્યા હતા. જલયાત્રા, પૂજા, ભાવનામાં ભાભર જૈન સંગીત અને બેન્ડ મંડળે સારો લાભ આપ્યો હતો. બહારગામથી પધારેલા મહેમાનોની વ્યવસ્થા, પૂજા, ભાવના આદિ તમામ કાર્યોમાં શ્રી આદિ જીન મંડળે સારો સહકાર આપ્યો હતો. આ પ્રસગે વિશાળ મંડપને ઇલેકટ્રીક રોશની અને લાઉડસ્પીકરથી શોભાયમાન બનાવ્યો હતો.

લી૦ રામપુરા જનસંઘ

દ. શેઠ નાગજીભાઈ ઘેલાભાઇ.

પૂ. આચાર્યદેવ શ્રીચન્દ્રસાગરસૂરિજીની ખાસ પ્રેરણાથી જીર્ણોદ્ધારની શરૂ થયેલી ટીપ.

૯૦૦૦) મુંબાઈ શ્રી ગોડીજીના જીર્ણોદ્ધાર ખાતે
૮૦૦૦) અને ઉપધાન ખાતેથી
૧૦૦૦) મળીને કુલ રૂ. ૯૦૦૦)

| | |
|---|---|
| ૨૭૦૧) | બહેન શીવલી દલીચંદ કેરવાડા |
| ૨૦૦૧) | શાહ ઉદેચંદ ખુબચંદ સજોદ |
| ૧૭૦૧) | ,, છગનલાલ વીરચંદ કાપડીયા |
| ૧૫૦૧) | ,, ચંદુલાલ નાથાભાઈ ગાંધી |
| ૧૨૫૧) | ,, ખીમચંદ તારાચંદ સુતરીયા |
| ૧૨૦૧) | શાહ છુનીલાલ વિરચંદ કાપડીયા |
| ૧૨૦૧) | ,, મણિલાલ વિરચંદ ,, |
| ૧૨૦૧) | ,, ગોવનજી દલીચંદ ,, |
| ૧૧૫૧) | ,, મોહનલાલ મંગનલાલ ,, |
| ૧૧૦૧) | ,, લલ્લુભાઈ જેચંદ ,, |
| ૧૦૦૧) | ,, રમણલાલ મોતીચંદ ,, |
| ૧૦૦૧) | ,, મોહનલાલ વીરચંદ |
| ૧૦૦૧) | ,, છોટાલાલ લક્ષ્મીચંદ |
| ૧૦૦૧) | ,, મોહનલાલ ભુખણદાસ |
| ૧૦૦૧) | ,, કનૈયાલાલ નાથાભાઈ |
| ૧૦૦૧) | ,, કીકાભાઈ અમરચંદ દલાલ |
| ૭૫૧) | ,, કેશવલાલ વીરચંદ |
| ૫૦૧) | ,, એક ગૃહસ્થ |
| ૫૦૧) | ,, છગનલાલ રાયચંદ માસ્તર |
| ૫૦૧) | ડૉ. શાહ કેવલચંદ તારાચંદ |
| ૫૦૧) | શાહ છગનલાલ ખુબચંદ |
| ૫૦૧) | ,, મગનલાલ પાનાચંદ |
| ૫૦૧) | ,, માણેકલાલ કપુરચંદ |
| ૫૦૧) | ,, લલ્લુ નેમચંદ |
| ૫૦૧) | ,, કસ્તુરચંદ ગુલાબચંદ |
| ૫૦૧) | ,, દેવચંદ હીરાચંદ |

લિ૦

જીર્ણોદ્ધાર કમીટી વેજલપુર જૈન દેરાસર ભરૂચ,

વિશેષમાં હજુ પણ રૂપીયા ભરાયા કરે છે, એવું તે કમીટી જણાવે છે, માટે હવે પછી નોંધાયેલ રકમો આવતા અંકમાં જણાવવામાં આવશે. લિ. તંત્રી.

# જૈન શાસનની રક્ષાનો આદેશ.

પરમાત્મા શ્રી તીર્થંકર દેવોએ ઉપદેશેલા મહાન જૈનધર્મના સંચાલન માટે તે પરમાત્માઓએજ સ્થાપેલા, **શ્રી જૈનશાસન** નામના પ્રાચિન મહાન ધાર્મિક તંત્રની શાસ્ત્રોક્ત બંધારણીય રીતની શીસ્તનું રક્ષણ કરનાર શ્રી **ચતુર્વિધ સંઘના,** આખા ભારતના અને અન્ય પ્રદેશોના આપણા પરાપૂર્વના ધાર્મિક સાતેય ક્ષેત્રો અને તેની સાથે સંબંધ ધરાવતી સ્થાવર, જંગમ મિલ્કતો અને બીજા ધાર્મિક હિત સંબંધોનું શ્રીસંઘની વતી રક્ષણ અને વહીવટ કરતા તમામ ખાતાઓ, પેઢીઓ અને સંસ્થાઓના વહીવટદારો અને તમામ ભારતીય આર્ય પ્રજાજનોને ધર્મલાભપૂર્વક જણાવવાનું કે:—

મુંબાઇ પ્રાંતની સરકારે **સાર્વજનિક ટ્રસ્ટોના કાયદાનો** મુસદો બહાર પાડયો તે પહેલાં, શ્રીચતુર્વિધ સંઘ અને તમામ ભારતીય આર્ય પ્રજાજનોની કલ્પનામાં પણ ન હતું, કે "આ કાયદો અને તેના નિયમો ધર્મોને ભયંકર નડતરરૂપ થઈ પડશે' સબબ કે-ધર્મ અને ધર્મને લગતી તમામ બાબતોમાં આજ સુધી છુટાપણું ભોગવેલ દરેક ધર્મ એ કલ્પના કરવા પણ તૈયાર ન હોય, કે "આપણા જ ભાઇઓના હાથથી ધર્મ અને ધર્મને લગતા તમામ કાર્યોમાં હસ્તક્ષેપ કરનારા કાયદાઓ કરાવી, ધર્મ અને ધાર્મિક ક્રિયાઓને ભયમાં મુકાવશે."

દરેક ધર્મને બાધક થતા આ અને આવા બીજા કાયદાઓ અમલમાં ન આવે, તે ખાતર સંઘો અને અન્ય આગેવાનોએ ભગીરથ પ્રયત્નો, ધારાસભામાં અને વિરોધો નોંધાવવાના દરેક પ્રસંગોએ કર્યા, છતાં જ્યારે ખાત્રી થઇ ચૂકી છે કે "સરકાર કાયદાને અમલમાં મૂકવાનીજ છે." ત્યારે અમારી પણ પવિત્ર ફરજ થઈ પડે છે, કે **"તેવા બંધનોથી ન્યાયસર મુક્ત** રહેવા ચતુર્વિધ સંઘના એક મુખ્ય આગેવાન અંગ અને **ધર્મ**ગુરૂ તરીકે યોગ્ય દોરવણી આપવી જોઇએ."

સાર્વજનીક ટ્રસ્ટોનો કાયદો, ચતુર્વિધ સંઘની વતી રક્ષણ અને વહીવટ કરનાર ધાર્મિક ખાતાઓ, પેઢીઓ અને સંસ્થાઓનો વહીવટ આપણા જ વહીવટદારોના હાથમાં હોવા છતાં નીંચે પ્રમાણે અસરો કરશે.

૧ દરેક નોંધાયેલા વહીવટો ઉપર ચેરીટી કમીશ્નરનો સીધો અધિકારી મુકાતો હોવાથી આપણા જ વહિવટદારો માત્ર એજન્ટો કે કારકુનો જેવા **બિન-અધીકારી** બનશે.

૨ કાયદામાં વહિવટદારોને જવાબદાર ગણેલ હોવાથી વહીવટો અને વહીવટદારો શ્રીસંઘની મર્યાદાથી **સ્વતંત્ર** બની જશે.

૩ કાયદામાં દરેક વહીવટોની મિલ્કત ઉપર (સકીપ) નિશાન કરવાનું, અને તેની રોકડ રકમ સરકારી જામીનગીરીઓમાં રોકવાનું **ફરજીયાત** ઠરાવેલ હોવા સાથે નિશાનવાળી મિલ્કતોના વેચાણ ચેરીટી કમીશ્નરની **પરવાનગી** વિના ન કરવાનું ઠરાવેલ હોવાથી વહીવટોના જરૂરી હિત માટે નાણાં ખર્ચવામાં અંતરાયો ઉભા થશે. જેને પરિણામે ધર્મને સહાયક **સ્થાપિત હિતોના પ્રતિકો જોખમાશે, આત્મકલ્યાણના ધાર્મિક માર્ગો રૂંધાશે અને તેમાં સહાયક ધનપ્રાહ અટકી અથવા ઘટી જશે.**

૪ વહીવટોના સંચાલનમાં આપણા વહીવટદારોને અપરિચિત, આંટીઘુંટીવાળી વિદેશી પદ્ધતિઓ દાખલ કરેલી છે, કે-જેના પરિણામે ધર્મશ્રદ્ધાળુ અને પ્રમાણિક વહીવટદારો કંટાળીને મુક્ત બનશે, અને ધર્મ અને તેની વહીવટી શૈલી નહિ સમજદાર નવશિક્ષિત વહીવટદારોના હાથમાં વહીવટ જતાં, અગર કેટલેક સ્થળે વહીવટદારો ન મલતાં સીધો ચેરીટી કમીશ્નરના હાથમાં વહીવટ જતાં, શાસ્ત્રીય પ્રણાલિકાઓ અને આજ્ઞાઓને ધક્કો પહોંચશે, જેના પરિણામે ધર્મશ્રદ્ધાળુ વર્ગમાં અસંતોષ વધતાં આંતર કુસંપ અને અથડામણાઓ વધશે.

૫ આ કાયદાને અમલમાં મુકવાના અમલદારી તંત્રનો તમામ ખર્ચ, વહીવટોની નોંધણી ફીથી સરકારને મેળવવાનો છે. તે રીતે વહીવટોમાંથી જે રકમ સરકારને આપવાની ઠરે તે, ઉપરાંત નવા નિયમો મુજબ પત્રકોની પદ્ધતિથી વહીવટ કરવાનો હોવાને લીધે તેવી પદ્ધતિના સમજદાર નોકરો વધુ પગારથી રાખવાનો, વહીવટ

ઓડીટ ફીનો અને કાયદેસરની જરૂરી સલાહ મેળવવાનું ધારાશાસ્ત્રી અને કોર્ટો આદિના ખર્ચનો એટલો બધો નાણાંકીય બોજો વહીવટો ઉપર આ કાયદાના બંધનથી વધી પડશે, કે—જેથી કેટલાય નાના વહીવટો સદંતર બંધ થતા, પરિણામે શાસન રક્ષા અને ધર્મક્રિયામાં અંતરાયો થશે.

૬ ચેરીટી કમીશ્નરને જણાય, કે—"અમુક વહીવટની મિલ્કત જે હેતુ માટે અસ્તિત્વમાં આવેલ છે, તે હેતુમાં હાલના સંજોગોમાં ઉપયોગ કરવા જેવો નથી." તો તે વહીવટના વહીવટદારોને સદર મિલ્કત ચેરીટી કમીશ્નર નોટીસદ્વારા જે બીજા કાર્યમાં વાપરવા સૂચવે તે માટે કોર્ટની પરવાનગી મેળવવા જણાવે, ત્યારે હિતાહિતનો વિચાર કરતાં વહીવટદાર નોટીસનો અમલ ન કરે, તો તે વહીવટની વતી ચેરીટી કમીશ્નર બારોબાર કોર્ટમાં જઇ હુકમ મેળવે, અને તેના અંગે જે ખર્ચ થયેલ હોય તે, તે વહીવટના ફંડના જ્યાં નાણાં જમે પડયા હોય ત્યાંથી વસુલ કરે, અને વહીવટદારને તે મિલ્કતનો કોર્ટના ચુકાદા મુજબ અમલ કરવા આગ્રહ કરે, છતાં વહીવટદાર તેનો સ્વીકાર ન કરે તો વહીવટદાર તરીકે તેમને રદ કરાવી ચેરીટી કમીશ્નર સ્વયં વહીવટદાર બની, વહીવટની મિલ્કતનો કબજો લઈ વહીવટદારની સંમતિ વિના અને કોર્ટનો હુકમ શાસ્ત્રીય આજ્ઞા વિરૂદ્ધ હોય તો પણ તે મુજબ અમલ કરી શકશે. જેના પરિણામે વહીવટદારો લોકોને પાકો વિશ્વાસ આપી શકે નહિ, એટલે ધાર્મિક ખાતાઓમાં નવા નાણાંની આવક સદંતર અટકી જાય.

૭ આ કાયદાના પરિણામે શ્રીસંઘના સાતેય ક્ષેત્રો અને તેની સાથે સંબંધ ધરાતા બીજા તમામ નાના મોટા ખાતાઓની તમામ ધાર્મિક સ્થાવર, જંગમ મિલ્કતો ઉપર અને તે મારફત બીજા અનેક સંચાલનો તથા શીસ્ત ઉપર છેવટનો માલીકી હક્ક સરકારનો હોય એમ સ્થાપિત થઈ જાય છે. એટલું જ નહિ, પણ "શાસ્ત્રીય આજ્ઞા ગમે તેવા પ્રકારની હોય, તે જોવાનું સરકારને નહિ." એવા પ્રકારની વિશાળ સત્તાઓ, અધીકારો અને હક્કો સરકારને પ્રાપ્ત થતાં હોય તેવા પ્રકારની અસર પાડે છે. તે ન્યાય સંગત નથી, કેમકે-તેથી રાજ્યતંત્રના ક્ષેત્રથી બહારના પ્રજાના સ્વતંત્ર ક્ષેત્રોમાં રાજ્યતંત્રે પ્રવેશ કરવાનું થાય છે.

૮ કાયદાના ઉપરોક્ત મહત્વના પરિણામોથી શ્રીચતુર્વિધ સંઘની પૂર્વપરંપરા અને પ્રાચીન કાળથી ચાલી આવતી વ્યવસ્થાને સ્થાને કાયદો અમલમાં આવતાં તેની સામે નીચે બતાવ્યા મુજબની વ્યવસ્થા ગોઠવાઈ જશે, અને તેમ થતા શાસ્ત્રોકત બંધારણીય રીતની ધાર્મિક શીસ્તનો ભંગ થશે.

| પરાપૂર્વથી ચાલતી આવતી વ્યવસ્થા | અને | કાયદો અમલમાં આવતા પલટાતી વ્યવસ્થા. |
|---|---|---|
| ૧ શ્રી તીર્થંકર પ્રભુની સર્વોપરિતા. | | ૧ રાજ્યતંત્રની સર્વોપરિતા |
| ૨ પૂજ્ય ધર્મગુરૂની આજ્ઞા. | | ૨ સરકારી અમલદારોની આજ્ઞા. |
| ૩ ધર્મશાસ્ત્રો | | ૩ સરકારી કાયદા |
| ૪ શ્રી સંઘની આજ્ઞા | | ૪ સરકારી કોર્ટો |
| ૫ શ્રી સંઘનું શીસ્તપાલન વગેરે | | ૫ લોકોના કે વહીવટદારોનો સર્વાનુમત કે બહુમત |

ઉપરોક્ત રીતે મૂળથી પલટો થઇ જતાં, **શાસ્ત્રો તથા શ્રી સંઘની મર્યાદાઓનો અને અધિકારોનો** લોપ થઇને. તે **છિન્નભિન્ન થવાની સ્થિતિમાં** મૂકાઈ જશે.

૯. આ રીતે શ્રી જૈનશાસન અને **શ્રી સંઘ જોખમમાં મૂકાવાથી** પરિણામે ધર્મના સિદ્ધાંતો પણ ભયમાં મૂકવાની સ્થિતિમાં આવે છે.

**આ સઘળી હકીકત એક યા બીજા રૂપે બીજા ધર્મો અને તેની મૂળભૂત સંસ્થાઓને પણ લાગુ પડે છે.**

સારાંશમાં ધાર્મિક આદેશોનું સ્થાન સરકારી ફરમાનો લેશે. શ્રી સંઘની સત્તાનું સ્થાન સરકારી લેશે. પવિત્ર મિલ્કતો ઉપર ખૂબજ બોજો લાદવામાં આવશે. ધાર્મિક મિલ્કતની વ્યવસ્થા અને વહીવટ સરકારી હુકમો પ્રમાણે કરવાનો રહેશે. ધાર્મિક મિલ્કતો બિન-ધાર્મિક હેતુઓ માટે વેડફાઇ જશે. પવિત્ર ધાર્મિક

ઉદ્દેશોને કે કરે મારીને જૈનશાસનને પાપમય જણાવેલ કાર્યો માટે ધાર્મિક લક્ષ્મીનો ઉપયોગ થશે. કયારેક સંઘની સઘળીયે મિલ્કત સરકારને ચરણે ધરી દેવાનું ફરજીઆત બનશે. પવિત્ર મિલ્કત જૈનસંઘની મટીને સરકારની બનશે.

પરિણામે ધાર્મિક સ્વાતંત્ર્ય છિન્નવાઇ જશે. શુભ માર્ગે ધનનો પ્રવાહ અટકી જશે. શ્રી વીતરાગ પ્રણિત વ્યવસ્થા છિન્નભિન્ન બનશે. જૈનમંદિરો અને ઉપાશ્રયો ભયમાં મૂકાશે અને ધર્મથી વિરૂદ્ધ રીતે તેમનું સંચાલન થશે.

સાર્વજનિક ટ્રસ્ટનો કાયદો ધાર્મિક હિતોમાં વિક્ષેપ નાખનારો હોવાથી સરકાર તેને અમલમાં ન મુકે તેવા શકય હોય તેટલા પ્રયત્નો કરવાની આવશ્યકતા ઉભી થયેલી છે.

આ રીતે કાયદાને અમલમાં ન લાવવાના પ્રયાસો કરવા છતાં શ્રી સરકાર આગ્રહ રાખીને અમલમાં મુકવાની તા. ૧૬-૪-૫૧ કે તે પછીની તારીખથી જાહેરાત કરે તો "શ્રી સંઘની યોગ્ય દોરવણી અને પરવાનગી વિના પોતપોતાના હસ્તકના વહીવટો સરકારમાં નોંધાવવાની અરજી કરવાની વહીવટદારોએ ઉતાવળ કરવાની જરૂરત નથી. સારાંશમાં એ દરમ્યાન કાયદાને સહકાર આપવા જેવું કશુંયે સંચાલકો ન કરે. એ ઇચ્છનીય છે. વધારામાં પ્રથમના કાયદાઓને અનુલક્ષીને જે વહીવટો નોંધાયલા હોય તેણે કાયદાની કલમ ૨૮ મુજબ નોટીસ મળ્યાથી સીધી કે આડકતરી રીતે પત્રક ભરીને હકીકતો રજુ કરી સંમતિ ન આપવા ઉપરાંત, તેવા નોંધાયેલા વહીવટોને છુટા કરવાના યોગ્ય પ્રયત્નો કરવા. કારણ કે પ્રથમના કાયદાઓમાં સરકારના જાહેર થયેલા હેતુઓ અને આદર્શો કરતાં આજના કાયદામાં જુદાજ પ્રકારના ધર્મના હિતોને હાનિ કરનારા હેતુઓ અને આદર્શો ગુંથાતા જાય છે. આ કારણે સંઘના હિતોની વિચારણા કરીને શ્રી સંઘ નિર્ણય કરે તે રીતે અમલ કરવા વહીવટોને, વહીવટદારોએ તદ્દન સ્વતંત્ર રાખવા જોઇએ. "એમ આદેશ કરવાની તાત્કાળીક જરૂરીઆત ઉભી થવા પામી છે." કારણ કે શ્રી ચતુર્વિધ સંઘની વતી ધાર્મિક વહીવટોનો વહીવટ કરનારા વહીવટદારો શ્રી સંઘની આજ્ઞા, શીસ્ત, હેતુઓ અને વ્યવસ્થાને વફાદાર રહેવા પવિત્ર ફરજથી બંધાયેલા છે.

અંતમાં—શ્રી શ્રમણ સંઘના આગેવાન આચાર્ય ભગવંતો આ બાબત એકમતથી યોગ્ય નિર્ણય કરીને, ધાર્મિક અને ધર્માદા વહીવટોના વહીવટદારોને યોગ્ય દોરવણી આપવામાં જો વિલંબ કરશે કે ઉપેક્ષા સેવશે તો "કાયદાને અમલમાં લાવવા દેવામાં સહાય કર્યાનો અર્થ થશે."

જેના પરિણામે મુંબાઇ પ્રાંતમાં આ કાયદો અમલમાં આવતાં બીજા પ્રાંતો તેનું અનુકરણ કરશે, અને તેમ થતા ભારતના જુદા જુદા પ્રદેશોમાંના આપણા ધાર્મિક ખાતાંએ તે તે પ્રદેશની સરકારો સાથે ગુંથાઈ જતાં શ્રી ચતુર્વિધ સંઘની આજે ઘણા સારા અંશે જે કાંઈ વ્યાપક એકતંત્રતા ટકી રહી છે, તે તદ્દન લુપ્ત થતાં સમગ્ર જૈનશાસન નજીકનાજ ભવિષ્યમાં છિન્નભિન્ન થવાની પરિસ્થિતિમાં મુકાઇ જશે.

અને જો આમ બને તો આપણા માટે આથી વિશેષ મોટામાં મોટું બીજું કયું નુકશાન થાય તેમ છે? મોટામાં મોટું આજ ભયંકર નુકશાન છે. અન્ય કોઇપણ નુકશાનો આની આગળ કશા હિસાબમાં નથી, એમ અમારૂ મંતવ્ય છે.

---

## જૈન શાસનની રક્ષાનો આદેશ.

સાર્વજનિક ટ્રસ્ટોના કાયદાની શ્રી સંઘના ધાર્મિક અને ધર્માદા વહીવટો પર કેટલી માઠી અસર પડે છે. અને તેના માટે વહીવટદારોએ કયો માર્ગ સ્વીકારવો, તે વિગતસર દર્શાવતું પૂજ્યશ્રી શ્રમણ સંઘના આચાર્યાદિકો તરફથી નીચે મુજબ આદેશ મોકલવા વિનંતીપત્ર સર શ્રી જૈન સંસ્કૃતિ રક્ષક સભા તરફથી પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. જે દરેકની જાણ અને સમજ માટે અત્રે રજુ કરવામાં આવે છે.

શાખાઓ: —
અમદાવાદ
સુરત
પાલણપુર
રાધનપુર
ખંભાત
મેસાણા
ચાણસ્મા
ડીસા
વીસનગર
વડનગર
ખેરાળુ વિગેરે.

# શ્રી જૈન સંસ્કૃતિ રક્ષક સભા.

ટીનવાલા બીલ્ડીંગ પહેલો માળ, ત્રીભુવન રોડ, નં. ૪

મુંબાઇ, તા. - -૧૯૫૧

પરમપૂજ્ય શ્રી ________________ મુ. ________

શાંત, દાંત, ત્યાગી, વૈરાગી, પરમાત્મા શ્રી વીતરાગદેવના મહાન જૈન શાસનના ધોરી, પરમપૂજ્ય શ્રી આચાર્ય મહારાજાઓ આદિ પદસ્થ પૂજ્યો, શ્રી પૂજ્ય મુનિ મહારાજાઓ, શ્રી પૂજ્ય સાધ્વીજી મહારાજાઓને સાભ્યુત્થાન ક્ષમાપનાપૂર્વક વિજ્ઞપ્તિ કે—

મુંબાઇ સરકારે સાર્વજનિક ટ્રસ્ટોનો કાયદો અમલમાં મૂકવાની તા ૧૬-૪-૫૧ થી શરૂઆત કરવાની જાહેરાત કરી છે. તે કાયદાનો સૂક્ષ્મ અભ્યાસ કરતાં શાસન અને ધર્મ ઉપર તેની કેવી ખરાબ અસરો થશે, તે સાથેના મુસદ્દામાં દર્શાવવાની સંસ્થાએ ફરજ બજાવી છે.

આ પરથી આપ પૂજ્યોના સચોટ રીતે ખ્યાલમાં આવશે કે, "ધર્મની રક્ષા માટેનો કટોકટીનો પ્રસંગ ઉભો થયો છે." અને તેમાં સક્રિય પ્રયાસો કરવાની આવશ્યકતા ઉભી થઇ છે. જેથી અમારી આપ પૂજ્યોને વિજ્ઞપ્તિ છે કે આપશ્રીને આ મુસદ્દો યોગ્ય જણાય તો તે, અગર તેમાં આપ પૂજ્યશ્રીને કાંઇ પણ વિશેષ સૂચન કરવા યોગ્ય હોય તે તેમાં જણાવીને આપશ્રીની સહિથી આપશ્રીના આજ પર્યંતના વિહારના પરિચિત ક્ષેત્રોમાંના તથા આપશ્રીના આદેશમાં રહેલા ધાર્મિક કે ધર્માદા નાના, મોટા વહીવટી ખાતાઓ, પેઢીઓ, કે સંસ્થાઓના વહીવટદારો પર પાઠવવા, અને તે દરેક એક નકલ સંસ્થા પર મોકલી આપવા કૃપા કરવા વિજ્ઞપ્તિ છે.

લક્ષ્મીચંદ પ્રેમચંદ શાહ
મંત્રી: શ્રી જૈન સંસ્કૃતિ રક્ષક સભા
ની ૧૦૦૮ વાર વંદના સ્વીકારશોજી.

卐

[ ટાઈટલ ૪ થા પેજથી ચાલુ ]

ભક્તિ-ભાવનો લાભ લીધો. અને **दुर्गतिप्रपज्जंतु०** એ શ્લોકની શરૂઆત કરી[illegible]માં (મુખ્યતયા) પૂ. આચાર્યશ્રીએ **દાનધર્મ ઉપર** વ્યાખ્યાન આપ્યું હતું.

છેવટના ઉપદેશમાં અત્રના જીર્ણોદ્ધાર સંબંધી ગામના આગેવાનોએ યથાશક્તિ લાભ લેવો જોઇએ. એ ત્રણ દિવસનાં સતત્ ઉપદેશથી લગભગ ગામના ૨૭ હજાર થયા છે, અને શ્રી ગોડીજીના સંઘે પણ લગભગ ૯૦૦૦) ઉદાર દિલે આપ્યા છે. હજુ **શ્રીમાળી પોળ ભરૂચ, શ્રી મુનિ સુવ્રતના મંદીરમાંથી અને ઝઘડીયા તીર્થના** વહીવટમાંથી સારી રકમ મળનાર છે તે અવસરે જણાવાશે. આ જીર્ણોદ્ધારની ટીપ વિગેરેના કાર્યથી અઠવાડીયાથી વધુ સ્થિરતા થઈ, અને તે પછી વિહાર કરીને દેરોલ-સમની-આમોદ-જંબુસર જવાનું થયું અને તેને ગામના સંઘોએ શાસનપ્રભાવના થાય તેવી રીતે લાભ લીસો. **પૂ. આચાર્ય દેવની** સાથેના સર્વ ઠાણામાંથી **પૂ-ઉપા. શ્રી દેવેન્દ્રસાગરજી** આદિ ઠાણુ અને **પૂ. શ્રી દર્શનસાગરજી** આદિ ઠાણુ ક્રમશઃ ગાંધાર થઈ કાવીજી પધાર્યા, અને તે પછી **પૂ. આચાર્યદેવ** આદિ દશ ઠાણાને પણ યાત્રાર્થે કાવીતીર્થે જવાનું થયું. કાવી મુકામે ખંભાત સંઘના શ્રાવકો આવ્યા હતા, અને કાવી તીર્થથી ખંભાત મુકામે જવાનું થયું. ખંભાત તરફ વિહાર કરતાં **વત્રા મુકામે ખંભાત શ્રી સ્થંભન તીર્થ તપાગચ્છ સંઘના આગેવાનો** વિનંતિ કરવા આવ્યા હતા. અને ફા. વ. ૨ ના શકરપુરાથી ખંભાતમાં પ્રવેશ જાહેર થતાં સંઘના નાના મોટા ભાઇબ્હેનો અને સાધ્વીઓ છેક શકરપુરા સુધી આવ્યા હતા, અને ગવારાના દરવાજેથી વાજતે ગાજતે શાસનપ્રભાવના વધે તે રીતિએ ચતુર્વિધ સંઘ સાથે શ્રી સ્થંભન તીર્થાધિપતિના દર્શન કરીને ભંપોળના ઉપાશ્રયે મંગલિક સંભળાવવામાં આવ્યું. એ ત્રણ દિવસ રહીને "ધર્મની કિંમત સૂક્ષ્મ દૃષ્ટિએ તપાસવાની જરૂર" તે ઉપર વ્યખ્યાન આપવામાં આવ્યું. અને સકળ સંઘે શ્રવણાદિ ધર્મ કરણીમાં સારો લાભ લીધો. ખંભાતમાંથી વિહાર કરી, **મુનિશ્રી રતિસાગરજી** આદિ પાંચ ઠાણુ તારાપુર-ગલીઆણા આરા-ધોળકા થઇને, **પૂ-ઉપા૦ શ્રીદેવેન્દ્રસાગરજી** આદિ ઠાણોએ ધંધુકા થઇને અને **પૂ. આચાર્યદેવ** આદિ ઠાણાએ ધોલેરાના રસ્તે એક એક બબ્બે દિવસના આંતરે વિહાર કર્યો. **પૂ. મુનિશ્રી જ્ઞાનસાગરજી** આદિ ત્રણ ઠાણુ **પૂ-પં. શ્રીહીરસાગરજી** આદિ ચાર ઠાણુ અને **પૂ. મુનિશ્રી દર્શનસાગરજી** આદિ પાંચ ઠાણાએ વિહાર ચાલુ રાખીને ચૈત્ર સુદની શરૂઆતમાં અનુક્રમે પાલીતાણા પહોંચી ગયા છે અને **પૂ. ઉપા. શ્રીદેવેન્દ્રસાગરજી** આદિ ઠાણુ પણ ચૈત્ર સુદ **૫** ના રોજે પાલીતાણામાં પ્રવેશ કર્યો છે. કાઠીયાવાડની યાત્રાદિ માટે વિહારમાં રહેલા **પૂ. મુનિશ્રી હંસસાગરજી** આદિ ઠાણાએ વધુ સ્થળોએ જવાનું બંધ રાખીને મોતી કડીયાતી મેડી, પાલીતાણામાં ફાગણ વદમાં આવી ગયેલા છે, કારણ કે પોતાના પૂ. ગુરૂદેવ જલ્દી પધારે છે. ધોલેરાના રસ્તે વિહાર કરતાં કરતાં વળા-વલ્લભીપુર મુકામે આવવાનું થયું. વળાના સંઘે વાજતે ગાજતે શાસન પ્રભાવના વધે તેવી રીતે પ્રવેશ કરાવ્યો, એક દિવસની સ્થિરતામાં બે વખત વ્યાખ્યાન આપવામાં આવ્યું. આ અવસરે બોટાદ મુકામે રહેલા **પૂ. મુનિશ્રી ચન્દ્રકાન્તસાગરજી અને પૂ. મુનિશ્રી ચન્દ્રપ્રભસાગરજીને** ઓળીની આરાધના કરાવવા માટે શ્રીસંઘ તરફથી સ્થિરતા કરાવવા માટે પત્ર લેઇને એક ભાઈ આવ્યા. **પૂ. આચાર્યદેવે** ઉત્તરમાં જણાવ્યું કે—"રહેલા ઠાણાને અનુકૂળતા હોય તો રહેવામાં વાંધા જેવું નથી" આ સમાચાર લેઇને બંન્ને ઠાણા બોટાદ સ્થિર થયા છે, વર્ધીતપના પારણા પર વિહાર કરીને પાલીતાણે આવનાર છે. ગિરિરાજને ભેટવાની સર્વને અતીવ ઉત્કંઠા હોવાથી વળાનો સંઘનો રોકવાનો અતીવ આગ્રહ હોવા છતાં વિહાર કરીને ચોકઠ થઈ સોનગઢ આવવાનું થયું. સોનગઢના શ્રી ચારિત્રરત્નાશ્રમના આત્મારૂપ યતિવર્ય શ્રી કલ્યાણચંદજીની સૌજન્યતાથી એક દિવસ વધુ રહેવાનું થયું અને બપોરના **"જ્ઞાનની ફરજ"** ઉપર વ્યાખ્યાન આપવામાં આવ્યું. આ આશ્રમમાં બે દિવસની સ્થિરતામાં સાધુઓ પ્રત્યે આશ્રમના સર્વનો સદ્ભાવ સારો હતો. સોનગઢથી વિહાર કરીને મોખડકા થઇ ચૈત્ર વદ ૫ ના રોજ પાલીતાણા મુકામે શ્રી ગિરિરાજ ભેટવાનો અતીવ ઉત્સાહ હોવા છતાં **શીહોર સંઘના આગેવાનોએ** આગ્રહ ભરી વિનંતિ કરવાથી "ક્ષેત્ર સ્પર્શના એ બળવાન્ છે" એ ન્યાયે પાલીતાણાનો પ્રોગ્રામ પડતો મુકીને શીહોર મુકામે આવવાનું થયું. **શીહોરના સંઘે** શાસન પ્રભાવના વધે તે રીતિએ વાજતે ગાજતે પ્રવેશ કરાવ્યો છે, વ્યાખ્યાન વાણીનો લાભ સકળ સંઘ સારી સંખ્યામાં લે છે, અને નવ દિવસનો મહોત્સવ શરૂ કરીને નવનવીન પૂજા-આંગી-ભાવનાદિ કરવાનો પ્રબંધ આજે શરૂ કર્યો છે.

શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર
કોબા (ગાંધીનગર) પિ ૩૮૨૦૦૯

__તન્ત્રી સ્થાનેથી__

# સૂર્યપુરથી પૂ. આચાર્યશ્રી આદિ ઠાણાના વિહાર.

ચાલુ વર્ષના મહા સુદ ૧૩ ના દિવસે **પૂ. સ્વ. આગમોદ્ધારક આચાર્યદેવેશના પરમ વિનેય પટ્ટધર. વર્તમાન ગચ્છાધિપતિ શ્રી માણિક્યસાગર સૂરિવર્યના** વરદ હસ્તે આચાર્યપદે પ્રતિષ્ઠિત થયેલા **પૂ. આચાર્યદેવ શ્રી ચંદ્રસાગરસૂરિજી**ને અને તેઓના શિષ્ય પૂ. શિષ્યાદિને વર્ષીતપ ચાલુ હોવાથી વર્ષીતપનું પારણું શાસન માન્ય શ્રી સિદ્ધક્ષેત્રની શિતળ છાયામાં કરવાની ભાવના હોવાથી માહ વદ ૭ ના સવારે વિહાર થવાનો હોવાથી વાસક્ષેપ નંખાવવા માટે આબાલ નાના મોટા સર્વજનો આવવા લાગ્યા અને વાસક્ષેપનું કામ ચાલુ હતું અને વિહાર થયો. ગોપીપુરામાં આવેલ નેમુભાઇની વાડીના ઉપાશ્રયે વિહાર કરવાના જાહેર થયેલા સમય પહેલાં ચતુર્વિધ સંઘની વ્યક્તિઓ ઉપાશ્રય આગળ ઉભરાવા લાગી. વિહાર સમયે **પૂ. આચાર્યદેવ** પોતાના પરમ **વિનેય ઉપા૦ શ્રી દેવેન્દ્રસાગરજી** આદિઠાણાઓ સાથે ઉપાશ્રયની બહાર વિહાર માટે નીકળ્યા તે અવસરે માનવ સાગર ઉભરાઇ રહ્યો હતો અને પૂ. આચાર્યદેવશ્રી વિગેરે પ્રથમ **શ્રી અનંતનાથજી**ના દર્શન કરીને તામ્રપત્રાગમ મંદિરે **શ્રી શાસનપતિ શ્રી મહાવીર મહારાજના** અને ગુરુ મંદિરે **સ્વ. ગુરૂદેવના** દર્શન કરીને ગોપીપુરા ઓસવાલ મોહલ્લામાં થઇને રવાના થયા, ત્યારે સુરત સંઘના નાના મોટા શ્રાવક-શ્રાવિકાઓ સૂર્યપુરીનાં આંગણે તાજેતરમાં ઉજવાયેલા મહોત્સવોની અને શાસન પ્રભાવનાની વાતો કરતાં કરતાં રવાના થયા ત્યારનું સકળ સંઘની વ્યક્તિઓના મુખ પરનો ઉભરાતો આનંદ અનિર્વચનીય હતો તે દેખનાર દેખીને કલ્પી શકે એમ હતું. આગળ વધતાં દેશાઇપોળની પેઢીની નજીકમાં પ્રથમ **પૂ. આચાર્યશ્રીએ** મંગલિક સંભળાવ્યું, ત્યારે માનવમેદનીથી ભરપૂર હોવાથી રસ્તાનો વ્યવહાર તદ્દન બંધ હતો. મંગલિકના અંતમાં નેમુભાઈ વાડીના ઉપાશ્રયના મેનેજીંગ ટ્રસ્ટી મંગળભાઇએ પોતાના ઉપાશ્રયમાં પૂ. આચાર્યદેવને ચાતુર્માસ કરવાની વિનંતિ કરી હતી અને ત્યાંથી રવાના થતાં પહેલાં પૂ. આચાર્યદેવે સકળ સંઘને ઉદ્દેશીને જણાવ્યું હતું કે—"માહ વદ ૫ ના રોજ ચતુર્વિધ સંઘ સમક્ષ ઉપધાનની ઉપજની રકમ વહેંચવા સંબંધમાં મ્હેં જે નિણય આપ્યો છે તે બધાએ શ્રવણ કરેલો છે. અને હવે આ સંબંધમાં મારે પુનઃ કહેવાનું એ છે કે નિર્ણય આપતાં પહેલાં વાડીના ઉપાશ્રયના વહીવટદારોએ કે આગમમંદિર સંસ્થાના કાર્યવાહકોએ કોઇપણ જાતનું દબાણ કે ભલામણ મને કરેલી નથી જે ચુકાદો આપવો મને ઠીક લાગ્યો તે મેં આપ્યો છે માટે કોઇને ખોટું લાગે અગર લાગણી ઉશ્કેરાય તેવું બોલવું, લખવું કહેવું કે પ્રચારવું નહિં." આટલા શબ્દો શ્રવણ કરીને શાસનદેવની જય સકળ સંઘે બોલાવી હતી, અને **પૂ. આચાર્યદેવે** શિષ્ય પ્રશિષ્યાદિ પરિવાર સાથે વિહાર કર્યો. શાસન પ્રભાવનાના કાર્યોથી પ્રભાવિત અને હર્ષિત થયેલ સકળ સંઘ **પૂ. શ્રી આચાર્યદેવની** સાથે સાથે તાપી નદીના પુલ સુધી ચાલવા લાગ્યો, અને જેઓ પ્રથમ અવસરે મંગળ સાંભળવામાં રહિ ગયા હોય તેઓની વિનંતિથી બીજીવાર તે સ્થળે મંગલિક સંભળાવ્યું શ્રવણ કરનારા ભાવિકો વાસક્ષેપ નંખાવવા માટે ઉભરાવા લાગ્યા, અને તે પછી રાંદેર તરફ વિહાર થયો. **રાંદેરના શ્રીસંઘે** શાસન પ્રભાવના વધે તે રીતિએ વાજતે ગાજતે પ્રવેશ કરાવ્યો અને ઠામ ઠામ ભાવિકોએ ગહુંબીઓ કરીને પોતાનો ભાક્તભાવ પ્રદર્શિત કર્યો. એકજ દિવસ સ્થિરતા કરીને વિહાર કરવાનો વિચાર હોવાં છતાં અત્રના સંઘની આગ્રહભરી વિનંતિથી એક દિવસ વધુ સ્થિરતા થઇ, અને વ્યાખ્યાનવાણીમાં **રાંદેર સંઘે અને સુરતના સંઘના શ્રાવક-શ્રાવિકાઓએ** પણ લાભ લીધો હતો. રાંદેરથી વિહાર કરીને **વરીયાવ તીર્થના** દર્શન કરીને અનુક્રમે સાયણ-કોસંબા-કીમ જવાનું થયું. આ ત્રણે સ્થળે સ્થાનિક સંઘોએ અને સુરતના ભાવિક શ્રાવકોએ ભક્તિભાવમાં સારો લાભ લઇને શાસન પ્રભાવનામાં વૃદ્ધિ કરી હતી. વિહાર કરીને અનુક્રમે આવતાં પાનોલી અંકલેશ્વર થઇને વેજલપુર-ભરૂચ આવવાનું થયું. **વેજલપુર** ભરૂચ જવા માટે સાંજના કબીરપુરાના ઉપાશ્રયે આવવાનું થયું તે અવસરે શ્રીમાળી પોળે થઇને વેજલપુર ભરૂચ જવાનો નિર્ણય થયો. સવારમાં વાજતે ગાજતે શાસન પ્રભાવના વધે તે રીતિએ શ્રીમાલીના ઉપાશ્રયે જવાનું થયું. ભરૂચ **તીર્થપતિ શ્રી મુનિસુવ્રતસ્વામીના** દર્શન કરીને કૃતાર્થ થઇને વેજલપુર, ભરૂચ મુકામના ઉપાશ્રયે જવાનું થયું. ઠામ ઠામ ગહુંળીઓ કરીને ભાવિકોએ

**[ વધુ માટે જુવો ટાઇટલ પેજ ૩ જો. ]**

श्री कैलाससागरसूरि ज्ञानमंदिर
श्री महावीर जैन आराधना केन्द्र
कोबा (गांधीनगर) पि. ३८२००९

# શ્રી સિદ્ધચક્ર.

વર્ષ-૧૭-અંક-૮-મો. વૈશાખ-માસ. તા. ૧૭-૫-૫૧.

ॐ नमः सिद्धचक्राय शाश्वतानन्ददायिने ।
सर्वमन्त्रेष्वयं मन्त्रोऽचिन्त्यचिन्तामणीयते ॥१॥ आ० बो० मङ्गलम् ॥

**ભાવાર્થ:**—સર્વ-મન્ત્રોને વિષે આ મન્ત્ર અચિન્ત્ય-ચિન્તામણિની જેમ આચારણ કરે છે. માટે શાશ્વત-આનન્દને દેનારા શ્રીસિદ્ધચક્રને નમસ્કાર થાઓ. —સુધાવર્ષી.

## વર્ષીતપોધર્મ-રહસ્ય.

આલેખનકાર:—પૂજ્ય-આચાર્યદેવ શ્રીચન્દ્રસાગરસૂરિવર્ય મહારાજજી.

આ અવસર્પિણી કાળમાં પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવે દીક્ષા લીધી, અને તે પછી પૂર્વકૃત કરેલ અંતરાય કર્મના નિવારણાર્થે એક સરખા તેર મહિના ઉપરાંત ચોવિહાર ઉપવાસ કર્યા હતા. શુભ કાર્યો વિઘ્નોથી સંકળાયેલા હોય છે, કારણ કે આહાર નહિં મળવાનો અંતરાય દીક્ષા પછી તુરતજ વિઘ્ન રૂપે અનુભવવું પડ્યું. આજનો સકળસંઘ પ્રથમ તીર્થંકર ભગવંતે કરેલ તપશ્યાનું અનુકરણ રૂપે સેવન કરીને વર્ષીતપ રૂપે તપોધર્મનું સેવન કરે છે. ખરેખર! વર્તમાન શાસનમાં છ માસથી અધિક તપશ્યા કરી શકાતી નથી, અને અંતરાયકર્મોનું નિકંદન કરવામાં આ તપોધર્મનું અનુષ્ઠાન અતીવ લાભદાયિ હોવાથી ચતુર્વિધ સંઘના ભાવુકો વર્ષીતપના પ્રારંભમાં છઠ્ઠ-અઠમ અને અંતિમમાં અઠ્ઠમાદિ તપશ્યા કરીને એકાંતરે ઉપવાસાદિ (ઉપવાસ અને પારણામાં બેસણું) કરીને જીવન કૃતાર્થ કરે છે. દરેક વર્ષે આઠસો હજારની સંખ્યામાં અને ચાલુ

( વધુ માટે જુઓ ટાઇટલ પેજ ૨ જું. )

વી. સં. ૨૪૭૭.
વિ. સં. ૨૦૦૭.
ઈ. સ. ૧૯૫૧.

પ્રકાશિકા—
શ્રીસિદ્ધચક્ર-સાહિત્ય-પ્રચારક-સમિતિ,
તન્ત્રી—પાનાચંદ રૂપચંદ ઝવેરી.
૨૨૪, શેખમેમણ સ્ટ્રીટ—મુંબઇ, નં. ૨.

વાર્ષિક-લવાજમ.
રૂ. ૩-૦-૦.
છુટક નકલ એકના
રૂ. ૦-૪-૬

( ટાઈટલ પેજ પહેલાથી ચાલુ )

વર્ષમાં ૭૬૯ ની સંખ્યામાં અનુક્રમે ૪૪ સાધુ સાધ્વીઓ અને ૭૨૫ શ્રાવક શ્રાવિકાઓએ નિર્વિઘ્ને વર્ષીતપોધર્મનું સેવન કરીને ઈક્ષુરસનું પારણું કરેલ છે. અનુકરણ રૂપે સેવન કરાતાં શાસનમાન્ય અનુષ્ઠાનોમાં સેવન કરવા યોગ્ય શકય વિભાગ, અને અનુમોદન કરવા યોગ્ય અશકય વિભાગ રહેલા છે; આ અનુકરણ રૂપે વર્ષીતપોધર્મનું સેવન પણ તેજ રીતિએ વર્તમાન શાસનમાં વર્તી રહ્યું છે. તેર મહિના ઉપરાંતના દિનોથી સુશોભિત વર્ષીતપોધર્મનું સેવન કોઈ ભાગ્યશાલિઓ અટ્ઠમ-છઠ્ઠ-ઉપવાસ. એકાન્તરે કરીને પારણું કરે છે જ્યારે ભગવંત શ્રી ઋષભદેવે તો સલગ્ન ચોવિહારી ઉપવાસજ કર્યા છે. એટલે વર્તમાનમાં આરાધન કરાતો વર્ષીતપોધર્મ એ પુષ્પ નહિં, પુષ્પની પાંખડી પણ નહિં; કિન્તું યત્કિંચિત પાંખડીનો યત્કિંચિત વિભાગ છે આથી શકય રૂપ સેવન કરાતો તપોધર્મ રૂપે ધર્મ વિભાગ યત્કિંચિત છે, અને અશકય રૂપ નહિં સેવન કરાતો વિભાગ વધુ અનુમોદનીય છે. આ તપોધર્મને સેવનારાઓ સલગ્ન તેર મહિના ઉપરાંતની આરાધના કરીને, પ્રબળ વીર્યોલ્લાસની વૃદ્ધિથી અંતરાય કર્મોને હઠાવીને અને રત્નત્રયીની આરાધનામાં અતીવ ઉજમાળ બનીને; તપોધર્મના અંતિમ ધ્યેય રૂપે ઇચ્છાઓ પર અંકુશ જમાવવામાં અને સમતારસનું વધુને વધુ આસ્વાદન કરવામાં ધારણા મુજબની ઈષ્ટસિદ્ધિ કરે છે; એ આ વર્ષી તપોધર્મની સેવવાનું સુંદર રહસ્ય છે. દરેકે દરેક નાની મોટી તપશ્ચર્યાઓના અંતિમ ધ્યેયનું નિરીક્ષણ કરીએ છીએ ત્યારે તેની ઉંડાણમાં વિષયવિકાર વર્ધક ઇચ્છાઓનું અનુકૂળ-પ્રતિકૂળ સાધન-સામગ્રી-સંયોગોમાં પણ શોધન કરીને વિજયવન્ત જીવન જીવવું એજ હિતકર છે એમ માલુમ પડે છે.

મુદ્રકઃ—મૂલચંદ કસનદાસ કાપડીયા, "જૈન વિજય" પ્રિન્ટીંગ પ્રેસ-ગાંધીચોક, સુરત.
પ્રકાશકઃ—તંત્રી-પાનાચંદ રૂપચંદ ઝવેરી, શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, લાલબાગ, ભુલેશ્વર-મુંબઈ.

# ૨૪૦ આગમોદ્ધારકની અમોઘ-દેશના. ૪

દેશનાના દિવ્ય-અવતરણો.

૧. શ્રેણીકને કરીયાણું કહેનાર શાલિભદ્રની સાહ્યબીઓ સાથે તમારી સાહ્યબીઓની સરખામણી કરીને ગર્વને ગાળતાં શીખો.

૨. "શ્રેણીક કરીયાણું નથી, પણ ગામનો ધણી આપણો નાથ છે." આ સાંભળીને અનુકૂળ સાધન સામગ્રી સંયોગ સંપત્તિઓને લાત મારનાર શાલીભદ્રના સુવર્ણરેખસમ જીવન પ્રસંગનું નીરીક્ષણ કરો.

૩. "મારે માથે નાથ છે." આ શબ્દો શાલીભદ્રના જીવનને ત્યાગ માર્ગે દોરનારા થયા છે.

૪. શ્રેણીકના ખોળામાં બેસનાર શાલીભદ્રના શરીરે પસીનો છુટે છે આ તેની સુકુમાલતાનું પ્રતિક છે.

૫. અજાણતાં પણ મહાપુરૂષોની કરેલી શ્લાઘા ફળદાયક નીવડે છે.

૬. "કહેવું સહેલ છે પણ કરવું કઠણ છે" એ શબ્દોને સાચા કરી બતાવનાર ધન્નાજી હતા.

૭. મહાપુરૂષોના કીર્તનથી પોતાના જીવનને ઉજ્વલ બનાવનાર શાલીભદ્રની જેમ ધન્નાજીના જીવનનું નિરીક્ષણ કરો.

૮. શાલીભદ્રના અને ધન્નાજીના પ્રસંગોને શ્રવણ કરનારાઓ પણ તે ઉભય મહાત્માના માસખમણ-અણસણની કરણી સાંભળીને કંપી ઉઠે છે.

૯. જીવનને અતીવ ઉન્નત બનાવનાર મહાપુરૂષોની પ્રશંસા છે.

૧૦. સમ્યક્ત્વને નહિં પામેલા જીવો મહાપુરૂષોની પ્રશંસા કરવાથી માર્ગાભિમુખ બનીને જીવન કૃતાર્થ કરે છે, અને તે સારૂ શાલીભદ્રજી ધન્નાજી અને સુબાહુકુમારના દ્રષ્ટાંતો સાક્ષી પૂરે છે.

૧૧. મહાપુરૂષોનો સંયોગ એ ડુબતાને બચાવનાર છે.

૧૨. મિથ્યા દ્રષ્ટિ હોય, દુર્ભવ્ય હોય; અને અભવ્ય હોય તો પણ તેવાઓ સાધુ વેષમાં રહેલા હોય અને સાધુ તરીકે માનીને આરાધના કરનારાઓ પણ સંસાર સમુદ્રનો પાર પામી ગયા છે.

૧૩. જેમાં સંયમાદિ અનુષ્ઠાનો નથી છતાં સંયમની ધારણા કરવા માત્રથી પણ ભવપાર પામી શકયા છે.

૧૪. વસ્તુત: સંયમની ધારણા એજ પાર ઉતારનારી છે.

૧૫. સમકિત, સંયમ અને મોક્ષનું સ્વરૂપ નહિં સમજનારાઓ પણ મહાપુરૂષોના સંયોગથી સન્માર્ગગામી બન્યા છે.

૧૬. વિરૂદ્ધ ઇચ્છાથી આવેલા કમઠને મહાપુરૂષનો સંસર્ગ લાભદાયી બન્યો.

૧૭. મુનિઓને ચંદનવૃક્ષની ઉપમા અપાય છે, છતાં મુનિઓ મુનિજીવન જીવીને ચંદનવૃક્ષની ઉપમાને યથાર્થપણે સાર્થક કરી બતાવતા નથી.

૧૮. એકેન્દ્રિય વૃક્ષો પણ બળ્યા ઝળ્યા મુસાફરને શાંતિ આપી શકે છે, તો પછી પંચેન્દ્રિયપણું પામેલા અને માનવ જીવનની ઉચ્ચ કક્ષાએ પહોંચેલા મહાત્માઓ અપૂર્વ શાંતિ આપી શકે તેમાં નવાઈ નથી. તેથી કલિકાલ સર્વજ્ઞ કહે છે કે-"મહાત્માઓનો સમાગમજ લાભદાયી છે."

૧૯. "ઘેર આવેલા મેમાનોને મને કે કમને સાચવવા પડે છે, તો પછી ઉદય આવેલાં કર્મોને ભોગવવામાં નિર્બળ કેમ બને છે?" આ રીતિએ આત્માને હિત શિક્ષા આપો.

૨૦. જીવતા ચામડી ઉતરાવે છે અને સમતા રસમાં જીવનને તરબોલ બનાવે છે. એ ખંધક મુનિના પ્રસંગને ખુબ પ્રેમપૂર્વક નિહાળો.

**૨૧. ભકતોને, ઉપેક્ષકોને; અને ઉપસર્ગ કરનારાઓને પણ કલ્યાણમાર્ગે દોરનારા મહાત્માઓ છે.**

**आधि व्याधि जरा मृत्यु ज्वाला शत समाकुला।**

**મુસાફરાદિ રૂપે થયેલ સત્સંગ.**

શાસ્ત્રકાર મહારાજા કલિકાલ સર્વજ્ઞ શ્રીમાન્ હેમચન્દ્રસૂરીશ્વરજી માહારાજ ભવ્યપ્રાણીઓના હિત માટે શ્રી આદિનાથ ભગવાનના ચરિત્રની રચના કરતાં પૂર્વે જણાવી ગયા કે જ્યારે આત્મા નિર્મળ દશાને પામે છે ત્યારે તે આત્માને સિદ્ધિ પામવી મુશ્કેલ નથી હવે શાસ્ત્ર દૃષ્ટિમાં ઊંડા ઉતરીને વિચારીએ તો પૂ. શ્રી મહાવીર સ્વામી ભગવાને ગૌતમસ્વામીજીને એજ કહ્યું કે હે ગૌતમ! "**समयं मा पमायए**" એક સમય પણ પ્રમાદ ન કરીશ વિચાર કરો કે ખુદ શ્રી મહાવીર-સ્વામી ભગવાન પણ શ્રી ગૌતમસ્વામીજી જેવાને શું કહે છે? કે સમય જેટલો કાળ પણ નકામો ન જવા દઈશ. મનુષ્ય ભવ મલ્યો છે, વીતરાગનો ધર્મ પ્રાપ્ત થયો છે તો આત્માનો વિચાર નક્કી કરી ધ્યેયને સિદ્ધ કરવા કટીબદ્ધ થઈજા તેમાં જરા પણ વિલંબ કરીશ નહિં. એક પણ ક્ષણ નકામી ન જવા દઈશ. મનુષ્ય જીવનની ક્ષણો પણ લાખેણી છે, અને ફરી ફરી મળવી મુશ્કેલ છે. તે મનુષ્ય જીવન પામીને જેટલું સાધી શકાય તેટલું સાધી લે, નહિતર વર પરણવા જાયને લગ્ન વેલા ગઈ ઉંઘમાં પછી ઘણો પસ્તાય' તેના જેવું થશે. આ બધી બાબત જે જણાવી તે એટલાજ માટે કે સત્સંગ તે નકામો નથી દેવગુરૂનું આલંબન જીવને તારનાર છે. ગમે તેવા જીવને મહાપુરૂષનો મેળાપ-સત્સંગ તે જરૂર ફળદાયી છે ધનાસાર્થવાહને જે ધર્મઘોષ સૂરીનો સંગમ સાથમાં થયો છે, તે સત્સંગ લાભદાયિ છે એ ધારણાથી થયો નથી, પરંતુ મુસાફરી પુરતો સંગમ છે. એવા મુસાફર રૂપે પણ થએલો મહાપુરૂષનો તે જરૂર ફળને દેનાર છે. ખુદ શ્રી મહાવીર ભગવાનના જીવને અંગે વિચારીએ તો પણ તેજ વાત માલમ પડશે કે પ્રથમ ભવમાં નયસાર નામે ગામના તલાટી જેવા હતા તે કાષ્ટ લેવા અટવીમાં ગયા છે. અને તે સ્થળે સાધુને દીઠા છે દીઠા તે વખતે તેમના મનમાં એટલુંજ છે કે આ સાધુઓ સાથથી ભૂલા પડેલા છે સાથ જોડે નિકળેલા હતા, સાથ સાથે ચાલતા હતા, તેમાં સાથ આગળ ગયો; અને પાછળ આ સાધુઓ રહી ગયા, તેથી રસ્તો ભુલી ગયા છે. હવે આ અટવીમાં આવી ચડયા છે, અને સાથના ભરોસે ભૂલા પડયા છે. તે પ્રસંગ જાણીને નયસાર સાથને બેવકુફ કહે છે, પણ તે સાધુ મહાપુરૂષના મનમાં તે સંબંધી કાંઈ આવતું નથી તેઓ તો ઉત્તમ પુરૂષ છે, અને તેઓ મોક્ષમાર્ગના નેતા છે; તે સંબંધીનો વિચાર નયસારને રૂંવાડે પણ નથી છતાં ત્યાં જંગલમાં પોતાની પાસે જે રહેલ ભાથુ છે તે સાધુને ગોચરીમાં વહોરાવે છે. તે વખતે એટલે દાન દેતી વખતે પણ તેઓ મોક્ષના નેતા છે, સુપાત્ર છે અને દાન દેવાથી મહાફળ થાય છે તત્સંબંધી વિચાર પણ નથી. તેઓ ગોચરી કરી રહ્યા પછી નયસાર પોતે દેખે છે કે મારે શું કરવું?, તેમને સાથમાં મેળવી દેવા જોઈએ એક ભુલા પડેલા મનુષ્યને સાથમાં મેળવી દેવા આ પુરતો વિચાર છે, છતાં પણ આવો વ્યવહાર પુરતો સંસર્ગ લાભદાયી છે તેનો વિચાર નથી રસ્તામાં જતાં તે સાધુઓ ગુરૂતત્વની વાત કરે છે કે-આ અટવીનો રસ્તો એ દ્રવ્ય માર્ગ છે, પણ ભાવ માર્ગ અપવર્ગ તો મોક્ષ છે તેનાથી આખું સંસાર ભુલુ પડેલું છે, અને તેની પ્રાપ્તિનો રૂપ રસ્તો આ છે. આ બતાવ્યું ત્યાં તેને તેમની શ્રદ્ધા થાય છે, તેમના કથન ઉપર વિશ્વવાસ બેસે છે; અને સમકિતની પ્રાપ્તિ ત્યાં થાય છે, રસ્તામાં સમકિત પામે છે.

**ધર્મ કર્યો હોય તોજ સુખી.**

મુનિરાજો ધર્મની વાતો કરે છે, છતાં તો આ સંસર્ગ કયા રૂપે થયો? તે વિચારો ધનાસાર્થવાહને જે શ્રી ધર્મઘોષસૂરીનો જે સંસર્ગ થયો તે એક મુસાફર એટલે સામાન્ય પુરૂષ રૂપે થયો મુસાફર રૂપે થયો છે અને મોક્ષ માર્ગના નેતા તરીકે તે છે તેવું તેના ઉપર તેને કાંઈ માન નથી, છતાં તેટલા સંસર્ગ માત્રથી પણ ધનાસાર્થવાહના જીવનું સમ્યકત્વપ્રાપ્તિ રૂપ કલ્યાણ થાય છે. આ ઉપરથી મહાત્માઓનો સંસર્ગ એકાંતે

લાભદાયી છે તે નક્કી થયું. શ્રી પાર્શ્વનાથજી ભગવાનનો સંસગ કમઠ સરખા વિરોધીને થયો ત્યાં પણ સમ્યકત્વ ગુણની પ્રાપ્તિ થઈ અવગુણવાળો ગુણીને જાણી શકતો નથી પહેલા ગુણી કે પહેલા ગુણ આ એનો ટંટો સત્પુરૂષના સંગે કાઢી નાંખ્યો. સામાન્ય પુરૂષ તરીકે કે વિદ્વત્ પુરૂષ તરીકે સત્પુરૂષનો સમાગમ થયો હોય તો પણ મહાપુરૂષનો સંગ ગુણને લાવે છે આજ વાતને શ્રી હેમચંદ્રાચાર્યસૂરીશ્વર ધ્વનિત કરે છે. ચાહે ગુણ જાણો કે ન જાણો, તે તમને અનુકૂળ હોય કે પ્રતિકૂળ હોય તો પણ **મહાત્માઓનાં ગુણકીર્તન તે કલ્યાણ કરનાર છે.** દેશના નેતાના સંસર્ગમાં આવો અથવા એવા કાંઇ દુનીયાદારીના આગેવાન એવા બીજાના સંસર્ગમાં આવી જાઓ. હજામત કરવા, ઝાડુ કાઢવા, સુથારી કામ કરવાં; અને લુહારી કામ કરવા જતાં તે બધાના સંસર્ગમાં કોઇ પણ આવી જાવતો ચળવળખોરો છે એમ જગત્માં કહેવાઓ છો. યાવત્ તેના જેવી હલકી કીંમત પ્રાપ્ત થાય, પણ શાસનમાન્ય આ મહાપુરૂષોનો સંસર્ગ થઈ જાય તો આત્માનું કલ્યાણ કરનારજ થાય છે. દુર્જનથી દુર રહેવાનું કહ્યું તે એટલાજ માટે કે તેની સાથે વેપાર કરવો કે લેવડ દેવડ કરવી તેથી ડાઘ લાગવાનો છે. એટલાજ કારણસર જ્ઞાતિની પણ વ્યવસ્થાઓ દુનીયામાં કરવામાં આવી છે. ક્રર કર્મીઓ જ્ઞાતિમાં હોય તો આખી જ્ઞાતિને બગાડે છે જગતમાં જે જ્ઞાતિઓનું બંધારણ છે તે શા માટે?, કહો કે આવાઓથી બચવા માટે. એટલે એવા દુર્જનોનો સંસર્ગ કોઈપણ પ્રકારે થવો ન જોઇએ તું કંઈ જ્ઞાતિનો છે એમ પુછવાથી સામો મનુષ્ય અનુમાન બાંધે છે. તમારૂં તેવું બંધારણ ન હોય તો, તમારા બંધારણને અંગે આ જ્ઞાતિ બીજાના દુઃખો જોવાવાળી છે કે નહિં એ તપાસાય છે બીજાના દુઃખો જોવાથી તે જ્ઞાતિની છાતી ફાટી જાય છે, તેવી જ્ઞાતિમાં જો સડેલા ઘૂસે તે ન ચાલે અને જાતિ વિનાશક જાનવર ચરી જાય તો ચરે તેટલું જાય કોઠારમાં સડેલું ધાન પેસી જાય તો આખો કોઠાર સળી જાય અને કોઠારમાં જનાવર પેસે તો પાલવે પણ સડેલું ધાન કોઠારમાં પેસે તે ન પાલવે તેવીજ રીતે જ્ઞાતિમાં ઓછા હોય તે ચાલે, પણ સડેલા દુર્જન જેવા હોય તે ન પાલવે તેથી તો આખી જ્ઞાતિ બગડે છે, જ્ઞાતિના બંધારણ માથે છીણી ફેરવનાર થાય છે આખા જ્ઞાતિનો વેલો બગાડનાર દુર્જનો છે દુનીયામાં દયાળુ તરીકે જ્ઞાતિની છાપ પડી હોય, અને દયા ઉપર છીણી મેલાય તો? કહોકે મૂળ ધર્મનું મૂળ દયા છે, તેના ઉપર છીણી મૂકાય તો દયા ધર્મ રહેજ નહિં ધર્મ ન રહેવાથી કાંઇ પણ રહે નહિં ધર્મને અંગે સઘળી વસ્તુઓ રહેલી છે. "દુનિયામાં જેટલા સુખી છે તે બધાઓએ આ ભવમાં નહિં તો પર ભવમાં જરૂર ધર્મ કરેલો છે" એ સત્ય અનુમાન કરી શકાય છે, તે સિવાય ઋદ્ધિ સીદ્ધિ મળવી હામ દામ ને ઠામ મળવા તે બહુ મુશ્કેલ છે આ વાત સર્વ કોઇ માની શકે તેવી છે.

## વાસ્તવિક ગુણની પ્રાપ્તિ પછી ગુણ શ્રેણીઓની પ્રાપ્તિ.

હવે મૂળ વાતમાં આવો કે બીજાના આત્મામાં બોધિ યાને સમકિત વવાવાનું કારણ પણ સજ્જનતાજ છે. સત્પુરૂષનો સમાગમજ છે. દુર્જનતાનો ત્યાગજ છે. તમારૂં સુંદરપણું, અને તમારા સુંદરપણાની પ્રશંસા તે બીજાને બોધિબીજનું કારણ છે. તમોગુણી હશો તો બીજાઓ તે જોઇને તેનામાં તે ગુણો લાવતાં શીખશે. તમોગુણી નહી હો, તમારી મુદ્રા ગુણથી રહિત હશે તો બીજામાં તે ગુણો લાવી શકશે નહિં. તો જ્ઞાતિના બંધારણો પણ દુષ્ટ પુરૂષોનાં સંસર્ગને વારવા માટે છે. અજાણતાં પણ થએલો 'સંસર્ગ દોષ ઉત્પન્ન કરનાર છે. જેમ દુષ્ટ પુરૂષનો સંસર્ગ કોઈપણ પ્રસંગે-થએલો હોય તો તે સોબતીને દુષ્ટ બનાવનાર છે. તેને માટે લૌકિકમાં પણ કહેલ છે કે 'સોબત તેવી અસર.' દુષ્ટના સંસર્ગથી દુષ્ટપણું આવે છે, અને સજ્જનમાં અથવા ગુણી-મહાપુરૂષના સંસર્ગથી સજ્જનપણું કે ગુણીપણું ને મહાપુરૂષપણું પ્રાપ્ત થાય છે, આત્માને સજ્જડ સદ્ગુણી બનાવનાર જો કોઈ હોય તો મહાપુરૂષનો સંસર્ગજ છે. આ ઉપરથી એક વાત એ નક્કી થઈ કે ગુણવાન થયા પછી ગુણની શ્રેણિ લેવી મુશ્કેલ

નથી. લાઇને ચડયા પછી વેપાર કરી કમાઈ ખાવું તે મુશ્કેલ નથી. પણ પ્રથમ લાઈન આવવી મુશ્કેલ છે. ગુણવાન થયા પછી સંપૂર્ણ ગુણવાન થઇ મોક્ષે જવું મોક્ષ મેળવવું તે મુશ્કેલ નથી પણ તેને અંગેના ગુણ આવવા તે મુશ્કેલ છે.

### અનાયાસે દીધેલ દાન ફળ.

દાન શું ચીજ છે?, તે દાન જાણ્યા સિવાય, અને દાનનું શું ફલ છે?, તે સમજયા સિવાય અનાયાસે મહાપુરૂષને દાન દેવાયું તેમાં ભવનો નિસ્તાર કેમ થઇ ગયો? હવે આ હકીકત વિચારશો તો માલુમ પડશે કે અજાણતાં પણ તેવો સંસર્ગ મળી ગયો તો સંસર્ગ મેળવનાર કામ કાઢી જાય છે. આમાં નથી ભણતર, નથી ગણતર, નથી સમજણ; છતાં પણ સંગમે આ કામ કરી આપ્યું તો સંત્સંગની કેટલી શ્રેષ્ઠતા છે?, અને કેટલી જરૂરીયાત છે?; એ હકીકત આત્માને આ જીવને સહેજે આનાથી સમજાઇ જશે. બીજા બીજા દ્રષ્ટાંતો દાખલાઓ દલીલો આપવાની આ સ્થળે જરૂર રહેશે નહિં. કારણ કે પ્રત્યક્ષ પ્રમાણરૂપ દીવા જેવી વાત નજરે દેખવામાં આવે પછી તે માટે લમણા ફોડ કરવાની જરૂર રહેતી નથી. અજ્ઞાનીને પણ અને મુર્ખને પણ આ વાત ગળે ઉતરી જાય તેવી છે તો સમજુ ને જ્ઞાનીઓને ગીતાર્થોને તો આ વાત ઝટ સમજાઇ જાય તેમાં કહેવાનુંજ શું? પથરો ખોળવા હાથ લગાડતાં હાથમાં હીરો આવી ગયો તો પણ દારિદ્રય ગયું સમજવું. તેમ અહીં આત્મકલ્યાણ એ મહાપુરૂષના સંસર્ગ વગર બની શકતું નથી. મહાત્માઓ સંસર્ગમાં આવે તો પણ કલ્યાણ છે. તેના ઉપર જૈન શાસ્ત્રમાં બહુ બહુ દ્રષ્ટાંતો આપેલા છે. તે આ વાત વિશેષ દૃઢ કરે છે. સુબાહુકુમાર જેણે સાધુની વાણી સાંભળી છે, ભગવાન્ શ્રી મહાવીર સ્વામીની દેશના સાંભળી છે, અને તેનાથી વૈરાગ્ય થયો છે. ઘેર આવીને માતાની પાસે દીક્ષાની રજા માંગે છે, કારણ કે તે સુબાહુને દીક્ષા લેવાની તીવ્ર ઉત્કંઠા થએલી છે. સુબાહુકુમારને પાંચસો તો સ્ત્રીયો છે, આવો સોભાગી, પૈસાપાત્ર, અનુકૂળ સંપદાનો ભોગી, પુન્યશાળી તેવો જીવ પણ ભગવાનની દેશના સાંભળીને ખરી વસ્તુ પકડવા તૈયાર થાય છે. તે કુમાર ખોટી વસ્તુને લાત મારવા પાછી પાની કરતો નથી, અને માતાએ ઘણું સમજાવ્યો, સ્ત્રીઓએ પણ ઘણું વહાલ બતાવ્યું; પણ ભગવાનની વાણીથી સંસારની અસારતા જેના હૃદયમાં વસી ગઈ છે એવો સુબાહુકુમાર દીક્ષા લઇ આત્મકલ્યાણ કરી જાય છે. આ રીતે ઉપર મુજબ અનાયાસે સત્સમાગમના ફળનું પ્રથમ દ્રષ્ટાંત તમને ટુંકમાં બતાવ્યું, તેવુંજ બીજું પણ દ્રષ્ટાંત શ્રી શાલીભદ્રજીનું પણ છે તે પણ સમજવા જેવું છે.

### શાલિભદ્રના પૂર્વ જીવનનું ટુંક વૃતાંત.

શાલિભદ્રજીનો પૂર્વભવ એક ભરવાડણના છોકરા તરીકે હતો તે ભવમાં તે વગડામાં ગાયો ભેંસો ચારવા જતો હતો, અને તેની ડોસી જે કાંઈ રાંધી આપે તે ખાઇને સંતોષ માનતો હતો. એક વખતે અખાત્રીજનો દહાડો હતો અને તે વખતે વગડામાં ભેગા થએલા બીજા ભરવાડના છોકરાઓએ માંડો માંડે પૂછ પરછ કરી કે આજે તેં શું ખાધું?; સહુએ જે ખાધું હતું, તે જુદુ જુદુ કીધું કોઈ કહે કે મેં તો ગળમાણુ ખાધું કોઈ કહે મેં ખીર ખાધી કોઇ કહે મેં ખીચડો ખાધો ત્યારે ડોસીના છોકરાએ કીધું કે મને તે મારી માએ જે કાંઈ રાંધી આપ્યું તે મેં ખાધું ત્યારે બધા મળી તેને કહેવા લાગ્યા કે આજ તો અખાડત્રીજનો દહાડો છે, માટે સારૂં જમણ જમવું જોઇએ તેમ તેને કીધું તે વાર પછી તે ડોસીનો છોકરો ઘેર આવીને તેની ડોસીમા આગળ કહેવા લાગ્યો કે "મા મા મને ખીર કરીને ખવડાવ" અને હઠ લઇને બેઠો ડોસી વિચારે છે કે આ મારો છોકરો કોઈ દીવસ ખાવામાં હઠ કરતો નથી, અને આજ ઘણે દહાડે મારા છોકરાને ખીર ખાવાનું મન થયું છે, પણ અરે! હું કેવી કમનસીબવાન કે આજ મારા છોકરાનો મનોરથ પુરો કરવા માટે ખીર રાંધવાની જોગવાઈ મારી પાસે પણ નથી. ડોસીને બહુ લાગી આવ્યું અને તે પોકે પોકે રડવા લાગી, અને તે સાંભળીને પાડોશીબાઇઓ ભેગી થઈ ગઇ પાડોશીઓએ ડોસીમાને પૂછયું ડોસીમા કેમ

રડો છો ! તેણે જે હકીકત હતી તે કહી દીધી પાડોશીઓને દયા આવી જુદી જુદી ચાર પાડોશીઓએ પોતાના ઘેરથી ચોખા. દુધ, સાકર ને ઘી એમ ચાર ચીજો લાવી દીધી. ડોસી પણ હરખ ભરી થઇને ખીર રાંધીને પોતાના છોકરાને થાળી કાઢી આપીને જમવા બેસાડયો છે થાળીમાં ખીર કાઢી ડોસી પાડોશીને ત્યાં વાતો કરવા બેઠી છે તેટલામાં આ ડોસીના છોકરાના મનમાં એમ થાય છે કે અત્યારે જો કોઈ અતિથિ આવે તો, આમાંથી અડધી તેમને દઇને પછી બાકીની ખીર હું ખાઊં ભરવાડના મનમાં એક તો અતીથીને આપવાનું મન થયું તે પણ દૂર્લભ તેની સાથે જાણે તેના ભાગ્યથીજ આકર્ષાઇને ન આવ્યા હોય તેમ માસખમણવાળા મુનિ ખીર વહોરવાને તેને ત્યાં ઓચિંતા આવી ચડયા છે. આવું સુપાત્ર ભરવાડના ભવમાં વિચાર થતાંની સાથે મળવું તે પણ દૂર્લભ છે, એટલે પુણ્યની નિશાનીરૂપ છે. કારણ કે સુપાત્ર દાનનું ફળ શાસ્ત્રમાં બહુ બતાવેલ છે કહ્યું છે કે—

**व्याजे स्यात् द्विगुणं वित्तं व्यवसाये चतुर्गुणम् ।**
**क्षेत्रे शतगुणं प्रोक्तं पात्रेऽनंतगुणं भवेत् ॥१॥**

વ્યાજમાં પૈસા રોકયા હોય તો બમણા થાય છે. વેપારમાં સારો ભાવ આવ્યો હોય તો ચાર ગણો પણ લાભ મળે છે. વાવેલું ધાન્ય સો ગણું થાય છે. ને પાત્રમાં આપેલું દાન અનંતગણું ફળ દેનારૂં થાય છે. તેમાં પણ જઘન્યપાત્ર સમ્યક્ત્વીને કહ્યા છે, મધ્યમ પાત્ર વ્રતધારી શ્રાવકોને કહ્યા છે, ઉત્તમપાત્ર શુદ્ધ સાધુને કહ્યા છે અને ઉત્તમોત્તમ પાત્ર કેવલિ ભગવાનને કહ્યા છે. તેમના જેવું ઉત્તમોત્તમ પાત્ર દુનીઆમાં થયું નથી અને થવાનું પણ નથી.

## સુપાત્રદાનની અનુમોદના.

આ ડોસીના છોકરાએ તો ઉલટમાં આવી પોતાની થાળીમાંની ખીર અખંડ ધારાએ સાધુ મુનિરાજને વહોરાવી દીધી. પછી થાળીમાં જે કાંઇ ચોંટેલી રહી તેને તે ચાટે છે. એવામાં તેની મા પાડોશીને ત્યાંથી આવી પુત્રને જુએ છે તો છોકરો થાળી ચાટે છે. મા વિચાર કરે છે અરે આ મારો પુત્ર રોજ આટલો ભૂખ્યો રહે છે, એમ ધારી ફેર થાળીમાં ખીર પીરસી તે તેણે આકંઠ સુધી ખાધી; ઘણે વખતે ભાવતું ભોજન મળ્યું તેથી [illegible] ખેંચાને ખાઇ લીધી; ખાધી તો ખરી પણ રાત્રે [illegible] ટાઈમે ઝાડા થયા, અજીર્ણ થયું, પેટમાં દુઃખવા માંડ્યું; આયુષ્ય પણ તૂટવાની તૈયારીમાં આવ્યું હતું, મરતાં મરતાં એજ ભાવના તે છોકરો ભાવે છે કે મારી આખી જીંદગીમાં જો કાંઈ પુન્ય કર્યું હોય તો તે એકજ કે આ મુનિરાજને મારે હાથે મેં ખીરનું દાન દીધું આવા સુપાત્રો મને ભવોભવ મળજો !!! આમ દીધેલ દાનની અનુમોદના કરતાં ઘણું ભોગ ફળ ઉપાર્જન કર્યું.

## શાલિભદ્રના જીવન પ્રસંગ.

ત્યાંથી મરીને તે છોકરો રાજગૃહી નગરીમાં ગોભદ્ર શેઠને ત્યાં ભદ્રા નામની શેઠાણીની કુક્ષીએ શાલિભદ્ર નામે થયા. પૂર્વભવે અનુમોદના પૂર્વક સુપાત્ર દાન દીધું તેનું ફળ અહીં ભોગવે છે. અઢળક ધન તેને ઘેર હતું, રોજ દેવતાઇ બત્રીસ પેટીઓ ઉતરતી, તેને બત્રીસ સ્ત્રીઓ હતી, તે સ્ત્રીઓ સવારના સ્નાનાદિ કરીને રોજ નવ-નવીન વસ્ત્રાદિકને ધારણ કરનારી હતી, આવા સુંદર ભોગો ભોગવે છે. નેપાલ દેશના વેપારીઓ રાજગૃહી નગરીની પ્રખ્યાતિ સાંભળીને રત્નકંબલો લઈ ત્યાં વેચવા આવ્યા હતા, તેઓ પ્રથમજ શ્રેણિકરાજા તે બતલાવે છે શ્રેણિક રાજાએ તેની કિંમત પુછતાં સવા લાખ રૂપીઆની કિંમત એક રત્નકંબલની તેઓ કહે છે કે આવી મોંઘા મૂલની રત્નકંબલ લેવા શ્રેણિકરાજા ના પાડે છે તેથી આવેલ વેપારીઓ હતાશ થાય છે કે, અરેરે આપણે તો રાજગૃહી નગરીની પ્રખ્યાતિ સાંભળીને અહીં માલ વેચવા આવ્યા છીએ. આ નગરમાં બહુ ધનાઢયો રહે છે તેથી આપણો માલ ખપશે. પરંતુ અહીં તો રાજા પોતેજ આપણો માલ લેવા આનાકાની કરે છે. આ રાજાથી તો બીજો આ નગરમાં આપણો માલ ખરીદે તેવો કોણ હશે ?, એમ નિરાશ થઈ રાજમહેલમાંથી નિકળી. જેવો ગોભદ્ર શેઠના ઘર બાજુના રસ્તેથી જાય છે તેવો ભદ્રા શેઠાણીએ કોઈ નવીન વેપારી જાણીને તથા નવો માલ લાવેલા જાણીને તેઓને

પોતાને ત્યાં બોલાવેલા છે. તેઓએ પ્રથમ તો મોઢું મચકોડયું પણ વેપારી હોવાથી ત્યાં ગયા માલ બતલાવ્યો. ડોસીએ કિંમત પૂછી સવા લાખની કિંમત એક રત્નકંબલની તેઓએ કીધી; ડોસીએ કહ્યું તે તો ઠીક પણ મારે છોકરાને બત્રીસ વહુઓ છે માટે બત્રીસ જોઇએ તમારી પાસે કેટલી છે? તે સાંભળી વેપારીઓ વિમાસણમાં પડી ગયા! અને કહ્યું માજી! સોળ નંગ અમારી પાસે છે. ડોસીએ બધી વહુઓને અડધી અડધી રત્નકંબલ આપવાનો વિચાર કરી સોળે ખરીદી લીધી, અને તેના રૂપીઆ વીસ લાખ આપી દીધા.

## શ્રેણીકને કરીયાણું કહેનાર શાલિભદ્ર.

વેપારીઓ તો ખુશ ખુશ થઈ ગયા, અને વિચારવા લાગ્યા કે રાજગૃહી નગરીની જે પ્રખ્યાતિ આપણે સાંભળી હતી તે બરોબર છે; આ વાત શ્રેણિક રાજાની રાણી ચેલણાને ખબર પડી, ત્યારે તે રાણી એક વખત રીસાઇને બેઠી છે કે મારે માટે એક રત્નકંબલ પણ તમે ન લીધી? રાજા શ્રેણિકે આ વાત જાણીને ભદ્રા શેઠાણીને કહેવડાવ્યું છે કે તમોએ લીધેલ એક રત્નકંબલ રાણીને જોઇએ છીએ તો તે કંબલ આપો અને તેના જે દામ થશે તે તમોને આપી દેવામાં આવશે. તે અનુસારે રાજાએ મોકલેલ માણસ કહેવા આવ્યો છે; પરંતુ અહીં શું હકીકત બની છે કે વળતે દિવસે સવારના શાલિભદ્રની બત્રીસ સ્ત્રીઓને તે ૧૬ રત્નકંબલના એકના બે ભાગ કરીને બત્રીસેને એક એક રત્નકંબલનો ટુકડો આપવામાં આવ્યો છે? શાલિભદ્રની સ્ત્રીઓએ સવારના નાહીં અંગ લુંછીને આવી ખરબચડી રત્નકંબલ કોણ પહેરે એમ મોઢું મરડીને તેને ખાળમાં નાખી દીધી છે. આ વાતની શ્રેણિકરાજાને ખબર કહેવરાવી ત્યારે શ્રેણિકરાજા બહુજ આશ્ચર્ય પામ્યા કે ઓહો શું મારા નગરમાં આવા પણ ધનાઢયો વસે છે? ખરેજ મારે તેને જોવા જોઇએ. તે અનુસારે ગોભદ્ર શેઠને ત્યાં કહેણ કહેવડાવ્યું કે શ્રેણિકરાજા તમારે ત્યાં તમારા પુત્રને મળવા આવવાના છે. ભદ્રા શેઠાણીએ સઘળી સામગ્રી તૈયાર કરી. શ્રેણિકરાજા આવ્યા. શાલિભદ્ર તો સાતમે માળે બેઠા છે, સુખ ભોગવે છે, કોઈ દિવસ ટાઢ તડકો કાંઈ પણ દુઃખ દીઠું નથી. ત્યાં જઈ ભદ્રા માતા શાલિભદ્રજીને જણાવે છે કે—પુત્ર! શ્રેણિક આવ્યા છે, પુત્ર કહે છે કે—માતાજી તેમાં મને શું પુછો છો!!! વખારમાં નાખો! તે વખતે ભદ્રા માતા કહે છે કે પુત્ર! શ્રેણિક એ કાંઈ કરીયાણું નથી એ તો આપણા ગામનો ધણી, આપણો નાથ, આપણે આંગણે આવ્યો છે. તે સાંભલી શાલિભદ્રજીનું દીલ ચોંકી ઉઠે છે. શું માતાજી? હજી મારે માથે પણ નાથ છે!!! ખરેજ મારી એટલી પુન્યાઇ કાચી! પછી શ્રેણિકરાજા પાસે તેને તેની માતા લાવે છે. શ્રેણિકરાજા ખોળામાં બેસાડી આશીર્વાદ આપે છે. બહુ સુકુમાલ કાયાવાળા હતા તેથી ખોળામાં જરાવાર બેઠા ત્યાં તો પસીનો છુટી ગયો. માતાએ કીધું રાજન! તેને જવા દો તેણે કોઈ દિવસ ટાઢ તાપ વેઠેલો નથી; ત્યારબાદ શાલિભદ્રજી પોતાને સાતમે મજલે જાય છે. શ્રેણિકરાજા પણ પોતાને ધન્ય માનતો કે અહોહો!!! આવા ધનાઢયોના વાસથી અને પુન્યશાળીઓના રહેઠાણથીજ મારી તથા આ નગરીની શોભા છે, તેથી હર્ષ પામ્યો. અહીં શાલિભદ્રજીને પેલી ચોંક લાગી છે કે અરે હજુ મારે માથે પણ ધણી છે. માટે હવે તો એવું પુન્ય કરૂં કે મારે માથે કોઇ ધણી ન રહે. એમ હૃદયમાં તુરત વૈરાગ્ય આવે છે. સઘળી સાહ્યબી, બત્રીસ સ્ત્રીઓ, સુંદર વૈભવો, અઢળક ધન, બધું ભરપુર છે. ખામી નથી. આ બધાને ઠોકરે મારે છે, સઘળું છોડી મહાવીર સ્વામી ભગવાન પાસે વૈભવગિરિ પર દીક્ષા અંગીકાર કરે છે. એક માસ ખમણની સંલેખના કરી અંતે આયુષ્ય પૂર્ણ થયે દેવલોકમાં જાય છે. આ શાલિભદ્રજીના વૃત્તાંતથી એ માલુમ પડશે કે તેણે મહાપુરૂષના ગુણોનું કીર્તન કર્યું

તે તેને કેટલું બધું લ.ભદાયી નિવડયું. અજાણતા પણ મહાપુરૂષની શ્લાઘાએ ફળ દેવાવાળીજ છે. કોઈપણ સંજોગોમા તે આત્માને હિતકારીજ છે. તેના ઉપર શાલિભદ્રનું દ્રષ્ટાંત ખરેખર સાક્ષી પૂરે છે.

**ધન્નાજીનો પ્રસંગ.**

ત્રીજું દ્રષ્ટાંત ધન્નાજીનું છે. ધન્નાજી એ શાલિભદ્રજીના બનેવી થતા હતા; શાલિભદ્ર રોજ એક એક સ્ત્રી તજતા હતા. એક વખતે ધન્નાજીને તેની સ્ત્રી નવડાવે છે, શરીર ખોળથી ભરેલું છે, તે વખતે શાલિભદ્રની બેનની આંખમાંથી આંસુ પડે છે, ધન્નાજી પોતાની સ્ત્રીને તેનું કારણ પૂછે છે, કારણમાં જણાવ્યું કે મારો ભાઈ શાલિભદ્ર રોજ એકેક સ્ત્રીનો ત્યાગ કરે છે; તે વખતે ધન્નાજી કહે છે કે–તે તો કાયર છે, શાલિભદ્રને સ્ત્રીઓ છોડવી તો એકેક શા માટે?, છોડવું તો એકી સાથે બધું છોડી દેવું !!! તે સાંભલી શાલિભદ્રની બેન પોતાના ભર્તાર ધન્નાજીને કહે છે કે સ્વામીનાથ ! કહેવું સહેલું છે. પણ કરવું ઘણું કઠણ છે. તે કહેતાંની સાથેજ પોતાની સ્ત્રીને જણાવ્યું કે લે તારે આ આઠે સ્ત્રીને તજી દઊં છું; એમ કરીને વિલેપનથી ભરેલા શરીરે ધન્નાજી શાલિભદ્ર પાસે જઇ તેને બોલાવે છે. ચાલ ઉઠ !!! આપણે સાથે દીક્ષા લઇએ. તે વખતે શાલિભદ્રની બહેન પોતાના ભર્તારને ઘણું સમજાવે છે કે :સ્વામીનાથ! મેં તો હસતાં હસતાં કહ્યું હતું; તમે તો સાચું કરી બતલાવ્યું. તેમ તેણે પણ કીધું કે છોડયું તે છોડયું, તેમ તેઓએ પણ વૈભારગિરિ પર જઈ શ્રી મહાવીર સ્વામી ભગવાન પાસે દીક્ષા અંગીકાર કરી છે. તેઓ પણ પૂર્વ ભવે ભરવાડણના છોકરા હતા, શાલિભદ્રના જેવુંજ તેમનું વૃત્તાંત છે. તેમને પણ શ્રી મહાપુષ્પના કીર્તનેજ આટલી હદે લાવ્યા હતા; તેના ઉપર તેમનું દષ્ટાંત પણ આકર્ષક છે તેઓ પણ દીક્ષા લઇ માસ ખમણ કરી અણસણ કરી દેવલોકે ગયા છે મહાપુરૂષનું કીર્તન એકાંતે લાભદાયી છે.

દીવાળી ટાણે ચોપડામાં પૂજન કરતી વખતે અદ્યાપી પણ લખાય છે કે "ધન્ના શાલીભદ્રજીની ઋદ્ધિ હોજો !" આ ઋદ્ધિ તેઓને જે પ્રપ્ત થઈ હતી તેની જડ મહાપુરૂષના ગુણોની તેણે પ્રશંસા કરી હતી તેજ છે તેવીજ રીતે કયવન્ના શેઠને સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું તેથી ચોપડામાં પણ લખાય છે કે કયવન્ના શેઠનું સૌભાગ્ય હોજો ! આ બધાને સાધુઓ મલ્યા છે તેથીજ તેમને ફાયદો થયો છે આ બધામાં એકે સમકિતવાળા ન હતા ધન્નાજી સુબાહુકુમાર કે શાલીભદ્રજી પહેલાં સમકિતવાળા ન હતા સમકિતના સહેલાણીવાળા આમાં એકે પણ નહિં; જે દાન દીધું તે સારૂં આ શાથી ગણ્યું ? સત્પુરૂષ સંયમધારી, મોક્ષ માર્ગધારીઓને સુપાત્રદાન થશે તો સંયમમાં મદદ થશે તો આવતે ભવે મને સંયમ મળશે એવી ધારણા ન હતી અજ્ઞાન પણે મહાત્માનો સંયોગ તે પણ આત્માને આવી રીતે પાર ઉતારનાર થાય છે. તેઓમાંથી એકે સદ્દજ્ઞાનવાળા નથી પણ માત્ર મહાપુરૂષના સંસર્ગે તેણે આટલું ફલ મેળવી આપ્યું. દાનને અંગે બેડાપરની સ્થતિ થઇ મહાપુરૂષનો સંસર્ગ ડૂબતાને બચાવે આ સામાન્ય જગતની સ્થીતિ છે. વ્યવહારના ગુમવાળો હોય તેવા જે મહાપુરૂષનો સંસર્ગ બચાવે તેમાં તો નવાઇ શી ? મહાપુરૂષ પણ ધારી બચાય, તેમાં ધારણાની જબરી સ્થિતી છે. તેમાં ધારણા બચાવે છે મિથ્યા દષ્ટિ હોય, દુર્ભવ્ય હોય, અભવ્ય હોય તેવાઓ પણ સાધુ વેષમાં હોય તો તેવાને સાધુ તરીકે માને તો પણ બેડો પાર કરે છે. વિરૂદ્ધતા માલમ પડયા છતાં તેવી બુદ્ધિ રાખવી તેનો કંઈ અર્થ નથી. તેવા લીંગધારીને અંગે તરવાનું હોવું ન જોઇએ. મિથ્યાદ્રષ્ટિ–દુર્ભવ્ય કે અભવ્ય જેમાં સમક્તિ નથી. તેમાં સંપૂર્ણ સંયમની ધારણા કરી તો બેડા પાર માટે થાય છે. આવી ધારણા આવી જાય તો બેડો પાર કરે છે. વસ્તુઃ ધારણા પાર ઉતારનારી છે. તેમાં સત્પુરૂષનો પ્રભાવ કંઈ નહિં ? સત્પુરૂષનો પ્રભાવ કયો ?

### સત્પુરૂષનો પ્રભાવ.

ધારણા નથી ત્યાં પણ તેમનો પ્રભાવ છે, અને ધારણા હોય ત્યાં પણ તેનો પ્રભાવ છે. ધારણા નથી ત્યાં પણ સંત પુરૂષનો સંગ પોતાનું કાર્ય કરે છે. સુબાહુકુમાર, શાલિભદ્રજી કે કયવન્નાજીના પહેલા ભવમાં ધારણા ન હતી, સમકિત, સંયમ કે મોક્ષ એ પણ તેઓ કાંઈ સમજતા ન હતા. માટે સંતપુરૂષની ધારણા ન કરે તો પણ સત્પુરૂષનો સંગ-સોબત-સમાગમ ચોક્કસ જીવને પાર ઉતારી દે છે.

### વિરૂદ્ધ તરીકેનો પણ સંસર્ગ લાભદાયી.

એટલુંજ નહિ પણ વિરૂદ્ધ તરીકેનો સંસર્ગ તે પણ લાભદાયી નિવડે છે. પાર્શ્વનાથજી પાસે કમઠ આવ્યો. તેણે ભગવાનને ઘણા ઉપસર્ગ કર્યા. તોપણ છેવટે સમકિત પામ્યો, પરિણામે તેને લાભ થયો હતો, વિરૂદ્ધ તરીકેનો સંસર્ગ છતાં પણ લાભ મેળવી ગયો. આથી મુનિઓને ચંદનવૃક્ષની ઉપમા દેવાય છે તે બરોબર છે. શી રીતે? તે ઘટાવે છે. જેમ ચંદનના વૃક્ષની પાસે અમસ્થો જાય તો પણ સુગંધ મળે છે. અને કાપે તો પણ સુગંધ મળે છે. 'ચંદન બાળે કાપે તેને સુવાસ કરે,' આવો ચંદનનો સ્વભાવ છે. તેને કુહાડો મારો તેના ઉપર તે જોતો નથી, પણ ઉલટો કુહાડા મારનારને સુગંધ આપે છે. તેવીજ રીતે મહાપુરૂષોનો-સાધુ મહાત્માઓનો પણ એવો સ્વભાવ શીતલ હોય છે કે તેની પાસે અમસ્થા બેસો તો પણ શાંતિ મળે છે, અને કોઇ દુર્જન તેમને કષ્ટ આપે, ઉપદ્રવ કરે, વાંકુ બોલે, નિંદા કરે, તેને પણ સાધુ પુરૂષો પોતાના સ્વભાવની સુવાસજ આપે છે, તેનું પણ ભલુંજ ઇચ્છે છે, જરાપણ તેનું બુરૂં થાય એવું ઇચ્છતા નથી, સાધુને કાપવા આવો તો પણ પોતાનો સ્વભાવ તેવોજ રાખવાના.

### ખંધક મુનિની ભાવના.

ખંધક મુનિએ જીવતા ચામડી ઉતારવા આવેલ રાજાના માણસોની પ્રત્યે જરાપણ ક્રોધ ન કર્યો; અને મીઠા વચનથી ઉલટું એમ કહ્યું કે મારી કાયા કઠણ હોવાથી રખેને મારી ચામડી ઉતારતાં તમારા શરીરને બાધા—પીડા ન થાય, તે માટે તમો કહો તેમ બેસું!!! તમો સુખેથી રાજાનો હુકમ બજાવો તમો તો ચીઠ્ઠીના ચાકર! તેમાં તમો શું કરો! વાંક મારા કર્મનોજ છે. આમ આત્માને તે વખતે એવો સમજાવી દીધો કે હે ચેતન! આ ચામડી ઉતારવા આવેલ રાજાના માણસો તારા દુશ્મન નથી, રાજા પણ તારો દુશ્મન નથી, તેં પૂર્વભવે કોઇ એવું કર્મ બાંધેલું હશે તેથી તેઓ દ્વારા તને આ કર્મ ઉદય આવ્યું છે. તો આવેલ મહેમાનની પરોણાગત કરી લે! ઘેર આવેલા પરોણાને મને કે કમને સાચવવોજ પડે, તેવો દુનીઆદારીનો પણ નિયમ છે. તો આ કર્મ રાજા તને દુઃખ દેવા માટે તારે ત્યાં મેમાન તરીકે આવેલો છે. તેને સમતાથી ભોગવી લે! જેથી નવા કર્મ બંધાય નહિં! અને બાંધેલા કર્મ ત્રુટી જાય તો સહેજે આત્મ કલ્યાણ થઈ જાય. દુશ્મન આમ ઉલટા ચામડી ઉતારવા આવેલ માણસોને પોતે નથી ગણતા પણ ભાઇથી પણ વિશેષ સગાઇ ગણે છે. ભાઈ જેમ પોતાની સાથે રહી મદદ કરે છે તેમ આ માણસો તને કર્મ અપાવવામાં મદદગાર છે, માટે તે તારા સખાઈ છે! તેમ તું સમજ! વિચાર કર! કેટલી હદ સુધીની સમતા હશે? ચારે શરણાં કરી કાયા વોસરાવી દીધી. ચેતનને સમજાવી દીધો, કે અનાદિકાળથી જે કાયાને તેં મારી મારી કરીને રાખી છે ને કાયા તારી નથી; મારા શરીરને જે કાંઈ દુઃખ થાય છે તે તને નથી; તારો ધર્મ શુદ્ધ ચૈતન્ય સ્વરૂપી છે. એમ ચેતનને સમજાવી દીધું વળી કહ્યું કે હે ચેતન! કાયરપણું આ અવસરે છોડી દેજે! ખરેખરો પ્રસંગ મલ્યો છે ઘણી વખત કાયરપણું કર્મના ઉદયમાં કરી, હાયપોય કરી, નવાં કર્મ જીવો બાંધે છે પણ આ વખતે તો એવું શૂરવીરપણું બતલાવજે કે જેથી ફરી વખત કર્મ બાંધવાનો પ્રસંગજ તને ન આવે અને એકજ ફેરે બેડો પાર થઇ જાય. તદનુસારે ચેતનને દ્રઢતામાં રાખી દીધો, તો કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. જેમ જેમ રાજાના માણસોએ જીવતા ચામડી ઉતારી, તેમ તેમ સમતા રસમાં વિશેષ વધ્યા.

(અપૂર્ણ)

# ભારત સમ્રાટ્ અકબર બાદશાહનો પૂર્વભવ.

વાંચકોને વિદિત છે કે—જૈન જનતામાં પ્રખ્યાત **પર્યુષણ પર્વાધિરાજની** અપૂર્વ આરાધનાને પ્રભાવવતી બનાવી સમસ્ત આર્ય અનાર્ય પ્રજા ઉપર **જૈન ધર્મનાં** ગૌરવની ચિરસ્થાઇ છાપ **જગદ્દગુરૂ આચાર્ય શ્રી વિજયહીરસૂરિશ્વરજી મ૦** તથા તેમના શિષ્ય **શ્રી શાંતિચંદ્ર નાયક** આદિ મુનિ પુંગવોએ સંયમ–તપ અને ઉદાત્ત શાસ્ત્ર જ્ઞાનના પરિપૂર્ણ સામર્થ્યથી **મુગલ સમ્રાટ અકબર બાદશાહને** રંજિત કરી પાડી છે. આ રીતે ઝનૂની ધર્માંધ મુસ્લીમ બાદશાહોના રાજ્યકાલ દરમ્યાન અનેક ધર્મોની બરબાદી ઇતિહાસ સિદ્ધ થવા છતાં **જૈન ધર્મ** અને તેના પ્રતીકો આજસુધી ગૌરવભર્યું પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવામાં સમર્થ **જૈનાચાર્યોએ અકબર બાદશાહ** પર પાડેલી **જૈનધર્મની** પવિત્રતાની છાપજ મુખ્ય કારણ છે. પણ **અકબર બાદશાહને** કત્લેઆમ અને ઝનૂની ભર્યા વાતાવરણથી અરૂચિ પૂર્વક પાછા ફરવાની વૃત્તિ પાછળની ભૂમિકારૂપ આત્મ પ્રેરણાનું જ્વલંત ઉદાહરણ આજસુધી પ્રાય: અનુપલબ્ધ **હતું**, ફક્ત **ચંપાશ્રાવિકાના છમાસી તપની** ઘટના **જૈનધર્મ** પ્રત્યે આકર્ષણ કરનારી અત્યાર સુધી મનાતી હતી **અને** મનાય છે, પણ તે તો એક બાહ્ય નિમિત્ત માત્ર **છે**, તેની પાછળ આત્મ પ્રેરણાની ભૂમિકાની સચોટ તૈયારી વિના કેવળ **છમાસી તપની** ઘટના બાદશાહતના વિધવિધ પ્રપંચોમાં પડેલ **અકબર** જેવા સમ્રાટ માટે પૂર્ણતઃ અનુકૂલ નથી આવતી એટલે અહીં નીચે ઉલ્લેખાતી **અકબર બાદશાહને જાતિ સ્મરણ જ્ઞાન** થયાની બીના આ ન્યૂનતાને પૂર્ણ કરે છે.

તાજેતરમાં **શ્રી ચારિત્ર સ્મારક ગ્રંથમાલા**–૪૪ તરીકે પ્રસિદ્ધ થએલ **પટ્ટાવલી સમુચ્ચય ભા. ૨માં વિક્રમની** ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં થયેલા **શ્રી આણંદસુર શાખાના શ્રી પૂજ્ય વિજયસમુદ્રસૂરિના** આજ્ઞાવર્તી **યતિવર્ય પં. પ્રેમવિજયજી ગણી શિષ્ય પં. રત્નવિજય ગણી શિષ્ય શ્રી કવિરાજ દીપવિજયજી મહારાજે** (જેઓને **ઉદયપુરના રાણા ભીમસીંહે કવિરાજનું**, તથા **ગાયકવાડ નરેશે કવિ બહાદુરનું** ઉપનામ આપેલ) **શ્રી સોહમ કુલરત્ન પટ્ટાવલી રાસ** ઢા. ૪૪ ના અંત્ય ભાગે પા. ૮૮ ઉપર **"અકબર બાદશાહનું** વર્ણન" એ મથાળા તળે નીચે મુજબનો ઉલ્લેખ છે.

"હવે **દિલ્લીપતિ** જાણીઇ, **અકબર શાહ** સુલતાન,<br>
પૂરણ ભાગ્ય ભુજા બલી, નૃપશેખર નૃપભાન. ૮<br>
એક દિન **બ્રહ્મચારી** કોઉ, દેખી **અકબર** શાહ,<br>
ઇહાપોહ કરતાં પ્રગટ, જાતિ સમરન થાય. ૯<br>
દેખ્યો પૂરવભવ પ્રગટ, સુનિઇ ચતુર સુજાણ,<br>
સંસ્કૃત શ્લોક થકી કહું, છપ્પય કવિત્ત પ્રમાન. ૧૦

**અથ છપ્પય.**

તપસી બ્રહ્મચારી નામ હેં **મુકુંદ** જયાકો,<br>
તીરથ **પ્રયાગ** ઠામ ધામ મન લ્યાયકે.<br>
**પન્નરસેંહે એકાસી (૧૫૮૧)** સંવતકો માન જાનો,<br>
**માઘ વદિ દ્વાદશી** પ્રથમ જામ જાયકે.<br>
અગનકે કુંડમેં **મુકુંદ** દેહ હોમ કીનો,<br>
તપ જપ સાધને પ્રબલ બલ પાયકે,<br>
કહત **કવિરાજ દીપ અકબર પાતસાહ**,<br>
ભયો હેં ભાન જેસો **દિલ્લિપર** આયકે. ૧

દુહા.

ખબર કરાઇ પ્રાગવડ, મિલિયો સબ સંકેત,
પ્રગટ વાત અકબ્બર કરે, બહુ પંડિત જન સેત. ૧
અગ્નિ હોમ કરવત મરણ, કરેં માફ સુલતાન,
આજ લગેં તેહ માફ છે, અકબ્બર હુકમ પ્રમાણ. ૨

ભાવાર્થઃ—એક દિવસ **દિલ્લીપતિ સમ્રાટ અકબરને** કોઈ **બ્રહ્મચારીને** જોઈ ઉહાપોહ કરતાં **જાતિસ્મરણ જ્ઞાન થયું**, અને પોતાના પૂર્વભવ જોયો, અને પોતે પૂર્વભવમાં **મુકુંદ** નામે બ્રહ્મચારી હતા, નાના પ્રકારના તપ–જપ કરી કંટાળી આગામિ જન્મમાં સમૃદ્ધ રાજા થવાની આશાએ મનવાંછિત પૂરનાર **પ્રયાગ તીર્થમાં** આવી **વિ. સં. ૧૫૮૧ ના મહા વદ ૧૨ ના પ્રથમ પ્રહરે** જીવતા અગ્નિમાં પેસી રાજા થવાના નિયાણા પૂર્વક બળી મર્યો અને તે હું છું તેમ જાણ્યું, આ વાતની ખાત્રી કરાવવા માટે **બાદશાહે** ખાનગી માણસો દ્વારા **પ્રયાગમાં** તે સ્થળે તપાસ કરાવતાં બધી વાત મળતી આવી, એટલે **બાદશાહને** ખાત્રી થઈ અને આત્મા, પુર્નજન્મ, કરેલાં સારાં ખોટા કામોની જવાબદારી પાપ–પુણ્યની સમજણ વગેરેના બીજનિક્ષેપ થવાને યોગ્ય મનોભૂમિકા તૈયાર થઈ.

ઉપર મુજબની વાત **રાસકારના** શબ્દોમાં જાણવી, પણ આના ઉપરની **પૂ. વિદ્વદ્વર્ય મુનિશ્રી દર્શનવિ. મ૦ (ત્રિપુટી)** ની **'પૂરવણી'** (પા. ૨૫૦) માં નોંધને વિચારતાં નીચે મુજબની નવીન વાત મળે છે.

**બ્ર. મુકુંદે** પોતાના હોમ કર્યો તે સ્થાનેથી **અકબર બાદશાહને** તપાસ કરતાં એક તામ્રપત્ર મળ્યું હતું, તેમાં નીચે પ્રમાણે શ્લોક હતો—

"वसु-निधि-शर-चन्द्रे तीर्थराजप्रयागे,
तपसि बहुलपक्षे द्वादशीपूर्वयामे।
शिखिनि तनु जुहोम्यखण्डभूम्याधिपत्यै,
सकलदुरितहारी ब्रह्मचारी मुकुंदः ॥१॥"

ભાવાર્થ—**વિ. સં. ૧૫૯૮ ના માહ વદ ૧૨ના પ્હેલે પ્હોરે પ્રયાગ તીર્થમાં** સકલપાપહારી હું **બ્રહ્મચારી મુકુંદ** અખંડ પૃથ્વીનું સામ્રાજ્ય મેળવવા મારા આ શરીરને હોમું છું.

**રાસકારે** જણાવેલ બીના કરતાં આમાં ફક્ત સંવતના આંકનો ફેર પડે છે, **રાસકારે** કદાચ ઉપશ્રુતિ–કિંવદન્તીના આધારે રચના કરી હોય અને તેમાં આંકડાની ચોકસાઇ ન રહેવા પામી હોય તો તે સંભવિત છે, પણ ઉપરના શ્લોકમાં જણાવેલ સંવતનો આંક વધુ યોગ્ય લાગે છે, કારણ કે એક તો **મુકુંદ-બ્રહ્મચારીએ** શરીર હોમતી વખતે જાતે તામ્રપત્રમાં ઉલ્લેખ કરેલ છે, અને **૧૫૯૮ ના માહ વદ ૧૨** નો અગ્નિમાં પ્રવેશ અને **બીજાગઢમાં ૧૫૯૯ ના કારતક વદ ૬ દિને બાદશાહ હુમાયુની પત્ની મરિયમ મકાની** અપર નામ **હમીદા બેગમની** કુક્ષિથી જન્મ થયો આ રીતે નવ મહિના અને દશ દિવસનો ગર્ભકાલ સંગત રીતે મળી આવે છે.

આની વધુ માહિતી માટે જૂઓ **નરહરિ મહાપાત્ર કૃત છપ્પય, કવિ દયાલજી કૃત કવિત્ત, 'વિશાલ ભારત'** સન્ ૧૯૪૬ ડિસેંબર–બીજા અંકો-સન્ ૧૯૪૮ નાં એપ્રિલનો અંક વિગેરે.

**જૈન સાહિત્ય** તો આવી આવી અનેક સુરમ્ય ઘટનાઓની ખાણ છે, માટે સંશોધક, વિદ્વાનોને મારી નમ્ર વિનંતી છે કે તેઓ સુયોગ્ય ભાષામાં જનતા આગળ આવું સાહિત્ય મુકતા જાય તો **જૈન ધર્મ**ના ઉજ્જવલતાભર્યા ગૌરવવંતા સમૃદ્ધ આત્માને જગત પિછાણી શકે એજ.

卐

**શ્રી પાલીતાણા** (શ્રીસિદ્ધક્ષેત્ર) માં સ્વ૦ પ૦ પૂ૦ આગમોદ્ધારક **આચાર્યદેવેશ શ્રીમદ્ આનંદસાગરસૂરીશ્વરજી મહારાજના પટ્ટભૂષણ**—તપસ્વી—

પ. પૂ. આચાર્યદેવ શ્રીમચ્ચન્દ્રસાગરસૂરીશ્વરજી આદિ ઠાણાંનો

# —ભવ્ય પ્રવેશ મહોત્સવ—

શીહોરમાં શાશ્વતી આયંબિલની ઓળીની અજોડ આરાધના કરાવી તેમાં સેંકડો ભાઇ બ્હેનોએ લાભ લીધો હતો, અને ચૈત્રી પુનમના દિવસે વાજતે ગાજતે સકલ શ્રી સંઘ સાથે શ્રી સંઘ તરફથી વિધિસહ દેવવંદનની ક્રીયા કરાવી હતી. ચૈત્ર વદી ૪ ના વિહાર કરતાં ઘણા ભાઈ બ્હેનો વળાવવા આવ્યા હતા, અને શહેર બહાર માંગલિક પ્રવચન કર્યું હતું.

શીહોરથી મઢડા પધારતાં શીહોરથી શીહોરના આગેવાનો દર્શનાર્થે આવ્યા હતા, અને ચાતુર્માસ માટે ઘણી આગ્રહભરી વિનંતિ કરી હતી. પૂજ્ય આચાર્યશ્રીજી પાલીતાણા પધાર્યા પછી પણ શીહોર સંઘના આગેવાન ગૃહસ્થોએ આવીને ખૂબ આગ્રહ ભરી ચાતુર્માસ માટે વિનંતિ કરતાં પૂજ્ય **આચાર્યશ્રીએ** તેના જુવાબમાં જણાવ્યું કે પ્રાયઃ તમારૂં ક્ષેત્ર ખાલી નહિં રહે તેવું આશ્વાસન આપ્યું છે.

મઢડાથી વિહાર કરીને વદી ૫ ની સાંજે ગુરૂકુલમાં સર્વ ઠાણાં સાથે પધાર્યા હતા, **પ. પૂ. આચાર્યદેવશ શ્રી ચંદ્રસાગરસૂરિજી, તથા મુનિરાજ શ્રી સુબોધસાગરજી મ૦, મુનિશ્રી દર્શનસાગરજી મ૦, મુનિશ્રી શાન્તિસાગરજી મ૦, મુનિશ્રી હિમાંશુસાગરજી મ૦, તથા મુનિશ્રી દોલતસાગરજી મ૦** ને વર્ષીતપનાં પારણાં શ્રી સિદ્ધગિરિની પવિત્ર છાયા તળે કરવાનાં હોવાથી આ અગાઉ છૂટા છૂટા વિભાગે વિહાર કરી પ. પૂ. ઉપાધ્યાયજી મ૦ શ્રી દેવેન્દ્રસાગરજી ગણીવર આદિ ઠા૦, પ. પૂ. પંન્યાસપ્રવર શ્રી હીરસાગરજી ગણીવર આદિ ઠાણાં, પ. પૂ. મુનિશ્રી જ્ઞાનસાગરજી મ૦ આદિ ઠાણાં, પ. પૂ. મુનિશ્રી દર્શનસાગરજી મ૦ આદિ ઠાણાં, પ. પૂ. મુનિશ્રી હંસસાગરજી મ૦ આદિ ઠાણાં આમ એકવીશ ઠાણાં અત્ર આવી ગયાં હતાં.

ચૈત્ર વદી ૬ ની મંગલ પ્રભાતનો પ્રવેશ હોઈ પાલીતાણાના શ્રી સંઘની મોટી ટોળીએ અગાઉથી પૂજ્યશ્રીના પુનીત પગલાં થનારા માર્ગોને તથા બજાર વિગેરે સ્થળોને વિવિધ પ્રકારના **પૂજ્ય આચાર્યદેવના** ગુણને ગાતા આકર્ષક બોર્ડો અને નાની મોટી ધ્વજા પતાકાઓથી શણગાર્યા હતા. **શેઠશ્રી આણંદજી** કલ્યાણજીની પેઢી તરફથી પૂજ્યશ્રીના સામૈયામાં પધારવા માટે ટેલ પડાવી અને ઘી સંઘની મોટી ટોળી તરફથી પૂજ્ય આચાર્યશ્રીના સામૈયામાં પધારવાની વિનંતિ માટે જાહેર ખબર આપનારા વિનંતિ પત્રો પણ વહેંચવામાં આવ્યા હતા.

સવારના આઠ વાગતાં પૂજ્ય મુનિરાજો તથા શ્રી સંઘના જાણીતા ગૃહસ્થો સહિત શ્રી સંઘ બે બેન્ડો વગેરે સાજપૂર્વક વાજતે ગાજતે લેવા માટે સામા ગયા હતા. અને ઘેટી દરવાજાની બહારથી સામૈયું ચાલુ થયેલું હતું. સ્થાને સ્થાને જયધ્વનીઓથી વધાવવામાં આવતા હતા અને મુખ્ય મુખ્ય રસ્તાઓ ફરીને અનુક્રમે મોતી કડીઆની ધર્મશાળાએ પધારીને ત્યાં માંગલિક પ્રવચન લગભગ દોઢ કલાક સુધી આપ્યું હતું,

શ્રોતાઓથી ધર્મશાળાના તમામ વિભાગો ભરપૂર ભરાઈ ગયા હતા, માંગલિક પ્રવચનને શ્રવણ કરી વિખરાતી મેદનીને પ્રભાવના આપવામાં આવી હતી, શ્રી સંઘના આગ્રહથી બપોર સુધી સ્થિરતા કરીને ગિરિરાજને ભેટવા માટે સાંજના શ્રી વર્ધમાન જૈન આગમમંદિરના નિવાસ સ્થાનમાં થયું અને બીજે દિવસે શ્રી ઘોઘાવાળી ધર્મશાળામાં (જામનગરવાળી ધર્મશાળામાં) પધાર્યા છે.

પૂજ્ય આચાર્ય ભગવન્ના પુનીત વર્ષીતપના પારણા નિમિત્તે મુનિશ્રી ચન્દ્રકાન્તસાગરજી આદિ ઠાણાં ૨ તથા મુનિશ્રી સૂર્યોદયસાગરજી મ૦ આદિ ઠાણાં ૩ પણ પધારતાં કુલે ઠાણાં ૩૪ શ્રી સિદ્ધગિરિની છત્રછાયામાં બીરાજમાન છે. તેમ શીરપુર (ખાનદેશ), સુરત, મહિદપુર, ઉજ્જેન વગેરેથી ભકતગણોનો સમુહ પણ આવ્યો છે.

અગાઉથી એટલે વડોદરા શહેરના ચાતુર્માસથી આ વર્ષીતપના પારણા નિમિત્તના અષ્ટાહ્નિકા મહોત્સવ, અને બૃહત શાન્તિસ્નાત્રનો લાભ અમનેજ મલવો જોઇએ એવી શીરપુર નિવાસી શેઠશ્રી ખુબચંદભાઈ હીરાચંદ તથા શેઠશ્રી વેલચંદભાઈ લક્ષ્મીચંદ તરફથી માંગણી થયા મુજબ હાલમાં તે બન્ને સદ્ગૃહસ્થો તરફથી ચૈ. વ. ૧૧ થી મહોત્સવ શરૂ કરવાનું નક્કી થતાં તેમના તરફના તે શુભ મહોત્સવ આદિ કાર્યો ચંપાનિવાસના વિશાલ હોલમાં કરવામાં આવ્યું હતું અને તે માટેની તેઓ તરફથી શ્રી સંઘને આમન્ત્રણ પત્રિકાઓ કાઢવામાં આવી હતી. આ નિમિત્તે ક્રિયા કરાવવા શેઠશ્રી બાલુભાઇ ઉત્તમચંદભાઇ વગેરે સુરતથી આવ્યા છે તથા ગવૈયા તરીકે મુંબઈથી સંગીત રત્ન ચીમનલાલ સંઘવીને લાવવામાં અવ્યા છે દરરોજ ઘણા ઠાઠથી ભણતી પૂજાઓમાં અને રાત્રિ ભાવનાઓમાં સારી સંખ્યામાં સકલસંઘે લાભ લીધો હતો.

ચૈત્ર વદી ૧૧ થી ઘોઘાવાળી ધર્મશાળામાં પૂજ્યશ્રીનું પ્રવચન ચાલુ થતાં સારી સંખ્યા તેનો લાભ લે છે, પ્રથમ દિવસે શેઠ કુંવરજીભાઇ જીવણજી વોરા તરફથી નાણાંની પ્રભાવના થઇ હતી.

---

## શીરપુર નિવાસી શેઠશ્રી ખુબચંદભાઇ હીરાચંદ તથા શેઠશ્રી વેલચંભાઇ લક્ષ્મીચંદ તરફથી થતા અષ્ટાહ્નિકા મહોત્સવના શુભ મૂહૂર્તો અને કાર્યક્રમો-

ચૈત્ર વદ ૧૧ મંગલ સવારે ૧૧-૩૦ વાગે કુંભ સ્થાપના,

,, વદ ૧૨ ૧૩, ૧૪, ૦)). બુધ, ગુરૂ, શુક્ર, શનિવારે આંગી અને ભાવનાઓ.

વૈ, શુ. પ્ર. ૧ રવિ આંગી ભાવના.

,, ,, દ્વી. ૧ સોમ દસવાગે ગ્રહ પૂજન.

,, ,, ૨ મંગલ સવારે નવવાગે જલયાત્રાનો વરઘોડો બપોરે અષ્ટ પ્રકારી પુજા અને રાત્રે ભાવના,

,, ,, ૩ બુધ બપોરે નવાણું પ્રકારી પૂજા અને રાત્રે ભાવના.

,, ,, ૪ ગુરૂ બપોરે પંચકલ્યાણકની પૂજા અને રાત્રે ભાવના.

,, ,, ૫ શુક્ર ૧૨-૩૦ વાગે અષ્ટોત્તરી સ્નાત્ર તથા રાત્રે ભાવના.

સ્થળ ચંપાનિવાસ પાલીતાણા ( સિદ્ધક્ષેત્ર )

હતો અને તેજ સ્થળે સુરતવાળા રતનચંદભાઇ તથા ફલોધિવાળા પુનમચંદજીએ તેમ અમદાવાદવાળા ડાહ્યાભાઈ મૂલચંદની પેઢીના માલીક શેઠશ્રી મંગલદાસ નગીનદાસે પણ ઉપરોક્ત રીતિએ લાભ લીધો હતો, પુરબાઈની ધર્મશાળામાં શીરપુર નિવાસી શ્રેષ્ઠીવર્ય શ્રી ખુબચંદભાઇ હીરાચંદભાઇએ તેમ કલ્યાણ ભુવનમાં બાજીપરા નીવાસી શેઠશ્રી નેમચંદભાઇ જીવણજીએ, મોતી સુખીયાની ધર્મશાળાએ સુરત નિવાસી શેઠશ્રી ચંદુભાઇ નગીનદાસ જરીવાળાએ તથા મહિદપુર (માળવા) શેઠશ્રી સેતાનમલજી સુરડ, કેસરીમલજી સોની, સંઘવી ચંપાલાલજી રૂંડવાળાએ નરશી કેશવજીની ધર્મશાળામાં લાભ લીધો હતો, ઈંદોર નિવાસી ઘેબરમલજી અને નાગોરી લાલચંદજીએ પણ તેવી રીતે એ પૂજ્યશ્રીનાં પુનીત પગલાં કરાવીને લાભ લીધો હતો. આમ સર્વે ભાઇઓ પૂર્વોકત રીતે લાભ લીધો હતો. ત્યારબાદ લગભગ સાડા અગીઆર વાગે પૂજ્યશ્રી આદિ ઠાણા શ્રી ઘોઘાવાળી ધર્મશાળામાં પધાર્યા હતા, તે અવસરે શીરપુર નિવાસિ ગુલાલચંદ કસ્તુરચંદે પૂર્વોકત રીતિએ ગહુંલી–ગુરૂપૂજન આદિ લાભ લેઇને પૂ૦ ગુરૂદેવને ઇક્ષુરસથી પ્રતિલાભ્યા હતા.

**નિર્વિઘ્ને થએલાં પારણાં**—ઘોઘાવાળી ધર્મશાળામાં પધાર્યા બાદ શાસનદેવની કૃપાએ નિર્વિઘ્ને પ. પૂ. આ. શ્રી આદિ તપસ્વી મહાત્માઓને સુખરૂપે પારણાં થયાં હતાં. પારણાં થયા બાદ સુખ શાતા પૂછવા માટે આવેલા પ૦ પૂ૦ આચાર્ય ભગવન્તો વગેરે સાધુગણ અને પૂ. સાધ્વીજીગણનો સમુહ સુખ શાતાની ખબર જાણી હર્ષોલ્લાસ પામ્યો હતો, પૂ૦ સાધુ સમાજમાં પૂજ્ય આચાર્યદેવ સહિત ૮ સાધુ સમાજમાં અને સાધ્વીજી ગણમાં ૩૬ અને શ્રાવક શ્રાવિકામાં ૭૨૫) આમ તપસ્વીઓનો કુળ ૭૬૯) નો સમુહ હતો પુસ્તકો, નવકારવાળીઓ, વાસણો, રૂપીઆ વગેરેની નાની મોટી થઈ ૧૭૫) પ્રભાવનાઓ થઇ હતી.

પ૦ પૂ૦ આ૦ શ્રી આદિ ૭ ઠાણાનાં નિર્વિઘ્ન **વર્ષીતપના પારણાની ખુશાલીમાં** કપડવંજ **નિવાસી શેઠશ્રી ચીમનભાઈ ડાહ્યાભાઈ** તરફથી "દેશનાનન્દ સુધા સિન્ધુ" કે જે ગ્રન્થમાં પ. પૂ. સ્વ૦ **આ. શ્રી. આનંદસાગરસૂરીશ્વરજી શ્રી ભગવતિ સુત્ર ઉપરની ૧૦૫ દેશનાઓ** છે તેમ તેની બાઇન્ડીંગ સાથે રૂપીઆ ૧૦) ઉપરાંતની કિંમતનો ૬૫ ફોરમનો ક્રાઉન સાઈઝનો વિશાલ ગ્રન્થ સર્વે વર્ષીતપ કરનાર સાધુ મહાત્માઓને તથા સાધ્વીજી મહારાજાને તેમ મુખ્ય મુખ્ય પદ્વીધરોને તથા સાગર સમુદાયના સર્વ સાધુ મહાત્માઓને સાધ્વીજી મહારાજાઓને અર્પણ કર્યો છે. માળવાના શ્રી શ્વે૦ મૂ૦ જૈન સંઘ તરફથી ઘોઘાવાળી ધર્મશાળામાં વૈ. સુદ ૧ ના રોજ કુંવરજી જીવણજી વોરા તરફથી રાત્રિ જાગરણ રાખવામાં આવ્યું હતું તેમાં આવેલ ટોળીને પિત્તળના કપ રકાબી અને બદામની પ્રભાવના કરવામાં આવી હતી. અને માળવા જૈન સંઘ તરફથી રાત્રિ જાગરણમાં પધારેલ ભાઈ બ્હેનોને પુસ્તિકાની પ્રભાવના આપવામાં આવી હતી.

વૈશાખ સુદ ૫ નું અષ્ટોત્તરી સ્નાત્ર શ્રી બાલુભાઇ ઉત્તમચંદભાઈ સુરત નિવાસીએ ખૂબ આહલાદ પૂર્વક ભણાવવામાં આવ્યું હતું. ભાવિકોએ દર્શન આદિનો લાભ ઠીક ઠીક લીધો હતો. અને દરેક સમુદાયના સાધુ સાધ્વીઓની ભરચક હાજરી આનંદરૂપ હતી.

卐

પ૦ પૂ૦ સ્વ૦ આગમોદ્ધારક આચાર્યદેવેશ શ્રીઆનંદસાગરસૂરિપુરંદરના

પટ્ટદીપક, તપસ્વી—

## પ૦ પ૦ આચાર્યદેવશ્રી ચન્દ્રસાગરસૂરીશ્વરજી મહારાજશ્રીનું

## તથા પુજ્ય સાધુ ભગવન્તોને

વર્ષીતપનું

# —સુખ રૂપે થએલું પારણું—

**પાલીતાણા**—પ૦પૂ૦ આચાર્યદેવશ્રી ચન્દ્રસાગરસૂરીશ્વરજી મહારાજશ્રી તથા પૂજ્ય મુનિવર્યોના વર્ષીતપ નિમિત્તે શીરપુર (ખાનદેશ) વાળા તરફથી કરવામાં આવતા અઠ્ઠાઇ મહોત્સવમાં વૈ. સુદ ૨ ના સવારના સાડા આઠે વાગતાં રથયાત્રાનો ભવ્ય વરઘોડો નીકળ્યો હતો, વરઘોડામાં વયોવૃદ્ધ, આ. શ્રી વિજયવલ્લભસૂરિજી, આ. શ્રી કીર્તિસાગરસૂરિજી, આ. શ્રી. હિમાચલસૂરિજી, આ. શ્રી ભુવનતિલકસૂરિજી, આ. શ્રી ચંદ્રસાગરસૂરિજી, ઉપા. શ્રી દેવેન્દ્રસાગરજી ગણી, પં. શ્રી હીરસાગરજી ગણી, પં. શ્રી સમુદ્રવિજયજી, પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણી, શ્રી મહોદયસાગરજી ગણી, મુનિશ્રી દર્શનવિજયજી મ૦ (ત્રીપુટી) આદિ વિશાલ સાધુ સમુદાય તેમ સાધ્વીજી મહારાજાઓ અને શ્રાવક શ્રાવિકાઓનો બહોળો સમુદાય પધારેલ હતો, વરઘોડામાં પ્રભુજીના બે રથો, બે બેન્ડો વગેરે સાજ દીપી રહ્યો હતો, વરઘોડો ચંપા નિવાસથી નીકળી મુખ્ય મુખ્ય લત્તાઓમાં ફરી પાછો ચંપા નિવાસમાં આવ્યો હતો. વિખરાતી મેદનીને પ્રભાવના આપવામાં આવી હતી. તથા ઘોઘાવાળી ધર્મશાળામાં ચૈત્ર વદ ૧૧ થી બપોરના અઢી વાગે શેઠશ્રી કુંવરજીભાઈ જીવણજી પાલીતાણાવાળાના પ્રયત્નથી વ્યાખ્યાન શરૂ કરાવવામાં આવ્યું હતું, અને પ્રથમ દિવસે નાણાંની પ્રભાવના કરી હતી. શ્રીના વર્ષીતપના પારણા નિમિત્તે માળવામાંના જુદા જુદા ગામોમાંથી આઠસો ઉપરાંતની સંખ્યામાં સમુદાય આવેલ હતો. અને શીરપુરથી ૧૨૫ ની સંખ્યામાં ભાઇ બ્હેનો આવેલા છે.

**સ્થાને સ્થાને થએલો પુનીત સત્કાર.**

અઠ્ઠમનો તપ કરી ત્રીજા ઉપવાસે શ્રી સિદ્ધગિરિની યાત્રા કરી પાછા નવ વાગે પધારતાં પૂજ્ય આચાર્ય મહારાજશ્રી આદિ ઠાણાંને શીરપુરવાળા શ્રેષ્ઠીવર્યો તરફથી વાજતે ગાજતે શહેરમાં પધરાવ્યા હતા, શહેરમાં પધારતાં પાટણવાળી ધર્મશાળામાં શીરપુરવાળા **શેઠશ્રી વેલચંદભાઈ લક્ષ્મીચંદભાઇએ** પૂજ્યના પુનીત પગલાં કરાવી ગહુંલી કરી અક્ષતથી વધાવી ઇક્ષુરસનો લાભ લીધો હતો અને કંબલ વહોરાવી હતી. ત્યારબાદ સુરત નિવાસી શેઠશ્રી માણેકચંદ ઝવેરચંદવાળા હીરાભાઈ નગીનદાસ જરીવાળાની વિનંતિને અનુસરીને બ્રહ્મચર્ય આશ્રમમાં પગલાં કર્યાં હતાં ત્યાં પણ ગહુંલી ગુરૂપૂજન આદિ કરી ઇક્ષુરસનો લાભ લીધો

( વધુ માટે જુઓ ટાઈટલ પેજ ૩ જું )

पू. आ. श्रीकैलाससागरसूरि ज्ञानमंदिर
श्रीमहावीर जैन आराधना केन्द्र
कोबा (गांधीनगर) पि. ३८२००९

# શ્રી સિદ્ધચક્ર.

વર્ષ-૧૭-અંક-૯-મો. જ્યેષ્ઠ-માસ. તા. ૧૭-૬-૫૧.

ॐ नमः सिद्धचक्राय शाश्वतानन्ददायिने ।
सर्वमन्त्रेष्वयं मन्त्रोऽचिन्त्यचिन्तामणीयते ॥१॥ आ० बो० मङ्गलम् ॥

ભાવાર્થ:—સર્વ-મન્ત્રોને વિષે આ મન્ત્ર અચિન્ત્ય-ચિન્તામણિની જેમ આચારણ કરે છે. માટે શાશ્વત-આનન્દને દેનારા શ્રીસિદ્ધચક્રને નમસ્કાર થાઓ! —સુધાવર્ષી.

## વૈશાખ-સુદિ ૧૦ ના દિને થવી જોઇતી—
## લોકોત્તર-મહાપર્વની ઉજવણી.

આલેખનકાર:—પૂજ્ય-આચાર્યદેવ-શ્રીચન્દ્રસાગરસૂરિ-મહારાજ.

દરેક વર્ષના વૈશાખ માસમાં આવતી અક્ષય તૃતીયાના દિવસને અનુસરતા વર્ષીતપોધર્મ-રહસ્યને અને તે દિવસે થતા પારણા સંબંધનો ઉલ્લેખ વાંચકો વાંચી ગયા. પરન્તુ "વૈશાખ માસની સુદ ૧૦-દશમીએ શ્રી શાસનપતિને થએલું કેવલજ્ઞાન તે કલ્યાણક દિવસ છે, અને વૈશાખ સુદ ૧૧ ને દિવસે થએલ શાસનની સ્થાપનાનો દિવસ છે" એ સંભારણા જૈનત્વ-સ્પર્શેલા દરેકે દરેક જૈનો માટે આવશ્યક છે.

શાસનમાન્ય નીતિ રીતિને નહિં જાણનારાઓના હાથે હાલમાં ઉજવાતો જન્મકલ્યાણક મહોત્સવ એ વર્તમાનમાં પ્રભુ શાસનની અને પ્રભુ શાસનપતિની કેવળ આશાતના છે. પ્રભુના જન્મકલ્યાણકના મહોત્સવ દિને તેજ મહોત્સવના બ્હાનાં નીચે ભગવાન શ્રીમહાવીરને-ભગવાન્ શ્રીમહાવીરના જીવનને નહિં સમજનારાઓ પ્રમુખ હોય, ભાષણ કરનારાઓ પણ તેવાજ હોય, શ્રોતાઓનો મોટો જનસમૂહ પણ જૈનેતર હોય તેવા અવસરે "એશિયાના વિશાલ-પ્રદેશોમાં વિચરીને બુદ્ધદેવે સ્થૂલ અહિંસાનો પેગામ સંકુચિત દ્રષ્ટિએ અને દુનિયાભરમાં

[વધુ માટે જુવો ટાઈટલ પેજ ૨ જો.]

વી. સં. ૨૪૭૭
વિ. સં. ૨૦૦૭.
ઈ. સ. ૧૯૫૧.

પ્રકાશિકા—
શ્રીસિદ્ધચક્ર-સાહિત્ય-પ્રચારક-સમિતિ,
તન્ત્રી—પાનાચંદ રૂપચંદ ઝવેરી.
૨૨૪, શેખમેમણ સ્ટ્રીટ—મુંબઇ, નં. ૨.

વાર્ષિક-લવાજમ.
રૂ. ૩-૦-૦.
છુટક નકલ એકના
રૂ. ૦—૪—૬

( ટાઇટલ પેજ ૧ લા થી ચાલુ)

ઇસુ ખ્રિસ્તે માનવજીવનની મહત્તા વિશાલદ્રષ્ટિએ સમજાવી છે; તેના કરતાં દુનિયાના ૭ ખંડ તેમાંનો એક એશિયા ખંડ અને તેના એક વિભાગીય-ભારત દેશમાં સૂક્ષ્મરીતિએ મહાવીરે અહિંસાનો પેગામ પહોંચાડ્યો છે. વાસ્તવિક રીતિએ તો ભારતદેશના ખૂણે ખૂણે અહિંસાના પેગામને વધુ વ્યાપક રીતિએ તો મહાત્મા ગાંધીજીએ અપનાવ્યો છે" આવું આવું તો ઘણી વખત બોલાઇ ગયું અને બોલાય છે.

ભગવાન્ મહાવીર પ્રભુના જન્મકલ્યાણકના દિવસે તીર્થંકરપણાની મહત્તાને અનુકૂલ લોકોત્તર જન્મની વિશિષ્ટતાઓને સમજાવવાનું તો દૂર રહ્યું, પણ તે મહોત્સવના ઓઠા નીચે જુનાકાળના ઝેરવેરના ઝેરી તણખા ઝરે, અનેક ભવ્યાત્માઓ ઉપર સીધી રીતે અને આડકતરી રીતિએ હૃદયભેદી વાગ્બાણોથી વ્યક્તિ-ગત-હુમલા કરીને આડીઅવળી વાતો રજુ કરાય, રાષ્ટ્રીય ઉદ્દેશો કહેવાય, અને તેજ ઉદ્દેશોને અપનાવવા ધર્મનો ભોગ આપવામાં વાંધો નથી એવું છડેચોક બોલાય; છતાં રોકનાર કોઇ નહિં ! આ જન્મકલ્યાણક મહોત્સવને ઉજવનારાઓની શાસન પ્રભાવના છે ?, કે શાસનની અપભ્રાજના છે ?; તે વિચારવાની જરૂર છે.

શ્રી મહાવીર પ્રભુના જન્મકલ્યાણક-મહોત્સવની મહત્તા જેટલી શાસ્ત્રકારોએ સ્વીકારી છે, તેટલીજ મહત્તા પાંચે કલ્યાણક મહોત્સવોની છે (ચ્યવન,-જન્મ-દીક્ષા-કેવલ-મોક્ષ રૂપ પાંચે કલ્યાણક મહોત્સવોની છે) એટલું જ નહિં પણ આ લોકોત્તર મહાપુરૂષ-શ્રીભગવાન્-મહાવીર-મહારાજાના કેવલજ્ઞાન કલ્યાણકના મહો-ત્સવની અધિકાઅધિક-મહત્તા રહેલી છે. પ્રભુના જન્મકલ્યાણક-મહોત્સવને ઉજવનારા જૈનોએ તો પ્રભુના કેવલજ્ઞાન-કલ્યાણક-મહોત્સવને અધિક રીતિએ ઉજવવોજ જોઇએ.

કેવલજ્ઞાન પામનારા પ્રભુશ્રી મહાવીરે ભાવિ જીવોના હિત માટે-ભાવિશાસનને પામનારા જીવોને માટે જે કાંઈ હિતકારી અર્થ-પ્રવચનો કર્યાં તે કેવલજ્ઞાન પછીજ અને તે કામ પણ ૭૨ વર્ષના આયુષ્યની ઘટના સમજીએ તો તદ્દન અલ્પ છે, વિચારો કે ભગવાન્ મહાવીરનો જીવ દશમા દેવલોકમાંથી ચ્યવીને ૯ માસ ૭ાા દિવસ ગર્ભમાં રહ્યો, જન્મ્યા પછી ૩૦ વર્ષ સંસારિક ગૃહસ્થાશ્રમમાં વ્યતીત કર્યાં; અને દીક્ષા લીધા પછી ૧૨ાા વર્ષ સુધી તો તપશ્ચર્યાનું સેવન તથા પરિષહ ઉપસર્ગાદિકનું સહનવાળું જીવન પસાર કર્યું. આ રીતિએ ભગવાન મહાવીર પ્રભુના ૪૩ વર્ષ ૬ માસ અને ૭ાા દિવસ સુધી તો જગતના કોઇ જીવને હિતકારી માર્ગ બતલાવવાને એટલે તીર્થંકર નામ કર્મ બાંધનાર-તીર્થંકર નામ કર્મની પ્રવૃત્તિનો પુણ્યદાયી લાભ આપવા તે પ્રભુ સમર્થ થયાજ નથી. તીર્થંકર નામ કર્મની પ્રવૃત્તિનો લાભ જગત્ ભરે લીધો હોય તો લગભગ અઠ્ઠાવીશ વર્ષ ઉપરાંતના કાલમાં લાભ લીધેલો છે. અને તે લાભની મર્યાદા કેવલજ્ઞાન કલ્યાણક પછીજ છે, તે ધ્યાનમાં રાખવાની અવશ્યમેવ જરૂર છે.

જન્મ પામેલા લૌકિક પુરૂષો કે જેઓ જગત્માં મહાન્ કહેવાય છે અથવા તો પોતાને મહાન્ કહેવાડવા માટે આકાશ પાતાલ એક કરે છે, અથવા જે લૌકિકહિત કરવામાં કમ્મર કસેલા, લૌકિક પુરૂષોને અનુસરનારાઓએ પોતે માની લીધેલા લૌકિક પુરૂષને અદ્વિતીય મહાન્ કહેવડાવવા માટે તન-મન-ધનનો ભોગ આપીને અનેક પ્રબન્ધો ઘડે છે; અને આવા પ્રબન્ધોમાં જગતના પ્રવાહને ઘસડે છે. તેવાઓને તીર્થંકર ભગવાન શ્રીમહાવીરનો જન્મ કેવી રીતે થાય છે ?, કયા ઉદ્દેશથી થાય છે ?, જન્મ પામ્યા પછી તેઓનું શું

(વધુ માટે જુઓ ટાઇટલ પેજ ૩ જું)

# સ્વ૦ આગમોદ્ધારકની અમોઘ-દેશના. ૪

(ગત અંકથી ચાલુ.)

## મહાત્માનો સંસર્ગ કરો!

રાજાના માણસોએ આ ખબર રાજાને આપી. પાછળથી રાજાને ખબર પડે છે કે અહો આ સાધુ તો મારી રાણીનો સગો ભાઈ! એટલે સાજો થાય છે તેને દેખવાથી રાણીને પોતાના ભાઇનો વિરહ સાંભરી આવવાથી રૂદન આવ્યું તે દેખી પુછ્યા તપાસ્યા સિવાય રાજાએ પોતાના માણસોને આવો હુકમ આપેલો હતો, પાછળથી આ બધી વાતની ખબર પડતાં રાજા રાણી બહુ વિલાપ કરે છે અને સાધુની સમતાના બહુજ વખાણ કરે છે, અહોહો! કેવી સમતા!!! અનહદ સમતા! પાર વિનાની સમતા! આ પ્રમાણે રાજા રાણીને પણ વૈરાગ્ય થયો અને દીક્ષા લીધી. તેઓ પણ કેવળ જ્ઞાન પામી મોક્ષે ગયા. કહેવાનું તાત્પર્ય એટલુંજ કે સંત પુરૂષોનો સમાગમ કોઈપણ રીતે પ્રગટ યા આડકતરી રીતે પણ જીવને થયો હોય તો પણ તે અવશ્ય લાભદાયીજ નીવડે છે. તેથી સાધુ મહાત્માઓ આવી રીતે ચંદનની ઉપમાને લાયક છે. ચંદન વૃક્ષ સીંચનારને, કાપનારને પણ સુગંધ આપે છે તેમ મહાપુરૂષો ભક્તોને, ઉપેક્ષકોને તથા ઉપસર્ગ કરનારને પણ કલ્યાણને રસ્તે દોરે છે, તેથીજ તેમને મહાપુરૂષ કહેવાય છે. ચંદન સરખી મહાપુરૂષની સ્થીતિ છે. આથી ગુણને ગુણીના ઝગડાનો નીકાલ લાવવો હોય તો તે એકજ છે–મહાત્માનો સંસર્ગ કરો! પછી એક વાત ચોક્કસ છે કે તેનું કલ્યાણ થયા વગર રહે નહિં.

## તિરોભાવ શક્તિ.

ચંદનને સીંચનાર, તેના જ્ઞાનવાળો જે મગજમાં ખુમારી લાવી શકે તે ખુમારી છેદનારને આવતી નથી, જે આનંદની દશા ચંદનને સીંચનારને મળે તે આનંદની દશા ચંદનને કાપનાર કે છેદનારને આવતી નથી. તેમ મહાત્મા પુરૂષોનું મહાત્મ્ય જાણી આરાધે તેના આત્મામાં જે કલ્યાણની કોટિ આવે તે કલ્યાણની કોટિ મહાત્મા પાસે અમસ્થો બેસે કે વિરોધી થઇને બેસે તેને ત્યાં આવી શકે નહિં. ઉપેક્ષા તરીકે–વિરોધી તરીકેનો પણ સંબંધ–ગુણની જડ બને, પણ ગુણની જે પરાકાષ્ઠા લહેજત–આનંદ–સુખ તે તેને મળી શકે નહિં. ગુણની લહેજત લાવવાની તાકાત તેનામાં નથી તે તો જે કોઇ મહાત્માને તેના સ્વરૂપે જાણે–ઓળખે તેજ લાવી શકે બીજા નહિંજ.

ઘી કરવું હોય તો દહીં દુધ કામ લાગે, પણ ઘાસ કામ ન લાગે, ઘાસ એ ઘી કરવામાં કારણ નથી, કારણ કે તેનું કાંઇ ઘી થતું નથી. જેનાથી જે વસ્તુ થાય તેનું તે કારણ. માટીથી ઘડો થાય છે તો ઘડાનું કારણ માટી તાંતણાથી વસ્ત્ર થાય તો વસ્ત્રનું કારણ તંતુ, તેમજ દુધ દહીથી ઘી થાય માટે ઘીનું કારણ દુધ દહીં. કારણમાં કાર્ય રૂપે પરિણમવાની શક્તિ હોવી જોઇએ, શક્તિ ન હોય તો તેને જૈન શાસ્ત્રકાર કારણ કહેતા નથી અને તિરોભાવે પણ શક્તિ રહેલી હોય તો તેને ગોપવવા પણ જૈન શાસ્ત્ર કહેતું નથી.

તલમાં તેલ પણે થવાની શક્તિ રહે છે; તો એક અપેક્ષાએ તલ તે તેલ છે. અર્થાત્ તેલનું કારણ તલ; તલથી તેલ થાય છે, માટે જૈન શાસ્ત્ર સ્યાદ્વાદ ધર્મને માનનારૂં છે જ્યારે અન્ય દર્શન–શાસ્ત્ર એકાંત ધર્મને માનનાર છે; પ્રત્યક્ષ નજરે દેખાય તેજ અન્ય શાસ્ત્ર વસ્તુ કહે છે. જ્યારે તિરોભાવે વસ્તુમાં રહેલી શક્તિને પણ કહેનાર જૈન શાસ્ત્ર છે. આ વસ્તુનો ઊંડો વિચાર કર્યા સિવાય સમજી શકાય તેવી નથી. સામાન્ય જનતાને માટે તો જ્ઞાનીઓના વચન ઉપર વિશ્વાસ રાખવો તેજ બસ છે. જો વસ્તુમાં તે સ્વરૂપે થવાની શક્તિ ન હતી તો થયું કયાંથી? અને જો થયું તો તે શક્તિ તેની માનવીજ પડશે. ત્યારે એ નક્કી થયુ કે દુધ દહીં એ ઘીનું કારણ છે, પણ ઘાસ એ કાંઇ ઘીનું કારણ નથી. ઘીની ઇચ્છાએ ઘાસ કેટલા લાવ્યા? હવે આગળ વધીએ ઊંડા ઉતરીએ તો જૈન શાસ્ત્ર કહે છે કે ઘાસ પણ ઘીનું કારણ છે, પણ પરંપરાએ કારણ રૂપ છે, નજીકનું કારણ નથી, પરંપરાએ માનો તો માની શકાય છે. કેમ? ઘીની ઇચ્છાવાળો ઘાસ લાવતો નથી તેથી ઘાસ તે ઘીનું સીધું કારણ નહિં બને, પણ ઘાસને ગાય કે ભેંસ આરોગે છે તેનું રૂપાંતર દુધ રૂપે થાય છે. તે દુધ દહીનું ઘી બને છે. માટે પરંપરાએ તેને કારણ માનો તો

માની શકાય છે તેમ મહાત્મા પુરૂષનો વિરોધી તરીકે થએલો સંસર્ગ તે પણ કલ્યાણ દેનારો છે.

### વિરોધી તરીકે સંસર્ગ કરાય નહિ.

કલ્યાણની ઇચ્છાવાળાએ વિરોધી તરીકે સંસર્ગ કરાય નહિં. ઘાસ ઘીનું કારણ છે, છતાં પણ કોઈ ઘરવાળો ઘીની ઇચ્છાએ ઘાસ લેવા જતો નથી ઘીની ઇચ્છાએ તો દહીં કે દુધજ લેવા જાય છે.' અહીં પણ મહાત્માનો સંસર્ગ શત્રુ ભાવથી થાય તો પણ કલ્યાણ કરે છે. વિરોધી ભાવે કે ઉપેક્ષણીય ભાવે સંસર્ગ કરવાનો નથી. સમજુ પુરૂષે તો મહાપુરૂષની બુદ્ધિ એજ ! એટલે આ મહાપુરૂષ છે તેનાથી જરૂર મારૂં કલ્યાણ છે એવી બુદ્ધિએજ સંસર્ગ કરવો જોઇએ. તે ક્યારે બને ? તો કે એકજ રસ્તે બને, મહાત્માના ગુણ કાને પડે, ચાહે વિરોધી ભાવે ગયો હોય ! તો પણ મહાત્માના ગુણો કાને પડે અને સમજાય તો તેનું યથાસ્થિત ફળ મેળવી શકાય.

### મોક્ષનું કારણ મહાત્માનું કીર્તન છે.

સીધે સીધું કલ્યાણનું સ્થાન, મોક્ષનું કારણ મહાત્માનું કીર્તન છે. અનેક મહાપુરૂષોએ તે સંબંધી શ્રમ કર્યો છે, અને પુન્ય ઉપાર્જન કર્યું છે, વિનયવીજયજી ઉપાધ્યાય કે જેમણે શ્રીપાલ રાજાનો રાસ બનાવ્યો છે, પદ્મવિજયજી મહારાજ કે જેમણે જયાનંદ કેવળીનો રાસ બનાવ્યો છે, હરિભદ્રસૂરીજી મહારાજ કે જેમણે સમરાદિત્ય ચરિત્ર સંસ્કૃત બનાવ્યું છે, ને પદ્મવિજય મહારાજે તેનો રાસ બનાવ્યો છે, મોહનવિજયજી મહારાજે ચંદ રાજાનો રાસ બનાવ્યો છે, યશોવિજયજી ઉપાધ્યાય કે જેમણે શ્રીપાળ રાજાના રાસને થાક નો ભાગ પૂરો કરી આપ્યો છે, હેમચંદ્રાચાર્યસૂરીશ્વરજી મહારાજ કે જેમણે ત્રિષ્ઠિ શલાકા પુરૂષ ચરિત્ર સંસ્કૃતમાં બનાવ્યું છે. આમ અનેક મહાપુરૂષોએ ચરિત્ર, રાસ, છંદ વિગેરે દ્વારાએ મહાપુરૂષોનું કીર્તન કરેલું છે તે તેમના આત્માનું તો કલ્યાણ કરનાર થયું છે અને તેને સાંભળનાર મુમુક્ષુ જીવોનું પણ તે દ્વારાએ કલ્યાણ થયું છે.

### સમાયિક પહેલાં મહાત્માના ગુણનું કીર્તન કેમ ?

જે માટે સુત્રકારે જણાવ્યું કે સામાયિક પહેલાં મહાત્માના ગુણનું કીર્તન કરો ! પછી સામાયિક કરો ! અહીં વાદી શંકા કરે છે કે—જેટલો વખત કીર્તન થયું તેટલો વખત સામાયિકમાં અંતરાય થયો ને ? સાવદ્ય ત્યાગમાં એક સમયનો પણ વિલંબ ન કરવા લાયક, તો તેમાં તમે વચમાં ભગવાનનું નામ શું કરવા ઘાલ્યું ? કારણ કે બીજી બધી ક્રિયાઓ માટે કાલનું નિયમિત પણું કર્યું છે. જ્ઞાન ભણવું તો કાળ વખતે ન ભણવું, કાળ સિવાયના ટાઇમમાં ભણવું, સવારે ને સંધ્યા વખતે અમુક ટાઇમ જ્ઞાન ભણવું, તીથીમાં પણ અમુક તીથી પ્રતિપદા જેવીને માટે અસ્વધ્યાય કહ્યો છે આ માટે કાળનો નિયમ રાખ્યો છે, પણ સાવદ્ય ત્યાગ રૂપ સામાયિક વિગેરે ધર્મ કરણી તો ચોવીશ કલાકમાં ગમે ત્યારે પણ કરી શકાય છે. તે વિષે કહ્યું પણ છે કે

**"अकालो नास्ति धर्मस्य जीविते चञ्चले सति"**

આ જીવીત વીજળીના ઝબકારાના જેવું, તથા વાદળાની ઘટા જેવું ચંચળ છે ! ધર્મ કરી લેવો તેજ જીવતરનું સાર્થક છે ! તેથી ધર્મ કરવાનો કોઇ અકાલ નથી. અમુક વખતે ધર્મ કરવો અને અમુક વખતે ધર્મ ન કરવો કે અમુક સમયે ધર્મ ન કરાય એવું નથી. સામાયિકાદિક કરવામાં જીવે વિલંબ ન કરવો જોઇએ. કારણ આયુષ્યનો ભરોસો નથી ! ક્યારે આ દેહ પડશે ! ક્યારે આયુષ્ય પુરૂં થશે ! કાળ રાજા ક્યારે ઓચિંતો છાપો મારશે ! તથા પ્રકારના અજ્ઞાની એવા આ જીવને ખબર નથી. માટે વાદી કહે છે કે સામાયિકાદિક કરવામાં વિલંબ ન કરવો જોઇએ તેમાં તમે મહાત્માનું કીર્તન પહેલાં કરો ને પછી સામાયિક કરવું તેમ કેમ કહો છો ? વળી કેટલાકો સાધુ શ્રાવકનો ભેદ માનેછે, શ્રાવકને ભગવાનની સ્તુતિની જરૂર નહિ, સર્વ સાવદ્ય ત્યાગ તેટલો હોવા છતાં તમારે કીંમતી નહિ ? જેટલો દેશથી ત્યાગ તેટલો સર્વ સાવદ્યનો ત્યાગ છે તે છતાં તમારે કીંમતી નહિં ને ? શ્રાવક જે સામાયિક ઉચ્ચરે તે દેશ ત્યાગ છે, કારણ તે બે ઘડી સુધીજ ત્યાગ કરે છે, પછી તો

પાછો આરંભ સમારંભમાં પ્રવર્તવાનો છે. તે તમારે કીંમતી છે અને સાધુ જાવજીવ સુધી સાવધનો ત્યાગ કરે, જીવું ત્યાં સુધી આરંભ સમારંભમાં પ્રવર્તું નહિં, તે કેમ સર્વવિરતિ સામાયક સાધુ ઉચરે તે તમારે કીંમત નહિં ?

પહેલું મહાત્માનું કીર્તન કરો પછી સામાયક કરો તેમ તમે કહો છો ? શ્રાવકના સામાયકમાં પહેલાં લોગસ્સ કહેવામાં આવે તો અંતરાય ન થાય તેમ ગણો છો, આમ દેશ ત્યાગમાં ભગવાનના નામે મહાત્માના કીર્તનનો અંતરાય ગણાતો નથી. સર્વ સાવદ્ય ત્યાગમાં તેનો અંતરાય કેમ ન ગણ્યો ? તે પ્રમાણેની વાદીની શંકાનો ઉત્તર આપતાં શાસ્ત્રકાર જણાવે છે કે શાસ્ત્રની રીતિ પ્રમાણે સર્વ સાવધના ત્યાગ કરતાં મહાત્માનું કીર્તન પહેલાં જરૂરી છે, સર્વ સાવદ્ય એટલે પાપવાળા સર્વ વ્યપારનો ત્યાગ કરતાં મહાત્માનું કીર્તન અંતરાય રૂપ નહીં ગણી મહાત્માનું કીર્તન જરૂરી ગણ્યું છે.

આ બાબતમાં સાક્ષી આપે છે-કારણ કે સાક્ષી વિનાનું કામ ચોક્કસ ગણાતું નથી, દુનીયાદારીમાં પણ કોર્ટ સાક્ષી જુએ છે, સાક્ષી જો પ્રમાણીક હોય, ચોક્કસ હોય, તો તે વાત કોર્ટ પણ કબુલ રાખે છે. કોઇને રૂપીયા ધીર્યા હોય પણ સાક્ષી ન રાખ્યો હોય, તો તેનો કેસ કદાચ ઉડી પણ જાય, જો સાક્ષી મજબુત તથા પ્રમાણિક હોય તો તે રૂપીઆ ખોટા થતા નથી, એમ કોઈ પણ બાબતની માન્યતામાં સાક્ષીની જરૂર છે, તેના ઉપર તેની માન્યતાનો આધાર પણ રહેલો છે, અહીં ઉપરની જે વાત કહેવામાં આવી તેને માટે ગ્રંથકાર સાક્ષી પણ આપે છે, તે સાક્ષી પણ કેવાની આપે છે ? જેવા તેવા માણસની નહિં, પણ જે વિદ્વાન છે, અનુભવી છે, જેના વચન ઉપર મોટા મોટા પંડિતોને પણ વિશ્વાસ છે, જેની કૃતિ એ સર્વ માન્ય છે, એવા મહાપુરૂષની સાક્ષી પણ આપે છે.

## વાદિવેતાલની મહત્તા.

તે આપતાં જણાવે છે કે ઉતરાધ્યયન સૂત્રની ટીકા વાદિવેતાલ શાંતિસૂરિજી મહારાજે કરી છે, જેમ માણસ પાંચ અંગથી શોભે છે. બે હાથ, બે પગ, ને મસ્તક એ પાંચ અંગથી માણસ શોભે છે તેમ સિદ્ધાંત રૂપી પુરૂષને પણ પાંચ અંગ કહ્યા છે તેનાથી તે દીપે છે, મૂળસૂત્ર; ટીકા ચૂર્ણી; નિર્યુક્તિ અને ભાષ્ય આ સિદ્ધાંત રૂપી પુરૂષના પાંચ અંગ છે, ઉત્તરાધ્યયન મૂળસૂત્ર છે, તેના ઉપર વાદિવેતાલ શાંતિસૂરિજીએ ટીકા કરી છે, ટીકા એટલે ખોદણી એવો અર્થ અહીં લેવાતો નથી. અહીં શાસ્ત્રની ટીકા એટલે શાસ્ત્રનાં મૂળસૂત્રો કેમ સહેલાઇથી સમજાય તે માટે તેને વિશેષ રૂપે સમજાવવા જે કાંઈ બનાવવું તેનું નામ ટીકા, તે ટીકા કોણ કરી શકે ? મૂળ કર્તાનો મુખ્ય આશય જે સમજી શકયો હોય તેજ તે શાસ્ત્રની ટીકા રચી શકે છે, ઉત્તરાધ્યયનની ટીકા કરનાર વાદિ વેતાલસૂરિજી થઈ ગયા તે કાંઇ સામાન્ય પુરૂષ ન હતા. વાદિઓના સમુહમાં જે સૂર્ય સમાન હતા; દરેક વાદિઓને જીતનાર હતા, તેઓની તે ટીકાને આધારે દિગંબરોને જીત્યા છે, વાદિ દેવસૂરિ આ ટીકાના આધારે દિગંબરો ઉપર જય મેળવનાર થયા હતા; તેવી ટીકાના કરનાર શાંતિસૂરિજી વાદિવેતાલ બિરૂદ ધારક થઇ ગયા છે. વાદિ દેવસૂરિએ હેમચંદ્રાચાર્યના વિદ્યા ગુરૂ હતા તેમણે આ ટીકાના આધારે દીગંબરો ઉપર જય મેળવ્યો છે.

વિદ્યા ગુરૂનું માન સાચવવા માટે શાસ્ત્રમાં બહુ બહુ કીધું છે, તેમને ઓળવનાર જ્ઞાનીની આશાતાનો ભાગી બને છે, એટલુંજ નહિં પણ ગુરૂદ્રોહી કહેવાય છે, તે માટે શાસ્ત્રકારે કહ્યું છે કે—

**एकाक्षर प्रदातारं यो गुरुं नैव मन्यते ।**
**श्वानयोनिं शतं गत्वा चांडालेष्वपि जायते ॥**

એક અક્ષર દેનારને પણ જે ગુરૂ માનતો નથી. તે સેંકડો વખત શ્વાનની યોનિમાં ઉપજીને-જઇને ચાંડાલના કૂળમાં પણ ઉપ્તન્ન થાય છે વળી બીજે સ્થળે પણ કહ્યું છે કે 'જેટલો અક્ષર શ્રુતના ભણાવે, તેટલા વર્ષ હજારો જીવ સ્વર્ગના સુખ અનંતા વિલાસે પામે ભવનો પારોજી ?, જેટલા શાસ્ત્રના અક્ષર ભણાવે તેટલા હજાર વર્ષ દેવ લોકના સુખને તે પુરૂષ પામે છે, અને અંતે ભવનો પાર પણ પામે છે.

## જ્ઞાનદાતાની ભક્તિ જરૂરની છે.

જ્ઞાન દાન એ સર્વ દાનમાં ઉત્તમ છે, જુદાજ પ્રકારનું છે, બીજા દાનો આપ્યાથી ખુટે છે, જ્યારે જ્ઞાન દાન આપવાથી ઉલટું વૃદ્ધિગત થાય છે, યશોવિજયજી ઉપાધ્યાયજીએ પણ જ્ઞાન ભણાવનાર એક પંડિતની ખરેખરી કદર કરી હતી, તેમને કાશીમાં ભણાવનાર બ્રાહ્મણ પંડિત શાસ્ત્રીજી અમુક કાળે દરિદ્ર થઈ ગયા, પછી તેણે વિચાર કર્યો કે હવે શું કરવું? વિચાર કરતાં રસ્તો માલમ પડયો કે જૈનોના ગુરૂ યશોવિજયજી ઉપાધ્યાયજી મ્હારી પાસે થોડુ ઘણું પણ ભણ્યા છે, માટે તેની પાસે જાઉં, એમ કરી ઉ. યશોવિજયજીની પાસે આવે છે. ત્યાં તેમણે હકીકત કહ્યાથી ઉ. યશોવિજયજી મહારાજે ત્યાં ને ત્યાં જ્ઞાન દાનના મહાત્મ્યનો ઉપદેશ દેતાં લોકો ઉપર અસર થઇ ને ખરડો કરાવી આપ્યો, તો રૂપીઆ સાડ હજારની રકમ થઈ ગઇ. મતલબ એ કહેવાની કે જ્ઞાન દાતાની ભક્તિ જરૂરી છે. પૂર્વે પુરૂષો વિદ્યા ગુરૂઓનો વિનય સાચવતા, બહુમાન કરતા, આદર સત્કાર કરતા હતા, તેમ આપણે પણ તેનું અનુકરણ કરી વિદ્યા ગુરૂનો વિનય ન ભૂલવો જોઇએ! પ્રસંગોપાત આટલું બસ છે.

હવે મૂળપર આવીએ-ઉત્તરાધ્યયન ટીકાકાર વાદી વેતાલસૂરિ લખે છે કે-સામાયક લેવાવાળાએ પ્રથમ તીર્થંકરની સ્તુતિ કરવી જોઇએ અત્યારે પણ સામાયકની વિધિમાં જુઓ તો માલમ પડશે કે-સામાયક દંડક ઉચ્ચરતા પહેલાં લોગસ્સ બોલવામાં આવે છે, લોગસ્સ તે શું છે? ચોવીસ તીર્થંકરની સ્તુતિ રૂપ છે આનું તત્વ કયાં છે? સર્વ વિરતિની કિંમત ઘટાડી છે તેમ નથી; પણ મહાત્માના ગુણ કીર્તનની કિંમત અદ્વિતીય છે એમ જણાવ્યું છે. મહાત્માનું કીર્તન તે કલ્યાણ અને મોક્ષનું સ્થાન છે, તેથી કંઈ જીવોના કલ્યાણ થઈ ગયા છે.

રાવણ જેવો રાજવી અષ્ટાપદ પર્વત ઉપર જઈ ચોવીસે તીર્થંકરોની સ્તુતિ કરે છે, મંદોદરી નાચ કરે છે, ફીડલ વગાડતા તાંત તુટી જાય છે. તેવે ટાઇમે રાવણ પોતાના હાથની નસ કાઢી ત્યાં તારમાં, સ્વર માટે ગોઠવી દે છે. પણ ગાવાનું તાન, સ્તુતિનું તાન તોડતો નથી. ત્યાં તેને તીર્થંકર ગોત્ર બાંધ્યું છે. તેમજ બીજા કંઇ જીવો ભાવનામાં ચઢવાથી મોક્ષ પણ પામ્યા છે.

હવે અહીં હેમચંદ્રાચાર્યને અંગે તપાસો એક બાજુ વિદ્યા ગુરૂ રાજ ગુરૂ છે, સમર્થ વિદ્વાન છે, ગહન ગ્રંથને કરવાની શકિતવાળા છે; છતાં તે ઓછું કરી પોતે ત્રીષષ્ટિશલાકા પુરૂષ ચરિત્ર કરવા તૈયાર થયા છે. શાથી? તેના માટે કહે છે કે પોતાના માબાપ છે તેને હાડકા માંસની કોથળી કહો છો? માબાપ ને ચામડાની કોથળી કહો છો? કેમ કહેતા નથી? માતાનું, કે બાપનું શરીર છે તે ચામડાની કોથળી છે, વિષ્ઠાને હાડકાની ભરેલી માંસની કોથળીજ છે ને? પણ તેમ કહોતો? કહો કે દુનીયામાં તે મૂર્ખ શીરોમણી કહેવાય, કારણ કે વ્યવહારથી જે વસ્તુ જેમ શોભે તેમ કહેવું જોઇએ, વ્યવહાર નયપણ માનેલો છે, તેને શાસ્ત્રકાર ઉડાવી દેતા નથી નાનો છોકરો એ પગ વચ્ચે લાકડી લઈ-'ચલ ઘોડા ચલ ઘોડા' એમ કહે તો તેની અપેક્ષાએ લાકડી તે ઘોડો છે, આનું નામ નય વ્યવહાર તેને પણ માનવામાં આવ્યો છે.

માબાપનું શરીર જો કે હાડ, ચર્મ મય છે, છતાં તેઓ પૂજ્ય હોવાથી તેમ કહેવાનો દુનીયામાં વ્યવહાર નથી. તેમજ મહાત્માના ચરિત્રમાં પણ રાજા રાણીનો અધિકાર આવે છે. ભાઇ, બાપ, મા ચામડાની કોથળી! તો કેટલાકે ચામડાની કોથળી કહી? તેના સંબંધની વાત ઓરજ છે. કીર્તનમાં વિકથાઓ આવવાની છતાં પણ તે વિકથા તરીકે નથી. રાજા કે રાણીના વર્ણન તરીકે નથી, આ રાજા રાણીઓનું જે વર્ણન તે મહાપુરૂષના કથનને અંગે છે, તેથી મહાત્માનું કીર્તન સમજો!

# આગમોદ્ધારક-વિરહ.

ગુરુ-વિરહ અતિ દોહ્યલો, મુજથી કેમ સુહાયજી;
**સૂ**રતની **સૂ**રત ફરી, દુઃખ એ નવ ભૂલાયજી. ગુરુ. ૧

**સૂ**ર્યપુરે કરી સ્થિરતા, કારણ શરીર બિમારજી;
પાંચ ચોમાસાં ત્યાં થયાં, સ્થાપ્યું **આગમ-મંદિરજી** ગુરુ. ૨

શરીરે શાન્તિ નવ સાંપડી, બેહજાર છએ નિર્યાણજી;
**સ**ર્જ્યાં ગ્રન્થ મહત્વના, સંઘ-ભાવિક-કલ્યાણજી. ગુરુ. ૩

**'જૈનગીતા'** ભાખી ભાવથી, તનમન ઉલ્લસિત થાયજી;
સ્વઆરાધન કરતાં થકા, **'આરાધના માર્ગ'** રચાયજી.
ગુરુ. ૪

**શ્રુ**ત વિષે થઇ લીનને, સહ્યા કર્મ-વિપાકજી;
મંત્ર જપી નવકારનો, ભવભીતિ કરી ખાકજી. ગુરુ. ૫

સ્વર્ગગમન નિકટ દેખતાં, થઈ **અર્ધ-પદ્માસને** સ્થિરજી;
દિવસ પંદર લગી રહ્યા, **'આનન્દ-અબ્ધિ'** અપારજી.
ગુરુ. ૬

સૂરિસમ્રાટ્ **'આનન્દસાગરે'** સમરે નમસ્કાર એ મંત્રજી;
આતમ-ભાવના ભાવતાં, છોડે કાયા કઠિનજી. ગુરુ. ૭

**આગમોદ્ધારે** કૃપા દાખવી, વરસ ચાલીશ રાખ્યો સાથજી;
શાસ્ત્રોદ્ધાર કીધા ઘણા, શ્રુત-ભક્તિનો ખોલ્યો પાથજી.
ગુરુ. ૮

**'આગમોદ્ધારક'**-વિરહ કારમો, સંઘ સકળ ન ખમાયજી;
દેહ ત્યજ્યો સ્થિર સમાધિએ, **જીવન**-ચિત્ત મુંઝાયજી!
ગુરુ. ૯

મુંબઇ તા. ૪-૨-૫૧ } **જીવણચંદ સાકરચંદ ઝવેરી**
વિ. સંવત ૨૦૦૬ }

આ કાવ્ય આગમોદ્ધારક પ્રણિત આરાધના માર્ગ ભાગ ૧ લામાં છપાયું છે, એમાં કડીઓ ૨, ૫ અને ૮ પાછળથી વધારી છે. **જી. સા.**

# આગમોદ્ધારક-વંદનાંજલિ.

(પાસ સંખેસરા—રાગ ઝુલણા છંદ)

શ્રુતમય આતમ જે, જ્ઞાનઘન તેજ જે,
છેહ દેઇ ગયો **ચતુર્સંઘને**;
જીવી પંચોતેર લગી, સાધના પકી કીધી,
ત્યાગ-મારગ મહીં જીવન ગાળ્યું. શ્રુત૦ ૧

પુદ્ગલ બહુ નાવડું, હલેસું વજ્ર હાથનું,
પાર કરી એ ગયો **સાગર** ભવનો:
તરલ તારક ગયો, સંઘ અશ્રુ ઝરે,
કોણ વિચ્છેદશે અમ આશંકા? શ્રુત૦ ૨

આગમો પેખતો છ દર્શને ઘૂમતો,
સંઘ-શંક ટાળતો **આનંદ** હૃદયે;
સંઘ-ક્ષિતિથી દૂરે, પ્રકાશ વિલીન થયો,
તિમિરમય ભાસતું વિશ્વ **સઘળું**! શ્રુત૦ ૩

નિઃસત્યમાં સત્ય એ, વદત નિઃશંક જે,
નિડરયોધ **મહાવીર**-પંથે;
ત્યાગ, ને શ્રુતને ભજત ચેતનવડે,
પામવા પદ નિરંજન નિઃશંક. શ્રુત૦ ૪

જિન-ધર્મ-વ્યોમે ધણી, વાદળી અવનવી,
આવી ચડતી ઘટા-ટોપ-રૂપે;
ગર્જતી રાહુશી, ભટકતી સત્યથી,
નાશતી પ્રબળ જશ વાણી-વાતે. શ્રુત૦ ૫

રાજયોગે સરી, ત્યાગયોગે વહી,
શાંત શ્રુત-બોધ-સરિતા વહાવી;
સ્થાપિ સિદ્ધક્ષેત્રમાં, સુરત-સમ-અંદરે,
અતુલ જે **વીરની** સત્યવાણી. શ્રુત૦ ૬

---

ચતુર્સંઘ=ચારે સંઘને, ૭૫ વર્ષની ઉંમરમાં લગભગ ૬૦ વર્ષનો દીક્ષા પર્યાય પાળ્યો. **બહુ**=નાજુક. **તરલ તારક**= ભવ સમુદ્રને તરનાર તારનાર તારો, **સંઘ-ક્ષિતિ**= સંઘરૂપી આકાશથી. **વ્યોમે**=આકાશે. **નાશતી**=નાશ પામતી. **વાતે**=વાણીરૂપ વાયરાથી. **રાજયોગે વગેરે**= જન્મકાળે રાજ અને ત્યાગ બે યોગો પ્રચંડ પડેલા. તેમાં પહેલો રાજ છોડી ત્યાગ અપનાવ્યો.

લુપ્તશે આગમો, ગ્રન્થ-રૂઢ જે રહ્યા,
એહ શંકા લહી ચિત્ત માંહે;
અવર વળી ચિંતતા, કાળ તો વહી જતાં,
પાઠ-પરિવર્તના કૈંક થાશે. શ્રુત૦ ૭
એહ ચિંતા અતિ, ચિંતવે ચિત્ત મહીં,
સ્થાપવા અજરમાં યત્ન કીધો!
થાપિયાં આરસે, **સિદ્ધના ક્ષેત્રમાં**,
સૂરતે થાપિયાં તામ્રપત્રે! શ્રુત૦ ૮
શોધી મુદ્રિત કર્યાં, વાચના શુભ દીધી,
શાસ્ત્ર-ગ્રન્થો તણી એહ પ્રજ્ઞે!
અંતિમી વાંચના, વીસસો (૨૦૦૪) ચારમાં,
સાધુ શત સમ્મુખે **સૂર્યપુરે**. શ્રુત૦ ૯
સાધના સાધના! સાધના શ્રુતતણી,
ઝળકતો આત્મ જો તત્ત્વ ચિન્ને!
'નેક ગ્રન્થો લખ્યા, 'સમાધિ મારગ' રચ્યું,
સ્થાપિ "આગમ-તણો પુરૂષ" મોટો! શ્રુત૦ ૧૦
તોષ નવ પામતો, આત્મ એ મહાત્મનો,
કાર્ય કૈં કૈં રહ્યાં બાકી ઝાઝાં;
શરીર કટુ-ધર્મને, ભજવતું ખૂબ રહે,
લેખિની ચલતી રહે હસ્ત માંહે! શ્રુત૦ ૧૧
ન વાંછી કીર્ત્તિ કદા, ન વાંછી સૌરભ-કથા,
વાંછી ના જીવનની કાંઈ માયા!
વાંછી આત્મદાનને, દેહ-ક્ષય અવગણી,
અર્પિયું સર્વ તો ધર્મ-સાટે! શ્રુત૦ ૧૨
ખલકનો ખેપીઓ, મલકનો મોવડી,
જેહીએએ સુણ્યો જગત્ જૈની!

**અજર**=લાંબા કાળ સુધી બગડે ઘસાય સડે નાશ પામે નહિ તેવામાં પાષાણ યા ધાતુમાં. **સૂર્યપુરે**= સુરતમાં આગમ મંદિરની સ્થાપના વેળાયે એકત્ર થયેલ મુનિ પુંગવોને સવાર બપોર બે સમયે વાચના અર્પી હતી. **ચિન્ને**=તત્ત્વના ચિંત્તવનથી, **પુરુષ**=સુરત તામ્રપત્રાગમ મંદિરના ભૂમિગૃહમાં સુવર્ણ આગમ પુરૂષની તથા આગમમંજૂષાની; સહસ્રફણા પાર્શ્વનાથજીના સન્મુખના કમરામાં સ્થાપના કરી. **તોષ**=સંતોષ. **કટુ**=રોગાદિ શરીર ધર્મ૦

**વીરનો** વીરીઓ, વાણી વિહારીઓ,
શાસ્ત્રની સાખીયે વદત વાચા. શ્રુત૦ ૧૩
શ્રુતનો સેવીયો, ભક્તિનો ભોમિઓ,
રાગીઓ નવ કદિ રાગી નિજનો!
સત્યનો સાખિયો, સૂરિમાં સૂરિયો,
આત્મ લસોટતો શુદ્ધ-શૈલે. શ્રુત૦ ૧૪
અમર જીવન જીવ્યું, મૃત્યુ ઉજાળવા,
લળી લળી **'વંદના'** સંઘ કરતો!
**આગમોદ્ધારકા**, સૂરિ એ તારકા,
હર્ષથી સેલતા **અબ્ધિ**-આનંદમાં. શ્રુત૦ ૧૫
(ત્યાં તો,—)
સુરત ગોપીપરે, વિધિ તો વિફરી,
ચેતના બુઝવી રાહૂ-કાજે ગ્રસી;
ચિદાનંદ સાધવા, સમાધિ ગ્રહી સાધવા!
લીધા તે સત્યનો માર્ગ સાચો. શ્રુત૦ ૧૬
એહ પણ સંક્ષેપે. વીતિયું કાળ સમ,
અશ્રુથી ભીંજતી સર્વ આંખો!
**વીરનો** ધર્મ તો, આત્મમાં વાસ તો,
'વીરહે! વીરહે! વીર' બોલે શ્રુત૦ ૧૭
**હેમ;** ને **હીર** અપિ, **યશો** ઉપાધ્યાયકા,
તરવરે દૃષ્ટિયે, તુજને પેખી!
શતક ત્રણુસો લગી, તું સમો નવ થયો,
**વીરના** ધર્મમાં વીરબાહુ! શ્રુત૦ ૧૮

**ખલકનો**=જૈન જગતને વીર વાણીનું તત્ત્વ પહોંચાડનાર ખેપીઓ, **વીરનો**=વર્તમાનમાં શ્રીવીરના શાસનમાં વીરપુરુષ, **સેવીયો**=શ્રુતની સેવા કરનારો સેવક, **લસોટતો**=કસતો, કસી જોતો. **શુદ્ધ-શૈલે**=કસોટીયે. આત્માને શ્રીવીર આજ્ઞાની કસોટીયે કસનારો, કસોટી ઘસાય નહિ એવો પાષાણ હોવાથી "શુદ્ધ-શૈલે" યોજ્યું છે, **હેમ** આદિ=શ્રીહેમચંદ્રાચાર્ય, શ્રીહીરવિજયસૂરિ, અને શ્રીયશોવિજયજી મહોપાધ્યાયની યાદ તને દેખતાં તાજી થતી. **શતકત્રણસો**=શ્રીયશોવિજયજી મહોપાધ્યાય અને આગમોદ્ધારકના સમયની વચ્ચે પ્રખર શ્રુતજ્ઞાની અને તાર્કિક શક્તિવાલા થયેલ કોઈ જાણવામાં નથી આવ્યા.

પુણ્યવંત સુર્ત કે પુણ્યની હીનતા,
અકલ એ પ્રશ્ન મમ આત્મ રૂંધે;
(પણ) કીર્તિ તારી વડે, સૂરત સૌરભ બહુ,
તુજ સમા પૂજ્ય જ્યાં આત્મ સાધે! શ્રુત૦ ૧૯

સુરતના સંઘની વિપુલ એ પુન્યતા,
કે તને પામીને આત્મ નર્તે;
બે હજાર છયનો (૨૦૦૬), કૃષ્ણ વૈશાખીઓ,
તવ જતાં એહની જ્યોત જાયે! શ્રુત૦ ૨૦

પક્ષની પંચમી, વાસરો મંદ તો,
છોડીઓ વાસ જે જીર્ણ થાતો;
નિંબ-ઉપાશ્રયે, સ્થિર પદ્માસને,
ચતુર પડોરે ઘટિ શુભ સાધી. શ્રુત૦ ૨૧

મહા પરિઠાવણા ઈશ માણકસૂરિ,
**વિજયપ્રીતીશ**; ને, અન્ય મુનિવરા;
ગન્ધ-જળ સ્નાનને વાસથી ક્ષેપીને,
રાત્રિયે સ્થાપતા દર્શ-માટે. શ્રુત૦ ૨૨

દર્શએ આવતા, રાત્રીયે જાગતા,
ખિન્નતા ધારતા ચિત્ત ચોટે;

**સુર્ત**=સુરત, **નર્ત્તે**=નાચે, રાચે, **કૃષ્ણ વૈશાખીઓ**=વૈશાખનો કૃષ્ણપક્ષ, (શ્યામ બનેલાં વૈશાખનો શ્યામ પક્ષ) **પક્ષની**=કૃષ્ણ પક્ષની પંચમી, **નિંબ-ઉપાશ્રયે**=ગોપીપુરાના માલીફળીઆમાં શ્રી મંછુભાઈ દીપચંદવાળી, આંગણામાં લીંબડો હોવાથી "લીંબડા-ઉપાશ્રય" નામે ઓળખાતી ધર્મશાળામાં, ગુરૂદેવની પંદર દિવસની સમાધિમાં, સમાધિ અથવા બાકીની જીવનયાત્રા શાંતિથી પૂર્ણ કરાવવા માટેજ હોય નહિ તેમ, **વાસરોચંદ**=શનિવાર, **વાસ**=જીર્ણ થયેલું શરીર એજ નિંબવૃક્ષ બારીવાટે દક્ષિણ દિશામાંથી સ્વછાયા ગુરૂદેવ ઉપર પ્રસારતો હતો. અર્થાત્ દક્ષિણ દિશામાંથી એજ લીંબડાની છાયા બારીવાટે ગુરૂદેવના સમાધિ સ્થાન પર રેલાતી હતી, **મહાપરિઠાવણા**=પૂજ્યના નિશ્ચેતન દેહની પરઠવણા, **ઈશમા=માણિક**યસૂરીશ્વર તથા વિજયપ્રીતિચંદ્રસૂરીશ્વર આદિ મુનિ મંડળીએ પરઠવણા કરી, **દ્રમ્મ**=દ્રવ્ય.

લોક ઉમેટતું, વાસથી પૂજતું,
દ્રમ્મ ચડાવતું શક્તિ જોગું શ્રુત૦ ૨૩

બાળ ને વૃદ્ધ પણ, ભાવથી આવતા,
ખેદથી ઉભતા મોહ ત્યાગી;
ધૂપ પધરાવતા, ધૂપધાણા મહીં,
સુરભી રેલાવવા યત્ન કરતા. શ્રુત૦ ૨૪

ધૂમ્ર ધૂપાવલિ, ગોટ ગોટે વહી,
બિંદુ વહાવતી ચારુ નેણે;
દીપ પ્રકટાવિયા, ગન્ધ-ઘૃતે ભર્યા,
વાયુએ લહેરતી દીપજ્યોતો! શ્રુત૦ ૨૫

અસ્થિર એ જ્યોતિઓ, એમ વદતિ ફરે
પરિવર્તનીય જગત સઘળું!
પ્રાત-પ્રભાતમાં ચાર ખંડ શિબિકે,
શિખર ઉત્તુંગ જે પંચ સોહે. શ્રુત૦ ૨૬

જય નંદ! જય ભદ્દનો, ઘોષ ઉચ્ચારતા,
પરઠવે મંડપિ નિસ્સરણ-કાજે;
લશ્કરી તુરથી, શોકના સૂરથી,
હસ્તિયે વિહરતી, ગાંભીર્ય-છાયે. શ્રુત૦ ૨૭

ગાવતાં કીર્તનો, ભજનના મંડળો,
ધૂપની સુરભી ગગનવાહે;
પુષ્પ-સુવર્ણ ને, દ્રમ્મ ઉછાળતાં,
ધીર-વહતી વહે નિહરણજત્તા. શ્રુત૦ ૨૮

**ચારૂનેણે**=સુન્દર નેત્રોવાળો સ્ત્રીગણ, **પરિવર્તનીય**=પરિવર્તન પામનારૂં-અસ્થિર, **ચારખંડશિબિકે**=મુખ્ય બેઠકનો એક ખંડ તથા આગળ અને બે બાજુ ઉપર એક એક નાના ખંડો, **પંચ**=વચલું શિખર ઘણું ઉંચુ અને અર્ધ ભાગ સુધી ચારે બાજુ અડધાં મઢી લીધેલાં શિખરો, **પરઠવે મંડપિ**=માંડવીમાં પધરાવે. **નિસ્સરણ**=નિશ્ચેતન દેહનો નિકાલ કરવા માટે, **તુર**=વાદ્યથી, **હસ્તિયે**=પ્રારંભમાં હાથી અને તે પછાડી ચાલતી યાત્રા, **ગાંભીર્યછાયે**=મુખની ગાંભીર્યતાભરી શોકાતુર છાયાથી, **પુષ્પ-સુવર્ણ**=સોના રૂપાના ફુલો અને નાણું ઉછાળતાં, **નિહરણજત્તા**=નિકાલયાત્રા, અગ્નિપાન માટે લઈ જવાની યાત્રા.

સુરતના મધ્યમાં, ધન્ય ગોપીપરા,
જ્યાં કણે અજરમાં શ્રુત સ્થાપ્યા;
'અદાલત જીર્ણ'માં, રચી ચંદન-ચિતા,
પાર્શ્વ જે તામ્રના આલયે છે. શ્રુત૦ ૨૯

વિપુલ એનાંજ. ચૌપાટ માંડે શુચિ,
સ્થાપિને શિબિકા, દેહ સ્થાપ્યો !.
પૂર્વાભિ-શુભ-મુખે, ગ્રામની સન્મુખે,
અર્ચિ ચંદન અને શુભ-દ્રવ્યે. શ્રુત૦ ૩૦

પ્રજળી અગ્નિ-શિખા, સુરભિ ગગને ગતા,
દેહ ફરતી રમે, રક્ત જ્વાળા;
મરણ નરવરતણું, ઉત્સવે દીપતું,
વેરતું બ્રહ્મનાં તેજ ઝાઝાં. શ્રુત૦ ૩૧

ઉપન્યું વિશ્વમાં, વિકસિયું વિશ્વમાં,
લુપ્ત એ વિશ્વથી આજ થાતું;
તે છતાં જીવન-નો-ચંદ્ર વિકસાવવા,
તેજ તો વેરતું સ્વર્ગમાંથી. શ્રુત૦ ૩૨

( દોહા )

પ્રણમી સૂરજ મંડણો, પાર્શ્વ પ્રભુ વિખ્યાત;
આનંદ બત્રીશી રચી, આગમોદ્ધારક-ખ્યાત. ૧
આગમોદ્ધારક-કાર્યની રેખા ગુંથી સંક્ષેપ્ત;
વિરહ-વિરહ; માંડે કવ્યું, નિવારવા મુજ ખેદ. ૨

સુરત સંઘના ઉપરે, પરમ જેનો ઉપકાર;
રાખવા દીવ્ય સંભારણું, ગુરૂ-મંદિર રચાય. ૩
બે હજારી સાતમાં (૨૦૦૭) ગુરૂ-ચિતાને સ્થાન;
ગુરૂ-મંદિર ત્યાં દીપસે, સંઘ સુરત સુજાણ. ૪

માઘ માસ અતિ ઉજળો, ઋતુ શિશિર સોહંત;
શીતપક્ષ જ્યાં ઓપશે, દિન દિન ચંદ્ર ચઢંત. ૫
ઉગમણું મુખ સ્થાપિને, પશ્ચિમે ધરી પીઠ;
ગુરૂ-છાયા આરોપશે, શોભન પીઠિકા-પીઠ. ૬

જે તિથિએ થઇ સ્થાપના, આગમ-તામ્ર-મંદિર;
એહીજ તિથિ લાભતી, તૃતીયા માઘની સ્થિર. ૭
વાર અસુરાચાર્યનો, દિન ચઢતે અભિરામ;
ગુરૂ-મૂર્તિ ત્યાં શોભશે, મંદિર દીવ્ય આરામ. ૮

આગમદીવ્ય-પુરુષને, વંદન-અંજલિ એહ;
અર્પું પૂરણ-ભાવથી, જીવન-જીતવા-હેત. ૯

મુંબઇ,
વિ૦ સંવત્ ૨૦૦૭ } જીવણચંદ સાકરચંદ જવેરી.

---

**અદાલત**=નવાબી સમયની કોર્ટ, જે જુની અદાલત તરીકે ઓળખાય છે અને શ્રી આગમોદ્ધારક સંસ્થાની માલિકીની જમીન છે તે સ્થળે **પૂર્વાભિ**=પૂજ્યોનાં ત્યજાયેલાં શરીરો ચિતાસ્થાન ઉપર ગ્રામ તરફ દૃષ્ટિ રહે તેમ સ્થાપવાની રૂઢી હોઇ શહેરનાં મોટા ભાગ તરફ પૂર્વના મુખે દેહ સ્થાપ્યો **જીવન-નો-ચંદ્ર**=જીવનચંદ્ર-કર્ત્તાનું નામ, કર્ત્તાના જીવનરૂપી ચંદ્રને વિકસાવવા સ્વર્ગસ્થના અક્ષરદેહરૂપી જીવનચંદ્રને વિકસાવવા.

**સૂરજ મંડણ**=સુરતની સ્થાપના વેળાયે સ્થપાયેલાં પાર્શ્વનાથજી: નવાબની મહેરબાનીથી નવાબ સાહેબે બક્ષેલી જમીન ઉપર સૂરજમંડણ પાર્શ્વનાથજીનું બિંબ બનાવરાવી મંદિર સ્થાપવામાં આવ્યું હતું. **શીતપક્ષ**=શુદ્ધ પક્ષ. **ઘટીપીઠ**=ગુરૂ મૂર્તિની પીઠ પશ્ચિમ ભણી રહી મુખ પૂર્વમાં રાખી પધરાવાશે. **ગુરૂછાયા**=ગુરૂ મૂર્ત્તિ. **પીઠિકા-પીઠ**=શોભાયમાન પબાસણની પીઠ ઉપર, **જે તિથિ૦** તામ્રપત્રાગમ મંદિરની સ્થાપના **માહ શુદ** ત્રીજના રોજ થઇ તેજ તિથિ જ્યોતિષની ગણતરીએ ગુરૂ-પ્રતિષ્ઠા માટે પણ આવી છે. તામ્રપત્રાગમ મંદિરની ત્રીજી સાલગીરીનો દિવસ આવ્યો છે. **અસુરાચાર્યનો** વાર=શુક્રવાર. **આરામ**=બગીચા યુકત મંદિર, સુન્દર પબાસણ, પીઠિકા યુકત, ભાવુકોને આરામ આનંદ આપનારૂં. **જીવન-જીતવા૦**=ગુરૂ ભકિતથી જીવન સાફલ્ય કરવાના હેતુથી અને કર્ત્તાનું નામ સૂચન પણ આવી જાય છે.

### આગમગૌરવાંકિત આગમોદ્ધારક સ્વ૦ આનંદસાગર-સૂરિ-મૂર્તિ-સ્થાપન-

# હીરક-મહોત્સવે.

લે:-**જીવણચંદ સાકરચંદ જવેરી.**

( અનુષ્ટુપના લયમાં )

મહામૂલૂં મહાજૂનું, ફલિતાર્થ થતું દેખું;
સોણલું ગુરુ-મૂર્તિનું, તાપી-સરિત-કાંઠડે. ૧
જ્ઞાનગંગોદકો ઝીલ્યાં, **આગમોદ્ધાર**-સૂરિના;
હૈયાં નવ છીપ્યાં તોયે, પીપાસા વધતી રહી. ૨
હૃદયમાં ઝીલ્યાં કૈંકે, કૈંકે કર્ણ-માત્રમાંજ;
તથાપિ પૂજ્ય-ભાવોમાં, શંકા નવ લેશે વસે. ૩
સચેત ચેતના મૂર્તિ, જોતાં વેંતજ ભાવતો;
મહા ઋષિ મહામુનિ, દીપતો એ તપોધનો. ૪
રંગે રંગથી વહેતાં, આગમો પૂજ્ય-પાદની;
નય-તાર્કિક-તુલાયે, પલ્લાં સમસમા રહે. ૫
સ્મર-હર-સમો સ્વામિ, કામદેવ પ્રજાળતો;
હર-હરિ-પ્રદ શક્તિ, રક્ષતો વીરધર્મને. ૬
તાવના અગ્નિયે થાતી, આત્મા કૈં નવ સ્પંદતો;
પતાકા ધર્મ લ્હેકાવા, ઓપતો સ્વર્ણ દંડ શો. ૭
વિશ્વાશે ભાસતું પૂર્ણ, આત્મ-ભાવે વિલોકતાં;
સમાસે જ્યોતિમાં જ્યોતિ, ભવ-નિકટ બ્રહ્મમાં. ૮

---

**ફલિતાર્થ**=ફલતું, સિદ્ધ થતું, **સોણલું**=સ્વપ્નું, **તાપી૦**=તાપી કિનારે સુરત શહેરમાં, **પીપાસા**=તૃષા, **પૂજ્ય ભાવોમાં**=પૂજ્ય પ્રત્યેની ભક્તિમાં, **લેશે**=જરી પણ, **સમસમા**=સમાન કક્ષામાં પલ્લાં—ત્રાજવાં ઉંચા નીચા ન રહેતાં. **સ્મરહર**=શંકર, **તાવના**=અગ્નિ પરીક્ષા, **સ્પંદતો**=ધૈર્યપણું હોવાથી આત્માને થડકો, સ્ફુરણ લાગતું નહિ પણ સામનો કરી શક્તાં. **સ્વર્ણ-દંડ**=સોનાના દંડ સમો ઉભો રહી ઓપતો, **આત્મ-ભાવે**=મારા પોતાના આત્મભાવોથી વિચારતાં, **બ્રહ્મમાં**=સિદ્ધલોકમાં.

બનેલી આર્દ્ર આંસુથી, આનંદાશ્રુ વહાવશે;
ભામિની ભારતિ રાચે, નાચે સંપદ ચંચલા. ૯
બે હજાર પરે સાતે, તૃતીયા માઘ શુકલએ;
વિજય મૂર્ત સાધીને, સ્થાપશે ગુરુમૂર્તિને. ૧૦
મૂર્તદાતા કુલે સ્માર્ત, કેશવરામ સૂનુજ;
સૂરતનાજ જ્યોતિષી, સન્મુખરામ નામના. ૧૧
મૂર્તસાધક શ્રેષ્ટિ શ્રી, સૂત ઉત્તમચંદના;
બાલુભાઇ સુવિખ્યાત, ક્રિયા-મૂર્તે વરોત્તમ. ૧૨
ખુશ્બો મંદિર કેરી જ્યાં, પુષ્પો વસન્ત ફાલતા;
પ્રસરશે દિગ્દિગોમાં, તાપી-તાતની સાક્ષીયે. ૧૩
ભદ્રં ! ભવતુ કલ્યાણં ! ગુરો તુંજ આત્મને;
શાસને **વીરના** ભદ્રં ! ભદ્રં **વીર જિનેંદ્રને !** ૧૪
ભદ્રં **સુરત**-ભૂમિને, ભદ્રં સકલા સંઘને;
ભદ્રં સંતાનીયા યસ્ય ! ભદ્રં જગત સર્વને ! ૧૫

મુંબઇ, તા. ૪-૨-૫૧
મેરુ ત્રયોદશિ, ૨૦૦૭ } **જીવણચંદ સાકરચંદ ઝવેરી**

---

**ભામિની**=સ્ત્રીઓ, સ્વર્ગગમન વખતે આંસુથી આર્દ્ર બનેલાં સ્ત્રીઓનાં નયનો મૂર્તિ સ્થાપના નિમિત્તે મંગળ ગીતો. અને ગહુંલીઓ પ્રસંગે હર્ષાશ્રુ વહાવશે. **ભારતિ**=શ્રુતદેવતા સરસ્વતી, વાગ્વાણીમાં મશ્ગુલ રહેનાર ગુરુની મૂર્તિ સ્થાપના સમયે શ્રુતદેવી પણ આનંદશે. અને ચંચલ લક્ષ્મી, શુભ કાર્યોમાં દ્રવ્ય ખર્ચાવાથી સદુપયોગ જાણી નૃત્ય કરશે, એવો ભાવ ઉતાર્યો છે. **પુષ્પો**=વસંત ઋતુના પુષ્પો જેમ ફાલતાં રહે છે તેમ મંદિરની ખુશ્બો-કીર્તિ ફાલતી રહેશે, એવો તથા વસંતના પ્રારંભમાં મંદિર સ્થાપન થતું હોવાથી આવી યુક્તિ ઉતારી છે. **તાપી-તાત્**=સૂર્યની સાક્ષીમાં. તાપી સૂર્યપુત્રી છે માટે. અર્થાત્ જ્યાં લગી સૂર્ય વિદ્યમાન છે ત્યાં સુધી એવો આર્શિભાવ દર્શાવ્યો છે.

# પૂ. સાગરજીની જીવન કહાની.

સુણો, સુણો એ ભાવી તુમે,
સાગરજીની જીવન કહાની;
આગમ-ઉદ્ધારક એ સૂરિની,
પાવનકારી કહું કહાની;
પુન્યપુરી એ અમદાવાદે,
પાવનકારી પંન્યાસ ગ્રહે;
પુરૂષ પૂનિતની પાવન કહાની,
સૂણતાં જીવન પૂન્ય ધરે.
સુણો, સુણો...૧

સંવત ઓગણીસએ એકત્રીસે,
કપડવંજમાં જન્મ થયો;
માતા જમના, પિતા મગનભાઈ,
નામ હેમચંદ્ર ધર્યો;
ચૌદ વર્ષમાં લગ્ન થયાં પણ,
સંસારમાં મન નવ ધરે;
લીંબડી ગામે ઝવેરસાગર,
પાસે જઈને દીક્ષા વરે.
સુણો, સુણો...૨

સાસુ સસરા સગા સંબંધી,
ઘર છોડીને ચાલીયા;
વૈરાગી પૂરા સુડતાલીસમાં,
વસંત પચંમે સાધુ થયા;
માસ નવમાં સાગરજીને,
ગુરૂજી છોડી ચાલી ગયા;
માલવા મેવાડે વિચરી,
આગમના અભ્યાસી થયા.
સુણો, સુણો...૩

કરી ચોમાસું મુંબઈ નગરે,
અંતરીખજી સંઘ લેઈ ગયા;
તીરથ કાજે કોરટમાં પણ,
સત્યવાદી એ વિજયી થયા;
સૂરત ગામે સાલ ચુવોતેરે,
આચાર્ય પદે એ સ્થિત થયા;
સંઘ કઢાવ્યો સિદ્ધગિરિનો,
આગમ વાંચના આપી રહ્યા.
સુણો, સુણો...૪

નરેશ શૈલાનાને બોધ કરી,
અમારી—પડહ વગડાવ્યો,
સમેત શિખરની જાત્રા કરવા,
બંગાળ તરફ પગ ઉપાડયો;
કલકત્તે જઈ કરી ચોમાસું,
અજીમગંજે થઈ પ્રભાવના,
સાદડી ગામે સંઘ મળ્યો તે,
સંપ કેરી થઈ ભાવના.
સુણો, સુણો...૫

કેસરીઆ ધ્વજદંડ ચઢાવી,
અમદાવાદે આવીઆ,
નવપદ આરાધન કરાવી,
મહેસાણે, બ્રાઉન આવી મળ્યા;
કરી પ્રશંસા આગમધરની;
જામનગરથી સંઘ લાવીઆ,
શત્રુંજયની પવિત્ર ભોમે,
આગમ-મંદિર ચણાવીઆ.
સુણો, સુણો...૬

સુરત શહેરે કર્યું સામૈયું,
અપૂર્વ ને અદ્ભૂત હતું,
તામ્રકેરૂં આગમમંદિર,
જે દેખી આશ્ચર્ય થતું;
સંઘ માથે આ સાલ ભયંકર,'
શાસન સમ્રાટ ચાલી ગયા,
સાગરજી પદ્માસન ધારી,
સંઘને રોતો છોડી ગયા.
સુણો, સુણો...૭

સંવત બે હજારે છતી સાલનો,
વૈશાખે પક્ષ શ્યામળો,
ધર્મરાજની ધીરજ ખૂટી,
સૂરિ ઉપર એ ત્રાટકીઓ!
શનિવારને પંચમી દિને,
ચતુર્થ પહોર એ સાધી ઉભો;
સંઘ સકળને છેતરી જાણે,
આગમધરને લેઈ લીધો.
સુણો, સુણો...૮

શાસનદેવને સંઘ પ્રાર્થના,
યુગ—પ્રભાવક કયારે થશે?
જેહ પ્રભાવે વીરનું શાસન,
જયવંતુ સદાયે હશે;
સૂરિજીનો અમર આતમા,
સંઘને આશિર્વાદ દીઓ,
નમી નમી કહે નટવર રે,
ક્રોડ ક્રોડ વંદના લીઓ.
સુણો, સુણો...૯

મુંબઈ, સંવત ૨૦૦૬ — નટવરલાલ નેમચંદ [ખંભાતવાળા]

સં. ૨૦૦૬ માં મુંબઈ શ્રી ગોડીજી મહારાજને દહેરે થયેલ ભવ્ય મહોત્સવ પ્રસંગે રેકર્ડમાં ઉતારેલું.

# સમાચાર.

## પાલીતાણા.

પેટલાદવાળા શેઠ શ્રી લુણાજીભાઇને સજોડે પૂજ્ય આચાર્ય શ્રીચન્દ્રસાગરસૂરિજી મ. ના પુનીત હસ્તે વૈ. સુ. ૫ ના દીને શ્રી ગણધર મન્દિરમાં ચતુર્થ વ્રત તથા બાર વ્રત ઉચ્ચરાવવામાં આવેલ છે; તથા તે નિમિત્તે તેઓ તરફથી આંગી, પૂજા પ્રભાવના થએલ છે.

આ સમયે મુનિરાજ શ્રી જયઘોષસાગરજી ને વડી દિક્ષા આપવામાં આવી અને મુનિરાજ શ્રી રૈવતસાગરજી મહારાજના શિષ્ય કર્યા છે.

સુરતથી વૈ. સુ. ૧૫ ના રોજ સ્પેશ્યલ દ્વારાએ બસો માણસોનો એક સંઘ શેઠ શ્રી ઠાકોરભાઈ દયાલચંદ મલજી તરફથી અત્રે આવ્યો હતો. વૈ. વ. ૪ ના દિવસે શ્રી ગિરિરાજ ઉપરના રંગ મંડપમાં સંઘવી ઠાકોરભાઈ તથા તેમના સુપત્ની, તેમજ તેમના ચીરંજીવીને પ. પૂ. આ. શ્રી ચંદ્રસાગરસૂરિજીના પુનીત હસ્તે તીર્થમાલા-રોપણ કરવામાં આવી હતી. આ સમયે કેટલાક ભાઈ બ્હેનોએ બ્રહ્મચર્ય વ્રત ઉચ્ચર્યું હતું, વૈ. વ. ૫ ના રોજે પ. પૂ. આગમોદ્ધારક આ. શ્રી આનંદસાગર-સૂરીશ્વરજીનો સ્વર્ગારોહણ-દિવસ હોવાથી અને તે નિમિત્તે સુરતમાં મહોત્સવ ચાલુ હોવાથી આવેલ સંઘ વૈ. વ. ૪ ના રોજ રવાના થઈ ગયો હતો, જતી વખતે સ્વર્ગારોહણ નિમિત્તે અત્ર શ્રી આગમ મન્દિરમાં અને મોતી કડીઆની મેડીમાં પંચકલ્યાણકની પૂજા પ્રભાવના તથા ગામના શ્રી જિનમન્દિરોમાં આંગી પૂજા ભાવના સંઘ તરફથી સારી રીતે થાય તે સારૂ રૂ. ૫૫૦) ની લગભગની ટીપ કરીને આપવાથી. આંગી પૂજા ભાવના સારી રીતે થઇ હતી, સ્વર્ગારોહણ દિન નિમિત્તે પૂજ્ય મુનિરાજોએ અને સાધ્વીજી મહારાજાઓએ આયંબિલની તપસ્યા કરી હતી.

શ્રી વર્ધમાન જૈન આગમ મન્દિરના નિભાવ ખાતે ટીપ થતાં નીચેના સદ્‌ગૃહસ્થોએ નીચે પ્રમાણે ઉદાર સખાવત કરી હતી.

રૂા. ૩૦૦૦) શ્રી જયંતીલાલ વખારીઆ સુરત.
રૂા. ૩૦૦૦) શ્રી ઠાકોરભાઈ દયાલચંદ મલજી સુરત.
રૂા. ૧૦૦૦) શ્રી મોહનલાલ છોટાલાલભાઇ અમદાવાદ.

રૂા. ૭૦૦૦)

પ. પૂ. આ. શ્રી ચંદ્રસાગરસૂરિજીના વર્ષી તપના પારણા નિમિત્તે સંઘવી ઠાકોરભાઇ દયાલચંદ મલજી તરફથી રૂા. ૨૦૦) માં શાસનજયપતાકા પુસ્તક અત્રે પાલીતાણામાં પૂજ્ય સાધુ મહારાજાઓને ભેટ આપવામાં આવ્યાં છે.

## વેજલપુર (ભરૂચ).

ભરૂચ વેજલપુર જૈન દેરાસરના શીલારોપણ વિધિ વૈ. વ. ૮ ના રોજે સુરતના ધર્મનિષ્ઠ શ્રાવક શેઠ શ્રી જયંતિલાલ ગણપતરામ વખારીઆના વરદ હસ્તે થઇ હતી. તેમ શીલારોપણ અંગે તેજ દિવસે બપોરે સુરતના વકીલ ઠાકોરભાઇ મેલાપચંદ શાહના પ્રમુખસ્થાને મેલાવડો થયો હતો આ નિમિત્તે વેજલપુર જીર્ણોદ્ધાર કમિટી ભરૂચ તરફથી શેઠ શ્રી ફીકાભાઇ અમરચંદ દલાલની સહીથી આમંત્રણ પત્રિકા બહાર પડી, અને આ શુભ પ્રસંગ ઉપર સુરતથી મુનિશ્રી લબ્ધિસાગરજી મ. આદિ પધાર્યા છે. શીલારોપણ વખતે રૂા. ૫૦૦૧) શ્રેષ્ઠિ જયંતિ-લાલ વખારીઆ તરફથી જાહેર થયા હતા, ૫૦૧) શા છગનલાલ વીરચંદ (સ્વાગત પ્રમુખ), ૫૦૧) શેઠ શ્રી કાન્તિલાલ ખીમચંદભાઈ સુરત, ૫૦૧) ભીખાભાઇ લાલચંદ શેઠ, ૫૦૧) ભાઇચંદ નાથાભાઇ શેઠ, ૧૫૧) ચીમનલાલ વખારીયા શેઠ તરફથી જાહેર થયા હતા.

## સ્વાગત.

(લાખ લાખ ફુલોની માળા ગુંથાવજો એ રાગ.)

આવો પધારો ! સ્નેહ સ્વીકારો ! સ્વાગત સંઘનું આજ !
સંઘમાં અવસર આનંદનો !
દાનવીર જયન્તીલાલ સમા છે અમ આંગણીએ મેમાન.
કુમકુમના સાથિયા પૂર્યા ને કેશરનો છંટકાવ !
સંઘમાં અવસર આનંદનો !
મોઘાં મુલા હીરા મોતી વિનાના સ્નેહે કરીએ સન્માન.
સંઘમાં અવસર આનંદનો !
અમ હૃદયની ઉર્મી રૂપી છે પુષ્પોનો વરસાદ,
સંઘમાં અવસર આનંદનો !
૨૦૦૭ ની સાલ ને વૈશાખ વદ આઠમ દીન,
સંઘમાં અવસર આનંદનો !
વખારીઆ જયંતીભાઈ હસ્તે શિલારોપણ થાય,
સંઘમાં અવસર આનંદનો !
પ્રમુખ પ્યારા શાસન હિતકરના હસ્તે આ સુકાન.
સંઘમાં અવસર આનંદનો !
ચંદ્રસાગરસૂરીશ્વર ઉપદેશથી જિન મંદિર નવીન થાય,
સંઘમાં અવસર આનંદનો !
સરસ લીધું એ પાર ઉતારો કિકાભાઈ મળી સાથ,
સંઘમાં અવસર આનંદનો !
આનંદ ચંદ્ર જૈન મંડળની બાળા મોતી કરે ગુણગાન,
સંઘમાં અવસર આનંદનો.

## બુહારીમાં ભાગવતી દિક્ષાઓ.

વૈ. સુ. ૬ ના દિવસે શા. મણીલાલ દેવચંદના પુત્રી રમિલાબ્હેનને ભાગવતી દીક્ષા પ. પૂ. આ. મહારાજ માણિક્યસાગરસૂરીશ્વરજીના વરદ હસ્તે આપવામાં આવી છે, અને તેમનું નામ તત્વાનંદશ્રી પાડી સાધ્વીજી મ. શ્રી. સુલસાશ્રીની શિષ્યા કરવામાં આવ્યાં છે. તેમ લુસવાડાવાળાભાઈ (હાલ અમલસાડ) મોહનલાલને દીક્ષા આપી. મુનિશ્રી મોહનસાગરજી નામ પાડી તેઓને પ. પૂ. આ. શ્રીના શિષ્ય કર્યા છે. પ. પૂ. શ્રીનું ચાતુર્માસ અહિં થવા સંભવ છે,

## સ્વર્ગારોહણ તિથિની થએલી ઉજવણી.

સુરત, બુહારી, અને પાટણ વિગેરે ગામોમાં પ. પૂ. આગમોદ્ધારક આચાર્યદેવ શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજની વૈ. વ. ૫ ની સ્વર્ગારોહણ-તિથિની ઉજવણી થઇ છે.

॥ તીર્થાધિરાજ શ્રી આદિનાથાય નમઃ ॥

# શ્રી શત્રુંજય તીર્થની પુનિત છાયામાં સિદ્ધક્ષેત્ર પાલીતાણામાં વિરાજમાન શ્રી શ્રમણસંઘે કરેલ નિર્ણયો.

मंगलं भगवान् वीरो मंगलं गौतमप्रभुः । मंगलं स्थूलिभद्राद्या जैनधर्मोऽस्तु मंगलम् ॥

શ્રી સિદ્ધક્ષેત્ર પાલીતાણામાં વિરાજમાન સમસ્ત જૈન શ્વેતાંબર શ્રમણસંઘ વિ. સં. ૨૦૦૭ વૈશાખ શુદિ ૬ શનિવારથી વૈ. શુદ ૧૦ બુધવાર સુધી રોજ બપોરે બાબુ પન્નાલાલની ધર્મશાળામાં મળી, વિ. સં. ૧૯૯૦ માં રાજનગરમાં ભરાએલ અખિલ ભારતવર્ષીય શ્રી જૈન શ્વેતામ્બર મુનિ સંમેલને કરેલ "ધર્મમાં બાધાકારી રાજસત્તાના પ્રવેશને આ સંમેલન અયોગ્ય માને છે" એ ૧૧ મા નિર્ણય ઉપર પૂર્વાપર વિચારણા કરી, સર્વાનુમતે નીચે મુજબ નિર્ણય કરે છે.

૧ આ શ્રમણસંઘ માને છે કે—આજની સરકાર ધર્માદા ટ્રસ્ટબીલ, ભીક્ષાબંધી, મધ્યભારત દીક્ષા નિયમન, મંદિરમાં હરિજન પ્રવેશ અને બિહાર રીલીજીઅસ એક્ટ વિગેરે નિયમો ઘડી ધર્મમાં અનુચિત હસ્તક્ષેપ કરે છે તે ઠીક નથી. તેમ કરવાનો સરકારને કોઈ અધિકાર નથી. વિદેશી સરકાર હતી ત્યારે પણ જે હસ્તક્ષેપ થયો ન હતો તે ભારતીય સરકાર તરફથી થાય એ ખુબજ અનિચ્છનીય વસ્તુ છે.

૨ આ શ્રમણસંઘ માને છે કે, વિ. સં. ૧૯૯૦ માં મુનિ સંમેલને પટ્ટકરૂપે જે નિર્ણયો તૈયાર કર્યા છે તેના છેલ્લા ચાર *ઠરાવોને વિશેષ અમલમાં લાવવા માટે જૈન શ્રમણ સંઘના આગેવાન વિચારક આચાર્યો તથા મુનિવરોના સંમેલનની તુરત અગત્ય છે. તો અમદાવાદ પાનસર પાલીતાણા કે યોગ્ય સ્થાનમાં તુરતમાં મળે એવો સક્રિય પ્રયત્ન કરવો જોઇએ.

૩ આ શ્રમણ સંઘ માને છે કે, જૈનોની જે જે સંસ્થાઓ, સાતક્ષેત્રો, ધર્મસ્થાનો દેરાસરો અને ઉપાશ્રય વિગેરે છે તે દરેક પોતપોતાના અધિકાર મુજબ શ્રમણ પ્રધાન ચતુર્વિધ સંઘના માલિકીના છે, તેના વહીવટદારો તે શ્રમણસંઘના શાસ્ત્રીય આદેશ પ્રમાણે કામ કરનાર સેવાભાવી સદ્‌ગૃહસ્થો છે. વહીવટદારોને શાસ્ત્રાજ્ઞા તથા સંઘની મર્યાદાને બાધક આવે એવું કંઇ પણ કરવાનો હક નથી. તેમજ સરકારને પણ સંઘનો હક ઉઠાવી વહીવટદારોનેજ તે સંસ્થાઓના સીધા માલીક માની તે દ્વારા પોતાનો હક જમાવવાની જરૂર નથી. છતાંય વહીવટદારો કે સરકાર એવું અનુચિત પગલું ભરે તો તેઓને તેમ કરતા રોકવા માટે પોતાના અધિકાર મુજબ સક્રિય પ્રયત્ન કરવો.

૪ આ શ્રમણ સંઘ માને છે કે, જે જે આચાર્યાદિ પૂજ્ય મુનિવરો અહિં હાજર નથી અથવા બહાર છે તેમને ઉપરના નિર્ણયો જણાવી સહકાર આપવા વિનંતિ કરવી. દરેક સ્થાને ચતુર્વિધ સંઘને જાગૃત કરવો અને ધાર્મિક સ્વતંત્રતા જળવાય તે અંગે દરેક પ્રયત્નો કરવા.

૫ આ શ્રમણસંઘ માને છે કે, અહિં હાજર રહેલા મુનિવરો બહારગામ રહેલા પોતાના આચાર્યાદિ વડિલોને આ નિર્ણયથી વખતસર વાકેફગાર કરીને આ નિર્ણયને વેગ મળે તેવી સમ્મતિ મેળવી આપશે.

૬ આ શ્રમણસંઘ ચાહે છે કે—બહાર રહેલ પૂજ્ય આચાર્યાદિ મુનિવરોને ઉપરોક્ત નિર્ણયો મોકલવા અને તેઓશ્રી આને અંગે જે માર્ગદર્શન આપે કે નિર્ણયમાં યોગ્ય સુધારો વધારો સુચવે તેને સ્વીકારવા ઘટતું કરવું.

૭ શ્રમણસંઘ ઉપરના નિર્ણયોને અમલમાં લાવવા, સરકાર, સંસ્થાઓ અને વહીવટદારો સાથે યોગ્ય વાતચીત કરવા, ઉચિત પત્રવ્યવહાર કરવા, જરૂરી જાહેરાતો કરવા અને યોગ્ય શ્રાવકોને બોલાવવા કે મોકલવા વિગેરે કાર્યો માટે—

૧. પૂ. આ. મા. શ્રી વિજયવલ્લભસૂરિજી, ૨. પૂ. આ. મ. શ્રી કીર્ત્તિસાગરસૂરિજી, ૩. પૂ. આ. મ. શ્રી વિજયમહેન્દ્રસૂરિજી, ૪. પૂ. આ. મ. શ્રી વિજયહિમાચલસૂરિજી, ૫. પૂ. આ. મ. શ્રી ભુવનતિલકસૂરિજી અને ૬. પૂ. આ. મ. શ્રી ચંદ્રસાગરસૂરિજીને સંપૂર્ણ સત્તા આપે છે. અને તેઓ આમાં બીજાં નામો પણ ઉમેરી શકે છે.

## શ્રમણ સંઘમાં હાજર રહેલ મુનિવરોની નામાવલી

**પંજાબી જૈન ધર્મશાળા:**—પૂ. આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મ, પં. શ્રી સમુદ્રવિજયજી પં. શ્રી પૂર્ણાનંદવિજયજી, મુનિ શ્રી વિચારવિજયજી, મુનિ શ્રી શિવવિજયજી, મુનિ શ્રી વિશુદ્ધવિજયજી, મુનિ શ્રી ઈંદ્રવિજયજી, મુનિ શ્રી વિશારદવિજયજી, મુનિ શ્રી જનકવિજયજી, મુનિ શ્રી પ્રકાશવિજયજી, મુનિ શ્રી બલવંતવિજયજી, મુનિ શ્રી જયવિજયજી, મુનિ શ્રી વસંતવિજયજી, મુનિ શ્રી ન્યાયવિજયજી, મુનિ શ્રી પ્રીતિવિજયજી, મુનિ શ્રી હેમવિજયજી, મુનિ શ્રી હિમ્મતવિજયજી, મુનિશ્રી હ્રીંકારવિજયજી, મુનિશ્રી નંદનવિજયજી.

**સાહિત્ય મંદિર:**—પૂ. આચાર્ય શ્રી કીર્તિસાગરસૂરીશ્વરજી મ, પં. શ્રી મહોદયસાગરજી, મુનિ શ્રી સૂર્યસાગરજી, મુનિ શ્રી સુભદ્રસાગરજી, મુનિ શ્રી સુબોધસાગરજી, મુનિ શ્રી ગુલાબસાગરજી, મુનિ શ્રી પ્રીતિસાગરજી, મુનિ શ્રી મનહરસાગરજી, મુનિ શ્રી જસવંતસાગરજી, મુનિશ્રી મુક્તિસાગરજી, મુનિ શ્રી વિનયપ્રભસાગજી.

**ઉજમ ફઈની ધર્મશાળા:**—પૂ. આચાર્ય શ્રી વિજયમહેન્દ્રસૂરીશ્વરજી, મુનિ શ્રી શ્રીકાંતવિજયજી, મુનિ શ્રી ત્રૈલોક્યવિજયજી, મુનિ શ્રી પ્રવિણવિજયજી.

**કંકુબાઈની ધર્મશાળા:**—પૂ. આચાર્ય શ્રી વિજયહિમાચલસૂરીશ્વરજી મ, મુનિ શ્રી ભવ્યાનંદવિજયજી, મુનિ શ્રી લક્ષ્મીવિજયજી, મુનિ શ્રી મનકવિજયજી, મુનિ શ્રી રત્નાકરવિજયજી, મુનિ શ્રી માણેકવિજયજી, મુનિ શ્રી કેશવાનંદવિજયજી, મુનિ શ્રી ઈન્દ્રવિજયજી, મુનિ શ્રી સંપતવિજયજી મુનિ શ્રી પરમાનંદવિજયજી.

**મહાજનના-વંડામાં શાંતિભુવન:**—પૂ. આચાર્ય શ્રી વિજયભુવનતિકસૂરીશ્વરજી મ, મુનિ શ્રી સુરેન્દ્રવિજયજી, મુનિ શ્રી મહોદયવિજયજી મુનિ શ્રી પ્રભાવવિજયજી, મુનિ શ્રી કૈલાસવિજયજી મુનિ શ્રી ભદ્રંકરવિજયજી, મુનિ શ્રી અરૂણપ્રભવિજયજી, મુનિ શ્રી અશોકવિજયજી મુનિ શ્રી અભયવિજયજી મુનિ શ્રી હેમપ્રભવિજયજી મુનિ શ્રી પુણ્યવિજયજી, મુનિ શ્રી પદ્મપ્રભવિજયજી.

**ઘોઘાવાળી ધર્મશાળા:**—પૂ. આચાર્ય શ્રી ચંદ્રસાગરસૂરીશ્વરજી મ, ઉ. શ્રી દેવેન્દ્રસાગરજી, પં. શ્રી હીરસાગરજી મુનિ શ્રી શાંતિવિજયજી, મુનિ શ્રી જ્ઞાનસાગરજી મુનિ શ્રી સુબોધસાગરજી—મુનિ શ્રી ધર્મસાગરજી—મુનિ શ્રી દર્શનસાગરજી, મુનિ શ્રી ન્યાયસાગરજી, મુનિ શ્રી હંસસાગરજી, મુનિ શ્રી સૂર્યોદયસાગરજી—મુનિ શ્રી ચંદનસાગરજી—મુનિ શ્રી પ્રબોધસાગરજી, મુનિ શ્રી અભય સાગરજી,મુનિ શ્રી શાંતિસાગરજી, મુનિ શ્રી અરુણોદયસાગરજી, મુનિ શ્રી મુનીન્દ્રસાગરજી, મુનિ શ્રી નરેન્દ્ર સાગરજી—મુનિ શ્રી રૈવતસાગરજી, મુનિ શ્રી હિમાંશુસાગરજી, મુનિ શ્રી દોલતસાગરજી, મુનિ શ્રી અમૂલ્યસાગરજી, મુનિ શ્રી લલિતાંગસાગરજી, મુનિ શ્રી જિતેન્દ્રસાગરજી, મુનિ શ્રી ચંદ્રકાન્તસાગરજી, મુનિ શ્રી ચંદ્રપ્રભસાગરજી, મુનિ શ્રી મનકસાગરજી મુનિશ્રી પ્રમોદસાગરજી, મુનિ શ્રી નરેશસાગરજી—મુનિ શ્રી નંદનસાગરજી—મુનિ શ્રી અભ્યુદયસાગરજી—મુનિ શ્રી મહાનંદસાગરજી, મુનિ શ્રી નંદિવર્ધનસાગરજી, મુનિ શ્રી જયઘોષસાગરજી.

**શાંતિ ભુવન:**—પૂ. પં. શ્રી મેરૂવિજયજી ગણિ. મુનિ શ્રી ચારિત્રવિજયજી—મુનિ શ્રી નયનવિજયજી—મુનિ શ્રી શાંતિવિજયજી—મુનિ શ્રી કરૂણાવિજયજી—મુનિ શ્રી પુંડરિકવિજયજી મુનિ શ્રી આનંદવિજયજી— મુનિ શ્રી કેસરવિજયજી.

**આરિસા ભુવન:**—પં. શ્રી ચરણવિજયજી ગણિ. મુનિ શ્રી સુધર્મવિજયજી, મુનિ વિશુદ્ધવિજયજી, મુનિ મહાયશવિજયજી.

**જીવન નિવાસ:**—પં. શ્રી રામવિજયજી ગણિ, મુનિ શ્રી કંચનવિજયજી, [ આ. શ્રી વિજય નીતિ-સૂરિશ્વરજીના સમુદાયના. ]

**ખુશાલ ભુવન:**—પં. શ્રી સુમતિવિજયજી, ગણિ. મુનિ શ્રી મતિવિજયજી.

**શાંતિ ભુવન:**—પં. શ્રી ભક્તિવિજયજી, ગણિ. મુનિ શ્રી ગુણવિજયજી, મુનિ શ્રી લાભવિજયજી, મુનિ શ્રી લક્ષ્મીવિજયજી, મુનિ શ્રી ત્રિલોચનવિજયજી, મુનિ શ્રી કંચનવિજયજી, મુનિ શ્રી પ્રવીણવિજયજી.

**મોતીકડીયાની મેડી:**—પં. શ્રી રામવિજયજી ગણિ, મુનિ શ્રી શાંતિવિજયજી, [ દાદા શ્રી ખાંતિ-વિજયજી મ. ના સમુદાયના. ]

**ખુશાલ ભુવન:**—પં શ્રી કનકવિજયજી ગણિ, મુનિ શ્રી સુબુદ્ધિવિજયજી, મુનિ શ્રી મહિમાવિજયજી, મુનિ શ્રી ચંદ્રપ્રભવિજયજી,

**કોટાવાલાની ધર્મશાળા**:—પૂ. પં. શ્રી કાંતિવિજયજી મુનિ શ્રી રત્નાકરવિજયજી મુનિ શ્રી મહાનંદવિજયજી, મુનિ શ્રી ચરણકાંતવિજયજી, મુનિ શ્રી હિમાંશુવિજયજી, મુનિ શ્રી નરરત્નવિજયજી, મુનિ શ્રી પ્રવિણવિજયજી, પં. શ્રી ભદ્રંકવિજયજી, ગણિ. મુનિ શ્રી હર્ષવિજયજી, મુનિ શ્રી ચંદ્રાનનવિજયજી, મુનિ શ્રી મહાભદ્રવિજયજી; મુનિ શ્રી ચંદ્રયશવિજયજી, મુનિ શ્રી કલ્યાણપ્રભવિજયજી, મુનિ શ્રી જિનભદ્રવિજયજી, મુનિ શ્રી પુંડરીકવિજયજી.

**અમરચંદ જસરાજની ધર્મશાળા:**—પુ. મુનિ શ્રી અમરવિજયજી, મ. [ દાદા શ્રી કેવળવિજયજી, મ. ના શિષ્ય ] મુનિ શ્રી મનહરવિજયજી, [ પૂ. કપુરવિજયજી મ. ના શિષ્ય ] મુનિ શ્રી નંદનવિજયજી, [ આ. શ્રી વિજય લબ્ધિસૂરીશ્વરજીના શિષ્ય ]

**કોટાવાળાની ધર્મશાળા:**—પૂ. મુનિ શ્રી દર્શનવિજયજી [ ત્રિપુટી ], મુનિ શ્રી જ્ઞાનવિજયજી [ ત્રીપુટી ] મુનિ શ્રી લક્ષ્મીભદ્રવિજયજી મુનિ શ્રી નીતિવિજયજી.

**જૈનભોજનશાળા:**—પૂ. મુનિ શ્રી મણિવિજયજી મ. [ પૂ. શ્રી ગુલાબવિજયજી, દાદાના શિષ્ય ]

**ચાંદાવાળી ધર્મશાળા:**—મુનિ શ્રી જસવિજયજી [ આ. કલ્યાણસૂરિના શિષ્ય ] મુનિ શ્રી જયંત-મુનિજી, [ પં. શ્રી હીરવિજયજીના શિષ્ય ] મુનિ શ્રી મેરૂવિજયજી [ શ્રી વિ. ધનેશ્વરસૂરિજીના શિષ્ય ] મુનિ શ્રી માનવિજયજી [ શ્રી વિ. ભક્તિસૂરિજીના શિષ્ય ]

**રણશી દેવરાજની ધર્મશાળા:**—પૂ. આ. શ્રી જીનહરિસાગરસૂરિના શિષ્ય મુનિ શ્રી હેમેન્દ્ર-સાગરજી, પ્રસિદ્ધ વક્તા મુનિ શ્રી કાન્તિસાગરજી મહારાજ.

**શાંતિ ભુવન:**—મુનિ શ્રી ચિદાનંદવિજયજી, મુનિ શ્રી પ્રિયંકરવિજયજી, મુનિ શ્રી કૌસ્તુભવિજયજી, [ આ. શ્રી જંબૂસૂરિજીના શિષ્યો ]

**સાહિત્ય મંદિર:**—મુનિ શ્રી જયંતવિજયજી, શ્રી મહાનંદવિજયજી [ શ્રીમોહનસૂરિજીના સમુદાયના ]

સ્થળ
**બાબુ પન્નાલાલની ધર્મશાળા**
**વિ. સં. ૨૦૦૭ વૈ. શુ. ૧૦ બુધ.**
તા. ૧૬-૫-૫૧
ભગવાન શ્રી મહાવીર કેવલજ્ઞાન કલ્યાણક:

પત્રવ્યવહાર
**આચાર્ય મ. શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી**
મહારાજ
ઠે. પંજાબી જૈન ધર્મશાલા.
**પાલીતાણા (સૌરાષ્ટ્ર)**

લી.
**શ્રી પાલીતાણા સ્થિત સમસ્ત શ્રમણસંઘ વતી**
**આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિજી મ. ની**
**આજ્ઞાથી પં. સમુદ્રવિજય.**

આ૦ કીર્તિસાગરસૂરિ દ. પોતે
આ૦ વિ૦ મહેન્દ્રસૂરિ દ. પોતે
આ૦ વિ૦ હિમાચલસૂરિ દ. પોતે
આ૦ વિ૦ ભુવનતિલકસૂરિ દ. પોતે
આ૦ ચંદ્રસાગરસૂરિ દ. પોતે

નો૦૮ શ્રાવકોન્નતિ--શ્રાવક-શ્રાવિકાએ, ધન-ધાન્ય-વસ્ત્ર-આભૂષણાદિ સર્વ યોગ્ય વસ્તુથી ધર્મની ઉન્નતિ અને સ્થિરતાને અનુલક્ષિને શ્રાવક-શ્રાવિકાની દ્રવ્યભક્તિ તથા શ્રી વીતરાગદેવ, સાધુ અને ધર્મ પ્રત્યે લાગણીવાળા બનાવવારૂપ ભાવભક્તિ કરવી, એ બાબતમાં સાધુએ ઉપદેશ આપી શકે છે.

૯ પરસ્પર સંપની વૃદ્ધિ-૧ કોઈપણ સાધુ સાધ્વી કે તેના સમુદાયના અવર્ણવાદ બોલવા નહિ. ૨ પરસ્પર આપેક્ષાવાળા લેખો લખવા કે લખાવવા નહિ. તથા વ્યાખ્યાનમાં પણ આક્ષેપ કરવા નહિ. ૩ કોઇનો કોઇ જાતનો દોષ જણાય તો તેમને મળીને સુધારો કરવો પ્રેરણા કરવી અને તેમણે પણ તે દોષ સુધારવા પ્રયત્ન કરવો લોકોમાં ભિન્નતા ન દેખાય તેમ પરસ્પર ઉચિતતાએ વર્તવું.

૧૦ ધર્મ ઉપર થતા આક્ષેપોને અંગે-૧ આપણા પરમપવિત્ર પૂજ્ય શાસ્ત્રો તથા તીર્થાદિ ઉપર થતા આક્ષેપોના સમાધાનને અંગે (૧) આચાર્ય મહારાજ શ્રીમત્ સાગરાનંદસૂરિજી, (૨) આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરિજી, (૩) પંન્યાસજી મહારાજ શ્રી લાવણ્યવિજયજી, (૪) મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી અને (૫) મુનિરાજ શ્રી દર્શનવિજયજીની મંડળી નીમી છે. તે મંડળીએ તે કાર્ય, નિયમાવલી તૈયાર કરી શરૂ કરવું અને બીજા સર્વ સાધુઓએ એ બાબતમાં યોગ્ય મદદ જરૂર કરવી તેમજ એ મંડળીએ જોઇતી સહાય આપવા શ્રાવકોને પણ પ્રેરણા અને ઉપદેશ આપવો.

૧૧ ધર્મમાં રાજસત્તાના પ્રવેશ સંબંધી-૧ ધર્મમાં બાધાકારી રાજસત્તાના પ્રવેશને આ સંમેલન અયોગ્ય માને છે.

પાલીતાણામાં બિરાજમાન શ્રી શ્રમણસંઘે કરેલ નિર્ણયો શ્રી જૈન સંઘના પાલીતાણા બહાર વિરાજમાન પ્રતિષ્ઠિત શાસનહિતૈષી પૂ આચાર્યવર્યો આદિને મોકલ્યા હતા, જેઓશ્રી તરફથી શ્રી શ્રમણસંઘના આ કાર્યને પત્રો દ્વારા પણ સુંદર શબ્દોમાં હાર્દિક આવકાર મલ્યો છે, મુનિસંમેલન જલ્દી ભરાય તે માટે પત્રવ્યવહાર આદિ પ્રયત્નો ચાલુ છે, અને પબ્લિક ટ્રસ્ટ એકટ આદિ રાજકીય કાયદાઓ અંગે પણ શેઠ આ૦ક૦ ની પેઢી આદિ સાથે પત્રવ્યવહાર ચાલુ છે,

આજ સુધીમાં આચાર્ય શ્રી વિજયદર્શનસૂરીશ્વરજી, શ્રી ઉદયસૂરીશ્વરજી, શ્રી નંદનસૂરીશ્વરજી અમદાવાદ, આ. શ્રી વિજયહર્ષસૂરિજી અમદાવાદ, આ શ્રી ઋદ્ધિસાગરસૂરિજી-અમદાવાદ, આ. શ્રી માણિક્યસાગરસૂરિજી-ખુડારી, આ. શ્રી વિજયકુમુદસૂરિજી-સાલડી, આ. શ્રી વિજયભક્તિસૂરિજી-વીરમગામ, આ. શ્રી વિજયભદ્રસૂરિજી-જુનાડીસા, આ શ્રી વિજયલાભસૂરિજી-મીયાગામ, આ. શ્રી વિજયરામસૂરિજી-પાટણ, આ. શ્રી જિતઋદ્ધિસૂરીશ્વરજી-મુંબાઈ, વીરપુત્ર આ. શ્રી આણંદસાગરસૂરિજી-શૈલાણા, આ. શ્રી જિનરત્નસૂરિજી, પં. શ્રી બુદ્ધિસાગર ગણિજી આહોર, પં. જ્ઞાનસાગરગણી, શ્રી કાંતિવિજયજી, લલિતમુનિ, લબ્ધિસાગરજી, તથા શ્રી ભુવનમુનિ જામનગર વગેરે આચાર્યો તથા મુનિવરોના પત્રો આવ્યા છે.

લી૦

પાલીતાણા પંજાબી ધર્મશાળા
વિ. સં. ૨૦૦૭ જેઠ સુ ૬
સોમવાર

શ્રમણ સંઘની વતી
આ. શ્રી વિજયવલ્લભસૂરિજીની આજ્ઞાથી
દ. પં. સમુદ્રવિજય
દ. મુનિ દર્શનવિજયના ધર્મલાભ.

( ટાઇટલ પેજ બીજાથી ચાલુ )

કર્તવ્ય હોય છે ?, જન્મ્યા પછી કેવલજ્ઞાન એટલે સર્વજ્ઞપણું પામવા માટે શું શું કરે છે ?; આ બધું સમજ્યા વગર ભગવાન્ શ્રી મહાવીર પ્રભુના જન્મકલ્યાણકના મહોત્સવની અને તેનાથી અધિક ગુણી મહત્તા પામેલા કેવલજ્ઞાન કલ્યાણક મહોત્સવની મહર્દ્ધિકતા સમજાવાની નથી. કેવલજ્ઞાન કેવી રીતે પામે છે ? તે વિચારીએ તો પ્રભુ શ્રી મહાવીર મહારાજાના જીવનની સાથે સ્વ. ગાંધી મોહનલાલ કરમચંદના જીવનની, કહેવાતા બુદ્ધ દેવના જીવનની, કહેવાતા ઇસુખ્રિસ્તના જીવનની, અંશભર ઘટનાઓ તુલનાત્મક દૃષ્ટિએ લવલેશભર સંગત થઇ શકે તેમ નથી, છતાં ઘટનાઓ કરવાનું સહાસ કરે તો કહેવુંજ પડશે કે મેરૂ સાથે સરસવની તુલના કરવા તેઓ બેઠા છે.

હવે વિચારીએ કે પ્રભુશ્રી મહાવીર મહારાજે કેવલજ્ઞાન પામવા કેવી જહેમત ઉઠાવી છે !—

સાડા બાર વર્ષ સુધી ઉગ્ર તપશ્ચર્યા કરીને, અનેકવિધ–પરિષહો–ઉપસર્ગો સહન કરીને ઋજુવાલુકા–નદીના કીનારે ગોદોહિકા આસને પ્રભુ મહાવીર મહારાજા કેવલજ્ઞાન પામે છે, અને દેશના દે છે. છતાં વિરતિ–ધર્મ સ્વીકારના અભાવમાં ચતુર્વિધ સંઘનું સ્થાપનાદિ કાર્ય થતું નથી. અત્ર યાદ રાખવું આવશ્યક ગણાશે કે—દરેક તીર્થંકરો દીક્ષા ગ્રહણ કરીને, ઉગ્રતપશ્ચર્યાનું સેવન કરીને, અનેક ઉપસર્ગો–પરિષહોને સહન કરીને, ઘનઘાતી ચાર કર્મ ખપાવીને, જે ક્ષેત્રમાં અને જે કાળમાં (જે દિવસે) કેવલજ્ઞાન પામે છે, તેજ ક્ષેત્રમાં તેજ દિવસે પ્રથમ દેશના આપે છે, તેજ દેશનાના પ્રભાવે વિરતિધર્મનો સ્વીકાર, ગણધરપદની સ્થાપના, દ્વાદશાંગીની રચના અને ચતુર્વિધ સંઘની સ્થાપના થઇજ જાય છે.

વર્તમાન–શાસનપતિના શાસનની સ્થાપના માટેનું ક્ષેત્ર અને કાળ, તથા કેવલજ્ઞાન પ્રાપ્તિના ક્ષેત્ર અને કાળને અનુલક્ષીને બનેલ ઘટનાઓને એક આશ્ચર્ય તરીકે શાસ્ત્રકારોએ સ્વીકાર્યાં છે. તીર્થંકર નામ કર્મની પૂજ્યતા તો ચ્યવન કલ્યાણકથી માંડીને મોક્ષ કલ્યાણક સુધીના પાંચે કલ્યાણકોમાં રહેલી છે, કારણ કે–તે પાંચે કલ્યાણકો પૂજવા લાયક, અને આરાધવા લાયક છે.

આથી અત્ર પ્રાસંગિક સમજવું જોઇએ કે—તીર્થંકર નામકર્મના વાસ્તવિક ફળ બે છે. એક પૂજ્યતા અને બીજું પ્રવૃત્તિ. અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલું શરીર ધારણ કરનાર ભગવાન્ માતાના ગર્ભસ્થાનમાં છે, તે અવસરે ચ્યવન કલ્યાણકની આરાધના માટે ઇન્દ્રો માતાના ચરણમાં પડે છે, જન્મ કલ્યાણક અવસરે ઇન્દ્રો દેવદેવીઓ સાથે મેરૂશિખર ઉપર જન્મ મહોત્સવ મનાવે છે. દીક્ષા અવસરે પણ તેમના દીક્ષાના વરઘોડામાં અતીવ ભક્તિભાવથી દેવો—દેવેન્દ્રો ખૂબ ભક્તિભાવભર્યાં કાર્યો કરીને સ્વજન્મ કૃતાર્થ કરે છે, અને મોક્ષકલ્યાણકને પણ તેજ રીતે ઉજવે છે, પરન્તુ તીર્થંકર નામકર્મની યથાર્થ પ્રવૃત્તિ જે કલ્યાણક સાથે અવિચ્છિન્નધારાએ સંકળાએલી છે, જે પ્રવૃત્તિથી જગતનો ઉદ્ધાર થયો છે, જે પ્રવૃત્તિથી વર્તમાન અને ભાવિ જગતના જીવો સ્વપર હિત સાધી શકવાને યોગ્ય વારસો પામી શકે છે તે કેવલજ્ઞાન કલ્યાણક મહોત્સવની અને કેવલજ્ઞાન પામેલા તીર્થંકરના તીર્થંકર નામકર્મની પ્રવૃત્તિના જેટલાં એ યશોગાન ગાઇએ તેટલાં ઓછાં છે, કેવલજ્ઞાન કલ્યાણક મહોત્સવની ઉજવણી એટલે લોકોત્તર મહાપર્વની ઉજવણી છે.

卐

कैलाससागरसूरि
महावीर जैन आराध
(गांधीनगर)

# સુધા-વર્ષા

આલેખનકાર:—પૂ આચાર્યદેવ-શ્રીચન્દ્રસાગ સૂરિજી મહારાજ.

૮૯૧. લોકોત્તર-પર્વને લોકોત્તર-રીતિએ નહિં ઉજવવું એજ શ્રદ્ધાનો અભાવ સૂચવે છે.

૮૯૨. લોકોત્તર-પર્વના મહાત્મ્યને સમજનારા શ્રમણ ભગવંતોને બાજુએ રાખીને લોકોત્તર પર્વ ઉજવવાનો ડોળ કરવો એજ શાસનની અપભ્રાજના છે.

૮૯૩ શ્રમણ-ભગવંતો પ્રત્યે બેદરકાર રહેનારાઓ અને અપમાનજનક-માનસિક-વાચિક-કાયિક-પ્રવૃત્તિ કરનારાઓ ભલે શ્રીમંતો કે સંસ્થાના સંચાલકો હોય, કહેવાતા બુદ્ધિમાનો કે અક્ષર પંડિતોનો વર્ગ હોય; અને બોલવામાં, લખવામાં, કે પ્રચારવામાં તેઓ જણાવતાં હોય કે "અમે જૈન શાસનની સેવા કરીએ છીએ, અગર જૈન શાસન માટે હિતકર પ્રવૃત્તિ કરી રહ્યા છીએ." તો સમજવું કે જૈનશાસનના નામ નીચે મનગમતી કમાણી કરીને પાપના પોટલાં બાંધવાનો આ એક અખતરો છે.

૮૯૪. શ્રમણ ભગવંત શ્રી મહાવીર પ્રભુને સર્વજ્ઞપણે નહિં સ્વીકારનારા અને વાણી સ્વાતન્ત્ર્યના બ્હાના નીચે ભગવાન્ શ્રી મહાવીર પ્રત્યે યથેચ્છ અપલાપ કરનારા અને લખનારા-અક્ષર પંડિતોને જૈનશાસન જ્ઞાની માનવા તૈયારજ નથી કારણકે અજ્ઞાનીને જ્ઞાની કહેવો એ પીત્તળને સોનું કહેવું અને સોનાના ભાવે પિત્તળને ખપાવવાની તનતોડ જાહેરાત કરવા જેવી નરી મૂર્ખતા છે

૮૯૫. સંસ્થાનો જોખમદાર વ્યક્તિ સહી કરીને રજીસ્ટર કાગળ સ્વીકારે, અને તે રજીસ્ટર કાગળની પ્રાપ્તિ નિયમિત અવસરે થઇ છે એમ કબુલ કરે; છતાં શ્રમણ સંઘે મોકલેલ તે રજીસ્ટર કાગળની બીનાથી અવસરે મળેલા જૈનોને મહત્વની બીનાથી વાકેફગાર ન કરે તો શ્રમણ સંઘ પ્રત્યે આદરભાવ કેટલો છે ?, તે બુદ્ધિમાનોએ શાસનમાન્ય-બુદ્ધિના થર્મોમીટરથી માપવાની જરૂર છે.

૮૯૬. "નેશનલ વેસ્ટ" ના બ્હાના નીચે ટ્રસ્ટ એક્ટની જાહેરાત કરનારાઓને ખબર નથી કે 'ધાર્મિક ટ્રસ્ટ' માં ધર્મ શબ્દનો અર્થ શો છે ?, અને નેશનલ વેસ્ટ કહેવું કોને ?

૮૯૭. "ધર્મ" અને 'સાર્વજનિક' (પબ્લીક) એ શબ્દના મર્મને નહિં સમજનારાઓ ટ્રસ્ટ એક્ટની જાહેરાત કરનારાઓને પણ ભાવિ પ્રજાનું હિત સમજી શકાતું નથી એ એક આશ્ચર્ય છે !

મુદ્રક:—મૂલચંદ કસનદાસ કાપડીયા, "જૈન વિજય" પ્રિન્ટીંગ પ્રેસ-ગાંધીચોક, સુરત.
પ્રકાશક:—તંત્રી-પાનાચંદ રૂપચંદ ઝવેરી, શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, લાલબાગ, ભુલેશ્વર-મુંબઈ.

श्री कैलाससागरसूरि ज्ञानमंदिर
श्रीमहावीर जैन आराधना केन्द्र
कोबा (गांधीनगर) पि ३८२००९

# શ્રી સિદ્ધચક્ર.

વર્ષ-૧૭-અંક-૧૦-મો. અષાઢ માસ. તા. ૧૭-૭-૫૧.

ॐ नमः सिद्धचक्राय शाश्वतानन्ददायिने ।
सर्वमन्त्रेष्वयं मन्त्रोऽचिन्त्यचिन्तामणीयते ॥१॥ आ० वो० मङ्गलम् ॥

ભાવાર્થઃ—સર્વ-મન્ત્રોને વિષે આ મન્ત્ર અચિન્ત્ય-ચિન્તામણિની જેમ આચારણ કરે છે. માટે શાશ્વત-આનન્દને દેનારા શ્રીસિદ્ધચક્રને નમસ્કાર થાઓ! —સુધાવર્ષી.

## ચોખવટના બ્હાના નીચે—

આલેખનકારઃ—પૂજ્ય-આચાર્યદેવ-શ્રીચન્દ્રસાગરસૂરિ-મહારાજ.

ઈ. સ. ૧૯૩૫ નો રજીસ્ટ્રેશન એકટ ચાલુ છે, આ એકટમાં હિસાબોની ચોખવટ રહે તે સંપૂર્ણ જોગવાઇ છે, તેમાં રજીસ્ટ્રાર થએલા ધર્માદા ટ્રસ્ટો વિગેરેમાં થતી ગેર-વ્યવસ્થા અટકાવવા અગર તત્સંબંધી પુછપરછ કરીને યોગ્ય માહિતી મેળવવા માટે એડવોકેટ જનરલ જેવા અમલદારની પણ વ્યવસ્થા છે.

આમ છતાં-"મુંબાઇ રાજ્યમાં સાર્વજનિક, ધાર્મિક અને ધર્માદા-ટ્રસ્ટોના વહીવટનું નિયમન-કરવા, અને તેને માટે વધુ સારી જોગવાઈ કરવા માટેનો નવો એકટ" આવા હેડીંગ વાળો કાયદો ત્રણ મહિના પછી અમલમાં આવવાનો છે. ટ્રસ્ટોના વહીવટની **ચોખવટના બ્હાના નીચે** અમલમાં આવનારો આ નવો કાયદો કેટલો પ્રજા માટે ભયંકર છે, તે આ કાયદાના અભ્યાસી કહી શકે તેમ છે, કારણ કે—દાન કરવાની ભાવનાનો નાશ અને દીધેલા દાનની રકમનો દુરૂપયોગ થઇ શકે તેવા ફળવાળી અનેક જોગવાઇઓ આ નવા કાયદામાં છે.

સમગ્ર રીતિએ આ નવા કાયદાનો પૂર્વાપરનો ખૂબ વિચાર કરીને અને કાયદાની જે કલમો ગુજરાતી ભાષામાં બ્હાર પડી છે તેનો અભ્યાસ કરીને હરકોઇ પણ એવા નિર્ણય ઉપર આવી શકે તેમ છે કે—

[વધુ માટે જુવો ટાઇટલ પેજ ૨ જો.]

વી. સં. ૨૪૭૭.
વિ. સં. ૨૦૦૭.
ઈ. સ. ૧૯૫૧.

પ્રકાશિકા—
શ્રીસિદ્ધચક્ર-સાહિત્ય-પ્રચારક-સમિતિ,
તન્ત્રી—પાનાચંદ રૂપચંદ ઝવેરી.
૨૨૪, શેખમેમણ સ્ટ્રીટ—મુંબાઇ, નં. ૨.

વાર્ષિક-લવાજમ.
રૂ. ૩-૦-૦.
છુટક નકલ એકના
રૂ. ૦—૪—૬

## સમાચાર

**પાલીતાણા** પ. પૂ. આ. શ્રી ચંદ્રસાગરસૂરિજીના વરદ હસ્તે શ્રી ગણધર મંદિરમાં પૂ. મુનિરાજ શ્રી જ્ઞાનસાગરજી મહારાજશ્રીના શિષ્ય મુનિરાજ શ્રી વિદ્યાનંદસાગરજીને અસાડ સુદિ ૧ ના દિને વડીદિક્ષા આપવામાં આવી છે તેમ તેઓશ્રીના પુણ્ય હસ્તે પૂ. મુનિરાજ શ્રી જ્ઞાનસાગરજી મહારાજશ્રીને તથા પૂ. મુનિરાજ શ્રી દર્શનસાગરજી મહારાજશ્રીને શ્રી ભગવતિજીના યોગમાં પ્રવેશ થયો છે. આ પ્રસંગને લઈ (ઊંઝાવાળા) મુમ્બઈ-શેઠ શ્રી મંગલદાસ હીરાચંદભાઇ તરફથી બદામની પ્રભાવના કરવામાં આવી હતી.

પૂ. મુનિરાજ શ્રી ધર્મસાગરજી મહારાજશ્રીની ગણિ પદ્દી અ. સુ. ૬ ની હોઇ જસકોરની ધર્મશાલામાં અ. સુ. ૧ થી મહોત્સવ ચાલુ થયો છે.

ગણિ પદ્દીને લઇ મહોત્સવનો શુભ કાર્યક્રમ નીચે મુજબ છે.

અષાડ સુ. ૧ ગુરૂવાર મહોત્સવ પ્રારંભ શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણુની પૂજા
" " ૨ શુક્રવાર નવપદ પૂજા
" " ૩ શનિ શ્રી પીસ્તાલીસ આગમની પૂજા
" " ૪ રવિ શ્રી દ્વાદશવ્રત પૂજા
" " ૫ સોમ સવારે ૯ વાગ્યે રથયાત્રાનો વરઘોડો અને બપોરે અંતરાયકર્મની પૂજા

અષાડ સુદ ૬ મંગલ સવારે ૮ વાગે શ્રી ખુસાલભુવનમાં ક્રિયાનો પ્રારંભ અને ૯-૧૫ મિનિટે પૂ. આચાર્યદેવશ્રીના વરદ હસ્તે શ્રી ગણિપદ પ્રદાન

ઉપરના દિવસોમાં શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ પ્રભુ મન્દિર (જસકોરની ધર્મશાલા) માં વિવિધ રાગરાગણી પૂર્વક સાજ સામગ્રી સાથે પૂર્વાચાર્યકૃત પૂજાઓ ભણાવાશે. તેમજ ગિરિરાજ ઉપર મૂલનાયક શ્રી આદીશ્વર પ્રભુને તથા તલેટીમાં શ્રી આગમ મન્દિરમાં ભવ્ય અંગરચનાઓ થશે.

શ્રી ખુસાલ ભુવનના માલિક શેઠ શ્રી ધુલચંદભાઇની આગ્રહભરી વિનંતિથી પ. પૂ. આ. શ્રી ચંદ્રસાગરસૂરિજી આદિઠાણાં શ્રી ખુસાલ ભુવનમાં પધાર્યા છે, પ્રાયે ચાતુર્માસ અત્રે થશે.

### હમારા માનવંતા વાંચકોને—

ગત અંકમાં ચાર ફોર્મ પેજ-૩૨ નું મેટર વાંચન માટે આપેલું હતું, કારણ કે-આગમ વાંચનનો સળંગ ઇતિહાસ ટુકડે ટુકડે આપવામાં વાંચકોને ઐતિહાસિક નિર્ણયમાં સ્ખલના પહોંચે તેથી ચાલુ રીવાજના ૨॥ ફોર્મના વાંચનને બદલે ચાર ફોર્મનું આપ્યું હતું, આથી આ અંકમાં ઓછું મેટર આપ્યું છે. સ્થળ સંકોચને લઇને પ. પૂ. મુનિરાજ શ્રી ધર્મસાગરજી મ. શ્રીની ગણિપદ્દીનો હેવાલ આવતા અંકે આવશે. **તંત્રી.**

### (ટાઇટલ પેજ ૧ લાથી ચાલુ)

જે કોઇ વહીવટ ખરાબ હોય તેને સુધારવા સામે અગર વહીવટ બરાબર ચાલતો ન હોય તેને બરાબર ચલાવવા સામે કોઇને પણ વાંધો હોયજ નહિં, અને તે સંબંધીની સત્તા સરકાર માંગે તો આપણે તે ક્ષણભર પણ ના પાડી શકીએ નહિં, પરન્તુ—વહીવટોના **ચોખવટના બ્હાના નીચે** સરકારની દાનત ટ્રસ્ટના નાણાં પોતાના હસ્તક લઇને મનગમતા સ્થાનોમાં ( ખાતાઓમાં ) વાપરવા માંગે છે, અને રખડી પડેલી લોનોને ભરપાઈ કરવા માટે સરકાર આ નવા કાયદા દ્વારાએ પરીપૂર્ણ સત્તા હસ્તગત કરે છે. આ કાયદાથી પ્રજાને, દાન દેનારને, થયેલી સખાવતોને, થતી સખાવતોને અને ભવિષ્યમાં થનારી સખાવતોને અને છેવટમાં ધાર્મિક ભાવનાઓને ગુંગળાવીને નષ્ટપ્રાય=અગર નષ્ટ બનાવવાનો સ્વપર નુકશાનકારક— હેતુ સ્પષ્ટ થાય છે. આથી કાયદો સ્વીકારનારાઓ અને અમલ કરવા-કરાવવામાં સાથ આપનારાઓ **ચોખવટના બ્હાના નીચે** ભયંકર નુકશાનોને નોંતરૂં દઇને સરકારને મદદગાર બને છે. હિસાબોની ચોખવટ કરવી હોય તો પ્રજાને ચેતવણી આપવી જોઇએ કે—"દરેક દરેક ધર્મવાળાએ પોતાની ધર્મમર્યાદા મુજબ સર્વ ધર્માદા ખાતાઓ અને ધાર્મિક સંસ્થાઓ વિગેરેના હિસાબોની ચોખવટ અમારી ભલામણ પ્રમાણે રાખીને તૈયાર રાખવી, અને તૈયાર નહિં રાખે તો છ મહિના પછી તેવી ગેરવ્યવસ્થાવાળાં ખાતાંઓ અને સંસ્થાઓની ગેરવ્યવસ્થા દૂર કરવા સરકાર રક્ષણ આપશે" આ રીતની જાહેરાત હોય તોજ હિસાબોની ચોખવટનું બ્હાનું સાચું છે એમ પ્રજા માની શકે, અન્યથા નહિં.

# સ્વ૦ આગમોદ્ધારકની અમોઘ-દેશના. ૪

(ગતાંકથી ચાલુ)

**ધન્ય છે તે ભૂમિને.**

તેના ઉપર સમજુતી આપે છે કે–ગામમાં કે શહેરમાં સાધુ વિચરે તો ઉપકાર થાય છે. દૂર દેશમાં રહેલો પણ જ્યાં સાધુનો વિહાર નથી, સંચાર નથી, દર્શન નથી, તેવા સ્થાનમાં રહ્યો છે, છતાં પણ સાધુપણા ઉપર પૂર્ણ ભાવવાળો ત્યાં હોય તો એવી ભાવના ભાવે કે તે ગામ કે નગરને ધન્ય છે કે જ્યાં પરમપવિત્ર, પંચ મહાવ્રતધારી, કંચન કામિનીના ત્યાગી; શત્રુ મિત્રે સમભાવ રાખવાવાળા; કંચનને માટી ઉપર સમદ્રષ્ટિ રાખનાર, વંદક નિંદક સમ ગણનારા; સમતાધારી, મોક્ષનાજ અર્થી, શરીર ઉપર નિર્મમત્વ દશાવાલા, તપસ્વી આવા સુસાધુઓ વિચરી રહ્યા છે. આવું પણ આરંભ સમારંભવાળું ગામ કે નગર જે હોય તે મહાપુરૂષના રહેઠાણ તરીકે ધન્ય ગણે છે. આથી કરીનેજ ચોવીશે તીર્થંકરોની કલ્યાણક ભૂમિઓ પણ પવિત્ર મનાએલી છે; ધન્ય ગણાઇ છે. આરંભ સમારંભવાળું નગર; ભૂમિ કે વાસ તે પણ આવા એકાદ પુરૂષના જન્મથી કે દીક્ષાથી પવિત્ર માનવામાં આવે છે. તે ભૂમિનો પ્રતાપ બીજી ભૂમિ કરતાં તે મહાપુરૂષના વાસથી વધી જાય છે. આજ પણ એવી તીર્થભૂમિઓ વિદ્યમાન છે કે–જ્યાં તીર્થંકરોનાં કલ્યાણકો થએલાં છે. ગિરનાર જેવું તીર્થ છે તેની ભૂમિ પવિત્ર શા કારણે મનાઇ? તો બાવીસમાં નેમિનાથ ભગવાનના આ ભૂમિમાં ત્રણ કલ્યાણકો થયાં છે તેથી. દીક્ષા કલ્યાણક, અને કેવળજ્ઞાન કલ્યાણક અને મોક્ષ કલ્યાણક. આ ત્રણે વાનાં જે ભૂમિમાં આ મહાપુરૂષનાં થયાં હોય છે તે ભૂમિ પણ ગવાય છે.

તેવીજ રીતે શત્રુંજયની ભૂમિ કે જ્યાં અનંતા જીવો કાંકરે કાંકરે સિદ્ધ પદને પામ્યા છે તેથી તે ભૂમિની પવિત્રતા માનવામાં આવી છે. તેના મહિમા વિષે શાસ્ત્રમાં બહુ બહુ વર્ણન છે. અહીં તેને સવિસ્તર લખતા નથી પણ એ ભૂમિના સ્પર્શથી તિર્યંચો પણ આત્મ કલ્યાણ કરી જાય છે. કુકડો મટી ચંદ રાજા બન્યો, તે પણ સૂરજકુંડના પવિત્ર નીરના સ્નાનથી. મહાત્મા પુરૂષના પગ સ્પર્શથી, રહેઠાણથી, વાસથી, આવાગમનથી તે ભૂમિ પણ ધન્ય ગણાય છે. જ્યાં આદીશ્વર ભગવાન પૂર્વ નવાણું વાર આવી સમોસર્યા. તેવી રીતે પૂર્વ દેશમાં અયોધ્યા, રાજગૃહી, ગુણશીલ ચૈત્ય વિગેરે અનેક ભૂમિઓ તીર્થંકરોના કલ્યાણકોથી પવિત્ર મનાએલી છે. ત્યાંનું વાતાવરણ, ત્યાંના પરમાણુઓ, એવા વિશુદ્ધ હોય છે કે આત્મા પોતાનું જરૂર કલ્યાણ કરી જાય છે. આથી મહાપુરૂષના નિવાસ સ્થાનથી તેને ધન્ય ગણવામાં આવે છે.

આજ પણ ભોયણી, પાનસરનો મહિમા શાથી વધ્યો! તે વિચારશો તો માલુમ પડશે કે ત્યાં ઓગણીશમા મલ્લીનાથજી તથા ચોવીસમા મહાવીર સ્વામીજી જ્યારથી પ્રગટ થયા ત્યારથી તેનો મહિમા વધ્યો છે. આ આજનો તાજો દાખલો આપણી પાસે મોજુદ છે.

**ભૂમિનો પ્રતાપ.**

જે ભૂમિમાં જેવું વાતાવરણ હોય છે, તેવું વાતાવરણ જીવને પણ આવે છે; પાણીપતનું મેદાન કે જ્યાં કૌરવો પાંડવો લડી મુઆ હતા, ભયંકર યુદ્ધ થયું હતું, ત્યાં આજ પણ સગા ભાઇઓ તે ભૂમિમાંથી જતા હોય તો લડી મરે છે. એવી લોકોક્તિ છે. જેમ આ ભૂમિ રણસંગ્રામની હોવાથી ત્યાં આત્માને વૈરજ જાગ્રત થાય છે ને એક બીજા લડી મરે છે. તેમ તીર્થ ભૂમિઓ એ પવિત્ર હોવાથી, અનેક મહાત્માઓએ તેના આલંબનથી પોતાનું સ્વરૂપ પ્રગટ કર્યું હોવાથી, તે પૂજ્ય ગણાય છે. અને બીજી ભૂમિ કરતાં તે ભૂમિમાં ગએલાઓના ભાવો વૃદ્ધિગત થાય છે, એ આપણાથી અજાણ્યું નથી. માટે કહેવાનું તાત્પર્ય એટલુંજ છે કે–આરંભ સમારંભની ખાણ તરીકે, તથા કષાયોની ખાણ તરીકે રહેલા–ગામ, નગર, પુર, પાટણ તે પણ ભાગ્યશાળી પુરૂષના રહેઠાણથી ધન્ય ગણવામાં આવે છે.

આખી જીંદગીમાં એકવાર પણ દાન કર્યું નથી પણ એકજ વખત તીર્થંકરને દાન કરે તો જન્મ કૃતાર્થ થયો! તેને સપુન્ય જન્મ કહો છો. આખા જન્મમાં જે કાંઇ અધમ આચરણ કર્યું, પાપ કર્યું; તે આ મહદ્દાનથી વહી ગયું. એમ માનો છો. મહાપુરૂષના દાનથી આખા જન્મના વિષયો, પાપો, ગણતરીમાં ન

લેવાયા. ચંદનબાલાએ અડદના બાકલા વહોરાવ્યા ને કેવળજ્ઞાન મેળવ્યું. જીરણુ શેઠ દાનની ભાવનાએ ચઢતાં કેવળજ્ઞાન પામ્યો. અનુમોદનાને અંગે જેઓ દયા છોડાવે છે તેઓ ધ્યાનમાં રાખજો. એક મહાપુરૂષના એક દિવસના રહેઠાણુથી આખા ગામનું પાપ હીસાબમાં નથી.

પરમ પવિત્ર સર્વ વિરતિવાળો, ભગવાનને દાન દેનાર હોય તેવો નિયમ નથી. છકાયના કુટાવાળો દાન દે તેમાં કૃતાર્થ જન્મ; સપુન્ય જન્મ માને; તેમાં આટલું બધું કહી દ્યો છો. ઉત્તમ કાર્યોનો કરનાર, હલકા કાર્ય તરફ નજર કરે તો તે નીચ છે. મહાપુરૂષને એ દિવસ સ્થાન આપ્યું તેમાં ધનભાગ્ય કહેવાય છે; અહીં જે નગર કે મહાપુરૂષનું વર્ણન કહેવાય તે વિકથા ન કહેવાય, આ ચરિત્રો વિકથાના ભરેલા હોય તો પણ મહાપુરૂષના તેમાં વર્ણન આવે છે તેથી મોક્ષના કારણભૂત છે. તે માનવામાં કશી અડચણ નથી. લોકોત્તર કરણી જોઇએ, તેવી વાતમાં વ્યક્તિની કરણી પણ પ્રશંસાપાત્ર છે. વ્યક્તિ પ્રશંસા પણ લોકોત્તર કાર્યને અંગે હોય, પછી ભલે મિથ્યાત્વી હોય. મહાપુરૂષના સંસર્ગથી અપૂર્વ ફાયદો થાય છે, તેમના કીર્તનથી પણ અપૂર્વ ફાયદો છે; તો ખુદ મહાપુરૂષની વાણીનું શ્રવણ કલ્યાણ કરે અને મોક્ષ આપે તેમાં તો બેમત હોઇ શકેજ નહિં. તેને અંગે કેવળીપણાની ઋષભદેવજી ભગવાનની દેશના, ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ મહાપુરૂષ કે જેમણે યુગલિક ધર્મ નિવારી સાચું જગતનું સ્વરૂપ દુનિયાને બતાવ્યું છે તેવા મહાપુરૂષની ઉદ્ધારકના રૂપમાં દેશના અને તે દેશનારૂપે જે વાણી તે કેમ સમજવી ?, તેનું આલંબન કેમ લેવું ?; તે વિષે જે અધિકાર શાસ્ત્રકાર જણાવશે તે અગ્રે વર્તમાન.

# સ્વ૦ આગમોદ્ધારકની અમોઘ-દેશના. ૫

## દેશનાના દિવ્ય-અવતરણો.

**૧. મહાપુરૂષોની સ્તુતિ, તેમનાં જીવન-ચરિત્રો અને તેમનાં વર્તનોનું કથન કરવું તે ખરેખર કલ્યાણ અને મોક્ષનું સ્થાન છે.**

**૨. અનાયાસે કોઇપણ જગાએથી કલ્યાણની પ્રાપ્તિ અને મોક્ષની પ્રાપ્તિ થતી હોય તો સત્પુરૂષોના જીવનનું કીર્તન કરવું આ અમોઘ એકજ સાધન છે.**

**૩. ગુણી થયા વગર ગુણ જાણી શકાયજ નહિં, તો પછી પ્રથમ ગુણ જાણવો ?, કે ગુણી બનવું ?; એ બે પ્રશ્નનું સમાધાન સમજવાની જરૂર છે.**

**૪. 'नागुणी गुणिनं वेत्ति' એ પદોના પરમાર્થને સમજવાની જરૂર છે.**

**૫. ઝવેરી હીરાને અને ચોકસી સોનાને પારખી શકે છે, તેવી રીતે ગુણી ગુણને જાણી શકે છે.**

**૬. જે માણસ જે લાઇનનો હોય તેને તે લાઇનવાળો સારો લાગે છે, તેથીજ સંસારના રસિક-સંસારીઓને ત્યાગી સારા લાગતા નથી.**

**૭. સંસારની તાલાવેલીમાં પડેલાઓને પોતાના સ્વરૂપનો ખ્યાલ કરવા માટેની ફુરસદ જ નથી.**

**૮. ત્યાગ પ્રત્યે ચોળમજીઠનો રંગ આત્માને લાગ્યા પછી એક પણ કાર્યવાહી ત્યાગીને મુંઝવતી નથી.**

૯. પરિગ્રહધારીયોને નિષ્પરિગ્રહની લવ-લેશ કિંમત સમજાતી નથી.

૧૦. વસ્તુને સુંદર ગણ્યા વગર વસ્તુવાળો સુંદર લાગતોજ નથી.

૧૧. ગુણો ગુણવાનોને પામીને અધિકપણે તે ગુણો ગુણ રૂપ દેખાય છે, પરંતુ તેજ ગુણો નિર્ગુણીઓને પામીને દોષ રૂપે પ્રસિદ્ધિ પામે છે.

૧૨. ગુણ-ગુણીના ચક્રને સમજવામાં માર્ગ-દર્શક-સત્પુરૂષોનો સમાગમ છે.

૧૩. સત્પુરૂષોનો સમાગમ અનેક વખત થઈ જાય, છતાં પણ સમાગમનો યથાયોગ્ય લાભ લેવાની રીતિએ લેતાં શીખેલ માણસ પામવા લાયક પામી શકે છે.

૧૪. ગુણો જાણવા, ઓળખવા, અને વિચારવા તે બધું કામ મનનું છે.

૧૫. દુનિયામાં જીવ પ્રથમ સમકીત પામશે ?, કે સાધુ પાસે આવશે ?; આ પ્રશ્નના પરમાર્થને સમજો !

**आधिव्याधिजरामृत्युज्वालाशतसमाकुला ।**

## ગુણ જાણ્યા પછી ગુણી થવાય.

શાસ્ત્રકાર મહારાજા કલિકાલ સર્વજ્ઞ શ્રીમાન્ હેમચંદ્રાચાર્યસૂરીશ્વરજી મહારાજ ભવ્ય પ્રાણીઓના ઉપકારને માટે ત્રિષષ્ઠિશલાકા પુરૂષ ચરિત્ર રચતાં થકાં આગળ જણાવી ગયા કે-" **महात्मानं कीर्त्तन हि श्रेयो निःश्रेयसास्पदम्**"-મહાપુરૂષોની સ્તુતિ, તેમનાં જીવન ચરિત્રો, તેમનાં વર્તનો, તેનું જે કથન કરવું તે ખરેખર કલ્યાણ અને મોક્ષનું સ્થાન છે, તેમાં જરાયે શંકા નથી. સર્વજીવોને કલ્યાણની પ્રાપ્તિ, મોક્ષની પ્રાપ્તિ અનાયાસે કોઈપણ જગોએથી મળતી હોય તો સત્પુરૂષના જીવનના કીર્ત્તનથીજ મળી શકે છે. ગુણી થયા વગર ગુણને આ જીવ જાણી શકતો નથી અને ગુણ જાણ્યા વગર કોઇ ગુણી થઈ શકતો નથી, તો આ સ્થળે શંકા થશે કે પ્રથમ ગુણ જાણે કે તે પહેલાં ગુણી બને ? તેના ઉત્તરમાં જણાવે છે કે-ગુણ જાણ્યા પછી ગુણી થાય. વાદી કહે છે કે આમ કેમ કહો છો ? આ તમે તમારા ઘરનું કહો છો કે આ વિષે તમારી પાસે કાંઈ પુરાવો છે ? આ માટે ગ્રંથકર્તા કહે છે કે ભાઈ ! અમે અમારા ઘરનું જરા પણ કહેતા નથી, તેમ કહેવાનો અમને હક પણ નથી. અમે તો શાસ્ત્રની રીતિએ કહીએ છીએ. શાસ્ત્રમાંજ કહ્યું છે કે— **"नागुणी गुणिनं वेत्ति"** અવગુણી—ગુણ વિનાનો માણસ ગુણીને-ગુણવાળાને જાણી શકતો નથી. ઝવેરી હોય તેજ હીરો પારખી શકે, અને ચોકસી હોય તેજ સોનું રૂપું કશીને ઓળખી શકે. જેમ દુનિયાદારીમાં આવો નિયમ છે તેમ અહીં આગળ પણ એવોજ નિયમ છે. **'विद्वानेव विद्वज्जनपरीक्षा करोति-जानाति'** વિદ્વાન હોય તેજ વિદ્વાનની પરીક્ષા કરી શકે છે, અને વિદ્વાનને જાણી શકે છે. તેમ ગુણી હોય તેજ-ગુણ-વાનની પરીક્ષા કરી શકે છે, ગુણવાનને જાણી શકે છે, ગુણને પણ તેજ પારખી શકે છે. પોતે જ્યાં સુધી અવગુણમાં રહ્યો હોય ત્યાં સુધી ગુણીને જાણી શકતો નથી.

## ગુણી બનવું હોય તો ગુણને જાણો !

આથી એ બતલાવ્યું કે—જગતમાં ગુણી બનવું હોય તો પ્રથમ ગુણને જાણો ! ઓળખો ! તોજ ગુણો તમારામાં લાવો ને બીજા ગુણવાનની પરીક્ષા કરી તેનો સમાગમ કરી તમારા આત્માને વિશેષ ગુણી બનાવી શકો. જગતમાં પણ એવું દેખીએ છીએ કે જે વેપાર રોજગારમાં પોતે મશગુલ હોય તે તેવા વેપારીને દેખે તો ઉલ્લાસમાં આવે છે, પણ તે વેપારી ત્યાગીને દેખે તો શું થાય ? તેને મન ત્યાગી નવરા; નકામા; કામ ધંધા વિનાના લાગે છે. કારણ કે-ત્યાગ એ સર્વોત્તમ ગુણ છે. આમ હજુ તેના અંતઃકરણમાં આવ્યું નથી; વસ્યું નથી, નહિંતર ત્યાગી તરફ જરૂર બહુમાન લાવત, વેપાર-રોજગારમાં આગળ વધેલો હોય; ચડેલો હોય, તેની દ્રષ્ટિ તે તરફજ હંમેશા રહે છે.

## પોતાના સરખા સર્વને ગમે.

જે માણસ જે લાઈનનો હોય તેને તે લાઇનવાળોજ ગમે, એ સાધારણ નિયમ છે. તેની ખાત્રી કરવી હોય તો તમો કોઇ લાઇબ્રેરીમાં જાવ ને જુઓ કે વેપારી છાપામાં શું દેખે છે? કઈ જગોપર કયો વેપાર ધીકતો ચાલે છે? કયા દેશ ઋદ્ધિવાળા છે? પૈસા કેવી રીતે કમાવા? આ બધી હકીકત જોનાર તેઓને માલમ પડશે. વેપારના રસીયા બીજા વેપારીને રસવાળા દેખે, શ્રૃંગારના રસિક બીજા શ્રૃંગારીને દેખે, કામના રસિક કામીઓને જુએ, કથાના રસીકો કથાકારને દેખે, વ્યસનમાં પડેલાઓ વ્યસનીને દેખે, જુગારીઓ જુગારીઓને દેખે, આ પ્રમાણે દુનીયામાં પ્રત્યક્ષ દેખાઇ રહેલું છે. તેથી તેમાં વિશેષ કહેવાની જરૂર નથી. વેપારીને નિવ્યાપારપણું સજા જેવું લાગે છે; ખેલાડી વેપારીઓ રાત દિવસ ધમાધમ કરનારા હોય છે, તેને વેપારના વિચારો રાત દિવસ આવે છે, એક મીનીટ પણ તેઓ નવરા રહેતા નથી. તેનાજ વિચારમાં તેઓ બીચારા દેવ–ગુરૂ–ધર્મને પણ ભુલી જાય છે સંસારની તાલાવેલી જીવને એવા વમળમાં નાખી દે છે કે—જેનાથી જીવને ઘડીભર પણ પોતાના સ્વરૂપને વિચારવાનો અવકાશ મળતો નથી. આ જીવ તેમાં રચ્યો મચ્યો રહીને જરાપણ અવકાશ મેળવતો નથી એવા પ્રાણીઓને જે નિરૂપાધિક–બીલકુલ ઉપાધિ રહિત ત્યાગ પણું વૈરાગી પણું સ્વપ્ને પણ સુંદર લાગતું નથી.

## વિષ્ટાના કીડાને વિષ્ટામાંજ આનંદ!

વિષ્ટના કીડાને વિષ્ટામાંજ આનંદ આવે છે. જો તેને તેમાંથી બહાર કાઢવામાં આવે તો તરફડીયા મારે છે, અને તેને ચેન પડતું નથી, તેને પાછો વિષ્ટમાં મૂકવામાં આવેતોજ મજા પડે છે. તેમ સંસારના કાદવમાં ખુંચેલાઓને ત્યાગ વૈરાગમાં લઇ જવામાં આવે તો ચેન પડતું નથી પણ પાછો સંસાર કીચડમાં જાય ત્યારેજ તેને આનંદ પડે છે.

## ત્યાગ તરફ ચોળમજીઠનો રંગ લાગવો જોઈએ!

કોઇ ખરેખરા વૈરાગ્યવાળો કે ત્યાગ બુદ્ધિવાળો મનુષ્ય હોય તો પોતાની નજર નીચે હજારો વેપારના સમાચાર ચાલ્યા જાય તો પણ એકેમાં એ તેની નજર નહીં જાય કારણ કે તેને ત્યાગનો રંગ લાગ્યો છે, ત્યાગમાં તેનો આત્મા ગરકાવ થયેલો છે, તેના આત્મામાં ત્યાગના સ્વરૂપે વાસ કર્યો છે, તેને પોતાને ત્યાગની અભિરૂચિ છે, તેથી બીજા ગમે તેવા સમાચારોમાં પણ તેનું મન બદલાતું નથી. જ્ઞાનીઓ કહે છે કે ત્યાગ તરફ ચોળમજીઠનો રંગ લાગવો જોઇએ! જો તે રંગ લાગ્યો હશે તો પછી ગમે તેવા સહવાસમાં પણ તેને કાંઇ અસર થશે નહિં; જ્યા સુધી પોતાના આત્મામાં ત્યાગનું, વૈરાગ્યનું સુંદર પણું ન થયું હોય ત્યાં સુધી બીજાના નિર્વ્યાપારપણાને કોઇ દિવસ સુંદર ગણી શકે નહિં જ્યારે આત્મા ત્યાગ વૈરાગ્યમાં ઉતર્યો હોય ત્યારે નિષ્પરિગ્રહપણું થયું તે સુંદર લાગે છે અને જ્યારે એ વસ્તુ સુંદર ગણે ત્યારેજ તે વસ્તુવાળાને સુંદર ગણે છે.

## દુનિયામાં ગુણજ પૂજાય છે.

આથી કહ્યું છે કે—**"नागुणी गुणीनं वेत्ति"** પોતે ગુણવાળો થયો નથી ત્યાં સુધી ગુણીને સમજી શકતો નથી, તેને ઓળખી શકતો નથી, તેની કીંમત પણ આંકી શકતો નથી, ગુણીને ન જાણે ત્યાં સુધી ગુણ જણાય નહી અને પોતે પણ ગુણી બને નહિં. દુનિયામાં ગુણજ પૂજાય છે. ગુણને લીધે પૂજા, પ્રતિષ્ઠાને યોગ્ય થાય છે. શરીર ઘણું સારૂં હોય, નવયૌવન હોય છતાં પણ તેમાં પૂજાને યોગ્ય ગુણો હોય તોજ તે તે પૂજાય છે. તે માટે કહ્યું છે કે—**गुणा गुणज्ञेसु गुणा भवन्ति ते निर्गुणं प्राप्य भवन्ति दोषाः** ગુણો ગુણને જાણનારાઓમાં ગુણ રૂપ થાય છે ને તેજ ગુણો નિર્ગુણીને–ગુણ રહિતને પામીને દોષ રૂપે થાય છે, ગુણોજ પૂજાય છે. આ પ્રમાણે ગુણ ગુણીનું ચક્ર છે. ગુણી થાય નહિં ત્યાં સુધી ગુણીને જાણે નહિં, ગુણને ન જાણે તો ગુણી થાય નહિં. આ ચક્ર એકજ રસ્તે ફીટે, તે કયા રસ્તે ફીટે? તે બતલાવે છે કે—સત્પુરૂષનો અનાયાસે સંસર્ગ થઇ જાય તો આ ચક્ર ફીટતાં વાર

નહિં. જો આપણો આત્મા ગુણી થયો હોય તોજ બીજા ગુણી પુરૂષોને ઓળખી શકે, આપણે અવગુણી હોઇએ તો ગુણી મળે તો પણ ગુણી રૂપે ઓળખી શકીએ નહિં. આ જીવ અનંતી વખત તીર્થંકરના સંસર્ગમાં આવ્યો, કેવળીના સંસર્ગમાં આવ્યો, સમ્યક્ત્વ-દેશવિરતિ—સર્વવિરતિ-કરનાર થયો, છતાં ગુણી બન્યો નહિં. ગુણી ન બન્યો હોવાથી તેમને ગુણી તરીકે જાણ્યા નહિં, અને ગુણ પામી શક્યો નહિં.

## તીર્થંકરાદિને તથા પ્રકારના ગુણોથી જાણ્યા નથી.

જે વસ્તુની પ્રાપ્તિ કરવી હોય તેમાં તે વસ્તુમાં જીવને તાલાવેલી લાગવી જોઇએ! તેની પાછળ સતત ઉદ્યમ કરવો જોઇએ! જ્યાં સુધી તે વસ્તુની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી જંપીને બેસવું પણ ન જોઇએ! કિન્તુ આપણી સ્થિતિતો અનાદિકાળથી જેવી છે તેવીને તેવીજ છે, અનંતી વખત આ સ્થિતિ પામ્યા છતાં આત્મા ગુણી થયો નહિં; કારણ? તીર્થંકરાદિકને ગુણી તરીકે જાણ્યા ન હતા, તેમને ઋદ્ધિ, જસ, સમૃદ્ધિ આપનાર તરીકે જાણ્યા હતા. ત્યાગ અપૂર્વ ચીજ છે આ ગુણનું ભાન થવું બહુ મુશ્કેલ છે. તે ગુણવાળાને ઓળખવા, તેને જાણવા, તેના ઉપર પૂજ્ય ભાવ ધારણ કરવો એ કાંઇ કાચી શ્રદ્ધાવાળાનું કામ નથી. ત્યાગરૂપી ગુણની ઉત્તમતા આગળ ઋદ્ધિ, જસ, સમૃદ્ધિ ઝાંખા પડી જાય છે, આવું આત્મભાન થવું તે અસાધારણ ચીજ છે. તે આ મહાપુરૂષોનેજ મલ્યું છે, તે ચીજ તેમનેજ મળી છે, એ તરીકે હજુ આપણે તેમને ઓળખ્યા નથી. ગુણના સ્થાન તરીકે તેમને ઓળખવા જોઇએ, તેમ ન ઓળખતાં દુનિયાદારીના કારણ તરીકે આપણે તેમને અનંતી વખત ઓળખ્યા, અને તેમનો ખરો ત્યાગ ગુણ ઓળખ્યો નહિં; જો તે ઓળખ્યો હતે તો સંસારની સર્વ ઉપાધિઓ ખારી ધુધવા લાગત; તે બીલકુલ ગમતજ નહિં; ઝટ ત્યાગ કરવા તૈયાર થઇ જતે, ગુણો જાણ્યા વગર સંજ્ઞી પણ જાણી શકાતો નથી, કારણ કે મન જો હોય તો સંજ્ઞી પંચેંદ્રિયનેજ હોય છે, ગુણો-જાણવા, ઓળખવા, વિચારવા તે બધું કામ મનનું છે. માટેજ ગુણો જાણ્યા તે સંજ્ઞી; ગુણો ન જાણ્યા તે ખરેખરો સંજ્ઞી નથી.

## ત્રણ પ્રકારની સંજ્ઞા.

સંજ્ઞા ત્રણ પ્રકારની માનેલી છે-એક તો **દીર્ઘકાલિકી સંજ્ઞા** તે કોને કહીએ તો કે લાંબા **કાળનું** વિચારવાની જે શકિત તેનું નામ **દીર્ઘકાલિકી સંજ્ઞા.** આ મનુષ્યને હોય છે, તેમાં પણ ચૌદ પૂર્વીઓને તે સંજ્ઞાનો ઉપયોગ વિશેષ હોય છે. બીજી હેતુવાદોપદેશિકી સંજ્ઞા; તે હેતુને અનુલક્ષીને ક્રિયા કરે, ગતિ કરે, પ્રેરણા કરે અને પ્રેરાય તે **હેતુવાદોપદેશિકી સંજ્ઞા** જાણવી. બેઇંદ્રિયાદિ અસંજ્ઞી જીવોને આ સંજ્ઞા હોય છે. ત્રીજી **દૃષ્ટિવાદોપદેશિકા સંજ્ઞા;** તે દ્રષ્ટિવાદના અધ્યયનથી પ્રાપ્ત થાય છે, આ સંજ્ઞા અગીઆર અંગ, બાર ઉપાંગ અને ચૌદ પૂર્વના જ્ઞાનવાળા, લબ્ધિવાળા કોઇક જીવનેજ થાય છે, બધા મનુષ્યોમે તે સંજ્ઞા હોતી નથી. આ સિવાય જે-આહાર સંજ્ઞા, ભય સંજ્ઞા, મૈથુન સંજ્ઞા અને પરિગ્રહ સંજ્ઞા બતલાવવામાં આવી છે તે સર્વ સાધારણ છે, એટલે કે તે સંજ્ઞાઓ તો એકેન્દ્રિયથી માંડીને પચેન્દ્રિય સુધીના તમામ જીવોને હોય છે, તે તરીકે તો બધા સંજ્ઞી છે. પરંતુ ઉપર બતાવેલ સંજ્ઞાઓવાળા હોય તે સંજ્ઞી, તેમાં પણ દીર્ઘકાલિકી સંજ્ઞા જેને હોય તે સંજ્ઞી, તેવા સંજ્ઞીનું જાણપણું, ગુણ જાણવાથીજ માની શકાય છે. ગુણો જાણવા તે મનનો વિષય છે.

## મહાપુરૂષનો સમાગમ છોડવો ન જોઈએ.

હવે ગુણો જાણવાનું બને શી રીતે? પ્રથમ એકજ બને કે મહાપુરૂષોનો સમાગમ. તે પણ આ જીવને અનંતી વખત થયો, તીર્થંકર-ગણધર-કેવળી-ચૌદ પૂર્વધરનો સમાગમ આ જીવને અનંતીવાર થઇ ગયો છે; લોઢાના પાટડા ઉપર સેંકડો લોઢાના ઘા માર્યા તો પણ ન તુટ્યો, પણ જ્યારે ત્રુટશે ત્યારે લોઢાના ઘાણથીજ ત્રુટશે, હજારો ઘા નકામા ગયા છે. તે વાત સાચી છે, પણ જ્યારે ત્યારે ત્રુટશે ત્યારે ઘાણથીજ ત્રુટશે! માટે ઘાણ બંધ ન કરાય, કારણ કે એ નિશ્ચય

છે કે જે ત્રુટવાનો તે ધાણ દ્વારાએજ ત્રુટવાનો; આપણને અનંતી વખત-તીર્થંકરાદિકનો સમાગમ નકામો ગયો, ભારે કર્મી એવા આપણને, આપણા આત્માને કાંઈપણ ફાયદો થયો નથી, આપણા આત્મામાં ગુણો આવ્યા નહિં, પણ તેથી નિરાશ બનવું ન જોઇએ, તીર્થંકરાદિકના સમાગમને બંધ કરવા ન જોઇએ, છોડી દેવા ન જોઇએ, તેને વળગીજ રહેવું જોઇએ, કારણ કે જ્યારે ત્યારે પણ આત્માની અંદર તેઓના સમાગમથીજ ગુણો આવશે. ભવસ્થીતિ પરીપકવ થશે ત્યારે ઘા વાગતાં વાર લાગશે નહિં; ને ઝટ સંતસમાગમનું ફળ મળી રહેશે. ફળની પૂર્ણ ઇચ્છાવાળાએ ફળ ન મળે ત્યાંસુધી ઉદ્યમ છોડવો ન જોઇએ! એ રહસ્ય છે. માટે એ નિશ્ચય પૂર્વક સમજી લેજો કે જ્યારે ત્યારે સફલતા તિર્થંકર-ગણધર અગર આચાર્યના સમાગમથીજ થવાની છે. તે સિવાય આત્મામાં ગુણો આવવાના નથી, અવરાયેલા ગુણો પ્રગટ થવાના નથી. તે વાત તમારા અંઃકરણમાં દૃઢ કરી નાખજો!

### પ્રથમ સમકિત પામવું કે સાધુ પાસે આવવું?

દુનીયામાં જીવ પ્રથમ સમકીતિ થશે કે સાધુ પાસે આવશે? આ પ્રશ્ન સમજવા જેવો છે, તેનું બ્યાન આ પ્રમાણે છે-અનાયાસે પણ એટલે કોઈપણ કારણ વિના એની મેળે સમ્યક્ત્વ પામ્યા વગર, ધર્મ સમજ્યા વગર, ધર્મી પાસે આવેલો જીવ ધર્મ અને સમ્યક્ત્વ પામશે આ નિયમ શાશ્વતો નથી નિશ્ચત નથી કારણ એ છે કે-સાધુ પાસે સહુ સહુના કર્મ ઉપર આધાર છે. જે જીવોની કર્મની સ્થીતિ પાકી હોય તે જીવો જરા કારણ મળે કે ધર્મ પામી જાય, સ્થીતિ પરિપકવકાળ ન થયો હોય ત્યાં સુધી સાધુ સમાગમ પણ ખાલી જાય, માસ્તર નિશાળમાં બધા વિદ્યાર્થીઓને એકી સાથે ભણતર ભણાવે તેમાં એક પહેલે નંબરે પાસ થાય અને બીજો નાપાસ થાય આનું કારણ શું? કહેવુંજ પડશે કે તેણે જ્ઞાનનું આરાધન ઓછું કરેલું છે, તેથી બુદ્ધિ અલ્પ છે, આથી માસ્તર સમજાવે છે બીજા જેવું તું સમજી શકતો નથી; મુનિરાજ દેશના આપે, કેવળી ભગવાન સાક્ષાત દેશના આપે, તેમાં એકને તે દેશના ઝટ પરિણમી જાય અને સંસારથી બહાર નીકળી દીક્ષા લઈ આત્મકલ્યાણ સાધી જાય છે, જ્યારો બીજો-વારંવાર દેશના સાંભલ્યા છતાં સમ્યક્ત્વમાં આવતો નથી. ધર્મ પામતો નથી આનું કારણ? તેને હજુ કર્મના આવરણો બહુજ બાકી છે; તે માન્યા સિવાય છુટકો નથી.

### સાધુદ્વારાએ ધર્મ પમાય.

સાધુ સમાગમ કદાચ નિષ્ફળ પણ જાય છતાં અંતે સમાગમમાં આવનાર જે પામશે તે તેમના દ્વારાએજ પામશે. આ વાત ચોક્કસ છે, ઘરની અંદર કે ઘરના આંગણાની ધૂળમાં સમ્યક્ત્વ કે ધર્મ મેળવવાનો નથી; જ્યારે ત્યારે પણ અહીં આવશે ને ધર્મ સાંભળશે ને સમ્યક્ત્વ મેળવશે, આથી એક વાત એ પણ નક્કી કરી કે ગુણો જાણો કે ન જાણો પણ ગુણી પુરૂષોનો સમાગમ તો અવશ્ય હોવો જોઇએ! તે આત્માને હિતાવહ છે. અરૂચીથી પણ કોઈ વખત ગુણો સાંભળશે તો કોઇ વખત ગુણોની કદર કરનારો થશે, ત્યારેજ તીર્થંકરની, ગણધરાદિકની કદર આપો આપ કરશે, પણ જે ગુણો સાંભળતોજ નથી, તેને તેની પ્રાપ્તિ થવી મુશ્કેલ છે. **मूलो नास्ति कुतः शाखा**-મૂળ નથી તો શાખા તો હોયજ કયાંથી? તેમ ગુણનું શ્રવણ નથી તો તેની પ્રાપ્તિ થવાનીજ કયાંથી આથીજ જીનેશ્વર દેવોએ પ્રતિદિન સામાયક, પૌષધ, પ્રતિક્રમણ, દેવપૂજા, વિગેરે કાયમ કરવાનું કહ્યું છે. કાયમ કરતાં કરતાં કોઇ વખતે પણ સારો ભાવ આવી જશે તો શુદ્ધ ક્રિયામાં આત્મા દાખલ થશે, વસ્તુની કિંમત આપોઆપ અંકાશે, અને બેડો પાર થશે! આથી સંત સમાગમમાં ન રહ્યો તો? ચોપડામાંથી, લુગડામાંથી, કે ઘરેણામાંથી એ વસ્તુ પ્રાપ્ત થવાની નથી, એ નીકળવાનું નથી, જ્યારે ત્યારે પણ ધર્મનું જ્ઞાન, સમ્યક્ત્વનું જ્ઞાન, આ પ્રાપ્તિ નીકળવાની કોનાથી? એ મહાપુરૂષોથીજ! વહેલી મોડી પ્રાપ્તિ તથા જ્ઞાન થશે! શાસ્ત્રકાર કહે છે કે—અનંતી વખત દ્રવ્ય સમ્યક્ત્વ આવે ત્યારેજ ભાવ સમ્યક્ત્વ આવે છે, મેરૂપર્વત જેટલા ઓઘા મુહપત્તી કર્યાં છતાં વિસ્તાર ન થયો આથી કંટાળશો નહિં!!

પણ તેનો ઉદ્યમ કાયમ રાખશો! તેની શાસ્ત્રકાર ભલામણ કરે છે—આથી જરૂર ભવનિસ્તાર આવશે!

### દ્રવ્ય-સમ્યક્ત્વનું સ્વરૂપ.

દ્રવ્ય સમ્યક્ત્વ ચીજ કેઇ? તે પણ સમજવું જોઇએ, તે માટે બતાવે છે કે—વગર ઉલ્લાસે ને વગર સમજણે પણ અરિહંત એ મ્હારા દેવ છે, પંચ મહાવ્રતધારી તે મારા ગુરૂ છે, અને દયા સ્વરૂપ મારો ધર્મ છે, એવી જે ધારણા તે દ્રવ્ય સમ્યક્ત્વ જાણવું. અરિહંતાદિકનું સ્વરૂપ જાણ્યું નથી, સ્વરૂપ જાણ્યા વગર પણ જે ધારણા રહે તેનું નામ દ્રવ્ય સમ્યક્ત્વ કહેલું છે. સારી ધારણા પણ જીવોને ફળદાયી થઇ જાય છે.

એક ચોર હતો. તે ઘણા વખતથી પકડાતો ન હતો. એક વખતે ગામના લોકો ભેગા મળી રાજા પાસે ફરીયાદ કરવા ગયા કે આપ જેવા રાજવી અમારે માથે શિરછત્ર છતાં હમારા જાન, માલ જોખમાય તે ઠીક કહેવાતું નથી, માટે આપે ચોરની તલાસ કરાવવી જોઇએ! ગામના લોકોની આ ફરીયાદ સાંભળી રાજા પોતાના કોટવાળ વિગેરે ઉપર ક્રોધે ભરાયો, બધાને બોલાવ્યા, અને હુકમ કર્યો કે સાત દિવસમાં જો આ ચોરને તમે નહીં પકડી લાવો તો તમોને તમારા હોદ્દાથી બરતરફ કરવામાં આવશે! રાજાના હુકમથી કોટવાળ વિગેરે પણ સાવચેત બની ગયા, આખી રાત ચોકી પહેરો સખત રાખે છે, અને તે ચોરને મુદ્દામાલ સાથે પકડી રાજાની પાસે હાજર કરે છે. રાજાએ તેની જુબાની લીધી તેણે જે પ્રમાણે ચોરી વિગેરે, ખૂન વિગેરે કરી માલમત્તા ભેગી કરેલી હતી તે બધી હકીકત કહી આપી, રાજા અત્યંત ગુસ્સે ભરાયો ને તેને ફાંસી દેવાનો હુકમ કર્યો, ફાંસી દેતી વખતે તે અગાઉ તેને પુછવામાં આવે છે કે તારે કાંઇ ઇચ્છા છે? ત્યારે તેણે કીધું કે મારે પાણી પીવું છે, તે વખતે ત્યાં સઘળા લોકો મળેલા હતા; તેમાંથી એક શેઠે કહ્યું કે હું તારા માટે હમણાં પાણી લઇ આવું છું; પાણી લાવું ત્યાં સુધી તું આ પદ ગોખજે! એમ કહી **नमो अरिहंताणं** આ પદ આપ્યું, આ બિચારો એ પદ ગોખે છે, શેઠને પાણી લઈ આવતાં કોઇ કારણસર વાર લાગી, ચોર લાંબા ટાઇમે શેઠનું કહેલું પદ ભુલી ગયો, અહીં તેને ફાંસી દેવાની ત્વરા થઇ રહેલી છે તેવા ટાઇમે આપેલું આ પદ તો ભુલી ગયો પણ તે પદને અંતે આણું આવે તે પકડી રાખ્યું અને બોલવા લાગ્યો કે **आणं बाणं कांइ न जाणुं शेठ वचन प्रमाणं** આવી ભાવના તે પદની રહી ગઇ, શેઠ પાણી લઇને આવ્યા પણ તેનો પ્રાણ ચાલ્યો ગયો હતો. વગર સમજણે પણ આવી ભાવના ઉત્તમ પદની થઇ ગઇ તેથી મરીને દેવલોક ગયો; જ્ઞાન વગર, સમજણ વગર પણ સારા પદની ભાવના, સારા માણસનો સમાગમ, આવી રીતે લાભદાયીજ નિવડે છે. માટે પોતે તત્ત્વનું સ્વરૂપ ન ભણ્યો હોય, ન જાણતો હોય તો પણ **जिणवयणमेव सच्चं** જીનેશ્વર દેવનું વચનજ સત્ય છે, તેજ તત્ત્વ છે, તેનાથી બીજું કાંઈ તત્ત્વ નથી. આવી દૃઢ રૂચિ થાય તેને દ્રવ્ય સમ્યક્ત્વ કહેવાય છે.

### ભાવસમ્યક્ત્વનું સ્વરૂપ.

જ્યારે તમે દ્રવ્ય સમ્યક્ત્વનો આ અર્થ કર્યો તો ભાવ સમ્યક્ત્વ કોને કહેવું તે પણ હવે હમોને સમજાવો? જીનેશ્વરનું વચન તેજ તત્ત્વ છે, આવી રૂચિ થઈ તેને તો દ્રવ્ય સમ્યક્ત્વ કહ્યું, તો હવે ભાવ સમ્યક્ત્વ એ ચીજ શી? તેના ઉત્તરમાં જણાવે છે કે–ચીજ તો એની એજ છે એટલે જીવ જીવે ત્યાંસુધી, નહીં કે એક, બે દિવસ, મહિનો, વર્ષ, દશ વર્ષ સુધી, કિન્તુ જ્યાંસુધી જીવું ત્યાંસુધી અરિહંત તેજ દેવ તરીકે માનું; સુસાધુ કે કંચન કામીનિના ત્યાગી હોય અને એક મોક્ષનેજ સાધનાર હોય તેને સુસાધુ કહેવાય તેજ મારા ગુરૂ, જીવું ત્યાંસુધી આ માન્યતામાંથી ફરૂં નહિં, અને કેવળીએ ભાખેલો જે દયા સ્વરૂપ ધર્મ તેજ મારો ધર્મ, આ પ્રમાણે જીનેશ્વરનું વચન માને તેજ તત્ત્વ પામી શકે. ભાવ સમ્યક્ત્વમાં પણ આજ વાત છે, તો પછી ફરક ક્યાં પડે છે? તે બતલાવો, તેને માટે કહે છે કે–જે અરિહંતને દેવ માને છે–તે અરિહંતનું સ્વરૂપ સમજે, વિચારે, આત્મ

સાક્ષીએ દ્રઢ કરે; એમને હું દેવ શાથી માનું છું? ૧૮ દોષથી રહિત હોવાથી, તેને અરિહંતને દેવ તરીકે માનું છું, આમ સ્વરૂપ સમજીને તેના ઉપર શ્રદ્ધા કરે, એવી દ્રઢ શ્રદ્ધા જોઇએ. તેનાથી કોઇ ચલાયમાન કરવા આવે, જબરજસ્તીથી બીજા મિથ્યાત્વી દેવ કે તેના ધર્મને મનાવવા કરાવવા આવે, તો પણ પ્રાણાંત કષ્ટ પડે છતાં પોતાની સાચી માન્યતાથી ચૂકે નહિં.

## એક આપત્તિ-પ્રસંગ

કુમારપાળ રાજા પાટણની રાજગાદીએ આવેલા છે, હેમચંદ્રાચાર્યજીએ તેમનું યોગ્ય જીવ જાણીને સંરક્ષણ કરેલું હતું. આગળ ઉપર ધર્મને દીપાવનાર થશે, ફેલાવનાર થશે, સત્વશાલી થશે, તેમ જાણી હેમાચાર્યજીએ-તેનું રક્ષણ કર્યું હતું. તે કુમારપાળ રાજા પાટણની રાજગાદીએ આવ્યા છે; જૈન ધર્મમાં દ્રઢ શ્રદ્ધાવાળો છે, તેથી મિથ્યાત્વી દેવ, કે પ્રરૂપણા, કે એવી કોઇપણ તેઓની પ્રવૃત્તિ, તેને તે માનતા નથી. એક વખતે તેની કુલ દેવી આવેલી છે, તે કુમારપાળને કહેવા લાગી કે આજસુધી પાટણની ગાદીના સઘળા વારસદારોએ-નોરતાંની અંદર સાતમે સાતસો પાડાનું બલિદાન આપ્યું છે, આઠમે આઠસો પાડાનું, નોમે નવસો પાડાનું બલિદાન આપ્યું છે. તેમ તું પણ આ નોરતામાં મને બલિદાન આપ! કે જેથી હું તારા કુલની વૃદ્ધિ કરનારી થાઉં. આમ કુળદેવીના કથનનો કુમારપાળ રાજાએ તિરસ્કાર કર્યો છે, તેથી કુળદેવી ક્રોધે ભરાણી તેણીએ દૈવિક શક્તિથી કુમારપાળના શરીરે કોઢનો રોગ ઉભો કર્યો; આ વેદનાથી રાજા બહુ પીડાય છે છતાં પોતે તે દેવીની માન્યતાને સ્વીકારતો નથી. આ વાતની ઉદયાન મંત્રીને ખબર પડી, તે બહુ બુદ્ધિશાળી હતો, તેથી હેમાચાર્ય પાસે આવી તે હકીકત કહી દીધી. તેમને પાણી મંત્રીને આપ્યું અને કહ્યું કે આ રાજાના શરીરે છાંટજો! તેથી શાંતિ થઈ જશે. આ પ્રમાણે કરવાથી શરીરે પીડા કરનારી દેવી નષ્ટ થઈ ગઈ.

બીજે દિવસે સવારે કુમારપાળ રાજા હેમાચાર્યના વ્યાખ્યાનમાં આવે છે, વંદન કરી યોગ્ય સ્થળે બેસે છે, ધર્મોપદેશ સાંભળે છે; વ્યાખ્યાન ઉઠયા પછી ઉપાશ્રયમાં એક બાઇનું રૂદન સંભળાય છે, તે જોઇ ગુરૂને રાજા પુછે છે કે ગુરૂ મહારાજ આ કેમ રૂદન કરે છે? અને તે કોણ છે? હેમચંદ્રાચાર્યજીએ કહ્યું કે તમને ખબર નથી કે તમને ગઇ કાલે રાત્રે શરીરે કોઢ રોગ ઉત્પન્ન કર્યો હતો તે દેવીને મંત્ર શક્તિથી મેં અહીં બોલાવી થંભી દીધી છે, આ સાંભળી કુમારપાળ રાજા દયાળુ હોવાથી ગુરૂ મહારાજને વિનંતિ કરે છે કે—અબળા જાત ઉપર આપ જેવા મહાત્મા પુરૂષે ક્રોધ કરવો યુક્ત ન ગણાય, માટે આપ છોડી મુકો! હેમાચાર્યજીએ કહ્યું કે ત્રણ વાત સ્વીકારે તો છોડું; એક તો હવે પછીથી પાટણની રાજગાદી ઉપર આવનાર કોઇ પણ રાજા પાસેથી બલિદાન માંગે નહિં; બીજું પોતે મિથ્યાત્વનો ત્યાગ કરે અને ત્હારા અઢાર દેશમાં કોઇ પણ જીવ હિંસા કરે નહિં, આ ત્રીજું; એ ત્રણ વાત માને તો છોડું! કુમારપાળ બાઈ પાસે આવી કહે છે કે છુટવું હોય તો ગુરૂ કહે તેમ કરો! તે વખતે દેવીએ તે ત્રણે વાત કબુલ રાખી છે, અને હેમાચાર્યજીએ તેને મુક્ત કરી, આ દૃષ્ટાંત બતલાવવાનું તાત્પર્ય એટલુંજ છે કે—ગમે તેવું કષ્ટ આવે તો પણ દેવ ગુરૂ કે સાચા ધર્મની શ્રદ્ધાથી પતિત ન થાય, ચલાયમાન ન થાય તોજ ભાવ સમ્યક્ત્વ ફરસ્યું છે, આવ્યું છે, એમ કહી શકાય. આ બધું બને કયારે? જીનેશ્વર દેવનું, અરિહંત દેવનું, સાચું સ્વરૂપ જાણે ત્યારે! તે જાણીને જે તેમને દેવ તરીકે માનવા તે ભાવ સમ્યક્ત્વ જાણવું. ભાવ સમ્યક્ત્વવાળો અરિહંત દેવનું સ્વરૂપ કેવી રીતે જાણે છે? ને માને છે? તો કહે છે કે—શાસ્ત્રમાં જે પ્રમાણે સુદેવનું લક્ષણ સ્વરૂપ બતલાવ્યું? તે પ્રમાણેજ જે અંગીકાર કરે અને અઢાર દોષથી રહિત એવા દેવનેજ માથું નમાવે, બીજાને માથું ન નમાવે, ગમે તે ભરમાવે તો પણ ફસાય નહિં.

# સમાલોચના.

**"દીક્ષા આપતાં પહેલાં વિચારવા જેવું."** આ હેડીંગ નીચે જૈન પત્ર પૃ. ૫. અંક ૨૨ ના પ્રથમ પેઇજ ઉપર 'પ્રજાબંધુ તા. ૧૫-૪-૫૧ ના પેપરમાંથી' ઉતારો લઇને શાસનમાન્ય શ્રમણ સંઘને સલાહ આપવાને બ્હાને તંત્રીએ (જૈન પત્રના તંત્રીએ) દીર્ઘ દૃષ્ટિ અને લાભાલાભની નજરે ન્યાય તોલવાની જરૂરીયાત સ્વીકારી નથી, એક તરફી ન્યાય આપતાં પહેલાં બંન્ને બાજુએ અને આસપાસના સંયોગ સામગ્રી સાધનોને તપાસવાની જરૂર હતી. "એક ગામમાં એક વ્યકિત દેવાળું કાઢે તેથી તે આખું ગામ દેવાળીયું છે" એ કહેવું તે જેવું અયુક્ત છે. તેવું આ પ્રકરણ અયુક્ત છે. તે માટે આખો લેખ વાંચવા-વિચારવા જેવો છે, છતાં તેના છેલ્લા પ્રેરેગ્રાફમાં જણાવે છે કે—"સેંકડો સાધુએ બધા સંપ્રદાયોમાં વધ્યે જાય છે અને સમાજ ઉપરનો બોજો વધાર્યે જાય છે; એવા સાધુએ કરતાં જવાબદાર નાગરીકો વિશેષ ઉપકારક છે." આમાં જૈન પત્રનાં તંત્રીએ સમાલોચનામાં ઉભય પક્ષને લાભદાયી ખુલાસો કર્યો હોત તો આ લખવાની જરૂર ન હતી, આ ઉપરથી દીક્ષા આપતા પહેલાં વિચારણીય પ્રસંગો વિચારવા જેવા છે, જૈન સમાજમાં તો હમારા શાસન-માન્ય શ્રમણ ભગવંતો વિચારણીય પ્રસંગો વિચારે છે. આથી આ વસ્તુ ઉપસ્થીત થતી નથી પરન્તુ જે સંપ્રદાયો આ વસ્તુ વિચારતા નથી તેઓ માટે અમારી આ ભલામણ છે આવી વ્યાજબી નોંધ લેવા પૂર્વક જો લખ્યું હોત તો જૈનપત્રના તન્ત્રીનું જૈનત્વ શોભા પામત.

**જૈન અંક ૨૨**

**"હડહડતો અન્યાય"** સંદેશ પત્ર તા. ૯-૬-૫ ના અગ્રલેખમાં આ હેડીંગ નીચે લખાણ છે કે—"આગામી ચુંટણી અંગે ડાંગનું મતદાર વિભાગ તરીકેનું સુરત સાથેનુ જોડાણ ચુંટણી કમીશ્નર શ્રી સુકુમારસેને માન્ય રાખ્યા પછી અને એ અંગે રાષ્ટ્રપતિનું સ્પષ્ટ ફરમાન બ્હાર પડયા પછી પણ પં. નેહરૂએ ડાંગના પ્રશ્નમાં અકારણ દરમ્યાનગીરી કરી×××× " આ લખાણમાં આવેલ [redacted] ચુકાદો છે આવો મત બુદ્ધિમાનો આપે છે. આવી રીતે સત્તાના સિંહાસન પર બેઠેલાઓ સ્વાર્થની રમતો રમીને અન્યાય કરી શકે છે તે બુદ્ધિમાનોએ વિચારવા જેવું છે.

**સંદેશ તા. ૯-૬-૫૧**

**"હંસમયુર"** નામના નાટકની અંદર આર્યકાલિકસૂરીશ્વરજી અને સાધ્વી સરસ્વતી પર ગલીચ આક્ષેપો નાટક કર્તાએ કર્યા છે, આ પુસ્તક વર્માજીએ હિન્દી ભાષામાં લખીને લાગવગથી ઉત્તરપ્રદેશની ઇન્ટર મિડિયેટની પરીક્ષામાં દાખલ પણ કર્યું હતું. જૈન સંઘની અગ્રગણ્ય વ્યક્તિઓના પ્રયાસથી તે નાટક પરીક્ષાના અભ્યાસક્રમમાંથી દૂર કરવામાં આવ્યું છે.

**સ્વર્ગારોહણ નિમિત્તે** "આપશ્રીના ગુરૂનો સ્વર્ગવાસ થયો છે, તે તમો સુંદર રીતિએ ઉજવવાના હશો ?" એમ પાલીતાણામાં પૂછાવનારાઓએ પુછયું હતું તેના ઉત્તરમાં જણાવ્યું છે કે—"તે દિવસે તપશ્ચર્યા, પૂજા, આંગી, પ્રભાવનાદિ થશે, પરંતુ સભાદિ ભરવાનો રિવાજ અમારે ત્યાં નથી.

"ધર્માદા ટ્રસ્ટ એકટની વ્યાપકતા" શરૂ થઇ છે. મન્દિર અને ધર્માદા દ્રવ્ય કે સંબંધમાં પ્રશ્નાવલી કાઢવાનું ભગીરથ કાર્ય ઉત્તર પ્રદેશની સરકારે શરૂ કર્યું છે, એક રીતિએ તો તેણે મુંબઈ સરકારનું અનુકરણ કર્યું છે. સઘળાએ પ્રશ્નોને વાંચીએ અને વિચારીએ તો માલુમ પડે છે કે-મંદિર દ્રવ્યનો અને ધર્માદા દ્રવ્યનો સાર્વજનિક કાર્યમાં ઉપયોગ કરી શકાય કે નહિં ? એટલે વહીવટની ચોખવટ માટે જાહેર કરાયેલ કાયદાદ્વારા મનગમતી રીતિએ સાર્વજનિક કાર્યમાં પૈસા વાપરવા માટેના આ અખતરા છે. ધર્મ ચુસ્ત પ્રજાએ એટલે સર્વસ્વના ભોગે ધર્મનું રક્ષણ કરનાર પ્રજાએ જાગ્રત રહેવાનો આ સોનેરી અવસર છે.

**શ્વેતાંબર જૈનમાંથી.**

(વધુ માટે જુઓ ટાઇટલ પેજ ૨ જું.)

# સુધા-વર્ષા.

આલેખનકાર:—પૂ આચાર્યદેવ-શ્રીચન્દ્રસાગરસૂરીજી મહારાજ

૮૯૮. મહાપુરૂષોના ચરણારવિંદથી પવિત્ર થયેલ આ પુણ્યમય ભારતભૂમિ પર હિંસા પોષક કાયદાઓ થાય છે તેમ હિંસા, અનીતિ અને પાપવર્ધક કાયદાઓનો અમલ થાય છે. ધર્મ ધર્મી અને અને ધર્મના સાધનોનો સીધી અને આડકતરી રીતિએ નાશ થાય તેવા કાયદાઓ દી ઉગે આવે જાય છે. આ વસ્તુ વર્તમાન હિંદ માટે અતીવ પાપના પડઘારૂપ છે અને ખતરનાક નીવડનાર છે.

૮૯૯. જલ પ્રલય, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, ધરતીકંપ, અકસ્માતો, તીડના ટોળાના દરોડાઓ, અને વ્યવસ્થાના અભાવમાં અનાજનું સડવું નકામું જવું, ધંધા રોજગારોનો નાશ, કૃત્રિમ અને કુદરતી બેકારી ભરેલી રમતમાં સરકાર અને પ્રજા જગત ગુંચવાએલું છે, આવા વિકટ અવસરમાં જગતભરના જીવોને માર્ગદર્શક હોય તો ધર્મ એ એકજ છે, માટે સર્વસ્વના ભોગે પણ ધર્મનું રક્ષણ કરો એ એક સાચી સલાહ છે.

૯૦૦. 'ટ્રસ્ટએકટ' નો તો હજુ સુધી અમલ પણ થયો નથી છતાં ટ્રસ્ટ એકટને અમલી બનાવવા માટે તેનું વ્યવસ્થિત ખાતું નભાવવા માટેનું જે ખર્ચ થાય તે ખર્ચ ટ્રસ્ટ ખાતા પાસેથી વસુલ કરવા માટે તે એકટમાં બે ટકા લેવાની જાહેરાત કરે છે, મોગલાઈના સમયમાં જેમ મોગલો લુંટ ચલાવતા હતા તેમ આજની સરકાર વ્યવસ્થા પૂર્વકની સાચવણીના બ્હાને 'ટ્રસ્ટ ખાતાની રકમો પર લગભગ લૂંટ ચલાવવાનો અને અવસર આવે મનગમતી વ્યાખ્યાને અનુસરીને મનગમતા ખાતાઓમાં ટ્રસ્ટ ખાતાની રકમો પચાવી પાડવાનો સ્વપર ઘાતક હેતુ તો નથી? એમ તે એકટનું અંતર સ્વરૂપ વિચારતાં માલમ પડે છે.

૯૦૧. ટ્રસ્ટ ખાતાઓને વ્યવસ્થિત બનાવવાની જાહેરાત કર્યા વગર વ્યવસ્થિત બનાવવા માટે યોગ્ય અવસરની રાહત આપ્યા વગર, અને પ્રજાનો તથા ટ્રસ્ટ ખાતાઓના વહીવટદારોનો પ્રબલ વિરોધના વંટોળીઆઓ સામે છતાં "ટ્રસ્ટ એક્ટ" નામનો કાયદો મૂકાયો છે એ કાયદો નથી પણ જોહુકમી છે.

૯૦૨. જે કાયદામાં પ્રજાની સંમતિ નથી, પ્રજાના વિરોધોને વાંચવા વિચારવા જેટલી ફુરસદ નથી, પ્રજાના વિરોધોને સાંભળવા નથી; અને પ્રજા પૂછે તો દલીલ યુક્તિ પુરસ્સર લાભાલાભની ઘટનાઓ સમજાવવી નથી; છતાં કાયદો કરવો એ કાયદો નથી પણ કાળો કેર છે!!! અને પ્રજાના ભાવિહિતને નાશ કરનારી તે કાર્યવાહી છે.

મુદ્રક:—મૂલચંદ કસનદાસ કાપડીયા, "જૈન વિજય" પ્રિન્ટીંગ પ્રેસ-ગાંધીચોક, સુરત.
પ્રકાશક:—તંત્રી-પાનાચંદ રૂપચંદ ઝવેરી, શ્રી સિદ્ધચક્ર સાહિત્ય પ્રચારક સમિતિ, લાલબાગ, ભુલેશ્વર-મુંબઈ.